कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणीतं

श्री सिद्धहेमशब्दानुशासने गुर्जरभाषानुवादः

सिद्धहेमबालावबोधिनी

द्वितीयविभाग

अनुवादकर्ता
विजयभद्रिकाश्रमसूरिः

श्री नेमिलावण्यसूरीश्वरेभ्यो नमः।

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरि भगवत्प्रणीतं सिद्धहेमशब्दानुशासनम्।

तदुपरि लघुवृत्त्याश्रित्य गूर्जरभाषानुवादः।।

श्री सिद्धहेम-बालावबोधिनीः

आख्यातप्रकरणपर्यन्तो द्वितीय विभागः।

: अनुवादकर्ता :

शासनसम्राट्-आबालब्रह्मचारि-तपागच्छाधिपति-प्रौढप्रतापी

पू.आचार्य भगवंत श्रीमद्विजयनेमिसूरीश्वरजी म.सा. पट्टधर

विजयमहिमाप्रभसूरिः

: प्रेरक-सहायक :

पू. मुनिराज श्रीविवेकविजयजी म.सा.

-: પ્રકાશક :-

શ્રી મહિમાપ્રભવિજયજ્ઞાનમંદિર ટ્રસ્ટ દ્વારા
શ્રીવિલેપાર્લા શ્વેતાં. મૂર્તિ. જૈન સંઘ એન્ડ ટ્રસ્ટીઝ
શ્રીચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર
૪૭, મહાત્મા ગાંધી રોડ,
વિલેપાર્લા (પૂર્વ) મુંબઈ ૪૦૦ ૦૫૭.

-: પ્રાપ્તિસ્થાન :-

વકીલ શાંતિલાલ મોતીલાલ ગાંધી
C/O વિજયમહિમાપ્રભસૂરિ જ્ઞાનમંદિર,
કેનેરા બેન્ક સામે, નારણપુરા રોડ,
પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭.

卐

શાહ કાન્તિલાલ ભીખાભાઈ
૨૩, વિજયવિલા, જવાહરનગર, એસ. વિ. રોડ,
ગોરેગાંવ (પશ્ચિમ) મુંબઈ ૪૦૦ ૦૬૨.

-: પ્રથમાવૃત્તિ :-

પ્રતઃ-૧૦૦૦. ઈસ. ૧૯૮૯.
સંવત-૨૦૪૫ (કાર્તિક પૂર્ણિમા)
મૂલ્યમ્ - ૪૦ ૦૦

-: મુદ્રણસ્થળ :-

બાબુલાલ એન. મહેતા
મહાલક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ,
પિત્તળિયા બંગ્લા, ચીકાંદા રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ફોન :- ૨૫૬૩૭.

તપોગરછાધિપતિ-શાસન સમ્રાટ - આબાલ બ્રહ્મચારિ
પ્રૌઢ પ્રતાપી પૂજ્યપાદ આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.

વ્યાકરણવાચસ્પતિ – શાસ્ત્રવિશારદ – સાહિત્ય સમ્રાટ્
અનુપમવ્યાખ્યાન સુધાવર્ષી પરમપૂજ્ય આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજયલાવણ્ય સૂરીશ્વરજી મ. સા.

પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથના કર્તા પ. પૂ. શાસનસમ્રાટ્ પ્રૌઢ પ્રતાપી આચાર્ય બ્રહ્મચારી તપોગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર પ. પૂ. શાસનપ્રભાવક સુપ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી** મ. સા. છે. જેઓશ્રીએ પ. પૂ. વ્યાકરણવાચસ્પતિ સાહિત્યસમ્રાટ્ અનુપમ-વ્યાખ્યાનસુધાવર્ષી શાસ્ત્રવિશારદ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય-લાવણ્યસૂરીશ્વરજી** મ. સા. ની પૂનિતનિશ્રામાં ન્યાય વ્યાકરણ જ્યોતિષ કર્મગ્રન્થ પ્રકરણ આદિનો સુંદર અભ્યાસ કરેલ છે.

શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસન નામના મૂલગ્રન્થના કર્તા કલિકાલ સર્વજ્ઞ કુમારપાલ પ્રતિબોધક આચાર્ય ભગવંત **શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી** ભગવંત છે. તેઓશ્રીએ સ્વયં આ ગ્રન્થ ઉપર "**લઘુવૃત્તિ**" નામની વૃત્તિ રચી છે આ બન્નેને અનુલક્ષીને વ્યાકરણપીપાસુઓ સરલતાથી સમજી શકે એ આશયથી આ "**બાલાવબોધિની**" નામનો ગ્રન્થ રચવામાં આવ્યો છે.

આ બાલાવબોધિની નામનો ગૂર્જરભાષાનુવાદ રૂપ ગ્રન્થ રચીને વિદ્યાર્થીઓ ઉપર મહાન ઉપકાર કરેલ છે. આ ગ્રન્થ દ્વારા વ્યાકરણ પ્રવેશના દ્વાર સરલ સુગમ અને સરસ બન્યા છે. સૂત્રનો સરલ અર્થ, ઉદાહરણનો વિગ્રહ, સાધનિકા, તથા ઉદાહરણનો ગૂર્જરભાષામાં અર્થ આપી વિશેષ સુબોધ બનાવી હૃદયંગમ બનાવવા પ્રયત્ન કર્યો છે

"**શ્રીસિદ્ધહેમ**" વ્યાકરણના અભ્યાસીઓ માટે વ્યાકરણ અને સાધનો બનેલ છે. પરંતુ પ્રાયઃ પ્રાથમિક વ્યાકરણના અભ્યાસી માટે સરલ અને સુબોધ શૈલી જોવાતી નથી, જેથી આ ભાષાનુવાદ ગ્રન્થ આ ખોટને પૂરી કરશે. એકંદર આ ભાષાનુવાદ વિદ્યાર્થીને

ફચીકર બનશે એમાં સંદેહ નથી. વિદ્યાર્થીએ ઘણા લાંબા, સમયથી આવી ભાષાનુવાદની રાહ જોઈ રહ્યા હતા, તે તેમને પ્રાપ્ત થવાથી અભ્યાસની દિશા સરલ અને સુગમ બનશે એમ લાગે છે. ખરેખર આ પુસ્તક વ્યાકરણમાં પ્રવેશ કરનાર બાલજીવોને વ્યાકરણના વિષયનો અવબોધ કરવામાં સાર્થક બનશે એમાં કોઈ શંકા નથી.

પૂજ્યશ્રીએ પોતાના વિદ્યાર્થીકાલ દરમ્યાન તૈયાર કરેલ જેનો પ્રથમભાગ પૂર્વે પ્રકાશિત કરેલ છે. જેનો બાકી રહેલ દ્વિતીયભાગ પ્રકાશિત કરવામાં આવે છે, જેની સાથે સંપૂર્ણ વ્યાકરણનો ગૂર્જર ભાષાનુવાદ પૂર્ણ કરેલ છે. આ ગ્રન્થના રચયિતા પૂજ્યશ્રીએ વ્યાકરણ પીપાસુઓ માટે આવું અપૂર્વ સાધન સમર્પી જ્ઞાનભક્તિને પ્રદર્શિત કરેલ છે. આશા રાખીયે કે વ્યાકરણના અભ્યાસીઓ આનો સુંદર લાભ લે એજ શુભેચ્છા.

આ પ્રસ્તુત ગ્રન્થના મુદ્રણકાર્યની પ્રેરણા આપનાર તથા આર્થિક સહાયકોને સદુપદેશ આપનાર પ. પૂ. ભક્તિપરાયણ વાત્સલ્યમૂર્તિ વિનયવંત મુનિરાજ **શ્રીવિવેકવિજયજી** મ. સા. ને પણ આ સ્થળે યાદ કરી અમારા આ કાર્યમાં સંપૂર્ણ પણે સહાયક બનેલ છે. એ માટે અમો તેઓશ્રીના અત્યન્ત આભારી છીયે.

અંતે આ ગ્રન્થના ગૂર્જરભાષાનુવાદમાં કર્તા પૂ. આચાર્યશ્રીને આંખની ઘણી તકલીફના કારણે તથા પ્રેસ દોષથી કોઈ ભુલ રહી જવા પામી હોય તો અભ્યાસી વર્ગ તેને ક્ષન્તવ્ય ગણી સુધારી લેવા હાર્દિક વિનંતિ છે.

પ્રકાશક

શાસન પ્રભાવક – શાસ્ત્રવિશારદ – સુપ્રસિદ્ધ પ્રવચનકાર

પરમપૂજ્ય આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજય મહિમાપ્રભસૂરીશ્વરજી મ. સા.

ભક્તિપરાયણ – વાત્સલ્યમૂર્તિ – વિનયવંત



પૂ. મુનિરાજ શ્રી. વિવેકવિજયજી મ. સા.

अनुक्रमणिका

	विषय	पत्राङ्क
१.	कर्तरि कृत्प्रत्ययाः ।	१–४
२.	विहितक्तप्रत्ययस्य कर्त्राद्यर्थविधानम ।	४–६
३.	भावादौ कृत्यविधानम ।	६–१७
४.	कर्तरि कृद्विधानम् ।	१७–५१
५.	विभक्त्यर्थाः ।	५१–१४१
६.	त्वा–ल्यप्–णमादिविधानम ।	१४१–१५९
	तद्धितप्रकरणम्	
७.	अपत्यार्थप्रत्ययविधानम ।	१६०–२०१
८.	रक्तद्यर्थप्रत्ययविधानम् ।	२०२–२३९
९.	शेषाद्यर्थप्रत्ययविधानम ।	२४०–२९८
१०.	इकण्–इक–ईय–अण्–इकट् ठीकण् ण–य–ण्य–इन–अ–ठक क–अञ् प्रत्ययादिविधानम ।	२९९, ३५९,
११.	ईयाधिकारः ।	३६०–३६७
१२	भाव–कर्मार्थकप्रत्ययाः ।	३६७–३७४
१३.	क्षेत्राद्यर्थकप्रत्ययाः ।	३७४–४२५
१४.	स्वार्थकप्रत्ययाः ।	४२५–४७१
१५.	समासान्ताः ।	४७२–५०४
१६.	तद्धिते वृद्ध्यादिविधानम ।	५०४–५२८
१७.	द्विरुक्तविधानम् ।	५२८–५३४
१८.	प्लुतविधानम ।	५३४–५३९
१९.	परिभाषाप्रकरणम ।	५३९–५६०
२०.	सूत्राणामकाराद्यनुक्रमणिका ।	५६१–६३२

સમર્પણ

શ્રમણજીવનના શૈશવકાળમાં સંયમપથના સારથી બની
વાત્સલ્યની અમીધારા વર્ષાવી, જ્ઞાનસંપદાના દાતા
એવા અસીમ ઉપકારી
પરમપૂજ્ય વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન
અનુપમવ્યાખ્યાન સુધાવર્ષી સાહિત્યસમ્રાટ્
આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજયલાવણ્યસૂરીશ્વરજીમહારાજસાહેબના
કરકમલમાં
—ઃ સમર્પણ ઃ—
આપનો ભવોભવનો ઋણી
વિજયમહિમાપ્રભસૂરિ

એ...આપલા જયજિનેન્દ્ર

પ્રેમસે બોલો... જય જિનેન્દ્ર... જય જિનેન્દ્ર...
જયસુખલાઈ પંચમીયા પરીવાર રાજકોટ-૧ ☎ ૨૪૫૩૮૨૫

[अथ पंचमोऽध्यायः]

[अथ प्रथमपादः]

[अथ कृदन्तप्रकरणम्]

आतुमाऽत्यादिः ॥ ५-१-१ ॥

ધાતુથી પર વિધાન કરાયેલ ત્યાદિ પ્રત્યય વર્જિત "**शक-धृष०** [५-४-९०]" એ સૂત્રથી વિધાન કરાયેલ હેત્વર્થ કૃદન્ત-૩૫ તુમ્ પ્રત્યય સુધીના પ્રત્યયો '**કૃત્**' સંજ્ઞક થાય છે, અર્થાત્ આ અધ્યાયમાં વિધાન કરાયેલ ક્રિયાપદને લાગતાં ત્યાદિ પ્રત્યયોને કૃત્ સંજ્ઞા થતી નથી. પરંતુ ધાતુદ્વારા નામ બનાવવા જે જે પ્રત્યયો વપરાય છે, તેને જ કૃત્ સંજ્ઞા સમજવી. **१००. हनंक्रू-हन्यते इति = हन् + घ्यण् + सि = घात्यः, घनेन** = ઘણ વડે હણવા યોગ્ય. આ ઘ્યણ્ પ્રત્યય કૃત્ સંજ્ઞક સમજવો. "**ऋवर्ण०** [५-१-१७]" એ સૂત્રથી ઘ્યણ્ પ્રત્યય થઈ "**ञिणति०** [४-३-१००]" એ સૂત્રથી હન્ નો ઘાત્ આદેશ થાય છે.

बहुलम् ॥ ५-१-२ ॥

જણાવેલ અર્થ સિવાય બીજા અર્થમાં પણ કૃત્ પ્રત્યય '**બહુલ-પ્રકારે**' વાપરી શકાય છે. અર્થાત્ જે પ્રત્યયનું વિધાન કર્તા અર્થમાં કરેલ હોય, તે પ્રત્યય કોઇક પ્રયોગમાં કર્મ અર્થમાં વપરાય છે. જે પ્રત્યયનું વિધાન કર્મ અર્થમાં જણાવેલ હોય, તે પ્રત્યય કોઈક પ્રયોગમાં કરણ અર્થમાં વપરાય છે. તથા જે પ્રત્યયનું વિધાન કરણ

અર્થમાં કરેલ હોય, તે પ્રત્યય અન્ય પ્રયોગમાં સમ્પ્રદાન અર્થમાં વપરાય છે. ૮૮૫ **हृंग् – पादाभ्यां ह्रियते यः सः = पाद + हृ + णक + सि = पादहारकः** = બે પગ વડે લઈ જવાય તે વસ્તુ **णक** પ્રત્યયનું વિધાન કર્તા અર્થમાં છે, પરંતુ અહિં કર્મ અર્થમાં વપરાયેલ છે. ૧૨૩૮ **मुह्यौच् = मुह्यते आत्मा अनेन येन वा = मुह् + अनीय + अम् (सि) = मोहनीयम् कर्म** = જેના વડે આત્મા ભાન ભુલી જાય તે કર્મ. અહિં અનીય પ્રત્યય કર્મસૂચક છે, પરંતુ અહિં કરણ અર્થમાં વપરાયો છે. ७ **दां-सम्प्रदीयते अस्मै यस्मै वा = सम् + प्र + दा + अन + अम् (सि) = सम्प्रदानम्** = જેને કોઇ વસ્તુ દેવાની હોય તે. જેમકે – શ્રીમંત માણસ બ્રાહ્મણને દક્ષિણા આપે છે. અહિં કરણ સૂચક **अन** પ્રત્યય સમ્પ્રદાન અર્થમાં વપરાયેલ છે.

कर्त्तरि ॥ ૫–૧–૩ ॥

જે પ્રત્યયનું વિધાન કરતી વખતે તે પ્રત્યય ક્યા અર્થમાં વપરાય એવો જો કોઈ નિર્દેશ કરેલ ન હોય, તો તમામ કૃત્ પ્રત્યયો ' **કર્તા-અર્થમાં** ' વપરાય છે. એમ સમજવું. ૮૮૮ **डुकृंग् – करोति इति = कृ + तृच् + सि = कर्ता** = કરનારો. અહિં " **णक-तृचौ** [૫-૧-૪૮] " એ સૂત્રમાં બતાવેલ **णक** અને **तृच्** પ્રત્યયો ક્યા અર્થમાં વપરાય એવો કોઈ નિર્દેશ કરેલ ન હોવાથી કર્તા અર્થમાં વપરાય એમ સમજવું.

व्याप्ये घुर-केलिम-कृष्टपच्यम् ॥ ૫–૧–૪ ॥

કર્મરૂપ કર્તા અર્થના સૂચક **घुर** અને **केलिम** પ્રત્યય તથા **कृष्टपच्य** તથા **पच्** ધાતુને કર્મરૂપ કર્તા અર્થનો સૂચક **य** પ્રત્યય લગાડીને બનાવેલ **पच्य** શબ્દ ' **કર્મ અર્થમાં** ' વપરાય છે. ૧૪૮૬ **भञ्जोपभज्यते स्वयमेवेति = भञ्ज् + घुर + सि = भङ्गुरं काष्ठम्** =

પોતાની મેળે જ ભાંગી જનાર લાકડું. ૮૯૨ **इषचींष् – पच्यते स्वमेवेति = पच् + केलिम + जस् = पचेलिमाः माषाः** = વાવ્યા આદ પોતાની મેળે જ પાકી જનારા અડદ. **कृष्टे – क्षेत्रे स्वयमेव पच्यन्ते ते = कृष्ट + पच् + य + जस् = कृष्टपच्याः शालयः** = ખેતરમાં વાવ્યા આદ આપોઆપ પાકી જનારા ચોખા.

संगतेऽजर्यम् ॥ ५–१–५ ॥

સંગત – મિત્રતા રૂપ કર્તા અર્થમાં નસ્ પૂર્વક જૃ ધાતુને 'य' પ્રત્યય લાગે છે. **यद् मित्रत्वं न जीर्यते तद् – १५३६ जृश्. १९४७ जृण्–नञ् + जृ+य+सि (अम्) = अजर्यम् आर्यसंगतम्** = આર્યની મિત્રતા અખંડિત હોય છે.

रुच्या–ऽव्यथ्य–वास्तव्यम् ॥ ५–१–६ ॥

રુચ્ય, અવ્યથ્ય અને વાસ્તવ્ય શબ્દો કર્તા અર્થમાં '**निपातन**' થાય છે. ૧૩૮ **रुचि–रोचते इति = रुच् + क्यप् + सि=रुच्यः**– રૂચિકર. ૧૦૦૨ **व्यथिष् – न व्यथते इति = नञ् + व्यथ् + य + सि = अव्यथ्यः** = પીડા નહિ કરનારો. ૧૯૯. **वसं – वसति इति = वस् + तव्य + सि = वास्तव्यः** = વસનારો.

भव्य–गेय–जन्य–रम्या–ऽऽपात्या–ऽऽप्लाव्यं नवा ॥ ५–१–७ ॥

ભવ્ય વગેરે શબ્દો કર્તા અર્થમાં વિકલ્પે '**निपातन**' થાય છે. ૧ **भू–भवति इति = भू + य + सि = भव्यः** = લાયક પુરૂષ. ૩૭ **गै – गीयते इति = गै + य + सि = गेयः साम्नाम्** = સામગાન કરનારો. ૧૨૬૯ **जनैच् – जायते इति = जन् + य + सि = जन्यः** = જન્મ લેનારો. ૯૮૯ **रमि–रमते इति = रम् +**

य + सि = रम्यः = રમનારો. ૯૬૨ पत्लृ – आपतति इति = आ + पत् + य + सि = आपत्यः = પાસે આવનારો. ૫૯૮ प्लुङ् – आप्लवते इति = आ + प्लु + य + ते = आप्लाव्यः = પાણીમાં કૂદનારો. पक्षे – भूयते इति = भव्यम् = થવું. गीयते इति = गेयम् = ગાવું. जायते इति = जन्यम् = જન્મવું. रम्यते इति = रम्यम् = રમણીય. आपत्यते इति = आपत्यम् = નજીક પડવું. आप्लूयते इति = आप्लाव्यम् = પાણીમાં કૂદવું.

प्रवचनीयादयः ॥ ५-१-८ ॥

પ્રવચનીય વગેરે શબ્દો વિકલ્પે 'निपातन' થાય છે. ૧૦૯૬ वचंक् = प्रवक्ति इति = प्र + वच् + अनीय + सि = प्रवचनीयः गुरुः शास्त्रस्य = શાસ્ત્રનું પ્રવચન કરનાર ગુરુ. ૫ ષ્ઠાં – उपतिष्ठते इति = उप + स्था + अनीय + सि = उपस्थापनीयः शिष्यो गुरुः = ગુરુની સેવા કરનારો શિષ્ય. पक्षे = प्रोच्यते इति = प्रवचनीयं गुरुणा शास्त्रम् = ગુરુદ્વારા પ્રવચન કરવા યોગ્ય શાસ્ત્ર. उपस्थीयते इति = उपस्थापनीयः शिष्येण गुरुः = શિષ્ય દ્વારા સેવા યોગ્ય ગુરુ.

श्लिष–शीङ्–स्था–ऽऽस–वस–जन–रुह–जृ–भजेः क्तः ॥ ५–१–९ ॥

શ્લિષ્ વગેરે ધાતુને, કર્તા અર્થમાં વિકલ્પે 'क्त' પ્રત્યય લાગે છે. ૧૨૧૦ श्लिषूंच् = आश्लिष्यते स्म इति = आ + श्लिष् + क्त + सि = आश्लिष्टः कान्तां चैत्रः = સ્ત્રીને ભેટેલો ચૈત્ર. ૧૧૦૫ शीङ्क् – अतिशेते स्म इति = अतिशयितो गुरुं शिष्यः = શિષ્યે ગુરુનો અતિશય મહિમા કર્યો. ૫. ષ્ઠાં – उपतिष्ठते स्म इति = उपस्थितो गुरुं शिष्यः = શિષ્યે ગુરુની સેવા કરી. ૧૧૧૯ आसिक् उपासते स्म इति = उपासिताः गुरुं ते = તેઓએ ગુરુની ઉપા-

સના કરી. ૯૯૯ **वसं–अनुवसन्ति स्म इति = अनूषिताः गुरुं ते** = તેઓ ગુરૂની સાથે રહ્યા. ૧૨૬૫ **जनैच्चि – अनुजायन्ते स्म इति = अनुजाताः तां ते** = તેણીની પછી તેઓ જન્મેલા. ૯૮૮ **रुहं–आरोहति स्म इति = आरूढः अश्वं सः** = તે ઘોડા ઉપર ચડયો. ૧૯૪૭ **जृण् १५३६. जृश्–अनुजीर्यन्ते स्म इति=अनुजीर्णाः तां ते** =તેઓ તેણીની પછી વૃદ્ધ થયા. ૮૯૫ **भजीं–विभजन्ति स्म ते = विभक्ताः स्वं ते**=તેઓના ભાગનું ધન વહેંચી લીધું. **पक्षे–आश्लिष्यते स्म इति = आश्लिष्टा कान्ता चैत्रेण** = ચૈત્રવડે ભેટાયેલી સ્ત્રી. **अतिशीयते स्म इति=अतिशयितः शिष्यैः गुरुः**=શિષ્યવડે ગુરૂ મહિમાવાળા થયા. **उपस्थीयते स्म इति=उपस्थितः गुरुः शिष्यैः**= શિષ્ય વડે સેવા· યેલા ગુરૂ. **उपास्यते स्म इति=उपासितः गुरुः तैः** =તેઓ વડે ઉપાસના કરાયેલા ગુરૂ. **अनूष्यते स्म इति=अनूषितः गुरूः तैः**=તેઓ વડે ગુરૂ સાથે રહેવાયું. **अनुजायते स्म ईति=अनुजाता सा तैः** = તેઓ વડે તેણીની પછી જન્મ લેવાયો. **आरुह्यते स्म इति = आरूढः अश्वः तैः** = તેઓ વડે ઘોડા ઉપર ચડાયું. **अनुर्जीर्यते स्म इति = अनुजीणा सा तैः** = તેઓ વડે તેણીના પછી વૃદ્ધ થવાયું. **विभज्यते स्म इति = विभक्तं स्वं तैः**=તેઓ વડે ધન વહેંચાયું.

आरभ्भे ॥ ५–१–१० ॥

આરંભ અર્થવાળા ધાતુને કર્તા અર્થમાં વિકલ્પે **'क्त'** પ્રત્યય લાગે છે. ૮૮૮ **डुकृंग् – प्रकुर्वन्ति स्म इति = प्रकृताः कटं ते** = તેઓએ સાદડી બનાવવાની શરૂઆત કરી. **प्रक्रियते स्म इति = प्रकृतः कटः तैः** = તેઓ વડે સાદડી બનાવવાની શરૂઆત થઈ.

गत्यर्था–ऽकर्मक–पिब–भुजेः ॥ ५–१–११ ॥

ભૂતકાલ વગેરે અર્થમાં વિધાન કરાયેલ કૃત પ્રત્યય ગત્યર્થક ધાતુને, અકર્મક ધાતુને, તથા પિબ્ અને ભુજ્ ધાતુને વિકલ્પે 'ક્ત' પ્રત્યય લાગે છે. **३९६ गम्लृ – गम् + क्त + सि = गतोऽसौ ग्रामम्** = ગામમાં આ ગયો. **१११९ आसिङ् – आसितोऽसौ** = આ બેઠો, **२. पां – पीताः पयः** = તેઓએ દુધ પીધું. **१४८७ भुजंप् - भुक्ताः ते** = તેઓએ ખાધું. **पक्षे–गतोऽसौ तैः** = તેઓ વડે જવાયું. **आसितं तैः** = તેઓ વડે બેસાયું. **पीतं पयः** =તેઓ વડે દુધ પીવાયું. **इदं तैः भुक्तम्** = તેઓ વડે આ ખવાયું.

अद्यर्थाश्चाऽऽधारे ॥ ५–१–१२ ॥

ગત્યર્થક ધાતુને, અકર્મક ધાતુને તથા પિબ્ અને ભુજ્ ધાતુને, આધાર અર્થમાં વિકલ્પે 'ક્ત' પ્રત્યય લાગે છે. **१०५९ अदंक्–अद् + क्त + सि = इदमेषां जग्धम्** = તેઓએ અહિં ખાધું. **१०६२ यांक् – इदं तेषां यातम्** = તેઓ અહિં ગયા. **११०५ शीङक् – इदमेषां शयितम्** = તેઓ અહિં સૂતા. **२. पां – इदं गवां पीतम्** = ગાયોએ અહિં પીધું **१४८७ भुजंप्–इदं तेषां भुक्तम्** = તેઓએ અહિં ખાધું. **पक्षे – इह तैः जग्धम्** = તેઓ વડે અહિં ખવાયું. **इह तैः यातम्** = તેઓ વડે અહિં જવાયું. **इह तैः शयितम्** = તેઓ વડે અહિં સુવાયું. **इह गोभिः पीतम्** = ગાયો વડે અહિં પીવાયું. **इह तैः भुक्तम्** = તેઓ વડે અહિં ખવાયું.

क्त्वा – तुमम् भावे ॥ ५–१–१३ ॥

ધાતુનો જે અર્થ થતો હોય, તે જ અર્થમાં ધાતુને ક્ત્વા, તુમ્ અને અમ્ પ્રત્યય લાગે છે. **कृ + क्त्वा = कृत्वा** = કરીને, **कृ + तुमम् = कर्तुम्** = કરવા માટે, **कृ + अम् = कारंकारं याति** = કરી કરીને જાય છે.

भीमादयोऽपादाने ॥ ५-१-१४ ॥

અપાદાન - પંચમી વિભક્તિના અર્થમાં ભીમ વગેરે શબ્દો ' **निपातन** ' થાય છે. ૧૧૩૨ **जिभींक् - बिभेति अस्मादिति** = **भीमः**=ભયાનક. **भी + आनकः=भयानकः**=જેનાથી ડર લાગે તે.

सम्प्रदानाच्चाऽन्यत्रोणादयः ॥ ५-१-१५ ॥

સમ્પ્રદાન - ચતુર્થી વિભક્તિ અને અપાદાન - પંચમી વિભક્તિ સિવાયના કારકમાં અને ભાવ અર્થમાં ઉણાદિ પ્રત્યય લાગે છે. ઉણ્ વગેરે પ્રત્યયો " **उणादयः** [૫-૨-૮૩] " એ સૂત્રથી કહેલ છે તે. **करोति इति-कृ + उण् + सि = कारुः** = કારીગર. [**उणादि-सूत्र-१**] ૫૦૭ **कषं-कषति इति = कष् + इ + सि = कषिः** = કસોટીનો પત્થર. [**उणादि सूत्र-६१९**]

असरूपोऽपवादे वोत्सर्गः प्राक् क्ते ॥ ५-१-१६ ॥

આ સૂત્રથી આરંભીને " **स्त्रियां क्तिः** [૫-૩-૯૧] " એ સૂત્ર સુધી અપવાદના વિષયમાં અસરૂપ - અસમાન ' **उत्सर्ग** ' પ્રત્યય વિકલ્પે થાય છે. આ પ્રકરણમાં અપવાદ રૂપ અને ઉત્સર્ગરૂપ એવા બે પ્રકારના પ્રત્યયનું વિધાન છે. આ બન્ને પ્રકારના પ્રત્યયો પરસ્પર સરૂપ - એક સરખા ન હોય. અર્થાત્ અક્ષરના સંયોગની અપેક્ષાએ આ બન્ને પ્રકારના પ્રત્યયોનું સરખાપણું ન હોય એવું જ્યાં જણાય ત્યાં આ નિયમ લાગે છે. જેમકે - ૧૫૧૯. **लूगृश् - अवश्य + लू + ण्यण् + सि = अवश्यलाव्यम्** = અવશ્ય લણવા લાયક. **अवश्य + लू + तव्य + सि = अवश्यलवितव्यम्** =અવશ્ય લણવા લાયક. અહિં **ण्यण्** પ્રત્યય અપવાદરૂપ છે. અને **तव्य** પ્રત્યય ઉત્સર્ગ રૂપ છે. અને બન્ને પ્રત્યયો સમાનરૂપ ન હોવાથી જ્યાં **ण्यण्** પ્રત્યય

લાગે, ત્યાં **तव्य** પ્રત્યય પણ લાગે છે. આ નિયમ "**ऋवर्ण०** [૫-૧-૧૭]" એ સૂત્રથી "**अभिव्याप्तौ०** [૫-૩-૯૦]" આ સૂત્ર સુધી જે પ્રત્યયનું વિધાન છે તે જ પ્રત્યયો લાગે છે. બીજા કોઇ પ્રત્યયોમાં લાગતો નથી.

ऋवर्ण–व्यञ्जनाद् ध्यण् ॥ ૫-૧-૧૭ ॥

ઋવર્ણાંત ધાતુને અને વ્યંજનાન્ત ધાતુને ભાવ અને કર્મ-અર્થમાં '**ध्यण्**' પ્રત્યય લાગે છે. ૮૮૮ **डुकृंग्** – **कृ** + **ध्यण्** + **अम् (सि)** = **कार्यम्** = કરવા યોગ્ય. ૮૯૨ **डुपचीष्** - **पच्** + **ध्यण्+अम्** = **पाक्यम्**=રાંધવા યોગ્ય. **ध्यण्** પ્રત્યય કૃત્ય સંજ્ઞક છે "**तत्०** [૨-૩-૨૧]" એ સૂત્રમાં જણાવ્યા મુજબ જે ધાતુ કર્મ-વાળા હોય તે '**सकर्मक**' કહેવાય છે. તથા જે ધાતુ કર્મ વિનાના હોય અથવા જે ધાતુને કર્મની વિવક્ષા કરેલ ન હોય તે '**अकर्मक**' કહેવાય છે. જ્યાં અમુક અર્થમાં કૃત્ય પ્રત્યય થાય એવું સ્પષ્ટ વિધાન ન કર્યું હોય, ત્યાં સકર્મક ધાતુને કર્મ અર્થમાં કૃત્ય પ્રત્યયો લાગે છે. અને અકર્મક ધાતુને ભાવ અર્થમાં – ક્રિયાસૂચક અર્થમાં કૃત્ય પ્રત્યયો લાગે છે.

पाणि–समवाभ्यां सृजः ॥ ૫-૧-૧૮ ॥

પાણિ તથા સમ્ અને અવ–સમવ ઉપસર્ગથી પર રહેલ સૃજ્ ધાતુને '**ध्यण्**' પ્રત્યય લાગે છે ૧૩૪૯ **सृजंत्** – **पाणिभ्यां सृज्यते** = **पाणि** + **सृज्** + **ध्यण्** = **पाणिसर्ग्या रज्जुः** = હાથે બનાવાય તેવું દોરડું. **समवसृज्यते** =**समव** + **सृज्** + **ध्यण्**=**समवसर्ग्या रज्जुः** = વણેલી દોરડી.

उवर्णादावश्यके ॥ ૫-૧-૧૯ ॥

આવશ્યક – અવશ્ય કરવાનું એવા અર્થમાં ઉવર્ણાન્ત ધાતુને

' ધ્યણ્ ' પ્રત્યય લાગે છે. ૧૫૧૯ **लूगश्–लू + ध्यण् + अम्(सि)** = **लाद्यम्** = અવશ્ય લણવા – કાપવા યોગ્ય.

आसु–यु–वपि–रपि–लपि–त्रपि–डिपि–दभि–चम्यानमः ॥ ५–१–२० ॥

આઙ્ ઉપસર્ગ સહિત સુ ધાતુ, તથા ઉપસર્ગવાળા અને ઉપસર્ગ વિનાના યુ વગેરે આઠ ધાતુ તથા આઙ્ ઉપસર્ગ સહિત નમ્ ધાતુને ' ધ્યણ્ ' પ્રત્યય લાગે છે. ૧૨૮૬ **पुंगट् – आ + सु + ध्यण् + अम् (सि) = आसाद्यम्** = સ્નાન. ૧૦૮૦ **युक् - याद्यम्** = મિશ્રણને યોગ્ય. ૯૯૫ **डुवपीं = वाप्यम्** = વાવવાને યોગ્ય. ૩૩૫ **रप - राप्यम्** = બોલવાને યોગ્ય. ૩૩૬ **लप - लाप्यम्** = બોલવાને યોગ્ય. ૭૬૨ **त्रपौषि = अप + त्रप् = अप ाप्यम** = શરમાવા યોગ્ય ૧૧૯૬ **डिपच् – डेप्यम्** = ફેંકવા યોગ્ય. **धतुरत्नाकरे** – ૧૬૭૫ **दभ – दाभ्यम्** = બાંધવા યોગ્ય. ૩૮૦ **चमू–आ + चम्** = **आचाम्यम्** = આચમન કરવા યોગ્ય. ૩૮૦ **णमं – आ + नम्=आनाम्यम्** =નમસ્કાર યોગ્ય.

वाऽऽधारेऽमावास्या ॥ ५–१–२१ ॥

આધાર અર્થમાં અમા પૂર્વક વસ ધાતુનો ધ્યણ્ પ્રત્યયાન્ત એવું અમાવાસ્યા શબ્દનું વિકલ્પે ' **निपातन** ' થાય છે. ૯૯૯ **वस** = **अमा + वस् + ध्यण् = अमावास्या, अमावस्या** = અમાસ

संचाय्य–कुण्डपाय्य–राजसूयं क्रतौ ॥ ५ १–२२ ॥

ક્રતુરૂપ યજ્ઞના અર્થમાં ધ્યણ્ પ્રત્યયાન્ત એવા સંચાય્ય વગેરે શબ્દો ' **निपातन** ' થાય છે. ૧૨૯૦ **चिगट् सम् + चि+ध्यण् = संचाय्यः** = સોમરસનો સંચય થાય તેવો યજ્ઞ ૨ **पां–कुण्ड + पा**

+ ष्यण् = कुण्डपाय्यः = કુંડાઓ વડે સોમરસ પીવાય તેવો યજ્ઞ. ૧૨૮૬ षुंगट् - राज + सु + ष्यण् = राजसूयः=જેમાં સોમલતાનો ઉપયોગ થાય તેવો યજ્ઞ.

प्रणाय्यो निष्कामा-ऽसंमते ॥ ५-१-२३ ॥

નિષ્કામ અને અસંમત અર્થમાં ષ્યણ્ પ્રત્યયાન્ત પ્રણાય્ય શબ્દ ' निपातन ' થાય છે. ૮૮૪. णींग्-प्र + नी + ष्यण्= प्रणाय्यो शिष्यश्चौरो वा = જે શિષ્યને કોઇ અભિલાષા નથી. અથવા ચોર લોકમાં સંમત નથી.

धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यपृङ्-मान-हवि-निवासे ॥ ५-१-२४ ॥

ઋચા, માન, હવિષ્ અને નિવાસ અર્થમાં, અનુક્રમે ષ્યણ્ પ્રત્યયાન્ત એવા ધ્યાયા, પાય્ય, સન્નાય્ય અને નિકાય્ય શબ્દો ' निपातन ' થાય છે. ૧૧૩૯ धुक्-धा + ष्यण् = ध्याया= જે વડે સમિધ્ ની સ્થાપના થાય તે ઋચા. ૧૦૭૩ मांङ्, १ ३७ माङ्क् = मा + ष्यण् = पाय्यम् = એક પ્રકારનું માપ. પાલી વગેરે. ૮૮૪ णींग् - सम् + नी + ष्यण् = सान्नाय्यम् =એક જાતનું હવિષ્. ૧૨૯૦ चिंगट्-नि + चि + ष्यण् = निकाय्यः = નિવાસ. પક્ષે धेया = ધારણ કરવા યોગ્ય. मेयम् = માપવા યોગ્ય. सन्नेयम् = સારી રીતે લઈ જવા યોગ્ય. निचेयम् = નિરંતર સંગ્રહ કરવા યોગ્ય.

पर्यायोपचाय्या-ऽऽनाय्य-समूह-चित्यमग्नौ ॥ ५-१-२५ ॥

અગ્નિ અર્થ જણાતે છતે ષ્યણ્ અને કયપ્ પ્રત્યયાન્ત એવા પરિચાય્ય વગેરે શબ્દો ' निपातन ' થાય છે. ૧૨૯૦ चिंगट् -

परि + चि+ण्य् = परिचाय्यः=વિશેષ પ્રકારનો અગ્નિ. **उपचाय्यः** = અગ્નિ વિશેષ. ૮૮૪ **णींग् – आ + नी + ण्य् = आनाय्यः** = અગ્નિ વિશેષ ૯૯૬ **वहीं - सम् + वह् + ण्ण् = समूह्यः** = અગ્નિવિશેષ **चि + क्यप् = चित्यः** = અગ્નિવિશેષ. અગ્નિ અર્થ ન હોય તો. **परिचयः** = પરિચય કરવા લાયક. **उपचेयः** = ભેગુ કરવા લાયક **आहयः** = લાવવા યોગ્ય. **संवह्यः** = સારી રીતે વહન કરવા યોગ્ય **चेयः** = ભેગું કરવા યોગ્ય.

याज्या दानर्चि ॥ ૫–૧–૨૬ ॥

દાનર્ચિ – ઋચાનો પાઠ બોલીને અગ્નિમાં નાખવું એવા અર્થમાં ણ્ય પ્રત્યયાન્ત યાજ્યા શબ્દ ' **निपातन** ' થાય છે. ૯૯૧ **यजीं- यज् + ण्य् = याज्या** = વેદ મંત્ર બોલીને હોમ કરાય તે. **याज्यम्** પૂજવા લાયક.

तव्या–ऽनीयौ ॥ ૫–૧–૨૭ ॥

સકર્મક ધાતુને કર્મ અર્થમાં અને અકર્મક ધાતુને ભાવ અર્થમાં ' **तव्य** અને **अनीय** ' પ્રત્યય લાગે છે. **कृ + तव्य = कर्तव्यः** = કરવા લાયક. **कृ + अनीय = करणीयः** = કરવા લાયક.

य एचाऽऽतः ॥ ૫-૧–૨૮ ॥

ઋવર્ણાંત સિવાયના સ્વરાન્ત સકર્મક ધાતુને કર્મ અર્થમાં અને અકર્મક ધાતુને ભાવ અર્થમાં 'य' પ્રત્યય લાગે છે. અને અન્તના અકારનો 'એ' થાય છે. ૧૨૯૦ **चिंग्ट् चि + य + अम् (सि) = चेयम्** = સંગ્રહ કરવા યોગ્ય ૮૮૪ **णींग् – नी + य + अम् (सि) = नेयम्** = લઈ જવા. ૧૨૩૮ **डुदांग्क् – दा + य + अम् = देयम्** = દેવા લાયક. ૧૨૩૯ **डुधांग्क् – धा + य + अम् =**

धेयम् = ધારણ કરવા લાયક. " **ऋवर्ण०** [૫-૧-૧૭] " એ સૂત્રમાં ઋવર્ણાન્તને ધ્યણ્ પ્રત્યયનું વિધાન કરેલ હોવાથી અહિં ઋવર્ણાન્ત સિવાય એમ કહેલ છે.'

शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् ॥ ૫-૧-૨૯ ॥

શક્ વગેરે આઠ ધાતુને તથા પવર્ગાન્ત ધાતુને 'य' પ્રત્યય લાગે છે. ૧૩૦૦ **शक्लृँ** - **शक् + य + अम् = शक्यम्** = કરી શકવા યોગ્ય ૫૧ **तक – तक्यम्** = હસવા યોગ્ય. ૮૯૯ **चतैँग् = चत्यम्** = માંગવા લાયક ૭૧૧ **यतँङ् – यत्यम्** = યત્ન કરવા યોગ્ય. ૫૫૦ **शंसृ – शस्यम्** = પ્રશંસા કરવા યોગ્ય. ૯૯૦ **षहिँ = सह्यम्** = સહન કરવા યોગ્ય. ૯૯૧ **यजीं - यज्यम्** = પૂજા કરવા યોગ્ય. ૮૯૫ **भजीं – - भज्यम्** = ભજવા યોગ્ય. ૩૩૩ **तपं – तप्यम्** = તપવા યોગ્ય ૩૯૬ **गम्लृं - गम्यम्** = ગમન કરવા લાયક.

यमि-मदि-गदोऽनुपसर्गात् ॥ ૫-૧-૩૦ ॥

ઉપસર્ગ રહિત જે યમ , મદ્ અને ગદ્ ધાતુને ' **य** ' પ્રત્યય લાગે છે ૩૮૬ **यमूँ यम् + य + अम् = यम्यम्** = નિવૃત્તિને લાયક. ૭૨૩ **मदुङ् - मद्यम्** = મદ્ય. ૨૯૭ **गद-गद्यम्** = ગદ્ય.

चरेराङस्त्वगुरौ ॥ ૫-૧-૩૧ ॥

ઉપસર્ગ રહિત ચર્ ધાતુને ' **य** ' પ્રત્યય લાગે છે. તથા આઙ્ ઉપસર્ગ પૂર્વકના ચર્ ધાતુને મુશ્કેલિ અર્થમાં 'य' પ્રત્યય લાગે છે. ૪૧૦ **चर - चर् + य + सि = चर्यः** = ચરવા યોગ્ય. **आ + चर् + य = आचर्यः देशः** = પ્રવાસ કરવા યોગ્ય દેશ.

वर्योपसर्या–ऽवद्य–पण्यमुपयर्तुमती–गर्ह्य–विक्रेये ॥ ५–१–३२ ॥

વર્યા, ઉપસર્યા, અવદ્ય, અને પણ્ય શબ્દ અનુક્રમે ઉપેય–વરવા યોગ્ય, ઋતુમતી, ગર્હ્ય – નિંદનીય અને વિક્રેય – વેચવા યોગ્ય અર્થમાં ય પ્રત્યયાન્ત **'निपातन'** થાય છે. ૧૨૯૪ **वृगट्–वृ+य=वर्या कन्या**= વરવા યોગ્ય કન્યા. ૨૫ **सृ– उप + सृ + य = उपसर्या गौः** = આ ગાય ઋતુમતી છે. ૯૯૮ **वद – नञ् + वद् + य=अवद्यम्–गर्ह्यम्** = નિંદનીય. ૭૧૦ **पणि – पण् + य=पण्या गौः** = વેચવા યોગ્ય ગાય.

स्वामि–वैश्येऽर्यः ॥ ५–१–३३ ॥

સ્વામિ અને વૈશ્ય અર્થમાં ય પ્રત્યયાન્ત અર્થ શબ્દ **'निपातन'** થાય છે. ૨૬ **ऋ, ११३५ ऋंक् ऋ + य + सि = अर्यः स्वामी वैश्यो वा** = સ્વામિ અથવા વૈશ્ય. **आर्योऽन्यः** = અન્ય આર્ય જાતિ.

वह्यं करणे ॥ ५–१–३४ ॥

કરણ અર્થમાં ય પ્રત્યયાન્ત વહ્ય શબ્દ **' निपातन '** થાય છે. ૯૯૬ **वहीं – वह्यम्–शकटम्**=જેના વડે ભાર વહન કરાય તે ગાડું.

नाम्नो वदः क्यप् च ॥ ५–१–३५ ॥

ઉપસર્ગથી રહિત નામથી પર રહેલ વદ ધાતુને **'क्यप्'** અને **'य'** પ્રત્યય લાગે છે. ૯૯૮ **वद – ब्रह्म + वद् + क्यप + अम् (सि) = ब्रह्मोद्यम्** = બ્રહ્મવચન, **ब्रह्म + वद् + य + अम् = ब्रह्मवद्यम्** =બ્રહ્મવચન.

हत्या–भूर्यं भावे ॥ ५–१–३६ ॥

ઉપસર્ગથી રહિત નામથી પર ભાવ અર્થમાં ક્યપ્ પ્રત્યયાન્ત હત્યા અને ભૂય શબ્દો ' **નિપાતન** ' થાય છે. **૧૧૦૦ ब्रह्मन्-ब्रह्म + हन् + क्यप् = ब्रह्महत्या** = બ્રાહ્મણની હત્યા. **१ भू देव + भू + क्यप् = देवभूय गतः** = દેવપણું પામ્યો.

अग्निचित्या ॥ ५–१–३७ ॥

સ્ત્રી રૂપ ભાવ અર્થમાં અગ્નિપૂર્વક ચિ ધાતુને ક્યપ્ પ્રત્યયાન્ત અગ્નિચિત્યા ' **નિપાતન** ' થાય છે. **૧૨૯૦ निगद्-अग्नि + चि + क्यप् = अग्निचित्या** = અગ્નિનો સમૂહ–ચિતા.

खेय–मृषोद्ये ॥ ५–१–३८ ॥

खन् ધાતુના અને મૃષા સહિત वद् ધાતુના ક્યપ્ પ્રત્યયાન્ત એવા અનુક્રમે ખેય અને મૃષોદ્ય ' **નિપાતન** ' થાય છે. **૯૧૩ खनूग्-नि + खन् + क्यप् = निखेयम्** = ખોદવા યોગ્ય. **૯૯૮ वद्–मृषा + वद् + क्यप् = मृषोद्यम्** = ખોટું વચન.

कुप्य–भिद्योध्य–सिध्य तिष्य–पुष्य–युग्या–ऽऽज्य–सूर्य नाम्नि ॥ ५–१–३९ ॥

નામના વિષયમાં ક્યપ્ પ્રત્યય-ન્ત એવા કુપ્ય વગેરે શબ્દો '**નિપાતન**' થાય છે. **३३२ गुपौ–गुप् + क्यप् = कुप्यम् – धनम्** = ધન. **१४७७ भिदंपी = भिद्यम्** = કાંઠો તોડી નાંખે એવો નદ. **१३५५ उज्झत् – उज्झ + क्यप् = उध्यो नदः** = પાણીને છોડી દે એવો નદ. **११८५ विधूच् = सिध्यः** = નક્ષત્ર. **९३० त्विषी–तिष्यः** = નક્ષત્ર. **५३६ पुष–पुष्यः** = નક્ષત્ર. **१२५४ युजिच् – युग्यम् – वाहनम्** = ઘોડા વગેરે વાહન. **१४८८ अञ्चौप् – आज्यम्–**

घृतम् = २५ सूं - १३३२, षूंत् - स, सू + क्यप् = सूर्यः - रविः = सूर्य.

इ-वृग्-स्तु-जुषेति-शासः ॥ ५-१-४० ॥

इ વગેરે ધાતુને ક્યપ્ પ્રત્યય લાગે છે. ૧૪૬૬ इंङ्त् - आ + इ + क्यप् = आदृत्यः = આદર યોગ્ય. ૧૨૯૪ वृंगट् - प्र + आ + वृ + क्यप् = प्रावृत्यः = ઓઢવા યોગ્ય. ૧૧૮૪ ष्टुंग्क - अवश्य + स्तु + क्यप् = अवश्यस्तुत्यः=અવશ્ય સ્તુતિ કરવા યોગ્ય. ૧૪૭૨ जुषैति =जुष्यः = પ્રાપ્તિ કરવા યોગ્ય. ૧૦૭૪ इंक्, ૧૦૭૫ इंष्क् -इत्यः = જવા યોગ્ય, યાદ કરવા યોગ્ય. ૧૦૯૫ शासूक् - शास् + क्यप् = शिस् + य = शिष्यः = અનુશાસન કરવા યોગ્ય.

ऋदुपान्त्यादकृपि-चृदृचः ॥ ५-१-४१ ॥

કૃપ્, ચૃત્ અને ઋચ્ વર્જિત એવા ઉપાન્ત્યમાં ઋકાર વાળા ધાતુઓને ' ક્યપ્ ' પ્રત્યય લાગે છે. ૯૯૫ वृतूङ् - वृत्यम्=વર્તવા યોગ્ય.

कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपो. र्घां ॥ ५-१-४२ ॥

કૃ વગેરે ધાતુઓને ' ક્યપ્ ' પ્રત્યય વિકલ્પે લાગે છે. ૮૮૮ डुकृंग् - कृ + क्यप् = कृत्यम् = કરવા યોગ્ય. कृ + ण्यण् = कार्यम् = કરવા યોગ્ય. ૫૨૭ वृषू - वृष्यम्, वर्ष्यम् = વર્ષવા યોગ્ય. ૧૦૯૭ मृजौक् - मृज्यम्, मार्ग्यम् = સાફ કરવા યોગ્ય. ૫૫૦ शंसू - शस्यम्, शंस्यम् = પ્રશંસા કરવા યોગ્ય. ૯૩૫ गुहौग् - गुह्यम्, गोह्यम् = ગુપ્ત રાખવા યોગ્ય. ૧૧૨૭ दुहींक् -दुह्यम्, दोह्यम् = દોહવા યોગ્ય. ૩૩૮ जप-जप्यम्, जाप्यम् = જપવા યોગ્ય.

जि-विपू-न्यो हलि-मुञ्ज-कल्के ॥ ५-१-४३ ॥

જિ ધાતુ, વિ ઉપસર્ગ સહિત પૂ ધાતુ અને વિ ઉપસર્ગ સહિત ની ધાતુને અનુક્રમે હલિ, મુંજ અને કલ્કરૂપ કર્મ અર્થમાં 'कयप्' પ્રત્યય લાગે છે. ८ जि-जित्य-हलिः=ભોઠું હળ. ६०० **पूङ्-वि+पू + कयप् = विपूयः-मुञ्जः** = મુંજ નામનું ઘાસ ८४४ **णींग्-विनीयः-कल्कः** = ત્રિફલા વિગેરેના ઉકાળાનો કૂચો. સુગંધી તેલ વગરે દ્રવ્ય,

पदा-ऽस्वैरि-बाह्या-पक्ष्ये ग्रहः ॥ ५-१-४४ ॥

પદ, અસ્વૈરિ, બાહ્યા અને પક્ષ્ય અર્થમાં ગ્રહ ધાતુને 'कयप्' પ્રત્યય લાગે છે. १५१७ **ग्रहीश्-प्र + ग्रह् + कयप् = प्रगृह्यम्-पदम्** = પ્રગૃહ્યપદ નામની સંજ્ઞા છે. **गृह्याः - परतन्त्राः** = પરતન્ત્ર. **ग्रामगृह्याः=बाह्याः** = ગામ બહાર **गुणगृह्याः-गुणपक्ष्याः** = ગુણનો પક્ષપાતી.

भृगोऽसंज्ञायाम् ॥ ५-१-४५ ॥

અસંજ્ઞાના વિષયમાં ભૃ ધાતુને 'कयप्' પ્રત્યય લાગે છે. ११४० **टुडुभृग्क्** - ८८६ **भृग्-भृत्यः - पोष्यः** = ભરણ પોષણ કરવા યોગ્ય. સંજ્ઞામાં. **भृ + ण्यण् = भार्या-पत्नि** = પત્ની. સંજ્ઞા હોવાથી कयप् પ્રત્યય ન લાગે.

समो वा ॥ ५-१-४६ ॥

સમ્ પૂર્વક ભૃ ધાતુને વિકલ્પે 'कयप्' પ્રત્યય લાગે છે. **सम् + भृ + कयप् = संभृत्यः**=સારી રીતે ભરણપોષણ કરવા યોગ્ય. **सम् + भृ + ण्यण् = संभार्यः** = ઉપરની જેમ જ.

ते कृत्याः ॥ ५–१–४७ ॥

ઉપરોકત ण्वुल्, तव्य, अनीय, य, અને क्यप् પ્રત્યયો 'कृत्य' સંજ્ઞક છે. આ પાંચ પ્રત્યય છે તે સકર્મક ધાતુને કર્મ અર્થમાં અને અકર્મક ધાતુ તથા અવિવક્ષિત કર્મ એવા ધાતુને ભાવ અર્થમાં લાગે છે.

ण्वुल्–तृचौ ॥ ५–१–४८ ॥

ધાતુથી પર કર્તા અર્થમાં 'ण्वुल्' અને 'तृच्' પ્રત્યય લાગે છે. ૮૯૨ डुपचींष् = पचतीति=पच्+ण्वुल् + सि = पाचकः = રાંધનારો, પકાવનારો. पचतीति = पच् + तृच् + सि = पक्ता = રાંધનારો. પકાવનારો. હવે જે પ્રત્યયો કહેવાશે તે અંગે જો કોઈ વિશેષ સૂચન કરેલ ન હોય તો તે પ્રત્યય કર્તા અર્થમાં લાગે એમ સમજવું.

अच् ॥ ५–१–४९ ॥

ધાતુથી પર કર્તા અર્થમાં 'अच्' પ્રત્યય લાગે છે. ૮૮૮ डुकृंग् – कृ + अच् + सि = करः = કરનારો. ૮૮૫ हृंग्–हरतीति = हृ + अच् + सि = हरः = હરનારો.

लिहादिभ्यः ॥ ५–१–५० ॥

લિહ્ વગેરે ધાતુને કર્તા અર્થમાં 'अच्' પ્રત્યય લાગે છે. ૧૧૨૯ लिहींक् – लेढि इति = लिह् + अच् + सि = लेहः = ચાટનારો. ૧૨૯૨ शिष्लृंप् – शिनष्टि इति – शिष् + अच् + सि = शेषः = શેષ, બાકી.

नुवः ॥ ५–१–५१ ॥

બ્રૂ ધાતુને કર્તા અર્થમાં ' अच् ' પ્રત્યય લાગે છે. ૧૧૨૫ **बूंगुक् – आत्मनं ब्राह्मणं ब्रवीति इति = ब्राह्मण + ब्रू + अच् + सि = ब्राह्मण + ब्रू + अच् + सि = ब्राह्मणब्रुवः** = પોતાને બ્રાહ્મણ કહેનારો હલકો બ્રાહ્મણ.

नन्द्यादिभ्योऽनः ॥ ५–१–५२ ॥

નન્દ્ વગેરે ધાતુને કર્તા અર્થમાં ' अन ' પ્રત્યય લાગે છે. ૩૧૨ **ट्वुनदु–नन्दयति इति=नन्द् +अन +सि = नन्दनः** = પુત્ર. આનંદ આપનારો. ૧૯૨૨ **वासंण् – वासयतीति = वासनः** = સુગંધ ફેલાવનારો. ૯૯૦ **षहिं – सहते इति = सहनः** = સહન કરનારો. ૩૧૬ **कदु–संक्रन्दयतीति=संक्रन्दनः** = શત્રુને રડાવનારો. ૧૨૩૧ **दमूच् – सर्वान् दमयतीति = सर्वदमनः** = બધાનું દમન કરનારો. ૩૦૩ **णर्द्, ३०२ नर्द् – नर्दति नर्दयति वा इति = नर्दनः** = અવાજ કરનારો.

ग्रहादिभ्यो णिन् ॥ ५–१–५३ ॥

ગ્રહ્ વગેરે ધાતુને કર્તા અર્થમાં ' णिन् ' પ્રત્યય લાગે છે. ૧૫૧૭ **ग्रहीश् – गृह्णातीति = ग्रह + णिन् = ग्राही** = ગ્રહણ કરનારો. ૫ **ष्ठां–तिष्ठतीति=स्था + णिन् = स्थायी**=સ્થિર રહેનારો.

नाम्युपान्त्य ग्री–कृ–गृ–ज्ञः कः ॥ ५–१–५४ ॥

નામી સ્વર છે ઉપાન્ત્યમાં જેને, એવા ધાતુને, તથા ગ્રી, કૃ, ગૃ અને જ્ઞ ધાતુને કર્તા અર્થમાં ' क ' પ્રત્યય લાગે છે. ૧૩૨૭ **क्षिपींत – विक्षिपति इति = वि + क्षिप् + अ (क) + सि = विक्षिपः** વિક્ષેપ કરનાર. ૧૨૫૩ **ग्रीङ्च – ग्रीयते इति = ग्री + क = प्रियः** = પ્રિય. ૧૩૩૪ **कृत् – किरति इति = किर् + क = किरः** =

ભૂંડ, વરાહ. ૧૩૩૫ गॄत् – गिरति इति = गिर् + क = गिरः= ગરણી. ૧૫૪૦ ज्ञांश् – जानाति इति = ज्ञः = પંડિત, જાણનારો.

ग्रह ग्रह ॥ ५–१–५५ ॥

ગ્રહ્ ધાતુને ઘર અર્થમાં 'ક' પ્રત્યય લાગે છે. ૧૫૧૭ ग्रहीश् – गृह्णन्ति इति= ग्रह+क=गृहाः=ઘર અથવા સ્ત્રીઓ, गृह्णाति इति = ग्रह + क + सि = गृहः = ઘર.

उपसर्गादातो डोऽश्यः ॥ ५–१–५६ ॥

શ્યૈઙ્ ધાતુ સિવાયના અન્ય ઉપસર્ગથી પર રહેલ આકારાન્ત ધાતુને, કર્તા અર્થમાં 'ડ' પ્રત્યય લાગે છે. ૯૯૪ ह्वेंम् – आह्वयतीति = आ + ह्वा + अ (ड) + सि = आह्वः = સ્પર્ધા કરનારો.

व्याघ्रा–ऽऽघ्रे प्राणि–नसोः ॥ ५–१–५७ ॥

પ્રાણિ અને નાસિકા અર્થમાં ડ પ્રત્યયાન્ત એવા અનુક્રમે વ્યાઘ્ર અને આઘ્રા શબ્દ 'નિપાતન' થાય છે. ૩ घ्रां–विशेषेण जिघ्रतीति = वि + घ्रा + ड = व्याघ्रः = વાઘ. आ – मर्यादया जिघ्रतीति = आ + घ्रा + ड = आघ्राः = નાક.

घ्रा–ध्मा–पा–ट्धे दृशः शः ॥ ५–१–५८ ॥

ઘ્રા વગેરે ધાતુને, કર્તા અર્થમાં 'શ' પ્રત્યય લાગે છે. ૩ घ्रां – जिघ्रतीति = घ्रा + श + सि = जिघ्रः = સુંઘનારો. ૪ ध्मां – उद्धमतीति = उद्+ध्मा + श + सि = उद्धमः = ધમનારો. ૨ पां - पिबतीति = पिबः = પીનારો. ૨૮ ट्धें - उद्धयतीति = उद्धयः = ધોવનારો. ૪૯૫ दृशृं–उत्पश्यतीति = उत्पश्यः = ઉંચે જોનારો. અહિં શકાર શિત્ કાર્ય માટે છે. જેથી "श्रौति०-

[૪–૧–૧૦૮]" એ સૂત્રથી **घ्रा** ને **जिघ्र**, **ध्मा** ને સ્થાને **धम**, **पा** ને સ્થાને **पिब** અને **दृश्** ને સ્થાને **पश्य** આદેશ થાય છે.

सहि–साति–वेद्युदेजि–धारि–परि–चेतेरनुपसर्गात् ॥ ५–१–५९ ॥

ઉપસર્ગ રહિત સહ્ વગેરે ધાતુને, કર્તા અર્થમાં '**श**' પ્રત્યય લાગે છે. ૯૯૦ **षहिं–साहयतीति=सहि+श+सि=सहयः** = સહન કરનાર, સહન કરાવનારો. **सातयतीति=सातयः** = સુખ આપનારો, સુખ અપાવનારો ૧૦૯૯ **विदक् – वेदयतीति=वेदयः** = જાણનારો, જણાવનારો. ૧૪૮ **पजृ – उदेजयतीति = उदेजयः** = કંપનારો, કંપાવનારો. ૮૮૭ **धृंग् – धारयतीति = धारयः** = ધારણ કરનારો, ધારણ કરાવનારો. ૧૫૩૨ **पृञ् – पारयतीति = पारयः** = પાર કરનારો, પાર કરાવનારો. ૨૭૮ **चिंतै –चेतयः** = ચેતનારો, ચેતાવનારો.

लिम्प–विन्दः ॥ ५–१–६० ॥

ઉપસર્ગ રહિત લિમ્પ્ અને વિન્દ્ ધાતુને, કર્તા અર્થમાં '**श**' પ્રત્યય થાય છે. ૧૩૨૪ **लिपींत् = लिम्पतीति = लिम्पः** = લેપ કરનારો. ૩૧૦ **विदु - विन्दतीति = विन्दः** = લાભ પામનાર.

नि–गवादेर्नाम्नि ॥ ५–१–६१ ॥

નિ ઉપસર્ગ રહિત લિમ્પ્ ધાતુને અને ગો વગેરે શબ્દ સહિત વિદ્ ધાતુને, કર્તા અર્થમાં, જો સંજ્ઞાનો વિષય હોય તો '**श**' પ્રત્યય થાય છે. **नितरां लिम्पंतीति = निलिम्पाः** = દેવો. **गां विन्दते इति = गोविंदः** = કૃષ્ણ. **कुं विन्दते इति = कुविन्दः** = વણકર.

वा ज्वलादि–दु–नी–भू–ग्रहा–ऽऽस्नोर्णः ॥ ५–१–६२ ॥

ઉપસર્ગ રહિત જ્વલાદિ ગણના જ્વલ્ વગેરે ધાતુઓને, તથા દૃ, ની, ભૂ, ગ્રહ તથા આઙ્ ઉપસર્ગ સહિત સ્રુ ધાતુઓને 'ણ' પ્રત્યય વિકલ્પે લાગે છે. ૯૬૦ **ज्वल – ज्वलतीति = ज्वल् + ण + सि = ज्वालः, ज्वल् + अच् = ज्वलः** = બળનારો. ૯૭૨ **चल – चालः, चलः** = ચાલનારો. ૧૨ **दुं–दावः, दवः** = અગ્નિ, દાવાનલ. ૮૮૪ **णींग् – नायः, नयः** = લઈ જનાર, અથવા નયજ્ઞાન. ૧ **भू – भावः, भवः** = થવું તે, સંસાર. ૧૫૧૭ **ग्रहीश् = ग्राहः, ग्रहः** = મગર વગેરે, સૂર્ય વગેરે ગ્રહ. ૧૫ **स्रुं – आ + स्रु + आस्रावः आस्रवः** = ટપકનારો, પાપ–પુણ્યનું કારણ આસ્રવ.

अवहृ–सा–संस्रोः ॥ ५–१–६३ ॥

અવ ઉપસર્ગ સહિત હૃ ધાતુને અને સા ધાતુને તથા સમ્ ઉપસર્ગ સહિત સ્રુ ધાતુને, કર્તા અર્થમાં 'ણ' પ્રત્યય લાગે છે. ૫૮૫ **हृंग् – अव + हृ + ण + सि = अवहारः** = મગર આદિ જલચર પ્રાણી ૧૧૫૦ **षोंच् – अव + सा + ण = अवसायः** = અંત કરનાર. ૧૫ **स्रुं–सम् + स्रु + ण = संस्रावः** = ટપકનારો.

तन्–व्यधीण्–श्वसातः ॥ ५–१–६४ ॥

तन्, व्यध्, श्वस्, અને અકારાન્ત ધાતુને કર્તા અર્થમાં 'ણ' પ્રત્યય લાગે છે. ૧૪૯૯ **तनूयौ–तनोतीति–तन् + ण + सि = तानः** = તાણનારો. ૧૧૫૭ **व्यधंच् – विध्यतीति – व्यध् + ण = व्याधः** = શિકારી. ૧૦૭૫ **इंण्क् – प्रेत्यति = प्रति + इ + ण = पत्यै + ण = प्रत्यायः** = જાણનારો. ૧૦૯૦ **श्वसक्–श्वसितीति = श्वस् + ण = श्वासः** = શ્વાસ. ૬૦૬ **इयैङ् – अवश्यायतीति = अव + इयै + ण = अव + इयाय् + ण = अवश्यायः** = ઝાકળ.

नृत्–खन्–रञ्जः शिल्पिन्यकट् ॥ ५–१–६५ ॥

નૃત્, ખન્, અને રઞ્જ્ ધાતુને, શિલ્પી રૂપ કર્તા અર્થમાં 'અકટ્' પ્રત્યય લાગે છે. ૧૧૫૨ **नृतँच् – नृत्यतीति = नृत् + अकट् + सि = नर्तकः** =નૃત્ય કરનાર. **नृतक + ई + सि=नर्तकी** = નૃત્ય કરનારી. ૯૧૩ **खनूग् - खनतीति = खनकः** = ખોદવાનો ધંધો કરનારો. ઓડ લોક. ૮૯૫ **रञ्जीं–रजतीति = रञ्ज् + अक= रजकः** = રંગનારો. **अकट्** પ્રત્યયમાં ટકારનો નિર્દેશ સ્ત્રીલિંગમાં **ङी** પ્રત્યય કરવા માટે છે. જેથી "**अणञे०** [૨–૪ ૨૦]" એ સૂત્રથી ङी પ્રત્યય લાગે છે.

गस्थकः ॥ ५–१–६६ ॥

ગા ધાતુને, શિલ્પી૩૫ કર્તા અર્થમાં '**થક**' પ્રત્યય થાય છે. ૩૭ **गैं–गायतीति = गा + थक + सि = गायकः** = ગવૈયો.

टनण् ॥ ५–१–६७ ॥

ગા ધાતુને શિલ્પી૩૫ કર્તા અર્થમાં '**ટનણ્**' પ્રત્યય લાગે છે. **गायतीति – गा + टनण् = गै + अन + सि = गायनः** = ગાવાનો ધંધો કરનારો. **गा + अन + ई = गायनी** = ગાવાનો ધંધો કરનારી. **टनण्** ની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં લઈ જવા અલગ સૂત્ર કરેલ છે. ટકાર સ્ત્રીલિંગમાં "**अणञे०** [૨ ૪-૨૦]" એ સૂત્રથી ङी પ્રત્યય તથા ણકાર છે તે "**आतः** [૪–૩–૫૪]" એ સૂત્રથી આકારને સ્થાને ऐ થાય એ માટે છે.

हः काल–व्रीह्योः ॥ ५–१–६८ ॥

કાલ અને વ્રીહિ અર્થમાં હા–હાઙ્ અને હાઙ્ ધાતુને, કર્તા

અર્થમાં 'ઢનણ્' પ્રત્યય લાગે છે. ૧૧૩૧ **ओहांक्** – **जहातीति – हा + ढनण्+सि = हायनः** = વર્ષ. ૧૧૩૬ **ओहाङ्क्–जिहीते इति वा = हायनाः व्रीहयः** = ચોખા.

प्रु–सृ–ल्वोऽकः साधौ ॥ ५–१–६९ ॥

સાધુ–સારૂ અર્થમાં પ્રુ, સૃ અને લૂ ધાતુને 'અક' પ્રત્યય લાગે છે. ૫૯૭ **प्रुङ्** – **साधु प्रवते इति = प्रु + अक + सि = प्रवकः** = પરોણાગિર. ૨૫ **सृं** – **साधु सरतीति = सरकः** = સારૂ ચાલનારો. ૧૫૧૯ **लूगश्** – **साधु लुनातीति = लवकः** = સારૂ લણનારો.

आशिष्यकन् ॥ ५–१–७० ॥

આશિષ્ – આશીર્વાદ અર્થમાં ધાતુને 'અકન્' પ્રત્યય લાગે છે. ૪૬૫ **जीव - जीव्यात्, जीवतात् इति वा=जीव + अकन् + सि = जीवकः** = જીવો.

तिक्कृतौ नाम्नि ॥ ५–१–७१ ॥

સંજ્ઞાના વિષયમાં આશીર્વાદ અર્થ જણાતે છતે, ધાતુને 'તિક્' પ્રત્યય તથા કૃદન્તના બીજા ગમે તે પ્રત્યય લાગે છે. ૧૨૩૦ **शमूच् – शम्यात् इति = शम् + तिक् + सि = शान्तिः** = સોળમાં શાન્તિનાથ તીર્થંકર. ૧ **भू – वीरो भूयात् इति=वीर + क्विप् + सि = वीर भूः** = વીર થા ! એવા આશીર્વાદ મેળવનાર વિશેષ નામ ૯૫૭ **वृधूङ् – वर्धिषीष्ट इति = वर्ध + आनश् + सि = वर्धमानः** = વધતા રહો. વર્ધમાન–ચોવીશમાં તીર્થંકર.

कर्मणाऽण् ॥ ५–१–७२ ॥

કર્મકારક નામથી પર રહેલ ધાતુને, કર્તા અર્થમાં ' **અણ્** ' પ્રત્યય લાગે છે. ૮૮૮ **કુક્ષંગ્** – **કુમ્ભં કરાતીતિ = કુમ્ભ + કૃ + અણ્ + સિ = કુમ્ભકારઃ** = કુંભાર અહિંથી " **અસૂર્યો૦ [૫–૧–૧૨૬]** " એ સૂત્ર સુધી કર્મકારક નામથી પર રહેલ ધાતુને. એટલો ભાગ સમજી લેવો.

शीलि–कामि–भक्ष्याचरीक्षि–क्षमो णः ॥ ૫–૧–૭૩ ॥

કર્મકારક નામથી પર રહેલ શીલ્, કમ્, ભક્ષ્, આઙ્ ઉપસર્ગથી પર રહેલ ચર્, ઇક્ષ્ અને ક્ષમ્ ધાતુથી, કર્તા અર્થમાં '**ણ**' પ્રત્યય લાગે છે. ૧૯૧૩ **शीलण्** – **धर्मं शीलयतीति – धर्म + शील् + ण = धर्मशील + आ + सि = धर्मशीला** = ધર્મનું આચરણ કરનારી. ૭૮૯ **कमूङ्** – **धर्मं कामयते इति = धर्मकामा** = ધર્મને ઇચ્છનારી. ૧૭૧૭ **भक्षण्** – **वायुं भक्षयतीति = वायुभक्षा** = વાયુને ભક્ષ કરનારી. ૪૧૦ **चर–कल्याणमाचरतीति = कल्याणाचारा**= કલ્યાણનું આચરણ કરનારી. ૮૮૨ **ईक्षि** – **सुखं प्रतीक्षते इति = सुखप्रतीक्षा** = સુખની રાહ જોનારી. ૭૮૮ **क्षमौषि** - **बहु क्षमते इति = बहुक्षमा** = બહુ ક્ષમા રાખનારી

गायोऽनुपसाट्टक् ॥ ૫–૧–૭૪ ॥

કર્મકારક નામથી પર ઉપસર્ગ રહિત ગા ધાતુને કર્તા અર્થમાં ' **ટક્** ' પ્રત્યય થાય છે. ૩૭ **गै** – **वक्रं गायतीति = वक्र + गा + टक् + सि = वक्रगः** = વક્રોક્તિવાળો. **वक्रगी** = વક્રોક્તિવાળી.

सुरा–सीधोः पिबः ॥ ૫–૧–૭૫ ॥

સુરા અને સીધુ રૂપ કર્મકારક નામથી પર રહેલ પા ધાતુને,

કર્તા અર્થમાં ' ટક્ ' પ્રત્યય લાગે છે. ૨ **पां – सुरां पिबतीति = सुरा + पा + टक् + सि = सुरापः** = દારૂ પીનારો, **सुराप + ङी + सि = सुरापी** = દારૂ પીનારી. **सीधुं पिबतीति = सीधुपः, साधुपी वा** = સીધુ નામના દારૂને પીનાર, અથવા સીધુ નામના દારૂને પીનારી. " **दीर्घङ्याब्०** [૧-૪-૪૬] " એ સૂત્રથી દીર્ઘ ઈ અથવા આકારાન્ત સ્ત્રીલિંગમાં આવેલ સિ પ્રત્યયનો લોપ થાય છે.

आतो डोऽद्वा–वा–मः ॥ ५–१–७६ ॥

કર્મકારક નામથી પર રહેલ હ્વા, વા અને મા ધાતુ વર્જિત ઉપસર્ગ રહિત આકારાન્ત ધાતુને, કર્તા અર્થમાં 'ડ' પ્રત્યય લાગે છે. ૧૧૩૮ **डुदांग्क् - गां ददातीति = गो +दा + ड + सि = गोदः** = ગાય આપનારો.

समः ख्यः ॥ ५–१–७७ ॥

કર્મકારક નામથી પર રહેલ સમ્ ઉપસર્ગ સહિત ખ્યા ધાતુને ' ડ ' પ્રત્યય લાગે છે. ૧૦૭૧ **ख्यांक् - गां संख्यातीति = गो + सम् + ख्या + ड+सि=गोसंख्यः**=ગાય અથવા બળદને ગણનારો.

दश्चाऽऽडः ॥ ५ १–७८ ॥

કર્મકારક નામથી પર રહેલ દા સંજ્ઞક ભિન્ન દા રૂપ ધાતુ તથા ખ્યા ધાતુને, કર્તા અર્થમાં ' ડ ' પ્રત્યય લાગે છે જો આઙ્ ઉપસર્ગ સહિત હોય તો. ૧૧૩૮ **डुदांग्क् दायमादत्ते इति = दायादः** = ભાગીદાર ૧૦૭૧ **ख्यांक् स्त्रियमाख्यातीति = स्त्री + आ + ख्यः + ड + सि= स्त्र्याख्यः** = સ્ત્રીને કહેનારો.

प्राज्ञश्च ॥ ५–१–७९ ॥

કર્મકારક નામથી પર રહેલ પ્ર ઉપસર્ગ પૂર્વકના જ્ઞા ધાતુને તથા દા રૂપવાળા દા ધાતુને કર્તા અર્થમાં 'ડ' પ્રત્યય લાગે છે. **૧૫૪૦ ज्ञांश् पन्थानं प्रजानाति = पथि + प्र + ज्ञा + ड + सि = पथिप्रज्ञः** = ભોમિયો. **૭ दां - प्रपा प्रददातीति + प्रपाप्रदः** = પરબ બેસાડનારો.

आशिषि हनः ॥ ५-१-८० ॥

કર્મકારક નામથી પર રહેલ હન્ ધાતુને, આશીર્વાદ અર્થમાં 'ડ' પ્રત્યય લાગે છે **૧૧૦૦ हनंक् - शत्रुं वध्यात् = शत्रु + हन्+ड+सि=शत्रुहः**=શત્રુને હણો એવી આશિષ્ મેળવનારો "**हनो० [४-४ २१]**" એ સૂત્રથી હન્ નો વધૂ આદેશ થયો છે.

क्लेशादिभ्योऽपात् ॥ ५-१-८१ ॥

કર્મકારક કલેશ વગેરે શબ્દથી પર રહેલ અપ ઉપસર્ગ સહિત હન્ ધાતુને, 'ડ' પ્રત્યય લાગે છે. **क्लेशमपहन्तीति = क्लेश् +अप + हन् + ड + सि = क्लेशपहः** = કલેશને દૂર કરનારો.

कुमार-शीर्षाण्णिन् ॥ ५-१-८२ ॥

કુમાર અને શીર્ષ રૂપ કર્મથી પર રહેલ હન્ ધાતુને 'ણિન્' પ્રત્યય લાગે છે. **कुमारं हन्तीति = कुमार + हन् + णिन् + सि = कुमार + घात + इन् + सि =कुमारघाती** = કુમારને મારનારો, **शीर्षं हन्तीति = शीर्षघाती** = મસ્તકને છેદનારો. "**ञ्णिति० [४-३-१००]**" એ સૂત્રથી ઘાત્ થયો છે.

अचित्ते टक् ॥ ५-१-८३ ॥

કર્મથી પર રહેલ હન્ ધાતુને, અચિત્તરૂપ કર્મ અર્થમાં 'ટક્'

પ્રત્યય લાગે છે. **वातं हन्तीति** = **वात + हन + टक्** = **वात + घ्न + टक्** = **वात + घ्न + अ + सि** = **वातघ्नं तैलम्** = વાયુને હણનાર તેલ છે. "**हनो० [२-१-११२]**" આ સૂત્રથી **घ्न** થયો છે.

जाया-पतेश्चिह्नवति ॥ ५-१-८४ ॥

જાયા અને પતિરૂપ કર્મથી પર રહેલ હન્ ધાતુને, મસા, તલ આદિ શરીર ઉપરના ચિહ્ન રૂપ કર્તા અર્થમાં '**टक्**' પ્રત્યય લાગે છે. **जाया हन्तीति** = **जायाघ्नः ब्राह्मणः** = પત્નીને હણનારો અપલક્ષણો બ્રાહ્મણ **पतिं हन्तीति** = **पतिघ्नी कन्या** = પતિને હણનારી અપલક્ષણી કન્યા

ब्रह्मादिभ्यः ॥ ५-१-८५ ॥

કર્મવાચક બ્રહ્મ વગેરે શબ્દથી પર રહેલ, હન્ ધાતુને કર્તા અર્થમાં '**टक्**' પ્રત્યય લાગે છે **ब्रह्मं हन्तीति** = **ब्रह्मघ्नः** = બ્રહ્મને હણનારો - પાપી. **गां हन्तीति** = **गोघ्नः** = ગાયને હણનારો-પાપી.

हस्ति-बाहु-कपाटाच्छक्तौ ॥ ५-१-८६ ॥

હસ્તિ, બાહુ અને કપાટ રૂપ કર્મથી પર રહેલ હન્ ધાતુને, કર્તાની શક્તિ જણાતી હોય તો '**टक्**' પ્રત્યય લાગે છે. **हस्तिनं हन्तीति** = **हस्तिघ्नः** = હાથીને હણનારો. **बाहुं हन्तीति** = **बाहुघ्नः** = હાથને હણનારો-મલ્લ. **कपाटं हन्तीति** = **कपाटघ्नः** = કમાડને હણનારો-ચોર.

नगरादगजे ॥ ५-१-८७ ॥

નગર રૂપ કર્મથી પર રહેલ હન્ ધાતુને, **गज** - હાથી ભિન્ન

કર્તા અર્થમાં ' ટક્ ' પ્રત્યય લાગે છે. **नगरं हन्तीति = नगरघ्नः–व्याघ्रः** = ગામને હણનારો વાઘ.

राजघः ॥ ૫–૧–૮૮ ॥

રાજ્ ૩૫ કર્મથી પર રહેલ હન્ ધાતુને ' ટક્ ' પ્રત્યય લાગે છે. અને હન્ ના હકારનો ' ઘ ' આદેશ થાય છે. **राजानं हन्तीति = राजघः** = રાજાને હણનારો.

पाणिघ–ताडघौ शिल्पिनि ॥ ૫–૧–૮૯ ॥

શિલ્પી અર્થમાં ટક્ પ્રત્યયાન્ત એવા પાણિઘ અને તાડઘના શબ્દો ' નપાતન ' થાય છે. **पाणिं हन्तीति = पाणिघः**=હાથને વગાડનારો. **ताडं हन्तीति = ताडघः** = તાડને વગાડનારો.

कुक्ष्यात्मोदरात् भृगः खिः ॥ ૫–૧–૯૦ ॥

કુક્ષિ, આત્મન્ અને ઉદર શબ્દ ૩૫ કર્મથી પર રહેલ ભૃ ધાતુને કર્તા અર્થમાં ' ખિ ' પ્રત્યય લાગે છે. ૧૧૪૦ **टुडुभृञ्क् - कुक्षिं बिभर्तीति = कुक्षि + भृ + रिव + सि = कुक्षिम्भरि** = પેટભરો–સ્વાર્થી. **आत्मनं बिभर्तीति = आत्मम्भरिः** = પોતાને પોષનારો–સ્વાર્થી. **उदरं बिभर्तीति = उदरम्भरिः** = પેટ ભરનારો–સ્વાર્થી.

अर्होऽच् ॥ ૫–૧–૯૧ ॥

કર્મથી પર રહેલ અર્હ્ ધાતુને, કર્તા અર્થમાં ' અચ્ ' પ્રત્યય લાગે છે. ૫૬૪ **अर्ह - पूजामर्हतीति = पूजा + अर्ह + अच् + आ + सि = पूजार्हा–साध्वी** = પૂજાને યોગ્ય – સાધ્વી.

धनु–र्दण्ड–त्सरु–लाङ्गला–ऽऽङ्कुशष्टि–यष्टि–शक्ति–तोमर–घटाद् ग्रहः ॥ ૫–૧–૯૨ ॥

ધનુષ્ વગેરે કર્મરૂપ શબ્દથી પર રહેલ ગ્રહ ધાતુને ' **અચ્** ' પ્રત્યય લાગે છે. **૧૫૧૭ ગ્રહીશ્ - ધનુર્ગૃહ્ણાતિ ઇતિ = ધનુષ્ + ગ્રહ + અચ્ + સિ = ધનુર્ગ્રહઃ** =ધનુષ્ને ગ્રહણ કરનાર. **પવમ - દણ્ડગ્રહઃ** = દંડને ગ્રહણ કરનાર. **ત્સરુગ્રહઃ** = તરવારની મૂઠને ગ્રહણ કરનાર. **લાઙ્ગલગ્રહઃ** = હળને ગ્રહણ કરનાર. **અઙ્કુશગ્રહઃ** = અંકુશને ગ્રહણ કરનાર. હાથીનો મહાવત. **ઋષ્ટિગ્રહઃ** = તલવાર પકડનાર **યષ્ટિગ્રહઃ** = લાકડી પકડનાર. **શક્તિગ્રહઃ** = શક્તિને શસ્ત્ર વિશેષને પકડનાર. **તોમરગ્રહઃ** = તોમર-શસ્ત્ર વિશેષને પકડનાર. **ઘટગ્રહઃ** = ઘડાને ગ્રહણ કરનાર.

સૂત્રાદ્ ધારણે ॥ ૫-૧-૯૩ ॥

કર્મરૂપ સૂત્ર શબ્દથી પર રહેલ ગ્રહ્ ધાતુને, ધારણ કરવું એવા અર્થમાં ' **અચ્** ' પ્રત્યય લાગે છે. **સૂત્રં ગૃહ્ણાતીતિ = સૂત્રગ્રહઃ - ગ્રન્થાઃ, સૂત્રધારઃ** = સૂત્રને ગ્રહણ કરનાર. સૂત્રના ત્રણ અર્થ છે. સૂતર, શાસ્ત્ર અને કોઈ પણ વિશેષ કાર્ય કરવાનું સાધન રૂપ, સૂત્ર, ગ્રન્થથી વણકર, વિદ્વાન અને સૂત્રધાર એમ ત્રણ અર્થ થાય છે.

આયુધાદિભ્યો ધૃગોઽદણ્ડાદેઃ ॥ ૫-૧-૯૪ ॥

દંડ વગેરે શબ્દો વર્જિત આયુધવાચક નામથી પર રહેલ ધૃ ધાતુને ' **અચ્** ' પ્રત્યય લાગે છે. **૬૦૨ ધૃંડ્ - ધનુર્ધરતીતિ = ધનુર્ધરઃ** = ધનુષ્ને ધારણ કરનાર. **ભુવં ધરતીતિ = ભુધરઃ** = પર્વત.

હૃગો વયોઽનુદ્યમે ॥ ૫-૧-૯૫ ॥

કર્મ સૂચક નામથી પર રહેલ હૃ ધાતુને, વય-ઉમર અને અનુદ્યમ અર્થમાં ' **અચ્** ' પ્રત્યય લાગે છે. **૮૮૫ હૃંગ્-અસ્થિં હરતીતિ**

= **अस्थिहरः–अवशिशुः** = હાડકાં લઈ જનાર– કૂરકુરિયું **अंशहरः** = **दायादः** – ભાગીદાર. **मनाहरा माला** = મનોહરા માલા. ઉદ્યમ એટલે ઊંચે ફેંકવું અથવા આકાશમાં અદ્ધર રહેતા પદાર્થને હાથમાં ધરી રાખવો આવો ઉદ્યમ ન હોય તે અનુદ્યમ.

आङः शीछे ॥ ५–१–९६ ॥

शील अर्थ જણાતે છતે, આઙ્ ઉપસર્ગ સહિત હૃ ધાતુને '**अच्**' પ્રત્યય લાગે છે. **पुष्पाणि आहरन्तीति = पुष्पाहरः** = ફુલ ચુંટનારો. અહિં શીલનો અર્થ ફળની અપેક્ષા વિનાની સ્વભાવિક ક્રિયા એવો અર્થ સમજવો. અર્થાત્ ફળની અપેક્ષા વિના ફુલને ચુંટનાર.

हृति–नाथात् पशावि: ॥ ५–१–९७ ॥

हृति અને नाथ રૂપ કર્મથી પર રહેલ હૃ ધાતુને, પશુરૂપ કર્તા અર્થમાં '**इ**' પ્રત્યય લાગે છે. **हृति हरतीति = हृति + हृ + इ + त्वि = हृतिहरिः श्वा** = ચામડાની મશકને લઈ જનાર - કુતરો. **नाथहरिः सिंहः** = નાથીને હણનાર – સિંહ.

रजः फले-मलाद् ग्रहः ॥ ५–१–९८ ॥

रजस्, ફલે અને मद शब्द રૂપ કર્મથી પર રહેલ ग्रह् ધાતુને, કર્તા અર્થમાં '**इ**' પ્રત્યય લાગે છે. **१५१७ ग्रहीश् - रजः गृह्णातीति = रजोग्रहिः** = રજને ગ્રહણ કરનારે. **फलेग्रहिः** = ફળને ગ્રહણ કરનારો. **मलग्रहिः** = મલને ગ્રહણ કરનારો. મેલખાઉ કપડું.

देव–वातादापः ॥ ५–१–९९ ॥

देव અને वात કર્મરૂપ શબ્દથી પર રહેલ आप् ધાતુને, કર્તા અર્થમાં '**इ**' પ્રત્યય લાગે છે. **१३०७ आप्लृंट् देवानाप्नोतीति**

= **देवापिः** = દૈત્ય, અસુરનું નામ છે. **वातापिः** = ઋષિના પુત્રનું અથવા શાંતનુ રાજાના ભાઈનું નામ છે.

शकृत्-स्तम्बाद् वत्स-व्रीह्यौ कृगः ॥ ५-१-१०० ॥

शकृत् અને स्तम्ब શબ્દ રૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને, અનુક્રમે वत्स અને व्रीही રૂપ કર્તા અર્થમાં 'ક' પ્રત્યય લાગે છે. ८८८ **डुकृंग्** = **शकृत् करोतीति** = **शकृत् + कृ + इ + सि** = **शकृत्करिः वत्सः** = છાણ કરનારો વાછડો. **स्तम्बकरिः व्रीहिः** = ડુંડું કરનારો વ્રીહિનો છોડ.

किम्-यत्-तद्-बहोरः ॥ ५-१-१०१ ॥

किम्, यत्, तत् અને બહુ શબ્દરૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને, કર્તા અર્થમાં 'અ' પ્રત્યય લાગે છે. **किं करोतीति** = **किम् + कृ + अ + सि** = **किङ्करः** = નોકર. **यत्करः** = જેને કરનાર. **तत्करः** - તેને કરનાર. **बहुकरः** = બહુ કરનાર. સ્ત્રીલિંગમાં-**किङ्करा** = નોકરાણી. **यत्करा** = જેને કરનારી. **तत्करा** = તેને કરનારી. **बहुकरा** = બહુ કરનારી.

संख्या-ऽह-र्दिवा-विभा-निशा-प्रभा-भास्विन्-कर्त्र्यन्ता-ऽनन्त-कार-बाहुरु-धेनु-नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा क्षपा-क्षणदा-रजनी-दोषा-दिन्-दिवसाद्वः ॥ ५-१-१०२ ॥

સંખ્યાવાચક શબ્દ, સંખ્યા વગેરે શબ્દરૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને, કર્તા અર્થમાં 'ટ' પ્રત્યય લાગે છે. **सङ्ख्यां करोतीति** = **संख्या + कृ + ट + सि** - **सङ्ख्याकरः** = સંખ્યાને કરનારો.

દ્વિકરઃ = બેને કરનારો. **અહસ્કરઃ** = સૂર્ય. **દિવાકરઃ** = સૂર્ય. **વિભાકરઃ** = સૂર્ય. **નિશાકરઃ** = ચંદ્ર. **પ્રભાકરઃ**=સૂર્ય. **ભાસ્કરઃ** = સૂર્ય. **ચિત્રકરઃ** = ચિત્રકાર. **કર્તૃકરઃ** = ઈશ્વર. **આદિકરઃ** = બ્રહ્મા. **અન્તકરઃ** = અંત કરનાર. **અન્નતકરઃ** = અનંતને કરનાર. **કારકરઃ** = કર કરનારો. **શૌર્યકરઃ** = શૌર્ય કરનારો. **અરુષ્કરઃ** = ઘા કરનારો. **ધનુષ્કરઃ** = ધનુષને કરનારો. **નાન્દીકરઃ** = મંગલ કરનારો, સૂત્રધાર. **લિપિકરઃ** = લહિયો. **લિખિકરઃ** = લહિયો. **બલિકરઃ** = પૂજા કરનારો. **ભક્તિકરઃ** = ભક્તિ કરનારો. **જઙ્ઘાકરઃ** = ખુબ વેગથી ચાલનારો. **ક્ષપાકરઃ** = ચંદ્ર. **ક્ષણદાકરઃ** = ચંદ્ર **રજનિકરઃ** = ચંદ્ર. **દોષાકરઃ** = ચંદ્ર. **દિનકરઃ** = સૂર્ય. **દિવસકરઃ** = સૂર્ય.

હેતુ–તચ્છીલા–ઽનુકૂલે–ઽશબ્દ–શ્લોક–કલહ–ગાથા–વૈર–ચાટુ–સૂત્ર–મન્ત્ર–પદાત્ ॥ ૫–૧–૧૦૩ ॥

શબ્દ, શ્લોક વગેરે નવ શબ્દોથી ભિન્ન કર્મરૂપ શબ્દથી પર રહેલ કૃ ધાતુને ' ટ ' પ્રત્યય લાગે છે જો હેતુરૂપ કર્તા અર્થ હોય, તથા કરવાની ક્રિયા સ્વભાવરૂપ હોય અને અનુકૂલ અર્થ હોય તો. **યશઃકરોતીતિ = યશસ્કરી વિદ્યા** = યશ કરનારૂ જ્ઞાન. **શ્રાદ્ધં કરોતીતિ = શ્રાદ્ધકરઃ** = શ્રાદ્ધ કરનારો. **પ્રેષણં કરોતીતિ = પ્રેષણકરઃ** = કામ કરનારો.

ભૃતૌ કર્મણઃ ॥ ૫–૧–૧૦૪ ॥

કર્મરૂપ કર્મન્ શબ્દથી પર રહેલ કૃ ધાતુને, ભૃતિ – પગારદાર નોકરરૂપ કર્તા અર્થમાં ' ટ ' પ્રત્યય લાગે છે. **કર્મ કરોતીતિ = કર્મ + કૃ + ટ + ઙી + સિ = કર્મકરી દાસી** = કામ કરનારી દાસી, પગારદાર દાસી. **કર્મકરઃ**=પગારદાર નોકર.

क्षेम–प्रिय–मद्र-भद्रात् खश्ऽण् ॥ ५–१–१०५ ॥

ક્ષેમ, પ્રિય, મદ્ર અને ભદ્ર શબ્દરૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને, કર્તા અર્થમાં ' ખ ' અને ' अण् ' પ્રત્યય લાગે છે. **क्षेमं करोतीति = क्षेम+अम्+कृ + ख = क्षेमङ्करः** = કુશળ કરનારો. **प्रियङ्करः** = પ્રિય કરનારો. **मद्रङ्करः** = ભલુ કરનારો. **भद्रङ्करः** = કલ્યાણ કરનારો. **अण्–क्षेमकारः** = કુશળ કરનારો. **प्रियकारः**=પ્રિય કરનારો **मद्रकारः** = ભલુ કરનારો. **भद्रकारः** = કલ્યાણ કરનારો.

मेघर्ति–भया–ऽभयात्खः ॥ ५–१–१०६ ॥

મેઘ, ઋતિ, ભય અને અભય શબ્દ રૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને, કર્તા અર્થમાં ' ખ ' પ્રત્યય લાગે છે. **मेघं करोतीति = मेघ + कृ + ख + सि=मेघं + अम् + कृ + अ + सि=मेघङ्करः** = મેઘ કરનારો. **ऋतिङ्करः** = જીજીવિષા અથવા કલ્યાણ કરનારો. **भयङ्करः** = ભયંકર. **अभयङ्करः** = અભય કરનારો.

प्रिय–वशाद् वदः ॥ ५–१–१०७ ॥

પ્રિય અને વશ શબ્દ રૂપ કર્મથી પર રહેલ વદ્ ધાતુને, કર્તા અર્થમાં ' ખ ' પ્રત્યય લાગે છે. ૯૯૮. **वद–प्रियं वदतीति=प्रियंवदः** = ખુશામતીયો. **वशंवदः** = આધીન.

द्विषन्तप–परन्तपौ ॥ ५–१–१०८ ॥

દ્વિષ અને પર શબ્દથી પર રહેલ तप् ધાતુને, કર્તા અર્થમાં ' ખ ' પ્રત્યયાન્ત એવા દ્વિષન્તપ અને પરન્તપ શબ્દો ' **निपातन** ' થાય છે. ૩૩૩ **तपं–द्विषः तापयतीति = द्विषन्तपः** = શત્રુઓને

તપાવનાર, **परन्तपः** = શત્રુઓને તપાવનાર.

परिमाणार्थ-मित-नखात्पचः ॥ ५-१-१०९ ॥

પરિમાણ–માપવાચક શબ્દ તથા મિત અને નખ શબ્દરૂપ કર્મથી પર રહેલ પચ્ ધાતુને, કર્તા અર્થમાં 'ખ' પ્રત્યય લાગે છે. ૮૯૨ **डुपचींष् – प्रत्यं पचतीति = प्रत्यम्पचः** = પ્રત્યે માપ જેટલું રાંધનારો. **मितम्पचः** = પ્રમાણસર રાંધનારો. **नखम्पचः** = નખ પાકી જાય તેવો ગરમ પદાર્થ.

कूला-ऽभ्र-करीषात्कषः ॥ ५-१-११० ॥

કૂલ, અભ્ર અને કરીષ શબ્દ રૂપ કર્મથી પર રહેલ કષ્ ધાતુને, કર્તા અર્થમાં 'ખ' પ્રત્યય લાગે છે. ૫૦૭ **कष-कूलं कषतीति = कूलङ्कषा** = કાંઠાને તોડનાર–નદી. **अभ्रङ्कषः** = આકાશને અડનાર ઊંચુ મકાન અથવા પર્વત. **करीषङ्कषा** = છાણને ઊંચે ઉડાડનાર તેજસ્વી હવા – વાવંટોળ.

सर्वात्सहश्च ॥ ५-१-१११ ॥

સર્વ શબ્દરૂપ કર્મથી પર રહેલ સહ્ ધાતુને, કર્તા અર્થમાં 'ખ' પ્રત્યય લાગે છે. ૯૯૦ **षहिं – सर्वं सहते = सर्वसहः** = બધુ સહન કરનારો. **सर्वंकषः** = ખલ, દુષ્ટ, બધાને દબાવનારો.

भृ-वृ-जि-तृ-तप-दमेश्च नाम्नि ॥ ५-१-११२ ॥

કર્મસૂચક શબ્દથી પર રહેલ ભૃ વગેરે ધાતુને, કર્તા અર્થમાં 'ખ' પ્રત્યય લાગે છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. ૧૧૪૦ **डुडुभृंग्क् – विश्वं बिभर्तीति = विश्वंभरा – भूः** = પૃથ્વી. ૧૨૯૪. **वृगट् – पतिं वृणोतीति = पतिंवरा – कन्या** = કન્યા. ૮. **जि –**

शत्रुं जयतीति=शत्रुञ्जयः-अद्रिः= શત્રુંજય પર્વત. **२७ तृ – रथं तरतीति = रथन्तरम् – सोम** = સોમવેદની શાખાનું નામ. **३३३ तप–शत्रुं तापयतीति = शत्रुन्तपः–राजा** = રાજા, **१२३१ दमूच् - बलिं दामयतीति = बलिन्दमः–कृष्णः**=કૃષ્ણ. **९९० बर्हिं–शत्रुं सहते इति = शत्रुंसहः – राजा** = રાજા.

धारेर्धर्च ॥ ५–१–११३ ॥

કર્મવાચક શબ્દથી પર રહેલ ધાર્ ધાતુને, સંજ્ઞાનો વિષય હોય તો કર્તા અર્થમાં '**अ**' પ્રત્યય લાગે છે અને ધારનો '**धर्**' આદેશ થાય છે. **६०२ धृङ् – वसुं धारयतीति = वसुन्धरा – भूः** = પૃથ્વી.

पुरन्दर-भगन्दरौ ॥ ५–१–११४ ॥

સંજ્ઞાના વિષયમાં ખ પ્રત્યયાન્ત એવા પુરન્દર અને ભગન્દર શબ્દો '**निपातन**' થાય છે. **१०१५ दृ – पुरं दारयतीति = पुरन्दरः–शक्रः** = ઇન્દ્ર. **भगन्दरः–व्याधिः** = ભગંદર નામનો રોગ.

वाचंयमो व्रते ॥ ५–१–११५ ॥

વાચરૂપ કર્મથી પર આવેલ યમ્ ધાતુને '**अ**' પ્રત્યય લાગે છે. અને જો વ્રતનો વિષય હોય તો વાચને સ્થાને '**वाचम**' આદેશ થાય છે. **३८६ यमूं – वाचं यच्छति नियमयतीति वा = वाचं यमः – व्रती** = મૌનવ્રતી - વાણીને સંયમમાં રાખનારો.

मन्याणिगन् ॥ ५–१–११६ ॥

કર્મથી પર રહેલ મન્ ધાતુને, અર્થમાં '**णिगन्**' પ્રત્યય લાગે છે. **१८०९ मनिण् – बन्धुं पण्डितं मन्यते इति = पण्डितमानी बन्धोः** = ભાઇને પંડિત માનનારો.

कर्तुः खश् ॥ ५–१–११७ ॥

કર્તા રૂપ કર્મથી પર રહેલ મન્ ધાતુને, ' **ખશ્** ' પ્રત્યય લાગે છે. **आत्मनं पण्डितं मन्यते इति = पण्डित + अम् + मन् + खश् + सि = पण्डितम्मन्यः** = પોતાને પંડિત માનનારો.

एजेः ॥ ५–१–११८ ॥

કર્મથી પર રહેલ પ્રેરણાર્થ સૂચક એજ્ ધાતુને, કર્તા અર્થમાં ' **ખશ્** ' પ્રત્યય લાગે છે. **१४८ पजृ – अरिमेजयतीति = अरि-मेजयः** = શત્રુને કંપાવનારો.

शुनी-स्तन-मुष्क-कूला-ऽऽस्य-पुष्यात् ट्वेः ॥ ५–१–११९ ॥

શુની શબ્દરૂપ કર્મથી પર રહેલ ટ્વે ધાતુને, કર્તા અર્થમાં ' **ખશ્** ' પ્રત્યય લાગે છે. **२८ ट्वेँ – शुनीं धयतीति = शुन्धियः** = કુતરીને ધાવનાર – કુરકુરિયું. **स्तनन्धयः** = ધાવતું બાળક. **मुष्कन्धयः**=હરણ વિશેષ. **कूलन्धयः**=કાંઠાનો નાશ કરનાર. **आस्यन्धयः** = મુખને પીનાર. **पुष्पन्धयः** = ભમરો.

नाडी-घटी-खरी-मुष्टि-नासिका-बाताद् धमश्च ॥ ५–१–१२० ॥

નાડી વગેરે શબ્દ રૂપ કર્મથી પર રહેલ ધ્મા અને ટ્વે ધાતુને કર્તા અર્થમાં ' **ખશ્** ' પ્રત્યય લાગે છે. **४ ध्मां – नाडीं धमतीति = नाडिन्धमः** = નાડીને ધમનાર. **नाडीं धयतीति = नाडिन्धयः** = નાડીને પીનાર. **घटिन्धमः** = ઘટી નામના વાદ્યિત્રને ધમનાર. **घटिन्धयः** = ઘટ જેવા સ્તનને ધાવનાર. **खरिन्धमः** = ગધેડાને ધમનાર.

खरिन्धयः = ગધેડાને ધાવનારો. **मुष्टिन्धमः** = મુઠીને ધમનારો. **मुष्टिन्धयः** = મુઠીને ચાટનારો. **नासिकान्धमः** = નાસિકાને ધમનારો. **नासिकान्धयः** = નાસિકાને ચાટનારો. **वातन्धमः** = વાયુને ધમનારો. **वातन्धयः** = વાયુને ચાટનારો.

पाणि-करात् ॥ ५-१-१२१ ॥

પાણિ અને કર શબ્દરૂપ કર્મથી પર રહેલ ધ્મા ધાતુને, કર્તા અર્થમાં '**खश्**' પ્રત્યય લાગે છે. **पाणिन्धमः** = હાથને ધમનારો. **करन्धमः** = હાથને ધમનારો.

कूलादुद्रुजोद्वहः ॥ ५-१-१२२ ॥

કૂલ શબ્દરૂપ કર્મથી પર રહેલ ઉદ્ ઉપસર્ગ સહિત રુજ્ ધાતુને તથા વહ્ ધાતુને, કર્તા અર્થમાં '**खश्**' પ્રત્યય લાગે છે. ૧૩૫૦ **रुजोत् - कूलमुद्रुजति** = **कूल - अम् - उद् - रुज् + खश् + सि** = **कूलमुद्रुजः** = કાંઠાને તોડી નાંખનારો. ૯૯૬ **वहीं - कूलमुद्वहः** = કાંઠાને ધારણ કરનારો.

वहाऽभ्रालिहः ॥ ५-१-१२३ ॥

વહ અને અભ્ર શબ્દરૂપ કર્મથી પર રહેલ લિહ્ ધાતુને, કર્તા અર્થમાં '**खश्**' પ્રત્યય લાગે છે. ૧૧૨૯ **लिहींक् - वहं लेढीति** = **वह + अम् + लिह् + खश् + सि** = **वहंलिहः**=વાયુને ચાટનારો. **अभ्रंलिहः** = આકાશને ચાટનારો – ઘણો ઉંચો.

बहु-विध्वरुस्तिलात् तुदः ॥ ५-१-१२४ ॥

બહુ વગેરે શબ્દરૂપ કર્મથી પર રહેલ તુદ્ ધાતુને, કર્તા અર્થમાં '**खश्**' પ્રત્યય લાગે છે. ૧૩૧૫ **तुदींत् - बहुं तुदतीति** =

बहुन्तुदः = ઘોંસરૂ **विधुन्तुदः** = રાહુ. **मरुन्तुदः** = ધ્રુને પીડા કરનારો. **तिलन्तुदः** = તેલને પીલનારો.

ललाट-वात-शर्धात् तपा-ऽज-हाकः ॥ ५–१–१२५ ॥

લલાટ, વાત અને શર્ધ શબ્દરૂપ ક્રમથી પર રહેલ અનુક્રમે તપ્, અજ્ અને હા ધાતુને, કર્તા અર્થમાં 'ખશ્' પ્રત્યય લાગે છે. ३३३ **तपं – ललाटं तपतीति = ललाटन्तपः** = સૂર્ય. १३९ **अज – वातमजतीति = वातमजः** = પવનવેગી હરણ ११३१ **ओहांक् – शर्धं जहातीति = शर्धजहः**=અપાનવાયુને છોડનાર વાલ.

असूर्योग्राद् दृशः ॥ ५–१–१२६ ॥

અસૂર્ય તથા ઉગ્ર શબ્દરૂપ ક્રમથી પર રહેલ દૃશ્ ધાતુને, કર્તા અર્થમાં 'ખશ્' પ્રત્યય લાગે છે. ४९५ **दृशं - सूर्यमपि न पश्यतीति = अ + सूर्य + अम + पश्य (दृश्) + खश् + सि = असूर्यम्पश्यः** = સૂર્યને નહિ જોનારો. **उग्रम्पश्यः** = ઉગ્ર જોનાર. આ સૂત્ર પછીના સૂત્રથી ક્રમથી પર રહેલ ધાતુ એવો અર્થ ન સમજવો.

इरम्मदः ॥ ५–१–१२७ ॥

ઈરા શબ્દથી મદ્ ધાતુને લાગેલ ખશ્ પ્રત્યયાન્ત ઈરમ્મદ શબ્દ **'निपातन'** થાય છે. १०४८ **मदै – इरया माद्यतीति = इरम्मदः** = દારૂડીયો.

नग्न–पलित–प्रिया–ऽन्ध–स्थूल–सुभगा–ऽऽढ्य–तदन्ताऽऽख्यर्थेऽच्वेर्भुवः खिष्णु-खुकञौ ॥ ५–१–१२८ ॥

ચ્વિ પ્રત્યય વગરના, છતાં ચ્વિ પ્રત્યયના અર્થને સૂચવનાર નગ્ન વગેરે શબ્દોથી પર, તથા નગ્ન વગેરે શબ્દો છે અંતમાં જેને એવા

શબ્દોથી પર રહેલ ભૂ ધાતુને, ' ખિષ્ણુ ' અને ' ખ્મુકઞ ' પ્રત્યયો લાગે છે. **न नग्नः = अनग्नः अनग्नो नग्नो भवतीति = नग्न + अम् + भू + इष्णु (खिष्णु) + सि = नग्नम्भविष्णुः** = પહેલા નાગો - લુચ્ચો ન હોય અને પછી લુચ્ચો થનારો. **नग्न + अम् + भू + उक (खुकञ्) + सि = नग्नम्भावुकः** = લુચ્ચો ન હોય અને લુચ્ચો થાય તે. **पलितम्भविष्णुः पलितम्भावुकः** = ધોળાવાળવાળો ન હોય અને ધોળાવાળવાળો થાય તે. **प्रियम्भविष्णुः, प्रियम्भावुकः** = પ્રિય ન હોય અને પ્રિય થાય તે. **अन्धम्भविष्णुः, अन्धम्भावुकः** = અંધ ન હોય અને અંધ થાય તે. **स्थूलम्भविष्णुः, स्थूलम्भावुकः** = જાડો ન હોય અને જાડો થાય તે. **सुभगम्भविष्णुः, सुभगम्भावुकः** = સુભગ ન હોય અને સુભગ થાય તે. **आढ्यम्भविष्णुः, आढ्यम्भावुकः** = સમૃદ્ધિવાળો ન હોય અને સમૃદ્ધિવાળો થાય તે. **तन्दन्तम्-सुनग्नम्भविष्णुः, सुनग्नम्भावुकः**=સુનગ્ન ન હોય અને સુનગ્ન થાયતે

कृगः खनट् करणे ॥ ५-१-१२९ ॥

ખ્વિ પ્રત્યય વગરના, છતાં ખ્વિ પ્રત્યયના અર્થને સૂચવનાર નગ્ન વગેરે શબ્દોથી પર તથા નગ્ન વગેરે શબ્દો છે અન્તે જેને એવા શબ્દોથી પર રહેલ કૃ ધાતુને, કરણ અર્થમાં ' ખનટ્ ' પ્રત્યય લાગે છે. **अनग्नो नग्नो क्रियते येन अनेनेति वा = नग्न + अम् + कृ + अन (खनट्) + सि = नग्नङ्करणम् द्यूतम्** = નગ્ન-બેહાલ ન હોય અને જેના વડે બેહાલ કરાય તે-જુગાર. **पलितङ्करणम्** = જે ધોળાવાળવાળો ન હોય અને જેના વડે ધોળાવાળવાળો કરાય તે-તેલ. **प्रियङ्करणम्** = જે પ્રિય ન હોય અને જેના વડે પ્રિય કરાય તે-શીલ **अन्धङ्करणम्** = જે અન્ધ ન હોય અને જેના વડે અન્ધ કરાય તે-શોક. **स्थूलङ्करणम्** = જે જાડો ન હોય અને જેના વડે જાડો કરાય તે-દહીં, આળસ. **सुभगङ्करणम्** = જે સુભગ ન હોય અને જેના વડે

सुभग કરાય તે – રૂપ. **आढ्यङ्करणम्** = જે આઢ્ય ન હોય અને જેના વડે આઢ્ય કરાય તે – ધન. **सुनग्नङ्करणम्** = જે બેહાલ ન હોય અને જેના વડે બેહાલ કરાય તે – જુગાર.

भावे चा - ऽऽशितादू भुवः खः ॥ ५–१–१३० ॥

આશિત શબ્દથી પર રહેલ भू ધાતુને, ભાવ અને કરણ અર્થમાં '**ખ**' પ્રત્યય લાગે છે. ૬૯૫૮ **अशश्–आशितेन भूयते इति = आशितम्भवः ते**=તને તૃપ્તિ થયેલી છે. **आशितं भूयते येन इति = आशितम्भवः ओदनः** = જેના વડે તૃપ્ત થવાય તે - ઓદન.

नाम्नो गमः खड्–डौ च विहायसस्तु विहः ॥ ५–१–१३१ ॥

નામથી પર રહેલ गम् ધાતુને, '**खड्**, **ड**' અને '**ख**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં विहायस् શબ્દનો '**विह**' આદેશ થાય છે. ૮૮૮ **गम्लृं - तुरः गच्छतीति = तुर् + अम् + गम् + खड् + सि = तुरङ्गः** = ઘોડો. **तुर + गम्+ड + सि = तुरगः** = ઘોડો, **तुर + अम् + गम् + ख + सि = तुरङ्गमः** = ઘોડો. **विहायसा गच्छतीति = विहङ्गः, विहमः, विहङ्गमः** = પક્ષી. **सुतं सुतेन वा गच्छतीति = सुतङ्गमः-मुनिः** = પુત્ર પાસે જનારો, પુત્રી સાથે જનારો. મુનિ. "**यमि०** [४–२–५५]" એ સૂત્રથી म નો લોપ થયો છે.

सुग–दुर्गमाधारे ॥ ५–१–१३२ ॥

सु અથવા दुर् ઉપસર્ગથી પર રહેલ गम् ધાતુને, આધાર અર્થમાં '**ड**' પ્રત્યય લાગે છે. **सुष्ठु गम्यते यस्मिन् = सुगः पन्थाः** = સારો રસ્તો. **दुर्गः पन्थाः** = ખરાબ રસ્તો.

निर्गो देशे ॥ ५–१–१३३ ॥

નિર્ ઉપસર્ગથી પર રહેલ ગમ્ ધાતુને, દેશ રૂપ આધાર અર્થમાં 'ડ' પ્રત્યય લાગે છે. **निर्गम्यते यस्मिन् सः = निर्गः देशः** = જે દેશમાં થઈને નિકળાય તે દેશ.

शमो नाम्न्यः ॥ ५–१ १३४ ॥

શમ્ શબ્દથી પર રહેલ ધાતુને, નામનો વિષય હોય તો 'અ' પ્રત્યય લાગે છે. ૧. **भू – शं भवतीति = शम् + भू + अ + सि = शम्भवः** = સંભવનાથ.

पार्श्वादिभ्यः शीङः ॥ ५–१ १३५ ॥

પાર્શ્વ વગેરે શબ્દોથી પર રહેલ શી ધાતુને, 'અ' પ્રત્યય લાગે છે. ૧૧૦૫ **शीङ्क् – पार्श्वं शेते इति = पार्श्वशयः** = પડખે સુનારો.

ऊर्ध्वादिभ्यः कर्तुः ॥ ५–१–१३६ ॥

કર્તાવાચક ઊર્ધ્વ વગેરે શબ્દોથી પર રહેલ શી ધાતુને, 'અ' પ્રત્યય લાગે છે. **ऊर्ध्वं शेते इति = ऊर्ध्वशयः** = ઉભો ઉભો સુનારો **उत्तानशयः** = ચટોપાટ સુનારો.

आधारात् ॥ ५–१–१३७ ॥

આધાર વાચક નામથી પર રહેલ શી ધાતુને, 'અ' પ્રત્યય લાગે છે. **खे शेते इति = खशयः** = આકાશમાં સુનારો.

चरेष्टः ॥ ५–१–१३८ ॥

આધારવાચક નામથી પર રહેલ ચર્ ધાતુને, 'ટ' પ્રત્યય લાગે છે. ૪૧૦ **चर–कुरुषु चरतीति = कुरु + चर + ट + ङी + सि = कुरुचरी** + કુરુદેશમાં ફરનારી. **कुरुचरः** = કુરુદેશમાં ફરનારો.

भिक्षा–सेना–ऽऽदायात् ॥ ५–१–१३९ ॥

ભિક્ષા, સેના અને આદાય શબ્દથી પર રહેલ ચર્ ધાતુને, 'ટ' પ્રત્યય લાગે છે **भिक्षां चरतीति = भिक्षाचरः** = સન્યાસી, મુનિ, ભિક્ષુ. **भिक्षाचरी** = ભિક્ષુણી, આર્યા, તાપસી. **सेनाचरः** = સેનામાં રહેનારો–ગુપ્તચર. **आदायचरः** = ગ્રહણ કરીને ચાલનારો.

पुरो-ऽग्रतो-ऽग्रे सरः ॥ ५–१–१४० ॥

પુરસ્, અગ્રતસ્ અને અગ્રેથી પર રહેલ સૃ ધાતુને, 'ટ' પ્રત્યય લાગે છે. ૨૫ **सृं – पुरः सरतीति = पुरःसरः, पुरःसरी** = આગેવાન પુરૂષ, અથવા સ્ત્રી. **अगतःसरः** = આગેવાન, **अगेसरः** = આગેવાન.

पूर्वात् कर्तुः ॥ ५–१–१४१ ॥

કર્તા વાચક પૂર્વ શબ્દથી પર રહેલ સૃ ધાતુને, 'ટ' પ્રત્યય લાગે છે. **पूर्वः सरति इति = पूर्वसरः** = પહેલો જનાર.

स्था-पा-स्ना-त्रः कः ॥ ५–१–१४२ ॥

નામથી પર રહેલ સ્થા, પા, સ્ના, અને ત્રા ધાતુને 'ક' પ્રત્યય લાગે છે. ૫ **ष्ठां – समे तिष्ठतीति = सम + स्था + क + सि = समस्थः** = સમતાવાળો, ૨ **पां – कच्छेन पिबतीति = कच्छपः** = કાચબો ૧૦૬૪ **ष्णांक् – नद्यां स्नातीति = नदीष्णः** = નદીમાં કુશળ તરનારો. ૬૫૦ **त्रैङ्–घर्मात् त्रायते इति=घर्मत्रम** = તાપથી બચાવનાર – છત્ર, છત્રી.

शोकापनुद तुन्दपरिमृज-स्तम्बेरम-कर्णेजपं प्रिया-ऽलस-हस्ति-सूचके ॥ ५-१-१४३ ॥

પ્રિય, અલસ, હસ્તિ અને સૂચક અર્થમાં અનુક્રમે ક પ્રત્યયાન્ત એવા શોકાપનુદ, તુન્દપરિમૃજ, સ્તમ્બેરમ અને કર્ણેજપ શબ્દો 'निपातन' થાય છે. **૧૩૭૦. णुदंत् शोकम् अपनुदतीति = शोकापनुदः - प्रियः** = શોકને દૂર કરનાર પ્રિયજન **૧૦૯૭ मृजौक् - तुन्दं परिमार्ष्टीति = तुन्दपरिमृजः - अलसः** = પેટ ઉપર હાથ ફેરવ્યા કરનારો - આળસુ. **૯૮૯ रमि - स्तम्बे रमते इति = स्तम्बेरमः - हस्ती** = ઘાસના ગુચ્છામાં રમ્યા કરનારો - હાથી **૩૩૮ जप - कर्णे जपतीति = कर्णेजपः - अतिखलः** = કાનમાં કહ્યા કરનારો-ચાડિયો.

मूलविभुजादयः ॥ ५-१-१४४ ॥

મૂલવિભુજ વગેરે શબ્દો ક પ્રત્યયાન્ત એવા 'निपातन' થાય છે. **૧૩૫૧ भुजोंत - मूलानि विभुजतीति - मूलविभुजः रथः** = ઉગેલા મૂળિયાને વાંકા કરનારો - રથ. **૭૨૬ मुदि - कौ मोदते इति = कुमुदम् - कैरवम्** = કુમુદ પુષ્પ

दुहेडुघः ॥ ५-१-१४५ ॥

નામથી પર આવેલ દુહ્ ધાતુને, 'ડુધ' પ્રત્યય લાગે છે. **૧૧૨૭ दुहींक् - कामं दुह्यते इति = काम + दुह् + डुघ + आ + ङि = कामदुघा** = કામધેનુ.

भजो विण् ॥ ५-१-१४६ ॥

નામથી પર રહેલ ભજ્ ધાતુને 'વિણ્' પ્રત્યય લાગે છે ૮૧૫

भजीं - अर्धं भजते इति = अर्ध + भज् + विण् + सि = अर्धभाक् = અડધું લેનારો. " **अप्रयोगीत् [१-१-३७]** " આ સૂત્રથી विण् પ્રત્યય સંપૂર્ણ ઈત્સંજ્ઞક થયેલ છે.

मन्-अनू-क्विनिप्-विच् क्वचित् ॥ ५-१-१४७ ॥

નામથી પર રહેલ ધાતુને, 'मन्, वन्, क्वनिप् અને विच्' પ્રત્યયો ક્વચિત્ લાગે છે. १५३१ **शृश् - इद्रं शृणातीति = इन्द्र + शृ + मन् + सि = इन्द्रशर्मन् = इन्द्रशर्मा** નામ છે. = १२६५ **जनैत्रि - विशेषेण जायते इति = वि + जन् + वन् + सि = विजावन् = विजावा** = વિશેષ પ્રકારે ઉત્પન્ન થનાર. २८ **दुधं - सुधय ीति = सु + धा + क्वनिप् + सि = सुधीवन् = सुधीवा** = દુધ પીનાર. १०६२ **यांक् - शुभं यातीति = शुभं + या + विच् +सि=शुभंया** = શુભ તરફ જનાર. " **अप्रयोगीत् [१-१-३७]** " એ સૂત્રથી **विच्** પ્રત્યય સંપૂર્ણ ઈત્સંજ્ઞક થાય છે.

क्विप् ॥ ५-१-१४८ ॥

નામથી પર રહેલ ધાતુને, પ્રયોગ પ્રમાણે 'क्विप्' પ્રત્યય લાગે છે. ९५३ **स्रंसूङ् - उखया स्रंसते इति = उखा + स्रंस् + सि = उखास्रत्** = થાળી વડે ઝરનાર " **धुटः० [२-१-७६]** " એ સૂત્રથી त વર્ગનો તૃતીય અક્ષર [द] થઈ " **चः जः० [२-१-८६]** " એ સૂત્રથી त् અને द થાય છે.

स्पृशोऽनुदकात् ॥ ५-१-१४९ ॥

ઉદક શબ્દ વર્જિત નામથી પર રહેલ स्पृश् ધાતુને, 'क्विप्' પ્રત્યય લાગે છે १४१२ **स्पृशत् - घृतं स्पृशतीति = घृतस्पृक्** = ઘીનો સ્પર્શ કરનારો.

अदोऽनात् ॥ ५–१–१५० ॥

અન્ન શબ્દ વર્જિત નામથી પર રહેલ અદ્ ધાતુને, 'क्विप्' પ્રત્યય લાગે છે. ११५९. **अदंक् – आममत्तीति = आम + अद् + क्विप् + सि = आमात्** = કાચું ખાનારો.

क्रव्यात्–क्रव्यादावाम–पक्वादौ ॥ ५–१–१५१ ॥

ક્વિપ્ પ્રત્યયાન્ત એવા क्रव्यात् અને क्रव्याद એવા શબ્દો અનુક્રમે કાચું માંસ ખાનાર અને પાકું માંસ ખાનાર અર્થમાં '**निपातन**' થાય છે **क्रव्यमत्तीति = क्रव्य + अद् + क्विप् + सि=क्रव्यात्** = કાચું માંસ ખાનારો. **क्रव्य + अद् + ण + सि = क्रव्यादः**=રાંધેલું માંસ ખાનારો.

त्यदाद्यन्य–समानादृषमानाद् व्याप्ये दृशः टक्–सकौ च ॥ ५–१–१५२ ॥

ઉપમાન બોધક કર્મવાચક ત્યદાદિ શબ્દો તથા અન્ય અને સમાન શબ્દથી પર રહેલ दृश् ધાતુને કર્મ અર્થમાં '**टक्, सक्**' અને '**क्विप्**' પ્રત્યય લાગે છે. ४९५. **दृशं - स्यः इव दृश्यत इति = त्यद् + दृश्+टक्+सि = त्यादृशः** = તેના જેવો. **त्यद् + दृश् + सक् + सि = त्यादक्ष + ष + सि = त्यादृक्षः** = તેના જેવો. **त्यद् + दृश् + क्विप् + सि = त्यादृक्** = તેના જેવો **अन्यादृशः, अन्यादृक्षः, अन्यादृक्** = એના જેવો **समानः इव दृश्यते इति = सदृशः, सदृक्षः, सदृक्** = સમાન દેખાય એવો–સરખો.

कर्तुर्णिन् ॥ ५–१–१५३ ॥

ઉપમાનસૂચક કર્તારૂપ નામથી પર રહેલ ધાતુને, '**णिन्**' પ્રત્યય

लागे छे ९८६ कुशं = उष्ट्र इव क्रोशतीति = उष्ट्र + क्रुश् + णिन् + सि = उष्ट्रक्रोशी = ઊંટ જેવો ગાંગરનાર.

अजातेः शीले ॥ ५–१–१५४ ॥

જાતિવાચકથી ભિન્ન નામથી પર રહેલ ધાતુને, જો શીલ સ્વભાવ એવો અર્થ જણાતો હોય તો 'णिन्' પ્રત્યય લાગે છે. १४८७ भुजंप् – उष्णं भुङ्क्ते इति = उष्ण + भुज् + णिन् + सि = उष्णभोजी = ગરમાગરમ ખાવાવાળો. ५ ष्ठां = प्रकर्षेण तिष्ठतीति = प्रस्थायी = પ્રસ્થાન કરવાના સ્વભાવવાળો.

साधौ ॥ ५–१–१५५ ॥

નામથી પર આવેલ સાધુ અર્થમાં વર્તમાન ધાતુને 'णिन्' પ્રત્યય લાગે છે. ८८८ डुकृंग् = साधु करातीति = साधुकारी = સારૂ કરનારો.

ब्रह्मणो वदः ॥ ५–१–१५६ ॥

બ્રહ્મન્ શબ્દથી પર રહેલ વદ્ ધાતુને, 'णिन्' પ્રત્યય લાગે છે. ९९८ वद् – ब्रह्म वदतीति = ब्रह्म + वद + णिन् + सि = ब्रह्मवादी = વેદાન્તી.

व्रताऽऽभीक्ष्ण्ये ॥ ५–१–१५७ ॥

નામથી પર રહેલ ધાતુને, વ્રત – નિયમ તથા આભીક્ષ્ણ્ય – વારંવાર એવો અર્થ જણાતો હોય તો. 'णिन्' પ્રત્યય લાગે છે. ९५५ वृतूङ् – स्थण्डिले वर्तते इति=स्थण्डिल + वृत् + णिन् + सि = स्तण्डिलवर्ती = શુદ્ધ જગ્યામાં રહેવાનો નિયમવાળો. २ पां

- **पुनः पुनः क्षीरं पिबंतीति = क्षीरपायिणः उशीनराः** = ઉશીનરી નગરીમાં રહેનારા વારંવાર દુધ પીનારા છે.

करणाद् यजो भूते ॥ ५–१–१५८ ॥

કરણવાચક નામથી પર રહેલ यज् ધાતુને, ભૂતકાલિન અર્થમાં 'णिन्' પ્રત્યય લાગે છે. ૯૯૧ **यज्ञी - अग्निष्टोमेन इष्टवान्** = **अग्निष्टोम + यज् + इन् + सि = अग्निष्टोमयाजी** = અગ્નિષ્ટોમ સ્તોત્ર નામના વડે યજ્ઞ કરેલો.

निन्द्ये व्याप्यादिन् विक्रियः ॥ ५–१–१५९ ॥

કર્મવાચક નામથી પર રહેલ वि ઉપસર્ગ સહિત क्री ધાતુને, ભૂતકાલના વિષયમાં 'णिन्' પ્રત્યય લાગે છે જો નિંદાપાત્ર કર્તા હોય તો. ૧૫૦૮ **क्रीणश् - सोमं विक्रीतवान्** = **सोम + वि + क्री + इन् + सि = सोमविक्रयी** = સોમને વેચેલો છે તે. સોમને વેચનાર નિંદા પાત્ર ગણાય છે.

हनो णिन् ॥ ५–१–१६० ॥

કર્મવાચક નામથી પર રહેલ हन् ધાતુને, ભૂતકાલના વિષયમાં 'णिन्' પ્રત્યય લાગે છે. જો નિંદાપાત્ર કર્તા હોય તો. ૧૧૦૦ **हनंक् - पितरं हतवान्** = **पितृघातो**=પિતાનો ઘાતક "**क्ङिति०** [४–३–१००]" એ સૂત્રથી हन् ધાતુનો, घात् આદેશ થાય છે

ब्रह्म–भ्रूण–वित्रात् क्विप् ॥ ५–१–१६१ ॥

બ્રહ્મ, ભ્રૂણ અને વૃત્ર શબ્દ રૂપ કર્મથી પર રહેલ हन् ધાતુને, ભૂતકાલના વિષયમાં 'क्विप्' પ્રત્યય લાગે છે. **ब्रह्मा हतवान् इति** = **ब्रह्म + हन् + क्विप् + सि = ब्रह्महा** = બ્રહ્મની હત્યા કરનારો.

ભ્રૂણહા = ગર્ભની હત્યા કરનારો. ગર્ભની જેણે હત્યા કરેલ છે તે. **વૃત્રહા** = વૃત્રને જેને હણેલ છે તે ઇન્દ્ર.

કૃગઃ સુ પુણ્ય–પાપ–કર્મ–મન્ત્ર–પદાત્ ॥ ૫–૧–૧૬૨ ॥

સુ શબ્દ તથા પુણ્ય વગેરે શબ્દરૂપ કર્મથી પર રહેલ કૃ ધાતુને ભૂતકાલના વિષયમાં '**ક્વિપ્**' પ્રત્યય લાગે છે. **સુષ્ઠુ કૃતવાન્** = **સુકૃત્** = જેણે સારૂ કામ કરેલ છે. **પુણ્યકૃત્** = જેણે પુણ્ય કાર્ય કરેલ છે. **પાપકૃત્** = જેણે પાપ કાર્ય કરેલ છે. **કર્મકૃત્** = જેણે કાર્ય કરેલ છે. **મન્ત્રકૃત્** = જેણે મન્ત્રપાઠ કરેલ છે. **પદકૃત્** = જેણે પદનો વિભાગ કરેલ છે.

સોમાત્સુગઃ ॥ ૫–૧–૧૬૩ ॥

સોમ શબ્દરૂપ કર્મથી પર રહેલ સુ ધાતુને, ભૂતકાલના '**ક્વિપ્**' પ્રત્યય લાગે છે. ૧૨૮૬ **ષુંગટ્** – **સોમં સુતવાન્** = **સોમસુત્** = જેને અગ્નિમાં સોમરસ સિંચેલો છે તે.

અગ્નેશ્ચેઃ ॥ ૫–૧–૧૬૪ ॥

અગ્નિ શબ્દરૂપ કર્મથી પર રહેલ ચિ ધાતુને, ભૂતકાલના વિષયમાં '**ક્વિપ્**' પ્રત્યય લાગે છે. ૧૨૯૦ **ચિંગટ્** **અગ્નિં ચિતવાન્** = **અગ્નિચિત્** = જેણે અગ્નિનો સંગ્રહ કરેલ છે તે.

કર્મણ્યાન્યર્થે ॥ ૫–૧–૧૬૫ ॥

કર્મથી પર રહેલ ચિ ધાતુને, ભૂતકાલના વિષયમાં '**ક્વિપ્**' પ્રત્યય લાગે છે. જો અગ્નિરૂપ કર્મ સાથે સંબંધ હોય તો. **શ્યેન ઇવ અગ્નિઃ ચિતવાન્** = **શ્યેનચિત્** = ઈંટના ઢગલાને શ્યેન પક્ષી જેવો આકાર આપેલ છે. ઈંટનો નિભાડો.

दृशः क्वनिप् ॥ ५–१–१६६ ॥

ક્રમથી પર રહેલ દૃશ્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' क्वनिप् ' પ્રત્યય લાગે છે. ૪૯૫ **दृशं – बहु दृष्टवान् = बहु + दृश् + क्वनिप् + सि = बहुदृश्वान् = बहुदृश्वा**=જોયું ઘણું જોયેલ છે તે.

सह–राजभ्यां कृग्–युधेः ॥ ५–१–१६७ ॥

સહ અને રાજ શબ્દરૂપ ક્રમથી પર રહેલ કૃ અને યુધ્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' क्वनिप् ' પ્રત્યય લાગે છે. **सह कृतवान् = सह + कृ + क्वनिप् + सि = सहकृत्वन् = सहकृत्वा** = સાથે કરનારો. **सह योधितवान् = सहयुध्वा** = સાથે લડાઈ કરાવનારો. ૧૨૬૦ **युधिच् = सह योधितवान् = सहयुध्वा** = સાથે લડનારો. **राजनं कृतवान् = राजकृत्वा** = રાજાને કરનારો. **राजानं योधितवान् = राजयुध्वा** = રાજાને લડાવનારો.

अनोर्जनेर्डः ॥ ५–१–१६८ ॥

ક્રમથી પર રહેલ અનુ ઉપસર્ગ સહિત જન્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' ડ ' પ્રત્યય લાગે છે. ૧૨૬૫ **जनैचि – पुमांसम् अनुजातवान् = पुम् + अनु + जन् + ड + सि=पुमनुजः**=પુરૂષ પછી જન્મેલો.

सप्तम्याः ॥ ५–१–१६९ ॥

સાતમી વિભક્ત્યન્ત નામથી પર રહેલ જન્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' ડ ' પ્રત્યય લાગે છે. **मन्दुरे जातवान् = मन्दुरजः** = તબેલામાં જન્મેલો – ઘોડો.

अजातेः पञ्चम्याः ॥ ५–१–१७० ॥

જાતિવાચક નામથી ભિન્ન એવા પંચમી વિભક્ત્યન્ત નામથી પર રહેલ જન્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' ડ ' પ્રત્યય લાગે છે. **बुद्धेः जातवान् = बुद्धिजः** = બુદ્ધિથી ઉત્પન્ન થયેલો – સંસ્કાર.

क्वचित् ॥ ૫–૧–૧૭૧ ॥

ગમે તે નામથી પર રહેલ ગમે તે ધાતુને, ' ડ ' પ્રત્યય લાગે છે. **किं जातेन वा केन जातः = किञ्जः** = જન્મ્યાથી શું, કોના વડે જન્મ્યો. જેનો પિતા કોણ છે તે જાણવામાં ન હોય તે. **न जायते = अजः** = ન જન્મેલો અથવા જેનાથી કોઈ ન જન્મે તે – જુના જવ, બોખા. **स्त्रियाः जातः = स्त्रीजः** = સ્ત્રીથી જન્મેલો ખોટો વિવાદ. ૧૫૨૪ **ज्यांश् – ब्रह्मणि जीनवान् = ब्रह्म + ज्या + ड + सि = ब्रह्मज्यः** = બ્રહ્મમાં લીન થયેલો. ૧૧૦૦ **हनंक् – वरम् आहतवान् = वर + आ + हन् + ड + सि = वराहः** = સારી વસ્તુને ભગાડનારો – ભુંડ. ૯૧૩ **खनूग् – आ खातवान् = आ + खन् + ड + सि = आखः** = ખોદનારો.

सु–यजोङ्वनिप् ॥ ૫–૧–૧૭૨ ॥

સુ ધાતુ અને યજ્ ધાતુને, ભૂતકાલના અર્થમાં ' ङ्वनिप् ' પ્રત્યય લાગે છે. ૧૨૮૬ **षुंगट् – सुतवान् = सु + ङ्वनिप् + सि = सुत्वन् = सुत्वा, सुत्वानौ** = યજ્ઞમાં સોમરસને સિંચનારો. અથવા બે જણ સિંચનારા ૯૯૧ **यजीं–इष्टवान् यज् + ङ्वनिप् + सि = यज्वन् = यज्वा** = યજ્ઞ કરનારો.

जृषोऽतृः ॥ ૫–૧–૧૭૩ ॥

જૃષ્ ધાતુને, ભૂતકાલના વિષયમાં ' अतृ ' પ્રત્યય લાગે છે. ૧૫૨૬ **जृश् – जीर्णा इति = जृ + अतृ + सि = जर् + अत् + स् = जरत् + ङी + सि = जरती** = ઘરડી. **जरन्** = ઘરડો.

क्त–क्तवतु ॥ ५–१–१७४ ॥

ગમે તે ધાતુને, ભૂતકાલના વિષયમાં 'क्त' અને 'क्तवतु' પ્રત્યય લાગે છે. ८८८ डुकृंग् – क्रियते स्म इति = कृ + क्त + सि = कृतः = કરેલો. कृ + क्तवतु + सि = कृतवान् = કરેલો.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणिते
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
पञ्चमोऽध्यायस्य प्रथमपादः ॥

[अथ द्वितीयपादः]

श्रु–सद–वस्भ्यः परोक्षा वा ॥ ५–२–१ ॥

ભૂતકાલના – ચરતન ભૂતકાલ, અદ્યતન ભૂતકાલ અને પરોક્ષા ભૂતકાલના અર્થમાં શ્રુ, સદ્ અને વસ્ ધાતુને, 'પરોક્ષા વિભક્તિના' પ્રત્યયો વિકલ્પે લાગે છે. **१२९६ श्रुंट् – उप + श्रु + णव् = उप·शुश्राव** = ઘણા સમય પહેલાં સાંભળ્યું. **९६६ षद्लृं – उप + सद् + णव् = उपससाद** = ઘણા સમય પહેલાં પાસે આવેલો. **९९९ वसं – अनु + वस् + णव् = अनूवास** = ઘણા વખત પહેલા નજીક રહેલો. **पक्षे – उप + अ + श्रु + सिच् + ई + त् = उपाश्रौषीत्** = તેણે આજે સાંભળ્યું. **उप + अ + श्रु + श्नु + त्=उपाश्रुणोत्** = તેણે ગઈ કાલે સાંભળ્યું. **उपासदत्** = તે આજે નજીક આવ્યો. **उपासीदत्** = તે ગઈ કાલે નજીક આવ્યો. **अन्ववासीत्** = તે આજે પાસે રહ્યો. **अन्ववसत्** = તે ગઇ કાલે નજીક રહ્યો. અહિં ઉપસર્ગ સહિત ઉદાહરણો આપેલ છે, પરંતુ ઉપસર્ગ સિવાય પણ આ વિધાન સમજવું. જેમકે – **शुश्रुवे, अश्रौषीत्, अश्रुणोत्** = ઉપરની જેમ ચોવિશ કલાક પહેલા થઇ ગયેલ ક્રિયાને જણાવવા ' ચરતન ભૂતકાલ ' વપરાય છે. ચોવિશ કલાકમાં થઈ ગયેલ ક્રિયાને ' અદ્યતન ભૂતકાલ ' વપરાય છે. બોલનાર વ્યક્તિ ક્રિયાને જોઈ શકતો ન હોય, એવી ભૂતકાલની ક્રિયાને જણાવવા ' પરોક્ષ ભૂતકાલ ' વપરાય છે.

तत्र कवसु–कानौ तद्वत् ॥ ५–२–२ ॥

પરોક્ષ ભૂતકાલના જ વિષયમાં ધાતુને ' કવસુ ' અને ' કાન '

પ્રત્યયો લાગે છે. અને તે પ્રત્યયો **'પરોક્ષા વિભક્તિ જેવા'** થાય છે. અર્થાત્ પરોક્ષા વિભક્તિના પ્રત્યયોને માનીને જે કાર્ય થાય તે કાર્ય ધાતુને આ ક્વસુ અને કાન પ્રત્યયો લાગ્યા બાદ થાય છે. **શ્રુ + ક્વસુ + સિ =શુશ્રુ + વન્સ્ + સિ=શુશ્રુવાન્** = જેને સાંભળ્યું છે એવો. **સદ્ + ક્વસુ + સિ = સેદ્ + ઇ + વન્સ્ + સિ = સેદિવાન્** = જે રહ્યો છે એવો. **વસ્ + ક્વસુ + સિ = વવસ્ + ક્વસુ + સિ = ઊષ્ + ઇ + વન્સ્ + સિ = ઊષિવાન્** = જે રહ્યો છે એવો. ૮૯૨ **ડુપચીંષ્ – પચ્ + ક્વસુ + સિ = પેચ્ + ઇ + વન્સ્ + સિ = પેચિવાન્** = જેણે પકાવ્યું છે એવો. **પચ્ + કાન + સિ=પેચાનઃ** = જેણે પકાવ્યું છે એવો. ક્વસુ પ્રત્યય પરસ્મૈપદ થતો હોવાથી કર્તા અર્થમાં ધાતુને લાગે છે. અને કાન પ્રત્યય આત્મનેપદ હોવાથી ભાવ અને કર્મ અર્થમાં લાગે છે.

વેયિવદનાશ્વદનૂચાનમ્ ॥ ૫–૨–૩ ॥

ભૂતકાલના અર્થમાં ક્વસુ અને કાન પ્રત્યયાન્ત એવા વયિવદ્, અનાશ્વદ્ અને અનૂચાન શબ્દો કર્તા અર્થમાં વિકલ્પે **'નિપાતન'** થાય છે. ૧૦૭૫ **ઇંણ્ક્ – સમ્ + ઈ + ઇ + ક્વસુ + સિ = સમીયિવાન્** = સારી રીતે ગયેલો. ૧૫૫૮ **અશશ્ – ન + અશ્ + ક્વસુ + સિ = અનાશ્વાન્** = ન જન્મેલો. ૧૦૯૬ **વચંક્–અનુ + વચ્ + કાન + સિ = અનૂચાનઃ** = પાછળ બોલેલો. **પક્ષે–અગાત્, ઉપૈત ઉપેયાય** = ગયેલો. **નાશીત્, નાશ્નાત્, નાશ** = નહિ જન્મેલો. **અન્વવોચત્, અન્વવક્, અન્વબ્રવીત, અનુવાચ**=પાછળ બોલેલો.

અદ્યતની ॥ ૫–૨–૪ ॥

ત્રણે ભૂતકાલના વિષયમાં ધાતુને **'અદ્યતની વિભક્તિ'** ના પ્રત્યયો લાગે છે. ૮૮૮ **ડુકૃંગ્ – અ + ક્ર +ત્=અકર્+સિચ્+ઈ+**

त् = **अकार्षीत्** = તેણે કર્યું. અર્થાત્ તેણે કાલે કર્યું, તેણે આજે કર્યું, ઘણા સમય પહેલા નથી જાણતો તે કર્યું.

विशषाऽविवक्षा–व्यामिश्रे ॥ ५–२–५ ॥

વિશેષાવિવક્ષા – હ્યસ્તન, અદ્યતન અને પરોક્ષા એ ત્રણ કાળમાંથી કોઈપણ કાલની વિવક્ષા ન કરેલ હોય, પરંતુ સામાન્ય ભૂતકાલ જ જણાવવો હોય ત્યારે, તથા વ્યામિશ્ર – બે કાલ ભેગા જણાવવા હોય ત્યારે ધાતુ માત્રને '**अद्यतनी विभक्ति**' ના પ્રત્યયો લાગે છે. સામાન્ય ભૂતકાલ – **३९६ गम्ऌ** – **रामो वनमगमत्** = રામ વનમાં ગયા. વ્યામિશ્રકાલ – **१४८७ भुजंपू - अद्य ह्यो वाऽभुक्ष्महि** = આજે અથવા ગઈ કાલે અમે ખાધું.

रात्रौ वसोऽन्त्ययामाऽस्वप्नर्यद्य ॥ ५–२–६ ॥

હ્યસ્તન ભૂતકાલની રાતમાં વસવાની ક્રિયા જણાવવા માટે વસ્ ધાતુને '**अद्यतनी विभक्ति**' ના પ્રત્યયો લાગે છે. પરંતુ આ સૂત્રમાં વિશેષતા એ સમજવાની કે વસનારો કર્તા છેલ્લા પહોર સુધીમાં એક મુહૂર્ત પણ સૂતેલો હોવો ન જોઇએ. તથા આ હ્યસ્તન ભૂતકાલયુક્ત વસવા અર્થનો પ્રયોગ બીજે દિવસે ન જ થવો જોઇએ, અર્થાત્ જે દિવસે ક્રિયા થઈ હોય તે જ દિવસે વસવા નો પ્રયોગ થવો જોઇએ. જેમકે – નિયમ પ્રમાણે ઉઠવાની વખતે ઉઠેલી વ્યક્તિને બીજી કોઇ વ્યક્તિએ પૂછ્યું કે કયાં રહયા હતા. તેના જવાબમાં જાગેલી વ્યક્તિ કહે છે કે – **९९९ वसं – अमुत्र + अ + वस् + सिच् + अम् = अमुत्रावात्सम्** = હું અહિંયા જ વસતો હતો. "**सस्तः सि [४–३–९२]**" આ સૂત્રથી સકારનો त् થયો છે.

अनद्यतने ह्यस्तनी ॥ ५–२–७ ॥

અનદ્યતન ભૂતકાલ – આગલી રાતના બાર વાગ્યા પછીની રાત અને આજના દિવસના બાર વાગ્યા સુધીની અધી રાત આટલા કાળનું નામ અદ્યતન કાળ છે. આવો અદ્યતનકાલ ન હોય તે કાલ અનદ્યતનકાલ – હ્યસ્તન ભૂતકાલ કહેવાય છે. આવા અનદ્યતન ભૂતકાલના અર્થમાં વર્તમાન ધાતુને ' **હ્યસ્તની વિભક્તિ** ' ના પ્રત્યયો લાગે છે. **અ + કૃ + ઉ + ત્ = અકરોત્** = તેણે કર્યું. અર્થાત્ ગઈ રાત્રિના બાર વાગ્યા પહેલા જે કાર્ય કરવામાં આવ્યું હોય તે. '' **કૃવૃ०** [૩-૪-૮૩] '' એ સૂત્રથી ઉ વિકરણ પ્રત્યય થયો છે.

ख्याते दृश्ये ॥ ૫–૨–૮ ॥

ખ્યાત – ક્રિયા પ્રત્યક્ષ ન હોય પણ તે ક્રિયા પ્રસિદ્ધ હોય અને દૃશ્ય – પ્રયોગ કરનારથી જોઈ શકાય એવી હોય તો પરોક્ષ ક્રિયા જણાવવા ધાતુને ' **હ્યસ્તની વિભક્તિ** ' ના પ્રત્યયો લાગે છે. **૧૪૭૩ રુધૃંપી – અ + રુધ્ + ત્ = અ + રુ + ન્ધ + ત્ = અરુણત્ સિદ્ધરાજોઽવન્તીમ્** = સિદ્ધરાજે અવન્તી નગરીને ઘેરો ઘાલ્યો.

अर्यदि स्मृत्यर्थे भविष्यन्ती ॥ ૫–૨–૯ ॥

સ્મૃત્યર્થક ધાતુરૂપ ઉપપદ રહેતે છતે, અનદ્યતન ભૂતકાલમાં વર્તમાન ધાતુને, ' **ભવિષ્યન્તી વિભક્તિ** ' ના પ્રત્યયો લાગે છે. જો યદિ શબ્દનો પ્રયોગ ન હોય તો. **૧૮ स्मृं = स्मरसि साधो ! स्वर्गे स्थास्यामः**=હે સાધુ ! તમને યાદ છે સ્વર્ગમાં આપણે રહેતા હતા.

वाऽऽकाङ्क्षायाम् ॥ ૫–૨–૧૦ ॥

સ્મૃત્યર્થક ધાતુરૂપ ઉપપદ રહેતે છતે, અનદ્યતન ભૂતકાલમાં વર્તમાન ધાતુને, આકાંક્ષાના વિષયમાં ' **ભવિષ્યન્તી વિભક્તિ** ' ના પ્રત્યયો વિકલ્પે લાગે છે. **स्मरसि मित्र ! कश्मीरेषु वत्स्यामः**

अवसाम वा, तत्र ओदनं भोक्ष्यामहे, अभुञ्जमहि वा = હે મિત્ર ! તને યાદ છે કે કાશ્મીરમાં આપણે રહેતા હતા, ત્યાં ચોખા ખાતા હતા. **वस् + स्यामस्** = **वस्यामः, भुज् + स्यामहे** = **भोक्ष्यामहे, अ + वस् + शव् + म** = **अवसाम, अ + भु + श्न + ज् + महि** = **अभुञ्जमहि.**

कृताऽस्मरणा–ऽतिनिह्नवे परोक्षा ॥ ५–२–११ ॥

ચિત્તભ્રમ વગેરે કારણે પોતે કરેલું હોય છતા ભુલી જવાયું હોય, તથા જાતે કરેલું હોય છતાં છૂપાવતો હોય એવો અર્થ જણાતે છતે, અનદ્યતન ભૂતકાલમાં વર્તમાન ધાતુને ' **परोक्षा विभक्ति** ' ના પ્રત્યયો લાગે છે. **सुप्तोऽहं किल विललाप** = હું સુતો હતો ત્યારે વિલાપ કર્યો હોય. **कलिङ्गेषु ब्राह्मणो हतस्त्वया, नाऽहं कलिङ्गान् जगाम** = તે કાલિંગદેશમાં બ્રાહ્મણને માર્યો ? ના હું કાલિંગદેશમાં ગયો જ નથી. ૩૨૬ **लप** – **वि + लप् + णव्** = **विललाप.** ૩૯૬ **गम्लृ** – **गम् + णव्** = **जगाम.**

परोक्षे ॥ ५–२–१२ ॥

અનદ્યતન ભૂતકાલમાં બનેલો જે બનાવ, તેને પ્રયોગ કરનાર કોઈ રીતે જોઈ શકતો ન હોય તેવા અર્થમાં વર્તમાન ધાતુને ' **परोक्षा विभक्ति** ' ના પ્રત્યયો લાગે છે. **धर्मं दिदेश तीर्थङ्करः** = તીર્થંકર ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો. ૧૩૧૮ **दिशींत्** = **दिश् + णव्** = **दिदेश.**

ह–शश्वद्–युगान्तः प्रच्छ्ये ह्यस्तनी च ॥ ५–२–१३ ॥

અનદ્યતન ભૂતકાલને જણાવવા માટે વપરાતા ક્રિયાપદની સાથે જો હ અને शश्वद् શબ્દનો પ્રયોગ હોય અથવા પાંચ વર્ષના અંદરનું

પૂછવાનું હોય ત્યારે ધાતુને '**હ્યસ્તની વિભક્તિ**' ના અને '**પરોક્ષા વિભક્તિ**' ના પ્રત્યયો લાગે છે. **इति ह अकरोत्, इति ह चकार** = તેણે આ પ્રમાણે કર્યું. **शश्वद् अकरोत्, शश्वत् चकार** = તેણે નિત્ય કર્યું. **किमगच्छस्त्वं मथुराम्, किं जगन्थ त्वं मथुराम्** = શું તું મથુરામાં ગયો હતો ?

अविवक्षिते ॥ ५–२–१४ ॥

જે બનાવ અનદ્યતન ભૂતકાલ – પરોક્ષ ભૂતકાલનાં બનેલા બનાવને પરોક્ષરૂપે બતાવવાની ઇચ્છા ન હોય, એવા પ્રસંગે અનદ્યતન ભૂતકાલ રૂપ પરોક્ષ ભૂતકાલને જણાવવા ધાતુને '**હ્યસ્તની વિભક્તિ**' ના પ્રત્યયો લાગે છે. **अहन् कंसं किल वासुदेवः** = વાસુદેવે ખરેખર કંસને માર્યો.

वाऽद्यतनी पुराऽऽदौ ॥ ५–२–१५ ॥

જે બનાવ **અનદ્યતન** ભૂતકાલનો હોય, પરંતુ તેને પરોક્ષરૂપે જણાવવાની ઇચ્છા ન હોય તો અને મૂળ ક્રિયાપદની સાથે પુરા વગેરે અવયવરૂપ ઉપપદ હોય તો ધાતુને, અનદ્યતન ભૂતકાલ હોય છતાં '**અદ્યતની વિભક્તિ**' ના પ્રત્યયો વિકલ્પે લાગે છે. પક્ષે હ્યસ્તની વિભક્તિ અને પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગે છે. **अवात्सुः इह पुरा छात्राः** = શું અહિ પહેલા છાત્રો રહ્યા હતા. **पक्षे–ह्यस्तनी –अवसन्, परोक्षा–उषुः, तदा अभाषिष्ट राघवः**=ત્યારે રાઘવ બોલ્યો. **पक्षे–अभाषत, बभाषे.**

स्मे च वर्तमाना ॥ ५–२–१६ ॥

અનદ્યતન ભૂતકાલને જણાવનાર ધાતુને સ્મ અને પુરા વગેરે ઉપપદ હોય તો ભૂતકાલ હોય છતાં '**વર્તમાના વિભક્તિ**' ના

પ્રત્યયો લાગે છે. **१३४७ प्रच्छंत् – पृच्छति स्म पुरोधसम्** = પુરોહિતને પૂછ્યું. **वसन्तीह पुरा छात्राः** = પહેલા અહિં છાત્રો રહેતા હતા. **अथाऽऽह वर्णी** = વર્ણી – બ્રહ્મચારી બોલ્યો. પ્રચ્છ્ ધાતુને " **ग्रह०** [૪–૧–૮૪] " એ સૂત્રથી પૃચ્છ્ થયું છે.

ननौ पृष्टोक्तौ सद्वत् ॥ ૫–૨–૧૭ ॥

નનુ અવયવરૂપ, ઉપપદ હોય તો પૂછેલા પ્રશ્નના જવાબરૂપ ભૂતકાલને જણાવનાર ધાતુને, ભૂતકાલ હોવા છતાં ' **वर्तमाना विभक्ति** ' ના પ્રત્યયો લાગે છે. **किमकार्षीः कटं चैत्र** ? હે ચૈત્ર ! તે સાદડી બનાવી ! **ननु करोमि भोः** = હે ચૈત્ર ! મેં સાદડી કરી– બો ! હું કરૂ છું. વર્તમાના જેવી વર્તમાના વિભક્તિ થાય તેમ કહેલ હોવાથી આ વિષયમાં " **शत्रानशा०** [૫–૨–૨૦] " એ સૂત્રથી શતૃ અને આનશ્ પ્રત્યય લાગે છે. એ જણાવવા સૂત્રમાં **सद्वत्** એમ જણાવેલ છે. જેમકે – **किमकार्षीः कटं चैत्र** = હે ચૈત્ર ! તેં સાદડી કરી ! જવાબ – **ननु कुर्वन्तम्, मां पश्य** = કાર્ય કરતો મને જો અર્થાત્ કરૂ છું.

न–न्वोर्वा ॥ ૫–૨–૧૮ ॥

ન અને નુ અવયવરૂપ ઉપપદ હોય તો, પૂછેલા પ્રશ્નના જવાબ રૂપ ભૂતકાલને જણાવનાર ધાતુને ભૂતકાલ હોય તો પણ વર્તમાના જેવી ' **वर्तमाना विभक्ति** ' ના પ્રત્યયો લાગે છે. **किमकार्षीः कटं चैत्र** ! હે ચૈત્ર ! તેં સાદડી બનાવી. **न करामि भोः**=હે ! હું કરતો નથી **न कुर्वन्तं मां पश्य–न अकार्षम्** = હું નથી કરી રહ્યો, એવો મને તું જો અર્થાત્ મેં કરી નથી. **नु करोमि भोः** ! બો ! હું કરૂં છું. **नु कुर्वाणं मां पश्य–नु अकार्षम्** = સાદડીને કરતાં મને જો અર્થાત્ હું કરૂં છું.

सति ॥ ५-२-१९ ॥

વર્તમાનકાલને જણાવનાર ધાતુને, વર્તમાનકાલના વિષયમાં **'વર્તમાના વિભક્ત'** ના પ્રત્યયો લાગે છે. ૧૧૮૨. **असक् - अस् + तिव् = अस्ति** = છે. ૮૯૨ **कुपचींष्-कूरं [पच् + शव् + तिव्] पचति** = કૂરિયા રાંધે છે ૧૭૧૭. **भक्षण् - मासं न [भक्ष + णिच् + शव् + तिव्] भक्षयति** = તે માંસ ખાતો નથી. ૧૧૦૪ **इंङ्क्-इहा [अधि + इ + महे] = इहाधीमहे** = અમે અહિં ભણીએ છીએ. ૫. **ष्ठां-स्था + शव् + अन्ति = तिष्ठ् + अ (शव्) + अन्ति = तिष्ठन्ति पर्वताः** = પર્વતો સ્થિર છે.

शत्रानशावेष्यति तु सस्यौ ॥ ५-२-२० ॥

વર્તમાનકાલને જણાવનાર ધાતુને, વર્તમાનકાલના વિષયમાં **'शतृ'** અને **'आनश्'** પ્રત્યય લાગે છે. તથા ભવિષ્યકાલના વિષયમાં સ્વ સહિત शतृ અને आनश् પ્રત્યય લાગે છે અર્થાત્ **'स्यत्'** અને **'स्यमानश्'** પ્રત્યય લાગે છે. ૧૦૬૨ **यांक्-यातीति = या + शतृ + सि = यान्** = જતો છતો. ૧૧૦૫. **शीङ्क्-शेते इति शी + आनश् + सि = शयानः** = સૂતો છતો **यास्यतीति = या + स्य + शतृ + सि = यास्यन्** = હવે જનારો **शयिष्यते इति= शी + इ + स्य + म् + आनश् = शयिष्यमाणः** = હવે સૂનારો. शतृ માં ऋકાર સ્ત્રીલિંગમાં ઙી પ્રત્યય થાય એ મા ટે છે. **शयिष्यमाणः** ત્યાં **" अतो० [४-४-११४] "** એ સૂત્રથી म् આગમ થયો. છે. **" स्ताद्य० [४ ४ ३२] "** એ સૂત્રથી ट् ઉમેરાયો છે.

तौ माङ्याक्रोशेषु ॥ ५-२-२१ ॥

વર્તમાનકાલ તથા બીજા પણ કાલમાં माङ् રૂપ ઉપપદ હોય તો

આક્રોશના વિષયમાં ધાતુને ' **शतृ** ' અને ' **आनश्** ' પ્રત્યય લાગે છે. **मा पचन् वृषलो ज्ञास्यति** = ન રાંધતો, લુચ્ચો જાણશે. **मा पचमानः असौ मर्तुकामः** = ન રાંધતો, મરવાની ઇચ્છાવાળો છે. અર્થાત્ મરનારો છે.

वा वेत्तेः क्वसुः ॥ ५–२–२२ ॥

વર્તમાનકાલના વિષયમાં વિદ્ ધાતુને ' **क्वसु** ' પ્રત્યય લાગે **१०९९. विदक् -वेतीति** = **विद् + क्वसु + सि = विद् + वन्स् + स् = विद्वान् तत्त्वं विद्वान् ; विदन्** = તત્ત્વને જાણતો પંડિત **क्वसु** પ્રત્યયમાં ક્કાર કિત્સંજ્ઞક માટે છે ઉકાર સ્ત્રીલિંગમાં " **अधातू० [२–४–२]** " એ સૂત્રથી ડી તથા પુલિંગમાં " **ऋदुदितः [१–४–७०]** " એ સૂત્રથી न् અન્તાગમ માટે છે. અને વિદ્વાન્ ત્યાં " **दीर्घ० [१–४–४५]** " એ સૂત્રથી સિ નો લોપ થાય છે. **विदुषी** = પંડિતા.

पूङ्–यजः शानः ॥ ५–२–२३ ॥

વર્તમાનકાલના વિષયમાં પૂઙ્ અને યજ્ ધાતુને, કર્તા અર્થમાં ' **शान** ' પ્રત્યય લાગે છે. **६०० पूङ् – पवते इति=पू + शव् + शान + सि = पवमानः** = પવિત્ર કરનાર – વાયુ. **९९१. यजीं – यजतीति = यज् + शव् + शान + सि = यजमानः** = યજમાન.

वयः शक्ति–शीलं ॥ ५–२–२४ ॥

વર્તમાનકાલના વિષયમાં ધાતુને, ઉમર, શક્તિ અને શીલ અર્થ જણાતો હોય તો ' **शान** ' પ્રત્યય લાગે છે. **३९६. गम्लृं - स्त्रियं गच्छमानाः = [गच्छ् + शान]** = સ્ત્રી પાસે જનારાઓ. **१५५८. अशश्–सम् + अश् + श्ना + शान + जस् = समश्नानाः** = સારી

રીતે ખાનારા. ૩૧૧. **णिदु–परान् निन्दमानाः**=બીજાને નિન્દવાના સ્વભાવવાળા. " **गमि० [४–२–१०६]** " એ સૂત્રથી ગચ્છ્ થયો.

धारिडोऽकृच्छ्रेऽतृशू ॥ ५–२–२५ ॥

સુખપૂર્વક સાધી શકાય એવા અર્થમાં ધાર્ અને ઈહ્ ધાતુને, વર્તમાનકાલનાં વિષયમાં '**अतृश्**' પ્રત્યય લાગે છે. ૮૮૭. **धृग्–धृ + अतृश् + सि = धारयन् आचाराङ्गम्** = આચારાંગ સૂત્રને સુખ પૂર્વક ધારણ કરતો. ૧૧૦૪. **इङ्क्** = **अधि + इ + अतृश् + सि = अधीयन् द्रुमपुष्पीयम्** =દ્રુમપુષ્પીય નામના દશવૈકાલિકના પ્રથમ અધ્યયનને સુખ પૂર્વક ભણતો.

सुग्–द्विषा–ऽर्हः सत्रि–शत्रु–स्तुत्ये ॥ ५–२–२६ ॥

વર્તમાનકાલના વિષયમાં સુ, દ્વિષ્ અને અર્હ્ ધાતુને, અનુક્રમે સત્રિ – યજ્ઞમાન, શત્રુ અને સ્તુત્યરૂપ કર્તા અર્થમાં '**अतृश्**' પ્રત્યય લાગે છે. ૧૨૮૬. **पुंगट् – सर्वे सुन्वन्तः = [सु + श्नु + अतृश् + जस्]** = બધા યજ્ઞમાન છે. ૧૧૨૬. **द्विषींक् – चौरं द्विषन् = [द्विष + अतृश्]** = ચોરનો દ્વેષ કરનાર. ૫૬૪ **अर्ह – पूजाम् अर्हन् = [अर्ह + अतृश्]** = પૂજાને – સ્તુતિને યોગ્ય છે. **सुन्वन्तः** = યજ્ઞ કરનાર, **द्विषन्** = ચોર, **अर्हन्** = અરિહંત.

तृन् शील–धर्म–साधुषु ॥ ५–२–२७ ॥

વર્તમાનકાલના વિષયમાં શીલ – સ્વભાવ, ધર્મ – કુલાચાર અને સાધુ – સારૂ એવો અર્થ જણાતે છતે, ધાતુને '**तृन्**' પ્રત્યય લાગે છે. ૮૮૮ **डुकृंग् – कृ + तृन् + सि = कर्ता कटम्** = સ્વભાવને લીધે સાદડી કરનારો. ૨૩૦. **मुड्, ६९४ मुह्ङ् – वधूमूढां**

मुण्डयितारः श्राविष्ठायनाः = શ્રાવિષ્ઠાયન ગોત્રના લોકો પોતાના કુલ ધર્મને અનુસરીને પરણેલી સ્ત્રીના મસ્તકને મુંડાવે છે. **गन्ता खेलः** = ખેલ કરનારો સારૂ ચાલે છે.

भ्राज्यलंकृग्–निराकृग्–भू–सहि–रुचि–वृति–वृधि–चरि–प्रजना–ऽपत्रप इष्णुः ॥ ५–२–२८ ॥

વર્તમાનકાલના વિષયમાં ભાજ્ વગેરે ધાતુને, શીલ, ધર્મ અને સાધુરૂપ અર્થ જણાતે છતે '**इष्णु**' પ્રત્યય લાગે છે. ૬૬૧. **भ्राजि – भ्राजते इति = भ्राज् + इष्णु + सि = भ्राजिष्णुः** = સ્વભાવથી, કુલધર્મથી અને સારી રીતે શોભનારો. ૮૮૮. **डुकृंग् = अलं करातीति = अलङ्करिष्णुः** = અલંકૃત થનારો. **निराकरातीति = निराकरिष्णुः** = નિરાકરણ કરનારો. ૧. **भू – भवतीति = भविष्णुः** = થનારો. ૯૯૦ **षहिं – सहते इति = सहिष्णुः** = સહન કરનારો. ૯૩૮. **रुचि – रोचते इति = रोचिष्णुः** = રૂચિવાળો. ૯૫૫. **वृतूङ् = वर्तते इति = वर्तिष्णुः** = વર્તનારો. ૯૫૭ **वृधूङ् – वर्धते इति = वर्धिष्णुः** = વધનારો ૪૧૦ **चर – चरतीति = चरिष्णुः** = ચરનારો. ૧૨૬૫ **जनैचि = प्रजायते इति = प्रजनिष्णुः** = ઉત્પન્ન થનારો. ૭૬૨ **अपोषि – अपत्रपते इति = अपत्रपिष्णुः** = શરમવાળો.

उदः पचि–पति–पदि–मदेः ॥ ५–२–२९ ॥

વર્તમાનકાલના વિષયમાં ઉદ્ ઉપસર્ગ સહિત પચ્ વગેરે ધાતુને શીલાદિરૂપ અર્થ જણાતે છતે '**इष्णु**' પ્રત્યય લાગે છે. ૮૯૨ **डुपचींष् – उत्पचतीति = उत्पचिष्णुः** = રાંધનારો, પીડા કરનારો. ૯૬૨ **पत्लृ = उत्पततीति = उत्पतिष्णुः** = ઉડનારો. ૧૨૫૭ **पदिंच् = उत्पद्यते इति = उत्पदिष्णुः** = ઉત્પન્ન થનારો ૭૨૩ **मदुङ् – उन्माद्यतीति – उन्मदिष्णुः** = ઉન્માદ કરનારો.

भू–जेः ष्णुक् ॥ ५–२–३० ॥

વર્તમાનકાલના વિષયમાં ભૂ અને જિ ધાતુને, શીલાદિરૂપ અર્થ જણાતે છતે 'ष्णुक्' પ્રત્યય લાગે છે. १ भू – भवतीति भू + ष्णुक् + सि = भूष्णुः = થનારો. ८ जि – जयतीति = जिष्णुः = જય પામનારો.

स्था–ग्ला–म्ला–पचि–परिमृजि–क्षे –स्नु ॥ ५–२–३१ ॥

વર્તમાનકાલના વિષયમાં સ્થા વગેરે ધાતુને શીલાદિ અર્થ જણાતે છતે 'स्नु' પ્રત્યય લાગે છે. ५ ष्ठां – तिष्ठतीति = स्था + स्नु + सि = स्थास्नुः = સ્થિર રહેનારો. ३१ ग्लैं – ग्लायतीति = ग्लास्नुः = ગ્લાનિ પામનારો. ३२ म्लैं – म्लायतीति = म्लास्नुः = ગ્લાન થનારો. ८९२ डुपचींष् – पचतीति=पच् + स्नु = पक् + ष्णु = पक्ष्णुः = રાંધનારો. १०९७ मृजोक् = परिमार्ष्टि इति = परि + मृज् + स्नु = परि + मार्क् + ष्णु = परिमार्क्ष्णुः = સાફસુફ કરનારો. १० क्षि = क्षयतीति = क्षेष्णुः = ક્ષીણ થનારો.

त्रसि–गृधि–धृषि–क्षिपः क्नुः ॥ ५–२–३२ ॥

વર્તમાનકાલના વિષયમાં વસ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'क्नु' પ્રત્યય લાગે છે. ११७१ त्रसैच् – त्रस्यतीति – त्रस् + क्नु + सि = त्रस्नुः = બીકણ. ११८७ गृधूच् – गृध्यतीति = गृध्नुः = લાલચુ. १३१२ ञिधृषाङ् = धृणोतीति = धृष्णुः = બેશરમ १३१७ क्षिपींत् – क्षिपतीति = क्षिप्नुः = ફેંકનારો. क्षुप्नु ત્યાં क्षुभ्ना० [२–३–९६] " એ સૂત્રથી ન નો ણ ન થયો.

सन्–भिक्षा–ऽऽशंसेरुः ॥ ५–२–३३ ॥

વર્તમાનકાલનાં વિષયમાં સન્ પ્રત્યયાન્ત ધાતુ, ભિક્ષ્ ધાતુ અને આ ઉપસર્ગ સહિત શંસ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' ઉ ' પ્રત્યય લાગે છે. ૭૮૬ **-डुलभिष्** – **लब्धुमिच्छतीति= लभ् + सन् + उ = लिप् + स् + उ + सि = लिप्सुः** = લાભ ઇચ્છનારો. ૮૮૦ **भिक्षि – भिक्षते इति = भिक्षुः**=ભિખારી. ૮૫૩ **आङः शंसूङ् – आशंसते इति = आशंसुः**=ઇચ્છુક. **लिप्सुः** ત્યાં " **रभ-लभ० [४-१-२१]** " એ સૂત્રથી સન્ પ્રત્યય પર છતાં અ નો ઈ થયો અને દ્વિર્ભાવ ન થયો.

विन्दिरुछू ॥ ५–२–३४ ॥

વર્તમાનકાલના વિષયમાં વિદ્ અને ઇષ્ ધાતુને શીલાદિ અર્થમાં ઉ પ્રત્યયાન્ત ' **નિપાતન** ' થાય છે. ૧૦૯૯ **विदक् –वेदनशीलः = विन्दुः** = વિદ્વાન્. ૧૪૧૯ **इषत् – एषणशीलः = इच्छुः** = ઇચ્છુક. " **गमि० [४–२–१०६]** " એ સૂત્રથી ઇષ્નું ઇચ્છ થાય છે.

शृ–वन्देरारुः ॥ ५–२–३५ ॥

વર્તમાનકાલના વિષયમાં શૃ અને વન્દ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **આરુ** ' પ્રત્યય લાગે છે. ૧૫૩૧ **शृश् - विशीर्यते, विशृणोति इति = वि + शृ + आरु + सि=विशरारुः**=નાશવંત, ૭૨૧ **वदुङ्-वन्दते इति = वन्दारुः** = વંદન કરનાર.

दा–ट्धे–सि–शद–सदो रुः ॥ ५–२–३६ ॥

વર્તમાનકાલના વિષયમાં દા ૩૫ ધાતુ તથા ટ્ધે, સિ, શદ્ અને સદ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **રુ** ' પ્રત્યય લાગે છે. ૧૧૩૮ **दुदांगक्**, ૬૦૪ **देंङ्**, ૭ **दां**, ૧૧૪૮ **दोंच्**, ૧૦૭૦ **दांवक्**, ૨૯ **दैंब्** – **ददाति, दयते, यच्छति, द्यति, दाति,**

दायति इत्येवं शीलं यस्य सः = दा + रु + सि = दारुः = દાતા, દયાલુ, દાતા, નાશ કરનારો, કાપનારો. ૨૮ **टुधॅ – धयतीति=धारुः** = ધાવનારો, દૂધપીનારો. અને સાફ કરનારો. ૧૨૮૭ **षिगट् – सिनोतीति = सेरुः** = બાંધનારો. ૯૬૭ **शदॅऌं - शीयते इति= शद् + रु = शद्रुः** = ઉત્સાહહીન, ૯૬૬ **षदॅऌं-सीदतीति =सद्रुः** = ઉત્સાહ હીન. " **औति० [૪-૨-૧૦૮]** " એ સૂત્રથી દા ને સ્થાને યમ્છ, શદ્ ને સ્થાને શીય્ અને સદ્ ને સ્થાને સીદ્ આદેશ થાય છે.

शीङ्–श्रद्धा–निद्रा–तन्द्रा–दयि–पति–गृहि–स्पृहेरालुः ॥ ૫–૨–૩૭ ॥

વર્તમાનકાલના વિષયમાં શીઙ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થ વ્યક્ત થતે છતે **'आलु'** પ્રત્યય લાગે છે. ૧૧૦૫ **शीङ्क् – शेते इति = शी +आलु+सि=शयालुः**=આળસુ. ૧૧૩૯ **डुधांग्क्= श्रद्दधातीत्येवं शीलः = श्रद् + धा + आलु = श्रद्धालुः** = શ્રદ્ધાવાળો. ૧૦૬૬ **द्रांक् – नितरां द्राति इति = नि + द्रा + आलु = निद्रालुः** = આળસુ, ઉંઘણશી. **सौत्र - तन्द्रा – तन्द्रातीति = तन्द्रालुः** = ઉંઘણશી. ૬૦૪ **दॅऊ् – दयते इति = दयालुः** = દયાવાળો. ૯૬૨ **पत्लृ – पतयतीति = पतयालुः** = ચાલનારો ૧૯૩૯ **गृहणि – गृहयते इति = गृहयालुः** = ગ્રહણ કરનારો. ૧૯૨૮ **स्पृहण् – स्पृहयतीति = स्पृहयालुः** = સ્પૃહા કરનારો.

डौ सासहि–वावहि–चाचलि–पापतिः ॥ ૫–૨–૩૮ ॥

વર્તમાનકાલના વિષયમાં यङ् પ્રત્યયાન્ત એવા सह् , वह् , चल् અને पत् ધાતુઓ, શીલાદિ અર્થમાં ડી પ્રત્યયાન્ત એવા અનુક્રમે

सासहि, वावहि, चाचलि अने पापति रूपे ' **निपातन** ' थाय छे. ९९० **षहिं – सासह्यते इति = सासहिः** = खूब सहन करनारो. ९९६ **वहीं – वावह्यते इति = वावहिः** = वारंवार वहन करनारो. ९७२ **चल – चाचल्यते इति = चाचलिः** = खूब चालनारो. ९६२ **पत्लृ–पनीपत्यते इति = पापतिः** = वारंवार चालनारो. **'पनी'** त्यां " **वञ्चः०** [४-१-५०] " એ सूत्रथी नी आगम थयो छे.

सस्रि-चक्रि-दधि-जज्ञि-नेमिः ॥ ५–२–३९ ॥

वर्तमानकालना विषयमां सृ वगेरे धातुओ, शीलादि अर्थ जणाते छते डी प्रत्ययान्त એવા नम् धातुने छोडीने द्विर्भावने पामेल अनुक्रमे सस्रि, चक्रि, दधि, जज्ञि अने नेमि रूपे ' **निपातन** ' थाय छे. २५ **सृं - सरतीति = सृ +सृं+ इ = सस्रृ + इ + सि = सस्रिः** = वारंवार सरकनारो. ८८८ **डुकृंग् – करोतीति = कृकृ + इ=चक्रि + सि = चक्रिः** = खूब करनारो. ११३९ **डुधांग्क् – दधातीति = धाधा + इ = दधा + इ=दधिः** = खूब धारण करनार. २८ **टुधेंट्– धयतीति = धाधा + इ = दधा + इ = दधिः** = खूब दूध पीनारो १५४० **ज्ञांशृ - जानातीति = ज्ञाज्ञा + इ = जज्ञिः** = धातु जाणनारो. १२६५ **जनैचि – जायते इति = जन्जन् + इ = जज्ञिः** = वारंवार जन्मनारो. ३८८ **णमं–नमतीति = नेमिः** = अतिशय नम्र

शृ–कम–गम–हन–वृष–भू–स्थ उकण् ॥ ५–२–४० ॥

वर्तमानकालना विषयमां शृ वगेरे धातुने, शीलादि अर्थ जणाते छते ' **उकण्** ' प्रत्यय लागे छे. १५३१ **शृंश् – शृणातीति = शृ + उकण् + सि = शारुकः** = नाश करनारो. ७८९ **कमूङ् – कामयते इति = कामुकः**= कामी. ३९६ **गम्लृं – गच्छतीति = गामुकः** = जनारो. **आगामुकः** = आवनारो. ११०० **हनंक् – हन्तीति**

– हन् + उकण् = घात् + उकण् = घातुकः = હણનારો. ૫૨૦ वृषू – वर्षतीति = वर्षुकः = મેઘ. ૧ भू – भवतीति – भू + उकण् = भव् + उकण् = भावुकः = ભાવુક. ૫ ष्ठां – तिष्ठतीति = स्थायू + उकण् =स्थायुकः=શાશ્વત् "ञ्णिति [४-३-५०]" એ સૂત્રથી દીર્ઘ થઈ અકારનો આ થયો. "ञ्णिति० [४-३-१००]" એ સૂત્રથી हन् નો घात् આદેશ થયો. स्था ધાતુના અકારનો "आतः [४-३-५३]" એ સૂત્રથી ઐ થયો છે.

लष–पत–पदः ॥ ५–३–४१ ॥

વર્તમાનકાલના વિષયમાં लष् વગેરે ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'उकण्' પ્રત્યય લાગે છે, ૯૨૭ लषी – अभिलषतीति = अभि + लष् + उकण् + सि = अभिलाषुकः=અભિલાષા કરનારો. ૯૬૨ पत्लृ – प्रपतीति = प्रपातुकः = પડનારો. ૧૨૬૭ पदिच् –उपपद्यते इति=उपपादुकः=પેદા થનારો. નરક અથવા દેવનો ભવ.

भूषा–क्रोधार्थ–जु–सृ–गृधि–ज्वल–शुचश्चाऽनः ॥ ५–३–४२ ॥

વર્તમાનકાલના વિષયમાં ભૂષાર્થક ધાતુઓ, તથા सृ વગેરે ધાતુઓને શીલાદિ અર્થ જણાતે છતે 'अन' પ્રત્યય લાગે છે. १७५६ भूषण् – भूषयतीति = भूष् + अन + सि = भूषणः = શોભનારો. ૯૪૭ शुभि – शोभते इति = शोभनः = શોભનારો. ११८४ क्रुधच् – क्रुध्यतीति = क्रोधनः = ક્રોધ કરનારો. ११९१ कुपच् – कुप्यतीति = कुपनः = કોપ કરનારો सौत्र – जुं – जवतीति = जवनः = વેગથી જનારો. ૨૫ सृ–सरतीति=सरणः = સરકનારો. ११८७ गृधच् – गृध्यतीति = गर्धनः = લાલચુ.

९६० ज्वल – ज्वलतीति = ज्वलनः = दीपनारो. ९९ शुच – शोचतीति = शोचनः =शोक करनारो. ९२७ लषी – अभिलषतीति = अभिलषणः = अभिलाषा करनारो. ९६२ पत्लृ – पततीति = पतनः = पडनारो. १२५७ पदिच् – पद्यते इति = पदनः अर्थस्य = अर्थने पामनारो.

चल–शब्दार्थादकर्मकात् ॥ ५–२–४३ ॥

वर्तमानकालना विषयमां चालवुं एवा अर्थवाळा तथा शब्द-अवाज करवो एवा अर्थवाळा अकर्मक धातुओने, शीलादि अर्थ जणाते छते 'अन' प्रत्यय लागे छे. ९७२ चल – चलतीति= चलनः = चालनारो. १०८५ रुक् = रौतीति = रव् + अन +सि = रवणः = बोलनारो. अवाज करनारो.

इ–ङितो व्यञ्जनाद्यन्तात् ॥ ५–२–४४ ॥

वर्तमानकालना विषयमां आदिमां तथा अन्तमां व्यंजनवाळा एवा ञित् अने ङित् एवा अकर्मक धातुने, शीलादि अर्थ जणाते छते 'अन' प्रत्यय लागे छे. ७४२ स्पर्धि–स्पर्धते इति=स्पर्धनः=स्पर्धा करनार. ९५५ वृतूङ् – वर्तते इति = वर्तनः = रहेणी कहेणी-वर्तन.

न णिङ–य–सूद–दीप–दीक्षः ॥ ५–२–४५ ॥

वर्तमानकालना विषयमां णिङ् प्रत्ययान्त धातु, यकारान्त धातु, तथा सूद्, दीप् अने दीक्षू धातुने, शीलादिनो अर्थ जणाते छते 'अन' प्रत्यय लागतो नथी. १ भू – भावयतीति=भू+णिङ् + तृ + सि = भावय् + इ + ता + सि = भावयिता = पामनारो. ८०३ क्ष्मायेङ् – क्ष्मायते इति = क्ष्मायिता = कंपनारो ७३६ षूदि – सूदते इति = सूदिता = नाश पामनार. १२६६ दीपैचि

- **दीप्यते इति = दीपिता** = દીપનારો. ૮૮૬ **दीक्षि - दीक्षते इति = दीक्षिता** = દીક્ષા લેનાર.

द्रम-क्रमो यङः ॥ ५-२-४५ ॥

વર્તમાનકાલના વિષયમાં યઙ્ પ્રત્યયાન્ત એવા **द्रम्** અને **क्रम्** ધાતુને શીલાદિ અર્થ જણાતે છતે '**अन**' પ્રત્યય લાગે છે. ૩૯૩ **द्रम - द्रन्द्रम्यते = द्रम् + यङ् = द्रमद्रम् + य + अन = द्रन्द्रम् + अन + सि = द्रन्द्रमनः** = વાંકુ ચાલનારો. ૩૮૫ **क्रमू - चंक्रम्यते इति = चंक्रमणः** = ફરનારો. "**मुरतो० [४-१-५१]**" એ સૂત્રથી **मु** અન્તાગમ થાય છે.

यजि-जपि-दंशि-वदादूकः ॥ ५-२-४७ ॥

વર્તમાનકાલના વિષયમાં યઙ્ પ્રત્યયાન્ત એવા **यज्** વગેરે ધાતુને શીલાદિ અર્થ જણાતે છતે '**ऊक्**' પ્રત્યય લાગે છે. **भृशं पुनः पुनर्वा यजतीत्येवं शीलः** - ૯૯૧ **यजीं - यज् + यङ् = यज्यज् + य + ऊक् = यायज् + ऊक् + सि = यायजूकः** = વારંવાર અથવા ખુબ પૂજા કરનારો. ૩૩૮ **जप-भृशं पुनः पुनर्वा जपतीति - जप् + यङ् = जप्जप् + य + ऊक् = जजप् + य + ऊक् = ज + म् + जप् + य+ऊक् + सि=जञ्जप् + ऊक् + सि=जञ्जपूकः** = વારંવાર અથવા ખુબ જપ કરનારો. ૪૯૬ **दंश - भृशं पुनः पुनर्वा दशतीति = दश् + यङ् = दश्दश् + य + ऊक् = ददश् + य + ऊक् = द + म् + दश् + ऊक् + सि = दन्दशूकः** = વારંવાર અથવા ખુબ ડંખ દેનારો-સર્પ. ૯૯૮ **वद-भृशं पुनः पुनर्वा वदतीति = वद् + यङ् = वद्वद् + य + ऊक् = वावद् + ऊक् + सि = वावदूकः** = વારંવાર અથવા ખુબ બડબડ કરનારો-વાયડો. જુઓ ૯૫ અને દશ્ ધાતુને "**जप-जभ० [४-१-५२]**" એ સૂત્રથી **मु** અન્તાગમ થયો છે.

जागुः ॥ ५–२–४८ ॥

વર્તમાનકાલના વિષયમાં જાગૃ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'ઊક્' પ્રત્યય લાગે છે. १०९३ **जागृक् – जागर्तीति = जागृ + ऊक् + सि = जागरूकः** = જાગનારો, સાવચેત રહેનારો.

शमष्टकाद् णिनि ॥ ५–२–४९ ॥

વર્તમાનકાલના વિષયમાં શમ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'ઘિનણ્' પ્રત્યય લાગે છે. १२३० **शमूच् – शाम्यतीति = शम् + घिनण् + सि = शमी** = શાંતિવાળો, મુનિ. १२३१ **दमूच् – दाम्यतीति = दमी** = દમન કરનારો. મુનિ. १२३२ **तमूच – ताम्यतीति=तमी**=આકાંક્ષા રાખનારો. १२३३ **श्रमूच्–श्राम्यतीति = श्रमी** = શ્રમ કરનારો. १२३४ **भ्रमूच् – भ्राम्यतीति = भ्रमी** = ભ્રમણ કરનારો. १२३५ **क्षमौच् – क्षाम्यतीति = क्षमी** =ક્ષમા કરનારો. १२३६ **मदैच् = प्रमाद्यतीति = प्रमादी**=પ્રમાદી–આળસુ. १२३७ **क्लमूच् – क्लाम्यतीति = क्लमी** = ક્ષીણ થનારો.

युज–भुज–भज–त्यज–रज्ज–द्विष–दुष–द्रुह–दुहा–ऽभ्याहनः ॥ ५–२–५० ॥

વર્તમાનકાલના વિષયમાં અકર્મક એવા યુજ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'ઘિનણ્' પ્રત્યય લાગે છે. १२५४ **युजिच्**, १४७६ **युजृंपी – युज्यते, युनक्ति इति = युज्+घिनण् + सि = योग् + इन् = योगिन् – योगी**=યોગી. १४८७ **भुजंप्**, १३५१ **भुजोंत् – भुनक्ति. भुङ्क्ते, भुजतीति = भुज + इन् = भोगी** = ભોગી, પાલક, ભોજન કરનારો, વાંકુ કરનારો. ८९५ **भर्जी**

– **भजते इति = भज् + इन् = भाग् + इन् = भागी**=સેવા કરનારો. સેવક ૧૭૨ **त्यजं – त्यजतीति = त्यागी** = ત્યાગી. ૮૯૬ **रञ्जीं**– ૧૨૮૨ **रञ्जीच् – रजति, रज्यते = रागी**=રાગી. ૧૧૨૬ **द्विषींक् – द्वेष्टि इति = द्वेषी** = દ્વેષ કરનારો. ૧૨૦૯ **दुषंच् – दुष्यतीति = दोषी** = દોષ કરનારો. ૧૨૩૯ **द्रुहौंच् – द्रुह्यतीति = द्रोही** = દ્રોહ કરનારો. ૧૧૨૭ **दुहींक् – दोग्धि इति – दोही** = દોહનારો. ૧૧૦૦ **हनंक् – अभ्याहन्तीति = अभ्याघाती** = સામે હણનારો. " **ञ्णिति घात्** [૪-૩-૧૦૦] " એ સૂત્રથી હન્ નો ઘાત્ આદેશ થયો છે.

आङः क्रीड–मुषः ॥ ५–२–५१ ॥

વર્તમાનકાલના વિષયમાં આઙ્ ઉપસર્ગ સહિત ક્રીડ્ અને મુષ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય લાગે છે. ૨૪૩ **क्रीड़** – **आक्रीडतीति = आ + क्रीड् + घिनण् = आक्रीडी** = ક્રીડા કરનારો. ૫૧૩ **मुष, १५६३ मुषश् – आमोषति, आमुष्णातीति = आमोषी** = ચોરી કરનારો.

प्राच्च यम–शसः ॥ ५–२–५२ ॥

વર્તમાનકાલના વિષયમાં આઙ્ અને પ્ર ઉપસર્ગ સહિત યમ્ અને યસ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય લાગે છે. ૩૮૬ **यमूं – प्रयच्छतीति = प्रयामी** = સંયમી, **आयच्छतीति = प्रयामी**=લાંબુ કરનારો. ૧૨૨૨ **यसूच् – प्रयस्यतीति = प्रयासी = आयास्यतीति = आयासी** = આયાસ કરનારો. " **ञ्णिति** [૪-૩-૫૦]." એ સૂત્રથી અ નો આ થયો છે.

मथ–लपः ॥ ५–२–५३ ॥

વર્તમાનકાલના વિષયમાં પ્ર ઉપસર્ગ સહિત મથ્ અને લપ્ ધાતુને શીલાદિ અર્થ જણાતે છતે ' ઘિનણ્ ' પ્રત્યય લાગે છે. ૨૬૫ **मथे –प्रमथतीति = प्रमाथी** = વલોવનાર. ૩૩૬ **लप–प्रलपतीति = प्रलापी** = પ્રલાપ કરનારો.

वेश्च द्रोः ॥ ५–२–५४ ॥

વર્તમાનકાલના વિષયમાં વિ અને પ્ર ઉપસર્ગ સહિત દ્રુ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' ઘિનણ્ ' પ્રત્યય લાગે છે. ૧૩ **द्रुं – विद्रवतीति = विद्रावी** = ગતિ કરનારો. **प्रद्रावी** = ગતિ કરનારો.

वि–परि–प्रात् सर्तेः ॥ ५–२–५५ ॥

વર્તમાનકાલના વિષયમાં વિ, પરિ અને પ્ર ઉપસર્ગ સહિત સૃ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' ઘિનણ્ ' પ્રત્યય લાગે છે. ૨૫ **सृं – विसरतीति=विसारी**=વિશેષ ગતિ કરનારો. **परिसरतीति = परिसारी** = ફેલાવનારો. **प्रसरतीति = प्रसारी** = ફેલાવનારો.

समः पृचैप्–ज्वरेः ॥ ५–२–५६ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્ ઉપસર્ગ સહિત પૃચ્ અને જ્વર્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' ઘિનણ્ ' પ્રત્યય લાગે છે. ૧૪૮૨ **पृचैप् – सम्पृणक्ति इति = सम् + पृच् +इन् = सम् + पृक् + इन् = सम्पर्क् + इन् + सि = सम्पर्किन् = सम्पर्की** = સંપર્ક રાખનારો. ૧૦૫૪ **ज्वर–सञ्ज्वरतीति=सञ्ज्वरी**= જ્વરવાળો.

सम्वेः सृजः ॥ ५–२–५७ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્ અને વિ ઉપસર્ગ સહિત સૃજ્

ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **ઘિનણ્** ' પ્રત્યય લાગે છે. **૧૩૪૯ सृजंत् – संसृर्तीति = सम् + सृज् + इन् = संसर्ग् + इन् = संसर्गी** = સંસર્ગવાળો. **विसृजताति = विसर्ग् + इन् = विसर्गी** = વિસર્જન કરનારો.

सम्–परि–ऽपनु–प्राद् वदः ॥ ५–२–५८ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્, પરિ, વિ, અનુ અને પ્ર ઉપસર્ગ સહિત વદ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **ઘિનણ્** ' પ્રત્યય લાગે છે. **૯૯૮ वद् – संवदतीति = संवादी** = સંવાદ કરનારો. **परिवदतीति = परिवादी** = નિંદક. **विवदतीति = विवादी** = વિવાદ કરનારો. **अनुवदतीति = अनुवादी** = અનુવાદ કરનારો. **प्रवदतीति = प्रवादी** = પ્રવાદ કરનારો.

वेर्विच–कत्थ स्रम्भ–कष–कस–लस–हनः ॥ ५–२–५९ ॥

વર્તમાનકાલના વિષયમાં વિ ઉપસર્ગ સહિત વિચ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **ઘિનણ્** ' પ્રત્યય લાગે છે. **૧૪૭૫ विचृंपी – विविनक्ति इति = वि + विच् + इन् = विविक् + इन् = विवेकी** = વિવેકવાળો **७१९ कत्थि – विकत्थते इति = विकत्थी** = નિંદક. **९५१ स्रम्भूङ् – विस्रम्भते इति=विस्रम्भी** = વિશ્વાસ કરનારો. **५०७ कष – विकषतीति = विकाषी** = હિંસા કરનારો. **९८७ कस – विकसतीति = विकासी** = વિકાસ કરનારો. **५४३ लस – विलसतीति = विलासी** = વિલાસ કરનારો **११०० हनक् – विहन्तीति = वि + हन् + इन्=वि + घात् + इन् + सि = विघातिन् = विघाती** = વિઘાત કરનારો.

व्यपाऽभेर्लषः ॥ ५–२–६० ॥

વર્તમાનકાલના વિષયમાં વિ, અપ, અને અભિ ઉપસર્ગ પૂર્વકના લષ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય લાગે છે. ૯૨૭ **लषो–विलषनीति = विलाषी** = વિશેષ અભિલાષ કરનારો. **अपलषतीति = अपलाषी** = ખરાબ ઇચ્છા કરનારો. **अभिलषतीति = अभिलाषी** = અભિલાષ કરનારો.

सम्प्राद् वसात् ॥ ५–२–६१ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્ અને પ્ર ઉપસર્ગ સહિત વસ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય લાગે છે. ૯૨૮ **वस – संवसतीति = संवासी** = સાથે રહેનારો. **प्रवसतीति = प्रवासी** = પ્રવાસ કરનારો.

समत्यपाऽभि–व्यभेश्चरः ॥ ५–२–६२ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્, અતિ, અભિ અને વ્યભિ ઉપસર્ગ સહિત ચર્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય લાગે છે ૪૧૦ **चर–सञ्चरतीति = संचारी**=સાથે ચાલનાર. **अतिचरतीति=अतिचारी**=આચારમાં દોષ કરનારો. **अभिचरतीति = अभिचारी** = વિરોધ કરનારો. **व्यभिचरतीति = व्यभिचारी** = વ્યભિચારી.

समनु व्यवाद् रुवः ॥ ५–२–६३ ॥

વર્તમાનકાલના વિષયમાં સમ્, અનુ. વિ અને અવ ઉપસર્ગ સહિત રુધ્ ધાતુને શીલાદિ અર્થ જણાતે છતે ' **घिनण्** ' પ્રત્યય

લાગે છે. ૧૪૭૩ **रुधूंपी – संरुणद्धि इति = संरोधी** = બરાબર રૂંધનારો. **अनुरुणद्धि इति =अनुरोधी**=અનુરોધ કરનારો. **विरुणद्धि इति = विरोधी** = વિરોધ કરનારો. **अवरुणद्धि इति = अवरोधी** = અવરોધ કરનારો.

वेर्दहः ॥ ५–२–६४ ॥

વર્તમાનકાલના વિષયમાં વિ ઉપસર્ગ સહિત દહ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'घिनण्' પ્રત્યય લાગે છે. ૫૫૨ **दहं–विदहतीति = वि + दह् + इन् + सि = विदहिन् = विदाही** = વધારે બળતરા કરનારો. બળતરીયો.

परेर्देवि–मुहश्च ॥ ५–२–६५ ॥

પરિ ઉપસર્ગ સહિત ણ્યન્ત એવા દિવ્ ધાતુ. દેવ્, મુહ્ અને દહ્ ધાતુને, વર્તમાનકાલના અર્થમાં શીલાદિ અર્થ જણાતે છતે 'घिनण्' પ્રત્યય લાગે છે. ૧૧૪૪ **दिवूच्, ८१७ देवृङ्– परिदेवयते, परिदेवते वा इति = परि + देव् + इन् + सि = परिदेवी** = ખેદ કરનારો. ૧૨૩૮ **मुहोच् – परिमुह्यतीति = परिमोही** = મોહ પામનારો ૫૫૨ **दहं – परिदहतीति = परिदाही** = દાહ કરનારો.

क्षिप–रटः ॥ ५–२–६६ ॥

વર્તમાનકાલના વિષયમાં પરિ ઉપસર્ગ સહિત ક્ષિપ્ અને રટ્ ધાતુને, શીલાદિ અર્થ જણાતે છતે 'घिनण्' પ્રત્યય લાગે છે. ૧૧૫૮ **क्षिपंच्, १३१७ क्षिपींत – परिक्षिप्यति, परिक्षिपति इति = परिक्षेपी** = ચારેબાજુ ફેંકનારો. ૨૧૧ **रट–परिरटतीति = परिराटी** = બરાડા પાડનારો.

वादेश्च णकः ॥ ५–२–६७ ॥

वर्तमानकालना विषयमां परि उपसर्ग सहित एयन्त एवा वद् धातुने तथा क्षिप् अने रट् धातुने शीलादि अर्थमां 'णुक' प्रत्यय लागे छे. ९९८ **वद् – परिवादयतीति = परिवद् + णक + सि =परिवादकः**=निंदक **परिक्षिप्यति, परिक्षिपतीति=परिक्षिपकः** = चारे बाजुथी फेंकनारो. **परिरटतीति = परिराटकः** = बराडा पाडनारो.

निन्द–हिंस–क्लिश–खाद–विनाशि–व्याभाषा–ऽसूया–ऽनेकस्वरात् ॥ ५–२–६८ ॥

वर्तमानकालना विषयमां निन्द् वगेरे धातुने, शीलादि अर्थमां 'णुक' प्रत्यय लागे छे. ३११ **णिदु – निन्दतीति = निन्दकः** = निंदा करनारो. १४९४ **हिसुप् = हिनस्तीति = हिंसकः** = हिंसा करनारो. १२७६ **क्लिशिच्, १५५७ क्लिशौश्–क्लिश्यति, क्लिश्नातीति = क्लेशकः** = क्लेश करनारो. २९४ **खाद – खादतीति = खादकः** = खानारो. १२०२ **नशौच् – विनाशयति इति = विनाशकः** = विनाश करनारो. ८३२ **भाषि – व्याभाषते इति = व्याभाषकः** = विरुद्ध बोलनारो. १२२१ **असूच् – असूयते इति = असूयकः** = असूया करनारो. १०९४ **चकासृक् – चकास्तीति = चकासकः** = शोभनारो.

उपसर्गात् देवृ–देवि–क्रमः ॥ ५–२–६९ ॥

वर्तमानकालना विषयमां उपसर्गथी पर रहेल देव्, एयन्त एवो दिव् तथा क्रम् धातुने शीलादि अर्थमां 'णुक' प्रत्यय लागे छे. ८१७ **देवृङ् – आदेवते इति = आदेवकः** = क्रिडा करनारो. ११४४

दिवृच् – परिदेवयतीति = परिदेवकः = ખેદ કરનારો. ૯૮૬ क्रुशं – आक्रोशतीति = आक्रोशकः = આક્રોશ કરનારો.

वृङ्–भिक्षि–लुण्टि–जल्पि–कुट्टात् टाकः ॥ ५–२–७० ॥

વર્તમાનકાલના વિષયમાં વૃङ્ વગેરે ધાતુને, શીલાદિ અર્થમાં 'टाक' પ્રત્યય લાગે છે. ૧૫૬૭ वृङ्शृ – वृणीते इति = वृ + टाक + सि = वराकः = સેવક, ભિચારો. वराक + ङी + सि = वराकी = સેવિકા, દાસી ભિચારી. ૮૮૦ भिक्षि – भिक्षयतीति = भिक्षाकः = ભિક્ષક, ભિખારી. ૨૦૭ लुटु – लुण्टतीति = लुण्टाकः = લુંટારો. ૩૩૭ जल्प – जल्पतीति = जल्पाकः = વિતંડાવાદી. ૧૫૯૮ कुट्टण् – कुट्टयतीति = कुट्टाकः = નિંદક, કૂટનારો. ટકાર સ્ત્રીલિંગમાં ङी કરવા માટે છે.

प्रात् सू जोरिन् ॥ ५–२–७१ ॥

વર્તમાનકાલના વિષયમાં પ્ર ઉપસર્ગ સહિત सू અને जू ધાતુને, શીલાદિ અર્થમાં 'ઇન્' પ્રત્યય લાગે છે. ૧૧૦૭ षूङोक् – प्रसूते इति = प्र + सू + इन् + सि = प्र + सव् + इन् + सि = प्रसवी = જન્મ આપનાર. ૫૯૬ जुङ्–जवतीति=प्रजवी = વેગથી ચાલનારો

जी–इ–क्षि–विश्रि–परिभू–वमा–ऽभ्यमव्यथः ॥ ५–२–७२ ॥

વર્તમાનકાલના વિષયમાં જિ વગેરે ધાતુને, શીલાદિ અર્થમાં 'ઇન્' પ્રત્યય લાગે છે. ૮. जि – जयतीति = जयी = જય કરનાર. ૧૦૭૫ इंण्क् – अत्येति इति = अत्ययी = ચુકમ કરનારો. ૧૪૬૬ दृङ्त् – आद्रियते इति = आदरी = આદર કરનાર. ૧૦ क्षि – क्षयतीति = क्षयी = ક્ષયવાળો. ૮૮૩ श्रिग् – विश्रयतीति =

विधथी = सेवा કરનારો. १ भू – परिभवतीति = परिभवी = પરિભવ કરનારો. ૯૬૯ डुवमू – वमतीति =वमी = વમન કરનારો. ३९२ अभ – अभ्यतीति = अभ्यमी = સામે જનારો. १००२ व्यथिष् – न व्यथते इति = अव्यथी = વ્યથા નહિ કરનારો.

सृ घस्यदो मरक् ॥ ५–२–७३ ॥

વર્તમાનકાલના વિષયમાં સૃ, घस् અને अद् ધાતુને, શીલાદિના અર્થમાં 'मरक्' પ્રત્યય લાગે છે. २५ सृ – सरतीति = सृमरः = સરકનારો. ५४४ घस्लृ – घस्तीति = घस्मरः = ખાનારો. १०५९ अदंक् – अत्तीति = अक्षरः = ખાનારો.

भञ्जि–भासि–भिदो घुरः ॥ ५–२–७४ ॥

વર્તમાનકાલના વિષયમાં भञ्ज्, भास् અને भिद् ધાતુને, શીલાદિ અર્થમાં 'घुर्' પ્રત્યય લાગે છે. १४८६ भञ्जौप् – भनक्ति इति = भङ्गुरम् = નાશ પામનારું. ८४६ भासि–भासते इति=भासुरः = તેજસ્વી ९४४ ञिमिदाङ् ११८० ञिमदाच्–मेदते मेद्यतीति = मेदुरम = ઘર્ષિત.

वेत्ति–च्छिद्–भिदः कित् ॥ ५–२–७५ ॥

વર્તમાનકાલના વિષયમાં, विद्, छिद् અને भिद् ધાતુને, શીલાદિના અર્થમાં कित् એવો घुर् – 'घुरच्' પ્રત્યય લાગે છે. १०९९ विदक् –वेत्तीति = विदुरः=જાણનાર, विदुर. १४७८ छिदंपी–छिनत्तीति = छिदुरः = છેદનાર. १४७७ भिदंपी = भिनत्तीति = भेदुरः = ભેદનાર.

भियो रु–रुक–लुकम् ॥ ५–२–७६ ॥

વર્તમાનકાલના વિષયમાં ભિ ધાતુને, શીલાદિ અર્થમાં ' ૩, ૩ક ' અને ' લુક ' પ્રત્યયો લાગે છે. ૧૧૩૨ **ञिभींक् - बिभेतीति = भीरुः, भीरुकः, भीलुकः** = બીકણ.

सृ-जीण्-नशः ट्वरम् ॥ ५-२-७७ ॥

વર્તમાનકાલના વિષયમાં સૃ, જિ ઇણ્ અને નશ્ ધાતુને, શીલાદિના અર્થમાં કિત્ એવો ' ટ્વરપ્ ' પ્રત્યય લાગે છે. ૨૫ **सृं-सरतीति = सृत्वरः** = ચાલનારો. **सृत्वरी** = ચાલનારી. ૮ **जिं - जयतीति = जित्वरः** = જીતનારો. **जित्वरी** = જીતનારી. ૧૦૭૫ **इंण्क्-एति इति = इत्वरः, इत्वरी** = નાશવંત. ૧૨૦૨ **नशौच् - नश्यतीति = नश्वरः** = નાશ પામનારો.

गत्वरः ॥ ५-२-७८ ॥

વર્તમાનકાલના વિષયમાં ગમ્ ધાતુને ત્વરપ્ પ્રત્યય લાગતા શીલાદિના અર્થમાં ગત્વર એ પ્રમાણે ' નિપાતન ' થાય છે ૩૯૬ **गम्लृं - गच्छतीति = गत्वरः**=ગતિ કરનાર **गत्वरी**=ગતિ કરનારી.

स्म्यजस-हिंस-दीप-कम्प-कम-नमो-रः ॥ ५-२-७९ ॥

વર્તમાનકાલના વિષયમાં સ્મિ વગેરે ધાતુને, શીલાદિના વિષયમાં ' ર ' પ્રત્યય લાગે છે ૫૮૭ **ष्मिङ् - स्मयते इति = स्मि + र + सि (अम्) = स्मेरम्** = વિકસિત ૧૨૨૩ **जसूच्-न जस्यतीति = अजस्रम्** = સાતત્ય. ૧૪૯૪ **हिंसुप् - हिनस्तीति = हिंस्रः** = ૧૧૪૪ **दीपूच् - दीप्यते इति = दीप्रः** = દીપનાર. ૭૫૭ **कपुङ् - कम्पते इति = कम्प्रः** = કંપનાર ૭૮૯ **कमूङ् - कामयते इति = कम्रः** = કંપનાર. ૩૮૮ **णमं - नमतीति = नम्रः**=નમનાર.

तृषि–धृषि–खपो नजिङ ॥ ५–२–८० ॥

वर्तमानकालना विषयमां तृष् वगेरे धातुने, शीलादिना अर्थमां 'नांजङ्' प्रत्यय लागे छे. १२१२ **जितृषच्**, – **तृष्यतीति = तृष्+नजिङ्=तृष्णक्** = तृष्णावाळो. १३१२ **जिधृषाट्** – **धृष्णाति इति = धृष्णाक्** = धृष्ट. १०८८ **जिष्वपंक्** – **स्वपीति इति = स्वप्नक्** = सुई रहेनारो **स्वप्नजौ** = बे सुई रहेनारा.

स्थेश भास–पिस–कसो वरः ॥ ५–२–८१ ॥

वर्तमानकालना विषयमां स्था वगेरे धातुने शीलादिना अर्थमां 'वर' प्रत्यय लागे छे. ५ **ष्ठां** – **तिष्ठतीति = स्था + वर = स्थावरः** = गति वगरनुं, स्थिर रहेनार. ८३३ **ईष** – **ईष्टे इति = ईश्वरः**=ईश्वर. ७४६ **भासि–भासते इति = भास्वरः** = दीपनार. ५४६ **पिसृ** – **पेसतीति = पेस्वरः** = चालनार. ९८७ **कस** – **विकसतीति=विकस्वरः** = विकसनार.

यायावरः । ५–२–८२ ॥

वर्तमानकालना विषयमां यङ् प्रत्ययान्त एवा या धातुने, शीलादिना विषयमां 'वर' प्रत्यय लागे छे. १०६२ **यांक्** – **भृशं पुनः पुनर्वा यतीति = यायवरः** = कुटिल गतिवाळो.

दिद्युद्–दद्द् जगज्जुहू–वाक्–प्राट्–धी–श्री–हु–सु–ज्वायतस्तू–कटप्रू–परिव्राट्–अजादयः क्विप् ॥ ५–२–८३ ॥

वर्तमानकालना विषयमां क्विप् प्रत्ययान्त एवा दिद्युत् वगेरे

શબ્દો ' **निपातन** ' થાય છે. ૯૩૭ **द्युति–द्योतते इति = द्युत्** = ખૂબ દીપનારો. ૧૫૩૫ **दृशू – दृणातीति** = ફાડનારો. ૩૯૬ **गम्लृ – गच्छतीति=जगत्** = ગતિવાળું. ૧૧૩૦ **हुंक् –जुहोतीति = जुहुः** = હોમ કરનારો. ૧૦૯૬ **वचंक् – वक्ति इति = वाक्** = વાણી. ૧૩૪૭ **प्रछंत्–पृच्छतीति = तत्त्वम् पृच्छति = तत्त्वप्राट्** =તત્ત્વને પૂછનારો. ૧૧૩૯ **डुधांगक् , ३० धैं–दधाति ध्यायतीति = धीः** = બુદ્ધિ. ૮૮૩ **श्रिग् – श्रयतीति = श्रीः** = લક્ષ્મી. ૧૩ **द्रुं–शतं द्रवतीति = शतद्रूः**= શતલજ નદી. ૧૫ **स्रुं – स्रवतीति = स्रुः** = ઝરનાર. ૫૯૬ **जुङ् – जवतीति = जूः** =વેગથી ચાલનારો. ૧૧૨૪ **ष्टुंगक् – आयतं स्तौतीति = आयतस्तूः** = લાંબી સ્તુતિ કરનારો. ૫૯૭ **ध्रुंङ् – कटं प्रवते इति = कटप्रूः** = નદીતીર. ૧૩૭ **व्रज – परिव्रजाति = परिव्राट्** = સાધુ. ૬૬૧ **भ्राजि – विभ्राजते इति=विभ्राट्**=વિશેષ દીપનાર. "**तृज्०[५–२–२७]**" એ સૂત્રથી આ "**द्युद्०** [५–२–८३]" સૂત્ર સુધી શીલાદિ શીલ-સ્વભાવ, કુલધર્મ અને સાધુ – સારૂ શબ્દની અનુવૃત્તિ જોવાની છે. જે **इति** છે. ત્યાં **इत्येवं शीलः इत्यादि** વ્યુત્પત્તી સમજીને એવા સ્વભાવવાળો વગેરે અર્થ સમજવો.

शम्–सम्–स्वयम्–वि–प्राद् भुवो डुः ॥ ५–२–८४ ॥

વર્તમાનકાલના વિષયમાં **शम्** વિગેરે ઉપસર્ગ સાથે **भू** ધાતુને, ' **डु** ' પ્રત્યય લાગે છે. ૧ **भू – शं भवति यस्मात् इति = शम् + भू + डु + सि = शम्भुः** = મહાદેવ. **संभवतीति सम्भुः**=સારી રીતે થનાર. **स्वयं भवतीति = स्वयम्भुः** = બ્રહ્મા. **विभवतीति = विभुः** = પરમેશ્વર. **प्रभवतीति = प्रभुः** = ઈશ્વર.

पुव इत्रो दैवते ॥ ५–२–८५ ॥

વર્તમાનકાલના વિષયમાં પૂ ધાતુને, દેવરૂપ કર્તા અર્થમાં ' ઇત્ર ' પ્રત્યય લાગે છે. ૧૫૧૮ **पूग्श् – पुनातीति = पू + इत्र = पव् + इत्र + सि = पवित्रः अर्हन्** = અરિહંત પવિત્ર છે. અરિહંત પવિત્ર કરનાર છે.

ऋषि नाम्नोः करणे ॥ ५–२–८६ ॥

વર્તમાનકાલના વિષયમાં કરણ અર્થમાં, ઋષિ અને સંજ્ઞાનો વિષય હોય તો, પૂ ધાતુને, ' ઇત્ર ' પ્રત્યય લાગે છે. १ **पू – पूयते येन इति = पवित्रोऽयमृषिः** = જેના વડે પવિત્ર થવાય છે એવા આ ઋષિ છે **पवित्रम् दर्भः** = ડાભ નામનું ઘાસ પવિત્ર દર્ભનું પર્યાય છે.

लू–धू–सू–खन–चर–सहा–ऽर्तेः ॥ ५–२–८७ ॥

વર્તમાનકાલના વિષયમાં લૂ વગેરે ધાતુને, કરણ અર્થમાં ' ઇત્ર ' પ્રત્યય લાગે છે. ૧૫૧૯ **लूग्श् – लूयते येन इति = लवित्रम्** = દાતરડું. ૧૪૩૦ **धूत् – धूवति अनेनेति = धवित्रम्** = પંખો વગેરે ૧૩૩૨ **धूत् – सुवति अनेनेति = सवित्रम्** = જેના વડે પ્રેરણા થાય તે. ૯૧૩ **खन्ग् – खनति अनेनेति = खनित्रम्** = કોદાળી વગેરે. ૪૧૦ **चर–चरति अनेनेति = चरित्रम्** = ચરિત્ર. ૯૯૦ **षहँ – सहते अनेनेति = सहित्रम्** = જેના વડે સહન કરાય તે. २६ **ऋं, ११३५ ऋंक् – इच्छति, इयर्ति अनेनेति = अरित्रम्** = હલેસું. સુકાન.

नी–दाव्–शसु–यु–युज–स्तु–तुद–सि–सिंच–मिह–पत–पा–नहः त्रट् ॥ ५–२–८८ ॥

વર્તમાનકાલના વિષયમાં ની વગેરે ધાતુને, કરણ અર્થમાં 'ત્રટ્' પ્રત્યય લાગે છે. ૮૮૪ **णींङ् – नीयते येनेति = नेत्रम्** = આંખ. ૧૦૭૦ **दांप्क् –दाति अनेनेति = दात्रम्** = દાતરડું વગેરે. ૫૪૯ **शस् –शस्यते येनेति=शस्त्रम्**=શસ્ત્ર. ૧૦૮૦ **युक्–यौति येनेति =योत्रम्** = જોતર. ૧૪૭૬ **युजृंपी – युनक्ति येन इति = योक्त्रम्** = જોતર ૧૧૨૪ **ष्टुंगक् - स्तौति येनेति = स्तोत्रम्** = સ્તોત્ર. ૧૩૧૫ **तुदींत् – तुदति येनेति = तोत्त्रम्** = જેના વડે વ્યથા કરાય તે. ૧૨૮૬ **षुंगद् – सिनोति येनेति = सेत्रम्** = દોરડી. રાજ. ૧૩૨૧ **षिचींत् - सिञ्चति येनेति = सेक्त्रम्** = ઝારી. ૯૬૨ **पल्ल् – पतति अनेनेति - पत्त्रम्** = પાંદડું. ૫૫૧ **मिहं–मेहति अनेनेति = मेढ्रम्** = પુરૂષ ચિહ્ન, ઉપસ્થ. ૨ પાં, ૧૦૬૭ **पांक्–पिबति, पाति–रक्षति यया = पात्रम्** = ભાજન. **पात्री** = પાત્રી. ૧૨૮૫ **णहींच् – नह्यति येनेति = नधी** = વાધરી.

हल–क्रोड–आस्ये पुवः ॥ ५–२–८९ ॥

વર્તમાનકાલના વિષયમાં પૂ ધાતુને કરણ અર્થમાં 'ત્રટ્' પ્રત્યય લાગે છે. જો હલનું મુખ – હલનો આગલો ભાગ અથવા ડુક્કરનું મોઢું એવો અર્થ જણાતો હોય તો. ૧૫૧૮ **पूगश्, ६०० पूङ्–पुनाति, पवते वा येन इति = पात्रम्** = હળનો આગલો ભાગ અથવા વરાહ – ડુક્કરનું મુખ.

दंशेः त्रः ॥ ५–२–९० ॥

વર્તમાનકાલના વિષયમાં દંશ્ ધાતુને, કરણ અર્થમાં 'ત્ર' પ્રત્યય લાગે છે. ૪૯૬ **दंशं – दशति अनया इति = दंष्ट्रा** = દાઢ.

धात्री ॥ ५–२–९१ ॥

વર્તમાનકાલ સૂચવતા કર્મ અર્થમાં ટ્ધે અને ધા ધાતુને, ત્ર પ્રત્યયાન્ત એવો ધાત્રી શબ્દ '**નિપાતન**' થાય છે. **૨૮ ટ્ધે-૧૧૩૯ डुधांग्क्-धयन्ति याम्=धात्री**=ધાવ માતા. **दधति याम् = धात्री** = આમલકી, આંબળાનું ઝાડ.

ज्ञानेच्छा-ऽर्चा-ऽर्थ-ञीच्छील्यादिभ्यः क्तः ॥ ५-२-९२ ॥

વર્તમાનકાલના વિષયમાં જ્ઞાનાર્થક ધાતુઓ, ઇચ્છાર્થક ધાતુઓ, અર્ચાર્થક ધાતુઓ, ધાતુપાઠમાં જણાવેલ ઞિ અનુબંધવાળા ધાતુઓ તથા શીલાદિ ધાતુઓને '**કત**' પ્રત્યય લાગે છે. **૧૫૪૦ ज्ञांश् – राज्ञां ज्ञातः** = રાજાઓને જાણનારો. **૧૪૧૯ इषत्-राज्ञां इष्टः** = રાજાઓને ઇષ્ટ. **૧૫૮૬ पूजण् – राज्ञां पूजितः** = રાજાઓને પૂજનારો. **૯૪૪ ञिमिदाङ्, ૧૧૮૦ ञिमिदाच् – मेदते, मेद्यति = मिन्नः**=ચિકાશવાળો, ધાતુ. **૧૯૧૩ शीलण्-शीलयतीति = शीलितः** = શીલવાળો, **૫૬૭ रक्ष – रक्षतीति = रक्षितः** = રક્ષણ કરનારો.

उणादयः ॥ ५-२-९३ ॥

વર્તમાનકાલના વિષયમાં ધાતુને 'ઉણ્' વગેરે પ્રત્યયો લાગે છે.

૮૮૮ डुकृंग् – करोतीति = कृ + उण् + सि = कारुः = કારીગર.
૧૧૧૪ ईडिक् – ईट्टे इति=इड् + उ + सि = इडुः=સ્તુતિ કરનારો.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत गुर्जरभाषाया बालावबोधिनीवृत्तेः पञ्चमाऽध्यायस्य द्वितीयपादः ॥

[अथ तृतीयपादः]

वर्त्स्यति गम्पादिः ॥ ५-३-१ ॥

ભવિષ્યકાળના વિષયમાં ઇન્ પ્રત્યયાન્ત એવા ગમી વગેરે શબ્દો 'નિપાતન' થાય છે. ૩૯૬ **गम्लृ – गमिष्यतीति = गमी ग्रामम्** = ગામ જનાર. ગામમાં જશે.

वा हेतुसिद्धौ क्तः ॥ ५-३-२ ॥

ભવિષ્યકાળના વિષયમાં ધાતુને, 'કત' પ્રત્યય લાગે છે. જો ક્રિયાનો હેતુ સિદ્ધ થયો જણાતો હોય તો. ૯૬૨ **पत्लृ – सम् + पत् + क्त + जस् = सम्पत् + न + अस् = सम्पन्नाः, सम् + पत् +स्यन्ते=सम्पत्स्यन्ते, मेघश्चेद् वृष्टः सम्पन्नाः सपत्स्यन्ते वा शालयः** = જો વરસાદ વરસશે તો ડાંગર ઉત્પન્ન થશે.

कषोऽनिटः ॥ ५-३-३ ॥

ભવિષ્યકાળના અનિટ્ એવા કષ્ ધાતુને, કષ્ટ અને ગહન અર્થમાં 'કત' પ્રત્યય લાગે છે. ૫૦૭ **कष – कषिष्यतीति = कष् + क्त + सि (अम्) = कष्टम्** = કષ્ટ. **कषिष्यन्तीति = कष् + क्त + आ + सि = कष्टाः दिशः तमसा** = અંધકારથી દિશાઓ ગહન થશે.

भविष्यन्ती ॥ ५-३-४ ॥

ભવિષ્યકાળના વિષયમાં ધાતુને 'ભવિષ્યન્તી' વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૧૪૮૭ **भुजंप् – भुज् + स्यते = भुक् + स्यते**

= **भोक्ष्यते** = ખાશે. આજના ચોવિશ કલાકના કાળને **'भविष्यकाळ'** કહેવાય છે.

अनद्यतने श्वस्तनी ॥ ५–३–५ ॥

અનદ્યતન ભવિષ્યકાળના વિષયમાં ધાતુને **' श्वस्तनी '** વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૮૮૮ **डुकृंग्** – कृ+ ता=कर्ता=તે આવતી કાલે કરશે. આજની ચોવીશ કલાક પછીના કાળને **' श्वस्तनी '** કહેવાય છે.

परिदेवने ॥ ५–३–६ ॥

પરિદેવન – વિલાપ અથવા ચિંતા અર્થમાં ભવિષ્યકાળના વિષયમાં ધાતુને **' श्वस्तनी '** વિભક્તિના પ્રત્યયો લાગે છે. **गम् + ता = गन्ता** = તે જશે. **इयं तु कदा गन्ता या इयं पादौ निधत्ते** = આ તો ક્યારે પહોંચશે ? આ રીતે પગલા માંડે છે.

पुरा यावतोर्वर्तमाना ॥ ५–३–७ ॥

પુરા અને યાવત્ ઉપપદ રહેતે છતે, ભવિષ્યકાળના વિષયમાં ધાતુને **' वर्तमाना '** વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૧૪૮૭ **भुजंपु** – **पुरा भुङ्क्ते** = પહેલા ખાશે, પહેલા ખાનારો છે. **यावद् भुङ्क्ते** = અમુક સમય સુધી ખાશે, અમુક સમય સુધી ખાનારો.

कदा–कर्हीनेवां ॥ ५–३–८ ॥

કદા અને કર્હિ શબ્દ ઉપપદ રહેતે છતે, ભવિષ્યકાળના વિષયમાં ધાતુને **' वर्तमाना '** વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. **कदा भुङ्क्ते, भोक्ष्यते, भोक्ता वा** = ક્યારે ખાશે ! ક્યારે ખાનારો છે. **कर्हि भुङ्क्ते, भोक्ष्यते, भोक्ता वा**=ક્યારે ખાશે ! ક્યારે ખાનારો છે !

किंवृत्ते लिप्सायाम् ॥ ५-३-९ ॥

લિપ્સા – કંઇક મેળવવા ઇચ્છતો હોય એવા અર્થમાં, વિભક્તિવાળા કિમ્ શબ્દ તથા ડતર અને ડતમ પ્રત્યયાન્ત કિમ્ શબ્દ ઉપપદ રહેતે છતે, ભવિષ્યકાળના વિષયમાં ધાતુને '**વર્તમાના**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૧૧૩૮ डुदांङ्क् – **दा + ति = ददाति, दा + स्यति=दास्यति, दा + ता = दाता. को भवतां भिक्षां ददाति, दास्यति दाता वा** = તમારામાંથી કોણ ભિક્ષા આપશે, **कतरः कतमः वा भवतां भिक्षां ददाति, दास्यति, दाता वा** = તમારામાંથી કઈ વ્યક્તિ ભિક્ષા આપશે.

लिप्स्यसिद्धौ ॥ ५-३-१० ॥

જે વસ્તુ મેળવવાની હોય એના દ્વારા ફળની સિદ્ધિ જણાતી હોય તો ભવિષ્યકાળના વિષયમાં ધાતુને '**વર્તમાન**' વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. ૧૦૬૨ यांक्-**यो भिक्षां ददाति, दास्यति, दाता वा स स्वर्गलाकं याति, यास्यति, याता वा** = જે કોઈ ભિક્ષા આપશે તે સ્વર્ગલોકમાં જશે.

पञ्चम्यर्थहेतौ ॥ ५-३-११ ॥

જે અર્થમાં ધાતુને પંચમી વિભક્તિના પ્રત્યય લાગે છે, તે અર્થની સિદ્ધિ જણાતી હોય, તો ભવિષ્યકાળના વિષયમાં ધાતુને '**વર્તમાના**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૧૧૦૪ इंङ्क्-**अधि + इ + स्व = अधीस्व, उपाध्यायश्चेदागच्छति, आगमिष्यति, आगन्ता वा, अथ त्वं सूत्रमधीस्व** = જો ઉપાધ્યાય અત્યારે અથવા કાલે આવનાર હોય; તો તું સૂત્રને ભણજે! પંચમીનો અર્થ - પ્રાર્થના – માંગણી – હું આમ કરવા ઇચ્છું છું. પ્રેષ-તિરસ્કાર

પૂર્વકની પ્રેરણા, અનુજ્ઞા – સંમતિ. વિધિ – ક્રિયામાં પ્રેરણા, અવસર – કાર્યનો યોગ્ય સમય. નિયંત્રણ – પ્રેરણા કર્યા બાદ તે પ્રમાણે ન વર્તવામાં આવે તો પ્રાયશ્ચિત લેવું પડે તે. આમન્ત્રણ – પ્રેરણા કર્યા પછી કરવું કે ન કરવું તે કર્તાની મરજી પર આધાર રાખે તે.

सप्तमी चोर्ध्वमौहूर्तिके ॥ ५–३–१२ ॥

જે અર્થને જણાવના ધાતુને પંચમી વિભક્તિના પ્રત્યયો લાગે છે, તે અર્થની સિદ્ધિનો હેતુ એક મુહૂર્ત પહેલા જણાતો હોય, તો ભવિષ્યકાળના વિષયમાં ધાતુને '**वर्तमाना**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **ऊर्ध्वं मुहूर्तादुपाध्यायश्चेदागच्छेत्, आगच्छति, आगन्ता, आगमिष्यन्ति वा, अथ त्वं तर्कमधीष्व**=મુહૂર્ત પહેલા ઉપાધ્યાય અત્યારે, આજે કે કાલે આવનાર હોય, તો તું તર્ક ભણજે.

क्रियायां क्रियार्थायां तुमुं–णकच्–भविष्यन्ती ॥ ५–३–१३ ॥

એક ક્રિયા બીજી ક્રિયાના હેતુરૂપ જણાતી હોય, ત્યાં પ્રથમ ક્રિયાસૂચક ધાતુને, ભવિષ્યકાળના વિષયમાં '**तुम्, णकच्**' પ્રત્યય તથા '**भविष्यन्ती**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **कृ + तुम् = कर्तुम् याति** = કરવા માટે જાય છે. **कृ + णकच्=कारकः याति** = કરનારો જાય છે. **कृ + स्यामि = करिष्यामि इति याति** =હું કરીશ માટે જાય છે.

कर्मणोऽण् ॥ ५–३–१४ ॥

જ્યાં એક ક્રિયા માટે બીજી ક્રિયા થતી જણાતી હોય, ત્યાં કર્મવાચક નામ પછી આવેલ ધાતુને, ભવિષ્યકાળના વિષયમાં '**अण्**'

પ્રત્યય લાગે છે **कुम्भं करिष्यामि इति = कुम्भ + कृ + अण् + सि = कुम्मकारः याति** = ઘડો કરવાનો છે માટે કુંભાર જાય છે.

भाववचनाः ॥ ५-३-१५ ॥

એક ક્રિયા માટે બીજી ક્રિયા થતી જણાતી હોય, ત્યાં પહેલી ક્રિયાસૂચક ધાતુને, ભવિષ્યકાળના વિષયમાં ' **भाववाचक** ' પ્રત્યયો લાગે છે. ૮૯૨ **दुपचींष् - पच् + घञ् · ङे = पाकाय याति** = રાંધવાનું છે માટે જાય છે. **पच् + क्ति + ङे = पक्तये याति** = રાંધવાનું છે માટે જાય છે. **पच् + अन + ङे = पचनाय याति** = રાંધવાનું છે માટે જાય છે.

पद-रुज-विश-स्पृशो घञ् ॥ ५-३-१६ ॥

પદ્, રુજ્, વિશ્ અને સ્પૃશ્ ધાતુને કર્તા અર્થમાં ' **घञ्** ' પ્રત્યય લાગે છે. ૧૨૫૭ **पदिच् - पद्यते, पत्स्यते, अपादि पेदे वा इति = पद् + घञ् + सि = पादः** = જે ગતિ કરે છે તે-પગ. ૧૩૫૦ **रूजोंत् रूजति इति = रुज् + घञ् + सि = रोगः** = પીડા કરે તે - રોગ. ૧૪૧૫ **विशंत् - विशति इति = वेशः** = પ્રવેશ કરે તે - વેશ, ઘર, વેશ્યાનું રહેઠાણ. ૧૪૧૨ **स्पृशंत् = स्पृशति इति = स्पृशः** = સ્પર્શ. **घञ्** પ્રત્યય વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળનો સૂચક છે.

सर्तें स्थिर-व्याधि-बल-मत्स्ये ॥ ५-३-१७ ॥

સૃ ધાતુને, સ્થિર, વ્યાધિ, બલ અને મત્સ્યરૂપ કર્તા અર્થમાં ' **घञ्** ' પ્રત્યય લાગે છે. ૨૫ **सृं - सरति कालान्तरम् इति = सृं + घञ् + सि = सारः** = જે લાંબો કાળ ટકે તે સાર - સ્થિર. **अतिसरति इति = अतिसारः** = વ્યાધિ. **सरति इति = सारः** = બળ. **विसरति इति = विसारः** = ભાજ્યું.

भावाऽकर्त्रोः ॥ ५–३–१८ ॥

ભાવ અર્થ જણાવવા તથા કર્તા અર્થ સિવાયના કારકના અર્થને જણાવવા, ધાતુને ' घञ् ' પ્રત્યય લાગે છે. **पचनम् = पच् + घञ् + सि = पाकः** = રાંધવું **यं प्रकुर्वन्ति सः = प्र + आ + कृ + घञ् + सि = प्राकारः** = જેને લોકો કરે–ચણે તે – કિલ્લો. **दीयते इति = दा + घञ् = दाय् + घञ् + सि = दायः दत्तः** = દેવામાં આવે તે – ભાગ આપ્યો. ' घञ् ' પ્રત્યય કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ એ પાંચ કારકનો સૂચક છે.

इङोऽपादाने तु टिद् वा ॥ ५–३–१९ ॥

ભાવ અર્થમાં અને કર્તા સિવાયના કારક અર્થમાં ' घञ् ' પ્રત્યય લાગે છે. પરંતુ અપાદાન અર્થમાં ટિદ્ સહિત घञ् પ્રત્યય લાગે છે અર્થાત્ ' ट्घञ् ' પ્રત્યય લાગે છે. ભાવ – **११०४ इङ्क् – अधीयते इति = अधि + इ + घञ् + सि = अध्यायः** = અધ્યાય – ભણવું. કર્મ – **य अधीयते स अध्यायः** = અધ્યાય–ભણવાનું એક પ્રકરણ. અપાદાન – **उप–समीपम् उपेत्य अधीयते यस्मात् सः = उपध्यायः, उप + अधि + इ + ट्घञ् + सि=उपाध्यायः** = જેની પાસે આવીને લોકો – વિદ્યાર્થી ભણે તે – ઉપાધ્યાય. **उपाध्यायी, उपाध्याया, उपाध्यायनी** = ભણાવનારી સ્ત્રી.

श्रौ वायु–वर्ण–निवृत्ते ॥ ५–३–२० ॥

ભાવ અર્થમાં અને કર્તા સિવાય કારક અર્થમાં ધાતુને, વાયુ, વર્ણ–રંગ અને નિવૃત્ત–ઓઢવાના સાધન અર્થમાં ' घञ् ' પ્રત્યય લાગે છે. **१५३१ शॄश् – शीर्यते औषधादिभिः = शारः** = ઔષધાદિ દ્વારા જેનો નાશ કરાય તે – વાયુનો વિકાર. **मालिन्येन**

शीर्यते यः सः = शारः – वायुर्वर्णो वा = મલિનતા દ્વારા જે બગાડી શકાય તેવો વર્ણ – કાબરચીતરો રંગ. **शीताद्युपद्रवः येन निशीर्यते इति = नीशारः – प्रवरणम्** = જેના વડે ઠંડી વગેરેનો ઉપદ્રવ નાશ કરી શકાય તે-ધાબળો.

निरभेः पू–ल्वः ॥ ५–३–२१ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં નિર્ ઉપસર્ગ સહિત પૂ ધાતુને અને અભિ ઉપસર્ગ સહિત લૂ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. ૬૦૦ **पूङ् – निष्पूयते इति = निर् + पू + घञ् + सि = निष्पावः** = વાલ. ૧૫૧૯ **लूग्श् = अभिलूयते इति = अभिलावः** = કાપણી.

रोरुपसर्गात् ॥ ५–३–२२ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉપસર્ગ સહિત રુ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. ૧૦૮૫ **रुक्–संरूयते–संरवणम् = सम् + रु + घञ् = संरावः** = અવાજ.

भू–श्रयश्च ॥ ५–३–२३ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉપસર્ગ સહિત ભૂ, શ્રિ અને અદ્ ધાતુને 'अल्' પ્રત્યય લાગે છે. ૧ **भू–प्रभूयते – प्रभवणम् = प्र + भू + अल् + सि = प्रभवः** = ઉત્પત્તિ ૮૮૩ **श्रिग् – संश्रीयते लोकैः यत्र सः = संश्रयः** = જ્યાં લોકો આશ્રય લે તે-આશ્રયસ્થાન. ૧૦૫૯ **अदंक् – विशेषेण अदनम् – वि + अद् + अल् = वि + घस् + अल् + सि = विघसः**=વિશેષ ખાવું. "**परोक्षायाम्०** [૪–૪–૧૮]" એ સૂત્રથી અદ્નો **घस्** આદેશ થાય છે.

न्यादो नवा ॥ ५–३–२४ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં નિ ઉપસર્ગ સહિત અદ્ ધાતુને અલ્ પ્રત્યયાન્ત એવો न्याद शब्द વિકલ્પે **'નપાતન'** થાય છે. **न्यदनम्–न्यादः, निघसः**=નિરંતર ખાવું.

सम्–नि–व्युपाद् यमः ॥ ५–३–२५ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં સમ્, નિ, વિ અને ઉપ ઉપસર્ગ સહિત યમ્ ધાતુને **' अल् '** પ્રત્યય વિકલ્પે લાગે છે. ૨૮૬ **यमूं = संयमनम् = सम् + यम् + अल् + सि = संयमः** = સંયમ. **नियमनम् = नियमः** = નિયમ. **वियमनम् = वियमः** એક વાંભ એક પ્રકારનું માપ. **उपयमनम् = उपयमः** = કન્યાનો સ્વીકાર - પરણવું **पक्षे–संयामः, नियामः, वियामः, उपयामः**

नेर्नद–गद–पठ–स्वन–क्वणः ॥ ५–३–२६ ॥

નિ ઉપસર્ગ સહિત નદ્ વગેરે ધાતુને, ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં વિકલ્પે **' अल् '** પ્રત્યય લાગે છે. ૨૯૯ **णद –निनदनम् = नि + नद् + अल् + सि = निनदः, निनादः** = અવાજ. ૨૯૭ **गद – निगदनम् = निगदः, निगादः** = અવાજ. ૨૧૩ **पठ – निपठनम् = निपठः, निपाठः** = અવાજ. ૩૨૭ **स्वन – निस्वनम् = निस्वनः, निस्वानः** = નિશાન ડંકો. ૨૭૧ **क्वण – निक्वणनम् = निक्वणः, निक्वाणः** = અસ્પષ્ટ અવાજ.

वैणे क्वणः ॥ ५–३–२७ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ક્વણ્ ધાતુને, વીણાનો અવાજ એવા અર્થમાં વિકલ્પે **' अल् '** પ્રત્યય લાગે છે. **प्रक्वणनम् = प्रक्वणः, प्रक्वाणः वीणायाः** = વીણાનો અવાજ.

युवर्ण–वृ–दृ–वश–रण–गमृद्–ग्रहः ॥ ५–३–२८ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઈવર્ણાન્ત ધાતુને, તથા ઉવર્ણાન્ત ધાતુને, તથા વૃદ્ વગેરે ધાતુને, તથા દીર્ઘ ઋકારાન્ત અને ગ્રહ્ ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. ૧૨૯૦ **चिगद्** – **चयनमिति = चयः** = ઢગલો. ૧૫૦૮ **डुक्रीञ्श्** – **क्रयणम् = क्रयः** = ખરીદેલું, ૧૦૮૫ **रुक्** – **रवणम् = रवः** = અવાજ. ૧૫૧૯ **लूगश्** – **लवनम् = लवः** = લવલેશ, થોડો ભાગ. ૧૨૯૪ **वृंगद्** – **व्रियते इति = वरः** = વર, ૧૪૬૬ **दृङ्त्** – **आदरणम् = आदरः** = આદર, ૧૧૦૧ **वशक्** – **वशनम् = वशः** = ઈચ્છા. અંત, ૨૬૦ **रण** – **रणनम् = रणः** = અવાજ ૩૯૬ **गम्लृ** – **गमनम् = गमः** = ગમન. ૧૨૩૪ **कृत्** – **क्रीयते = करः** = રાજ્ય ભાગ, કર, ૧૫૧૭ **ग्रहीश्** – **ग्रहणम् = ग्रहः** સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહ.

वर्षादयश्चिबे ॥ ५–३–२९ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં ' **अल्** ' પ્રત્યયાન્ત એવા વર્ષ વગેરે શબ્દો ' **निपातन** ' થાય છે. ૫૨૦ **वृषूं** – **वर्षणम् = वर्षम** = મેઘ, ૧૧૩૨ **त्रिभींक्** – **भयम् = भीः**.

समुदाऽजः पशौ ॥ ५–३–३० ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉદ્ અને સમ્ ઉપસર્ગ સહિત અજ્ ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. ૧૩૯ **अज** – **समु + अज् + अल् + सि = समजः पशूनाम्** = પશુઓનો સમૂહ. **उद् + अज् + अल् + सि = उदजः पशूनाम्** = પશુઓનો સમૂહ.

सृ–गृहः प्रजना–ऽक्षे ॥ ५–३–३१ ।

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પ્રજન - ગર્ભગ્રહ અને અક્ષ - રમવાના પાસા અર્થ જણાતો હોય તો અનુક્રમે સૃ અને ગ્રહ્ ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. ૨૫ **सृ – उपसरणम्** = **उपसरः गवाम्** = ગર્ભગ્રહણ કરાવવા માટે સાંઢોનું ગાયો તરફ ગમન. ૮૭૨ **ग्रहौङ् – ग्रहनम्** = **ग्रहः अक्षाणाम्** = પાસાનું ગ્રહણ કરવું, પાસા ફેંકવા.

पणेर्मानेः ॥ ५–३–३२ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, માન અર્થમાં વર્તમાન પણ્ ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. ૭૧૦ **पणि – पणनम्** = **पणः,-मूलकपणः** = મૂળાની પુણી.

समद–प्रमदौ हर्षे ॥ ५–३–३३ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, સમ્ અને પ્ર ઉપસર્ગ સહિત મદ્ ધાતુથી હર્ષ અર્થમાં અલ્ પ્રત્યયાન્ત એવા સંમદ અને પ્રમદ શબ્દો ' **निपातन** ' થાય છે. ૧૦૪૮ **मदै, १२३६ मदैच् – समदः स्त्रीणाम्** = સ્ત્રીઓનો હર્ષ. **प्रमदः** = સ્ત્રીઓનો હર્ષ.

हनोऽन्तर्घना–ऽन्तर्घणौ देशे ॥ ५–३–३४ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, અન્તર્ શબ્દ સહિત હન્ ધાતુને અલ્ પ્રત્યયાન્ત અન્તર્ઘન અને અન્તર્ઘણ એ શબ્દો દેશ અર્થમાં ' **निपातन** ' થાય છે. ૧૧૦૦ **हनंक्-अन्तर् + हन् + अल् + सि = अन्तर्घनः, अन्तर्घणः देशः**=કોઈક દેશ–પ્રદેશનું નામ.

प्रघण–प्रघाणौ गृहांशे ॥ ५–३–३५ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પ્ર ઉપસર્ગ સહિત હન્ ધાતુને ગૃહાંશ - ઘરનો અમુક ભાગ એવા અર્થમાં અલ્ પ્રત્યય થાય એવા પ્રઘણ અને પ્રઘાણ શબ્દો ' **નિપાતન** ' થાય છે. **પ્ર + હન્ + અલ્ + સિ = પ્રઘણઃ પ્રઘાણઃ – દ્વારાલિન્દકઃ** = બારણા પાસેનો ઓટલો.

નિઘાદ્ધ–સંઘોદ્ધના–ऽપઘનોપઘ્ન નિમિત્ત–પ્રશસ્ત–ગણા–ऽત્યાધાના–ऽઙ્ગા–ऽऽસન્નમ્ ॥ ૫–૩–૩૬ ॥

નિધ, ઉદ્ધ, સંઘ, ઉદ્ધન, અપઘન અને ઉપઘ્ન શબ્દો, અનુક્રમે નિમિત્ત - સાધન, પ્રશસ્ત–વખાણવા લાયક, ગણ – સમૂહ, અત્યાધાન – આધાર રાખીને લાકડું કે લેઢું છોલાય કે ટીપાય એવું સાધન અંગ – શરીરનો ભાગ, આસન્ન – નજીક. અર્થમાં હન્ ધાતુના અલ્ પ્રત્યયાન્ત શબ્દો ' **નિપાતન** ' થાય છે. **નિ + હન્ + અલ્ = નિઘાઃ વૃક્ષાઃ** = લંબાઈ પહોળાઈમાં એક સરખા એવા સઘન વૃક્ષો, **ઉદ્ધઃ – પ્રશસ્તઃ** = વખાણવા લાયક, **સંઘઃ – પ્રાણિસમૂહઃ** = સંઘ, સમૂહ, ટોળું, **અત્યાધીયન્તે છદનાર્થં કુટનાર્થં વા કાષ્ઠાદીનિ યત્ર તદત્યાધાનમ્ – ઉદ્ધનઃ** = જેના ઉપર લાકડું કે લેઢું છોલાય કે ઘડાય તેવું સાધન, **અપઘનઃ – શરીરાવયવઃ** = શરીરનો ભાગ, **ઉપઘ્નઃ – આસન્નઃ** = નજીક.

મૂર્તિ–નિચિતાऽભ્રે ઘનઃ ॥ ૫ ૩–૩૭ ॥

મૂર્તિ–કઠણ પદાર્થ, નિચિત–ગાઢ અને અભ્ર અર્થમાં અલ્ પ્રત્યયાન્ત હન્ ધાતુનું ' **ઘન** ' એવું ' **નિપાતન** ' થાય છે. **ઘનઃ–પદાર્થઃ** = પદાર્થ કઠણ – નક્કર છે, **ઘનાઃ–કેશાઃ** = સર્વત્ર વાળો છે અર્થાત્ ક્યાંય ટાલ નથી. **ઘનમ્ – અભ્રમ્** * મેઘ, વાદળ.

व्ययो-द्रोः करणे ॥ ५-३-३८ ॥

કરણ અર્થમાં વિ, અયસ્ અને દ્રુ શબ્દથી પર રહેલ હન્ ધાતુને ' अल् ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં હન્ ધાતુનો ' घ्न ' આદેશ થાય છે. **विहन्यते तमः येन सः = वि + हन् + अल् + सि = विघ्नः** = જે વડે અંધારૂ હણાય તે – સૂર્ય અથવા ચંદ્ર. **अयः हन्यते येन सः = अयोघ्नः** = જે વડે લોહું ટીપાય તે-ઘણ. **द्रुः हन्यते येन सः = द्रुघ्णः**=જે વડે વૃક્ષ કપાય તે–કુહાડો.

स्तम्बाद् घ्नश्च ॥ ५-३-३९ ॥

કરણ અર્થમાં સ્તમ્બ શબ્દથી પર રહેલ હન્ ધાતુને ' अल् ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં હન્ ધાતુનો ' घ्न ' આદેશ થાય **स्तम्बः हन्यते येन सः = स्तम्बघ्नः दण्डः** = જે વડે થડને છેદાય તે - ધણ. **स्तम्बघ्नः यष्टिः** = જે વડે થડને મરાય તે – લાકડી.

परेर्घः ॥ ५-३-४० ॥

કરણ અર્થમાં પરિ ઉપસર્ગ સહિત હન્ ધાતુને ' अल् ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં હન્ ધાતુનો ' घ ' આદેશ થાય છે. **परिहण्यतेऽनेनेति = परिघः** = જે વડે બંધ કરેલ બારણાને ભીડાવી દેવાય તે – આંગળીયો, ભોગણ.

ह्वः समाह्वया-ऽऽह्वयौ द्यूत-नाम्नोः ॥ ५-३-४१ ॥

સમ્ અને આઙ્ ઉપસર્ગ સહિત અલ્ પ્રત્યયાન્ત હ્વા ધાતુને, દ્યુત – જુગાર અને નામ - સંજ્ઞા અર્થમાં અનુક્રમે સમાહ્વય અને આહ્વય શબ્દો ' निपातन ' કરાય છે. **९९४ ह्वेञ् – सम + आङ् + ह्वे + अल् + सि=समाह्वयः – प्राणिद्यूतम्** = પ્રાણીઓનો જુગાર **आह्वयः – संज्ञा** = નામ જેમકે – **देवदत्ताह्वयः** = દેવદત્ત નામનો.

न्यभ्युप–वेर्वा श्रोत् ॥ ५–३–४२ ॥

ભાવ અર્થમાં અને કર્તા ભિન્ન કારક અર્થમાં નિ, અભિ, ઉપ અને વિ ઉપસર્ગ સહિત હૂવા ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં હૂવા ધાતુનો વા ના સ્થાને ' **उत्** ' આદેશ થાય છે. **नि + ह्वा + अल् = नि + हु + अल् + सि = निह्वः**=સ્પર્ધા. **अभि + ह्वा + अल् = अभिह्वः, उपह्वः, विह्वः** = સ્પર્ધા.

आङो युद्धे ॥ ५–३–४३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં આઙ્ પૂર્વક હૂવા ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગના હૂવા ધાતુના વાનો ' **उत्** ' આદેશ થાય છે. **आह्वः – युद्धम्** = યુદ્ધ.

आहावो निपानम् ॥ ५–३–४४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં આઙ્ ઉપસર્ગ સહિત હૂવા ધાતુને અલ્ પ્રત્યયાન્ત સહિત નિપાન અર્થમાં આહ્વાવ એવું ' **निपातन** ' થાય છે. **आह्वावो धीनाम्** = પશુઓને પાણી પીવાનો નિપાન – હવાડો.

भावेऽनुपसर्गात् ॥ ५–३–४५ ॥

ભાવ અર્થમાં ઉપસર્ગ રહિત હૂવા ધાતુને ' **अल्** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં હૂવા ધાતુના વા નો ' ઉકાર ' આદેશ થાય છે. **ह्वः** = સ્પર્ધા.

हनो वा वध् च ॥ ५–३–४६ ॥

ભાવ અર્થમાં ઉપસર્ગ રહિત હન્ ધાતુને 'अल्' પ્રત્યય વિકલ્પે લાગે છે. અને તેના યોગમાં હન્ ધાતુનો 'वध्' આદેશ થાય છે. **हननम्** = **हन्** + **अल्** + **सि** = **वधः** = વધ, પક્ષે – **हन्** + **घञ्** + **सि** = **घातः** = વધ.

व्यध–जप–मद्भ्यः ॥ ५–३–४७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉપસર્ગ રહિત व्यध्, जप् અને मद् ધાતુને 'अल्' પ્રત્યય લાગે છે. ११५७ **व्यधेच्** – **व्यधः** = તાડના, ३३८ **जप** – **जपः** = જાપ. १२३६ **मदैच्** – **मदः** = મદ.

नवा कृण–यम–हस–स्वनः ॥ ५–३–४८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉપસર્ગ રહિત कृण्, यम्, हस् અને स्वन् ધાતુને, વિકલ્પે 'अल्' પ્રત્યય લાગે છે. २७१ **कृण** – **कृण्** + **अल्** + **सि** = **कृणः** = અસ્પષ્ટ અવાજ. ३८६ **यमूं** – **यमः** = યમ, નિયમ, ५४५ **हस** – **हसः** = હસવું, ३२७. **स्वन** – **स्वनः** = અવ્યક્ત અવાજ. પક્ષે – **कृण्** + **घञ्** + **सि** = **काणः** = અસ્પષ્ટ અવાજ, **यामः** = યમ, નિયમ, **हासः** = હસવું, **स्वानः** = અવ્યક્ત અવાજ.

आङो रु–प्लोः ॥ ५–३–४९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં આઙ્ ઉપસર્ગ સહિત રુ અને પ્લુ ધાતુને, વિકલ્પે 'अल्' પ્રત્યય લાગે છે. १०८५ **रुक्** – **आरवः**, **आरावः** = અવાજ, ५९८ **प्लुङ्** – **आप्लवः**, **आप्लावः**=ડુબકી. પક્ષે–**घञ्**. આ રીતે નીચેના સૂત્રમાં પણ સમજવું.

वर्षविदिनेऽवाद् ग्रहः ॥ ५–३–५० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં અવ ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને, વસ્ત્રાદના વિઘ્નરૂપ અર્થ જણાતો હોય તો ' **अञ्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. ૧૫૨૭ **ग्रहीश्** – **अवग्रहः, अवग्राहः** = વસ્ત્રાદનું રોકાણ.

प्रात् राशि–तुलासूत्रे ॥ ५–३–५१ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પ્ર ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને રાશિ – રાશ અને તુલાસૂત્ર – તુલાનું પાંગરું અર્થમાં વિકલ્પે ' **अञ्** ' પ્રત્યય લાગે છે. **प्रग्रहः, प्रग्राहः** = બળદની રાશ, તથા ત્રાજવાના પલ્લાનું અથવા ઘોડીયાનું પાંગરું – રાશ – દોરી.

वृगो वस्त्रे ॥ ५–३–५२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પ્ર ઉપસર્ગ સહિત વૃ ધાતુને, વસ્ત્ર વિશેષ અર્થમાં વિકલ્પે ' **अञ्** ' પ્રત્યય લાગે છે. ૧૨૯૪ **वृंगृद्** – **प्रवरः, प्रावारः** = ઓઢવાનું વસ્ત્ર.

उदः श्रेः ॥ ५–३–५३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉદ્ ઉપસર્ગ સહિત શ્રિ ધાતુને વિકલ્પે ' **अल्** ' પ્રત્યય લાગે છે. ૮૮૩ **श्रिग्** – **उच्छ्रयः, उच्छ्रायः** = ઊંચાઈ.

यु–पू–द्रोर्घञ् ॥ ५–३–५४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉદ્ ઉપસર્ગ સહિત યુ, પૂ અને દ્રુ ધાતુને ' **घञ्** ' પ્રત્યય લાગે છે. ૧૦૮૦ **युक्** – **यु + घञ् + सि = उद्यावः** = વિશિષ્ટ મિશ્રણ, ૬૦૦ **पूङ्**–**उत्पावः** = વિશિષ્ટ પવિત્રતા, ૧૩ **द्रुं** – **उद्द्रावः** = ઉપદ્રવ, ચિંતા.

ग्रहः ॥ ५–३–५५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉદ્ ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૫૧૭ **ग्रहीशू–उद्ग्राहः**=ઉઘરાણી.

न्यवाच्छापे ॥ ५–३–५६ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં નિ અને અવ ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને શાપ અર્થમાં 'ઘઞ્' પ્રત્યય લાગે છે. **निग्राहो अवग्राहो वा ते जाल्म ! भूयात्** = હે જુલ્મી – લુચ્ચા તારો દંડ થાવ ! તને શાપ હો !

प्रात् लिप्सायाम् ॥ ५–३–५७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પ્ર ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને, મેળવવાની ઈચ્છા અર્થ જણાતો હોય તો 'ઘઞ્' પ્રત્યય લાગે છે **पात्रप्रग्राहेण चरति = पिण्डपातार्थी भिक्षुः** = પાત્ર લઈને ભિક્ષુ ભિક્ષા માટે ફરે છે.

समो मुष्टौ ॥ ५–३–५८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, સમ્ ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને, મુષ્ટિ અર્થનો સંબંધ જણાતે છતે 'ઘઞ્' પ્રત્યય લાગે છે. **संग्राहो मल्लस्य** = મલ્લની મુઠ્ઠીની મજબુતાઈ.

युङ्–द्रुङ्–द्रोः ॥ ५–३–५९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, સમ્ ઉપસર્ગ સહિત યુ, દ્રુ અને દ્રુ ધાતુને 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૦૮૦ **युक्** – **संयावः** = સાર્ં મિશ્રણ, ૧૨૯૭ **द्रुदुंट्** –**संदावः** = સંતાપ, અગ્નિ, ૧૩ **द्रुं** – **संद्रावः** = સાર્ં ઝરણું.

नियश्चानुपसर्गाद्वा ॥ ५–३–६० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં ઉપસર્ગ રહિત ની, યુ, દ્રુ અને દ્રુ ધાતુને વિકલ્પે 'घञ्' પ્રત્યય લાગે છે. ८८४ **णींग्** – **नायः** = લઈ જનાર, **यावः** = મિશ્રણ, **द्रावः** = દાવાનલ, **द्रावः** = પ્રવાહી પક્ષે. – **नयः** = નય – જૈન પારિભાષિક શબ્દ, **यवः** = જવ **दवः** દાવાનલ, **द्रवः** = ઝરણ – પ્રવાહ.

वोदः ॥ ५–३–६१ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં उद् ઉપસર્ગ સહિત ની ધાતુને, વિકલ્પે 'घञ्' પ્રત્યય લાગે છે. **उन्नायः, उन्नयः** = ઉન્નતિ

अवात् ॥ ५–३–६२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, अव ઉપસર્ગ સહિત ની ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. **अवनायः** = અવનીતિ, અધમ.

परेर्द्यूते ॥ ५–३–६३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પરિ ઉપસર્ગ સહિત ની ધાતુને જુગાર અર્થ જણાતે છતે 'घञ्' પ્રત્યય લાગે છે. **परिणायेन शारीन् हन्ति** = ચારે બાજુ ફેરવીને સોગઠીઓને મારે છે.

भुवोऽवज्ञाने वा ॥ ५–३–६४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પરિ ઉપસર્ગ સહિત भू ધાતુને, અવજ્ઞાન – તિરસ્કાર અર્થ જણાતે છતે વિકલ્પે 'घञ्' પ્રત્યય લાગે છે. १ भू – **परिभावः, परिभवः** = અનાદર, તિરસ્કાર.

यज्ञे ग्रहः ॥ ५–३–६५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પરિ ઉપસર્ગ સહિત ગ્રહ્ ધાતુને યજ્ઞનો વિષય જણાતે છતે 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૫૧૭. **ग्रहीश्** – **पूर्वपरिग्राहः** = યજ્ઞની વેદીનું ગ્રહણ.

संस्तोः ॥ ५–३–६६ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં સમ્ ઉપસર્ગ સહિત સ્તુ ધાતુને યજ્ઞ સંબંધી અર્થમાં 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૧૨૪ **ष्टुंग्क्** – **स्तुवन्ति अत्र इति = संस्तावः छन्दोगानाम्** = વેદ-પાઠકો સમૂહરૂપે જ્યાં સ્તુતિ કરે તે સ્થાનનું નામ.

प्रास्नु–द्र–स्तोः ॥ ५–३–६७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં પ્ર ઉપસર્ગ સહિત સ્નુ, દ્રુ, અને સ્તુ ધાતુને, 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૦૮૩ **स्नुक्** – **प्रस्नवनम् = प्रस्नावः** = મૂત્ર. ૧૩ **द्रं–प्रद्रयते = प्रद्रावः**=વિશેષ ઝરવું, ૧૧૨૪ **ष्टुंग्क्** – **प्रस्तूयते = प्रस्तावः** = પ્રસ્તાવ, પ્રસંગ.

अयज्ञे स्त्रः ॥ ५–३–६८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પ્ર ઉપસર્ગ સહિત સ્તૃ ધાતુને, યજ્ઞ સંબંધિ વિષય ન હોય તો 'ઘઞ્' પ્રત્યય લાગે છે. ૧૫૨૧ **स्तृग्श्** – **प्रस्तारः** = વિસ્તાર.

वेरशब्दे प्रथने ॥ ५–३–६९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, વિ ઉપસર્ગ સહિત સ્તૃ ધાતુને, શબ્દ ભિન્ન વિસ્તાર અર્થ હોય તો 'ઘઞ્' પ્રત્યય લાગે છે. **विस्तारः पटस्य** = વસ્ત્રનો ફેલાવો.

छन्दोनाम्नि ॥ ५–३–७० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, વિ ઉપસર્ગ સહિત સ્તૃ ધાતુને, છન્દના સંજ્ઞાવાચક નામની સાથે સંબંધ હોય તો 'घञ्' પ્રત્યય લાગે છે. **विष्टारपङ्क्तिः** = છન્દનું નામ છે.

श्रु–श्रोः ॥ ५–३–७१ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં વિ ઉપસર્ગ સહિત શ્રુ અને શ્રુ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. **१०८४ दुश्रुक्–विश्रावः** – છીંક, **१२२९ शृंट्–विश्रावः** = જાતજાતનું શ્રવણ.

न्युदो ग्रः ॥ ५–३–७२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, નિ અને ઉદ્ ઉપસર્ગ સહિત ગૃ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. **१३३५ गृत्–निगारः** = ગળી જવું, **उद्गारः** = ઓડકાર.

किरो धान्ये ॥ ५–३–७३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, નિ અને ઉદ્ ઉપસર્ગ સહિત કૃ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. જો ધાન્ય સાથે સંબંધ હોય તો. **१३३४ कृत्–निकारः, उत्कारो वा धान्यस्य**=ધાન્યનો દગલો.

नेर्वुः ॥ ५–३–७४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, નિ ઉપસર્ગ સહિત વૃ અને વૃ ધાતુને, ધાન્ય સાથે સંબંધ જણાતો હોય તો 'घञ्' પ્રત્યય લાગે છે. **१२९४ वृंगट्, १५३३ वृश्–नीवारः – व्रीहयः** = ચોખા વિશેષ.

इणोऽभ्रेषे ॥ ५–३–७५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પતન – ચલિત અર્થ જણાતો ન હોય તો, નિ સહિત ઈણ્ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. **१०७५ इण्क् – शास्त्रलोकप्रसिद्धयादिना नियतमपनययम्=नि + इ + घञ् + सि = न्यायः** = મર્યાદાનું અનુકરણ, ન્યાય.

परेः क्रमे ॥ ५–३–७६ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પરિ ઉપસર્ગ સહિત ઈણ્ ધાતુને, ક્રમ જણાતે છતે 'घञ्' પ્રત્યય લાગે છે. **परि + इ + घञ् = परि + य + अ = परि + आय् + अ + सि = पर्यायः, तव पर्यायः भोक्तुम्** = તારો ખાવાનો વારો છે.

व्युपात् शीङः ॥ ५–३–७७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, વિ અને ઉપ ઉપસર્ગ સહિત શીઙ્ ધાતુને, ક્રમ–વારો અર્થ જણાતો હોય તો 'घञ्' પ્રત્યય લાગે છે **११०५ शीङ्क् – वि + शी + घञ् = विशायः, तव राजविशायः** = રાજા પાસે સુવાનો તારો વારો છે. **उपशायः = मम राजोपशायः** = રાજા પાસે સુવાનો મારો વારો છે.

हस्तप्राप्ये चेरस्तेये ॥ ५–३–७८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ચિ ધાતુને 'घञ्' પ્રત્યય લાગે છે. જો ચોરીનો અર્થ ઘટતો ન હોય અને જમીન ઉપર ઉભા ઉભા હાથેથી લઈ શકાય એવી વસ્તુ સાથે સંબંધ ધરાવતો હોય તો. **१२९० चिगुद् – प्रचायः, पुष्पप्रचायः** = હાથે ચુંટેલો પુષ્પનો જથ્થો.

चिति–देहा–ऽऽवासोपसमाधाने कश्चादेः ॥ ५–३–७९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ચિતિ, દેહ, આવાસ અને ઉપસમાધાન અર્થમાં ચિ ધાતુને 'ઘઞ્' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં ચ નો 'ક' આદેશ થાય છે. **चीयते इति चितिः** – **यज्ञेऽग्निविशेषस्तदाधारोवा, आ+चि+घञ्=आ + कै +घञ् = आकायः, आकायमग्निं चिन्वीतः**=યજ્ઞમાં અગ્નિવિશેષ. અગ્નિનો આધાર. **आ + चि + घञ् + सि = कायः** · **देहः** = શરીર, **नि + चि + घञ् + सि=निकायः, ऋषिनिकायः** = ઋષિનો આશ્રમ, **उपचमाधानमुपर्युपरि राशिकरणम्** – **गोमयनिकायः** = ઉપરા ઉપરી કરેલ છાણનો ઢગલો.

सङ्घेऽन्नूर्ध्वे ॥ ५–३–८० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, જેમાં ઉપરા ઉપરી ઢગલા જેવું ન હોય એવા પ્રાણિ સમુદાયનો અર્થ જણાતો હોય તો, 'ઘઞ્' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં ચ નો 'ક' આદેશ થાય છે. **तार्किकनिकायः** = નૈયાયિકોનો સમુદાય – સંઘ.

माने ॥ ५–३–८१ ॥

ભાવ અને કર્તા ભિન્ન અર્થ જણાતે છતે, ધાતુને 'ઘઞ્' પ્રત્યય લાગે છે. **६०० पूङ्, १५१८ पूगश् – निर् + पू + घञ् = निर् + पौ + घञ् + सि = निष्पावः, एको निष्पावः** = એક વાલ, એક સૂપડા જેટલું અનાજ, **१५१७ ग्रहश – सम् + ग्रह् + घञ् + सि = संग्रहः. समित्संग्रहः** = સમિત્નો સંગ્રહ, એક મુઠી સમિત – મેદાનો લોટ.

स्थादिभ्यः कः ॥ ५–३–८२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, સ્થા વગેરે ધાતુને 'ક' પ્રત્યય લાગે છે ૫ ષ્ઠાં – उत् + स्था + अ (क) + सि=उत्थः. आखूनामुत्थानम् – आखूत्थो वर्तते = ઉંદરોનો ભરાવો થયો છે प्रतिष्ठन्ति अस्मिन् इति = प्रस्थः = એક જાતનું માપ, શેર ૨ पां-प्रपिबन्ति अस्यामिति =प्र + पा + अ + आ = प्रपा=પરબ.

ट्वितोऽथुः ॥ ५–३–८३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ટુ છે ઇત્સંજ્ઞક જેમાં એવા ધાતુને, 'अथु' પ્રત્યય લાગે. છે. ७५४ टुवेपृङ् - वेप् + अथु + सि = वेपथुः = કંપારી, ધ્રુજારી.

ट्वितस्त्रिमक् तत्कृतम् ॥ ५–३–८४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ટુ છે ઇત્સંજ્ઞક જેમાં એવા ધાતુથી પર 'त्रिमक्' પ્રત્યય લાગે છે, જે ધાતુના અર્થથી બનાવેલ – કરેલ એવો અર્થ હોય તો. ૮૯૨ डुपचींष् – पाकेन निर्मितम्–पच् + त्रिमक् + अम् (सि) = पक्त्रिमम्=પકાવેલું, ૮૯૧ डुयाचृङ्-याचनेन कृतम् – याचित्रिमम् = માંગીને કરેલું.

यजि–स्वपि–रक्षि–यति–प्रच्छो नः ॥ ५–३–८५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, यज् વગેરે ધાતુને 'न' પ્રત્યય લાગે છે. ૧૯૧ यजीं – यज् + न = यज् + ञ् + सि = यज्ञः = યજ્ઞ, ૧૦૮૮ ञिष्वपंक् – स्वप्नः = સ્વપ્ન, ૫૬૭ रक्ष – रक्षणः = રક્ષણ, ૭૨૧ यतेङ् – यत्नः = પ્રયત્ન, ૧૩૪૭ प्रछंत् – प्रश्नः = પ્રશ્ન.

विच्छो नङ् ॥ ५–३–८६ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, વિશ્ ધાતુને 'નક્' પ્રત્યય લાગે છે. ૧૩૪૩ **विक्षत् – विश्नः** = પ્રવેશ. હકાર ગુણનો નિષેધ માટે છે. "**अनुनासिकेo** [૪-૧-૧૦૮]" એ સૂત્રથી પ્રશ્ અને વિશ્ ધાતુના છ નો શ આદેશ થયેલો છે.

उपसर्गाद् दः किः ॥ ૫-૩-૮૭ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ઉપસર્ગથી પર રહેલ દા સંજ્ઞક ધાતુને 'કિ' પ્રત્યય લાગે છે. ૧૧૩૮ **डुदांग्क् – आ +दा + कि + सि = आदिः** = આરંભ, શરૂઆત, ૧૧૩૯ **डुधांग्क् – नि + धा + कि + सि = निधिः** = ભંડાર.

व्याप्यादाधारे ॥ ૫-૩-૮૮ ॥

કર્મવાચક નામથી પર રહેલ, દા સંજ્ઞક ધાતુને, આધાર અર્થમાં 'કિ' પ્રત્યય લાગે છે. **जलं धीयतेऽस्मिन्निति = जल + धा + कि = जलधिः** = સમુદ્ર.

अन्तर्द्धिः ॥ ૫-૩-૮૯ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, અન્તર્ શબ્દ સહિત ધા ધાતુનો કિ પ્રત્યયાન્ત એવો અન્તર્દ્ધિ શબ્દ '**નિપાતન**' થાય છે. **अन्तर् + धा + कि + सि=अन्तर्द्धिः**=અદશ્ય થવું, છુપાઇ જવું.

अभिव्याप्तौ भावेऽन-त्रिन् ॥ ૫-૩-૯૦ ॥

ભાવ અર્થમાં, વિશેષ ફેલાવું એવો અર્થ જણાતો હોય તો ધાતુને '**अन**' અને '**त्रिन्**' પ્રત્યય લાગે છે. ૧૦૮૫ **रुक – सम् + रु + अन = संरवणम्** = ચારેબાજુ ઘોંઘાટ. **सम् + रु + त्रिन् = संराविन् - सांराविणम्** = ચારેબાજુ ઘોંઘાટ.

स्त्रियां क्तिः ॥ ५–३–९१ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ધાતુને સ્ત્રીલિંગસૂચક '**કિત**' પ્રત્યય લાગે છે. અને તે શબ્દો સ્ત્રીલિંગમાં વપરાય છે. ૮૮૮ डुकृंग् – कृ + क्ति + ङि = **कृतिः** = કાર્ય.

श्रादिभ्यः ॥ ५–३–९२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં શ્રુ વગેરે ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**કિત**' પ્રત્યય લાગે છે. ૧૨૯૬ **श्रुंट् – श्रुतिः** = શ્રવણ. ૯૬૨ **पल्ल् – सम् + पत् + क्ति = संपत्ति** = સંપત્તિ. "**स्त्रियां० [५–३–९१]**" એ સૂત્રથી **क्ति** પ્રત્યયાન્ત એવા **श्रुति** અને **संपत्ति** શબ્દો સિદ્ધ જ હતાં, આ સૂત્ર જણાવવાનું કારણ એ છે કે આ સૂત્રથી જણાવેલ **क्ति** પ્રત્યયની સાથે બીજો પ્રત્યયો પણ લાગે છે. જેમકે– **प्रति + श्रु + क्विप् = प्रतिश्रुत्**=પડઘો, **सम् + पत् + क्विप् = सम्पत्** = સંપદા. અહિં "**असरूपो० [५–१–१६]**" એ સૂત્ર **क्विप्** પ્રત્યય લાગેલ છે.

समिणासुगः ॥ ५–३–९३ ॥

ભાવ તથા કર્તા ભિન્ન કારક અર્થમાં, સમ્ ઉપસર્ગ સહિત ઇણ્ ધાતુને, તથા આઙ્ સહિત સુઞ્ ધાતુને સ્ત્રીલિંગસૂચક '**કિત**' પ્રત્યય લાગે છે ૧૦૭૫ **इंण्क् – सम् + इ + क्ति = समितिः** = યુદ્ધ, તથા સાત્ત્વ્યની જેમકે ધર્મસમિતિ અદિ. ૧૨૮૬ **षुंग्ट् – आ + सु + क्ति = आसुतिः** = દારૂ બનાવવાની ક્રિયા.

साति–हेति–यूति–जूति–ज्ञप्ति–कीर्तिः ॥ ५–३–९४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં '**કિત**' પ્રત્યયાન્ત

એવા સાતિ વગેરે શબ્દો '**નિપાતન**' થાય છે. **૧૨૮૭ षिंगट्**, **૧૫૯ षिंगश्** - **सातिः** = સંબંધ, **૧૧૩૦ हुक्** – **हेतिः**=અન્ન. **૧૦૮૦ युक्** - **यूतिः** = સંપર્ક. **૫૯૬ जुङ्** – **जूतिः** ગતિ, **૧૫૪૦ ज्ञांश्** – **ज्ञप्तिः** = જ્ઞાપન, **૧૬૪૯ कृतण्** – **कीर्तिः**=કીર્તિ.

गा–पा–पचो भावे ॥ ५–३–९५ ॥

ભાવ અર્થમાં ગા, પા અને પચ્ ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**કિત**' પ્રત્યય લાગે છે. **૩૭ गैं** – **सम्** + **गा** + **क्ति**=**संगीतिः** = શાસ્ત્રપાઠને ગાવું, સંગીત, **૨ पां** – **प्र** + **पा** + **क्ति** =**प्रपीतिः** = વધારે પીવું. **૮૯૨ डुपचीष्** – **पच्** + **क्ति** = **पक्तिः** = રાંધવું. "**ईर्व्यञ्जने०** [४–३–९७]"એ સૂત્રથી દીર્ઘ ઈ થયો.

स्थो वा ॥ ५–३–९६ ॥

ભાવ અર્થમાં, સ્થા ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**કિત**' પ્રત્યય લાગે છે. **૫ ष्ठां** = **प्र** + **स्था** + **क्ति** = **प्रस्थितिः** = પ્રસ્થાન. **आ** + **स्था** + **क्यप्** = **अस्था** = શ્રદ્ધા.

आस्यटि–व्रज्यजः क्यप् ॥ ५–३–९७ ॥

ભાવ અર્થમાં આસ્, અટ્, વ્રજ્ અને યજ્ ધાતુને સ્ત્રીલિંગસૂચક '**કયપ્**' પ્રત્યય લાગે છે. **૧૧૧૯ आसिक्** - **आस्** + **य** [**क्यप्**]+ **आ** = **आस्या** = આસન, **૧૯૪ अट** – **आट्या** = ગમન **૧૩૭ व्रज** – **व्रज्या** = ગતિ. **૯૯૧ यजीं** – **इज्या** = યજ્ઞ, પૂજા.

भृगो नाम्नि ॥ ५–३–९८ ॥

ભાવ અર્થમાં, ભૃ ધાતુને સ્ત્રીલિંગસૂચક '**કયપ્**' પ્રત્યય લાગે

छे. ८८६ भृंग्, ११४० डुडभृंग्क् – भरणम् = भृ + क्यप् + आ = भृत्या = ભાડું, પગાર.

समज निपत्–निषद्–शीङ्–सुग–विदि–चरि–मनिणः ॥ ५–३–९९ ॥

ભાવ અને કર્તા ભિન્ન અર્થમાં, सम् + अञ्ज् , नि + पत् , नि + षद्, शी, सु, विद्, चर् , मन् અને ઇણ્ ધાતુને, સ્ત્રીલિંગ સૂચક ' क्यप् ' પ્રત્યય લાગે છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. १३९ अज – सम् + अञ् + क्यप् + आ = समज्या = સભા, ९६२ पल्ल–नि+पत्+क्यप्+ आ = निपत्या = પહાડ પરથી પતન પ્રતાપ, ९६६ षद्लं – निषद्या = દુકાન, નાની ખાટલી, ११०५ शीङ्क्–शय्या = શય્યા १२८६ पुंगट् सुत्वा = સોમરસનું પાત્ર, १०९९ विदक् – विद्या = વિદ્યા, ४१० चर – चर्या = રીત, १८०९ मनिण् , १२६३ मनिच् – मन्या = અવબોધ મેળવી શકે છે એવી ગળા પાસેની નાડી, १०७५ इंण्क् = इत्या=ગમનનું સાધન–શિબિકા.

कृगः श्यञ् च वा ॥ ५–३–१०० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં कृ ધાતુને, સ્ત્રીલિંગ સૂચક ' क्यप् ' અને ' श ' પ્રત્યય વિકલ્પે લાગે છે. कृ + क्यप् + आ = कृत्या = કાર્ય, कृ + श + आ = क्रिया = ક્રિયા, कृ + क्ति = कृतिः = કાર્ય.

मृगयेच्छा–याच्ञा–तृष्णा–कृपा–भा–श्रद्धा–ऽन्तर्धा ॥ ५–३–१०१ ॥

મૃગયા વગેરે શબ્દો સ્ત્રીલિંગસૂચક ' निपातन ' થાય છે.

૧૯૩૦ મૃગણિ - મૃગિ + श = મૃગયા = શિકાર. **૧૪૧૯ इषत् - इष् + श = इच्छा** = ઇચ્છા, **૮૨૧ ङयाचृग् - याच् + न + याच्ञा** = યાચન, **૧૨૧૨ जितृषच् - तृष् + न = तृष्णा** = તૃષા. તૃષ્ણા. **૯૫૯ कृपौङ् - कृप् + अङ् = कृपा** = કૃપા, **૮૪૬ भासि - भा + अङ् = भा** = તેજ, **૧૧૩૯ दुधांगृक् - श्रद् + धा + अङ् = श्रद्धा** = વિશ્વાસ, **अन्तर् + धा + अङ् = अन्तर्धा**=અદૃશ્ય થવું. **મૃગયા, ઇચ્છા** અને **યાચ્ઞા** આ ત્રણમાં ભાવ અને અકર્તા અર્થમાં પ્રત્યય લાગેલ છે જ્યારે બાકીના ભાવ અર્થમાં પ્રત્યય લાગવાથી પ્રયોગ બનેલ છે.

परेः सृ-चरेर्यः ॥ ૫-૩-૧૦૨ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પરિ ઉપસર્ગ સહિત સૃ અને ચર ધાતુને, સ્ત્રીલિંગસૂચક ' **य** ' પ્રત્યય લાગે છે. **૨૫ सृं - परि + सृ + य + आ = परिसर्या** = તરફ ગમન, **૪૧૦ चर - परि + चर् + य + आ = परिचर्या** = સેવા, સુશ્રૂષા.

वाऽऽटाट्यात् ॥ ૫-૩-૧૦૩ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, યઙન્ત એવા અટ્ ધાતુને, સ્ત્રીલિંગસૂચક ' **य** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **૧૯૪ अट - भृशं पुनः पुनर्वा अटति= आटाट्यते, अटाट् + य + आ=अटाट्या** = ખુબ અથવા વારંવાર આઠડનાર. પક્ષે - **अटाट् + अ = आ = अटाटा**=ખુબ અથવા વારંવાર આઠડનાર. "**शंलि० [૫-૩-૧૦૫]**" એ સૂત્રથી **अ** પ્રત્યય થયો છે.

जागुरश्च ॥ ૫-૩-૧૦૪ ॥

ભાવ અને કર્તા ભિન્ન અર્થમાં, જાગૃ ધાતુને સ્ત્રીલિંગસૂચક

'य' અને 'अ' પ્રત્યય લાગે છે. ૧૦૯૩ **जागृक्** – **जागृ** + **अ** + **आ**=**जागरा** = જાગરણ, **जागृ** + **य** + **आ** = **जागर्या**=જાગરણ.

शंसि–प्रत्ययात् ॥ ५–३–१०५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, शंस् અને પ્રત્યયાન્ત ધાતુને, સ્ત્રીલિંગસૂચક 'अ' પ્રત્યય લાગે છે. ૫૫૦ **शंसू** – **प्र** + **शंस्** + **अ** + **आ** = **शंसा** = વખાણ, ૩૩૨ **गुपौ** – **गुप्** + **आय** + **अ** + **आ** = **गोपाया** = રક્ષણ.

क्तेटो गुरोर्व्यञ्जनात् ॥ ५–३–१०६ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, જે ધાતુને કત પ્રત્યય પહેલા ટ્ ટ્ લાગે છે એવા ધાતુને, જો આદિ સ્વર હોય અને અન્તમાં વ્યંજન હોય તો, સ્ત્રીલિંગસૂચક 'अ' પ્રત્યય લાગે છે. ૮૫૭ **इहि** – **इह्** + **अ** + **आ** = **इहा** = ઇચ્છા, ચેષ્ટા.

षितोऽङ् ॥ ५-३–१०७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ष् છે ઇત્સંજ્ઞક જેમાં એવા ધાતુને, સ્ત્રીલિંગસૂચક 'अङ्' પ્રત્યય લાગે છે. ૮૯૨ **डुपचींष्** – **पच्** + **अङ्** + **आ** = **पचा** = પકાવવું. ૧૧૪૫ **जृष्च्** – **जृ** + **अङ्** + **आ** = **जरा** = ઘડપણ.

भिदादयः ॥ ५–३–१०८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, भिद् વગેરે ધાતુને, સ્ત્રીલિંગસૂચક 'अ' પ્રત્યયાન્ત એવા भिदा વગેરે શબ્દો 'निपातन' થાય છે. ૧૪૭૭ **भिदृंपी** = **भिदा** = ભેદવું., ૧૪૭૮ **छिदृंपी** = **छिदा** = છેદવું.

भीषि–भूषि–चिन्ति–पूजि–कथि–कुम्बि–चर्चि–स्पृहि–तोलि–दोलिभ्यः ॥ ५–३–१०९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ણ્યન્ત એવા ભીષ્ વગેરે ધાતુને, સ્ત્રીલિંગસૂચક ' **અઙ્** ' પ્રત્યય લાગે છે. ૯૨૪ **भेषृग्** = **भीष्** + **अ** + **आ** = **भीषा** = ભય, ૫૩૭ **भूष** = **भूषा** = અલંકાર, શોભા, ૧૬૪૫ **चिन्तुण्** = **चिन्ता** = ચિન્તા, ૧૫૮૬ **पूजण्** = **पूजा** = પૂજા, ૧૮૮૦ **कथण्** – **कथा** = કથા, ૩૬૮ **कुबु** – **कुम्बा** = યત્નને કરતી મજબુત વાડ, ૧૭૨૯ **चर्चण्** = **चर्चा** = ચર્ચા, ૧૯૨૮ **स्पृहण्** = **स्पृहा** = ઈચ્છા, ૧૬૯૨ **तुलण्** – **तोलना** = તુલના, ત્રાજવું, ૧૬૯૩ **दुलण्** – **दोला** = હીંચકો.

उपसर्गादातः ॥ ५–३–११० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ઉપસર્ગથી પર આવેલ આકારાન્ત ધાતુને, સ્ત્રીલિંગ સૂચક ' **अङ** ' પ્રત્યય લાગે છે. ७ **दां**– **उप** + **दा** + **अङ्** + **आ** = **उपदा** = ભેટ.

णि–वेरयास–ग्रन्थ–घट्ट–वन्देरनः ॥ ५–३–१११ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ણિ પ્રત્યયાન્ત ધાતુ, તથા विद्, आस्, ग्रन्थ, घट्ट અને वन्द् ધાતુને, સ્ત્રીલિંગસૂચક ' **अन** ' પ્રત્યય લાગે છે. ८८८ **डुकृंग्** – **कारयतीति** – **कृ** + **णि** = **कार्** + **अन** + **आ** = **कारणा** = કરાવવું, ૧૦૯૯ **विदक्** – **विद्** + **अन** + **आ** = **वेदना** = વેદના, ૧૧૧૯ **आसिक्** – **आसना** = બેસવું. ७१७ **ग्रथुङ्** – **ग्रन्थना** = શૈથિલ્ય, શિથિલતા, ६६८ **घट्टि** – **घट्टना** = સંઘર્ષ, ७२१ **वदुङ्** – **वंदना** = વંદના.

इषोऽनिच्छायाम् ॥ ५–३–११२ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ઇચ્છા ભિન્ન અર્થમાં વર્તમાન ઈષ્ ધાતુને, સ્ત્રીલિંગ સૂચક '**अन**' પ્રત્યય લાગે છે. ૧૪૧૯. **इषत्** – **अनु**+ **इष्** + **अन** + **आ** = **अन्वेषणा** = તપાસ.

पर्यधेर्वा ॥ ५–३–११३ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ઇચ્છા ભિન્ન અર્થમાં વર્તમાન ઈષ્ ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**अन**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **परि** + **इष्** + **अन** + **आ** = **पर्येषणा** = શોધવું, **अध्येषणा** = સત્કાર પૂર્વકની ક્રિયા. **पक्षे** – **परि** + **इष्** + **क्ति** = **परीष्टिः** = શોધવું, **अधीष्टिः** = સત્કાર પૂર્વકની ક્રિયા.

क्रुत्संपदादिभ्यः क्विप् ॥ ५–३–११४ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ઉપસર્ગ સિવાયના ક્રુધ્ વગેરે ધાતુ અને સમ્ ઉપસર્ગ સહિત પત્ વગેરે ધાતુને, સ્ત્રીલિંગ સૂચક '**क्विप्**' પ્રત્યય લાગે છે. ૧૧૮૪ **क्रुधंच्** – **क्रुध** + **क्विप्** = **क्रुत्** = ક્રોધ, ૧૨૬૦ **युधिच्**–**युत्** = યુદ્ધ, ૯૬૨ **पत्ल** – **सम्** + **पत्** + **क्विप्** = **संपत्** = સંપત્તિ, **वि** + **पत्** + **क्विप** = **विपत** = વિપત્તિ.

भ्यादिभ्यो वा ॥ ५–३–११५ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ભી વગેરે ધાતુને, સ્ત્રીલિંગસૂચક વિકલ્પે '**क्विप्**' પ્રત્યય લાગે છે. ૧૧૩૨ **ञिभींक्** – **भी** + **क्विप्** + **सि** = **भीः** = ભય, ૧૧૩૩ **ह्रींक**–**ह्रीः** = લજ્જા. **पक्षे** – **भी** + **क्ति** + **सि** = **भीतिः** = બીક, ભય, **ह्रीतिः** = લજ્જા.

व्यतिहारेऽनीहादिभ्यो ञः ॥ ५-३-११६ ॥

ભાવ અર્થમાં, વ્યતિહાર - પરસ્પર એકબીજાની ક્રિયા અર્થ જણાતો હોય તો, ઈહ્ વગેરે ધાતુ સિવાયના ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**ञ**' પ્રત્યય લાગે છે. ૯૮૬ **कुशं - वि + आ + अव + क्रोश + अ (ञ) + ई (ङी) = व्यक्रोशी** = સામસામે આક્રોશ કરવો.

नञोऽनिः शापे ॥ ५-३-११७ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, શાપ અર્થ જણાતો હોય તો, નઞ્ પૂર્વક ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**अनि**' પ્રત્યય લાગે છે. **१२६५ जनैचि - नञ् + जन् + अनि + सि = अजननिः ते भूयात्** = તારો જન્મ ન થાઓ ! અર્થાત્ તારો જન્મ થવો જોઇતો ન હતો.

ग्ला-हा-ज्यः ॥ ५-३-११८ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, ગ્લા, હા અને જ્યા ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**अनि**' પ્રત્યય લાગે છે. **३१ ग्लैं - ग्ला + अनि + सि = ग्लानिः** = ગ્લાનિ, **१६३१ ओहांक् - हानिः** = હાનિ, **१५२४ ज्यांश् - ज्यानिः** = જરા, નુકશાન, હાય

प्रश्नाऽऽख्याने वेञ् ॥ ५-३-११९ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પ્રશ્ન અથવા ઉત્તર - જવાબ જણાતો હોય તો ધાતુને, સ્ત્રીલિંગસૂચક '**ઞિ**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **कृ + इञ् = कार् + इ + सि = कारिः, कां कारिं, कारिकां, क्रियां, कृत्यां, कृतिं वा अकार्षम्** = તેં કઈ ક્રિયા કરી. **सर्वां कारिं, कारिकां, क्रियां, कृत्यां, कृतिं वा**

अकार्षीः = મેં બધી ક્રિયા કરી. વિકલ્પે હોવાથી પક્ષે જે જે પ્રત્યયો લાગતાં હોય તે બધા પ્રત્યયો લાગે છે. જેમકે – **कृ + इञ् = कारि, कृ + इ + णक = कारिकां, कृ + श = किया, कृ + त् + क्यप् – कृत्या, कृ + क्ति = कृतिः** = ક્રિયા.

पर्याया–ऽर्हणोत्पत्तौ च णकः ॥ ५–३–१२० ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, પર્યાય – પરિપાટી, વારો, અર્હ – યોગ્યતા, ઋણ – કરજ અને ઉત્પત્તિ – પેદા થવું, તથા પ્રશ્ન અને ઉત્તર અર્થ જણાતો હોય તો, ધાતુને સ્ત્રીલિંગ સૂચક ' णक ' પ્રત્યય લાગે છે. ૧૧૧૯ **आसिक् – आस् + णक + आ = आसिका, भवतः आसिका** = તમારો બેસવાનો વારો છે. ૧૧૦૫ **शीङ्क् – शी+णक+आ=शयिका–भवतः शायिका** =તમારો સૂવાનો વારો છે. ૧૭૨૭ **भक्षण्–भक्षिका–अर्हसि त्वं इक्षुभक्षिकाम्** = તું શેરડી ખાવાને યોગ્ય છે. **क्षणे इक्षुभक्षिकां मे धारयसि** = મારા માટે સમયસર ખાવાની શેરડી રાખી મૂકજે. ૧૨૫૭ **पदिच् – इक्षुभक्षिकाम् उपादि** = ખાવાની શેરડી ઉત્પન્ન થઈ ૮૮૮ **डुकृंग् – का कारकाम् अकार्षीः** = તેં કઈ ક્રિયા કરી ! **सर्वां कारिकाम् अकार्षम्** = મેં બધી ક્રિયા કરી.

नाम्नि पुंसि च ॥ ५–३–१२१ ॥

ભાવ અને કર્તા ભિન્ન કારક અર્થમાં, તૈયાર થયેલ નામ દ્વારા કોઇ વિશેષ સંજ્ઞા જણાતી હોય તો ધાતુને, સ્ત્રીલિંગસૂચક ' णक ' પ્રત્યય લાગે છે. તૈયાર થયેલ નામ દ્વારા વિશેષ સંજ્ઞામાં પ્રયોગ અનુસાર પુલિંગમાં પણ ' णक ' પ્રત્યય લાગે છે. ૧૬૫૯ **छर्दण् – प्रच्छर्द्यते अनया = प्र + छर्द् + णक + आ =प्रच्छर्दिका** = રોગ નું નામ છે. ૧૭૩૩ **भजण् – शालवृक्षः भज्यते अस्याम्** =

शालभञ्ज् + णक + आ = शालभञ्जिका = જે ક્રિડામા શાલવૃક્ષ ભંગાય તે ક્રીડા -ક્રીડાનું નામ, ૯૩૮ **रुचि – न रोचते किमपि यस्मिन् – अरुच् + णक = अरोचकः** = અરૂચિ નામનો રોગ, આ પુલિંગ પ્રયોગ છે.

भावे ॥ ५–३–१२२ ॥

ભાવ અર્થમાં, ધાતુને સ્ત્રીલિંગસૂચક ' ણક ' પ્રત્યય લાગે છે. ૧૧૦૫ **शीङ्क् –शी + णक=शै + इक + आ = शायिका**=સૂવું.

क्तिबे क्तः ॥ ५–३–१२३ ॥

ભાવ અર્થમાં ધાતુને, નપુંસકલિંગ સૂચક ' **क्त** ' પ્રત્યય લાગે છે. ૫૪૫ **हसे – हस् + इ + त[क्त] + अम् [सि] = हसितम्, तव हसितम्** = તમારૂં હાસ્ય.

अनट् ॥ ५–३–१२४ ॥

ભાવ અર્થમાં ધાતુને, નપુંસકલિંગ સૂચક ' **अनट्** ' પ્રત્યય લાગે છે. ૩૯૬ **गम्ल्रं – गम् + अनट् + अम् [सि] = गमनम्** = જવું.

यत्कर्मस्पर्शात् कर्त्रङ्गसुखं ततः ॥ ५–३–१२५ ॥

ભાવ અર્થમાં, જે પદાર્થના સ્પર્શથી કર્તાના અંગને સુખ થતું હોય તેવા કર્મથી પર રહેલ ધાતુને, નપુંસકલિંગ સૂચક ' **अनट्** ' પ્રત્યય લાગે છે. ૨ **पां–पा + अनट् + अम् = पानम्–पयःपानम् सुखम्** = દુધનું પાન કર્તાના દેહને સુખરૂપ છે.

रम्यादिभ्यः कर्तरि ॥ ५–३–१२६ ॥

રમિ વગેરે ધાતુને, કર્તા અર્થમાં '**अनट्**' પ્રત્યય લાગે છે. ૯૮૯ **रमि – रमते इति = रम् + अनट् + सि = रमणः**=સુંદર. **रम् + अनट् + ङी + सि = रमणी** = સુંદર સ્ત્રી. ૭૮૯ **कमूङ् – कमते इति=कम् + अनट् + ङी + सि = कमनी**=કમનીય સ્ત્રી.

कारणम् ॥ ५–३–१२७ ॥

કૃ ધાતુનુ કર્તા અર્થમાં અનટ્ પ્રત્યયાન્ત કરણ એવું '**निपातन**' થાય છે. **करोति इति = कृ + अनट् + अम् = कारणम्** = કરણ, કરનારો.

भुजि–पत्यादिभ्यः कर्मा–ऽपादाने ॥ ५–३–१२८ ॥

ભુજ્ વગેરે ધાતુને કર્મ અર્થમાં અને પત્ વગેરે ધાતુને અપાદાન અર્થમાં '**अनट्**' પ્રત્યય લાગે છે. ૧૪૮૭ **भुजंपृ–भुज्यते इति = भुज् + अनट् + अम् = भोजनम्** = ભોજન. ખાવા યોગ્ય વસ્તુ, ૧૦૫૯ **अदंक् – निरद्यते इति = निर् + अद् + अनट् + अम = निरदनम्** = ખાવા યોગ્ય વસ્તુ, ૯૬૨ **पत्लृ – प्रपतति यस्मात् इति=प्र + पत् + अनट् + सि=प्रपतनः** = જેના ઉપરથી પડાય તે સ્થાન. ૭ **दां – अपादीयते यस्मात् इति = अप + दा + अनट् + अम् = अपादानम्** = કોઈ વસ્તુ જે સ્થાનેથી જુદી પડે તે સ્થાન.

करणाऽऽधारे ॥ ५–३–१२९ ॥

કરણ અને આધાર અર્થમાં ધાતુને '**अनट्**' પ્રત્યય લાગે છે. ૮૩૮ **पशृङ् – पश्यते अनया = पश् + अनट् + ई [ङी] = पशनी** = જેના વડે તપાસ થાય તે – એષણી, ૧૩૩૬ **लिखत् – लिख्यते अनया = लेखनी** = જેના વડે લખાય તે–લેખણ. ૧૧૩૯

કુધાંગક્ – सक्तु धीयते यस्याम् = सक्तु + धा + अनट् + ङी = सक्तुधानी = જેમાં સાથવો રખાય તે વાસણ.

पुंनाम्नि घः ॥ ૫–૩–૧૩૦ ॥

તૈયાર થયેલ શબ્દ જો નર જાતિવાળી વસ્તુનું નામ હોય તો, કરણ અને આધાર અર્થમાં ધાતુને ' **घ** ' પ્રત્યય લાગે છે. **૧૬૫૫ छदण्–दन्ताः छद्यन्ते येन = दन्त + छद् + घ + सि = दन्तच्छदः** = જે વડે દાંત ઢંકાય તે – હોઠ, **एत्य कुर्वन्ति यस्मिन् = आ + कृ + घ + सि = आकरः** = લોકો જ્યાં આવીને કામ કરે તે – ખાણ, મીઠાનું અગર,

गोचर–संचर–वह–व्रज–व्यज–खला–ऽऽपण–निगम–वक–भग–कष–ऽऽकष–निकषम् ॥ ૫–૩–૧૩૧ ॥

ગોચર વગેરે શબ્દો ઘ પ્રત્યયાન્ત એવા કરણ અને આધાર અર્થમાં નર જાતિવાળા ' **निपातन** ' થાય છે. **૪૧૦ चर–गावः चरन्ति अस्मिन् इति=गो+चर्+घ+सि=गोचरः** = આંખને ગોચર છે. અર્થાત્ આ પદાર્થ આંખનો વિષય છે. **गो**–આંખ. **संचरतीति = संचरः** = શરીર, **૯૯૬ वहीं = वहतीति = वहः** = બળદની ખાંધ, **૧૩૭ व्रज – व्रज + घ + सि = व्रजः**=ગાયોનો સમૂહ–વાડો. **૪૪૯ खल–खलः** = ધાનનું ખળું, યુદ્ધનું મેદાન, **૧૩૯ अज – वि + अज + घ = व्यजः** = પંખો, **७१० पणि – आ + पण् + घ = आपणः** = દુકાન, **૩૯૬ गम्लृं – नि + गम् + घ = निगमः** = નગર, રસ્તો, **૧૦૯૬ बचंक् – वकः** = દૈત્ય, બગલો, **૮૯૫ भर्जी – भगः** = સ્ત્રીચિહ્ન, **૫૦૭ कष – कषः** = જે વડે ધાર કઢાય તે – સરાણ, અથવા જે વડે કસ કઢાય તે – કસોટીનો પત્થર, **आकषः** = સરાણ, કસોટીનો પત્થર, **निकषः** – સરાણ, કસોટીનો પત્થર.

व्यञ्जनाद् घञ् ॥ ५–३–१३२ ॥

જે તૈયાર થયેલ શબ્દ નર જાતિનો કોઇ ખાસ નામનો સૂચક હોય તો, કરણ અને આધાર અર્થમાં ધાતુને ' घञ् ' પ્રત્યય લાગે છે. **१०९९ विदक् – विदन्ति अनेनेति = विद् + घञ् + सि = वेदः** = જે વડે જ્ઞાન થાય તે – વેદ, **९८९ रमि – आरमन्ति अस्मिन् इति = आरामः** =જ્યાં લોકો ક્રિડા કરે તે–આરામ, બગીચો.

अवात् तॄ–स्तृभ्याम् ॥ ५–३–१३३ ॥

કરણ અને આધાર અર્થમાં, અવ ઉપસર્ગ સહિત તૃ અને સ્તૃ ધાતુને, નરજાતિનું કોઇ નામ હોય તો ' घञ् ' પ્રત્યય લાગે છે. **२७ तॄ – अवतरन्ति अस्मिन् इति - अव + तॄ + घञ् + सि = अवतारः**=અવતાર, નદીનો ઘાટ.. **१५२१ स्तृगॄश् –अवस्तीर्यते अनेन – अव + स्तृ + घञ् + सि = अवस्तारः** = ઓછાડ.

न्याया–ऽवाया–ऽध्यायोद्याव–संहारा–ऽवहारा–ऽऽधार–दार–जारम् ॥ ५–३–१३४ ॥

કરણ અને આધાર અર્થમાં, घञ् પ્રત્યયાન્ત એવા ન્યાય વગેરે શબ્દો ' **निपातन** ' થાય છે. અને શબ્દો પુંલિંગમાં વપરાય છે. **१०७५ इंण्क्–नि + इ + घञ् + सि=न्यायः** = ન્યાય. **४८ ओवैं, ९९२ वेंग् – आ + वै + घञ्, आ + वे + घञ् = आवाय** = વણકરની શાળા, **११०४ इंङ्क् – अधि + इ + घञ् = अध्यै + घञ = अध्यायः** = પાઠશાળા. **१०८० युक् – उद् + यु + अ = उद्यावः** = યજ્ઞપાત્ર. **८८५ हृंग् – सं + हृ + अ = संहारः** = સંહાર. **अव + हृ + अ = अवहारः** – દરિયાઈ ભયાનક પ્રાણી, **८८७ धृंग् – आ + धृ + अ = आधारः** = આધાર, **१५३५ दृश् –**

दृ + अ = दारः, दाराः = સ્ત્રી, ૧૫૩૬ जृश् – जॄ + घञ् (अ) + सि = जारः = જાર પુરૂષ.

उदङ्कोऽतोये ॥ ५–३–१३५ ॥

પાણી સાથે કોઈ સંબંધ નથી એવા અર્થમાં, કરણ અને આધારના વિષયમાં, પુલિંગ સંજ્ઞા જણાતે છતે, ઉદ્ ઉપસર્ગ સહિત અન્ચ્ ધાતુનું घञ् પ્રત્યયાન્ત એવું उदङ्क શબ્દનું ' **निपातन** ' થાય છે. ૧૦૫ **अञ्चू – उदञ्चयतेऽनेनेति = उद् + अञ्च् + घञ् + सि = उदङ्कः, तैलस्य. घृतस्य वा उदङ्कः = तैलोदङ्कः, घृतोदङ्कः**=તેલ અથવા ઘી ભરવાનું ચામડાનું સાધન– કુડલો.

अनायो जालम् ॥ ५–३–१३६ ॥

જાળ અર્થરૂપ પુલિંગની સંજ્ઞા જણાતે છતે, કરણ અને આધાર અર્થમાં, आङ् ઉપસર્ગ સહિત नी ધાતુનું घञ् પ્રત્યયાન્ત आनाय એવું ' **निपातन** ' થાય છે. ૮૮૪ **णींग् – आनयन्ति तेनेति = आ + नी + घञ् + सि = आनायः** = માછલાં વગેરે પકડવાની જાળ.

खनो ड–डरेक–कवक–घं च ॥ ५–३–१३७ ॥

પુલિંગની સંજ્ઞા જણાતી હોય તો, કરણ અને આધાર અર્થમાં, खन् ધાતુને, ' ડ, ડર, ઇક, ઇકવક, ઘ ' અને ' घञ् ' પ્રત્યયો લાગે છે. ૯૧૩ **खनूग् – आखायतेऽनेन, आखन्यतेऽस्मिन् वेति – आ + खन् + ड + सि = आखः, आ + खन् + डर + सि = आखरः, आ + खन् + इक + सि = आखनिकः, आ + खन् + इकवक + सि = आखनिवकः, आ + खन् + घ + सि= आखनः, आ+खन्+घञ्+सि+आखानः**=ખોદવાનું સાધન, કોદાળી.

इ–कि–त्रिवृ स्वरूपार्थे ॥ ५–३–१३८ ॥

ધાતુનું સ્વરૂપ જણાવવું હોય, અથવા ધાતુનો અર્થ જણાવવો હોય, ત્યારે ધાતુને, ' ઇ, ક ' અને ' ક્તિવ્ ' પ્રત્યયો લાગે છે. ૧૪૮૬ **ભઞ્જોપ્ – ભઞ્જ્+ઇ = ભઞ્જિઃ**=ભાંગવું ધાતુ–ભાંગવું, ૧૧૮૪ **ક્રુધંચ્ – ક્રુધ્ + ક્તિ = ક્રુધિઃ** = ક્રુધ્ ધાતુ–ક્રોધ, ૧૦૯૯ **વિદક્ – વિદ્ + ક્તિવ્ = વેત્તિઃ** = વિદ્ ધાતુ–જાણવું. ૯૯૧ **યજીં – યજ્ + ઇ = યજિઃ, યજેરઙ્ગાનિ** = યજ્ઞના અંગો, ૧૪૮૭ **ભુજંપ્ – ભુજ્ + ક્તિ = ભુજિઃ, ભુજિઃ ક્રિયતે** = ભોજન કરાય છે. ૮૯૨ **ડુપચીંષ્ - પચ્ + ક્તિવ્ = પચતિઃ, પચતિઃ વર્તતે** = રસોઈ થાય છે.

દુઃ–સ્વીષતઃ કૃચ્છ્રા–ઽકૃચ્છ્રાર્થાત્ ખલ્ ॥ ૫–૩–૧૩૯ ॥

દુઃખ અર્થવાળા દુર્ શબ્દથી અને સુખ અર્થવાળા સુ તથા ઈષત્ શબ્દથી પર આવેલ અકર્મક ધાતુને ભાવ અર્થમાં અને સકર્મક ધાતુને કર્મ અર્થમાં ' ખલ્ ' પ્રત્યય લાગે છે. **ભાવ – દુર્ + શી + ખલ્ + અમ્ (સિ) = દુઃશયમ્** = કષ્ટથી સૂવું, **સુ + શી + ખલ્ + અમ્ = સુશયમ્** = સુખે સુવું. **કર્મ – ૮૮૮ ડુકૃંગ્ – દુર્ + કૃ + ખલ્ = દુષ્કરમ્** = કઠણ કામ, **સુ + કૃ + ખલ્ = સુકરમ** = સુખે કરી શકાય તેવું કામ. **ભાવ – ઈષત્ + શી + ખલ્ = ઈષચ્છયમ્** = અકષ્ટે સૂવું, **કર્મ – ઈષત્ + કૃ + ખલ્ = ઈષત્કરઃ** = સુખે કરી શકાય તે.

ક્ત્યર્થે કર્ત્રાપ્યાદ્ ભૂ–ક્રુગઃ ॥ ૫–૩–૧૪૦ ॥

દુઃખ અર્થવાળા દુર્ શબ્દથી અને સુખ અર્થવાળા સુ તથા ઈષત્ શબ્દથી પર આવેલ, ક્ત્વિ અર્થમાં વર્તમાન કર્તાવાચક શબ્દથી પર આવેલ ભૂ ધાતુને, તથા દુઃખ શબ્દવાળા દુર્ શબ્દથી અને સુખ અર્થવાળા સુ અને ઈષત્ શબ્દથી પર આવેલ, ક્ત્વિ અર્થમાં વર્તમાન કર્મવાચક શબ્દથી પર આવેલ કૃ ધાતુને ' ખલ્ ' પ્રત્યય લાગે છે.

१ भू – दुःखन आढ्यः = दुराढ्यः, न दुराढ्यः=अदुराढ्यः, अदुराढ्येन दुराढ्येन भूयते इति = दुर् + आढ्य + भू + खल् + अम् (सि)=दुराढ्यंभवम् = જે માણસ દુઃખવડે પરિપૂર્ણ નથી તેના વડે દુઃખ પરિપૂર્ણ થવાનું. सु + आढ्य + भू + खल् +अम् = स्वाढ्यंभवम् = જે માણસ સુખવડે પરિપૂર્ણ નથી તેના વડે સુખ પરિપૂર્ણ થવાનું. ईषत् + आढ्य + भू + खल् + अम्=इषदाढ्य भव भवता = જે માણસ અકષ્ટ વડે પરિપૂર્ણ ન હતો તેના વડે અકષ્ટ પરિપૂર્ણ થવાનું. ८८८ डुकृंग् – दुर् + आढ्य + कृ + खल् + सि = दुराढ्यंकरः = જે માણસ દુઃખ વડે પરિપૂર્ણ નથી કરાયેા તે તમારા દ્વારા દુઃખ વડે પરિપૂર્ણ કરાયેા सु + आढ्य + कृ + खल् + सि = स्वाढ्यंकरः = જે માણસ સુખ વડે પરિપૂર્ણ નથી કરાયેલેા તેને સુખ વડે પરિપૂર્ણ કરવામાં આવેલ છે. ईषत् + आढ्य + कृ + खल + सि = इषदाढ्यंकरश्चैत्रः त्वया = ચૈત્ર સુખ વડે પરિપૂર્ણ નથી કરાયેા તેને તમારા દ્વારા સુખ વડે પરિપૂર્ણ કરવામાં આવેલ છે. च्वि = अभूततद्भाव = જેવું પહેલા ન હતું તેવું પછીથી થવું, જેવું પહેલા નહિ કરાયેલ તેવું પછીથી કરાયેલ.

शासु युधि–दृशि–धृषि–मृषा–ऽऽतोऽन् ॥ ५–३–१४ ॥

દુઃખ વાચક દુર્ શબ્દથી અને સુખવાચક સુ અને ઈષત્ શબ્દથી પર રહેલ, શાસ્, દૃશ્, ધૃષ્, મૃષ્ અને આકારાન્ત એવા અકર્મક ધાતુને ભાવ અર્થમાં અને સકર્મક ધાતુને કર્મ અર્થમાં ' अन ' પ્રત્યય લાગે છે. १०९५ शासूङ् – दुःखेन शिष्यते = दुर् + शास् + अन + सि = दुःशासनः = દુઃખે કરીને – મહામુશીબતે સમજાવી શકાય તે. सुशासनः = સુખે કરીને – સરલતાથી સમજાવી શકાય તે. ईषच्छासनः = જેને થેાડામાં સુખે સમજાવી શકાય તે ૧૨૬૦ युधिच् – दुःखेन युध्यते इति = दुर् + युध् + अन + सि =

दुर्योधनः = જેની સાથે દુઃખથી લડાઇ કરી શકાય તે, **सुयोधनः** = જેની સાથે સુખથી લડાઈ કરી શકાય તે, **ईषद्योधनः** = જેની સાથે અકષ્ટથી લડાઈ કરી શકાય તે. ૪૯૫ **दृशँ – दुःखेन दृश्यते इति – दुर् + दृश् + अन + सि = दुर्दर्शनः** = જેને દુઃખથી જોઇ શકાય તે, **सुदर्शनः** = જેને સુખથી જોઇ શકાય તે, **ईषद्दर्शनः** = જેને અકષ્ટથી જોઈ શકાય તે. ૧૯૭૮ **धृषण् – दुःखेन धृष्यते इति = दुर् + धृष् + अन + सि = दुर्धर्षणः**=જેને સામનો દુઃખથી કરી શકાય તે. ૫૨૮ **मृषू – दुःखेन मृष्यते इति = दुर् + मृष् + + अन + सि = दुर्मर्षणः** = જેને દુઃખથી સહન કરી શકાય તે. ૫ **ष्ठां – दुःखेन उत्थानमिति = दुर् + उद् + स्था + अन + अम् (सि) = दुरुत्थानम्** = દુઃખથી ઉઠવું.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
पञ्चमाऽध्यायस्य तृतीयपादः ॥

[अथ चतुर्थपादः]

सत्सामीप्ये सद्वद् वा ॥ ५-४-१ ॥

વર્તમાનકાળની નજીકના ભૂતકાળમાં તથા ભવિષ્યકાળમાં વર્તમાન ધાતુને, વિકલ્પે '**વર્તમાના**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. ભૂત – **कदा चैत्र आगतोऽसि ? अयमागच्छामि** = ચૈત્ર ! તું ક્યારે આવ્યો છે ? હું આવ્યો આવું છું. **आगच्छन्तमेव मां विद्धि** = મને આવતો જ સમજ. **पक्षे – अयमागमम्** = આ હું આવ્યો. **एषोऽस्मि आगतः** = આ હું આવેલો છું. ભવિષ્ય – **कदा चैत्र ! गमिष्यसि ? एष गच्छामि** = ચૈત્ર ક્યારે જઈશ ? આ જઉં છું **गच्छन्तमेव मां विद्धि** = મને જતો જ સમજ, **पक्षे – एष गमिष्यामि** = આ હું જઈશ, **गन्ता अस्मि** = આ હું જઈશ, **गमिष्यन्तमेव मां विद्धि** = મને જનારો જ સમજ–જાણ.

भूतवच्चाऽऽशंस्ये वा ॥ ५-४-२ ॥

આશંસ્ય – પ્રિય વ્યક્તિના સંબંધની ઇચ્છા જણાતી હોય, અથવા પ્રિય વસ્તુ મેળવવાની ઇચ્છા જણાતી હોય એવા અર્થમાં ધાતુને ભવિષ્યકાલના પ્રત્યયો લાગે છે, છતાં ઉક્ત પ્રસંગના વિષયમાં ભવિષ્યકાલને બદલે '**વર્તમાના**' અને '**अद्यतनी**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. વર્તમાના – **उपाध्यायश्चेदागच्छति, पते तर्कमधीमहे** = ઉપાધ્યાય જો આવે તો અમે તર્ક ભણીએ. ભૂતકાળ – **उपाध्यायश्चेदागमत्, पते तकमध्यगीष्महे** = ઉપાધ્યાય જો આવ્યા હોત તો અમે તર્ક ભણત. **पक्षे**–ભવિષ્યકાલ – **उपाध्यायश्चे-**

दास्यन्ति, आगन्ता वा, यते तर्कमध्येष्यामहे = अध्येतास्महे वा = ઉપાધ્યાય જી આવશે તો અમે તર્ક ભણવાના – ભણીશું.

क्षिप्राऽऽशंसे र्थयोर्भविष्यन्ती–सप्तम्यौ ॥ ५–४–३ ॥

કોઇ વ્યક્તિના સંબંધની ઇચ્છા જણાતી હોય અથવા પ્રિય વસ્તુ મેળવવાની ઇચ્છા જણાતી હોય એવા વિષયમાં જે ધાતુને ક્ષિપ્ર અથવા ક્ષિપ્ર અર્થવાળા શબ્દોનો સંબંધ હોય, અથવા ઇચ્છા અર્થવાળા શબ્દોનો સંબંધ હોય તો, તે સંબંધવાળા ધાતુને અનુક્રમે '**भविष्यन्ती**' વિભક્તિના અને '**सप्तमी**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **क्षिप्र** – ભવિષ્યન્તી – **उपाध्यायश्चेद् आगच्छति, आगमत्, आगमिष्यति, आगन्ता वा क्षिप्रमाशु यते सिद्धान्तमध्येष्यामहे** = ઉપાધ્યાય જો આવે છે, આવ્યા, આવશે અથવા આવનારા હશે, તો અમે આ સિદ્ધાન્ત જલ્દી જલ્દી ભણીશું. **आशंसे – सप्तमी – उपाध्यायश्चेद् आगच्छति. आगमत्, आगमिष्यति, आगन्ता वा आशंसे–संभावये युक्तोऽधीयीय**= ઉપાધ્યાય જો આવે છે, આવ્યા, આવશે, અથવા આવનારા હશે, તો ઇચ્છું છું. – સંભાવના કરું છું કે હું તેમની પાસે યુકત થઇને અર્થાત્ બરાબર મન દઇને ભણું.

संभावने सिद्धवत् ॥ ५–४–४ ॥

સંભાવના – પ્રાપ્ત થયેલા કારણથી પોતાની શક્તિમાં વિશ્વાસ કરવો એવા અર્થના વિષયમાં ધારેલી વસ્તુ અસિદ્ધ હોય છતાં સિદ્ધ થઈ ગયેલી સમજીને જેવા પ્રત્યયો લાગે છે તેવા જ '**પ્રત્યયો**' લગાડવા. **समये चेत् प्रयत्नोऽभूत् उदभूवन् विभूतयः** = સમયસર પ્રયત્ન થયો હોત તો વિભૂતિઓ ઉત્પન્ન થઈ હોત. અહિં ભવિષ્યકાળને બદલે ભૂતકાળ વપરાયો છે.

नाऽद्यतनः प्रबन्धा-ऽऽसन्नयोः ॥ ५–४–५ ॥

ક્રિયાનું સાતત્ય હોય તથા પ્રસંગની નિકટતા જણાતી હોય એવા વિષયમાં, જે ધાતુને અનદ્યતન કાળમાં વિધાન કરાયેલ **ઘ્યસ્તની** વિભક્તિના અને '**શ્વસ્તની**' વિભક્તિના પ્રત્યયો ન લાગે. **यावज्जीवं सूशमन्नमदात्, दास्यति वा**=જીવ્યો ત્યાં સુધી ખુબ અન્ન આપ્યું, અથવા જીવશે ત્યાં સુધી ખુબ અન્ન આપશે. **येयं पौणमास्यातिक्रान्ता एतस्या जिनमहः प्रावर्तिष्ट** = જે આ પૌણમાસી – માગશર શુદ પુનમ હમણા ગઈ તેમાં જિનેશ્વરનો મહોત્સવ શરૂ થયો **येयं पौणमास्यागामिनी एतस्यां जिनमहः प्रवर्त्तिष्यते** = જે આ પૌણમાસી હમણા આવવાની છે તેમાં જિનેશ્વરનો મહોત્સવ થશે.

एष्यत्यवधौ देशस्याऽर्वाग्भागे ॥ ५–४–६ ॥

જે સ્થાને જવાનું છે તેનું અવધિ – છેડા વાચક નામ પ્રયોગમાં હોય અને ત્યાં જવાનું છે, તેના અર્વાક્ – આગલા ભાગમાં ભવિષ્ય-કાળમાં ધાતુને '**શ્વસ્તની**' વિભક્તિના પ્રત્યયો ન લાગે. **योऽयमध्वा गन्तव्यः आशत्रुञ्जयात्, तस्य यदवरं वलभ्यास्तत्र द्विरोदनं भोक्ष्यामहे** = જે આ રસ્તો શત્રુંજય સુધી પસાર કરવાનો છે, તેમાં આવનારા વલભીપુરના આગળના ભાગમાં અમે બેવાર ઓદન–ચોખા ખાઈશું.

कालस्याऽनहोरात्राणाम् ॥ ५–४–७ ॥

જે કાળમાં પ્રસંગ બનવાનો હોય, તેનું અવધિવાચક નામ પ્રયોગમાં હોય, અને તે વિવક્ષિતકાળના આગલા ભાગમાં ભવિષ્યકાળમાં કોઇ પ્રસંગ બનવાનો હોય તેવા વિષયમાં ધાતુને, જો તે કાળ અહો-રાત્રનો આગલા સમયનો ન હોય તો '**શ્વસ્તની**' વિભક્તિના

પ્રત્યયો ન લાગે. **योऽयमागामी संवत्सरस्य यदवरमाग्रहायण्या स्तत्र जिनपूजां करिष्यामः** = જે વર્ષ આવનારું છે, તેમાં આગ્રહાયણીના – માગશર શુદ પૂનમ કે મૃગશીર્ષ નક્ષત્રના આગલા ભાગમાં અમે જિનેશ્વરની પૂજા કરીશું.

परे वा ॥ ५–४–८ ॥

જે સમયમાં પ્રસંગ બનવાનો હોય, તેનું અધિવાચક નામ પ્રયોગમાં હોય અને તે વિવક્ષિત સમયના પાછળના ભાગમાં ભવિષ્યકાળનો કોઈ પ્રસંગ બનવાનો હોય, એવા વિષયમાં ધાતુને **'श्वस्तनी'** વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. પક્ષે **' भविष्यन्ती '** વિભક્તિના પ્રત્યયો લાગે છે. **आगामिनो वत्सस्याग्रहायण्याः परस्ताद् द्विः सूत्रमध्येष्यामहे, अध्येतास्महे वा** = જે વર્ષ આવવાનું છે તેના આગ્રહાયણીના પાછળના ભાગમાં અમે બેવાર સૂત્રનું અધ્યયન કરીશું અથવા અધ્યયન કરવાના. કરીશું ત્યા ભવિષ્યન્તી અને કરવાના ત્યા શ્વસ્તની વિભક્તિના પ્રત્યયો લાગેલ છે.

सप्तम्यर्थे क्रियातिपत्तौ क्रियातिपत्तिः ॥ ५–४–९ ॥

જ્યાં હેતુ તથા હેતુનું ફળ જણાવવાનું હોય ત્યાં સપ્તમી વિભક્તિના પ્રત્યયો લગાડાય છે, પરંતુ જ્યાં હેતુ તથા હેતુના ફળનું કથન હોવા છતાં કોઇ જાતની ખામીને કારણે વિવક્ષિત ક્રિયા જ ભાંગી પડે એવો પ્રસંગ જણાતે છતે, ધાતુને સપ્તમી વિભક્તિના ક્રિયાસૂચક પ્રત્યયોને સ્થાને **' क्रियातिपत्ति '** વિભક્તિના પ્રત્યયો લાગે છે. **दक्षिणेन चेद् अयास्यत् न शकटं पर्याभविष्यत्** = ગાડું દક્ષિણ દિશાથી ગયું હોત તો તે ગાડું ખોટકાઈ ન જાત.

भूते ॥ ५–४–१० ॥

ધાતુથી ભૂતકાળ જણાવાતો હોય એવા વિષયમાં હેતુ અને ફળના કથનની વસ્તુ હોવાથી સપ્તમી વિભક્તિના પ્રત્યયો લગાડાય છે. છતાં પણ જે બનવાની ક્રિયાનો નાશ થયો હોય, તેવા પ્રસંગમાં ધાતુને '**ક્રિયાતિપત્તિ**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **दृष्टो मया तव पुत्रोऽन्नार्थी, चङ्क्रम्यमाणः, अपरश्चातिथ्यर्थी, यदी स तेन दृष्टोऽभविष्यदुताऽभोक्षयत, अप्यभोक्ष्यत** = ચારે તરફ ફરતો અન્નની ઇચ્છાવાળા તારા પુત્રને મેં જોયો, બીજો એક જણ અન્ન ખવડાવવા સારૂં અતિથીની ઇચ્છાવાળો પણ મેં જોયો.

वोताऽप्राक् ॥ ५-४-११ ॥

"**सप्तम्युताऽप्योर्वाढे** [५-४-२१]" એ સૂત્રમાં જે उत् શબ્દ જણાવેલ છે, તેની પહેલાના સૂત્રમાં સપ્તમી વિભક્તિના ક્રિયાસૂચક પ્રત્યયોનું વિધાન કરેલ છે, ત્યાં અપેક્ષ ક્રિયા ભાંગી પડે તેવા વિષયમાં ભૂતકાળસૂચક ધાતુને '**ક્રિયાતિપત્તિ**' વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. **कथं नाम संयतः सन्नागढे तत्रभवान् आधाय कृतमसेविष्यत, धिग् गर्हामहे** = સંયમી નામ ધરાવીને અનાગાઢ – અસાધારણ પ્રસંગ વિના આધાકર્મી આહારને કેવી રીતે વાપરી શકે ! તેમની નિંદા કરીએ છીએ. **पक्षे** – સપ્તમી વિભક્તિ – **कथं सेवेतः** = તેવો કઈ રીતે વાપરે. વર્તમાના – **कथं सेवते**=તેઓ કઇ રીતે વાપરે છે. **धिग् गर्हामहे** = તેમની નિંદા કરીએ છીએ. "**सप्तमी०** [५-४-३४]" એ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ છે. **कालो यदमोक्ष्यत भवान्** =જમવાનો સમય છે માટે તેઓ જમે. અહિં "**सप्तमी०** [५-४-३४]" એ સૂત્રથી પ્રાપ્ત થતા સપ્તમી વિભક્તિને બદલે ક્રિયાનો ભંગ થતાં, સપ્તમી વિભક્તિ ન થઈ પણ ક્રિયાતિપત્તિ વિભક્તિ થઈ છે.

क्षपेऽपि-जात्वोर्वर्तमाना ॥ ५-४-१२ ॥

નિંદાનો વિષય જણાતો હોય અને અપિ તથા જાતુ શબ્દનો પ્રયોગ હોય તો, ધાતુને તમામ કાળમાં 'वर्तमाना' વિભક્તિના પ્રત્યયો લાગે છે. અહિં સામાન્યકાળમાત્રનો નિર્દેશ હોવાથી વિશેષ કાળમાં પણ આ જ નિયમ લાગે છે. **अपि तत्रभवान् जन्तून् हिनस्ति, धिग् गर्हामहे** = તમે શું જંતુઓને હણો છો ? તેમને ધિક્કાર – અમે નિંદા કરીએ છીએ. **जातु तत्रभवान् भूतानि हिनस्ति** = તમે શું પ્રાણીઓને હણો છો ? **धिग् गर्हामहे**=તેમની અમે નિંદા કરીએ છીએ.

कथमि सप्तमी च वा ॥ ५-४-१३ ॥

નિંદા અર્થ જણાતે છતે અને વાક્યમાં કથમ્ શબ્દનો પ્રયોગ થયો હોય તો, ધાતુને તમામ કાળમાં 'वर्तमाना' વિભક્તિના અને 'सप्तमी' વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે **कथं नाम तत्रभवान् मांसं भक्षयति, भक्षयेत् वा ? गर्हामहे–अन्याय्यमेतत्** = માનનીય તેઓ માંસનું ભક્ષણ કેમ કરે છે અથવા ભક્ષણ કેમ કરીને કરી શકે ? આ અન્યાય છે. **पक्षे–अबभक्षत्, अभक्षयत्, भक्षयाञ्चकार, भक्षयिता, भक्षयिष्यति,** આ વાક્યમાં સપ્તમી વિભક્તિના પ્રત્યયો લાગવાનું નિમિત્ત છે જેથી ભૂતકાળમાં વાક્યગત ક્રિયાનો ભંગ થતાં ક્રિયાનિષ્પત્તિ વિભક્તિના પણ પ્રત્યયો વિકલ્પે લાગે છે. **कथं नाम तत्रभवान् मासमभक्षयिष्यत्** = માનનીય તેઓએ માંસનું ભક્ષણ કેવી રીતે કર્યું હોત ! આ સમગ્ર આખ્યાત પ્રકરણમાં જ્યાં **सप्तमी** અને **पञ्चमी** નો નિર્દેશ કરેલ છે, ત્યાં બધે ક્રિયાસૂચક – ત્યાદિ વિભક્તિમાં જણાવેલ 'સપ્તમી વિભક્તિ' અને પંચમી વિભક્તિ સમજવી, પણ કારક સૂચક સપ્તમી અને પંચમી વિભક્તિ ન સમજવી.

किंवृत्ते सप्तमी-भविष्यन्त्यौ ॥ ५-४-१४ ॥

નિંદા અર્થ જણાતો હોય અને વાક્યમાં વિભક્તિવાળા કિમ્ શબ્દનો તથા કતર અને કતમ શબ્દનો પ્રયોગ હોય તો, ધાતુને તમામ કાળમાં '**સપ્તમી**' વિભક્તિના અને '**ભવિષ્યન્તી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **किं तत्रभवाननृतं ब्रूयाद्, वक्ष्यतिवा** = માનનીય તમે શું ખોટું બોલો અથવા બોલશો ? **को नाम, कतरो नाम, कतमो नाम यस्मै तत्रभवाननृतं ब्रूयाद्, वक्ष्यति वा** = એવો કોણ છે, એવો જેમાંથી કોણ છે, આ બધામાંથી એવો કોણ છે, કે જે માનનીય એવા તમે જેને માટે ખોટું બોલો અથવા બોલશો !

अश्रद्धा-ऽमर्षेऽन्यत्रापि ॥ ५-४-१५ ॥

અશ્રદ્ધા અને અમર્ષ – અસહિષ્ણુતા જણાતે છતે, વિભક્તિવાળા કિમ્ શબ્દનો, તથા કતર અને કતમ શબ્દનો પ્રયોગ વાક્યમાં હોય અથવા ન હોય તો પણ ધાતુને સર્વ કાળમાં '**સપ્તમી**' વિભક્તિના અને '**ભવિષ્યન્તી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે **न श्रद्धे-न संभावयामि तत्रभवान् नामाऽदत्तं गृह्णीयात्, ग्रहीष्यति वा** = મને શ્રદ્ધા નથી – હું સંભાવના પણ કરતો નથી કે માનનીય તેઓ ચોરી કરે કે ચોરી કરશે. **न श्रद्धे किं तत्रभवान् अदत्तम्, आदद्दीत, आदास्यते वा** = મને શ્રદ્ધા નથી કે શું માનનીય તેઓ ચોરી કરે કે ચોરી કરશે, **न मर्षयामि-न क्षमे तत्रभवान् अदत्तं गृह्णीयात्, ग्रहीष्यति वा** = હું સહન નથી કરી શકતો – હું ક્ષમા નથી કરી શકતો કે માનનીય તેઓ ચોરી કરે કે ચોરી કરશે.

किङ्किलाऽस्त्यर्थयोर्भविष्यन्ती ॥ ५-४-१६ ॥

અશ્રદ્ધા અને અમર્ષનો વિષય જણાતો હોય, તથા વાક્યમાં કિંકિલ

શબ્દનો પ્રયોગ હોય, તથા અસ્त्यર્થક એવા અસ્તિ, ભવતિ શબ્દનો પ્રયોગ કરાયો હોય તો, તમામ કાળમાં અને સર્વ ધાતુને '**ભવિષ્યન્તી**' વિભક્તિ ના પ્રત્યયો લાગે છે. **न श्रद्धे, न मर्षयामि किंकिल नाम तत्रभवान् परदारानुपकरिष्यते**=મને શ્રદ્ધા નથી, હું સહન નથી કરતો કે માનનીય તેઓ પરદારાનો ઉપભોગ કરશે. **न श्रद्धे, न मर्षयामि, अस्ति नाम, भवति नाम तत्रभवान् परदारानुपकरिष्यते** = હું શ્રદ્ધા નથી રાખતો, હું સહન નથી કરતો કે આદરણીય તેઓ પરદારાનો ઉપભોગ કરશે.

जातु–यद्–यदा–यदौ सप्तमी ॥ ५–४–१७ ॥

અશ્રદ્ધા અને અમર્ષના અર્થમાં, જાતુ, યદ્, યદા અને યદિ શબ્દોમાંથી કોઈ પણ એક શબ્દનો વાક્યમાં પ્રયોગ કરાયો હોય તો, સર્વ કાળમાં અને સર્વ ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **न श्रद्धे, न क्षमे जातु तत्रभवान् सुरां पिबेत्**=હું શ્રદ્ધા કરતો નથી, હું સહન કરતો નથી કે માનનીય તેઓ જો કદાપિ દારૂ પીએ. **एवम् – यत्, यदा, यदि सुरां पिबेत्** = આવી જ રીતે યદ્, યદા અને યદિ શબ્દનો પ્રયોગ સમજવો.

क्षेपे च यच्च–यत्र ॥ ५–४–१८ ॥

નિંદા, અશ્રદ્ધા અને અમર્ષ અર્થ જણાતો હોય અને વાક્યમાં યચ્ચ અને યત્ર શબ્દનો પ્રયોગ કરાયો હોય તો, સર્વ કાળમાં અને સર્વ ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **धिग् गर्हामहे यच्च यत्र वा तत्रभवानस्मान् आक्रोशेत्** = ધિક્કાર થાઓ ! અમે નિંદાએ છીએ કે આદરણીય એવા તેઓ અમારા ઉપર આક્રોશ કરે. **न श्रद्धे, न क्षमे, यच्च यत्र वा तत्रभवान् परिवादं कथयेत्**= મને શ્રદ્ધા નથી, હું સહન કરતો નથી કે માનનીય એવા તેઓ નિંદા કરે.

चित्रे ॥ ५–४–१९ ॥

આશ્ચર્ય જણાતું હોય અને વાક્યમાં यच्च અને यत्र શબ્દનો પ્રયોગ થયો હોય તો, સર્વકાળમાં સર્વ ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **चित्रम् – आश्चर्यं यच्च यत्र तत्र भवान् अकल्पयं सेवेत** = આશ્ચર્ય છે કે આદરણીય એવા તેઓ અકલ્પ્ય – ન ખપે એવી વસ્તુને સેવે – વાપરે.

शेषे भविष्यन्त्ययदौ ॥ ५–४–२० ॥

આશ્ચર્યનો વિષયમાં જો यद्दि શબ્દનો વાક્યમાં પ્રયોગ થયો ન હોય તો, અને यच्च તથા यत्र શબ્દ સિવાય બીજો કોઇ શબ્દ પ્રયોગ હોય તો, ધાતુને સર્વકાળમાં '**भविष्यन्ती**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **चित्रमाश्चर्यमन्धो नाम गिरिमारोक्ष्यति** = આશ્ચર્ય છે કે આંધળો માણસ પર્વત ઉપર ચઢશે.

सप्तम्युता–ऽत्योर्बाढे ॥ ५–४–२१ ॥

બાઢ–અત્યન્ત અર્થવાળા ઉત અને અપિ શબ્દનો વાક્યમાં પ્રયોગ જણાતો હોય તો, સર્વકાળમાં ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **उत अपि वा कुर्यात्** = અત્યન્ત કરશે.

सम्भावनेऽलमर्थे तदर्थानुक्तौ ॥ ५–४–२२ ॥

કાર્ય કરવા માટે શક્તિની સંભાવના રહેતે છતે અને अलम् અર્થવાળા શક્તિવાચક શબ્દનો પ્રયોગ ન હોય તો, સર્વકાળમાં ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **अपि मासमुपवसेत्** = મને લાગે છે કે મહિનાના ઉપવાસ પણ કરી શકે.

अयदि श्रद्धाधार्तौ नवा ॥ ५–४–२३ ॥

શક્તિની સંભાવનાના વિષયમાં, શ્રદ્ધા – સંભાવના અર્થવાળા ધાતુનો પ્રયોગ હોય તો, સર્વકાળમાં ધાતુને '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. જો વાક્યમાં यत् શબ્દનો પ્રયોગ ન હોય તો. **श्रद्धे – संभवयामि भुञ्जीत भवान्** = હું શ્રદ્ધા – સંભાવના રાખુ છું કે તેઓ ભોજન કરે. **पक्षे-भोक्ष्यते, अभुङ्क्त, अभुक्त वा.**

सतीच्छाऽर्थात् ॥ ५–४–२४ ॥

વર્તમાનક્ષણમાં વર્તતા એવા ઇચ્છાર્થક ધાતુને વિકલ્પે '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **इच्छेत्** = ઇચ્છે. **पक्षे – इच्छति** = ઇચ્છે છે.

वर्त्स्यति हेतु–फले ॥ ५–४–२५ ॥

ભવિષ્યમાં થનારા હેતુભૂત અને ફલભૂત કાર્ય જણાતે છતે, ભવિષ્યક્ષણના વિષયમાં '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે. **यदि गुरूनुपासीत शास्त्रान्तं गच्छेत्** = જો ગુરૂની ઉપાસના કરે તો શાસ્ત્રનો પાર પામે. **पक्षे –यदि गुरूनुपासिष्यते शास्त्रान्तं सङ्गमिष्यते** = જો ગુરૂની ઉપાસના કરશે તો શાસ્ત્રનો પાર પામશે.

कामोक्तावकाचिति ॥ ५–४–२६ ॥

વક્તાની ઇચ્છા જણાતી હોય અને વાક્યમાં કશ્ચિત્ શબ્દનો પ્રયોગ ન હોય તો, ધાતુને સર્વ કાળમાં '**સપ્તમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **कामा मे भुञ्जीत भवान्** = મારી ઇચ્છા છે કે તેઓ ભોજન કરે !

इच्छार्थे सप्तमी–पञ्चम्यौ ॥ ५–४–२७ ॥

વક્તાની ઇચ્છા જણાતી હોય અને વાક્યમાં ઇચ્છા અર્થવાળા ધાતુનો પ્રયોગ હોય તો, સર્વધાતુને અને સર્વકાળમાં '**સપ્તમી**' વિભક્તિના અને '**પંચમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **इच्छामि भुञ्जीत, भुङ्क्ताम् वा भवान्** = મારી ઇચ્છા છે કે તેઓએ ભોજન કરવું જોઇએ અથવા તેઓ ભોજન કરે!

विधि–निमन्त्रणा–ऽऽमन्त्रणा–ऽधीष्ट–संप्रश्ने–प्रार्थने ॥ ५–४–२८ ॥

વિધિ વગેરે અર્થવાળા કર્તા, કર્મ અને ભાવ – ક્રિયા જણાતી હોય તો, ધાતુને '**સપ્તમી**' વિભક્તિના અને '**પંચમી**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **विधि** – ક્રિયામાં પ્રેરણા કરવી, **कटं कुर्यात्, करोतु भवान्** = તેઓ સાદડી કરે, કરો. **निमन्त्रण** – જે ક્રિયામાં પ્રેરણા કર્યા પછી ન કરવાથી દોષ લાગે તે અર્થાત્ અવશ્ય કરવા લાયક પ્રેરણા **द्विसन्ध्यमावश्यकं कुर्यात्, करोतु वा**=સવાર સાંજ બેવાર આવશ્યક કરે અથવા કરો? **आमन्त्रण**–પ્રેરણા છતાં ઇચ્છાપૂર્વક વર્તી શકાય તે. **इहासीत, आस्ताम् वा** = અહિંયા બેસે અથવા બેસો. **अधीष्ट**-સત્કાર પૂર્વકની જે પ્રેરણા. **व्रतं रक्षेत्, रक्षतु वा** = વ્રતનું રક્ષણ કરે અથવા કરો. **संप्रश्न**-યોગ્ય અથવા અયોગ્ય એવા પોતાના વિચારને લગતો પ્રશ્ન અથવા તેને લગતી ઇચ્છાનું સમર્થન. **किं नु खलु भो व्याकरणमधीयीय, अध्ययै उत सिद्धान्तमध्ययीय, अध्ययै! वा** = શું હું વ્યાકરણ ભણું કે સિદ્ધાન્ત ભણું? **प्रार्थना** – માંગણી–**पार्थना मे तर्कमधीयीय, अध्ययै** = મારી પ્રાર્થના છે કે હું તર્ક ભણું.

प्रेषा–ऽनुज्ञा–ऽवसरे कृत्य–पञ्चम्यौ ॥ ५–४–२९ ॥

પ્રેષ, અનુજ્ઞા અને અવસર અર્થવાળા કર્તા, કર્મ અને ભાવ

અર્થમાં વર્તમાન ધાતુને 'કૃત્ય' પ્રત્યયો અને 'પંચમી' વિભક્તિના પ્રત્યયો લાગે છે **પ્રેષ**–તિરસ્કારપૂર્વકની પ્રેરણા, **અનુજ્ઞા**–ઈચ્છાપૂર્વકની સંમતિ, **અવસર**–કામ કરવાનો જે સમય હોય તે સમય. **भवता खलु कटः कार्यः, भवान् कटं करोतु, भवान् हि प्रेषितः, अनुज्ञातः, भवतोऽवसरः कटकरणे** = તેઓએ સાદડી કરવી જોઈએ, તેઓ સાદડી કરો, સાદડી કરવા માટે તેઓને મોકલ્યા છે, અનુજ્ઞા આપી છે; એ કરવા માટે તેમનો અવસર છે.

सप्तमी चोर्ध्वमौहूर्तिके ॥ ५–४–३० ॥

પ્રેષ વગેરે અર્થ જણાતે છતે, થનારું કાર્ય મુહૂર્ત પહેલા થવાનું હોય તો, ધાતુને સર્વકાળમાં **'સપ્તમી'** વિભક્તિના, **'કૃત્ય'** પ્રત્યયો તથા **'પંચમી'** વિભક્તિના પ્રત્યયો લાગે છે **ऊर्ध्वं मुहूर्तात् कटं कुर्यात् भवान्, भवता कटः कार्यः, कटं करोतु भवान् हि प्रेषितोऽनुज्ञातः, भवतोऽवसरः कटकरणे** = મુહૂર્ત પહેલા તે સાદડી કરે, તેઓએ સાદડી કરવી જોઈએ, તેઓ સાદડી કરો, કેમકે તેમને સાદડી કરવા માટે મોકલ્યા છે, તેમને અનુજ્ઞા આપી છે, અને તે માટે તેમનો અવસર છે

स्मे पञ्चमी ॥ ५–४–३१ ॥

પ્રેષ વગેરે અર્થ જણાતો હોય અને વાક્યમાં સ્મ શબ્દનો પ્રયોગ હોય તો, મુહૂર્ત પહેલા કાર્ય થવાનું હોય એવા અર્થમાં વર્તમાન ધાતુને સર્વકાળમાં **'પંચમી'** વિભક્તિના પ્રત્યયો લાગે છે. **ऊर्ध्वं मुहूर्ताद् भवान् कटं करोतु स्म, भवान् हि प्रेषितोऽनुज्ञातः, भवतोऽवसरः कटकरणे** = મુહૂર્ત પહેલા તેઓ સાદડી કરો, તેમને સાદડી કરવા માટે મોકલેલ છે, તેમને અનુજ્ઞા આપી છે, અને તેમને સાદડી બનાવવાનો સમય છે.

अधीष्टौ ॥ ५-४-३२ ॥

વાક્યમાં स्म શબ્દનો પ્રયોગ થયો હોય અને સત્કારપૂર્વક પ્રેરણા અર્થ જણાતો હોય તો, ધાતુ ને ' **पंचमी** ' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **अङ्ग ! स्म विद्वन् अणुव्रतानि रक्ष !** = હે વિદ્વાન અણુવ્રતોનું રક્ષણ કર ! એમ આદર સહિત સૂચના કરે છે.

काल-वेला-समये तुम् वाऽवसरे ॥ ५-४-३३ ॥

કાલ, વેલા અને સમય શબ્દરૂપ શબ્દનો વાક્યમાં પ્રયોગ રહેતે છતે, અને કાર્યનો સમય પ્રાપ્ત હોય તો, ધાતુને સર્વકાળમાં '**तुम्**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **कालो भोक्तुम** = જમવાની વેળા છે **वेला भोक्तुम्** = જમવાની વેળા છે. **समयो भोक्तुम** = જમવા નો સમય છે. **पक्षे-कालो भोक्तव्यस्य** જમવા માટેનો કાળ છે.

सप्तमी यदि ॥ ५-४-३४ ॥

કાલ, વેલા અને સમય શબ્દરૂપ ઉપપદ રહેત છતે અને વાક્યમાં यत् શબ્દનો પ્રયોગ હોય તો, ધાતુને ' **सप्तमी** ' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **कालो यदधीयीत भवान्** = સમય છે કે તેઓ ભણે. **वेला यद् भुञ्जीत भवान्** = વેળા છે કે તેઓ જમે. **समयो यत् शयीत भवान्** = સમય છે કે તેઓ સુવે.

शक्तार्हे कृत्याश्च ॥ ५-४-३५ ॥

શકત અને યોગ્ય કર્તા જણાતો હોય તો, ધાતુને ' **कृत्य** ' પ્રત્યયો તથા ' **सप्तमी** ' વિભક્તિના પ્રત્યયો લાગે છે. **भवान् खलु भारो वाह्यः, उद्यत** = તેઓએ ભાર વહન કરવો જોઇએ, **भवान् भारं वहेत्, भवान् हि शक्तः** = તેઓ ભારને વહન કરે, કેમકે

તેઓ શક્તિવાળા છે. **भवता खलु कन्यां वोढव्या, उह्येत** = તેઓએ કન્યાને વહન કરવી – પરણવી જોઈએ, **भवान् खलु कन्यां वहेत, भवानेतदर्हति** = તેઓ કન્યાને વહે – પરણે, કેમકે તેઓ એને માટે યોગ્ય છે.

णिन् चाऽवश्यकाऽधमर्ण्ये ॥ ५–४–३६ ॥

આવશ્યકતા અને અધમર્ણ્ય – દેવાદાર અર્થ જણાતે છતે, ધાતુને કર્તા અર્થમાં 'णिन्' પ્રત્યય અને 'कृत्य' પ્રત્યય પણ લાગે છે. **अवश्यं करातीति** = कृ+णिन् + सि = **अवश्यंकारी**=અવશ્ય કરનારો. ૮૮૫ हृग्–**अवश्यं हरतीति**=हृ+णिन्+सि=**अवश्यंहारी** = અવશ્ય હરણ કરનારો. ૩૭ गै–गै+य=गा+य=**गेयः**=**अवश्यं गेयो गीतस्य** = અવશ્ય ગીત ગાનારો. ૭ दां–शतं दायी = दा + णिन् = સો આપનારો. गा + य = **गेयो गाथानाम्** = ગાથાઓ ગાનારો.

अर्हे तृच् ॥ ५–४–३७ ॥

અર્હ – યોગ્યરૂપ કર્તા અર્થમાં ધાતુને 'तृच' પ્રત્યય લાગે છે. ૯૯૬ वहीं – वह् + तृच् + सि = **वोढा, भवान् कन्यायाः वोढाः** = તેઓ કન્યાને વહન કરવા યોગ્ય છે. અર્થાત્ તેઓ કન્યાને પરણવાને લાયક છે.

आशिष्याशीः–पञ्चम्यौ ॥ ५–४–३८ ॥

આશીર્વાદ અર્થમાં ધાતુને 'आशीष्' વિભક્તિના અને 'पञ्चमी' વિભક્તિઓના પ્રત્યયો લાગે છે. ૮ जि–जि + क्यात् =**जीयात्**=જય થાઓ ! जि+तुव् = **जयतु:. जयतात्**=જય થાઓ !

माङ्यद्यतनी ॥ ५–४–३९ ॥

માઙ્ શબ્દનો યોગ રહેતે છતે, ધાતુને '**અદ્યતની**' વિભક્તિના પ્રત્યયો લાગે છે. ૮૮૮ **डुकृञ्** – **कृ** + **सिच्** + **ई** + **दि** = **कार्षीत्, मा कार्षीत्** = ન કરો. "**अड्धातो०** [૪-૪-૨૯]" એ સૂત્રમાં માઙ્ના વિષયમાં આદિમાં **अ** નો નિષેધ કરેલ છે.

सस्मे ह्यस्तनी च ॥ ૫-૪-૪૦ ॥

સ્મ સહિત માઙ્ શબ્દનો યોગ રહેતે છતે, ધાતુને '**હ્યસ્તની**' વિભક્તિના અને '**અદ્યતની**' વિભક્તિના પ્રત્યયો લાગે છે **मा स्म करोत्** = ન કરે, **मा स्म कार्षीत्** = ન કરે.

धातोः सम्बन्धे प्रत्ययाः ॥ ૫-૪-૪૧ ॥

ધાતુના અર્થનો વિશેષ્ય વિશેષણભાવ રૂપ સંબંધ જણાતે છતે, જે કાળમાં પ્રત્યયો વિધાન કરાયા નથી તે કાળમાં પણ પ્રત્યયો લાગે છે. **४९५ दृशॅ-इ+स्यति=द्रक्ष्यति, विश्वं द्रक्ष्यति=विश्वदृश्वा अस्य पुत्रो भविता**= આનો પુત્ર વિશ્વને જોનારો થશે. **भावि कृत्यमतीत्** = થયેલું કામ હતું. **गोमानासीत्** = તે ગાયવાળો હતો. **विश्वदृश्वा** આ શબ્દમાં **दृश्** ધાતુને "**दृशः** [૫-૧-૧૬૬]" એ સૂત્રથી ભૂતકાળમાં **क्वनिप्** પ્રત્યય લાગે છે. પરંતુ અહિં ભવિષ્ય કાળમાં સમજવો. **भावि** આ શબ્દનો **भू** ધાતુને "**वत्स्यति०** [૫-૩-૧]" એ સૂત્રથી ભવિષ્યકાળમાં **णिन्** પ્રત્યય લાગે પણ અહિં ભૂતકાળમાં સમજવો.

भृशा-ऽऽभीक्ष्ण्ये हि-स्वौ यथाविधि त-ध्वमौ च तद्युष्मदि ॥ ૫-૪-૪૨ ॥

ક્રિયાનું અતિશયપણું અને વારંવારપણું જણાતું હોય, ત્યાં સર્વકાલ

માં વર્તમાન ધાતુને, સર્વ વિભક્તિ અને સર્વ વચનને સ્થાને 'હિ' અને 'સ્વ' પ્રત્યયો (પંચમી વિભક્તિના) લાગે છે. જ્યાં આ હિ અને સ્વ પ્રત્યયો લગાડવામાં આવે છે, ત્યાં જે કાળમાં, જે કારક માં, જે ધાતુને હિ અને સ્વ પ્રત્યય લગાડેલ છે. તે જ ધાતુનો, તે જ કાળનો અને તે જ કારકનો વાક્યમાં અનુપ્રયોગ હોવો જોઇએ, તથા જે વિષયમાં હિ અને સ્વ પ્રત્યય લગાડેલા છે, તે વિષયમાં જે કાળમાં, જે કારકમાં, જે ધાતુને હિ અને સ્વ પ્રત્યયો લગાડેલ છે, તે જ ધાતુને, તે જ કાળનો અને તે જ કારકનો વાક્યમાં અનુપ્રયોગ હોય તો 'ત' અને 'ધ્વમ્' લગાડવા, તથા જ્યાં યુષ્મદર્થના બહુવચનવાળો પ્રયોગ હોય, ત્યાં પણ એકવચનના હિ અને સ્વ પ્રત્યયો લગાડવાના છે. **हि–लुनीहि लुनीहीत्येवं लुनाति इत्यादि** = લણ લણ એ પ્રકારે આ લણે છે વગેરે. અર્થાત્ – અત્યન્ત લણે છે અથવા વારંવાર લણે છે. **स्व–अधीष्वाधीष्वेत्येवमधीते इत्यादि**= ભણ ભણ એ પ્રકારે આ ભણે છે વગેરે. **त–लुनीत लुनीतेत्यवं यूयं लुनीथ**=લણ લણ એ પ્રકારે તમે લણો છો, **लुनीहि लुनीहीत्येवं यूयं लुनीथ** = લણ લણ એ પ્રકારે તમે લણો છો. **ध्वम्–अधीध्वम· धीध्वमित्येवं यूयमधीध्वे** = ભણ ભણ એ પ્રકારે તમે ભણો છો. **अधीष्वमधीष्वेत्ययेवं युयमधीध्वे** = ભણ ભણ એ પ્રકારે તમે ભણો છો.

प्रचये नवा सामान्यार्थस्य ॥ ५–४–४३ ॥

વાક્યમાં પ્રચય અનેક ક્રિયાવાચક ધાતુઓ વપરાયા, હોય અને અનુપ્રયોગમા–તેની પાછળ આ જુદી જુદી ક્રિયાઓને સંબંધ ધરાવતા એવા સામાન્ય અર્થવાળા ધાતુઓનો સંબંધ હોય તો, જુદા જુદા અર્થવાળા ધાતુઓને 'હિ' અને 'સ્વ' પ્રત્યયો તથા 'ત' અને 'ધ્વમ્' પ્રત્યયો વિકલ્પે લાગે છે. તથા અનુપ્રયોગમાં યુસ્મત શબ્દ

વપરાયો હોય તો પણ જુદી જુદી ક્રિયાવાળા ધાતુઓને ' હિ ' અને ' ૨૫ ' પ્રત્યય લાગે છે. **हि-व्रीहीन् वप, लुनीहि, पुनीहि इत्यवं यतते, यत्यते वा** = તું ચોખા વાવ, તું લણ, તું સાફ કર, એ રીતે યત્ન કરે છે. અથવા યત્ન કરાય છે. **पक्षे – व्रीहिन् वपति, लुनाति, पुनाति इत्येवं यतते, यत्यते वा** = તે ચોખાને વાવે છે. લણે છે. સાફ કરે છે. એ રીતે યત્ન કરે છે અથવા કરાય છે. **ख-सूत्रमधीष्व, निर्युक्तिमधीष्व, भाष्यमधीष्व इत्यवमधीते, पठ्यते वा** = તું સૂત્રને ભણ, નિર્યુક્તિને ભણ, ભાષ્યને ભણ એ રીતે ભણે છે, પાઠ કરે છે. અથવા પાઠ કરાય છે. **पक्षे – सूत्रमधीते, निर्युक्तिमधीते, भाष्यमधीते इत्यवमधीते पठ्यते वा** = તે સૂત્રને ભણે છે, નિર્યુક્તિ ને ભણે છે, ભાષ્યને ભણે છે અને પાઠ કરાય છે. ભણાય છે. **त-व्रीहिन् वपत, लुनीत, पुनीत इत्येवं यतध्वे । व्रीहिन् वप, लुनीहि, पुनीहि इत्येवं चेष्टध्वे । पक्षे – व्रीहिन् वपथ, लुनीथ, पुनीथ इत्यवं यतध्वे । ध्वम-सूत्रमधीध्वम्, निर्युक्तिमधीध्वम्, भाष्यमधीध्वम इत्यवमधीध्वे । सूत्रमधीष्व, निर्युक्तिमधीष्व, भाष्यमधीष्व इत्येवं अधीध्वे । पक्षे – सूत्रमधीध्वे, निर्युक्तिमधीध्वे, भाष्यमधीध्वे इत्यवमधीध्वे ॥**

निषेधेऽलम्–खल्वोः क्त्वा ॥ ५–४–४४ ॥

નિષેધવાચક અલમ્ અને ખલુ શબ્દરૂપ વાક્ય પ્રયોગ હોય તો ધાતુને ' ક્ત્વા ' પ્રત્યય વિકલ્પે લાગે છે **अलं कृत्वा** = કરીને શું ? **खलु कृत्वा** = કરીને શું ? **पक्षे – अलं रुदितेन** = રોવાથી શું ? " कृता०[२–२–४७] " આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થઈ છે.

पराऽवरे ॥ ५–४–४५ ॥

પર–પહેલા અને અપર–પછી એવો અર્થ જણાતે છતે, ધાતુને વિકલ્પે ' **ક્ત્વા** ' પ્રત્યય લાગે છે. **અપ્રાપ્ય નદીં ગિરિઃ**, = નદીએ પહોચ્યા પહેલા પર્વત, **અતિક્રમ્ય નદીં ગિરિઃ** = નદીને ઓળગીને પછી પર્વત. **પક્ષે–નદ્યપ્રાપ્ત્યા ગિરિઃ, નદ્યતિક્રમણે ગિરિઃ** ।

નિમીલ્યાદિ–મેડસ્તુલ્યકર્તૃકે ॥ ૫–૪–૪૬ ॥

નિ ઉપસર્ગ પૂર્વક નિમીલ્ વગેરે ધાતુને, તથા મેડ્ ધાતુને, જ્યે બન્ને ક્રિયાનો કર્તા સમાન હોય અને બંને ક્રિયાવાચક ક્રિયાપદનો પરસ્પર સંબંધ હોય તો, વિકલ્પે ' **ક્ત્વા** ' પ્રત્યય લાગે છે. **અક્ષિણી નિમીલ્ય હસતિ** = આંખો બંધ કરીને હસે છે. **મુખં વ્યાદાય સ્વપિતિ** = મુખ પહોળું કરીને ઊંઘે છે. **અપમિત્ય યાચતે** = બદલામાં આપીને માંગે છે. **પક્ષે – અપમાતું યાચતે** = બદલામાં આપવા માટે માંગે છે.

પ્રાકાલે ॥ ૫–૪–૪૭ ॥

પૂર્વકાળની ક્રિયા અને પરકાળની ક્રિયાનો કર્તા એક જ હોય, તથા પૂર્વકાળની ક્રિયાના અને પરકાળની ક્રિયાના સૂચક ધાતુનો પરસ્પર સંબંધ સચવાતો હોય તો, પૂર્વકાળની ક્રિયા સૂચક ધાતુને વિકલ્પે ' **ક્ત્વા** ' પ્રત્યય લાગે છે. **આસિત્વા ભુઙ્ક્તે** = બેસીને ખાય છે. **પક્ષે – આસ્યતે ભોક્તુમ્** = ખાવા માટે બેસે છે. ખાવાની ક્રિયાની અપેક્ષા બેસવાની ક્રિયામાં ભૂતકાલ આવે છે. જ્યેથી **૧૧૧૯ આસિક્ – આસ્ + ક્ત્વા = આસિત્વા** = પ્રયોગ થયો છે.

ણમ્ ચાઽઽભીક્ષ્ણ્યે ॥ ૫–૪–૪૮ ॥

પૂર્વકાળની અને પરકાળની ક્રિયાનો કર્તા એક જ હોય, તથા પૂર્વકાળની ક્રિયા વારંવાર કરાતી હોય અને બંને ક્રિયાનો સંબંધ

સચવાતો હોય તો, પૂર્વકાળની ક્રિયાના વાચક ધાતુને '**ખ્નુમ્**' અને '**ક્ત્વા**' પ્રત્યય લાગે છે. **૧૪૮૭ ભુજંપૂ – ભુજ્ + ખ્નમ્ = ભોજ + મ્ + ભોજ + અમ=ભોજંભોજં યાતિ** = વારંવાર ખાઈને જાય છે. **ભુક્ત્વા ભુક્ત્વા યાતિ** = વારંવાર ખાઈને જાય છે. "**ઞિ – ખ્નમોર્વા [૪–૪–૧૦૬]**" એ સૂત્રથી સ્વર પછી ન્ અન્તાગમ થયો છે.

પૂર્વા–ઽગ્રે–પ્રથમે ॥ ૫–૪–૪૯ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાઓનો કર્તા એકજ હોય, તથા બન્ને ક્રિયાનો પરસ્પર સંબંધ સચવાતો હોય તો, અને પૂર્વ, અગ્રે અને પ્રથમ શબ્દનો વાક્યમાં પ્રયોગ થયો હોય તો, પૂર્વકાળની ક્રિયાના વાચક ધાતુને '**ખ્નુમ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **પૂર્વં ભોજં યાતિ, પૂર્વં ભુક્ત્વા યાતિ** = પહેલા ખાઈને જાય છે. **અગ્રે ભોજં યાતિ, અગ્રે ભુક્ત્વા યાતિ** = આગળ–પહેલા ખાઈને જાય છે. **પ્રથમં ભોજં યાતિ, પ્રથમં ભુક્ત્વા યાતિ** = પહેલા ખાઈને જાય છે

અન્યથૈવં–કથમિત્થમઃ ક્રુગાઽનર્થકાત્ ॥ ૫–૪–૫૦ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર સંબંધ સચવાતો હોય, તથા વાક્યમાં અન્યથા, એવમ્, કથમ્, અને ઇત્થમ્ શબ્દો પછી અનર્થક કૃ ધાતુ આવેલો હોય તો, પૂર્વકાળની ક્રિયાવાચક ધાતુને '**ખ્નુમ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **અન્યથાકારં ભુઙ્ક્તે** = ઉલટુ કરીને ખાય છે. **એવંકારં ભુઙ્ક્તે** = એમ કરીને ખાય છે. **કથંકારં ભુઙ્ક્તે** = કેવા રીતે ખાય છે. **ઇત્થંકારં ભુઙ્ક્તે** = આમ કરીને ખાય છે. **પક્ષે – અન્યથા કૃત્વા ભુઙ્ક્તે** = ઉલટું કરીને ખાય છે. **કૃ** ધાતુનો

અર્થ અન્યથા, એવમ્ , કથમ્ અને ઇત્થમ્ શબ્દમાં આવી જાય છે. જેથી કૃ ધાતુને અનર્થક જણાવેલ છે.

यथा–तथादीर्ष्योक्तरे ॥ ५–४–५१ ॥

પૂર્વકાળની અને પરકાળની બંને ક્રિયાનો કર્તા એક જ હોય અને બંને ક્રિયાનો પરસ્પર સંબંધ સચવાતો હોય, તથા વાક્યમાં યથા, તથા વગેરે શબ્દ પછી અનર્થક કૃ ધાતુ આવેલો હોય તો, પૂર્વકાળની ક્રિયાવાચક ધાતુને વિકલ્પે ' ખ્ણમ્ ' પ્રત્યય લાગે છે. જો પ્રશ્નનો જવાબ ઇર્ષ્યાપૂર્વક આપવામાં આવ્યો હોય તો **कथं त्व भोक्ष्यसे ! इति पृष्टोऽसूयया तं प्रत्याह–यथाकारमहं भोक्ष्ये तथाकारमहं भोक्ष्ये किं तवानेन**=तुं કેમ ખાય છે ! એવું પૂછતાં ઇર્ષ્યાથી તેનો જવાબ આપતાં કહે છે કે હું જેમ ખાઇશ તેમ ખાઇશ એમાં તારે શું કામ છે.

शापे व्यप्यात् ॥ ५–४–५२ ॥

પૂર્વકાળનો અને પરકાળનો કર્તા એકજ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર સંબંધ હોય તો, ત્યાં કર્મ પછી આવેલ કૃ ધાતુને વિકલ્પે ' ખ્ણમ્ ' પ્રત્યય લાગે છે. જો આક્રોશનો વિષય હોય તો. **चोरकारमाक्रोशति** = ચોર ! એમ કરી આક્રોશ કરે છે.

स्वाद्वर्थाद् अदीर्घात् ॥ ५–४–५३ ॥

પૂર્વકાળની અને પરકાળની ક્રિયાનો કર્તા એકજ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ હોય, તો સ્વાદિષ્ટ અર્થવાળા કર્મરૂપ કારક પછી કૃ ધાતુ આવેલ હોય તો, કૃ ધાતુને વિકલ્પે ' ખ્ણમ્ ' પ્રત્યય લાગે છે. પરંતુ સ્વાદિષ્ટ અર્થવાળા કર્મરૂપ શબ્દ દીર્ઘાન્ત ન હોવો જોઇએ. **स्वादुंकारं भुङ्क्ते** = સ્વાદિષ્ટ કરીને ખાય છે.

मिष्टङ्कारं भुङ्क्ते = મિષ્ટ કરીને ખાય છે. **पक्षे - स्वादुं कृत्वा भुङ्क्ते** = સ્વાદિષ્ટ કરીને ખાય છે.

विद्-दृग्भ्यः कात्स्न्र्ये णम् ॥ ५-४-५४ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાનો કર્તા એકજ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ જણાતો હોય તો, અતિશયતા રૂપ કર્મથી પર આવેલ વિદ્ ધાતુને અને દૃશ્ ધાતુને વિકલ્પે 'णम्' પ્રત્યય લાગે છે. **१०९९ विदक्, १३२२ विद्लंती, १४९७ विदिंप् - अतिथिवेदं भोजयति** = જેને જેને અતિથિ રૂપે જાણે છે, તેને તેને જમાડે છે. **४९५ दृशं - कन्यादर्शं वरयति** = જેને જેને કન્યારૂપે જુએ છે, તે તે કન્યાને વરવે છે-પરણાવે છે.

यावतो विन्द्-जीवः ॥ ५-४-५५ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ હોય તો, અતિશયતા વાચક કર્મરૂપ यावत् શબ્દ પછી, જો વિન્દ્ અને જીવ ધાતુ આવેલ હોય તો 'णम्' પ્રત્યય વિકલ્પે લાગે છે. **३१० विदु - यावद्वेदं भुङ्क्ते** = જેટલું મળે છે. તેટલું ખાય છે. **४६५ जीव - यावज्जीवमधीते** = જ્યા સુધી જીવે છે, ત્યાં સુધી ભણે છે.

चर्मोदरात् पूरेः ५-४-५६ ॥

પૂર્વકાળની અને પરકાળની ક્રિયાનો કર્તા એક જ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ હોય તો, चर्म અને ઉદર શબ્દરૂપ કર્મ થી પર રહેલ ણ્યન્ત પૂર્ ધાતુને વિકલ્પે 'णम्' પ્રત્યય લાગે છે. **१२६८ पूरैचि, १७४९ पूरण् - चर्मपूरम आस्ते** = ચામડાને

પૂરીને-પાથરી બેસે છે. **उदरपूरं शेते** = પેટ ભરીને-બરાબર ખાઈને સૂવે છે.

वृष्टिमाने ऊलुक् चास्य वा ॥ ५–४–५७ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ હોય તો, કર્મરૂપ શબ્દથી પર આવેલ ણ્યન્ત એવા પૂર્ ધાતુને ' णुम् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. જો આખા વાક્યદ્વારા વરસાદનું માપ જણાતું હોય તો, અને णुम् પ્રત્યયના યોગમાં પૂર્ ધાતુના ઊ નો વિકલ્પે ' लुक् ' થાય છે. અથવા પૂરના સ્થાને ' प्र ' થાય છે. **गो + ङस् + पद + पूर् + णम् = गोष्पदप्रम्, गोष्पदपूरम् वा वृष्टो मेघः** = ગાયના પગના પડેલા ખાડામાં જેટલું પાણી ભરાય તેટલો વરસાદ વરસ્યો.

चेलार्थात् क्रोपे ॥ ५–४–५८ ॥

પૂર્વકાળની અને પરકાળની ક્રિયાનો કર્તા એક જ હોય, અને બન્ને ક્રિયાનો પરસ્પર યોગ્ય સંબંધ જણાતો હોય, તથા વસ્ત્રવાચક અથવા વસ્ત્રવિશેષવાચક કર્મરૂપ શબ્દથી પર આવેલ ણ્યન્ત કનૂય્ ધાતુને ' णुम् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. જો વરસાદનું પ્રમાણ જણાતું હોય તો. ८०२ **कनूयैङ् – चेलक्रोपं वृष्टो मेघः** = કપડું પલળે એટલો વરસાદ વરસ્યો. **वस्त्रक्रोपं वृष्टो मेघः** = વસ્ત્ર પલળે એટલો વરસાદ વરસ્યો. **वस्त्रविशेष–कम्बलक्रोपं वृष्टो मेघः** = કંબલ ભીંજાય એટલો વરસાદ વરસ્યો.

गोत्र–पुरुषात् स्नः ॥ ५–४–५९ ॥

પૂર્વકાળની અને પરકાળની બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય, અને બન્ને ક્રિયાનો પરસ્પર ઉચિત સંબંધ જણાતો હોય તો, ગોત્ર

અને પુરુષ-શબ્દરૂપ કર્મથી પર રહેલ સ્ના ધાતુને, વરસાદનું માપ જણાતે છતે 'ણમ્' પ્રત્યય લાગે છે. **૧૦૬૪ ષ્ણાક્-ગોત્રસ્નાયં વૃષ્ટો મેઘઃ** = ગાત્ર ભીંજાય એટલો વરસાદ વરસ્યો. **પુરુષસ્નાયં વૃષ્ટો મેઘઃ** = પુરુષ સ્નાન કરી શકે એટલો વરસાદ વરસ્યો.

શુષ્ક-ચૂર્ણ-રૂક્ષાત્ પિષસ્તસ્યૈવ ॥ ૫-૪-૬૦ ॥

કર્મવાચક શુષ્ક, ચૂર્ણ અને રૂક્ષ શબ્દથી પર રહેલ પિષ્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. જો છેલ્લી ક્રિયામાં ક્રિયાવાચક પિષ્ ધાતુ જ હોવો જોઇએ. **૧૪૯૩ પિષ્લૃપ્ – શુષ્કપેષં પિનષ્ટિ** = શુષ્ક થઈ જાય એ રીતે વસ્તુને પીસે છે. **ચૂર્ણપેષં પિનષ્ટિ** = ચૂર્ણ થઈ જાય તે રીતે પીસે છે. **રૂક્ષપેષં પિનષ્ટિ** = ચિકાશ વિનાની થઇ જાય એ રીતે પીસે છે.

કૃગ્-ગ્રહાઽકૃત-જીવાત્ ॥ ૫-૪-૬૧ ॥

કર્મવાચક અકૃત્ત અને જીવ શબ્દથી પર રહેલ અનુક્રમે કૃ અને ગ્રહ્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. અને છેલ્લી ક્રિયામાં ક્રિયાવાચક કૃ અને ગ્રહ્ ધાતુનો સંબંધ હોવા જોઇએ. **અકૃતકારં કરોતિ** = અકાર્યને કરે છે. **જીવગ્રાહં ગૃહ્ણાતિ** = જીવતો પકડે છે. **પક્ષે – અકૃતસ્ય કારં કરોતિ** = અકાર્યને કરે છે. **જીવસ્ય ગ્રાહં ગૃહ્ણાતિ** = જીવતો પકડે છે.

નિમૂલાત્ કષઃ ॥ ૫-૪-૬૨ ॥

કર્મવાચક નિમૂલ શબ્દથી પર રહેલ કષ્ ધાતુને, 'ણમ્' પ્રત્યય લાગે છે. જો છેલ્લી ક્રિયામાં ક્રિયાવાચક કષ્ ધાતુ હોય તો '૧૦૭ **કષ – નિમૂલકાષં કષતિ, નિમૂલસ્ય કાષં કષતિ** = નિર્મૂળ થાય એ રીતે ઘસે છે.

हनश्च समूलात् ॥ ५–४–६३ ॥

કર્મવાચક સમૂલ શબ્દથી પર રહેલ હન્ અને કૃ ધાતુનો 'ણમ્' પ્રત્યય લાગે છે. જો છેલ્લી ક્રિયામાં ક્રિયાવાચક હન્ ધાતુની સાથે હન્ ધાતુનો અને કૃ ધાતુનો સંબંધ હોય તો. ૧૧૦૦ **हनंक् – समूलघातं हन्ति** = મૂળ સહિત હણે છે. **समूलकाषं कषति** = મૂળતે ઉખેડી નાંખે છે. "**ङिणति घात्** [૪–૩–૧૦૦]" એ સૂત્રથી હન્ નો ઘાત્ આદેશ થયો છે.

करणेभ्यः ॥ ५–४–६४ ॥

કરણવાચક શબ્દથી પર રહેલ હન્ ધાતુને '**णम्**' પ્રત્યય લાગે છે. જો પાછળની ક્રિયામાં ક્રિયાવાચક હન્ ધાતુનો પ્રયોગ હોય તો. **पाणिना हत्वा इति=पाणिघातं कुड्यमाहन्ति** = હાથ વડે ઘા કરીને ભીંતને તોડે છે.

स्व–स्नेहनार्थात् पुष–पिषः ॥ ५–४–६५ ॥

કરણવાચક સ્વ શબ્દથી પુષ્ ધાતુને, તથા સ્નેહન-ચિકાશવાળા શબ્દથી પર પિષ્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. જો પાછળની ક્રિયામાં ક્રિયાવાચક પુષ્ ધાતુ પછી પુષ્ ધાતુ અને પિષ્ ધાતુ પછી પિષ્ ધાતુનો પ્રયોગ હોય તો. ૧૩૬ **पुष**, ૧૧૭૫ **पुषंच्**, ૧૫૬૪ **पुषश्** = **स्वपोषं पुष्णाति** = પોતાની જાતને પોષીને પુષ્ટ થાય છે. **आत्मपोषं पुष्णाति** = આત્માને – પોતાને પોષીને પુષ્ટ થાય છે. ૧૪૯૩ **पिष्लृप्** – **उदपेषं पिनष्टि** = પાણી સાથે પીસે છે. **क्षीरपेषं पिनष्टि** = દુધ સાથે પીસે છે.

हस्तार्थाद् ग्रह–वर्ति–वृत्तः ॥ ५–४–६६ ॥

કરણવાચક હસ્ત અર્થવાળા શબ્દથી પર રહેલ ગ્રહ્, ણ્યન્ત વૃત્ અને અણ્યન્ત વૃત્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. જો પછીની ક્રિયામાં ક્રિયાવાચક એ જ ધાતુ આવેલ હોય તો. ૧૫૧૭ **ग्रहीश् – हस्तग्राहं गृह्णाति** = હાથ ગ્રહણ કરીને ગ્રહણ કરે છે. **करग्राहं गृह्णाति** = હાથ ગ્રહણ કરીને ગ્રહણ કરે છે. ૯૫૫ **वृतूङ् – हस्तवर्तं वर्तयति** = હાથ વડે સૂચન થાય તેમ વર્તે છે. **पाणिवर्तं वर्तते** = હાથ વડે સૂચન થાય તેમ વર્તે છે.

बन्धेर्नाम्नि ॥ ५–४–६७ ॥

કરણવાચક નામથી પર બન્ધ્ ધાતુ આવેલ હોય, અને પછીની ક્રિયામાં ક્રિયાવાચક બન્ધ્ ધાતુ અન્તે આવેલ હોય અને સંજ્ઞાનો વિષય હોય તો, બન્ધ્ ધાતુને વિકલ્પે 'णम्' પ્રત્યય લાગે છે. ૧૬૬૩ **बन्धण्, १५५२ बन्धंश्–कौञ्चबन्धं बद्धः**=ક્રૌંચપક્ષીના આકારનો બંધ બંધાય એમ બાંધ્યો છે.

आधारात् ॥ ५–४–६८ ॥

આધારવાચક નામથી પર રહેલ બન્ધ્ ધાતુને 'णम्' પ્રત્યય લાગે છે. જો પછીની ક્રિયામાં ક્રિયાવાચક બન્ધ્ ધાતુ આવેલ હોય તો. **चारकबन्धं बद्धः** = કેદખાનામાં બંધાવ એમ બાંધ્યો છે.

कर्तुर्जीव–पुरुषाभ्यां नश्–वहः ॥ ५–४–६९ ॥

કર્તાવાચક જિવ અને પુરૂષ શબ્દથી પર આવેલ અનુક્રમે નશ્ અને વહ્ ધાતુને 'णम्' પ્રત્યય વિકલ્પે લાગે છે. જો પછીની ક્રિયામાં ક્રિયાવાચક નશ્ અને વહ્ ધાતુનો પ્રયોગ હોય તો. ૧૨૦૨ **नशोच् – जीवनाशं नश्यति** = જીવ લઇને નાશી જાય છે. ૯૯૬ **वहीं – पुरुषवाहं वहति** = પુરૂષ વહન કરે તેમ વહન કરે છે.

ऊर्ध्वात् पूः-शुषः ॥ ५-४-७० ॥

કર્તાવાચક ઊર્ધ્વ શબ્દથી પર રહેલ પૂર્ અને શુષ્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. જો પછીની ક્રિયામાં ક્રિયાવાચક પૂર્નો સાથે પૂર્નો અને શુષ્નો સાથે શુષ્ ધાતુનો પ્રયોગ થયો હોય તો. ૧૨૬૮ **पूरैचि = ऊर्ध्वपूरं पूर्यते** = ઉભો પુરાય તેમ પુરાય છે. ૧૨૦૮ **शुषचं् – ऊर्ध्वशोषं शुष्यति** = ઉભો સુકાય તેમ સુકાય છે.

व्याप्याच्चेवात् ॥ ५-४-७१ ॥

ઉપમાનવાચક કર્મ અથવા કર્તા કારક પછી, કોઇ પણ ધાતુ આવેલ હોય અને પછીના વાક્યમાં એ જ ધાતુનો પ્રયોગ હોય તો વિકલ્પે 'ણમ્' પ્રત્યય લાગે છે. ૧૨૩૯ **दुधांगक्-सुवर्णामव निहितः = सुवर्णनिधायं निहितः** = સોનાની જેમ સ્થાપિત કર્યો, ૧૨૦૨ **नशौच्-काकः इव नष्टः = काकनाशं नष्टः** = કાગડાની જેમ નાશી ગયો. "**धागः** [૪-૪-૧૫]" એ સૂત્રથી ધા ધાતુના ધા નો હિ આદેશ થયો છે.

उपात् किरो लवने ॥ ५-४-७२ ॥

ઉપ ઉપસર્ગ સહિત કિર્ ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. જો પાળીના વાક્યમાં લણવું કે કાપવું એવા અર્થવાળા ધાતુનો સંબંધ હોય તો. ૧૨૩૪ **कृत्-उपस्कारं मद्रकाः लुनन्ति** = મદ્રક દેશના લોકો ફેંકી ફેંકીને લણે છે.

दंशेस्तृतीयया ॥ ५-४-७३ ॥

તૃતીયાન્ત વિભક્તિવાળા શબ્દનો પ્રયોગ હોય તો, ઉપ ઉપસર્ગ સહિત દંશ્ ધાતુની સાથે અનુરૂપ ધાતુનો સંબંધ જણાતો હોય તો,

ઉપ ઉપસર્ગ પૂર્વકના દંશ્ ધાતુને વિકલ્પે 'ણમ્' પ્રત્યય લાગે છે. ૪૯૬ **दंश–मूलकेन उपदशं भुङ्क्ते = मूलकोपदंशं भुङ्क्ते** = મૂળા સાથે કરીને ખાય છે. **पक्षे – मूलकेनोपदंशम्, मूलकेन उपदश्य भुङ्क्ते** = મૂળા સાથે કરીને ખાય છે.

हिंसार्थादेकाऽऽप्यात् ॥ ५–४–७४ ॥

તૃતીયન્ત પદનો યોગ હોય, તથા હિંસાર્થવાળા ધાતુનો બીજા ધાતુ સાથે સંબંધ અનુસાર સંબંધ રહેતે છતે, જો બન્ને ધાતુનો એક જ કર્મ હોય અને બન્ને ધાતુઓનો કર્તા એક જ હોય તો, હિંસા અર્થવાળા ધાતુને વિકલ્પે 'ણમ્' પ્રત્યય લાગે છે. ૧૧૦૦ **हनंक्– दण्डेन उपघातं=उप+हन + णम् = दण्डोपघातम्, दण्डेनोपघातं गाः सादयति** = દંડ વડે મારીને ગાયોને લઈ જાય છે. **पक्ष – दण्डेन उपहत्य = उप + हन् + य = दण्डेनोपहत्य गाः सादयति** = દંડ વડે મારીને ગાયને લઈ જાય છે.

उपपीद–रुध–कर्ष–स्तत्सप्तम्या ॥ ५–४–७५ ॥

તૃતીયા વિભક્તિવાળા અને સપ્તમી વિભક્તિવાળા શબ્દોનો યોગ રહેતે છતે, ઉપ ઉપસર્ગ સહિત પીડ્, રુધ્ અને કૃષ્ ધાતુને 'ણમ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. જો કર્તૃ ધાતુને બીજા ધાતુ સાથે સંયોગાનુસાર સંબંધ જણાતો હોય અને બન્ને ક્રિયાપદોના કર્તા એક જ હોય તો. ૧૬૨૫ **पीडण्– उप + पीड + णम् = उपपीडम् – पार्श्वाभ्यामुपपीडनम्, पार्श्वयोः वा उपपीडनम् = पार्श्वोपपीडनं शेते** = પડખાઓ વડે દાબીને અથવા પડખાંઓમાં દાબીને સૂવે છે. ૧૪૭૩ **रुधंपी – उप + रुध् + णम् = उपरोधम् = व्रजेनोपरोधम्, व्रजे वा उपरोधम्=व्रजोपरोधं गाः स्थापयति** = વ્રજ વડે અથવા વ્રજમાં રોકીને ગાયોને બેસાડે છે. ૫૦૬ **कृषं**

– उप + कृष् + णम् = उपकर्षम् – पाणिनोपकर्षम्, पाणौ वा उपकर्षम् = पाणावुपकर्षम्, पाण्युपकर्षं गृह्णाति = હાથ વડે અથવા હાથમાં ખેંચીને ગ્રહણ કરે છે.

प्रमाण–समासत्त्योः ॥ ५–४–७६ ॥

પ્રમાણ – લંબાઈનું માપ, અને સમાસત્તિ – સંશ્રમપૂર્વકનો સંબંધ, આ બંને જણાતે છતે, તૃતીયા વિભક્તિવાળા શબ્દોની સાથે યોગ રહેતે છતે, બીજા ધાતુનો અનુરૂપ સંબંધ હોય અને બન્નેના કર્તા એક જ હોય તો, ધાતુને વિકલ્પે ' णुभ् ' પ્રત્યય લાગે છે. **उत् + कृष् + णम् = उत्कर्षम् – द्व्यङ्गुलेनोत्कर्षं द्व्यङ्गुले वा उत्कर्षम् – द्व्यङ्गुलात्कर्षं गण्डिकाः छिनत्ति** = બબે આંગળી વડે અથવા બબે આંગળીમાં લંબાઈ માપીને–ગંડેરીને કાપે છે. **केश +ग्रह्+णम्=केशग्राहम्–कचैर्ग्राहं केशेषु वा ग्राहम्=केशग्राहं युध्यन्ते** = કેશ – માથાના વાળ વડે અથવા માથાના વાળમાં પકડીને લડે છે. **पक्षे – द्व्यङ्गुलेन द्व्यङ्गुले वा उत्कृष्य गण्डिकाः छिनत्ति** = ઉપરે મુજબ.

पञ्चम्या त्वरायाम् ॥ ५–४–७७ ॥

પંચમી વિભક્તિવાળા શબ્દનો યોગ હોય અને ત્વરા – શીઘ્રતા જણાતે છતે, બીજા ધાતુને અનુરૂપ સંબંધ હોય અને બન્ને ક્રિયાપદ ના કર્તા એક જ હોય તો, ધાતુને ' णुभ् ' પ્રત્યય વિકલ્પે થાય છે. ૯૨૦ **धावुग् – शय्यायाः उत्थानम् = शय्याया उत्थायम् = शय्ययोत्थायं धावति** = પથારીમાંથી ઊઠીને જલ્દી દોડે છે. **पक्षे– शय्याया उत्थाय धावति** = શય્યામાં ઊઠીને જલ્દી દોડે છે.

द्वितीयया ॥ ५–४–७८ ॥

દ્વિતીયા વિભક્તિવાળા શબ્દનો યોગ હોય અને ત્વરા જણાતી હોય, તથા બીજા ધાતુને અનુરૂપ સંબંધ હોય અને બન્ને ક્રિયાપદના કર્તા એક જ હોય તો, ધાતુને '**ણમ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **लोष्टान् ग्राहम् = लोष्टग्राहं युध्यन्ते** = જલ્દી જલ્દી ઢેફાંને ગ્રહણ કરીને લડાઈ કરે છે. **लोष्टान् गृहीत्वा युध्यन्ते** = જલ્દી જલ્દી ઢેફાંને ગ્રહણ કરીને લડાઈ કરે છે.

स्वाङ्गेनाऽध्रुवेण ॥ ५–४–७९ ॥

અધ્રુવસ્વાંગ – અંગને કાપવાથી કે છેદવાથી પ્રાણી ન મરે તે. એવા દ્વિતીયા વિભક્તિવાળા નામનો યોગ રહેતે છતે બીજા ધાતુને અનુરૂપ સંબંધ હોય અને બન્ને ક્રિયાપદનો કર્તા એક જ હોય તો ધાતુને વિકલ્પે '**ણમ્**' પ્રત્યય લાગે છે. **૧૧૫૮ क्षिपंच् – भ्रुवौ विक्षेपम् = भ्रूविक्षेपं जल्पति** = આંખના ચાળા કરીને બોલે છે. **भ्रुवौ विक्षिप्य वा जल्पति** = આંખના ચાળા કરીને બોલે છે.

परिक्लेशेन ॥ ५–४–८० ॥

ક્લેશ પામતાં એવા સ્વાંગવાચક દ્વિતીયા વિભક્તિવાળા નામનો યોગ જણાતો હોય, અને બન્ને ક્રિયાપદનો કર્તા એક જ હોય અને બીજી ક્રિયાનો અનુરૂપ સંબંધ હોય તો, ધાતુને વિકલ્પે '**ણમ્**' પ્રત્યય લાગે છે. **૧૪૯૩ पिष्लृंप् – उरांसि प्रतिपेषम् – उरः – प्रतिपेषं युध्यन्ति** = છાતી ભિંસીને લડે છે. **उरांसि प्रतिपेष्य युध्यन्ति** = છાતી ભિંસીને લડે છે.

विश–पत–पद–स्कन्दो वीप्सा–ऽऽभीक्ष्ण्ये ॥ ५–४–८१ ॥

વીપ્સા – એકની એક વસ્તુ સાથે સંબંધ થવો અને આભીક્ષ્ણ્ય

– એકની એક ક્રિયા વારંવાર કરવી એવો અર્થ જણાતે છતે, દ્વિતીયા વિભક્તિવાળા નામનો યોગ રહેતે છતે, બન્ને ક્રિયાપદનો અનુરૂપ સંબંધ હોય, તથા બન્નેના કર્તા એક જ હોય તો ધાતુને 'ણમ્' પ્રત્યય લાગે છે. **૧૪૧૫ વિશત્ – गेहम् गेहम् अनुप्रवेशम् – गेहानुप्रवेशमास्ते** = ઘેર ઘેર પ્રવેશ કરીને બેસે છે **गेहम् अनुप्रवेशम्, अनुप्रवेशम्–गेहानुप्रवेशमास्ते**=વારંવાર ઘરમાં પેસીને બેસે છે. **૧૬૨ पत्ल् –गेहं गेहमनुप्रपातम–गेहानुप्रपातमास्ते** = ઘેર ઘેર જઈને બેસે છે. **गेहमनुप्रपातम्. अनुप्रपातम्** = **गेहानुप्रपातमास्ते**=વારંવાર ઘેર જઈને બેસે છે. **૧૨૧૭ पदिंच्– गेहं गेहं मनुप्रपादम्** = **गेहानुप्रपादमास्ते** = ઘેર ઘેર પ્રવેશ કરીને બેસે છે. **गेहमनुप्रपादस्, अनुप्रपादम्** = **गेहानुप्रपादमास्ते** = ઘેર વારંવાર જઈ જઈને બેસે છે. **૩૧૯ स्कन्दृं – गेहं गेहमवस्कन्दम्** = **गेहावस्कन्दमास्ते** = ઘેર ઘેર પ્રવેશ કરીને બેસે છે. **गेहमवस्कन्दम्, अवस्कन्दम्** = **गेहावस्कन्दमास्ते** = ઘેર વારંવાર જઈ જઈને બેસે છે. **પક્ષે – गेहं गेहमनुप्रविश्य आस्ते**= ઘેર ઘેર પ્રવેશ કરીને બેસે છે. **गेहमनुप्रविश्य अनुप्रविश्य आस्ते, इत्यादि** = ઘેર વારંવાર જઈ જઈને બેસે છે. વગેરે

कालेन तृष्यस्वः क्रियान्तरे ॥ ५–४–८२ ॥

કાલવાચક દ્વિતીયા વિભક્તિવાળા નામનો યોગ રહેતે છતે, तृप् અને अस् ધાતુને, બીજા ધાતુ સાથે અનુરૂપ સંબંધ જણાતે છતે 'ણમ્' પ્રત્યય વિકલ્પે લાગે છે જો તૃપ્ અને અસ્ ધાતુના ક્રિયા-રૂપ અર્થનું, બીજી ક્રિયા સાથે વ્યવધાન–અન્તર હોય તો **૧૨૧૨ त्रितृषच् – द्वयहं तर्षम्** = **द्वयहतर्षं गावः पिबन्ति** = ગાયો બે દિવસ તરસી રહીને પાણી પીએ છે. **૧૧૧૯ आसिक्–द्वयहम्-**

त्यासम् = **द्व्यहात्यासम् गावः पिबन्ति** = ગાયો બે દિવસ બેસી-રહીને – વીતાવીને પાંણી પીએ છે.

नाम्ना ग्रहा–ऽऽदिशः ॥ ५–४–८३ ॥

દ્વિતીયા વિભક્તિવાળા નામ શબ્દનો સંબંધ હોય, બન્ને ક્રિયા-પદનો અનુરૂપ સંબંધ હોય, તથા બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય તો, ગ્રહ્ અને આઙ્ ઉપસર્ગ સહિત દિશ્ ધાતુને '**णभ्**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **१५१७ ग्रहीश्–नामानि ग्रहाणि = नामग्राहम् आह्वयति** = નામો લઇને બોલાવે છે. **१३१८ दिशीत्–नामानि आदेशम् = नामादेशं दत्ते** = નામો લઇને આદેશ આપે છે. **पक्षे–नाम गृहीत्वा दत्ते** = નામ લઈને બોલાવે છે.

कृगोऽव्ययेनाऽनिष्टोक्तौ त्वा–णमौ ॥ ५–४–८४ ॥

અવ્યયની સાથે યોગ રહેતે છતે, બન્ને ક્રિયાનો અનુરૂપ સંબંધ જણાતો હોય, તથા બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય તો. કૃ ધાતુને '**णभ्**' અને '**क्त्वा**' પ્રત્યય વિકલ્પે લાગે છે. જો અવ્યયદ્વારા અનિષ્ટ કથન જણાતું હોય તો. **८८८ डुकृञ्–नीचैः+कृ+क्त्वा= नीचैः कृत्वा, नीचैःकृत्य**=ધીમે અવાજે કરીને **निचैः+कृ+णम्= नीचैःकारम्**=ધીમે અવાજે કરીને. **ब्राह्मण ! पुत्रस्ते जातः किं तर्हि वृशल ! नीचैः कृत्वा नीचैःकृत्य, नीचैःकारं कथयसि ? उच्चैर्नाम प्रियमाख्येयम्** = હે બ્રાહ્મણ ! ત્યારે ત્યાં પુત્ર જન્મ્યો છે. તો હે વૃચ્ચા ? આવી ઉત્તમ વાત ધીરે અવાજે કેમ કહે છે ? આવી પ્રિય વાત તો ઉચ્ચે સ્વરે કહેવી જોઇએ.

तिरश्चोऽपवर्गे ॥ ५–४–८५ ॥

તિરસ્ અવ્યયની સાથે યોગ રહેતે છતે. બન્ને ક્રિયાપદનો અનુ-

રૂપ સંબંધ હોય, તથા બન્ને ક્રિયાનો કર્તા એક જ હોય અને ક્રિયા ની સમાપ્તિ જણાતી હોય તો, કૃ ધાતુને ' **કૃત્વા** ' અને ' **ણમ્** ' પ્રત્યય લાગે છે. **તિર્યક્ + કૃ + ક્ત્વા = તિર્યક્ કૃત્વા, તિર્યક્-કૃત્ય, તિર્યક્કારમાસ્તે** = આડું કરીને બેસે છે.

સ્વાङ્ગતશ્ચ્વ્યર્થે નાના–વિના–ધાऽર્થેન ભુવશ્ચ ॥ ૫–૪–૮૬ ॥

તસ્ પ્રત્યયવાળા સ્વાંગવાચક નામનો, ચ્વિ અર્થમાં વર્તમાન નાના, વિના અને પ્રકાર અર્થમાં વિધાન કરાયેલ ધા પ્રત્યયાન્તવાળા શબ્દોનો યોગ રહેતે છતે, બન્ને ધાતુઓના કર્તા સમાન હોય અને બીજી ક્રિયાના સાથે અનુરૂપ સંબંધ હોય તો, ભૂ ધાતુ અને કૃ ધાતુને ' **કૃત્વા** ' અને ' **ણમ્** ' પ્રત્યય લાગે છે. **મુખતોભૂત્વા મુખતો-ભૂય, મુખતોભવમાસ્તે** = સામે મુખ રાખીને બેસે છે. **ચ્વ્યર્થે–ન નાના=અનાના ઽનાના=નાના+ભૂ+ક્ત્વા=નાનાભૂત્વા, નાનાભૂય, નાનાભાવં ગતઃ** = અનેક જાતનો નહોતો તે અનેક જાતનો થઇને ગયો. **ન વિના અવિના=અવિના ભૂત્વા=વિના ભૂત્વા, વિનાભૂય, વિનાભવમ્ ગતઃ** = જે વિના ન હતો તે વિના થઇને ગયો. **દ્વિઃપ્રકારેણ = દ્વિ +ધા=દ્વિધા, ન દ્વિધા=અદ્વિધા અદ્વિધા દ્વિ + ધા + ભૂ + ક્ત્વા = દ્વિધા ભૂત્વા દ્વિધાભૂય, દ્વિધાભવમાસ્તે** = જે બે પ્રકારનો ન હતો તે બે પ્રકારનો થઇને રહે છે. **પાર્શ્વતઃ કૃત્વા, = પાર્શ્વતઃ કૃત્વા, પાર્શ્વતઃકૃત્ય, પાર્શ્વતઃકારં શેતે** = પડખાભેર સૂવે છે.

તૂષ્ણીમા ॥ ૫–૪–૮૭ ॥

તૂષ્ણીમ્ શબ્દની સાથે યોગ રહે તે છતે, વાક્યમાં બીજા ધાતુને અનુરૂપ સંબંધ જણાતો હોય અને બન્ને ક્રિયાપદના કર્તા સમાન હોય તો ભૂ ધાતુને ' **કૃત્વા** ' અને ' **ણમ્** ' પ્રત્યય લાગે છે. **તૂષ્ણીં**

भू+त्वा = तूष्णीं भूत्वा, तूष्णींभूय, तूष्णींभावमास्ते = મૌન થઈને બેસે છે.

आनुलोम्येऽन्वचा ॥ ५-४-८८ ॥

અન્વચ્ અવ્યયની સાથે યોગ રહેતે છતે, ભીન્ન ધાતુનો અનુરૂપ સંબંધ જણાતો હોય અને બન્ને ક્રિયાપદના કર્તા સમાન હોય અને અનુકૂલતાવાળો અર્થ જણાતો હોય તો, ભૂ ધાતુને '**क्त्वा**' અને '**णभ्**' પ્રત્યય લાગે છે. **अन्वग् भूत्वा=अन्वग्भूत्वा, अन्वग्भूय, अन्वग्भावमास्ते** = અનુકૂલ થઈને રહે છે.

इच्छार्थे कर्मणः सप्तमी ॥ ५-४-८९ ॥

ઈચ્છાર્થવાળા ધાતુનો વાક્યમાં પ્રયોગ જણાતે છતે, અને ઇચ્છાર્થક ધાતુના કર્મરૂપ ભીન્ન ધાતુનો પ્રયોગ થયેલ હોય, અને બન્ને ક્રિયાપદનો કર્તા એક જ હોય તો, કર્મરૂપ ક્રિયાવાચક ધાતુને '**सप्तमी**' વિભક્તિના પ્રત્યયો લાગે છે **१४८७ भुजंप् - भुज् + ईय = भु + श्न + ज् + ईय = भुञ्जीय इति इच्छति** = હું ખાઉ એમ ઈચ્છે છે. ઇચ્છાર્થ **इच्छ्** ધાતુનો કર્મરૂપ **भुज्** ધાતુ છે. તેથી **भुज्** ધાતુને ક્રિયાપદરૂપ સપ્તમી વિભક્તિનો પહેલા પુરૂષના એકવચનનો **ईय** પ્રત્યય લાગેલ છે.

शक-धृष-ज्ञा-रभ-लभ-सहा-ऽर्ह-ग्लाघटाऽस्ति समार्थार्थे च तुम् ॥ ५-४-९० ॥

શક્ વગેરે દશ ધાતુઓ, તથા શક્ વગેરે દશ ધાતુઓના સમાન અર્થવાળા ધાતુઓ, તથા સમર્થ શબ્દ અને સમર્થ અર્થવાળા શબ્દો, તથા ઇચ્છાર્થવાળા ધાતુઓનો વાક્યમાં પ્રયોગ જણાતો હોય તો,

કર્મરૂપ ક્રિયાપદને 'तुम्' પ્રત્યય લાગે છે. આગળ જણાવેલ **क्त्वा** પ્રત્યયને સંબંધક ભૂતકૃદન્તનો પ્રત્યય કહેવામાં આવે છે. અને આ **तुम्** પ્રત્યય હેત્વર્થ કૃદન્તનો પ્રત્યય કહેવામાં આવે છે. ૧૩૦૦ **शक्लृँट्–**, ૧૪૮૭ **भुजंप् – भुज् + तुम् = भोक्तुम्, शक्नोति भोक्तुम्** = ભોજન કરવા માટે શક્ત છે. ૧૩૧૨ **जिधृषाट् – धृष्णोति भोक्तुम्** = ભોજન કરવા માટે ધસે છે. ૧૫૪૦ **ज्ञांशृ – जानाति भोक्तुम्** = ભોજન કરવા માટે સમજણ ધરાવે છે. ૭૮૫ **रभि – आरभते भोक्तुम्** = ભોજન કરવા માટે શરૂઆત કરે છે. ૭૮૬ **डुलभिष् – लभते भोक्तुम्** = ભોજન કરવા માટે પ્રાપ્ત કરે છે. ૯૯૦ **षहिं – सहते भोक्तुम्** = ખાવા માટે સહન કરે છે. ૫૬૪ **अर्हं – अर्हति भोक्तुम्** = ભોજન માટે યોગ્ય છે. ૩૧ **ग्लैं – ग्लायति भोक्तुम्** = ખાવા માટે ગ્લાન થાય છે. ૧૦૦૦ **घटिष्– घटते भोक्तुम्** = ખાવા માટે ચેષ્ટા કરે છે. ૧૧૦૨ **असक् – अस्ति भोक्तुम्** = જમવા માટે હાજર છે. **शक्** વગેરે ધાતુના સમાનાર્થક ધાતુ :– ૧૫૬૯ **पृण् – पारयति भोक्तुम्** = ભોજન કરવા માટે શક્ત છે. ૧૭૬૦ **वसण् – अध्यवस्यति भोक्तुम** = ખાવા માટે નિશ્ચય કરે છે. ૧૦૯૯ **विदक् – वेत्ति भोक्तुम्** = જમવા માટે જાણે છે. ૩૮૫ **क्रमू – प्रक्रमते भोक्तुम** = ભોજન કરવા માટે પગલા ભરે છે. ૧૩૨૨ **विद्लृँती – विन्दते भोक्तुम्** = ભોજન માટે મેળવે છે. ૭૮૮ **क्षमौषि – क्षमते भोक्तुम** = ભોજન માટે ક્ષમા રાખે છે. ૧૩૦૭ **आप्लृंट्–प्राप्नोति भोक्तुम्** = ભોજન માટે પ્રાપ્ત કરે છે. ૩૨ **ग्लैं = ग्लायति भोक्तुम्** = ભોજન માટે ગ્લાન થાય છે. ૧૨૫૪ **युजिंच् – युज्यते भोक्तुम** = ભોજન માટે પ્રવૃત્તિ કરે છે. ૧૨૫૮ **विदिंच्–विद्यते भोक्तुम्** = ખાવા માટે વિદ્યામાન છે. **समर्थक–१ भू – प्रभवति भोक्तुम्** = ભોજન કરવા માટે સમર્થ છે. ૧૧૧૬ **ईशिक् – इष्टे भोक्तुम**

= જમવા માટે સમર્થ છે. **समर्थः भोक्तुम्** = જમવા માટે સમર્થ છે. **अलं भोक्तुम** = જમવા માટે સમર્થ છે. **इच्छार्थक – १४१९ इषत् – इच्छति भोक्तुम** = જમવા માટે ઈચ્છે છે. **१२२ वाछु – वाञ्छति भोक्तुम** = જમવા માટે વાંછા – ઈચ્છા કરે છે **११०१ वशक् – वष्टि भोक्तुम्** = ભોજન કરવા માટે ખંત રાખે છે.

[इति कृदन्तप्रकरणम्]

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
पञ्चमाऽध्यायस्य चतुर्थपादः ॥

पंचमोऽध्यायः समाप्तः

प्रेमसे बोलो... जय जिनेन्द्र... जय जिनेन्द्र...
जयसुखभाई पंचमीया परीवार राजकोट-१ ☎ २४५३८२५

[अथ षष्ठोऽध्यायः]

[अथ प्रथमपादः]

[अथ तद्धितप्रकरणम्]

तद्धितोऽणादिः ॥ ६-१-१ ॥

આ પ્રકરણમાં આગળ વિધાન કરાશે એવા ' **અણ્** ' વગેરે પ્રત્યયો ' **તદ્ધિત** ' સંજ્ઞક થાય છે. **तस्य हितम् - तद्धितम्** = વિવિધ પ્રકારના લૌકિક તથા વૈદિક શબ્દોની સાધના માટે તે તે નામોને હિતરૂપ એવું જે પ્રકરણ તે તદ્ધિત પ્રકરણ. **उप + गो = उपगुः** = ગાયની પાસે રહેનારો. **उपगोरपत्यम् पुमान् = उपगु + अण् + सि = औपगवः** = ઉપગુ નામના માણસનો પુત્ર. ઉપગુ ઋષિનું નામ છે. અર્થાત્ ઉપગુ ઋષિનો પુત્ર.

पौत्रादि वृद्धम् ॥ ६-१-२ ॥

કુલનો કે વંશનો જે આદિ પુરૂષ, તેનો જે અપત્ય - પૌત્ર વગેરે જે હોય તે ' **વૃદ્ધ** ' સંજ્ઞક થાય છે. **गर्गस्यापत्यं पौत्रादि = गर्ग + यञ् + सि = गार्ग्यः** = ગર્ગ ઋષિનો પૌત્ર. **गर्गस्यापत्यम् = गर्ग + इञ् + सि = गार्गिः**=ગર્ગ ઋષિનો પુત્ર. **गार्ग्यः** ત્યાં " **गर्गादेः०** [૬-૧-૪૨] " એ સૂત્રથી **यञ्** પ્રત્યય અને **गार्गिः** ત્યાં " **अतः** [૬-૧-૩૧] " એ સૂત્રથી **इञ्** પ્રત્યય થયો છે.

वंश्य-ज्यायोऽत्रोर्जीवति प्रपौत्राद्यस्त्री युवा ॥ ६-१-३ ॥

વંશમાં થયેલો વંશ્ય – જે પોતાના જન્મનો હેતુભૂત પિતાદિ તે, તથા મોટાભાઈ એ બન્ને હયાત હોય તો સ્ત્રી વર્જિત જે પ્રપૌત્રાદિ સંતતિ તે ' **યુવા** ' સંજ્ઞક થાય છે. **गर्गस्यापत्यं वृद्धम् = गार्ग्यः, गार्ग्यस्यापत्यं युवा = गार्ग्य + आयनण् + सि = गार्ग्यायणः, गर्गस्य प्रपौत्रादि युवा अपत्यम् = गर्ग + यञ् = गार्ग्य + आयनण् + सि = गार्ग्यायणः** = ગર્ગ ઋષિની પ્રપૌત્રાદિ સંતાન વગેરેને **યુવા** સંજ્ઞક સમજવા. અહિં "**वृद्धाद् यूनि [६-१-३०]**" એ સૂત્રથી **आयनण्** પ્રત્યય થયો છે.

सपिण्डे वयःस्थानाधिके जीवद्वा ॥ ६-१-४ ॥

સપિંડ – જેની જેની પહેલાની પેઢીનો સાતમો પુરૂષ એક જ હોય તે. ઉમર અને સ્થાન – મોભા પ્રમાણે વિશેષ મહત્વ ધરાવનાર એવો સપિંડ જીવતે છતે, સ્ત્રી વર્જિત જે પ્રપૌત્રાદિ સંતતિ તે વિકલ્પે ' **યુવા** ' સંજ્ઞક થાય છે. **गार्ग्यायणः, गार्ग्यौ वा** = કાકો જીવતો હોય અથવા પિતામહનો ભાઈ જીવતો હોય એવા ગર્ગ નામના માણસનો પૌત્ર ' **યુવા** ' સંજ્ઞક થાય છે.

युव-वृद्धं कुत्सा-ऽर्चे वा ॥ ६-१-५ ॥

યુવા સંજ્ઞકવાળા અપત્યને, તથા વૃદ્ધ સંજ્ઞકવાળા અપત્યને અનુક્રમે નિંદારૂપ અને પૂજ્યરૂપ અર્થ જણાતો હોય તો ' **યુવા** ' સંજ્ઞક વિકલ્પે સમજવા. **गर्गस्यापत्यं युवा कुत्सितः = गार्ग्यः, गार्ग्यायणो वा जाल्मः**=ગાર્ગ્ય લુચ્ચો છે. અહિં વિકલ્પે યુવા સમજવો. **गर्गस्यापत्यं वृद्धमर्चितः = गार्ग्यायणः, गार्ग्यो वा अर्चितः** =ગાર્ગ્યાયણ વૃદ્ધ છે–પૂજ્યપેલ છે. અહિં વિકલ્પે યુવા સંજ્ઞક થાય છે.

संज्ञा दुर्वा ॥ ६-१-६ ॥

જે નામ પોતાના અર્થ પ્રમાણે ઘટતું હોય, એવા સંજ્ઞાવાચક શબ્દો વિકલ્પે 'દુ' સંજ્ઞક થાય છે. **देवदत्तस्य इमानि = देवदत्त +ईय+जस्=देवदत्तीयाः, दैवदत्ताः**=દેવદત્તનું આ. દુ સંજ્ઞા થવાથી "**दोरीयः [६-३-३२]**" એ સૂત્રથી **ईय** પ્રત્યય થયો છે. **पक्षे-अण्** પ્રત્યય.

त्यदादिः ॥ ६-१-७ ॥

ત્યદ્ વગેરે શબ્દો 'દુ' સંજ્ઞક થાય છે. **त्यस्य इदम् = त्यद् + ईय = त्यदीयम्** = તેનું આ. **तस्य इदम् = तदीयम्** = તેનું આ. "**सर्वादेः [१-४-७]**" એ સૂત્રમાં જણાવેલ **त्यद्** શબ્દથી **किम्** શબ્દ સુધીના **त्यदादि** સમજવા.

वृद्धिर्यस्य स्वरेष्वादिः ॥ ६-१-८ ॥

જે નામના સ્વરોમાં આદિ સ્વરની વૃદ્ધિ થતી હોય, એવા નામો 'દુ' સંજ્ઞક થાય છે. **आग्रगुप्तस्यापत्यम्=आग्रगुप्त + आयनिञ् + सि = आग्रगुप्तायनिः, आग्रगुप्तिः** = આગ્રગુપ્તનો પુત્ર. દુ સંજ્ઞા થવાથી "**अवृद्धाद्० [६-१-११०]**" એ સૂત્રથી **आयनिञ्** પ્રત્યય થયો. **पक्षे - अत० [६-१-३१]**" એ સૂત્રથી **इञ्** પ્રત્યય થયો.

एदादेशे एवेयादौ ॥ ६-१-९ ॥

દેશ અર્થવાળા નામોના સ્વરમાં, જો એકાર અને ઓકાર આદિમાં હોય અને ઈય વગેરે પ્રત્યયો લગાડવાના હોય, ત્યારે 'દુ' સંજ્ઞા થાય છે. **सेपुरे भवा = सेपुर + णिक + आप् + सि = सैपुरिका =**

સેપુરનગરમાં થયેલી. **सेपुर + इकण् + ङी + सि = सैपुरिकी** = સેપુરનગરમાં થયેલી. **स्कौनगरे भवा=स्कौनगरिका, स्कौनगरिकी** = સ્કૌનનગરમાં થયેલી.

प्राग्देशे ॥ ६-१-१० ॥

પૂર્વ દેશ અર્થવાળા નામોના સ્વરમાં, જો એકાર અને ઓકાર આદિમાં હોય અને ઇચ વગેરે પ્રત્યયો લગાડવાના હોય, ત્યારે તે નામો 'દુ' સંજ્ઞક થાય છે. **पणीपचने भव = पणीपचनीयः** = એણીપચન નામના પ્રદેશમાં થયેલો. **गोनर्दे भवः = गोनर्दनीयः** = ગોનર્દ નામના પ્રદેશમાં થયેલો. **प्राग्देश** – પૂર્વોત્તર (ઇશાન) દિશામાં વહેતી શરાવતા નદીથી જે પૂર્વદક્ષિણ (નૈઋત) દિશામાં આવેલ છે.

वा-ऽऽद्यात् ॥ ६-१-११ ॥

વા અને આદ્ય આ બન્ને શબ્દો અધિકારરૂપ છે. અર્થાત્ **वा** – હવે પછી જે જે પ્રત્યયો કહેવાશે તે બધા પ્રત્યયો વિકલ્પે જાણવા, જ્યારે પ્રત્યય ન લાગે ત્યારે સમાસ થાય અને વાક્ય પણ રહે **आद्यात्** – એ સૂત્રની અંદર બતાવેલ જે શબ્દો, તેમાંથી જે આદિનો શબ્દ તેથી પર પ્રત્યય લાગે એમ સમજવું. **वा – उपगोरप्रत्ययम्** = **औपगवः, उपगवपत्यं वा** = ઉપગુનો પુત્ર. **आद्यात् – जिनो देवताऽस्य सः=जैनः**=રાગદ્વેષાદિથી રહિત એવા દેવ છે જેને તે જૈન.

गोत्रोत्तरपदाद् गोत्रादिवाऽजिह्माकात्य-ऽहरितकात्यात् ॥ ६-१-१२ ॥

જિહ્મકાત્ય અને હરિતકાત્ય વર્જિત ગોત્ર પ્રત્યયાન્તવાળા નામ

છે ઉત્તરપદમાં જેને, એવા નામથી પર ગોત્રને જે પ્રત્યયો લગાડાય છે, તે ' **પ્રત્યયો** ' લાગે છે. **चारायणस्यापत्यं तस्य इमे यथा = चारायणीयाः** = ચારાયણના પુત્રના પુત્રો. **कम्बलचारायणस्य इमे = कम्बलचारायणीयाः** = કંબલચારાયણના પુત્રના પૌત્ર.

प्रागजितादण् ॥ ६-१-१३ ॥

પ્રાગ્જિત - પ્રાગજિતીય - આસૂત્રથી લઈને " **तेन जित० [६-४-२]** " આ સુધી જે જે અર્થમાં પ્રત્યયો નું વિધાન કરેલ છે, તે બધા અર્થો, નિર્દેશ કરેલ ' જિત ' અર્થની પહેલાના છે, તેથી તેને પ્રાગ્જિતીય કહેવાય છે. હવે જ્યાં જ્યાં પ્રાગ્જિતીય શબ્દ વાપર્યો હોય ત્યાં ત્યા જણાવેલ તે અર્થોમાં ' **अण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. અર્થાત્ આ સૂત્રથી લઈને **"तेन जित० [६-४-२]"** સૂત્રની પહેલા જે જે અર્થોમાં પ્રત્યયોનું વિધાન કરેલ છે તે અર્થોમાં ' **अण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **उपगोरपत्यम् = उपगु + अण् + सि = औपगवः** = ઉપગુ ઋષિનો પુત્ર. **मञ्जौ मनोज्ञे वर्णे तिष्ठति इति = माञ्जिः** = જે સુંદર રંગમાં રહે તે મજીઠ. **माञ्जिष्ठया रक्तम् = माञ्जिष्ठम्** = મજીઠથી રંગેલું.

धनादेः पत्युः ॥ ६-१-१४ ॥

ધન વગેરે શબ્દથી પર પતિ શબ્દ આવેલ હોય તો, પ્રાગ્જિતીય અર્થમાં ' **अण्** ' પ્રત્યય લાગે છે. **धनपतेरपत्यम् = धनपति + अण् + सि = धानपतः** = ધનપતિનો પુત્ર. **धनपतौ भवः = धानपतः** = ધનપતિમાં થયેલો. **धनपतेरागतो = धानपतः** = ધનપતિમાંથી આવેલો. **अश्वपतेरपत्यम् = आश्वपतः** = અશ્વપતિનો પુત્ર. **अश्वपतौ भवः**=અશ્વપતિમાં થયેલો. **अश्वपतेरागतो** = અશ્વપતિમાંથી આવેલો.

अनिदम्यणपवादे च दित्यदित्यादित्य–यमपत्युत्तरपदात् ञ्यः ॥ ६–१–१५ ॥

ઇદમ્ અર્થ સિવાય અપત્યાદિ અર્થમાં અણ્ પ્રત્યયનો અપવાદ જણાવેલ છે. તે અર્થમાં દિતિ, અદિતિ, આદિત્ય અને યમ શબ્દને, તથા પતિ શબ્દ છે અન્તે જેને એવા શબ્દોને, પ્રાગ્જિતીય અર્થમાં ' ञ्य ' પ્રત્યય લાગે છે. **दितिर्देवता यस्य, दितेरपत्यम्** = **दिति + ञ्य + सि** = **दैत्यः** = દિતિ દેવતા છે જેનો, અથવા દિતિનો પુત્ર. **अदितिर्देवता यस्य, अदितेरपत्यम्** = **आदित्यः** = જેનો અદિતિ અદિતિ છે. અદિતિનો પુત્ર, **आदित्यो देवता अस्य, आदित्यस्यापत्यम्**=જેનો આદિત્ય દેવતા છે, આદિત્યનો પુત્ર. **यमो देवता यस्य, यमस्यापत्यम्** = **याम्यः** = જેનો યમ દેવતા છે, યમનો પુત્ર, **बृहस्पतिर्देवता यस्य, बृहस्पतेरपत्यम्**=**बार्हस्पत्यः** = જેનો બૃહસ્પતિ દેવતા છે, બૃહસ્પતિનો પુત્ર.

बहिषष्टीरण् च ॥ ६–१–१६ ॥

પ્રાગ્જિતીય અર્થમાં બહિસ્ શબ્દને ' टीकण् ' અને ' ञ्य ' પ્રત્યય લાગે છે. **बहिर्भवः** = **बहिष् + टीकण् + सि** = **बाहीकः** = બહારનો, **बहिर्भवः** = **बहिष् + ञ्य + सि** = **बाह्यः** = બહારનો.

कल्यग्नेरेयण् ॥ ६–१–१७ ॥

પ્રાગ્જિતીય અર્થમાં કલિ અને અગ્નિ શબ્દને ' एयण् ' પ્રત્યય લાગે છે. **कलिर्देवता यस्य तत्** = **कलि + एयण् + अम् (सि)** = **कालेयम्** = જેનો કલિ દેવતા છે તે, **कलौ भवम्** – **कालेयम्** = કલિમાં થયેલું. **अग्निर्देवता यस्य तत्** = **अग्नि +**

ण्यण् + अम् (सि) = आग्नेयम् = જેનો અગ્નિ દેવતા છે તે, **अग्नभंव = आग्नेयम्** = અગ્નિમાં થયેલું.

पृथिव्या ञा–ऽञ् ॥ ६–१–१८ ॥

પ્રાગ્દિતીય અર્થમાં પૃથિવી શબ્દને '**ञ**' અને '**अञ्**' પ્રત્યય લાગે છે. **पृथिव्याः अपत्यम् = पृथिवी + अञ् + आप् + सि = पार्थिवा, पृथिवी + ञ + आप् + सि = पार्थिवी** = પૃથ્વીની પુત્રી. **पृथिव्यां भव – पृथिवी + ङ ञ् + आप् + सि = पार्थिवा, पृथिवी + ञ + ङी + सि = पार्थिवी**=પૃથ્વીમાં થનારી.

उत्सादेरञ् ॥ ६–२–१९ ॥

પ્રાગ્દિતીય અર્થમાં ઉત્સ વગેરે શબ્દોને '**अञ्**' પ્રત્યય લાગે છે. **उत्सस्य अयम् , उत्सस्यापत्यम् वा = उत्स + अञ् + सि = औत्सः** = ઉત્સનો સંબંધિ, ઉત્સનો પુત્ર.

बष्कयादसमासे ॥ ६–१–२० ॥

પ્રાગ્દિતીય અર્થમાં બષ્કય શબ્દ જો સમાસમાં ન હોય તો '**अञ्**' પ્રત્યય લાગે છે. **बष्कयस्यापत्यम् = बष्कय + अञ् = सि = बाष्कयः** = બષ્કયનો પુત્ર. બષ્કય = લાંબો કાળ.

देवाद् यञ् च ॥ ६–१–२१ ॥

પ્રાગ્દિતીય અર્થમાં દેવ શબ્દને '**यञ्**' અને '**अञ्**' પ્રત્યય લાગે છે. **देवस्य इदम् = देव + यञ् + अम् (सि) = दैव्यम्** = દેવનું સંબંધી, **देवस्य इदम् + = देव + अञ् + अम् (सि) = दैव्यम्** દેવનું સંબંધી. દેવ વિશેષ નામ.

अः स्थाम्नः ॥ ६–१–२२ ॥

પ્રાગ્જિતીય અર્થમાં स्थामन् શબ્દને ' अ ' પ્રત્યય લાગે છે. अश्वस्थाम्नः अपत्यम् = अश्वस्थामन् + अ + सि = अश्व-स्थामः = દ્રોણાચાર્યના પુત્રનું નામ, અથવા હાથીનું નામ.

लोम्नोऽपत्येषु ॥ ६–१–२३ ॥

પ્રાગ્જિતીય અર્થમાં लोमन् શબ્દને ' अ ' પ્રત્યય લાગે છે. જો બહુ અપત્યનો અર્થ જણાતો હોય તો. उडुलोम्नः अपत्यानि = उडुलोमन् + अ + जस् = उडुलोमाः = ઉડુલોમાનો પુત્રો.

द्विगोरनपत्ये च य–स्वरादेर्लुबद्विः ॥ ६–१–२४ ॥

પ્રાગ્જિતીય અર્થમાં અપત્ય શબ્દ વર્જિત દ્વિગુસમાસવાળા શબ્દને લાગેલ યક્ષરાદિ અને સ્વરાદિ પ્રત્યયનો એક જ વખત 'લોપ' થાય છે. द्वयोः रथयोः, द्विरथ्याः वा वोढा=द्विरथ + य = द्विरथ्यः = द्विरथः=બે રથને વહન કરનારા. पञ्चकपाल्यां संस्कृतः = पञ्चकपाल + अण् = पाञ्चकपालः = पञ्चकपालः = પાંચ કપાલમાં સંસ્કારેલો.

प्राग्वत् स्त्री–पुंसात् नञ्–स्नञ् ॥ ६–१–२५ ॥

वत् પ્રત્યય પહેલા જે અર્થો જણાવેલ છે, તે અર્થોને સૂચવવા સ્ત્રી શબ્દને ' नञ् ' પ્રત્યય અને પુંસ શબ્દને ' स्नञ् ' પ્રત્યય લાગે છે. स्त्रियाः अपत्यम्, स्त्रीणां समूहः, स्त्रीषु वा भवः=स्त्री + नञ् + सि = स्त्रैणः = સ્ત્રીનો પુત્ર, સ્ત્રીનો સમૂહ, સ્ત્રીઓમાં થયેલો. पुंसः अपत्यम् = पुंस् + स्नञ् + अम् (सि) = पौंस्नम् = પુરૂષનો પુત્ર, पुंसां समूहः, पुंसु वा भवः =पुंस् + स्नञ् +

सि = पौंस्नः પુરૂષનો સમૂહ, પુરૂષથી થયેલો. **प्राग्वत्** – "**तस्यार्हं० [७-१-५१]**" એ સૂત્રમાં વિધાન કરાયેલ તુલનાર્થક-યોગ્યાર્થક वत् પ્રત્યયની પહેલા એવો અર્થ સમજવો.

त्वे वा ॥ ६-१-२६ ॥

त्व પ્રત્યયના અર્થમાં સ્ત્રી શબ્દને અને પુંસ્ શબ્દને અનુક્રમે '**नञ्**' અને '**स्नञ्**' પ્રત્યય લાગે છે. **स्त्रियाः भावः=स्त्रीत्वम्, स्त्रैणम्** = સ્ત્રીપણું, **पुंसः भावः = पुंस्त्वम्, पौंस्नम्** = પુરૂષ-પણું, "**भावे त्वतलौ [७-१-५५]**" એ સૂત્રથી त्व પ્રત્યય લાગે છે.

गोः स्वरे यः ॥ ६-१-२७ ॥

ગો શબ્દને જ્યાં જ્યાં સ્વરવાળા તદ્ધિત પ્રત્યયોનો નિર્દેશ કરાયેલ હોય ત્યાં '**य**' પ્રત્યય લાગે છે. **गोरिदम्, गोरपत्यम्** = **गो + य + अम् (सि) = गव्यम्** = ગાયનું આ, ગાયનું સંતાન.

डसोऽपत्ये ॥ ६-१-२८ ॥

અપત્ય અર્થમાં ષષ્ઠી વિભક્તિવાળા નામને જે તદ્ધિતપ્રત્યય કહેલ છે તે '**अण्**' વગેરે પ્રત્યયો લાગે છે. **उपगोरयत्यम्** = **गो + अण् +सि = औपगवः** = ઉપગુ ઋષિનો પુત્ર. **दितेरपत्यम्** = **दिति + यञ् + सि = दैत्यः** = દિતિનો પુત્ર.

आद्यत् ॥ ६-१-२९ ॥

અપત્ય અર્થમાં જણાવેલ તદ્ધિત-પ્રત્યય તે આદ્યપુરૂષ – '**मूलपुरुषने**' જ લાગે છે. **उपगुरपत्यम्=औपगवः, तस्यापि = उपगु + इञ् = औपगविः, औपगवेरपत्यम् = औपगवः =**

ઉપગુનો પુત્ર – ઔપગવ, ઔપગવનો પુત્ર ઔપગવિ, ઔપગવિનો પુત્ર ઔપગવ.

वृद्धाद् यूनि ॥ ६–१–३० ॥

યુવા સંજ્ઞાવાળા અપત્ય અર્થમાં ૮૮ તદ્ધિતપ્રત્યય લાગે છે, તે તદ્ધિત પ્રત્યય આદ્યવૃદ્ધથી લાગતારો પ્રત્યય જેને છેડે હોય, તેને લાગે છે. **गार्ग्यस्यापत्यम् युवा = गार्ग्यायणः** = ગાર્ગ્યનો યુવા અપત્ય.

अत इञ् ॥ ६–१–३१ ॥

પષ્ઠિ વિભક્તિવાળા અકારાન્ત નામને, અપત્ય અર્થમાં '**ઇઞ્**' પ્રત્યય લાગે છે. **दक्षस्यापत्यम्** = **दक्ष** + **इञ्** + **सि** = **दाक्षिः** = દક્ષનો પુત્ર

बाह्वादिभ्यो गोत्रे ॥ ६–१–३२ ॥

પષ્ઠી વિભક્તિવાળા બાહુ વગેરે શબ્દને, ગોત્ર અર્થમાં '**ઇઞ્**' પ્રત્યય લાગે છે. **बाह्वोः गोत्रापत्यम्** = **बाहु** + **इञ्**+**सि**=**बाहविः** = બાહુગોત્રનો પુત્ર. **उपंबाह्वोः गोत्रापत्यम्** = **औपबाहविः**= ઉપબાહુગોત્રનો પુત્ર. પોતાના સંતાનના પ્રવાહની ઓળખ માટે જે હેતુરૂપ આદ્યપુરૂષ હોય, તે અપત્યરૂપ ગોત્ર કહેવાય.

वर्मणोऽचक्रात् ॥ ६–१–३३ ॥

ચક્ર શબ્દ વર્જિત કોઇ પણ શબ્દ પછી વર્મન્ શબ્દ આવેલ હોય તો, વર્મન્ શબ્દાન્તવાળા શબ્દને, અપત્ય અર્થમાં '**ઇઞ્**' પ્રત્યય લાગે છે. **इन्द्रवर्मणोऽपत्यम्** = **इन्द्रवर्मन्** + **इञ्** + **सि** = **ऐन्द्रवर्मिः** = ઇન્દ્રવર્માનો પુત્ર.

अजादिभ्यो धेनोः ॥ ६–१–३४ ॥

અજ શબ્દથી પર ધેનુ શબ્દ આવેલ હોય તો, ધેનુ શબ્દાન્તવાળા શબ્દને, અપત્યય અર્થમાં ' ઇઞ્ ' પ્રત્યય લાગે છે. **अजधेनोरपत्यम् = अजधेनु + इञ् + सि = अजधेनविः** = અજધેનુનો પુત્ર. **वष्कधेनोरपत्यम् = वाष्कधनेविः** = વાષ્કધેનુનો પુત્ર.

ब्राह्मणाद्वा ॥ ६–१–३५ ॥

બ્રાહ્મણ શબ્દથી પર રહેલ ધેનુ શબ્દને અપત્ય અર્થમાં ' ઇઞ્ ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **ब्राह्मणधेनोरपत्यम् = ब्राह्मणधेनु +इञ्+सि = ब्राह्मणधेनविः, ब्राह्मणधेनु + अण् + सि = ब्राह्मणधेनवः** = બ્રાહ્મણધેનુનો પુત્ર.

भूयस्–सम्भूयो–ऽम्भो–ऽमितौजसः स्लुक् च ॥ ६–१–३६ ॥

ભૂયસ્, સંભૂયસ, અંભસ્ અને અમિતૌજસ્ શબ્દથી પર 'ઇઞ્' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અન્તના સકારનો ' લુક્ ' થાય છે. **भूयसोऽपत्यम् = भूयस् + इञ् = भौयि + सि = भौयिः** = ભૂયસનો પુત્ર. **सम्भूयसोऽपत्यम् = साम्भूयिः** = સમ્ભૂસનો પુત્ર. **अम्भसोऽपत्यम्=आम्भिः**=અમ્ભસનો પુત્ર. **अमितौजसाऽपत्यम् = आमितौजिः** = અમિતૌજસનો પુત્ર.

शालङ्क्यौदि–षाडि–बाड्व लि ॥ ६–१–३७ ॥

ઈઞ્ પ્રત્યયાન્ત એવા શાલંકિ–વગેરે શબ્દો, તથા પડિ અને વાડવલિ શબ્દો ' નિપાતન ' થાય છે. **शालङ्कोऽपत्यम् = शालङ्किः** = શાલુંકીનો પુત્ર, **उदकस्यापत्यम् = औदिः** = ઉદકનો પુત્ર, **षण्णाम-**

पत्यम् = **षाडिः** = છનો પુત્ર, **वाचं वदतीति** = **वाग्वादः**, **वाग्वादस्यापत्यम्** = **वाड्वलिः** = વાગ્વાદનો પુત્ર.

व्यास–वरुट–सुधातृ–निषद–बिम्ब–चण्डालादन्त्यस्य चाऽक् ॥ ६–१–३८ ॥

વ્યાસ વગેરે છ શબ્દોને અપત્ય અર્થમાં '**ઈઞ્**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં શબ્દના અન્ત્યસ્વરનો '**अक्**' આદેશ થાય છે. **व्यासस्यापत्यम्** = **व्यास + इञ् = वायस् + अक् + इञ् + सि = वैयासकिः** = વ્યાસનો પુત્ર. **वरुटस्यापत्यम्** = **वारुटकिः** = વરૂટનો પુત્ર. **सुधातुरपत्यम्** = **सौधातकिः** = સુધાતૃનો પુત્ર. **निषादस्यापत्यम्** = **नैषादकिः** = નિષાદનો પુત્ર. **बिम्बस्यापत्यम्** = **बैम्बकिः**=બિમ્બનો પુત્ર. **चण्डालस्यापत्यम्** = **चाण्डालकिः** = ચંડાલનો પુત્ર.

पुनर्भू–पुत्र–दुहितृ–ननान्दुरनन्तरेऽञ् ॥ ६–१–३९ ॥

પુનર્ભૂ; પુત્ર, દુહિતૃ અને નનાન્દૃ શબ્દને અનન્તર અપત્ય – પહેલો પુત્ર એ અર્થમાં '**अञ्**' પ્રત્યય લાગે છે. **पुनर्भुवोऽनन्तरापत्यम्** = **पुनर्भू + अञ् + सि = पौनर्भवः** = પરણેલી સ્ત્રીનો પ્રથમ પુત્ર. **पुत्रस्यानन्तरापत्यम्** = **पौत्रः** = પુત્રનો પહેલો પુત્ર. **दुहितुरनन्तरापत्यम्** = **दौहित्रः** = પુત્રીનો પહેલો પુત્ર. **ननादुरनन्तरापत्यम्** = **नानान्द्रः** = નણંદનો પહેલો પુત્ર.

परस्त्रियाः परशुश्चाऽसवर्ण्ये ॥ ६–१–४० ॥

પુરૂષની જાતિથી ભિન્ન જાતિની પરસ્ત્રી શબ્દને અનન્તર અપત્ય અર્થમાં '**अञ्**' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં પરસ્ત્રી શબ્દને સ્થાને '**परशु**' આદેશ થાય છે. **परस्त्रियाः अनन्तरापत्यम्**

= **परस्त्री + अञ् = परशु + अञ् + सि = पारशवः** = પુરુષ જાતિથી ભિન્ન જાતિની સ્ત્રીનો પહેલો પુત્ર.

विदादेर्वृद्धे ॥ ६–१–४१ ॥

વૃદ્ધ સંજ્ઞાવાળા અપત્ય અર્થમાં વિદ વગેરે શબ્દને ' **अञ्** ' પ્રત્યય લાગે છે. **विदस्य वृद्धमपत्यम् – विद + अञ् + सि = वैदः** = વિદનો પુત્ર. **उर्वस्य वृद्धमपत्यम् = और्वः** = ઉર્વનો પુત્ર.

गर्गादेर्यञ् ॥ ६–१–४२ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા ગર્ગ વગેરે શબ્દને ' **यञ्** ' પ્રત્યય લાગે છે. **गर्गस्य वृद्धमपत्यम् = गर्ग + यञ् + सि = गार्ग्यः** = ગર્ગ ઋષિનો પુત્ર.

मधु–बभ्रो–ब्राह्मण–कौशिके । ६–१–४३ ॥

મધુ અને બભ્રૂ શબ્દને અનુક્રમે વૃદ્ધ બ્રાહ્મણ અપત્ય અને વૃદ્ધ કૌશિક અપત્ય અર્થમાં ' **यञ्** ' પ્રત્યય લાગે છે. **मधोः ब्राह्मणो वृद्धमपत्यम्=मधु+यञ्+सि = माधव्यः ब्राह्मणः**=મધુનો બ્રાહ્મણ પુત્ર. **बभ्रोः कोशिको वृद्धमपत्यम् = बभ्रू + यञ् + सि = बाभ्रव्यः कौशिकः** = બભ્રૂનો કૌશિક પુત્ર.

कपि–बोधादाङ्गिरसे ॥ ६–१–४४ ॥

વૃદ્ધ આંગિરસ અપત્ય અર્થમાં કપિ અને બોધ શબ્દને **'यञ्'** પ્રત્યય લાગે છે. **कपेराङ्गिरसो अपत्यम् = कपि = यञ् + सि = काप्यः आङ्गिरसः** = કપિનો આંગિરસ પુત્ર. **बोधस्याङ्गिरसो वृद्धापत्यम् = बोध + यञ् + सि = बौध्यः आङ्गिरसः** = બોધનો આંગિરસ પુત્ર.

वतण्डात् ॥ ६-१-४५ ॥

વૃદ્ધ આંગિરસ અપત્ય અર્થમાં, વણ્ડ શબ્દને '**યઞ્**' પ્રત્યય લાગે છે. **वतण्डस्याङ्गिरसो वृद्धापत्यम् = वतण्ड + यञ् + सि = वातण्ड्यः अङ्गिरसः** = વતંડનો આંગિરસ પુત્ર.

स्त्रियां लुप् ॥ ६-१-४६ ॥

આંગિરસ વૃદ્ધાપત્ય સ્ત્રી હોય તો, વનણ્ડને લાગેલ યઞ્ પ્રત્યય નો '**લોપ**' થાય છે. **वतण्डः आङ्गिरसः वृद्धापत्यं स्त्री = वतण्ड + यञ् =वतण्डी आङ्गिरसी**=વતંડનું આંગિરસ સ્ત્રી સંતાન.

कुञ्जादेर्ञायन्यः ॥ ६-१-४७ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કુંજ વગેરે શબ્દને '**ઞાયન્ય**' પ્રત્યય લાગે છે. **कुञ्जस्य वृद्धापत्यम् = कुञ्ज + ञायन्य + सि = कौञ्जायन्यः** = કુંજનો વૃદ્ધ અપત્ય.

स्त्रीबहुष्वायनञ् ॥ ६-१-४८ ॥

બહુસંખ્યાવાળા એવા વૃદ્ધ અપત્ય અર્થ જણાતે છતે, ષષ્ઠી વિભક્તિવાળા કુંજ વગેરે શબ્દોને, તથા એક અથવા બહુ સ્ત્રી વૃદ્ધ અપત્ય શબ્દને '**આયનઞ્**' પ્રત્યય લાગે છે. **कुञ्जस्य वृद्ध पत्यानि = कुञ्ज + आयनञ् + जस् = कौञ्जायनाः** = કુંજના વૃદ્ધ અપત્યો. **कुञ्जस्य वृद्धापत्यं स्त्री = कौञ्जायनी,** = કુંજનું એક વૃદ્ધ અપત્ય સ્ત્રી સંતાન. **कुञ्जस्य वृद्धापत्यानि स्त्रियः = कौञ्जायन्यः** = કુંજના વૃદ્ધ અપત્ય સ્ત્રી સંતાનો.

अश्वादेः ॥ ६-१-४९ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં અશ્વ વગેરે શબ્દને ' **आयनञ्** ' પ્રત્યય લાગે છે. **अश्वस्य वृद्धापत्यम्** = **अश्व** + **आयनञ्** = **आश्वायनः** = અશ્વનું વૃદ્ધ સંતાન. **शाङ्खस्य वृद्धापत्यम्** = **शाङ्खायनः** = શંખનું વૃદ્ધ અનેક સ્ત્રી સંતાન.

शप-भारद्वाजादात्रेये ॥ ६-१-५० ॥

જો આત્રેય રૂપ વૃદ્ધ અપત્ય અર્થ જણાતો હોય તો શપ અને ભારદ્વાજ શબ્દને ' **आयनञ्** ' પ્રત્યય લાગે છે. **शपस्य वृद्धापत्यम्** = **शप** + **आयनञ्** = **शापायनः आत्रेयः** = શાપનું આત્રેય વૃદ્ધ અપત્ય **भारद्वाजस्य वृद्धापत्यम्**=**भारद्वाजायनः आत्रेयः** = ભારદ્વાજનું આત્રેય વૃદ્ધ અપત્ય.

भर्गात् त्रैगर्ते ॥ ६-१-५१ ॥

ત્રૈગર્ત રૂપ વૃદ્ધ અપત્ય અર્થ જણાતો હોય તો, ભર્ગ શબ્દને ' **आयनञ्** ' પ્રત્યય લાગે છે **भर्गस्य वृद्धापत्यम्** = **भर्ग** + **आयनञ्** + **सि** = **भार्गायणः त्रैगर्तः**=ભર્ગનું ત્રૈગર્ત વૃદ્ધ અપત્ય.

आत्रेयाद् भारद्वाजे ॥ ६-१-५२ ॥

ભારદ્વાજ યુવાસંજ્ઞાવાળા અપત્ય અર્થમાં, વૃદ્ધસંજ્ઞાવાળા અપત્ય પ્રત્યયવાળા આત્રેય શબ્દને ' **आयनञ्** ' પ્રત્યય લાગે છે. **आत्रेयस्य युवापत्यम्** =**आत्रेय** + **आयनञ्** + **सि**=**आत्रेयायणः भारद्वाजः** = આત્રેયનું ભારદ્વાજ યુવાપત્ય.

नडादिभ्य आयनण् ॥ ६-१-५३ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં નડ વગેરે શબ્દને ' **आयनण्** ' પ્રત્યય

લાગે છે. **नडस्य वृद्धापत्यम् = नड + आयनण् + सि =नाडायनः** = નડનું વૃદ્ધાપત્ય, **चरस्य वृद्धापत्यम् = चारायणः** = ચરનું વૃદ્ધાપત્ય.

यञिञः ॥ ६–१–५४ ॥

જે શબ્દને વૃદ્ધ અપત્ય અર્થમાં યઞ્ અને ઇઞ્ પ્રત્યય લાગ્યા હોય, તેવા શબ્દને, યુવા અપત્ય અર્થમાં '**आयनण्**' પ્રત્યય લાગે છે. **गर्गस्य वृद्धापत्यम् = गर्ग + यञ् + सि = गार्ग्यः, गार्गस्य युवापत्यम् = गार्ग्य + आयनण् + सि = गार्ग्यायणः** = ગાર્ગ્યનું યુવાપત્ય. **दक्षस्य वृद्धापत्यम् = दक्ष + इञ् + सि = दाक्षिः, दाक्षेः युवापत्यम् = दाक्षि + आयनण् + सि = दाक्षायणः** = દાક્ષિનું યુવાપત્ય.

हरितादेरञः ॥ ६–१–५५ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં, લાગેલ અઞ્ પ્રત્યયવાળા હરિત વગેરે શબ્દને યુવા અપત્ય અર્થમાં '**आयनण्**' પ્રત્યય લાગે છે. **हरितस्य वृद्धापत्यम् = हरित + अञ् = हारितः, हारितस्य युवापत्यम् = हारितायनः** = હારિતનું યુવાપત્ય. **किन्दासस्य वृद्धापत्यम् = किन्दास + अञ् = कैन्दासः, कैन्दासस्य युवापत्यम् = कैन्दासायनः** = કૈન્દાસનું યુવાપત્ય.

कोष्टृ–शलङ्कोः लुक् च ॥ ६–१–५६ ॥

કોષ્ટૃ અને શલંકુ શબ્દને, વૃદ્ધ અપત્ય અર્થમાં '**आयनण्**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અન્ત્યસ્વરનો '**લુક્**' થાય છે. **कोष्टुः वृद्धापत्यम् = कोष्टृ + आयनण् + सि = कौष्टायनः**

= કોષ્ટાનું વૃદ્ધાપત્ય. **शलङ्कोः वृद्धापत्यम् = शालङ्कायनः** = શલંકુનું વૃદ્ધાપત્ય.

दर्भ कृष्णा–ऽग्निशर्म–रण–शरद्वच्छुनकादाग्रायण–ब्राह्मण–वार्षगण्य–वाशिष्ठ–भार्गव–वात्स्ये ॥ ६–१–५७ ॥

દર્ભ, કૃષ્ણ, અગ્નિશર્મ, રણ, શરદ્વત્, અને શુનક શબ્દને અનુક્રમે આગ્રાયણ, બ્રાહ્મણ, વાર્ષગણ્ય, વાશિષ્ઠ, ભાર્ગવ અને વાત્સ્ય વૃદ્ધાપત્ય હોય તો '**आयनण्**' પ્રત્યય લાગે છે. **दर्भस्य वृद्धापत्ययं आग्रायणश्चेत् = दर्भ + आयनण् + सि = दार्भायणः आग्रायणः** = દર્ભનું આગ્રાયણ વૃદ્ધાપત્ય, **कृष्णस्य वृद्धापत्यं ब्राह्मणश्चेत् = काष्णायनः ब्राह्मणः** = કૃષ્ણનું બ્રાહ્મણ વૃદ્ધાપત્ય. **अग्निशर्मणः अपत्यं वार्षगण्यश्चेत्=आग्निशर्मायणः वार्षगण्यः** = અગ્નિશર્માનું વાર્ષગણ્ય વૃદ્ધાપત્ય, **रणस्य वृद्धापत्यं वाशिष्ठश्चेत् = राणायणः वाशिष्ठः** = રણનું વાશિષ્ઠ વૃદ્ધાપત્ય, **शरद्वतः वृद्धापत्यं भार्गवश्चेत् = शारद्वातायनः भार्गवः** = શરદ્વતનું ભાર્ગવ વૃદ્ધાપત્ય, **शुनकस्य वृद्धापत्यं वात्स्यश्चेत्=शौनकायनः वात्स्यः** = શુનકનું વાત્સ્ય વૃદ્ધાપત્ય.

जीवन्त–पर्वताद्वा ॥ ६–१–५८ ॥

વૃદ્ધ અપત્ય અર્થમાં જીવંત અને પર્વત શબ્દને વિકલ્પે '**आयनण्**' પ્રત્યય લાગે છે. **जीवन्तं वृद्धापत्यं = जीवन्त + आयनण् = जैवन्तायनः जैवन्तिः** = જીવંતનો વૃદ્ધાપત્ય, **पर्वतस्य वृद्धापत्यम् = पार्वतायनः, पार्वतिः** = પર્વતનો વૃદ્ધાપત્ય.

द्रोणाद्वा ॥ ६–१–५९ ॥

અપત્ય અર્થમાં દ્રોણ વગેરે શબ્દોને '**आयनण्**' પ્રત્યય લાગે છે.

द्रोणस्य अपत्यम् = द्रोणायनः, द्रौणः = દ્રોણ નો પુત્ર.

शिवादेरण् ॥ ६-१-६० ॥

અપત્ય અર્થમાં, શિવ વગેરે શબ્દોને '**अण्**' પ્રત્યય લાગે છે. **शिवस्य अपत्यम् = शिव + अण् + सि = शैवः** = શિવનો પુત્ર. **प्रोष्ठस्य अपत्यम् = प्रोष्ठ + अण् = प्रौष्ठः** = પ્રોષ્ઠનો પુત્ર.

ऋषि-वृष्यन्धक-कुरुभ्यः ॥ ६-१-६१ ॥

અપત્ય અર્થમાં, ઋષિ વંશના, વૃષ્ણિ વંશના, અન્ધક વંશના અને કુરૂવંશના શબ્દોને '**अण्**' પ્રત્યય લાગે છે. **ऋषि - वशिष्ठस्य अपत्यम् - वशिष्ठ + अण् + सि = वाशिष्ठः** = વશિષ્ઠનો પુત્ર. **वृष्णि - वासुदेवस्य अपत्यम् = वासुदेवः** = વાસુદેવનો પુત્ર, **अन्धक - श्वाफल्कस्य अपत्यम् - श्वाफल्कः** = શ્વાફલ્કનો પુત્ર. **कुरु-नकुलस्य अपत्यम् = नाकुलः**=નકુલનો પુત્ર.

कन्या-त्रिवेण्याः कनीन-त्रिवण च ॥ ६-१-६२ ॥

અપત્ય અર્થમાં, કન્યા અને ત્રિવેણી શબ્દને '**अण्**' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં અનુક્રમે '**कनीन**' અને '**त्रिवण**' આદેશ થાય છે. **कन्यायाः अपत्यम् = कनीन + अण् = कानीनः** = કન્યાનો પુત્ર. **त्रिवेण्याः अपत्यम् = त्रिवण + अण् = त्रैवणः** = ત્રિવેણીનો પુત્ર.

शुङ्गाभ्यां भारद्वाजे ॥ ६-१-६३ ॥

ભારદ્વાજ અર્થમાં, શૃંગ અને શૃંગા શબ્દને '**अण्**' પ્રત્યય લાગે છે.

शुङ्गस्य, शुङ्गायाः अपत्यम् – **शौङ्गो भारद्वाजः** = શુંગ કે શુંગીનો પુત્ર શૌંગ ભારદ્વાજ.

विकर्ण–छगलाद्–वात्स्य–आत्रेये ॥ ६–१–६४ ॥

વાત્સ્યરૂપ અને આત્રેયરૂપ અપત્ય અર્થમાં, અનુક્રમે વિકર્ણ અને છગલ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **विकर्णः वात्स्यः अपत्यम्** = **वैकर्णः वात्स्यः** = વિકર્ણનો વાત્સ્ય પુત્ર. **छगलस्य अत्रेयः अपत्यम्** = **छागलः आत्रेयः** = છગલનો આત્રેય પુત્ર.

णश्च विश्रवसो विश्लुक् च वा ॥ ६–१–६५ ॥

અપત્ય અર્થમાં, વિશ્રવસ્ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં સ્ નો ' **ण्** ' આદેશ થાય છે. અને વિશ્ શબ્દ નો ' **लुक्** ' વિકલ્પે થાય છે. **विश्रवसः अपत्यम्** = **विश्रवस् + अण् + सि** = **वैश्रवणः** = વિશ્રવસનો પુત્ર. **विश्रवस् + अण्** = **विश्रवण् + अण्** = **रवण् + अण् + सि** = **रावणः** = વિશ્રવસ નો પુત્ર – રાવણ.

सङ्ख्या–सम्–भद्राद् मातुर्मातुर्च ॥ ६–१–६६ ॥

અપત્ય અર્થમાં સંખ્યા, સમ્ અને ભદ્ર શબ્દથી પર રહેલ માતૃ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં માતૃ શબ્દ નો ' **मातुर्** ' આદેશ થાય છે. **द्वयोः मात्रोः अपत्यम्**=**द्विमातृ+ अण्** = **द्वैमातुरः** = બે માતાનો પુત્ર. **संमातुः अपत्यम्** = **सांमातुरः** = સંમાતાનો પુત્ર. **भद्रमातुः अपत्यम्** = **भद्रमातुरः** = ભદ્રમાતાનો પુત્ર.

अदोर्नदी–मानुषीनाम्नः ॥ ६–१–६७ ॥

અપત્ય અર્થમાં, ઙ્ સંજ્ઞક નામથી વર્જિત નદીવાચક અને માનુષીવાચક નામને ' अण् ' પ્રત્યય લાગે છે. **यमुनायाः अपत्यम् = यामुनः प्रणेता** = યમુનાનો પુત્ર પ્રણેત, અથવા યમુનાનો પ્રણેતા, **देवदत्तायाः अपत्यम् = दैवदत्तः** = દેવદત્તાનો પુત્ર.

पीलासाल्वामण्डूकाद् वा ॥ ६–१–६८ ॥

અપત્ય અર્થમાં પીલા, સાલ્વા અને મંડૂક શબ્દને વિકલ્પે ' अण् ' પ્રત્યય લાગે છે. **पीलायाः अपत्यम् = पैलः, पैलेयः** = પીલાનો પુત્ર. **साल्वायाः अपत्यम् = साल्वः, साल्वेयः** = સાલ્વનો પુત્ર. **मण्डूकस्य अपत्यम् = माण्डूकः, माण्डूकिः** = મંડૂકનો પુત્ર.

दितेश्चैयण् वा ॥ ६–१–६९ ॥

અપત્ય અર્થમાં, દિતિ અને મંડૂક શબ્દને ' ऐयण् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **दितेः अपत्यम् = दैतेयः, दैत्यः** = દિતિનો પુત્ર. **मण्डूकस्य अपत्यम्=माण्डूकेयः, माण्डूकिः** = મંડૂકનો પુત્ર.

ङ्याप्–त्यूङः ॥ ६–१–७० ॥

અપત્ય અર્થમાં સ્ત્રીલિંગસૂચક ङी, आप्, ति અને ऊङ् પ્રત્યયવાળા નામને ' ऐयण् ' પ્રત્યય લાગે છે. **सुपर्णी – सुपर्ण्याः अपत्यम् = सुपर्ण + एयण् = सौपर्णेयः** = સુપર્ણીનો પુત્ર. – ગરુડ. **वनिता–वनितायाः अपत्यम्=वैनतेयः** = વનિતાનો પુત્ર – ગરુડ. **युवति–युवतेः अपत्यम् = यौवतेयः**= યુવતિનો પુત્ર. **कमण्डलू–कमण्डल्वाः अपत्यम् = कामण्डलेयः** = કમંડલૂનો પુત્ર.

द्विस्वरादनद्याः ॥ ६–१–७१ ॥

અપત્ય અર્થમાં ઙી, આપ્, તિ અને ઊઙ્ પ્રત્યયાન્ત એવા નદીવાચક નામથી ભિન્ન બેસ્વરવાળા નામને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **દત્તા – દત્તાયાઃ અપત્યમ્ = દાત્તેયઃ** = દત્તાનો પુત્ર.

इतोऽनिञः ॥ ६–१–७२ ॥

અપત્ય અર્થમાં, ઇઞ્ પ્રત્યય ન લાગેલ હોય તેવા બેસ્વરવાળા ઇકારાન્ત નામને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **નાભેઃ અપત્યમ્ = નાભેયઃ** = નાભિનો પુત્ર. ઋષભદેવ ભગવાન.

शुभ्रादिभ्यः ॥ ६–१–७३ ॥

અપત્ય અર્થમાં, શુભ્ર વગેરે શબ્દોને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **શુભ્રસ્ય અપત્યમ્ = શૌભ્રેયઃ** = શુભ્રનો પુત્ર. **વિષ્ટપુરસ્ય અપત્યમ્ = વૈષ્ટપુરેયઃ** = વિષ્ટપુરનો પુત્ર.

श्याम–लक्षणाद् वाशिष्ठे ॥ ६–१–७४ ॥

વાશિષ્ઠરૂપ અપત્ય અર્થમાં, લક્ષ્મણ અને શ્યામ શબ્દને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **શ્યામસ્ય અપત્યમ્ = શ્યામેયઃ વાશિષ્ઠઃ** = શ્યામનો વાશિષ્ઠ પુત્ર. **લક્ષ્મણસ્ય અપત્યમ્ = લાક્ષ્મણેયઃ વાશિષ્ઠઃ** = લક્ષ્મણનો વાશિષ્ઠ પુત્ર.

विकर्ण–कुणीतकात् काश्यपे ॥ ६–१–७५ ॥

કાશ્યપ રૂપ અપત્ય અર્થમાં, વિકર્ણ અને કુણીતક શબ્દને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **વિકર્ણસ્ય અપત્યમ્ = વૈકર્ણેયઃ કાશ્યપઃ** = વિકર્ણનો કાશ્યપ પુત્ર, **કુણીતકસ્ય અપત્યમ્ = કૌણીતકેયઃ કાશ્યપઃ** = કુણીતકનો કાશ્યપ પુત્ર.

भ्रुवो भुव् च ॥ ६-१-७६ ॥

અપત્ય અર્થમાં ભ્રૂ શબ્દને 'એયણ્' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં ભ્રૂનો 'भुव' આદેશ થાય છે. **भ्रुवः अपत्यम् = भौवेयः** = ભ્રૂનામની સ્ત્રીનો પુત્ર.

कल्याण्यादेरिन् चाऽन्तस्य ॥ ६-१-७७ ॥

અપત્ય અર્થમાં, કલ્યાણી વગેરે શબ્દને 'એયણ્' પ્રત્યય લાગે છે, અને તેના યોગમા અન્ત્ય સ્વરનો 'इन्' આદેશ થાય છે. **कल्याण्याः अपत्यम् =कल्याणिन् + एयण् + सि=काल्याणिनेयः** = કલ્યાણીનો પુત્ર.

कुलटायाः वा ॥ ६-१-७८ ॥

અપત્ય અર્થમાં, કુલટા શબ્દને 'એયણ્' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં અન્ત્યસ્વરનો વિકલ્પે 'इन्' આદેશ થાય છે. **कुलटायाः अपत्यम् = कौलटिनेयः, कौलटेयः** = કુલટાનો પુત્ર

चटकाण्णैरः स्त्रियां तु लुप् ॥ ६-१-७९ ॥

અપત્ય અર્થમાં, ચટક શબ્દને 'णैर्' પ્રત્યય લાગે છે. અને જો સ્ત્રી અપત્ય હોય, તો णैर् પ્રત્યય લાગ્યા બાદ પ્રયોગમાં 'लोप' થાય છે. **चटकस्य चटकायां वा अपत्यम् = चाटकैरः** = ચટક અથવા ચટકાનો પુત્ર. **चटकस्य चटकायाः वा अपत्यं स्त्री = चटका** = ચટક અથવા ચટકાની પુત્રી.

क्षुद्राभ्यः एरण् वा ॥ ६-१-८० ॥

અપત્ય અર્થમાં, ક્ષુદ્ર સ્ત્રીવાચક શબ્દને અથવા ક્ષુદ્ર અર્થવાળા

સ્ત્રીવાચક શબ્દને, વિકલ્પે '**એરણ્**' પ્રત્યય લાગે છે. **काणायाः अपत्यम् = काणा+एरण् = काणेरः, काणेयः** = કાણાનો અથવા કાણીનો પુત્ર. **दास्याः अपत्यम्=दासेरः, दासेयः** = દાસીનો પુત્ર.

गोधाया दुष्टे णारश्च ॥ ६–१–८१ ॥

દુષ્ટ અપત્ય અર્થમાં, ગોધા શબ્દને '**ણાર્**' અને '**એરણ્**' પ્રત્યય લાગે છે. **गोधायाः दुष्टः अपत्यम् = गोधा + णार् = गौधारः, गौधेरः** = સર્પદ્વારા ગોધાએ – ઘોરે જોયેલું બચ્ચું.

जण्ट–पण्टात् ॥ ६–१–८२ ॥

અપત્ય અર્થમાં, જણ્ટ અને પણ્ટ શબ્દને '**ણ ર્**' પ્રત્યય લાગે છે. **जण्टस्य अपत्यम् = जाण्टारः** = જંટ નામના પક્ષીનું બચ્ચું. **पण्टस्य अपत्यम्=पाण्टारः**=પંટ નામના પક્ષીનું બચ્ચું.

चतुष्पाद्भ्यः एयञ् ॥ ६–१–८३ ॥

અપત્ય અર્થમાં, ચોપગા સ્ત્રીવાચક એવા પ્રાણીસૂચક શબ્દને '**એયઞ્**' પ્રત્યય લાગે છે. **कमण्डल्वाः अपत्यम् = कमण्डलु + एयञ् = कामण्डलेयः** = કમંડલુ નામની ગાયનો પુત્ર.

गृष्ट्यादेः ॥ ६–१–८४ ॥

અપત્ય અર્થમાં ગૃષ્ટિ વગેરે શબ્દને '**એયઞ્**' પ્રત્યય લાગે છે. **गृष्टेः अपत्यम् = गार्ष्टेयः** = ગૃષ્ટિનો પુત્ર. **हृष्टेः अपत्यम् = हार्ष्टेयः** = હૃષ્ટિનો પુત્ર.

वाडवेया वृषे ॥ ६–१–८५ ॥

વૃષ ૩૫ અપત્ય અર્થમાં, વડવા નામનું એયઞ્ અને એયણ્ પ્રત્યયાન્ત 'વાડવેય' શબ્દ નિપાતન થાય છે. **वडवायाः अपत्यम्=वाडवेयः** = વડવા – ઘોડી અને બળદના સંયોગથી જન્મેલું બચ્ચું.

रेवत्यादेरिकण् ॥ ६–१–८६ ॥

અપત્ય અર્થમાં, રેવતી વગેરે શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **रेवत्याः अपत्यम्** = **रेवति + इकण्** = **रैवतिकः** = રેવતીનો પુત્ર. **अश्वपाल्याः अपत्यम्** = **आश्वपालिकः** = અશ્વપાલીનો પુત્ર.

वृद्धस्त्रियाः क्षेपे णश्च ॥ ६–१–८७ ॥

અપત્ય અર્થમાં, નિંદાનો વિષય જણાતે છતે, વૃદ્ધ અર્થના પ્રત્યયવાળા નારીજાતિસૂચક શબ્દને 'ણ' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **गार्ग्याः अपत्यं युवा** = **गर्ग + ण** = **गार्गः**, **गर्ग + इकण्** = **गार्गिकः**, **गार्गः गार्गिकः वा जालमः**=ગાર્ગીનો લુચ્ચો પુત્ર.

भ्रातुर्व्यः ॥ ६–१–८८ ॥

અપત્ય અર્થમાં, ભ્રાતૃ શબ્દને 'વ્ય' પ્રત્યય લાગે છે. **भ्रातुः अपत्यम्** = **भ्रातृव्यः** = ભાઈનો પુત્ર – ભત્રીજો.

ईयः स्वसुश्च ॥ ६–१–८९ ॥

અપત્ય અર્થમાં, ભ્રાતૃ શબ્દ અને સ્વસૃ શબ્દને 'ઇય' પ્રત્યય લાગે છે. **भ्रातुः अपत्यम्** = **भ्रातृ+ईय=भ्रातीयः**= ભાઈનો પુત્ર–ભત્રીજો, **स्वसुः अपत्यम्** = **स्वस्रीयः** = બહેનનો પુત્ર, ભાણેજ.

मातृ–पित्रादेर्डेयणेयणौ ॥ ६–१–९० ॥

અપત્ય અર્થમાં, માતૃષ્વસૃ અને પિતૃષ્વસૃ શબ્દને ' ઢયણ્ ' અને ' ઇયણ્ ' પ્રત્યય લાગે છે **માતૃષ્વસુઃ અપત્યમ્ = માતૃષ્વસૃ + ઢેયણ્ + સિ = માતૃષ્વસેયઃ, માતૃષ્વસૃ + ઇયણ્ + સિ = માતૃષ્વસ્રીયઃ** = માસીનો પુત્ર. **પિતૃષ્વસુઃ અપત્યમ્ = પિતૃષ્વસેયઃ, પિતૃષ્વસ્રીયઃ** = ફોઈનો પુત્ર ભાઇ.

श्वसुराद् यः ॥ ६–१–९१ ॥

અપત્ય અર્થમાં, શ્વસુ શબ્દને ' **ય** ' પ્રત્યય લાગે છે. **શ્વસુઃ અપત્યમ્ = શ્વસુ + ય = શ્વસુર્યઃ** = સસરાનો પુત્ર – સાળો, દિયર અથવા જેઠ.

जातौ राज्ञः ॥ ६–१–९२ ॥

જાતિ અર્થ જણાતો હોય તો, અપત્ય અર્થમાં રાજન્ શબ્દને ' **ય** ' પ્રત્યય લાગે છે. **રાજ્ઞઃ અપત્યમ્ = રાજન્યઃ, ક્ષત્રિયઃ જાતિશ્ચેત્** = ક્ષત્રિયની એક જાતિ.

क्षत्रादियः ॥ ६–१–९३ ॥

જાતિ અર્થ જણાતો હોય તો અપત્ય અર્થમાં ક્ષત્ર શબ્દને '**ઇય**' પ્રત્યય લાગે છે. **ક્ષત્રસ્ય અપત્યમ્ = ક્ષત્રિયઃ, જાતિશ્ચેત્** = ક્ષત્રિય નામની એક જાતિ.

मनोर्यांऽणौ षश्चान्तः ॥ ६–१–९४ ॥

જાતિ અર્થ જણાતો હોય તો, અપત્ય અર્થમાં મનુ શબ્દને ' **અણ્** ' અને ' **ય** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં મનુ શબ્દ ના અંતે ' **ષ્** ' ઉમેરાય છે. **મનોઃ અપત્યનિ = મનુ + અણ્ = મનુ + ષ્ + અણ્ + જસ્ = માનુષાઃ, મનુ + ય = મનુ + ષ્ +**

य + सि – मनुष्यः = માનુષ અને મનુષ્ય બન્ને શબ્દો મનુષ્ય જાતિ છે.

माणवः कुत्सायाम् ॥ ६–१–९५ ॥

નિંદા અર્થ જણાતો હોય તો, અપત્ય અર્થમાં મનુ શબ્દને '**अण्**' પ્રત્યય લાગે છે અને મનુ શબ્દના ન નો '**ण**' આદેશ થાય છે. **मनोः अपत्यं मूढं = मनु + अण् = मण् + अण् + सि = माणवः** = મનુનો મૂઢ પુત્ર.

कुलादीनः ॥ ६–१–९६ ॥

અપત્ય અર્થમાં, કુલ શબ્દને અથવા કુલ છે અન્તે જેને એવા શબ્દને '**ઇન**' પ્રત્યય લાગે છે. **कुलस्य अपत्यम् = कुल + इन = कुलीनः** = કુલીન – કુલનો પુત્ર. **बहुकुलीनः** = બહુકુલનો પુત્ર.

यैयकञावसमासे वा ॥ ६–१–९७ ॥

અપત્ય અર્થમાં, સમાસનો વિષય ન હોય તો, કુલ શબ્દને અને કુલ શબ્દ છે અંતે જેને એવા શબ્દને વિકલ્પે '**य**,' અને '**ऐकयञ्**' પ્રત્યય લાગે છે. **कुलस्य अपत्यम् = कुल्यः, कौलेयकः, कुलीनः** = કુલનો પુત્ર. **बहुकुलस्य अपत्यम् = बहुकुल्यः, बाहुकुलेयकः, बहुकुलीनः** = બહુકુલનો પુત્ર.

दुष्कुलादेयण् वा ॥ ६–१–९८ ॥

અપત્ય અર્થમાં, દુષ્કુલ શબ્દને '**એયણ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **दुष्कुलस्य अपत्यम् = दुष्कुलीनः, दौष्कुलेयः** = ખરાબ કુલનો પુત્ર.

महाकुलाद्वाञ्जीनञौ ॥ ६–१–९९ ॥

અપત્ય અર્થમાં, મહાકુલ શબ્દને 'અઞ્' અને 'ખ્ઞિનઞ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **महाकुलस्य अपत्यम्** = **माहाकुल+अञ्** = **माहाकुल**; **महाकुल + इनण्** = **माहाकुलीनः**; **महाकुल + इन** = **महाकुलीनः** = મહાકુલનો પુત્ર.

कुर्वादेर्ण्यः ॥ ६–१–१०० ॥

અપત્ય અર્થમાં, કુરુ વગેરે શબ્દને 'ણ્ય' પ્રત્યય લાગે છે. **कुरोः अपत्यानि** = **कुरु+ण्य** = **कौरव्याः** = કુરુના પુત્રો. **शङ्कोः अपत्यानि** = **शाङ्कव्याः** = શંકુના પુત્રો.

सम्राजः क्षत्रिये ॥ ६–१–१०१ ॥

ક્ષત્રિય રૂપ અપત્ય અર્થમાં, સમ્રાજ્ શબ્દને 'ણ્ય' પ્રત્યય લાગે છે. **सम्राजः अपत्यम्** = **साम्राज्यः क्षत्रियः** = સમ્રાટનો ક્ષત્રિય પુત્ર.

सेनान्त–कारु–लक्ष्मणादिञ् च ॥ ६–१–१०२ ॥

અપત્ય અર્થમાં, સેના શબ્દ છે અન્તે જેને એવા શબ્દોને, કારુ – કારિગર (સુતાર, વણકર, લુહાર વગેરે) વાચક શબ્દોને, અને લક્ષ્મણ શબ્દને 'ઇઞ્' અને 'ણ્ય' પ્રત્યય લાગે છે. **हरिषेणस्य अपत्यम्** = **हरिषेण + इञ्** = **हारिषेणिः**, **हरिषेण + ण्य** = **हारिषेण्यः** = હરિષેણનો પુત્ર. **तन्तुवायस्य अपत्यम्** = **तान्तुवायिः**, **तान्तुवाय्यः** = વણકરનો પુત્ર. **लक्ष्मणस्य अपत्यम्** = **लाक्ष्मणिः**, **लाक्ष्मण्यः** = લક્ષ્મણનો પુત્ર.

सुयाम्नः सौवीरेष्वायनिञ् ॥ ६-१-१०३ ॥

અપત્ય અર્થમાં, સૌવીર દેશમાં પ્રચલિત અર્થવાળા સુયામન્ શબ્દને '**आयनिञ्**' પ્રત્યય લાગે છે. **सुयाम्नः अपत्यम् सौवीरेषु** = **सुयामन्** + **आयनिञ्** + **सि** = **सौयामायनिः** = સૌવીરગોત્રનો સુયામનનો પુત્ર.

पाण्टाहृति-मिमताण्णश्च ॥ ६-१-१०४ ॥

સૌવીર દેશમાં પ્રચલિત એવા પાણ્ટાહૃતિ અને મિમત શબ્દને, અપત્ય અર્થમાં, '**ण**' અને '**आयनिञ्**' પ્રત્યય લાગે છે. **पाण्टाहृतेः अपत्यं सौवीरेषु** = **पाण्टाहृति** + **ण** + **सि** = **पाण्टाहृतः**, **पाण्टाहृति** + **आयनिञ्** + **सि** = **पाण्टाहृतायनिः** = સૌવીરગોત્રનો પાંટાહૃતિનો પુત્ર. **मिमतस्य अपत्यं सौवीरेषु** = **मैमतः**, **मैमतायनिः** = સૌવીરગોત્રનો મિમતનો પુત્ર.

भागवित्ति-तार्णविन्दवा-ऽऽकशापेयान् निन्दायामिकण् वा ॥ ६-१-१०५ ॥

યુવા સંજ્ઞાવાળા અપત્ય અર્થમાં, નિંદા જણાતે છતે સૌવીર દેશમાં વૃદ્ધ ગોત્રવાળા ભાગવિત્તિ, તાર્ણબિન્દ. અને આકશાપેય શબ્દને '**इकण्**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **भागवित्तेः युवा अपत्यं जाल्मः** =**भागवित्तिकः**, **भागवित्तायनः वा जाल्मः** = સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા ભાગવિત્તિનો લુચ્ચો યુવા પુત્ર. **तार्णबिन्दस्य युवा अपत्यं जाल्मः**=**तार्णबिन्दविकः**. **तार्णबिन्दविः वा ज.ल्मः** = સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા તાર્ણબિન્દવનો લુચ્ચો યુવા પુત્ર. **आकश पेयस्य युवा अपत्यं जाल्मः**=**आकशापेयिकः**, **आकशापेयिः वा जाल्म** =સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા આકશાપેયનો લુચ્ચો યુવા પુત્ર.

सौयामायनि–यामुन्दायनि–वार्ष्यायणेः ईयश्च वा ॥ ६–१–१०६ ॥

યુવા અપત્ય અર્થમાં, નિંદા જણાતે છતે સૌવીરદેશમા વૃદ્ધ-ગોત્રવાળા સૌયામાયનિ, યામુન્દાયનિ અને વાર્ષ્યાયણિ શબ્દને ' ईय ' અને ' ईकञ् ' પ્રત્યયો વિકલ્પે લાગે છે. **सौयामायनेः निन्द्यः युवा अपत्यम् = सौयामायनीयः, सौयामायनिकः, सौयामायनिः** = સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા સૌયામાયનિનો નિંદનીય યુવા પુત્ર. **यामुन्दायनेः निन्द्यः युवा अपत्यम् यामुन्दायनीयः, यामुन्दायनिकः, यामुन्दायानिः**=સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા યામુંદાય-નિનો નિંદનીય યુવા પુત્ર. **वार्ष्यायणेः निन्द्यः युवा अपत्यम्** = = **वार्ष्यायणीयः, वार्ष्यायणिकः, वार्ष्यायणिः** = સૌવીરમાં વૃદ્ધગોત્રવાળા વાર્ષ્યાયણિનો નિંદનીય યુવા પુત્ર.

तिकादेरायनिञ्ः ॥ ६–१–१०७ ॥

અપત્ય અર્થમાં, તિક વગેરે શબ્દનો **'आयनिञ्'** પ્રત્યય લાગે છે. **तिकस्य अपत्यम्=तिक + आयनिञ्=तैकायनिः**=તિકનો પુત્ર. **कितवस्य अपत्यम्=कैतवायनिः** = કિતવનો પુત્ર. જુગારીનો પુત્ર.

दगु–कोशल–कर्मार–छाग–वृषाद् यादिः ॥ ६–१–१०८ ॥

અપત્ય અર્થમાં, દ્રગુ વગેરે પાંચ શબ્દોને આદિમાં યકારવાળો આયનિઞ્ અર્થાત્ ' **यायनिञ्** ' પ્રત્યય લાગે છે **दगोः अपत्यम् दगु + यायनिञ् = दागव्यायनिः**=દ્રગુ ઋષિનો પુત્ર. **कोशलस्य =अपत्यम् कौशल्यायनिः** = કોશલનો પુત્ર. **कर्मारस्य अपत्यम् = कार्मार्यायणिः**= કર્માર-લુહારનો પુત્ર **छागस्य अपत्यम् = छाग्या-यनिः**=છાગનો પુત્ર. **वृषस्य अपत्यम्=वार्ष्यायणिः** = વૃષનો પુત્ર.

द्विस्वरादणः ॥ ६–१–१०९ ॥

અપત્ય અર્થમાં, અણ્ પ્રત્યય સહિતના બે સ્વરવાળા નામને 'आयनिञ्' પ્રત્યય લાગે છે. **कर्तुः अपत्यम्** = **कर्तृ** + **अण्** **कार्त्रः**, **कार्त्रस्य अपत्यम्** = **कार्त्र** + **आयनिञ्** = **कार्त्रायणिः** = કરનારનો પુત્ર કાર્ત્ર અને તેનો પુત્ર.

अवृद्धाद् दोर्नवा ॥ ६–१–११० ॥

અપત્ય અર્થમાં, દુ સંજ્ઞક એવા અવૃદ્ધ અર્થ સહિત નામને 'आयनिञ्' પ્રત્યય વિકલ્પે લાગે છે. **आम्रगुप्तस्य अपत्यम्** = **आम्रगुप्तायनिः**, **आम्रगुप्तिः** = આમ્રગુપ્તનો પુત્ર.

पुत्रान्तात् ॥ ६–१–१११ ॥

અપત્ય અર્થમાં, જેને અન્તે પુત્ર શબ્દ છે એવા દુ સંજ્ઞાવાળા નામને 'आयनिञ्' પ્રત્યય વિકલ્પે લાગે છે. **गार्गीपुत्रस्य अपत्यम्** = **गार्गीपुत्रायणिः**, **गार्गीपुत्रिः** = ગાર્ગીપુત્રનો પુત્ર.

चर्मि–वर्मि–गारेट–कार्कट्य–काक–लङ्का–वाकिनाञ्च–कश्चान्तोऽन्त्यस्वरात् ॥ ६–१–११२ ॥

અપત્ય અર્થમાં ચર્મિન્, વર્મિન્, ગારેટ, કાર્કટ્ય, કાક, લંકા અને વાકિન શબ્દને, તથા જેને છેડે પુત્ર શબ્દ છે એવા દુ સંજ્ઞાવાળા નામને 'आयनिञ्' પ્રત્યય વિકલ્પે લાગે છે અને તેના યોગમાં અન્તના સ્વરની પહેલા 'क' ઉમેરાય છે **चर्मिणः अपत्यम्** = **चार्मिकायणिः**, **चार्मिणः** = ચર્મિનો પુત્ર. **वर्मिणः अपत्यम्** = **वर्मिकायणिः**, **वार्मिणः** = વર્મિનો પુત્ર **गारेटस्य अपत्यम्** = **गारेटकायणिः**, **गारेटिः**=ગારેટનો પુત્ર. **कार्कट्यस्य अपत्यम्**

कार्कटच्यकायनिः, काकटव्यायनः = કાર્કટ્યનો પુત્ર. **काकस्य अपत्यम् = काककायनिः, काकिः** = કાકનો પુત્ર, **लङ्कायाः अपत्यम् = लाङ्ककायनिः, लाङ्केयः** = લંકાનો પુત્ર. **वाकिनस्य अपत्यम् = वाकिनकायनिः, वाकिनिः** = વાકિનનો પુત્ર. **गार्गीपुत्रस्य अपत्यम् = गार्गीपुत्रकायणिः, गार्गीपुत्रिः** = ગાર્ગીપુત્રનો પુત્ર.

अदोरायनिः प्रायः ॥ ६–१–११३ ॥

અપત્ય અર્થમાં, ઢુ સંજ્ઞક વર્જિત નામને પ્રાયઃ '**आयनि**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **ग्लुचुकस्य अपत्यम्** = **ग्लुचुकायनिः, ग्लौचुकिः** = ગ્લુચુકનો પુત્ર.

राष्ट्र–क्षत्रियात् सरूपाद् राजाऽपत्ये द्विरञः ॥ ६–१–११४ ॥

રાષ્ટ્રવાચક શબ્દ ક્ષત્રિયવાચક હોય, તથા ક્ષત્રિયવાચક શબ્દ રાષ્ટ્રવાચક હોય, એવા સમાન રૂપવાળા રાષ્ટ્રવાચી શબ્દને તથા ક્ષત્રિયવાચી શબ્દને, અપત્ય અર્થમાં, ઢુ સંજ્ઞક '**अञ्**' પ્રત્યય લાગે છે. **विदेहानां राष्ट्रस्य राजा** = **वैदेहः वैदेहौ, विदहाः** = વિદેહ દેશનો રાજા. **विदेहस्य राज्ञः अपत्य=वैदेहः, वैदेहौ. विदेहाः** બહુવચનમાં અઞ્ પ્રત્યય તો લાગે છે, પરંતુ બહુવચનમાં પ્રત્યયનો "**बहुषु०** [६–१–१२४]" એ સૂત્રથી લોપ થાય છે. જેથી **वैदेहा** ને બદલે **विदेहाः** થાય છે.

गान्धारि–साल्वेयाभ्याम् ॥ ६–१–११५ ॥

અપત્ય અર્થમાં, ક્ષત્રિયવાચક એવા ગાન્ધારિ અને સાલ્વેય શબ્દને, તથા રાજા અર્થમાં, રાષ્ટ્રવાચક એવા ગાન્ધારિ અને સાલ્વેય

શબ્દને દ્વિ સંજ્ઞાવાળો ' **અઞ્** ' પ્રત્યય લાગે છે. **गान्धारेः क्षत्रियस्य अपत्यम्, अपत्यानि वा=गान्धरः, गान्धारौ, गान्धारयः** =ગાંધારિ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો. **साल्वेयस्य क्षात्रयस्य अपत्यम्, अपत्यानि वा = सल्वेयः, साल्वेयौ, साल्वेयाः** = સાલ્વેય ક્ષત્રિયના પુત્ર અથવા પુત્રો. **गान्धारीणां राष्ट्रस्य राजा, राजानः= गान्धारः, गान्धारौ, गान्धारयः** = ગાંધારદેશના રાજા કે રાજાઓ. **साल्वेयानां राष्ट्रस्थ = राजा, राजानः=साल्वेयः, साल्वेयौ साल्वेयाः**=સાલ્વેયદેશના રાજા અથવા રાજાઓ. બહુવચનમાં **अञ्** પ્રત્યયનો લોપ થતા મૂળ શબ્દનું બહુવચન છે.

पुरु–मगध–कलिङ्ग–शूरमस–द्विस्वरादण् ॥ ६–१–११६ ॥

અપત્ય અર્થમાં, ક્ષત્રિયવાચક એવા, અને રાજા અર્થમાં રાષ્ટ્રવાચક એવા પુરુ, મગધ, કલિંગ, શૂરમસ શબ્દોને, તથા બે સ્વરવાળા નામોને દ્વિ સંજ્ઞક એવો ' **अ ण्** ' પ્રત્યય લાગે છે. **पूरूणां राष्ट्रस्य राजा, राजानः = पौरवः, पुरवः** = પુરુદેશના રાજા કે રાજાઓ, **मगधनां राष्ट्रस्य राजा, राजानः = मागधः, मगधाः**=મગધદેશના રાજા કે રાજાઓ, **कलिङ्गानां राष्ट्रस्य राजा, राजानः=कालिङ्गः, कलिङ्गाः** = કલિંગદેશના રાજા કે રાજાઓ, **शूरमसानां राष्ट्रस्य राजा, राजानः = शौरमसः, शुरमसाः** = શુરમસદેશના રાજા કે રાજાઓ, **अङ्गानां राष्ट्रस्य राजा, राजानः = आङ्गः, अङ्गाः** = અંગદેશના રાજા કે રાજાઓ, **पुरोः क्षत्रिस्य अपत्यम्, अपत्यानि = पौरवः, पुरवः** = પુરુના પુત્ર કે પુત્રો, **मगधस्य क्षत्रियस्य अपत्यम्, अपत्याति = मागधः, मगधाः** = મગધના પુત્ર કે પુત્રો, **कलिङ्गस्य क्षत्रियस्य अपत्यम, अपत्यानि=कालिङ्गाः, कलिङ्गः**=કલિંગના પુત્ર કે પુત્રો, **शूरमसस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = शौरमसः, शूरमसाः** = શૂરમસના પુત્ર કે પુત્રો,

अङ्गस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = आङ्गः, अङ्गाः = અંગના પુત્ર કે પુત્રો.

साल्वांश-प्रत्यग्रथ-कलकूटाऽ-स्मकादिञ ॥ ६-१-११७ ॥

અપત્ય અર્થમાં ક્ષત્રિયવાચક એવા, અને રાજા અર્થમાં રાષ્ટ્ર વાચક એવા, જે સાલ્વાંશ = સાલ્વ નામના દેશનો ભાગ. સાલ્વાંશ સૂચક નામને, તથા પ્રત્યગ્રથ, કલકૂટ અને અશ્મક નામને દ્રિ સંજ્ઞક એવો 'ઈઞ્' પ્રત્યય લાગે છે **उदुम्बरस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = औदुम्बरिः, उदुम्बराः** = ઉદુંબર ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો, **प्रत्यग्रथस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि=प्रात्यग्रथिः, प्रत्यग्रथाः**=પ્રત્યગ્રથ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો, **कलकूटस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = कालकूटिः, कलकूटाः** = કલકૂટ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો, **अश्मकस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = आश्मकिः, अश्मकाः** = અશ્મક ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો, **उदुम्बराणां राष्ट्रस्य राजा, राजानः = औदुम्बरिः, उदुम्बराः** = ઉદુંબર રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **प्रत्यग्रथानां राष्ट्रस्य राजा, राजानः = प्रात्यग्रथिः, प्रत्यग्रथाः**=પ્રત્યગ્રથ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ **कलकूटानां राष्ट्रस्य राजा, राजानः=कालकूटिः, कलकूटाः** = કલકૂટ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **अश्मकानां राष्ट्रस्य राजा, राजानः = आश्मकिः, अश्मकाः**=અશ્મક રાષ્ટ્રનો રાજા કે રાજાઓ

दु-नादि-कुर्वित्-कोशला-ऽजादाञ्ञ्यः ॥ ६-१-११८ ॥

અપત્ય અર્થમાં ક્ષત્રિયવાચક એવા, અને રાષ્ટ્રવાચક રાજા અર્થમાં એવા, જે દુ સંજ્ઞક નામો, નકારાદિ નામો, કુરૂ નામ, ઇકારાન્ત નામો, કોશલ અને અજાદ નામો, તેને દ્રિ સંજ્ઞાવાળો 'ઞ્ય' પ્રત્યય લાગે છે.

લાગે છે. **आम्बष्ठस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = आम्बष्ठयः, आम्बष्ठाः** = આંબષ્ઠ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો **निषधस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = नैषध्यः, निषधाः** = નિષધ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો **कुरो क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = कौरव्यः, कुरवः** = કુરુ ક્ષત્રિયના પુત્ર કે પુત્રો. **अवन्त्याः क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = आवन्त्यः, अवन्तयः** = અવંતિ ક્ષત્રિયના પુત્ર કે પુત્રો, **कोशलस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि = कौशल्यः, कोशलाः** = કોશલ ક્ષત્રિયના પુત્ર કે પુત્રો, **अजादस्य क्षत्रियस्य अपत्यम्, अपत्यानि=आजाद्यः अजादः** = અજાદ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો. **अम्बष्ठानां राष्ट्रस्य राजा, राजानः=आम्बष्ठयः, आम्बष्ठः**=આંબષ્ઠ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **निषधानां राष्ट्रस्य राजा, राजानः = नैषध्यः, निषधाः** =નિષધ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **कुरूणां राष्ट्रस्य राजा, राजानः = कौरव्यः, कुरवः** = કુરુ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **अवन्तीनां राष्ट्रस्य राजा, राजानो वा=आवन्त्यः, अवन्त्यः** = અવન્તી રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **कोशलानां राष्ट्रस्य राजा, राजानो वा= कौशल्यः, कोशलाः**=કોશલ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ, **अजादानां राष्ट्रस्य राजा, राजानः** = અજાદ રાષ્ટ્રનો રાજા કે રાજાઓ.

पाण्डोर्ड्यण् ॥ ६-१-११९ ॥

અપત્ય અર્થમાં ક્ષત્રિયવાચક એવા, અને રાજા અર્થમાં રાષ્ટ્રવાચક એવા પાંડુ શબ્દને, દ્રિ સંજ્ઞક 'ડ્યણ્' પ્રત્યય લાગે છે. **पाण्डोः क्षत्रियस्य अपत्यम्, अपत्यानि=पाण्ड्यः, पाण्डवः** =પાંડુ ક્ષત્રિયનો પુત્ર કે પુત્રો, **पाण्डूनां राष्ट्रस्य राजा, राजानः = पाण्ड्य, पाण्डवः** = પાંડુ રાષ્ટ્રના પુત્ર કે પુત્રો.

शकादिभ्यो द्रेर्लुप् ॥ ६–१–१२० ॥

શક વગેરે નામોને લાગેલ દ્રિ સંજ્ઞક પ્રત્યયનો '**લો.પ**' થાય છે. **शकानां राष्ट्रस्य राजा = शकः**=શક દેશનો રાજા, **शकस्य क्षत्रियस्य अपत्यम् = शकः** = શક ક્ષત્રિયનો પુત્ર. **यवनानां राष्ट्रस्य राजा = यवनः** = યવનદેશનો રાજા, **यवनस्य क्षत्रियस्य अपत्यम् = यवनः** = યવન ક્ષત્રિયનો પુત્ર.

कुन्त्यवन्तेः स्त्रियाम् ॥ ६–१–१२१ ॥

સ્ત્રીરૂપ અપત્ય અર્થમાં, કુન્તિ અને અવન્તિ શબ્દને લાગેલ દ્રિ સંજ્ઞક ય પ્રત્યયનો '**લો.પ**' થાય છે. **कुन्तेः अपत्यम् स्त्री = कुन्ती** = કુંતિની પુત્રી. **अवन्तेः अपत्यं स्त्री = अवन्ती** = અવન્તિની પુત્રી.

कुरोर्वा ॥ ६–१–१२२ ॥

સ્ત્રી અપત્ય અર્થમાં, કુરુ શબ્દને લાગેલ દ્રિ સંજ્ઞક ય પ્રત્યયનો '**લો.પ**' વિકલ્પે થાય છે. **कुरोः अपत्यम् स्त्री = कुरूः, कौरव्यायणी** = કુરુની પુત્રી.

द्रेरञणोऽप्राच्य–भर्गादेः ॥ ६–१–१२३ ॥

સ્ત્રી અપત્ય અર્થમાં, પ્રાચ્ય–પૂર્વદેશના નામ સિવાયના નામોને અને ભર્ગ વગેરે વર્જિત નામોને, લાગેલ અઞ્ અને અણ્ પ્રત્યયનો '**લો.પ**' થાય છે. **शूरसेनस्य अपत्यं स्त्री = शूरसेन + अञ् + ङी = शूरसेनी** = શૂરસેનની પુત્રી. **मद्रस्य अपत्यं स्त्री = मद्र + अण् + ङी = मद्री** = મદ્રની પુત્રી.

बहुष्वस्त्रियाम् ॥ ६–१–१२४ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, બહુઅર્થવાળા નામને લાગેલ દ્વિ સંજ્ઞક પ્રત્યયનો 'લોપ' થાય છે. **पञ्चालानां राष्ट्रस्य राजानः=पञ्चालाः**=પંચાલ દેશના રાજાઓ. **पञ्चालस्य क्षत्रियस्य अपत्यानि = पञ्चालाः** = પંચાલ ક્ષત્રિયના પુત્રો.

यस्कादेगोत्रे ॥ ६–१–१२५ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, બહુ ગોત્રવાળા યસ્ક વગેરે શબ્દને લાગેલ પ્રત્યયનો, બહુવચનમાં 'લોપ' થાય છે. **यस्कस्य अपत्यम् = यस्कः, अपत्यानि = यस्काः**=યસ્કના પુત્રો, **लह्यस्य अपत्यम् = लाह्यः, अपत्यानि = लह्याः** = લહ્યના પુત્રો.

यञञोऽश्यापर्णान्त–गोपवनादेः ॥ ६–१–१२६ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, વિદાદિ ગણમાં આવેલ ગોપવનથી માંડીને શ્યાપર્ણ સુધીના નામો સિવાયના નામોને, લાગેલ બહુગોત્રાર્થક યઞ્ અને અઞ્ પ્રત્યયનો 'લોપ' થાય છે. **गर्गस्यापत्यम्= गर्ग + यञ् = गार्ग्यः, अपत्यानि = गर्गाः** = ગર્ગ ઋષીના પુત્રો. **विदस्यापत्यम् = विद + अञ् = वैदः, अपत्यानि = विदाः** = વિદના પુત્રો.

कौण्डिन्या–ऽऽगस्त्ययोः कुण्डिना–ऽगस्ती च ॥ ६–१–१२७ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, કોંડિન્ય અને અગસ્ત શબ્દને લાગેલ બહુગોત્રાર્થક અનુક્રમે યઞ્ અને અણ્ પ્રત્યયનો 'લોપ' થાય છે. અને તેના યોગમાં અનુક્રમે 'કુણ્ડિન' અને 'અગસ્તી'

આદેશ થાય છે. **कुण्डिन्याः अपत्यानि = कुण्डिन्य + यञ् = कुण्डिनाः** = કુંડિનીના પુત્રો. **अगस्तेः अपत्यानि = अगस्त + अण् = अगस्तयः** = અગસ્ત ઋષિના પુત્રો.

भृग्वङ्गिरस्-कुत्स-वशिष्ठ-गोतमाऽत्रेः ॥ ६-१-१२८ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, ભૃગુ વગેરે છ નામોને લાગેલ બહુગોત્રાર્થક પ્રત્યયનો ' **लोप** ' થાય છે. **भृगोः अपत्यानि = भृगु + अण् + जस् =भृगवः**=ભૃગુના પુત્રો. **अङ्गिरसः अपत्यानि = अङ्गिरस् + अण् + जस् = अङ्गिरसः** = અંગિરસના પુત્રો. **कुत्सस्य अपत्यानि = कुत्स + अण् = कुत्साः** = કુત્સના પુત્રો. **वशिष्ठस्य अपत्यानि = वशिष्ठ + अण् = वशिष्ठाः** = વશિષ્ઠના પુત્રો **गोतमस्य अपत्यानि = गोतम + अण् = गौतमाः**=ગોતમના પુત્રો. **अत्रेः अपत्यानि=अत्रि + एयण् = अत्रेयः**=અત્રિના પુત્રો.

प्राग् भरते बहुस्वादित्राः ॥ ६-१-१२९ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, બહુસ્વરવાળા અને બહુત્વ-શિષ્ટ અર્થવાળા પ્રાગ્ ગોત્રના અને ભરત ગોત્રના નામને લાગેલ ઇઞ્ પ્રત્યયનો ' **लोप** ' થાય છે. **क्षीरकलम्भस्य अपत्यानि = क्षीरकलम्भ + इञ् + जस् = क्षीरकलम्भाः** = ક્ષીરકલંભના પુત્રો. **उद्दालकाः अपत्यानि = उद्दालकाः** = ઉદ્દાલકના પુત્રો.

बोपकादेः ॥ ६-१-१३० ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, ઉપક વગેરે નામોને બહુ-ગોત્ર અર્થમાં લાગેલ પ્રત્યયનો, વિકલ્પે ' **लोप** ' થાય છે. **उपकस्य अपत्यानि = उपक + आयनञ् + जस्=औपकायनाः, उपकाः**

= ઉપકના પુત્રો. **लमस्य अपत्यानि = लामकायनाः, लमकाः** = લમકના પુત્રો.

तिककितवादौ द्वन्द्वे ॥ ६–१–१३१ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, તિકકિતવ વગેરે નામોનો દ્વન્દ્વ સમાસ થયે છતે, બહુગોત્ર અર્થમાં લાગેલ પ્રત્યયનો '**લોપ**' થાય છે. **तैकायनयश्च कैतवायनयश्च = तैकायनिकैतवायनयः = तिककितवाः**=તિક અને કિતવાના પુત્રો. **औब्जयश्च काकुभाश्च = औब्जकाकुभाः = उब्जककुभाः** = ઉબ્જ અને કકુભના પુત્રો. અહિં **आयनिञ्** અને **उब्ज** ના **इञ्** પ્રત્યયનો તથા **ककुभ** ના **अण्** પ્રત્યયનો લોપ થયો છે.

द्यादेस्तथा ॥ ६–१–१३२ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અપત્ય અર્થમાં, અબહુ અર્થમાં દ્વન્દ્વ સમાસ થયેલ હોય ત્યારે બહુગોત્ર અર્થમાં લાગેલ દ્રિ સંજ્ઞક વગેરે પ્રત્યયનો '**લોપ**' થાય છે. **वार्क्षेण्यश्च लोहध्वज्यश्च कौण्डीवृश्यश्च = वृकलोहध्वजकुण्डीवृषाः** = વૃક લોહધ્વજ અને કુંડીવૃશ નામના ક્રમ પ્રધાન ઋષીઓ. "**बहुषु० [६–१–१२४]**" એ સૂત્રથી જે જે પ્રત્યયોનો લોપ કરાયો છે, તે સર્વ પ્રત્યયો '**द्यादि**' સમજવા, અને જ્યાં વિકલ્પનું વિધાન હોય ત્યાં વિકલ્પ સમજવું. અથવા જ્યાં આદેશનું વિધાન હોય ત્યા આદેશ સમજવું, વગેરે બધુ પૂર્વવત્ સમજવું. એટલું ધ્યાન રાખવું કે આ હકીકત "**बहुषु [६–१–१२४]**" એ સૂત્રની તથા પછીની પ્રક્રિયામાં સમજવાની છે.

वांऽन्येन ॥ ६–१–१३३ ॥

સ્ત્રીજાતિ ભિન્ન અર્થમાં, પૂર્વે જણાવેલ છે તેમ, દ્રિ સંજ્ઞક વગેરે

પ્રત્યયવાળા નામોનો, દ્વિ સંજ્ઞક વગેરે પ્રત્યય વિનાના નામો સાથે બહુ-અર્થમાં દ્વન્દ્વ સમાસ હોય તો, જે દ્વિ સંજ્ઞક વગેરે પ્રત્યયો લાગેલ હોય તેનો 'લોપ' વિકલ્પે થાય છે. **आङ्गश्च वाङ्गश्च दाक्षयश्च=आङ्गवाङ्ग-दाक्षयः = अङ्गवङ्गदाक्षयः** = અંગ બંગ અને દક્ષના પુત્રો.

द्व्यकेषु षष्ठ्यास्तत्पुरुषे यञादेर्वा ॥ ६–१–१३४ ॥

છઠ્ઠી તત્પુરુષ સમાસમાં વર્તતા એકવચન અથવા દ્વિવચનરૂપ નામને લાગેલ યઞ્ વગેરે પ્રત્યયોનો, પૂર્વે જણાવેલ છે તેમ, વિકલ્પે 'લોપ' થાય છે. પ્રત્યયનો લોપ થયા પછી પ્રત્યયોવાળા નામ મૂળ રૂપમાં આવે છે. **गर्गस्य अपत्यम् = गार्ग्यः – गार्ग्यस्य, गार्ग्ययोः कुलम् = गार्ग्यकुलम्, गर्गकुलम्** = ગાર્ગ્યનું અથવા બે ગાર્ગ્યનું કુલ. **विदस्य अपत्यम् = वैदः – वैदस्य, वैदयोः कुलम् = वैद-कुलम्, विदकुलम्** = એક વિદનું અથવા બે વિદનું કુલ.

न प्राग्जितीये स्वरे ॥ ६–१–१३५ ॥

બહુગોત્ર અર્થમાં લાગેલા પ્રત્યયોનો, "**बहुष्व० [६–१–२४]**" એ સૂત્રથી જે લોપ કરવાનું વિધાન કરેલ છે, તે વિધાન, પ્રાગ્જિતીય અર્થમાં જે સ્વરાદિ પ્રત્યયનું વિધાન કરેલ છે, તે સ્વરાદિ પ્રત્યયો ન હોય તો. **गर्गाणां छात्राः = गर्ग + ईय = गार्गीयाः छात्राः** = ગર્ગના શિષ્યો. **आत्रेयाणां छात्राः=आत्रेयीयाः छात्राः**=આત્રેયના શિષ્યો.

गर्ग–भार्गविका ॥ ६–१–१३६ ॥

ગર્ગભાર્ગવિકાના દ્વંદ્વ સમાસમાં પ્રાગજિતીય વિવાહ અર્થમાં જે અકલ્ પ્રત્યયનું વિધાન કરેલ છે. તેમાં **अण्** પ્રત્યયનો 'લોપ' ન થાય. **गर्गाणां वृद्धानाम् भृगूणां वृद्धानाम् यूनां च विवाहो = गर्गभार्गविका** = ગર્ગ અને ભૃગુનો વિવાહ. "**विवाहे०**

[૬-૩-૧૬૩] '' એ સૂત્રમાં વિવાહ અર્થમાં अकञ् પ્રત્યયનું વિધાન છે.

यूनि लुप् ॥ ૬-૧-૧૩૭ ॥

युवसંજ્ઞક અપત્ય અર્થમાં, પ્રાગ્દિતીય અર્થવાળા જે પ્રત્યય ઉત્પન્ન થવાનો હોય, તે પ્રત્યયને પ્રસંગે પ્રાગ્દિતીય અર્થવાળા સ્વરાદિ પ્રત્યયના વિષયમાં, તે યુવ સંજ્ઞક અપત્ય અર્થવાળા પ્રત્યયનો 'लोप' થાય છે. અને લોપ થયે છતે, જે પ્રત્યય થતો હોય તે પ્રત્યય થાય છે. **पाण्टाहृतस्य अपत्यम् = पाण्टाहृतिः, तस्य अपत्यं युवा पाण्टाहृतः, तस्य छात्राः = पाण्टाहृताः छात्राः** = પાંટહૃતના શિષ્યો. આવા અર્થમાં પ્રાગ્દિતીય સ્વરાદિ પ્રત્યયની ઇચ્છા કરીયે તો **ण** પ્રત્યયનો લોપ થાય છે, અને લોપ થયે છતે ''**वृद्धेऽञ्** [૬-૩-૨૮] '' એ સૂત્રથી **अञ्** પ્રત્યય લાગતાં **पाण्टाहृताः** પ્રયોગ થાય છે.

वाऽऽयनणायनिञोः ॥ ૬-૧-૧૩૮ ॥

युवा અર્થવાળા आयनण् અને आयनिञ् પ્રત્યયનો, પ્રાગ્દિતીય સ્વરાદિ પ્રત્યયના વિષયમાં વિકલ્પે 'लोप' થાય છે. **गर्गस्य अपत्यम् = गार्ग्यः, गार्ग्यस्य युवा अपत्यम् = गार्ग्यायणः, गार्ग्यायणस्य छात्राः = गार्ग्यायणीयाः छात्राः, गार्गीयाः छात्राः, होतुः अपत्यम् = हौत्रः, हौत्रस्य युवा अपत्यम् = हौत्रायणिः, हौत्रायणेः छात्राः = हौत्रायणीयाः छात्राः, हौत्रीयाः वा छात्राः.** પ્રાગ્દિતીય અર્થમાં ઇય પ્રત્યય **आयनण्** અને **आयनिञ्** પ્રત્યયનો લોપ થાય છે. અને લોપ થયે છતે, ઇય પ્રત્યય લાગતાં **गार्गीयाः, हौत्रीयाः** પ્રયોગો થાય છે.

द्रोजो वा ॥ ६–१–१३९ ॥

द्रि संज्ञक ष्यञ् प्रत्यय पछी युवा अर्थवाळा प्रत्यय आवेल होय तो, तेनो 'लोप' थाय छे. **उदुम्बरस्य अपत्यम्** = **औदुम्बरिः, औदुम्बरेः युवा अपत्यम्**=**औदुम्बरायणः** अहिं **आयनण्** प्रत्ययनो लोप थयो त्यारे **औदुम्बरिः** अने **आयनण्** प्रत्ययनो लोप न थयो त्यारे **औदुम्बरायणः** प्रयोग थयो छे.

त्रिदार्षादणिञोः ॥ ६–१–१४० ॥

त्रि नामने अपत्य अर्थवाचक ञ् अनुबंधवाळा प्रत्यय लागेल होय, तथा त्रि नामने आर्ष प्रत्यय लागेल होय, ते नाम पछी युवा अर्थमां विधान करायेल अण् अने ष्यञ् प्रत्ययनो 'लोप' थाय छे. **तिकस्य अपत्यम्** = **तैकायनिः, तैकायनेः अपत्यम्** = **तैकायनि** + **अण्** = **तैकायनिः पिता, तैकायनि पुत्रः** એवो प्रयोग थाय. **तैकायनि** मां ञ् अनुबंध वाळो ष्यञ् प्रत्यय लागेल होवाथी अण् प्रत्ययनो लोप थयेल छे. **आर्ष-वशिष्ठस्य अपत्यम्**= **वाशिष्ठः, वाशिष्ठस्य अपत्यम्**=**वाशिष्ठ** + **इञ्** = **वाशिष्ठः पिता, वाशिष्ठः पुत्रः** अहिं ष्यञ् प्रत्ययनो लोप थवाथी **वाशिष्ठः** प्रयोग थयेल छे.

अब्राह्मणात् ॥ ६–१–१४१ ॥

ब्राह्मण ज्ञाति सिवायना वृद्ध प्रत्ययवाळा नामने लागेल युवा अर्थवाळा प्रत्ययनो 'लोप' थाय छे. **अङ्गस्य अपत्यम्** = **अङ्ग** + **अण्** = **आङ्गः, आङ्गस्य अपत्यम्** = **आङ्ग** + **आयनिञ्** = **आङ्गः पिता, आङ्गः पुत्रः** प्रयोग थयो. अहिं **आयनिञ्** प्रत्ययनो लोप थाय छे.

पैलादेः ॥ ६-१-१४२ ॥

પૈલ વગેરે શબ્દો પછી આવેલ યુવા અર્થવાળા પ્રત્યયનો 'લોપ' થાય છે. **पीलायाः अपत्यम् = पैलः, पैलस्य अपत्यम् = पैल + आयनिञ्=पैलः पिता, पैलः पुत्रः. शालङ्को अपत्यम् =शालङ्किः, शालङ्किः अपत्यम्=शालङ्कि + आयनण्=शालङ्किः पिता, शालङ्किः पुत्रः,** અહિં **आयनिञ्** અને **आयनण्** પ્રત્યયનો લોપ થયો છે. જેથી **पैलायनिः पुत्रः** અને **शालङ्कायनः पुत्रः** એવા પ્રયોગ ન થાય.

प्राच्येजोऽतौल्वल्यादेः ॥ ६-१-१४३ ॥

પ્રાચ્ય ગોત્ર અર્થમાં વિધાન કરાયેલ **ઇઞ્** પ્રત્યય જે નામને લાગેલ છે, તેવા **तौल्वलि** વગેરે નામો સિવાયના નામોને, લાગેલ જે યુવા અર્થવાળા પ્રત્યયો, તેનો 'લોપ' થાય છે. **पन्नागरस्य अपत्यम् =पन्नागार + इञ् = पान्नागारिः, पान्नागारेः युवा अपत्यम् = पान्नागारि + आयनण् = पान्नागारिः पिता, पान्नागारिः पुत्रः, मन्थरषेणस्य अपत्यम् = मान्थरषेणिः, मन्थरषेणेः अपत्यम् = मान्थरषेणि + आयनण् = मान्थ्रषेणिः पिता, मान्थरषेणिः पुत्रः** અહિં **आयनण्** પ્રત્યયનો લોપ થવાથી **पान्नागारि** એવો પ્રયોગો થાય, પરંતુ **पान्नागारायण** કે **मन्थरषेणायन** એવા પ્રયોગ ન થાય.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत गुर्जरभाषायां बालावबोधिनावृत्तेः षष्ठाऽध्यायस्य प्रथमपादः ॥

[द्वितीयपादः]

रागाद्रः रक्ते ॥ ६-२-१ ॥

તે વડે રંગેલું એવા અર્થમાં, જે પ્રત્યયોનું વિધાન કરેલ તે બધા પ્રત્યયો, તૃતીયા વિભક્તિવાળા રંગવાચક નામને '**यथाविहित**' પ્રત્યય લાગે છે. ઉત્સર્ગ અને અપવાદમાં તદ્ધિતના જે જે પ્રત્યયો શબ્દને લગાડવા જણાવેલ છે, તે તમામ પ્રત્યયો તે શબ્દને લગાડાય તે 'યથાવિહિત' પ્રત્યયો કહેવાય છે. **कुसुम्भेन रक्तम्=कुसुम्भ+अण्+अम् = कौसुम्भं वासः** = કસુંબા રંગ વડે રંગેલુ વસ્ત્ર - કસુંબલ ચુંદડી. '**यथाविहित**' એવો નિર્દેશ સૂત્રમાં કરેલ હોવાથી "**वाद्यात् [६-१-११]**" એ સૂત્રથી તદ્ધિતના પ્રત્યયો વિકલ્પે લાગે છે એવો નિર્દેશ કરેલ હોવાથી, અકવખત **कुसुम्भेन रक्तम् = कुसुम्भरक्तम्** ' એ પ્રમાણે સમાસ થાય, અને સમાસ ન થાય ત્યારે '**कुसुम्भेन रक्तम्**' એ પ્રમાણે વાક્ય પણ રહે.

लाक्षा-रोचनादिकण् ॥ ६-२-२ ॥

તે વડે રંગેલું એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા લાક્ષા અને રોચના શબ્દને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **लाक्षया रक्तम् = लाक्षा + इकण् + अम् = लाक्षिकम्**=લાખથી રંગેલું, **रोचनया रक्तम् = रौचनिकम्** = રોચના - સિંદુરિયા રંગથી રંગેલું.

शकल-कर्दमाद्वा ॥ ६-२-३ ॥

તે વડે રંગેલું એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા શકલ અને કર્દમ શબ્દને '**ઇકણ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **शकलेन रक्तम् = शकल + इकण् + अम् = शाकलिकम्, शाकलम्** =

રક્ત ચંદન, **कर्दमेन रक्तम् = कार्दमिकम्, कार्दमम्** = કર્દમ નામની માટીથી રંગેલું.

नील-पीताद् अ-कम् ॥ ६-२-४ ॥

તે વડે રંગેલું એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા નીલ અને પીત શબ્દને અનુક્રમે '**अ**' અને '**क**' પ્રત્યય લાગે છે. **नीलेन, नील्या वा रक्तम् = नील. नील + अ, नीला + अ + अम् = नीलम्** = ગળી વડે રંગેલું. **पीतेन रक्तम् = पीत + क + अम् = पीत्तकम्** = પીળા રંગ વડે રંગેલું.

उदितगुरोर्भाद् युक्तेऽब्दे ॥ ६-२-५ ॥

જે નક્ષત્રમાં ગુરૂનો ઉદય થયેલો હોય તેવા નક્ષત્રવાચક તૃતીયા વિભક્તિવાળા નામને, તેનાથી યુક્ત એવા અર્થમાં '**यथाविहित**' પ્રત્યય લાગે છે. **पुष्येण उदितगुरुणा युक्तं वर्षम् = पुष्य + अण् + अम् = पौषं वर्षम्** = ગુરૂના ઉદયવાળા પુષ્યનક્ષત્ર યુક્ત વરસ.

चन्द्रयुक्तात्काले लुप् त्वप्रयुक्ते ॥ ६-२-६ ॥

તેનાથી યુક્તકાળ એવા અર્થમાં, જે નક્ષત્ર ચંદ્રથી યુક્ત હોય એવા નક્ષત્રવાચક તૃતીયા વિભક્તિવાળા નામને '**यथाविहित**' પ્રત્યય લાગે છે. **पुष्येण चन्द्रयुक्तेन युक्तम् अहः = पौषम् अहः** = ચન્દ્રયુક્ત પુષ્ય નક્ષત્રથી યુક્ત દિવસ. **अद्य पुष्यः** = આજે પુષ્ય છે. અહિં દિવસ કે રાત એવો કાળવાચક નામનો પ્રયોગ ન હોવાથી કાળવાચક પ્રત્યયનો લોપ થયેલ છે.

द्वन्द्वार्दीयः ॥ ६-२-७ ॥

યુક્ત કાળ અર્થમાં, નક્ષત્રવાચક દ્વન્દ્વસમાસવાળા તૃતીયા વિભક્ત્યન્ત નામને ' ઇય ' પ્રત્યય લાગે છે. **राधा च अनुराधा च = राधानुराधा, राधानुराधाभिः चन्द्रयुक्ताभिः युक्तम् अहः = राधानुराधा + ईय + अम् = राधानुराधीयम् अहः** = ચંદ્રયુક્ત રાધા અને અનુરાધા નક્ષત્રયુક્ત દિવસ.

श्रवणा–ऽश्वत्थान्नाम्न्यः ॥ ६–२–८ ॥

યુક્ત કાળ અર્થમાં, જો સંજ્ઞાનું સૂચન જણાતું હોય તો, તૃતીયા વિભક્ત્યન્ત એવા ચન્દ્રયુક્ત શ્રવણ અને અશ્વત્થ નામને '**अ**' પ્રત્યય લાગે છે. **चन्द्रयुक्तेन श्रवणेन युक्ता रात्रिः = श्रवण + अ + आप् + सि = श्रवणा रात्रिः** = વિશેષ નામ. **चन्द्रयुक्तेन अश्वत्थेन युक्ता पौर्णमासी = अश्वत्था पौर्णमासी** = વિશેષ નામ.

षष्ठ्याः समूहे ॥ ६–२–९ ॥

સમૂહ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કોઇ પણ નામને ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **चाषाणां समूहः = चाष + अण् = चाषम्** = ચાષ પક્ષીનો સમૂહ. **स्त्रीणां समूहः = स्त्री + नञ् + अम् = स्त्रैणम्**=સ્ત્રીનો સમૂહ. "**प्राग्वतः [६–१–२५]**" એ સૂત્રથી **नञ्** પ્રત્યય થયો છે.

भिक्षादेः ॥ ६–२–१० ॥

સમૂહ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા ભિક્ષા વગેરે નામને ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **भिक्षाणां समूहः = भिक्षा + अण् = भैक्षम्** = ભિક્ષાનો સમૂહ. **गर्भिणीनां समूहः = गार्भिणम्** = ગર્ભિણીઓનો સમૂહ.

क्षुद्रकमालवात् सेनानाम्नि ॥ ६–२–११ ॥

સમૂહ અર્થમાં, સેનાનું નામ હોય તો, ષષ્ઠી વિભક્તિવાળા ક્ષુદ્રકમાલવ નામને ' अण् ' પ્રત્યય લાગે છે. **क्षुद्रकाश्च मालवाश्च =क्षुद्रकमालवाः, क्षुद्रकमालवानां सेना = क्षुद्रकमालव + अण् + ङी + सि = क्षौद्रकमालवी सेना** = સેનાનું વિશેષ નામ.

गोत्रोक्ष–वत्सोष्ट्र–वृद्धा–ऽजोरभ्र–मनुष्य–राज–राजन्य राजपुत्रादकञ् ॥ ६–२–१२ ॥

સમૂહ અર્થમાં, ગોત્ર પ્રત્યયાન્ત નામોને, તથા ઉક્ષન્ વગેરે દશ નામોને ' अकञ् ' પ્રત્યય લાગે છે. **गार्ग्याणां समूहः = गर्ग + अकञ् + अम् = गार्गकम्** = ગાર્ગ્યોનો સમૂહ. **उक्षणां समूहः = औक्षकम्** = બળદોનું ટોળું, **वत्सानां समूहः = वात्सकम्** = વાછડાંનું ટોળું, **उष्ट्राणां समूहः = औष्ट्रकम्** = ઊંટોનું ટોળું, **वृद्धानां समूहः = वार्द्धकम्** = વૃદ્ધોનો સમૂહ. **अजानां समूहः = आजकम्** = બકરાંનું ટોળું, **उरभ्राणां समूहः = औरभ्रकम्** ઘેટાંનું ટોળું,=**मनुष्याणां समूहः=मानुष्यकम्** = મનુષ્યોનો સમૂહ. **राज्ञां समूहः = राजकम्** રાજાઓનો સમૂહ, **राजन्यानां समूहः = राजन्यकम्** = ક્ષત્રિયોનો સમૂહ, **राजपुत्राणां समूहः = राजपुत्रकम्** = રાજપુત્રોનો સમૂહ.

केदाराण्ण्यश्च ॥ ६–२–१३ ॥

સમૂહ અર્થમાં, કેદાર નામને ' ण्य ' અને ' अकञ् ' પ્રત્યય લાગે છે. **केदाराणां समूहः = केदार + ण्य + अम् = कैदार्यम्** = ક્યારાઓનો સમૂહ, **केदार + अकञ् = कैदारकम्** = ક્યારાઓનો સમૂહ.

कवचि–हस्त्यचित्ताच्चेकण् ॥ ६–२–१४ ॥

સમૂહ અર્થમાં કવચિ, હસ્તિ, અચિત્ત – નિર્જીવ વસ્તુવાચક નામોને, તથા કેદાર નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે **कवचिनां समूहः = कवचि + इकण् = कावचिकम्** = કવચવાળાનો સમૂહ. **हस्तिनां, हस्तिनीनां वा समूहः = हास्तिकम्** = હાથીઓનો અથવા હાથીણીઓનો સમૂહ. **अपूपानां समूहः = आपूपिकम्** = પુડલાઓનો સમૂહ, **केदाराणां समूहः = कैदारिकम्** =ક્યારીઓનો સમૂહ.

धेनोरनञः ॥ ६–२–१५ ॥

સમૂહ અર્થમાં, નઞ્ સમાસ ન હોય તો, ધેનુ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **धेनूनां समूहः = धेनु + इकण् = धैनुकम्** = ગાયોનું ટોળું – ધણ.

ब्राह्मण–माणव–वाडवाद् यः ॥ ६–२–१६ ॥

સમૂહ અર્થમાં, બ્રાહ્મણ વગેરે શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. **ब्राह्मणानां समूहः = ब्राह्मण + य = ब्राह्मण्यम्** = બ્રાહ્મણોનો સમૂહ, **माणवानां समूहः = माणव्यम्** = માણવોનો સમૂહ, **वाडवानां समूहः = वाडव्यम्** = બ્રાહ્મણોનો સમૂહ.

गणिकायाः ण्यः ॥ ६–२–१७ ॥

સમૂહ અર્થમાં, ગણિકા શબ્દને 'ણ્ય' પ્રત્યય લાગે છે. **गणिकानां समूहः = गणिका + ण्य = गाणिक्यम्** = ગણિકાનો સમૂહ.

केशाद्वा ॥ ६–२–१८ ॥

સમૂહ અર્થમાં, કેશ શબ્દને વિકલ્પે ' ણ્ય ' પ્રત્યય લાગે છે. **केशानां समूहः = केश + ण्य = केश्यम्** = વાળનો ઢગલો, **केश + इकण् = कैशिकम्**=વાળનો ઢગલો. "**कवचि०** [६–२–१४]" એ સૂત્રથી કેશને અચિતપણાને લઈ ' ઈકણ્ ' પ્રત્યય લાગે છે.

वाऽश्वादीयः ॥ ६–२–१९ ।

સમૂહ અર્થમાં, અશ્વ શબ્દને વિકલ્પે ' ઇય ' પ્રત્યય લાગે છે. **अश्वानां समूहः = अश्व + ईय = अश्वीयम्, अश्व + अण् = आश्वम्** = ઘોડાઓનું ટોળું.

पर्श्वा ड्वण् ॥ ६–२–२० ॥

સમૂહ અર્થમાં, પર્શુ શબ્દને ' ડ્વણ્ ' પ્રત્યય લાગે છે. **पर्शूनां समूहः = पर्शु + ड्वण् = पार्श + व = पार्श्वम्** = ફરસીઓનો સમૂહ.

ईनोऽह्नः क्रतौ ॥ ६–२–२१ ॥

સમૂહ અર્થમાં, યજ્ઞ અર્થ જણાતો હોય તો અહન્ શબ્દને ' ઈન ' પ્રત્યય લાગે છે. **अह्नां समूहः = अहन् + ईन = अहीनः क्रतुः** = જે યજ્ઞમાં ઘણો દિવસ લાગે તે યજ્ઞ.

पृष्ठाद् यः ॥ ६–२–२२ ॥

સમૂહ અર્થમાં, યજ્ઞના વિષયમાં પૃષ્ઠ શબ્દને ' ય ' પ્રત્યય લાગે છે. **पृष्ठानां समूहः = पृष्ठ + य = पृष्ठ्यम् क्रतुः**=જે યજ્ઞમાં ઘણા પૃષ્ઠો – દિવસો લાગ તે યજ્ઞ.

चरणाद् धर्मवत् ॥ ६-२-२३ ॥

ચરણવાચક કઠ વગેરે શબ્દોને, જે પ્રત્યયો ' ધર્મ અર્થમાં ' કહેલ છે. તે પ્રત્યયો સમૂહ અર્થમાં લાગે છે. **यथा कठानां धर्मः** = **कठ + अकञ्** = **काठकम्** = જેમ કઠોનો ધર્મ કાઠક કહેવાય તેમ **कठ + अकञ्** = **काठकम्** = કઠનો સમૂહ કાઠક કહેવાય છે. " **चरणाद्०** [६-२-१६८] " એ સૂત્રથી તેનો ધર્મ એવાં અર્થમાં ' **अकञ्** ' પ્રત્યય લાગે છે.

गो-रथ-वातात् त्रल-कट्यलूलम् ॥ ६-२ २४ ॥

સમૂહ અર્થમાં, ગો, રથ અને વાત શબ્દથી અનુક્રમે ' **त्रल कट्यल्** ' અને ' **ऊल** ' પ્રત્યય લાગે છે. **गवां समूहः** - **गो + त्रल** = **गोत्रा** = ગાયનું ટોળું, **रथानां समूहः** = **रथ + कट्यल्** = **रथकट्या** = રથનો સમૂહ. **वातानां समूहः** = **वात + ऊल** = **वातूलः** = વાયુનો સમૂહ - વાવાઝોડું.

पाशादेश्च ल्यः ॥ ६-२-२५ ॥

સમૂહ અર્થમાં, પાશ વગેરે શબ્દોને, તથા ગો, રથ અને વાત શબ્દને ' **ल्य** ' પ્રત્યય લાગે છે. **पाशानां समूहः** = **पाश्या** = ફાંસાઓનો સમૂહ, **तृणानां समूहः**=**तृण्या**=તણખલાનો સમૂહ, **गव्या** = ગાયનો સમૂહ, **रथ्या** = રથનો સમૂહ, **वात्या** = વાવાઝોડું.

श्वादिभ्योऽञ् ॥ ६-२-२६ ॥

સમૂહ અર્થમાં, શ્વન્ વગેરે શબ્દોને ' **अञ्** ' પ્રત્યય લાગે છે. **शुनां समूहः** = **श्वन् + अञ्** = **शौवम्** = કુતરાઓનું ટોળું, **अह्नां समूहः** = **आह्नम्** = દિવસોનો સમૂહ.

खलादिभ्यो लिन् ॥ ६–२–२७ ॥

સમૂહ અર્થમાં, ખલ વગેરે શબ્દોને '**लिन्**' પ્રત્યય લાગે છે. **खलानां समूहः = खल + लिन् + ङी = खलिनी** = ખલોનો સમૂહ, **ऊकानां समूहः = ऊकिनी** = ઊકાનો સમૂહ. ल નું નિશાન સ્ત્રીલિંગ કરવા માટે છે.

ग्राम–जन–बन्धु–गज–सहायात् तल ॥ ६–२–२८ ॥

સમૂહ અર્થમાં, ગ્રામ વગેરે શબ્દોને '**तल्**' પ્રત્યય લાગે છે. **ग्रामाणां समूहः = ग्राम + तल् = ग्रामता** = ગામનો સમૂહ, **जनानां समूहः = जनता** = આમ જનતા, **बन्धूनां समूहः = बन्धूता** = ભાઇઓનો સમૂહ, **गजानां समूहः = गजता** = હાથીનું ટોળું, **सहायानां समूहः = सहायता** = સહાયોનો સમૂહ.

पुरुषात् कृत–हित–वध–विकारे चैयञ् ॥ ६–२–२९ ॥

તેણે કરેલું, તેનું હિત, તેનો વધ, તેનો વિકાર અને તેનો સમૂહ અર્થમાં, પુરુષ શબ્દને '**एयण्**' પ્રત્યય લાગે છે. **पुरुषेण कृतम् = पुरुष + एयण् = पौरुषेयः ग्रन्थः** = પુરુષે કરેલો ગ્રંથ **पुरुषाय हितम् = पौरुषेयं हितम् – पथ्यम्** = પુરુષોનું હિત – પથ્ય, **पुरुषाणां वधः = पौरुषेयः वधः** - પુરુષોનો વધ, **पुरुषाणां विकारः = पौरुषेयः विकारः** = પુરુષોનો વિકાર, **पुरुषाणां समूहः = पौरुषेयः समूहः** = પુરુષોનો સમૂહ.

विकारे ॥ ६–२–३० ॥

વિકાર અર્થમાં, ષષ્ઠીવિભક્તિવાળા નામને ' **યથાવિહિત** ' પ્રત્યયો લાગે છે. **अश्मनां विकारः=अश्मन् + अण् = आश्मनः, आश्मः** = પત્થરોનો વિકાર, " **वाऽश्मनो०** [૭-૪-૬૩] " એ સૂત્રથી અન્ત્ય સ્વરનો લુક્ વિકલ્પે થાય છે. વિકાર = તેમાંથી બનેલી વસ્તુ.

प्राण्यौषधि–वृक्षेभ्योऽवयवे च ॥ ६–२–३१ ॥

વિકાર અને અવયવ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પ્રાણિવાચક, ઔષધિવાચક અને વૃક્ષવાચક નામને **'યથાવિહિત'** પ્રત્યયો લાગે છે. **कपोतस्य अवयवः=कापोत+अण् = कापोतं सक्थि** = કબુતરનો સાથળ, **कपोतस्य विकारम् = कापोतं मांसम्** = કબુતરનું માંસ, **दुर्वायाः अवयवाः=दौर्वं काण्डम्**=દુર્વાનો કાંડરૂપ અવયવ, **दुर्वायाः विकारः = दौर्वं भस्म** = ધરોની રાખ, **बिल्वस्य अवयवः = बैल्वं काण्डम्** = બિલીનો કાંડરૂપ અવયવ, **बिल्वस्य विकारः = बैल्वं भस्म** = બિલીનો વિકાર – બિલી ભસ્મ.

तालाद् धनुषि ॥ ६–२–३२ ॥

ધનુષરૂપ વિકાર અર્થમાં, તાલ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **तालस्य विकारः = ताल + अण् = तालं धनुः** = તાડનો વિકાર – તાડના ઝાડમાંથી બનાવેલ ધનુષ.

त्रपु – जतोः षोऽन्तश्च ॥ ६–२–३३ ॥

વિકાર અર્થમાં, ત્રપુ અને જતુ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં શબ્દને અંતે ' **ष्** ' ઉમેરાય છે. **त्रपुणः विकारः = त्रपु + अण् = त्रप् + ष् + अण् = त्रापुषम्** = ત્રાપુનો–કલાઈનો વિકાર, **जतुनः विकारः = जातुषम्** = લાખનો વિકાર.

शम्या लः ॥ ६–२–३४ ॥

વિકાર અને અવયવ અર્થમાં, શમી શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં શબ્દના અન્તે ' **ल्** ' ઉમેરાય છે. **शम्याः विकारः, अवयवः = शमी + ल् + अण् = शामीलं भस्म, शामीली शाखा** = ખીજડાની ભસ્મ, ખીજડાની શાખા.

पयो – द्रोर्यः ॥ ६–२–३५ ॥

વિકાર અર્થમાં, પયસ્ અને દ્રુ શબ્દને ' **य** ' પ્રત્યય લાગે છે. **पयसः विकारः=पयस् + य = पयस्यम्** = દૂધ અથવા પાણીનો વિકાર, **द्रोः विकारः = द्रव्यम्** = ઝાડ કે લાકડાનો વિકાર – ઝાડ કે લાકડામાંથી બનેલું.

उष्ट्रादकञ् ॥ ६–२–३६ ॥

વિકાર અને અવયવ અર્થમાં, ઉષ્ટ્ર શબ્દને ' **अकञ्** ' પ્રત્યય લાગે છે. **उष्ट्रस्य, उष्ट्र्याः वा विकारः = उष्ट्र + अकञ् = औष्ट्रकं मांसम्** = ઊંટ અથવા ઊંટડીનું માંસ. **उष्ट्रस्य, उष्ट्र्याः वा अवयवः = औष्ट्रकम् अङ्गम्** = ઊંટ, કે ઊંટડીનું અંગ.

उमोर्णाद् वा ॥ ६–२–३७ ॥

વિકાર અને અવયવ અર્થમાં, ઉમા અને ઊર્ણા શબ્દને ' **अकञ्** ' પ્રત્યય લાગે છે. **उमायाः विकारः = उमा + अकञ् = औमकम्** , **औमम्** = અળસીનો વિકાર, **उमायाः अवयवः = औमकम्, औमम्** = અળસીનો અવયવ, **ऊर्णायाः विकारः = और्णकम्, और्णः कम्बलः** = ઊનનો વિકાર – કામળ, **ऊर्णायाः अवयवः = और्णकम्, और्णम्** = ઊનનો અવયવ–તાંતણો.

एण्याः एयञ् ॥ ६–२–३८ ॥

વિકાર અને અવયવ અર્થમાં, એણી શબ્દને '**એયઞ્**' પ્રત્યય લાગે છે. **एण्याः विकारः=एणी+एयञ्=ऐणेयं मांसम्** = હરણીનું માંસ, **एण्याः अवयवः = ऐणेयम् अङ्गम्=**હરણીના શરીરનો ભાગ.

कौशेयम् ॥ ६–२–३९ ॥

વિકાર અર્થમાં, કોશ શબ્દને '**એયઞ્**' પ્રત્યય લાગે છે. **कोशस्य विकारः = कोश + एयञ् = कौशेयं वस्त्रं सूत्रम् वा** = કોશ – કોશેટો – રેશમી વસ્ત્ર અથવા રેશમનો તાંતણો. કૌશેય શબ્દ વિકારરૂપ વસ્ત્ર અને સૂતર અર્થમાં જ વપરાય છે.

परशव्याद् यलुक् च ॥ ६–२–४० ॥

વિકાર અર્થમાં, પરશવ્ય શબ્દને '**અણ્**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં ય નો '**લુક્**' થાય છે. **परशव्यस्य विकारः = परशव्य + अण् = पारशवम्** = લોઢાનો વિકાર.

कंसीयाञ्ञ्यः ॥ ६–२–४१ ॥

વિકાર અર્થમાં, કંસીય શબ્દને '**ञ्य**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં ય નો '**લુક્**' થાય છે. **कंसीयस्य विकारः = कंसीय + ञ्य = कांस्यम्** = કાંસું.

हेमार्थाद् माने ॥ ६–२–४२ ॥

માન – માપરૂપ વિકાર અર્થમાં, હેમ – સોનું અર્થવાળા શબ્દને '**અણ્**' પ્રત્યય લાગે છે. **हाटकस्य विकारः = हाटक + अण् = हाटकः निष्कः** = અમુક વજનનો સોનાનો સિક્કો.

द्रोर्वयः ॥ ६-२-४३ ॥

માન રૂપે વિકાર અર્થમાં, દ્રુ શબ્દને '**वय**' પ્રત્યય લાગે છે. **द्रोः विकारः = द्रु + वय = द्रुवयं मानम्** = અમુક માપનો લાટડાનો ટુકડો.

मानात् क्रीतवत् ॥ ६-२-४४ ॥

વિકાર અર્થમાં, માન - એક બે આદિ સંખ્યાવાચક શબ્દો, તથા અન્ય માપવાચક શબ્દને, ક્રીત - ખરીદેલું એવા અર્થમાં જે પ્રત્યયો બતાવેલ છે, તે '**प्रत्ययैः**' લાગે છે. **यथा शतेन क्रीतः = शत + य = शत्यः, शत + इक = शतिकः** = સો વડે ખરીદેલ **तथा शतस्य विकारः = शत्यः, शतिकः** = શતક-સોનો વિકાર.

हेमादिभ्योऽञ् ॥ ६-२-४५ ॥

વિકાર અને અવયવ અર્થમાં, હેમ વગેરે શબ્દોને '**अञ्**' પ્રત્યય લાગે છે. **हेम्नः विकारः, अवयवः वा = हेम + अञ् = हैमी यष्टिः** = સોનાની લાકડી. **रजतस्य विकारः, अवयवः वा = राजतः** = ચાંદિનો વિકાર - ચાંદીની વસ્તુ.

अभक्ष्या-ऽऽच्छादने वा मयट् ॥ ६-२-४६ ॥

વિકાર અર્થમાં, ભક્ષ્ય - ખાવાનું અને આચ્છાદન - ઓઢવાનું આ બે અર્થથી ભિન્ન અર્થવાળા ષષ્ઠીવિભક્ત્યન્ત નામને, વિકલ્પે '**मयट्**' પ્રત્યય લાગે છે. **भस्मनः विकारः, अवयवः वा = भस्म + मयट् = भस्ममयम्** , **भास्मनः** = રાખનો વિકાર.

शर-दर्भ-कूदी-तृण-सोम-बल्वजात् ॥ ६-२-४७ ॥

વિકાર અને અવયવ અર્થમાં, લક્ષ્ય અને આચ્છાદન અર્થથી ભિન્ન અર્થવાળા એવા, शर વગેરે શબ્દને ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **शरस्य विकारः, अवयव,** = **शरमयम्** = શરનો વિકાર અથવા અવયવ, **दर्भस्य विकारः, अवयवः** = ડાભનો વિકાર અથવા અવયવ, **कुद्याः विकारः, अवयवः** = **कुदीमयम्** = કુદીમાંથી બનાવેલ વસ્તુ અથવા અવયવ, **तृणस्य विकारः, अवयवः** = ઘાસ માંથી બનાવેલ વસ્તુ અથવા અવયવ, **सोमस्य विकारः, अवयवः** = સોમનો વિકાર અથવા અવયવ, **वल्वजस्य विकारः, अवयवः** = દોરીમાંથી બનેલ વસ્તુ અથવા અવયવ. અવયવ – તેનું અંગ.

एकस्वरात् ॥ ६–२–४८ ॥

વિકાર અને અવયવ અર્થમાં, ભક્ષ્ય અને આચ્છાદન અર્થથી ભિન્ન એવા, એકસ્વરવાળા નામને નિત્ય ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **वाचां विकारः, अवयवः** = **वाङ्मयम्** = શાસ્ત્ર, વર્ણ.

दोरप्राणिनः ॥ ६–२–४९ ॥

વિકાર અને અવયવ અર્થમાં, ભક્ષ્ય અને અચ્છાદન અર્થથી ભિન્ન અર્થવાળા, दु સંજ્ઞક અપ્રાણીવાચક નામને ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **आम्रस्य विकारः, अवयवः** = **आम्रमयम्** = આંબાનું ફળ અથવા શાખા.

गोः पुरिषे ॥ ६–२–५० ॥

છાણરૂપ વિકાર અર્થમાં, गो શબ્દને ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **गोः विकारः** = **गोमयम्** = છાણ.

व्रीहेः पुरोडाशे ६–२–५१ ॥

પુરોડાશરૂપ વિકાર અર્થમાં, વ્રીહિ શબ્દને '**મયટ્**' પ્રત્યય લાગે છે. **વ્રીહેઃ વિકારઃ = વ્રીહિમયઃ પુરોડાશઃ** = ચોખાનો પુરોડાશ – યજ્ઞમાં મૂકવાનું નૈવેદ્ય.

तिल-यवादनाम्नि ॥ ६–२–५२ ॥

વિકાર અને અવયવ અર્થમાં, જો કોઇ વસ્તુનું વિશેષ નામ ન હોય તો, તિલ અને યવ શબ્દને '**મયટ્**' પ્રત્યય લાગે છે. **તિલસ્ય વિકારઃ, અવયવઃ** = તલનો વિકાર અથવા અવયવ – ખોળ, **યવસ્ય વિકારઃ, અવયવઃ = યવમયમ્** = યવનો વિકાર અથવા અવયવ.

पिष्टात् ॥ ६–२–५३ ॥

જો કોઇનું વિશેષ નામ ન હોય તો, વિકાર અર્થમાં, પિષ્ટ શબ્દને '**મયટ્**' પ્રત્યય લાગે છે. **પિષ્ટસ્ય વિકારઃ=પિષ્ટમયમ્** = પીસેલી વસ્તુનો વિકાર – મગ અથવા અડદનું પીઠું.

नाम्नि कः ॥ ६–२–५४ ॥

જો કોઇ વિશેષ નામ હોય તો, વિકાર અર્થમાં, પિષ્ટ શબ્દને '**ક**' પ્રત્યય લાગે છે. **પિષ્ટસ્ય વિકારઃ = પિષ્ટ + ક = પિષ્ટ + ઇ + ક = પિષ્ટિકા** = પીઠી.

ह्योगोदोहादीनञ् हियङ्गुश्चाऽस्य ॥ ६–२–५५ ॥

જો વિશેષ નામ હોય તો, વિકાર અર્થમાં, હ્યોગોદોહ શબ્દને '**ઇનઞ્**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં હ્યોગોદોહને સ્થાને '**હિયઙ્ગુ**' આદેશ થાય છે. **હ્યોગોદોહસ્ય વિકારઃ = હ્યોગોદોહ**

+ **ईनञ्** = **ह्यङ्** + **ईनञ्** = **हैयङ्गवीनम् नवनीतम्, घृतं वा** = ગઇ કાલે દોહવામેલ દુધનું ઘી અથવા માખણ.

अपो यञ् वा ॥ ६–२–५६ ॥

વિકાર અર્થમાં, अप् શબ્દને 'यञ्' પ્રત્યય વિકલ્પે લાગે છે. **अपो विकारः** = **अप्** + **यञ्** = **आप्यम्**, **अप्** + **मयट्** = **अम्मयम्** = પાણીનો વિકાર–પરિણામ.

लुप् बहुलं पुष्प–मूले वा ॥ ६–२–५७ ॥

વિકાર અને અવયવ અર્થમાં, પુષ્પરૂપ તથા મૂલરૂપ વિકાર અથવા અવયવ હોય તો, બહુલ પ્રકારે પ્રત્યયનો 'लुक्' થાય છે. **मल्लिकायाः विकारः, अवयवः** = **मल्लिका** + **मयट्** = **मल्लिका पुष्पम्** = મલ્લિકાનું ફુલ. **विदार्याः विकारः, अवयवः**=**विदारी मूलम्** = વિદારીનું મૂળ.

फले ॥ ६–२–५८ ॥

ફલરૂપ વિકાર અને અવયવ અર્થ હોય તો, પ્રત્યયનો નિત્ય 'लोप' થાય છે. **आमलकस्य विकारः, अवयवः** = **आमलक** + **मयट्** = **आमलकम् फलम्** = આંબળું.

प्लक्षादेरण् ॥ ६–२–५९ ॥

ફલરૂપ વિકાર અને અવયવ અર્થમાં, પ્લક્ષ વગેરે શબ્દોને 'अण्' પ્રત્યય લાગે છે. **प्लक्षस्य विकारः, अवयवः** = **प्लक्ष** + **अण्** = **प्लाक्षम्** = પ્લક્ષનો ફળરૂપ વિકાર અથવા અવયવ. **अश्वत्थस्य विकारः, अवयवः** = **आश्वत्थम्** = અશ્વત્થનો ફલરૂપ વિકાર અથવા અવયવ.

जम्ब्वा वा ॥ ६–२–६० ॥

ફલરૂપ વિકાર કે અવયવ અર્થમાં, જંબૂ શબ્દને વિકલ્પે '**अण्**' પ્રત્યય લાગે છે. **जम्ब्वा विकारः, अवयवः = जम्बू + अण् = जाम्बवम्** = જાંબુડાનું ફળ. જ્યારે અણ્ ન થાય ત્યારે બીજા થયેલ પ્રત્યયનો લોપ થવાથી. **जम्बु, जम्बूः** પ્રયોગ થાય છે. **जम्बु** એ નપુંસકલિંગ અને **जम्बूः** એ સ્ત્રીલિંગ છે.

न द्विरद्रव्य–गोमय–फलात् ॥ ६–२–६१ ॥

વિકાર કે અવયવ અર્થમાં દ્રવ્ય, ગોમય અને ફલ અર્થવાળા શબ્દો સિવાયના, બીજા શબ્દોને એવાર '**प्रत्ययो**' ન લાગે. **कपोतस्य विकारः, अवयवः = कपोत + अण् = कापोतम् = कापोतस्य विकारः अवयवः** આ અર્થમાં ફરીથી **मयट्** પ્રત્યય ન લાગે. **कापोतम्** ત્યાં "**प्राण्यौ० [६–२–३१]**" એ સૂત્રથી **अण्** પ્રત્યય થયો છે.

पितृ–मातुर्व्य–डुलं भ्रातरि ॥ ६–२–६२ ॥

તેના ભાઈ એવા અર્થમાં, પિતૃ અને માતૃ શબ્દને, અનુક્રમે '**व्य**' અને '**डुल**' પ્રત્યય લાગે છે. **पितुः भ्राता = पितृ + व्य + सि = पितृव्यः** = કાકો, **मातुः भ्राता = मातृ + डुल + सि = मातुलः** = મામો.

पित्रोर्डामहट् ॥ ६–२–६३ ॥

તેનો પિતા અને તેની માતા એવા અર્થમાં, પિતૃ અને માતૃ શબ્દને '**डामहट्**' પ્રત્યય લાગે છે. **पितुः पिता = पितृ + डामहट् + सि = पितामहः** = દાદા, **पितुः माता = पितृ +**

ङामहद् + ङी + सि = पितामही = દાદી, **मातुः पिता = मातामहः** = માતાનો પિતા – દાદા, **मातुः माता = मातामही** = માતાની માતા – દાદી.

अवेर्दुग्धे सोढ–दूस–मरीसम् ॥ ६–२–६४ ॥

દુધ અર્થમાં અવિ શબ્દને '**सोढ, दूस**' અને '**मरीस**' પ્રત્યયો લાગે છે. **अव्नेः दुग्धम् = अवि + सोढ = अविसोढम्** = બકરીનું દુધ, **अवि + दूस = अविदूसम्** = બકરીનું દુધ, **अवि + मरीस = अविमरीसम्** = બકરીનું દુધ.

राष्ट्रेऽनङ्गादिभ्यः ॥ ६–२–६५ ॥

રાષ્ટ્ર અર્થમાં, અંગ વગેરે શબ્દ વર્જિત ષષ્ઠી વિભક્તિવાળા નામને '**अण्**' પ્રત્યય લાગે છે. **शिबीनां राष्ट्रम् = शिबी + अण् = शैबम्** = શિબિ લોકોનો દેશ.

राजन्यादिभ्योऽकञ् ॥ ६–२–६६ ॥

રાષ્ટ્ર અર્થમાં, રાજન્ય વગેરે શબ્દોને '**अकञ्**' પ્રત્યય લાગે છે. **राजन्यानां राष्ट्रम् = राजन्य + अकञ् = राजन्यकम्** = રાજન્યનો – ક્ષત્રિયનો દેશ, **दैवयातवानां राष्ट्रम् = दैवयातवकम्** = દૈવયાતવોનો દેશ.

वसातेर्वा ॥ ६–२–६७ ॥

રાષ્ટ્ર અર્થમાં, વસાતિ શબ્દને વિકલ્પે '**अकञ्**' પ્રત્યય લાગે છે. **वसातीनां राष्ट्रम्=वसाति+अकञ् = वासातिकम्, वासातं राष्ट्रम्** = વસાતિ લોકોનો દેશ.

भौरिक्यैषुकार्यादैर्विध-भक्तम् ॥ ६-२-६८ ॥

રાષ્ટ્ર અર્થમાં, ભૌરિકિ વગેરે શબ્દને, તથા ઐષુકારિ વગેરે શબ્દોને, અનુક્રમે ' વિધ ' અને ' ભક્ત ' પ્રત્યય લાગે છે. **भौरिकीणां राष्ट्रम्** = **भौरिकी + विध** = **भौरिकिविधम्** = ભૌરિકિ લોઢોનો દેશ, **ऐषुकारिणा राष्ट्रम्** = **ऐषुकारि + भक्तम्** = **ऐषुकारि-भक्तम्** = ઐષુકારી લોઢોનો દેશ, **सारसायनस्य राष्ट्रम्** = **सारसायनभक्तम्** = સારસાયન લોઢોનો દેશ.

निवासा-ऽदूरभव इति देशे नाम्नि ॥ ६-२-६९ ॥

જો દેશ કે નગરનુ ૩૬ નામ હોય તો, નિવાસ અને અદૂરભવ-નજીક અર્થમાં, શબ્દને ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **शिबीनां निवासः** = **शिबि + अण्** = **शैबम् देशनाम** = દેશનું નામ, **विदिशायाः अदूरभवम्** = **वैदिशं पुरम्** = વૈદિશ નગર.

तदत्राऽस्ति ॥ ६-२-७० ॥

જો દેશનું ૩૬ નામ હોય તો, પ્રથમા વિભક્તિવાળા નામને, તે અહિં છે એવા સપ્તમીના અર્થમાં ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **उदुम्बराः अस्मिन् देशे सन्तीति** = **उदुम्बर + अण्** = **औदुम्बरं पुरम्** = જે દેશમાં ઉંબરાના ઝાડ છે તે નગર.

तेन निर्वृत्ते च ॥ ६-२-७१ ॥

જો દેશનું નામ હોય તો, નિપજેલું અર્થમાં, તૃતીયા વિભક્તિ-વાળા નામને ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **कुशाम्बेन निर्वृत्ता** = **कुशाम्ब + ईञ्** = **कौशाम्बी** = કુશાંબ નામના રાજા-પુત્ર દ્વારા નિપજેલી - સ્થાપેલી તે - કૌશાંબી નગરી અથવા દેશ.

नद्यां मतुः ॥ ६–२–७२ ॥

જો નદીનું રૂઢ નામ હોય તો, નિવાસ, નજીક, તે અર્થ છે અને નિપજેલ એવા અર્થમાં, નામને ' मतु ' પ્રત્યય લાગે છે. **उदुम्बराणां निवासः, उदुम्बराणां अदूरभवा, उदुम्बराः अस्यां सन्ति, उदुम्बरैर्निर्वृत्ता = उम्बर + मतु=उदुम्बरावती** = ઉમરાવતી નદી.

मध्वादेः ॥ ६–२–७३ ॥

જો દેશનું નામ હોય તો, ઉપર જણાવેલ ચારેય અર્થમાં, મધુ વગેરે નામને ' मतु ' પ્રત્યય લાગે છે. **मधुनः निवासः, मधुनः अदूरभवः, मधु अस्यां अस्ति, मधुभिः निर्वृत्तः = मधु + मतु = मधुमान्** = દેશનું નામ, **मधुमती** = નગરીનું નામ. **विसस्य अदूरभवः = विसवान्** = દેશનું નામ.

नड–कुमुद–वेतस–महिषाद् डित् ॥ ६–२–७४ ॥

જો દેશનું નામ હોય તો, ઉપર જણાવેલ ચારેય અર્થમાં નડ, કુમુદ, વેતસ અને મહિષ શબ્દને, ડિત્ એવો મતુ ' मतुड् ' પ્રત્યય લાગે છે **नडाः सन्ति यत्र = नड + मतुड् = नड्वान्** = દેશનું નામ. **कुमुदाः, वेतसाः, महिषाः वा सन्ति यत्र=कुमुद्वान्, वेतस्वान्, महिष्मान्** = દેશના નામો છે. **महिष्मति देशे भवा = महिष्मती नगरी** = મહિષ્મતી નામની નગરી. ડ્ અન્ત્યસ્વરના લોપ માટે છે.

नड–शादाद् वलः ॥ ६–२–७५ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, નડ અને

શાદ શબ્દને, ડિત્ એવો વલ ' **वलऽ** ' પ્રત્યય લાગે છે. **नडाः सन्ति यत्र** = **नड** + **वलऽ** = **नड्वलम्** = દેશનું નામ, **शादाः सन्ति यत्र=शाद्वलम्** = દેશનું નામ **"ङित्य० [२-१-११४]"** એ સૂત્રથી અન્ત્યસ્વરનો લોપ થાય છે.

शिखायाः ॥ ६-२-७६ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, શિખિ શબ્દને ' **वल** ' પ્રત્યય લાગે છે. **शिखाभिः निर्वृत्तम्** = **शिखा** + **वल** = **शिखावलं पुरम्** = શિખાવલ નામનું નગર.

शिरीषादिक-कणौ ॥ ६-२-७७ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, શિરીષ શબ્દને ' **ઇક** ' અને ' **कण्** ' પ્રત્યય લાગે છે. **शिरीषाणां + अदूरभवः ग्रामः** = **शिरीष** + **इक**, = **शिरीषिकः**, **शिरीष** + **कण्** = **शैरीषकः** = શિરીષ નામના વૃક્ષની પાસેનું ગામ - શેરીષા.

शर्करायाः इकणीया-ऽण् च ॥ ६-२-७८ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, શર્કરા શબ્દને ' **ઇકણ્, ઇય, અણ્, ઇક** ' અને ' **कण्** ' પ્રત્યયો લાગે છે. **शर्करा अस्मिन् देशे सन्ति** = **शर्करा** + **इकण्** = **शार्करिकः** = દેશનું નામ, **शर्करा** + **ईय** = **शर्करीयः**, **शर्करा** + **अण्** = **शार्करः**, **शर्करा** + **इक** = **शार्करिकः**, **शर्करा** + **कण्** = **शार्करकः** = એ નામનો દેશ.

रोऽश्मादेः ॥ ६-२-७९ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, અશ્મન્ વગેરે શબ્દને ' ર ' પ્રત્યય લાગે છે. **अश्मानः सन्ति यत्र=अश्म + र = अश्मरः** = દેશનું નામ. **यूषाः सन्ति यत्र = यूषरः** = દેશ અથવા નગરનું નામ.

प्रेक्षादेरिन् ॥ ६–२–८० ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, પ્રેક્ષા વગેરે શબ્દને ' ઇન્ ' પ્રત્યય લાગે છે. **प्रेक्षा अत्रास्ति = प्रेक्षा + इन् = प्रेक्षी** = દેશનું નામ, **फलका अत्रास्ति=फलकी** = દેશનું નામ.

तृणादेः सल् ॥ ६–२–८१ ॥

જો દેશનું નામ હોય તો, ઉપર જણાવેલ ચારેય અર્થમાં, તૃણ વગેરે શબ્દને ' **सल्** ' પ્રત્યય લાગે છે. **तृणानि यत्र सन्ति = तृण + सल् = तृणसा**=દેશ અથવા ગામનું નામ. –तणसा **नदः यत्र सन्ति = नदसा** = દેશનું નામ.

काशादेरिलः ॥ ६–२–८२ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમા, કાશ વગેરે નામોને ' **इल** ' પ્રત્યય લાગે છે. **काशाः यत्र सन्ति = काशा + इल = काशिलम्** = દેશનું નામ, **वाशाः यत्र सन्ति=वाशिलम्** = દેશનું નામ.

अरीहणादेरकण् ॥ ६–२–८३ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, અરીહણ વગેરે શબ્દોને ' **अकण्** ' પ્રત્યય લાગે છે. **अरीहणनाम् अदूरभवः**

= **अरीहण + अकण्** = **आरीहणकम्** = દેશનું નામ. **खण्डूनाम् अदूरभवः** = **खाण्डवकम्** = દેશનું નામ – ખંડવા.

सुपन्थ्यादेर्ञ्य ॥ ६–२–८४ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, સુપન્થિન્ વગેરે શબ્દોને '**ञ्य**' પ્રત્યય લાગે છે. **सुपथः अदूरभवः** = **सुपन्थिन् + ञ्य** = **सौपन्थ्यम्**=દેશનું નામ, **सुवथः अदूरभवः** = **सौवन्थ्यम्** = દેશનું નામ.

सुतङ्गमादेरिञ् ॥ ६–२–८५ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, સુતઙ્ગમ વગેરે શબ્દને '**इञ्**' પ્રત્યય લાગે છે. **सुतङ्गमैः निर्वृत्ता** = **सुतङ्गम् + इञ्** = **सौतङ्गमिः** = નગરીનું નામ, **मुनिचित्तेन निर्वृत्ता मौनिचित्तिः** = નગરીનું નામ.

बलादेर्यः ॥ ६–२–८६ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, બલ વગેરે શબ્દને '**य**' પ્રત્યય લાગે છે. **बलेन निर्वृत्तम्** = **बल + य** = **बल्यम्** = દેશનું નામ છે. બલિયા. **पुलेन निर्वृत्तम्** = **पुल्यम्** = દેશનું નામ

अहरादिभ्योऽञ् ॥ ६–२–८७ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, અહન્ વગેરે શબ્દને '**अञ्**' પ્રત્યય લાગે છે. **अह्ना निर्वृत्तम्** = **अहन् + अञ्** = **आह्नम्** = દેશનું નામ, **लोम्ना निर्वृत्तम्** = **लौमम्** = દેશનું નામ.

सख्यादेरेयण् ॥ ६–२–८८ ॥

જે દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, સખિ વગેરે શબ્દને 'એયણ્' પ્રત્યય લાગે છે. **सख्या निर्वृत्तः = सखि + एयण् =साखेयः, सखिदत्तेन निर्वृत्तः= साखिदत्तेयः**=દેશનું નામ.

पन्थ्यादेरायनण् ॥ ६–२–८९ ॥

જે દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, પન્થિન્ વગેરે શબ્દને 'आयनण्' પ્રત્યય લાગે છે. **पथा निर्वृत्तः = पन्थिन् + आयनण् = पान्थायनः** = દેશનું નામ, **पक्षेण निर्वृत्तः = पाक्षायणः** = દેશનું નામ.

कर्णादेरायनिञ् ॥ ६–२–९० ॥

જે દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, કર્ણ વગેરે શબ્દને 'आयनिञ्' પ્રત્યય લાગે છે. **कर्णेन निवृत्तः = कर्ण + आयनिञ् = कार्णायनिः** = દેશનું નામ, **वशिष्ठेन निर्वृत्तः = वाशिष्ठायनिः** = દેશનું નામ.

उत्करादेरीयः ॥ ६–२–९१ ॥

જે દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, ઉત્કર વગેરે શબ્દને 'ईय' પ્રત્યય લાગે છે. **उत्कराणाम् अदूरभवः=उत्कर + ईय = उत्करीयः** = દેશનું નામ, **सङ्कराणाम् अदूरभवः = सङ्करीयः** = દેશનું નામ.

नडादेः कीयः ॥ ६–२–९२ ॥

જે દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, નડ વગેરે

શબ્દોને 'कीय' પ્રત્યય લાગે છે. **नडानाम् अदूरभवः = नड + कीय = नडकीयः** = દેશનું નામ છે, **प्लक्षकाणाम् अदूरभवः = प्लक्षकीयः** = દેશનું નામ છે.

कृशाश्वादेरीयण् ॥ ६-२-९३ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, કૃશાશ્વ વગેરે શબ્દને 'ईयण्' પ્રત્યય લાગે છે. **कृशाश्वेन निर्वृत्तः = कृशाश्व + ईयण् = काशाश्वीयः** = દેશનું નામ, **अरिष्टेन निवृत्तः = आरिष्टीयः** = દેશનું નામ.

ऋश्यादेः कः ॥ ६-२-९४ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, ઋશ્ય વગેરે શબ્દને 'क' પ્રત્યય લાગે છે. **ऋश्येन निवृत्तः = ऋश्य + क = ऋश्यकः** = દેશનું નામ, **न्यग्रोधेन निर्वृत्तः = न्यग्रोधकः** = દેશનું નામ.

वराहादेः कण् ॥ ६-२-९५ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, વરાહ વગેરે શબ્દને 'कण्' પ્રત્યય લાગે છે. **वराहाः यत्र सन्ति = वराह + कण् = वाराहकम्** = દેશનું નામ, **पलाशाः यत्र सन्ति = पालाशकम्** = દેશનું નામ.

कुमुदादेरिकः ॥ ६-२-९६ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં, કુમુદ વગેરે

शब्दने ' ઇક ' પ્રત્યય લાગે છે. **कुमुदाः यत्र सन्ति = कुमुद + इक = कुमुदिकम्** = દેશનું નામ, **इकटाः यत्र सन्ति = इकटिकम्** = દેશનું નામ.

अश्वत्थादेरिकण् ॥ ६–२–९७ ॥

જો દેશનું નામ હોય તો, ઉપરના ચારેય અર્થમાં અશ્વત્થ વગેરે શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **अश्वत्थानाम् अदूरभव = अश्वत्थ + इकण् = आश्वत्थिकम्** = દેશનું નામ, **कुमुदानाम् अदूरभवः = कौमुदिकम्** = દેશનું નામ.

साऽस्य पौणमासी ॥ ६–२–९८ ॥

તે એની એવા અર્થમાં, જો વિશેષ નામનો વિષય હોય તો, પૌર્ણમાસીસૂચક પ્રથમા વિભક્તિવાળા નામને **'यथाविहित'** પ્રત્યય લાગે છે. **पौषी पौणमासी यस्य इति = पौषः मासः, अर्द्धमासः वा** = જે મહિનામાં પૂનમ પૌષી હોય તે – પોષ માસ અથવા અર્ધ પોષ માસ.

आग्रहायण्यश्वत्थादिकण् ॥ ६–२–९९ ॥

તે એની એવા અર્થમાં, જો વિશેષ નામનો વિષય હોય તો, પૌર્ણમાસી સૂચક આગ્રહાયણી અને અશ્વત્થ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **आग्रहायणी पौणमासी अस्य इति = आग्रहायणी + इकण् = आग्रहायणिकः मासः, अर्द्धमासः वा** = માગશર મહિનો અથવા અર્ધ માગશર મહિનો, **अश्वत्था पौणमासी अस्य इति = आश्वत्थिकः मासः, अर्द्धमासः वा** = આસો માસ અથવા અર્ધો આસો માસ.

चैत्री–कार्तिकी–फाल्गुनी–श्रवणाद् वा ॥ ६–२–१०० ॥

તે એની એવા અર્થમાં, જે વિશેષ નામનો વિષય હોય તો, ચૈત્રી વગેરે નામને વિકલ્પે '**ઇકણ્**' પ્રત્યય લાગે છે **चैत्री पौर्णमासी यस्य इति=चैत्री + इकण् = चैत्रिकः, चैत्रः=चैत्रः मासः, अर्धमासो वा** = ચૈત્ર માસ, અથવા અર્ધ ચૈત્ર માસ, **एवं = कार्तिकिकः, कार्तिकः** = કાર્તિક માસ, કાર્તિક અર્ધો માસ. **फाल्गुनिकः, फाल्गुतः** = ફાગણ મહિનો, અર્ધો ફાગણ મહિનો, **श्रावणिकः, श्रावणः** = શ્રાવણ મહિનો, અર્ધો શ્રાવણ મહિનો.

देवता ॥ ६–२–१०१ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, દેવતાવાચક પ્રથમા વિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **जिनो देवता अस्य इति = जिन + अण् = जैनः** = જિન – રાગદ્વેષને જીતનારા એવા જેના દેવ છે તે. **अग्नि देवता अस्य = अग्नि + यण् = आग्नेयः** = અગ્નિ જેના દેવતા છે તે. **आदित्यः देवता अस्य = आदित्य + यञ् = आदित्यः** = સૂર્ય જેના દેવતા છે તે.

पैङ्गाक्षीपुत्रादेरीयः ॥ ६–२–१०२ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, પૈઙ્ગાક્ષીપુત્ર વગેરે શબ્દને '**ઇય**' પ્રત્યય લાગે છે. **पैङ्गाक्षीपुत्रो देवता अस्य=पैङ्गाक्षीपुत्र + ईय = पैङ्गाक्षीपुत्रीयम् हविः** = જેનો દેવતા પૈઙ્ગાક્ષીપુત્ર છે તે હવિ, **तार्णबिन्दवो देवता अस्य = तार्णबिन्दवीयम् हविः**=જેનો દેવતા તાર્ણબિન્દવ છે તે હવિ.

शुक्रादियः ॥ ६–२–१०३ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, શુક્ર શબ્દને '**ઇય**' પ્રત્યય લાગે છે. **शुको देवता अस्य = शुक्र + इय = शुक्रियम् हविः** = જેનો દેવતા શુક્ર છે તે હવિ.

शतरुद्रात् तौ ॥ ६–२–१०४ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, શતરુદ્ર શબ્દને '**ઇય**' અને '**ય**' પ્રત્યય લાગે છે. **शतरुद्रो देवता अस्य = शतरुद्रीयम् शतरुद्रियम्** = જેનો દેવતા શતરુદ્ર છે તે.

अपोनपादपान्नपातस्तृचातः ॥ ६–२–१०५ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, અપોનપાત્ અને અપાન્નપાત્ નામને '**ઇય**' અને '**ય**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અન્તના આત્ નો '**तृ**' આદેશ થાય છે. **अपोनपात् देवता अस्य = अपोनपात् + ईय = अपोनप्तृ + इय = अपोनप्त्रीयम् अपोनप्त्रियम्** = જેનો દેવતા અપોનપાત છે તે, **एवम्–अपान्नप्त्रीयम्, अपान्नप्त्रियम्** = જેનો દેવતા અપાન્નપાત છે તે.

महेन्द्राद् वा ॥ ६–२–१०६ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં મહેન્દ્ર શબ્દને '**ઇય**' અને '**ય**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **महेन्द्रो देवता अस्य = महेन्द्र + ईय, महेन्द्र + इय, महेन्द्र + अण् = महेन्द्रीयम्, महेन्द्रियम्, माहेन्द्रम् हविः** = જેનો દેવતા મહેન્દ્ર છે તે હવિ.

क–सोमात् ष्यण् ॥ ६–२–१०७ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, ક અને સોમ શબ્દને '**ષ્યણ્**' પ્રત્યય લાગે છે. **कः–प्रजापतिः देवता अस्य = क +**

ટ્યણ = **कायम् हविः** = જેનો દેવતા ક – પ્રજાપતિ છે તે હવિ. **सौमः देवता अस्य = सौम्यम् हविः** = જેનો દેવતા સોમ છે તે હવિ

द्यावापृथिवी–शुन सीरा–ऽग्निषोम–मरुत्वत्–वास्तोष्पति–गृहमेधादीय–यौ ॥ ६–२–१०८ ॥

તે એનો દેવતા છે એવા અર્થમાં, દ્યાવાપૃથિવી વગેરે છ નામને 'ઈય' અને 'ય' પ્રત્યય લાગે છે **द्यौश्च पृथिवी च = द्यावापृथिव्यौ, द्यावापृथिव्यौ देवते अस्य = द्यावापृथिवी + ईय = द्यावापृथिवीयम्, द्यावापृथिवी + य = द्यावापृथिव्यम्** = જેનો દેવતા દ્યાવાપૃથિવી છે તે. **एवम् – शुनश्चसीरश्च = शुनासीरौ = शुनासीरीयम्, शुनासीर्यम्** = શુન – વાયુ અને સીર – સૂર્ય દેવતા છે જેના તે. **अग्निश्च सोमश्च=अग्नीषोमौ = अग्नीषोमीयम्, अग्नीषोम्यम्**=અગ્નિ અને સોમ જેનો દેવતા છે તે, **मरुत्वतीयम्, मरुत्वत्यम्** = જેનો દેવતા મરુત્વત્ છે તે, **वास्तोष्पतीयम्, वास्तोष्पत्यम्** = જેનો દેવતા બૃહસ્પતિ છે. **गृहमेधीयम्, गृहमेध्यम्** = જેનો દેવતા ગૃહમેધ છે.

वाय्वृतु–पित्रुषसो यः ॥ ६–२–१०९ ॥

તે અનો દેવતા છે એવા અર્થમાં વાયુ, ઋતુ, પિતૃ અને ઉષસ્ નામને 'ય' પ્રત્યય લાગે છે. **वायुः देवता अस्य = वायु + य = वाय्यम्** = વાયુ જેનો દેવ છે. **ऋतुः देवता अस्य = ऋतुव्यम्** = ઋતુ જેનો દેવ છે. **पिता देवता अस्य = पितृव्यम्** = પિતા જેનો દેવ છે. **उषा देवता अस्य = उषस्यम्** = પ્રભાત જેનો દેવ છે.

महाराज प्रोष्ठपदादिकण् ॥ ६–२–११० ॥

તે એનો દેવ છે એવા અર્થમાં, મહારાજ અને પ્રોષ્ઠપદ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **महाराजः देवता अस्य = महाराज + इकण् = माहाराजिकम्** = મહારાજ જેનો દેવ છે. **प्रोष्ठपदा देवता अस्य = प्रौष्ठपदिकम्** = પ્રોષ્ઠપદા જેનો દેવ છે.

कालात् भवपत् ॥ ६–२–१११ ॥

ભવ અર્થમાં જે પ્રત્યયો વિધાન કરવાના છે, તે જ પ્રત્યયો, વિશેષ કાલવાચક શબ્દને, તે એનો દેવ છે એવા અર્થમાં પણ લાગે છે. **यथा मासे भवम्=मास + इकण् =मासिकम्**=એક માસમાં થયેલું, **तथा मासः देवता अस्य=मास + इकण् =मासिकम्** = જેનો માસ દેવ છે. **प्रावृट् देवता अस्य + प्रावृष् + एण्य = प्रावृषेण्यम्** = વર્ષા ઋતુ જેનો દેવ છે.

आदेः छन्दसः प्रगाथे ॥ ६–२–११२ ॥

એનો આદિ છંદ એવા અર્થમાં, છંદવાચક પ્રથમા વિભક્ત્યન્ત નામને, પ્રગાથ અર્થ જણાતો હોય તો 'यथाविहित' પ્રત્યય લાગે છે. **पङ्क्तिः आदिः प्रागाथस्य सः = पङ्क्ति + अण् = पाङ्क्तिः प्रगाथः** = પ્રગાથનો પંક્તિ નામનો આદિ છંદ છે તે. પ્રગાથ – મંત્રવિશેષ.

योदधृ–प्रयोजनाद् युद्धे ॥ ६–२–११३ ॥

તેનું યુદ્ધ એવા અર્થમાં, યુદ્ધ લડનાર તથા યુદ્ધનું પ્રયોજન સૂચક પ્રથમા વિભક્ત્યન્ત નામને 'यथाविहित' પ્રત્યય લાગે છે **विद्याधराः योद्धारः अस्य युद्धस्य = विद्याधराः, विद्याधर**

+ अण् = **वैयाधरम् युद्धम्** = જે યુદ્ધમાં વિધાધરો છે તે યુદ્ધ. **सुभद्रा प्रयोजनस्य अस्य युद्धस्य = सुभद्रा; सुभद्रा + अण् = सौभद्रम् युद्धम्** = જે યુદ્ધનું પ્રયોજન સુભદ્રા છે તે. સૌભદ્રા યુદ્ધ અર્થાત્ સુભદ્રાને પ્રાપ્ત કરવા માટે થયેલું યુદ્ધ.

भावधञोऽस्यां णः ॥ ६–२–११४ ॥

સ્ત્રીલિંગ સૂચક એમાં એવા અર્થમાં, ભાવ અર્થમાં ઘસ્ પ્રત્યયવાળા પ્રથમા વિભક્ત્યન્ત નામને ' ણ ' પ્રત્યય લાગે છે. **प्रपातः अस्यां तिथौ वर्तते = प्रपात + ण = प्रापाता तिथिः** = જે તિથિમાં પ્રપાત છે. પ્રપાત શબ્દ જ્યોતિષ સંબંધિ છે.

श्येनम्पाता–तैलम्पाता ॥ ६–२–११५ ॥

ઘસ્ પ્રત્યયાન્ત એવા શ્યેન અને તિલ શબ્દ પછી પાત શબ્દ આવેલ હોય તો ' ણ ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં શ્યેન અને તિલ શબ્દને ' મ્ ' અન્તાગમ થાય છે. **श्येनपातः अस्याम् = श्येन + म् + पात + ण = श्यैनम्पाता तिथिः, क्रियाभूमिः, क्रीडा वा**=તિથિ, ક્રિયાભૂમિ અથવા ક્રીડા. **तिलपातः अस्याम् = तैलम्पाता** = ઉપરની જેમ.

प्रहरणात् क्रीडायां णः ॥ ६–२–११६ ॥

ક્રીડા અર્થમાં, પ્રથમા વિભક્ત્યન્ત નામને ' ણ ' પ્રત્યય લાગે છે. **दण्डः प्रहरणम् अस्यां क्रीडायाम् = दण्ड + ण = दाण्डा क्रीडा** = જે ક્રીડામાં દંડરૂપ પ્રહરણ – હથિયાર છે.

तद् वेत्त्यधीते ॥ ६–२–११७ ॥

વેત્તિ – જાણે છે, અધીતે – ભણે છે એવા અર્થમાં, દ્વિતીયા

विभक्त्यन्त नामने 'यथाविहित' प्रत्यय लागे छे. **मुहूर्तं वेत्ति अधीते वा = मुहूर्त + अण् = मौहूर्तः**=ज्योति: शास्त्रनो जाणनार पंडित अथवा भणनार विद्यार्थी. **छंदः वेत्ति अधीते वा = छान्दसः** = छंदशास्त्रने जाणनारो अथवा भणनारो.

न्यायादेरिकण् ॥ ६-२-११८ ॥

जाणे छे अने भणे छे अर्थमां, द्वितीया विभक्त्यन्त नामने 'इकण्' प्रत्यय लागे छे. **न्यायं वेत्ति अधीते वा = न्याय + इकण् = नैयायिकः** = न्यायने जाणनारो अथवा भणनारो, **न्यासं वेत्ति अधीते वा=नैयासिकः**=न्यासने जाणनारो अथवा भणनारो.

पद-कल्प-लक्षणान्त-कृत्वाख्याना-ऽऽख्यायिकात् ॥ ६-२-११९ ॥

जाणे छे अने भणे छे अर्थमां, द्वितीया विभक्तिवाळा पद, कल्प अने लक्षण शब्द छे अन्ते जेने एवा नामने तथा कृतु, आख्यान अने आख्यायिका अर्थवाळा नामने 'इकण्' प्रत्यय लागे छे. **पूर्वपदं वेत्ति अधीते वा = पूर्वपद + इकण् = पौर्वपदिकम्** = पूर्वपदने जाणनारो अथवा भणनारो, **मातृकल्पं वेत्ति अधीते वा = मातृकल्पिकः** = मातृकल्प नामना ग्रन्थने जाणनारो अथवा भणनारो. **गोलक्षणं वेत्ति अधीते वा = गौलक्षणिकः** = गायना लक्षणने जणावनार - गोलक्षण नामना ग्रंथने जाणनारो अथवा भणनारो, **अग्निष्टोमं वेत्ति अधीते वा = आग्निष्टौमिकः** = अग्निष्टोम यज्ञने जाणनारो अथवा ते संबंधि ग्रन्थने भणनारो. **यावकीतिं आख्यानं वेत्ति अधीते वा = यावकीतिकः** = यवकीर्ति नामना आख्यानने जाणनारो अथवा भणनारो, **वासवदत्तां**

आख्यायिकां वेत्ति अधीते वा = वासवदत्तिकः = વાસદત્તા નામની આખ્યાયિકાને જાણનારો અથવા ભણનારો.

अकल्पात् सूत्रात् ॥ ६–२–१२० ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, કલ્પ શબ્દ સિવાયના નામને અન્તે સૂત્ર શબ્દ આવેલો હોય એવા દ્વિતીયા વિભક્તિવાળા નામને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **वृत्तिसूत्रं वेत्ति अधीते वा = वार्तिसूत्रिकः** = વૃત્તિ સહિત સૂત્રને જાણનારો અથવા ભણનારો. અહિં ઉત્તરપદ ન હોય એવો કેવલ સૂત્ર શબ્દ લેવાનો નથી.

अधर्म–क्षत्र–त्रि–संसगा–ऽङ्गाद् विद्यायाः ॥ ६–२–१२१ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, ધર્મ વગેરે પાંચ શબ્દ સિવાયના દ્વિતીયા વિભક્તિવાળા એવા વિદ્યા શબ્દને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **वायसविद्यां वेत्ति अधीते वा = वायसविद्य + इकण् = वायसविद्यिकः** = કાગડાની વિદ્યાને જાણનારો અથવા ભણનારો.

याज्ञिकौक्थिक–लौकायितिकम् ॥ ६–२–१२२ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, ઇકણ્ પ્રત્યયાન્ત એવા યાજ્ઞિક વગેરે શબ્દો '**નિપાતન**' થાય છે. **यज्ञं वेत्ति अधीते वा = याज्ञिकः** = યજ્ઞને જાણનારો અથવા ભણનારો, **उक्थं वेत्ति अधीते वा = औक्थिकः** = સોમદેવના ઉક્થ સૂક્તોને જાણનારો અથવા ભણનારો, **लोकायतं वेत्ति अधीते वा = लौकायितिकः** = લોકાયત શાસ્ત્રને જાણનારો અથવા ભણનારો.

अनुब्राह्मणादिन् ॥ ६–२–१२३ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, અનુબ્રાહ્મણ શબ્દને '**ઇન્**' પ્રત્યય

લાગે છે. **ब्रह्मणा प्रोक्तो ग्रन्थः = ब्राह्मणः, ब्राह्मणसदृशः अनुब्राह्मणम्, अनुब्राह्मणं वेत्ति अधीते वा = अनुब्राह्मण + इन् = अनुब्राह्मणी** = અનુબ્રાહ્મણને જાણનાર અથવા ભણનાર.

शत–षष्टेः पथ इकट् ॥ ६–२–१२४ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, शत અને षष्टि શબ્દથી પર રહેલ દ્વિતીયા વિભક્તિવાળા નામને "इकट्" પ્રત્યય લાગે છે. **शतपथं वेत्ति अधीते वा = शतपथ+इकट् = शतपथिकः, शतपथिकी** = શતપથને જાણનારો, જાણનારી અથવા ભણનારો, ભણનારી, **एवम् षष्टिपथिकः षष्टिपथिकी** = ષષ્ટિપથને જાણનારો, જાણનારી અથવા ભણનારો, ભણનારી.

पदोत्तरपदेभ्य इक ॥ ६–२–१२५ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, પદ શબ્દને, પદોત્તર શબ્દને તથા પદાન્ત શબ્દને 'इक' પ્રત્યય લાગે છે. **पूर्वपदं वेत्ति अधीते वा =पूर्वपदिकः** = પૂર્વ પદને જાણનારો અથવા ભણનારો. **पदं वेत्ति अधीते वा = पद + इक = पदिकः** = પદને જાણનારો અથવા ભણનારો. **पदोत्तर पदं वेत्ति अधीते वा = पदोत्तरपदिकः** = પદોત્તરપદને જાણનારો અથવા ભણનારો,

पद–क्रम–शिक्षा–मीमांसा सान्नोऽकः ॥ ६–२–१२६ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, પદ વગેરે શબ્દને **'अक'** પ્રત્યય લાગે છે. **पदं वेत्ति अधीते वा = पद + अक = पदकः** = પદને જાણનારો અથવા ભણનારો, **क्रमं वेत्ति अधीते वा = क्रमकः** = ક્રમને જાણનારો અથવા ભણનારો, **शिक्षां वेत्ति अधीते वा = शिक्षकः** = શિક્ષાને જાણનારો અથવા ભણનારો, **मीमांसां**

वेत्ति अधीते वा = मीमांसकः = મીમાંસાને જાણનારો અથવા ભણનારો, **साम वेत्ति अधीते वा = सामकः** = સામને જાણનારો અથવા ભણનારો.

स-सर्वपूर्वाल्लुप् ॥ ६-२-१२७ ॥

જાણે છે અને ભણે છે અર્થમાં, જે નામની આદિમાં स અને सर्व શબ્દ છે, એવા નામને લાગેલ પ્રત્યયનો ' **लोप** ' થાય છે. **वार्तिकेन सह = सवार्तिकम् = सवार्तिकं वेत्ति अधीते वा=सवार्तिकः**= વાર્તિક સહિત જાણનારો અથવા ભણનારો, **सर्ववेदान् वेत्ति अधीते वा = सर्ववेदः** = સર્વવેદને જાણનારો અથવા ભણનારો.

सङ्ख्याकात् सूत्रे ॥ ६-२-१२८ ॥

સંખ્યાવાચક નામ પછી क પ્રત્યય લાગેલ હોય એવું નામ, જો સૂત્ર અર્થને જણાવતું હોય તો, જાણે છે અને ભણે છે અર્થમાં લાગેલ પ્રત્યયનો **'लोप'** થાય છે. **अष्टौ अध्यायः परिमाणं यस्य सः = अष्टकम , अष्टकं सूत्रं विदन्ति अधीयते वा = अष्टकाः पाणिनीयाः** = પાણિનીના આઠ અધ્યાયને જે જાણે છે અથવા ભણે છે તે.

प्रोक्तात् ॥ ६-२-१२९ ॥

પ્રોક્ત અર્થમાં લાગેલ પ્રત્યયવાળા નામથી પર, જાણે છે અને ભણે છે અર્થમાં જે પ્રત્યયો લાગવાના હોય, તે પ્રત્યયનો ' **लोप** ' થાય છે. **गोतमेन प्रोक्तम् = गौतमम्, तद् वेत्ति अधीते वा गौतमः** = ગોતમે કહેલ શાસ્ત્રને જાણનારો અથવા ભણનારો.

वेदेनब्राह्मणमत्रैव ॥ ६-२-१३० ॥

પ્રોક્ત પ્રત્યયવાળા વેદવાચક નામ અને '**ઇન્**' પ્રત્યયવાળા બ્રાહ્મણ વાચક નામ, '**વેત્તિ**' અને '**અધીતે**' અર્થમાં જ વપરાય છે. **कठेन प्रोक्तं वेदं विदन्ति अधीयते वा = कठाः** = કઠે કહેલા વેદને જેઓ જાણનાર અથવા ભણનાર, **ताण्ड्येन प्रोक्तं ब्राह्मणं विदन्ति अधीयते वा** = તાંડ્યે કહેલ બ્રાહ્મણને જેઓ જાણનાર અથવા ભણનાર.

तेन छन्ने रथे ॥ ६–२–१३१ ॥

ચારેબાજુ ઢાંકેલો રથ એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **वस्त्रेण छन्नो रथः = वस्त्र + अण् = वास्त्रः रथः** = ચારેબાજુ કપડાથી ઢાંકેલો રથ.

पाण्डुकम्बलादिन् ॥ ६–२–१३२ ॥

ચારેબાજુ ઢાંકેલો રથ એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા પાંડુકંબલ શબ્દને '**ઇન્**' પ્રત્યય લાગે છે. **पाण्डुकम्बलेन छन्नो रथः =पाण्डुकम्बल + इन् =पाण्डुकम्बली रथः** = શ્વેત કાંબળથી ઢાંકેલો રથ.

दृष्टे साम्नि नाम्नि ॥ ६–२–१३३ ॥

જોયેલું સામ એવા અર્થમાં, જો કોઈ વિશેષ નામ જણાતું હોય તો, તૃતીયાવિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **कुत्सेन दृष्टं साम = कुत्स + अण् = कौत्सं साम** = કુત્સે જોયેલું સામ, **कलिना दृष्टं साम = काल + यण् = कालेयं साम** = કલિએ જોયું લ સામ.

गोत्रादङ्कवत् ॥ ६–२–१३४ ॥

તેનો અંક એવા અર્થમાં કહેલ જે પ્રત્યયો, તે પ્રત્યયો ગોત્ર-વાચક તૃતીયાવિભક્તિવાળા નામને, **'જોયેલું સામ'** એવા અર્થમાં, લાગે છે, **औपगवेन दृष्टं साम = औपगवकं साम** = ઔપગવે જોયેલું સામ. અહિં તેનો અંક એટલે તેનું આ એમ સામાન્યરૂપ અર્થ સમજવાનો છે.

वामदेवाद् यः ॥ ६–२–१३५ ॥

જોયેલું સામ એવા અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા વામદેવ શબ્દને **'य'** પ્રત્યય લાગે છે. **वामदेवेन दृष्टं साम = वामदेव + य = वामदेव्यं साम** = વામદેવે જોયેલું સામ.

ङिद् वाऽण् ॥ ६–२–१३६ ॥

જોયેલું સામ એવા અર્થમાં, તૃતીયાવિભક્તિવાળા નામને ઙિત્ એવો અણ્ અર્થાત્ **'ઙણ્'** પ્રત્યય વિકલ્પે લાગે છે. **उशनसा दृष्टं साम = उशनस् + ङण् = औशनम्, उशनस् + अण् = औशनसम्**=ઉશનસે જોયેલું સામ. સામ શબ્દના સામવેદ, સામ નામની નીતિ અને પ્રિય એમ ત્રણ અર્થ થાય છે.

वा जाते ङिः ॥ ६–२–१३७ ॥

જન્ત અર્થમાં વિધાન કરેલ જે ઔત્સર્ગિક અણ્ પ્રત્યય, તેના અપવાદરૂપ પ્રત્યયોનો બાધ થતાં ફરીથી વિધાન કરાયેલ અણ્ પ્રત્યયને બદલે વિકલ્પે **'ઙણ્'** પ્રત્યય સમજવો. **शतभिषजि जातः = शतभिषज् + ङण् = शातभिषः, पक्षे – शतभिषज् + अण् = शातभिषजः** = શતભિષજ્ નક્ષત્રમાં થયેલો.

तत्रोद्धृते पात्रेऽय ॥ ६–२–१३८ ॥

પાત્રદ્વારા ઉચ્ચરેલું – બહાર કાઢેલું એવા અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે **शरावेषु उद्धृतः ओदनः = शराव + अण् = शरावः ओदनः** = શરાવ– મોટા કોડીયામાંથી અથવા રામપાત્રમાંથી કાઢેલા ચોખા.

स्थण्डिलात् शेते व्रती ॥ ६–२–१३९ ॥

સુવે છે એવા અર્થમાં, જો સુનારો વ્રતી હોય તો, સપ્તમી વિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **स्थण्डिले च शेते = स्थण्डिल + अण् = स्थण्डिलः भिक्षुः** = સ્થંડિલ = શુદ્ધ કરેલ નિર્દોષ જગ્યામાં સુવાના વ્રતવાળો ભિક્ષુ.

संस्कृते भक्ष्ये ॥ ६–२–१४० ॥

સંસ્કારેલું ખાવાનું એવા અર્થમાં, સપ્તમીવિભક્તિવાળા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **भ्राष्ट्रे संस्कृताः = भ्राष्ट्र+अण्= भ्राष्टाः अपूपाः** = ભાડામાં સંસ્કારેલા પૂડલા. જે વસ્તુ ઇષ્ટ હોય તેમાં ઉત્કર્ષ કરવો તે સંસ્કાર કહેવાય, અને એવો સંસ્કાર જેને થયો હોય તેને સંસ્કૃત કહેવાય.

शूलोखाद् यः ॥ ६–२–१४१ ॥

સંસ્કારેલું ખાવાનું એવા અર્થમાં, સપ્તમીવિભક્તિવાળા શૂલ અને ઊખા શબ્દને '**य**' પ્રત્યય લાગે છે. **शूले संस्कृतं मांसम् = शूल + य = शूल्यं मांसम्** = લોઢાના સૂળી ઉપર સંસ્કારેલું માંસ, **उखायां संस्कृतं मांसम् = उख्यं मांसम्** = થાળીમાં સંસ્કારેલું માંસ.

क्षीरादेयण् ॥ ६–२–१४२ ॥

સંસ્કારેલું આવાનું એવા અર્થમાં, સપ્તમીવિભક્તિવાળા ક્ષીર શબ્દને ' એયણ્ ' પ્રત્યય લાગે છે. **क्षीरे संस्कृतं यवागूः = क्षीर + एयण् = क्षैरेयी यवागूः** = દુધમાં સંસ્કારેલી રાબ.

दध्न इकण् ॥ ६–२–१४३ ॥

સંસ્કારેલું આવાનું એવા અર્થમાં, સપ્તમીવિભક્તિવાળા દધિ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **दध्नि संस्कृतम् = दधि + इकण् = दाधिकम्** = દહીંમાં સંસ્કારેલું – રાયતું વગેરે.

वोदश्वितः ॥ ६–२–१४४ ॥

સંસ્કારેલું આવાનું એવા અર્થમાં, સપ્તમીવિભક્તિવાળા ઉદશ્વિત્ શબ્દને વિકલ્પે ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **उदश्विति संस्कृतं भक्ष्यम् = उदश्वित् + इकण् = औदश्वितिकम्, औदश्वितम्** = છાશમાં સંસ્કારેલું ભક્ષ્ય અર્થાત્ છાશથી વઘારેલ આવાની વસ્તુ.

कथित ॥ ६–२–१४५ ॥

અપત્ય વગેરે અર્થથી વિધાન કરાયેલ પ્રત્યયો, અન્ય અર્થમાં પણ ક્વચિત્ ' યથાવિહિત ' પ્રત્યયો લાગે છે. **चक्षुषा गृह्यते रूपम् – चक्षुष् + अण् = चाक्षुषः रूपम्** = ચક્ષુથી ગ્રહણ કરવા યોગ્ય રૂપ **अश्वैः उह्यते = आश्वः रथः** = ઘોડાઓથી વહન કરાય એવો રથ.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
षष्ठाऽध्यायस्य द्वितीयपादः ॥

[अथ तृतीयपादः]

शेषे ॥ ६-३-१ ॥

આ સૂત્રમાં જ્યાં જે પ્રત્યયનું વિધાન કરેલું છે, ત્યાં તે સૂત્રોમાં અપત્ય આદિ કોઈ વિશેષ અર્થનો નિર્દેશ કરાયેલ ન હોય તો, તે પ્રત્યય 'શેષ' અર્થમાં થાય તેમ સમજવાનું છે. અર્થાત્ હવે પછીના સૂત્રમાં જે જે અર્થનું વિધાન કરાયેલું છે, તે તમામ પ્રત્યયો સામાન્ય રીતે 'પ્રાગ્જિતીય શેષ' અર્થમાં સમજવાનું છે. "**तेन जित०** [૬-૪-૨]" એ સૂત્રથી પહેલા જે જે અર્થોનું વિધાન કરાયેલું છે, તે તમામ પ્રત્યયો સામાન્ય રીતે 'પ્રાગ્જિતીય શેષ' અર્થમાં સમજવાનું છે.

नद्यादेरयण् ॥ ६-३-२ ॥

પ્રાગ્જિતીય શેષ અર્થમાં, નદી વગેરે શબ્દોને '**એયણ્**' પ્રત્યય લાગે છે. **नद्यां भवो जातो वा** = **नदी** + **एयण्** = **नादेयः** = નદીમાં થયેલો અથવા જન્મેલો, **वने भवो जातो वा** = **वानेयः** = વનમાં થયેલો અથવા જન્મેલો.

राष्ट्रादियः ॥ ६-३-३ ॥

રાષ્ટ્ર શબ્દને, પ્રાગ્જિતીય શેષ અર્થમાં '**ઇય**' પ્રત્યય લાગે છે. **राष्ट्रे भवो जातः क्रीतः कुशलो वा** = **राष्ट्र** + **इय** = **राष्ट्रियः** = દેશમાં થયેલો, જન્મેલો, ખરીદાયેલો અથવા કુશલ.

दूरादेत्यः ॥ ६-३-४ ॥

દૂર શબ્દને, શેષ અર્થમાં 'ઐત્ય' પ્રત્યય લાગે છે. **दूरे भवो जातो वा = दूर + एत्य = दूरेत्यः** = દૂરના સ્થાનમાં થયેલો, અથવા જન્મેલો, શેષ અર્થ ત્યાં પ્રાગ્દિતીય શેષ એવો અર્થ સમજી લેવો.

उत्तरादाहञ् ॥ ६–३–५ ॥

ઉત્તર શબ્દને, શેષ અર્થમાં 'आहञ्' પ્રત્યય લાગે છે. **उत्तरे भवः = उत्तर + आहञ् = औत्तराहः** = ઉત્તર દિશામાં કે દેશમાં થયેલો.

पारावारादीनः ॥ ६–३–६ ॥

પારાવાર શબ્દને, શેષ અર્થમાં 'ईन' પ્રત્યય લાગે છે. **पारावारे भवः = पारावर + ईन=पारावारीणः**=સમુદ્રમાં થયેલો.

व्यस्त व्यत्यस्तात् ॥ ६–३–७ ॥

જુદા કરેલ અથવા ઉલ્ટા કરેલ પારાવાર શબ્દને, શેષ અર્થમાં 'ईन' પ્રત્યય લાગે છે. **पारे भवः = पार + ईन = पारीणः** = સમુદ્રમાં થયેલો. **एवम् -अवारीणः, अवारपारीणः**=સમુદ્રમાં થયેલ.

द्यु–प्रागप्रागुदक्–प्रतीचो यः ॥ ६–३–८ ॥

અવ્યય અથવા અવ્યયરૂપ दिव्, प्राच्, अप्राच्, उदक् અને प्रतीच् શબ્દને, શેષ અર્થમાં 'य' પ્રત્યય લાગે છે. **दिवि भवम् = दिव् + य = दिव्यम्** = આકાશમાં થયેલું, **एवम् - प्राच्यम्** = પૂર્વમાં થયેલું, **अप्राच्यम्** = દક્ષિણમાં થયેલું, **उदीच्यम्** = ઉત્તરમાં થયેલું, **प्रतीच्यम्** = પશ્ચિમમાં થયેલું.

ग्रामादीनञ् च ॥ ६–३–९ ॥

ગ્રામ શબ્દને, શેષ અર્થમાં ' ईनञ् ' અને ' य ' પ્રત્યય લાગે છે. **ग्रामे भवः = ग्राम + ईनञ् = ग्रामीणः** = ગામમાં થયેલો, **ग्राम + य = ग्राम्यः** = ગામમાં થયેલો.

कत्र्यादेश्चैयकञ् ॥ ६–३–१० ॥

કત્રી વગેરે શબ્દને તથા ગ્રામ શબ્દને, શેષ અર્થમાં 'ऐयकञ्' પ્રત્યય લાગે છે. **कत्र्यां भवः = कत्री + एयकञ् = कत्रैयकः** = કુત્સિત સ્થાનમાં થયેલ, **पुष्करे भवः = पौष्करेयकः** = સરોવરમાં થયેલો, **ग्रामेयकः** = ગામમાં થયેલો. **कुत्सिता त्रयः = कत्त्रयः** = ધર્મ, અર્થ અને કામ એ ત્રણને જે સ્થાનમાં કુત્સિત – ખરાબ માનવામાં આવે છે તે સ્થાન. અહિં " **कत्त्रि** [૩–૨–૧૩૨] " એ સૂત્રથી **किम्** નો **कत्** આદેશ થયો છે.

कुल-कुक्षि-ग्रीवाच्छ्वा–ऽस्यलङ्कारे ॥ ६–३–११ ॥

શેષ અર્થમાં, કુલ, કુક્ષિ અને ગ્રીવા શબ્દને, અનુક્રમે શ્વા, અસિ અને અલંકાર અર્થમાં ' ऐयकञ् ' પ્રત્યય લાગે છે. **कुले – शुद्धान्वये भवः = कुल + एयकञ् = कौलेयकः श्वा** = કુતરો સંબંધી શુદ્ધકુલમાં થયેલ કુતરો, **कौक्षेयकः असिः** = તલવાર, **ग्रैवेयकः अलङ्कारः** = ડોકનો હાર,

कुण्ड्यादिभ्यो यलुक् च ॥ ६–३–१२ ॥

શેષ અર્થમાં, કુણ્ડયા વગેરે શબ્દને ' ऐयकञ् ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં य નો ' लुक् ' થાય છે. **कुण्ड्यायां भवः = कुण्ड्या + एयकञ् = कौण्डेयकः** = કુંડયામાં થનાર. **कुण्यायां भवः = कौणयेकः**=કુણ્યામાં થયેલ.

दक्षिणा–पश्चात्–पुरस्त्यण् ॥ ६–३–१३ ॥

શેષ અર્થમાં, દક્ષિણા, પશ્ચાત્ અને પુરસ્ શબ્દને 'त्यण्' પ્રત્યય લાગે છે. **दक्षिणायां भवो, वसति वा = दक्षिणा + त्यण् = दाक्षिणात्यः** = દક્ષિણ દેશ કે દિશામાં થનાર અથવા રહેનાર, **पाश्चात्यः** = પશ્ચિમ દેશ કે દિશામાં થનાર અથવા રહેનાર, **पूर्वस्यां भवो वसति वा = पौरस्त्यः** = પૂર્વ દેશ કે દિશામાં થનાર અથવા રહેનાર.

वह्ल्यूर्दि–पर्दि–कापिश्याष्टायनण् ॥ ६–३–१४ ॥

શેષ અર્થમાં વહ્લિ, ઊર્દિ, પર્દિ અને કાપિશી શબ્દને 'टायनण्' પ્રત્યય લાગે છે. **वह्लौ भवः = वह्ल + टायनण् = वाह्लायनः** = વહ્લિ નામના વંશમાં થયેલો, **पार्दायनः** = પર્દન કરવાની એક જાતની રમતમાં થયેલો, **कापिशायनी द्राक्षा** = કપિશ નામના વનમાં થયેલી દ્રાક્ષા, **कापिशी** = જ્યાં ઘણા વાંદરા છે. એવી અટવી.

रङ्कोः प्राणिनि वा ॥ ६–३–१५ ॥

શેષ અર્થમાં, રંકુ શબ્દને, વિશિષ્ટ પ્રાણી અર્થ જણાતો હોય તો, વિકલ્પે 'टायनण्' પ્રત્યય લાગે છે. **रङ्कौ भवः = रङ्क + टायनण् = राङ्कवायणः, राङ्कवो गौः** = રંકુ પ્રદેશમાં થનાર ગાય કે બળદ.

क्वेहाऽमा–त्र–तसस्त्यच् ॥ ६–३–१६ ॥

શેષ અર્થમાં ક્વ, ઇહ અને અમા શબ્દને, તથા ત્ર પ્રત્યયાન્ત અને તસ્ પ્રત્યયાન્ત નામને 'त्यच्' પ્રત્યય લાગે છે. **क्व भवः = क्व +**

त्यच् = कत्यः = ક્યાં થયેલો, **इहत्यः** = અહિં થયેલો, **अमात्यः** = સાથે થયેલો, **तत्रत्यः** = ત્યાં થયેલો, **कुतस्त्यः** = ક્યાંથી થયેલો.

नेर्ध्रुवे ॥ ६–३–१७ ॥

શેષ અર્થમાં, ધ્રુવ અર્થ જણાતો હોય તો, નિ ઉપસર્ગને, '**त्यच्**' પ્રત્યય લાગે છે. **नितरां भवम् = नि + त्यच् = नित्यम्** –**ध्रुवम्** = શાશ્વત, અચલ.

निसो गते ॥ ६–३–१८ ॥

શેષ અર્થમાં, ગતિ અર્થ જણાતો હોય તો, નિસ્ શબ્દને '**त्यच्**' પ્રત્યય લાગે છે. **वर्णाश्रमात् निर्गतः = निस् + त्यच् = निष्ट्यः–चण्डालः** = વર્ણાશ્રમમાંથી નીકળી ગયેલો – ચાંડાલ.

ऐषमो–ह्यस्–श्वसो वा ॥ ६–३–१९ ॥

શેષ અર્થમાં અધમસ્, હ્યસ્ અને શ્વસ્ શબ્દને વિકલ્પે '**त्यच्**' પ્રત્યય લાગે છે. **ऐषमः भवः = ऐषमस् + त्यच् = ऐषमस्त्यम्**=આ વર્ષે થયેલું. **ह्यस्त्यम्** = ગઇ કાલે થયેલું, **श्वस्त्यम्** =આવતી કાલે થયેલું. **पक्षे–ऐषमस्तनम्, ह्यस्तनम्, श्वस्तनम्।**

कन्थाया इकण् ॥ ६–३–२० ॥

શેષ અર્થમાં, કન્થા શબ્દને '**इकण्**' પ્રત્યય લાગે છે. **कन्थायाः भवः = कन्था + इकण् = कान्थिकः** = કન્થા ગામમાં થયેલો.

वर्णादकञ् ॥ ६–३–२१ ॥

શેષ અર્થમાં, વર્ણ દેશમાં આવેલ કન્યા ગામને '**अकञ्**'

પ્રત્યય લાગે છે. **कन्थायाः भवः = कन्था + अकञ् = कान्थकः** = બન્નુ પ્રદેશના કન્થા ગામમાં થયેલો.

रूप्योत्तरपदा–ऽरण्याण्णः ॥ ६–३–२२ ॥

શેષ અર્થમાં, ઉત્તરપદમાં રૂપ્ય શબ્દ લાગેલ હોય, તથા અરણ્ય શબ્દને 'ણ' પ્રત્યય લાગે છે. **वृकरूप्ये भवः = वृकरूप्य + ण = वार्कारूप्यः** = વૃકરૂપ્ય ગામમાં થયેલો, **आरण्याः सुमनसः** = વનમાં થયેલા પુષ્પો.

दिक्पूर्वादनाम्नः ॥ ६–३–२३ ॥

શેષ અર્થમાં, જો વિશેષ નામનો વિષય ન હોય તો, દિશાવાચક શબ્દ જેના પૂર્વપદમાં છે તેવા નામને 'ણ' પ્રત્યય લાગે છે. **पूर्वशालायां भवः = पूर्वशाला + ण = पौर्वशालः** = પૂર્વશાલામાં થયેલો.

मद्रादञ् ॥ ६–३–२४ ॥

શેષ અર્થમાં, દિશાવાચક શબ્દથી પર આવેલ મદ્ર શબ્દને 'अञ्' પ્રત્યય લાગે છે. **पूर्वमद्रे भवः = पूर्वमद्र + अञ् + ङी = पौर्वमद्री** = મદ્રદેશના પૂર્વભાગમાં થયેલો.

उदग्ग्रामाद् यकृल्लोम्नः ॥ ६–३–२५ ॥

ઉત્તરદિશામાં આવેલ કોઈ ગામ વાચક એવા યકૃલ્લોમન્ શબ્દને 'अञ्' પ્રત્યય લાગે છે. **यकृल्लोम्नि भवः = यकृल्लोमन् + अञ् = यकृल्लौमः** = ઉત્તરદિશામાં આવેલ યકૃલ્લોમ ગામમાં થયેલો.

गोष्ठी–वैकी–नैकेती–गोमती–शूरसेन–वाहीक–रोमक–पटच्चरात् ॥ ६–३–२६ ॥

શેષ અર્થમાં, ગોષ્ઠી વગેરે આઠ શબ્દોને ' अञ् ' પ્રત્યય લાગે છે. **गौष्ठ्यां भवः = गौष्ठी + अञ् = गौष्ठः** = ગોષ્ઠ નામના દેશમાં અથવા ગામમાં થયેલ. **एवम्–तैकः, नैकतः, गौमतः, शौरसनः वाहिकः, रौमकः, पाटच्चरः** = તૈક, નૈકેતી, ગોમતી, શૂરસેન, વાહિક, રોમક, અને પટચ્ચર નામના દેશમાં અથવા ગામમાં થયેલો.

शकलादेर्यञः ॥ ६–३–२७ ॥

શેષ અર્થમાં, यञ् પ્રત્યયાન્ત એવા શકલ વગેરે શબ્દને 'अञ्' પ્રત્યય લાગે છે. **शाकलस्य वृद्धापत्यम् = शाकल्यः, शाकल्ये भवाः, आगताः वा = शाकल्य + अञ् = शाकलाः** = શાકલ્યમાં થયેલા અથવા આવેલા, **काण्व्यस्य छात्राः = काण्वाः** = કાણ્વ્યના છાત્રો.

वृद्धेऽञ ॥ ६–३–२८ ॥

શેષ અર્થમાં, વૃદ્ધ અપત્ય અર્થમાં લાગેલ ઇઞ્ પ્રત્યય ત નામને ' अञ् ' પ્રત્યય લાગે છે. **दक्षस्य वृद्धापत्थम् = दाक्षिः, दाक्षेः छात्राः = दाक्षि + अञ् = दाक्षाः** = દાક્ષિના છાત્રો.

न द्विस्वरात् प्राग्–भरतात् ॥ ६–३–२९ ॥

શેષ અર્થમાં, વૃદ્ધ અપત્ય અર્થમાં જેમને ઇઞ્ પ્રત્યય લાગેલ છે. એવા બેસ્વરવાળા પ્રાગ્ગોત્રવાળા તથા ભરત ગોત્રવાળા નામને ' अञ् ' પ્રત્યય લાગતો નથી. **चिकायाः वृद्धापत्यम् = चैकः, चैकी, चैक्यां भवाः = चैकी + य = चैकीयाः छात्राः** = ચૈકીના છાત્રો. **काश्यस्य वृद्धापत्यम् = काशी, काश्यां भवाः=काशीयाः छात्राः** = કાશના છાત્રો.

भवतोरिकणीयसौ ॥ ६–३–३० ॥

ઉકારાન્ત ભવતુ – ભવત્ શબ્દને, શેષ અર્થમાં '**ઇકણ્**' અને '**ઈયસ્**' પ્રત્યય લાગે છે. **भवतः इदम् = भवत् + इकण् = भावत्कम्** = આપનું, **भवतः इदम् = भवत् + ईयस् + सि = भवदीयः** = આપનું. "**नाम०** [१–१–२१]" એ સૂત્રથી **ईयस्** પ્રત્યયમાં **स्** ઽત્સંજ્ઞક હોવાથી પદ સંજ્ઞા થાય છે. તથા **उणादि** – ૮૮૬ સૂત્રથી **डवतु** પ્રત્યય લાગીને બનેલ **भवतु** શબ્દ લેવાનો છે. પરંતુ અન્ય કોઈ ભવતુ કે ભવત્ શબ્દ લેવાનો નથી.

पर–जन–राज्ञोऽकीयः ॥ ६–३–३१ ॥

શેષ અર્થમાં પર, જન અને રાજન્ શબ્દને '**અકીય**' પ્રત્યય લાગે છે. **परस्य अयम् = पर + अकीय = परकीयः** = પારકો, **जनकीयः** = માણસનો, **राजकीयः** = રાજાનો.

दोरीयः ॥ ६–३–३२ ॥

શેષ અર્થમાં, દુ સંજ્ઞક નામને '**ઇય**' પ્રત્યય લાગે છે. **देवदत्तस्य अयम् = देवदत्त + ईय = दैवदत्तीयः** = દેવદત્તનો, **तस्य इदम् = तदीयः** = તેનો.

उष्णादिभ्यः कालात् ॥ ६–३–३३ ॥

શેષ અર્થમાં, ઉષ્ણ શબ્દ છે પૂર્વમાં જેને અને કાલ શબ્દ છે અન્તમાં જેને એવા નામથી '**ઇય**' પ્રત્યય લાગે છે. **उष्णकाले भवः = उष्णकाल + ईय = उष्णकालीयम्** = ઉનાળામાં થયેલ.

व्यादिभ्यो णिकेकणौ ॥ ६–३–३४ ॥

શેષ અર્થમાં, વિ શબ્દથી પર રહેલ કાલ શબ્દને 'ણિક' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **विकाले भवा = विकाल+णिक + आप् + सि = वैकालिका, विकाल + इकण् + ङी + सि =वैकालिकी**=સાંજના સમયે થયેલી, **आनुकालिका, आनुकालिकी** = પાછળના સમયમાં થયેલી.

काश्यादेः ॥ ६–३–३५ ॥

શેષ અર્થમાં દુ સંજ્ઞક કાશી વગેરે શબ્દને 'ણિક' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **काश्यां भवा = काशी + णिक = काशिका, काशी + इकण् = काशिकी**=કાશીમાં થયેલી. **चैदिका, चैदिकी** = ચેદી નામના નગરમાં થયેલ.

वाहीकषु ग्रामात् ॥ ६–३–३६ ॥

શેષ અર્થમાં, વાહીક દેશમાં આવેલ દુ સંજ્ઞક નામને 'ણિક' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **कारन्तपे भवा = कारन्तप + णिक = कारन्तपिका, कारन्तप + इकण् = कारन्तपिकी** = કારંતપ ગામમાં થયેલી.

वोशीनरेषु ॥ ६–३–३७ ॥

શેષ અર્થમાં, ઉશીનર દેશમાં આવેલ દુ સંજ્ઞક નામને વિકલ્પે 'ણિક' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **आह्वजाले भवा = आह्वजाल + णिक = आह्वजालिका, आह्वजाल + इकण् = आह्वजालिकी, आह्वजाल + ईय = आह्वजालीयः** = આહ્વજાલ દેશમાં થયેલી, થયેલો.

वृजि–मद्राद् देशात्कः ॥ ६–३–३८ ॥

શેષ અર્થમાં, દેશવાચક વૃજિ અને મદ્ર શબ્દને ' ક ' પ્રત્યય લાગે છે. **વૃજૌ ભવઃ = વૃજિ + ક = વૃજિકઃ**=વૃજિ દેશમાં થયેલાં **મદ્રકઃ** = મદ્ર દેશમાં થયેલ.

उवर्णादिकण् ॥ ६-३-३९ ॥

શેષ અર્થમાં, ઉવર્ણાન્ત દેશવાચક નામને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે, **शाम्बरजम्बौ भवः**=**शाम्बरजम्बु + इकण् = शाम्बरजम्बुकः** = શામ્બરજંબુ દેશમાં થયેલો.

दोरेवः प्राचः ॥ ६-३-४० ॥

શેષ અર્થમાં, પ્રાગ્દેશાર્થક ઉવર્ણાન્ત દુ સંજ્ઞક નામને 'ઈકણ્' પ્રત્યય લાગે છે. **आषाढजम्बौ भवः = आषाढजम्बु + इकण् = आषाढजम्बुकः** = આષાઢજંબુ દેશમાં થયેલ. શરાવતી નદીથી પૂર્વ દિશામાં આવેલ દેશ તે પ્રાગ્દેશ.

ईतोऽकञ् ॥ ६-३-४१ ॥

શેષ અર્થમાં, પ્રાગ્દેશાર્થક દીર્ઘ ઇકારાન્ત દુ સંજ્ઞક નામને ' અકઞ્ ' પ્રત્યય લાગે છે. **काकन्द्यां भवः = काकन्दी + अकञ् = काकन्दकः** = કાકંદી નગરીમાં થયેલ.

रोपान्त्यात् ॥ ६-३-४२ ॥

શેષ અર્થમાં, પ્રાગ્દેશાર્થક ર ઉપાન્ત્યવાળા દુ સંજ્ઞક નામને ' અકઞ્ ' પ્રત્યય લાગે છે. **पाटलिपुत्रे भवः = पाटलिपुत्र + अकञ् = पाटलिपुत्रकः** = પાટલીપુત્રમાં -- પટણામાં થયેલો.

प्रस्थ-पुर-वहान्त-योपान्त्य-धन्वर्थात् ॥ ६-३-४३ ॥

શેષ અર્થમાં, પ્રસ્થ, પુર અને વહ શબ્દ છે અન્તે જેને એવા, ઉપાન્ત્યમાં ય છે જેને એવા, તથા ધન્વ અર્થક એવા દુ સંજ્ઞક દેશવાચક નામને 'अकञ्' પ્રત્યય લાગે છે. **मालाप्रस्थे भवः = मालाप्रस्थ + अकञ् = मालाप्रस्थकः** = માલાપ્રસ્થદેશમાં થયેલ, **नान्दीपुरकः** = નન્દીપુરદેશમાં થયેલ, **पैलुवहकः** = પીલુવહદેશમાં થયેલ, **साङ्काश्यकः** = સાંકાશ્યદેશમાં થયેલ, **पारेधन्वकः** = પારધન્વમાં થયેલ.

राष्ट्रेभ्यः ॥ ६–३–४४ ॥

શેષ અર્થમાં, રાષ્ટ્રવાચક દુ સંજ્ઞક નામને 'अकञ्' પ્રત્યય લાગે છે. **अभिसारे भवः=अभिसार + अकञ् =आभिसारकः=** અભિસાર – હીસાર દેશમાં થયેલ.

बहुविषयेभ्यः ॥ ६–३–४५ ॥

શેષ અર્થમાં, બહુવચનવાળા દેશવાચક નામને 'अकञ्' પ્રત્યય લાગે છે. **अङ्गेषु भवः = अङ्ग + अकञ् = आङ्गकः** = અંગદેશ – ભાગલપુર, ચંપાપુરીના પ્રદેશમાં થયેલો.

धूमादेः ॥ ६–३–४६ ॥

શેષ અર્થમાં, દેશવાચક ધૂમ વગેરે શબ્દને 'अकञ्' પ્રત્યય લાગે છે. **धूमेषु भवः = धूम + अकञ् = धौमकः** = ધૂમદેશમાં થયેલ, **षाडण्डकः** = ષડંડદેશમાં થયેલ.

सौवीरेषु कूलात् ॥ ६–३–४७ ॥

શેષ અર્થમાં, સૌવીરદેશાર્થક કૂલ શબ્દને 'अकञ्' પ્રત્યય લાગે છે. **कूले भवः = कूल + अकञ् = कौलकः सौवीरेषु** = સૌવીરદેશના કાંઠામાં થયેલ.

समुद्रान्नृ–नावोः ६–३–४८ ॥

શેષ અર્થમાં, દેશવાચક સમુદ્ર શબ્દને, નૃ – પુરૂષ તથા નાવ અર્થમાં ' **અકઞ્** ' પ્રત્યય લાગે છે. **समुद्रे भवः = समुद्र + अकञ् = सामुद्रकः ना** = સમુદ્ર દેશમાં થયેલ પુરૂષ **समुद्रे भवा = सामुद्रिका नौः** = સમુદ્રમાં રહેનારી નાવ. **सामुद्रम् अन्यत्** = બીજા અર્થમાં અણ્ પ્રત્યય લાગતાં સામુદ્ર થાય સામુદ્ર–સમુદ્રનું બીજું.

नगरात् कुत्सा-दाक्ष्ये ॥ ६–३–४९ ॥

શેષ અર્થમાં, કુત્સા અને દક્ષતા અર્થ જણાતો હોય તો, દેશવાચક નગર શબ્દને ' **અકઞ્** ' પ્રત્યય લાગે છે. **नगरे भवाः = नगर + अकञ् = नागरकः; चौरा हि नागरकाः** = નગરના લોકો ચોર હોય છે, **दक्षा हि नागरकाः** = નગરના લોકો ચતુર હોય છે.

कच्छा–ऽग्नि–वक्त्र–वर्तोत्तरपदात् ॥ ६–३–५० ॥

શેષ અર્થમાં, કચ્છ, અગ્નિ, વક્ત્ર અને વર્ત શબ્દરૂપ ઉત્તરપદ હોય તો, દેશવાચક નગર નામને '**અકઞ્**' પ્રત્યય લાગે છે. **भारुकच्छे भवः = भारुकच्छ + अकञ् = भारुकच्छकः** = ભરૂચ નગરમાં થયેલ. **काण्डाग्नकः** = કાંડાગ્નિ નગરમાં થયેલ, **एन्दुवक्त्रकः** = એન્દુવક્ત્ર નગરમાં થયેલ, **बाहुवर्तकः** = બાહુવર્ત નગરમાં થયેલ.

अरण्यात् पथि–न्याया–ऽध्यायेभ–नर–विहारे ॥ ६–३–५१ ॥

શેષ અર્થમાં, દેશવાચક અરણ્ય શબ્દને ' **અકઞ્** ' પ્રત્યય લાગે છે. જો માર્ગ, ન્યાય, અધ્યાય, હાથી, નર અને વિહાર અર્થ

જણાતો હોય તો. **अरण्ये भवा = अरण्य + अकञ्=आरण्यकः पन्था, न्यायः, अध्यायः, इभः, नरः, विहारः वा** = જંગલનો રસ્તો, જંગલનો ન્યાય, જંગલનો અધ્યાય, જંગલી હાથી, જંગલી મનુષ્ય, જંગલમાં આવેલો વિહાર – ક્રિડાસ્થાન.

गोमये वा ॥ ६–३–५२ ॥

શેષ અર્થમાં, દેશવાચક અરણ્ય શબ્દને '**अकञ्**' પ્રત્યય વિકલ્પે લાગે છે, જો પ્રત્યયાન્ત નામ ગોમય–બળદ કે ગાયના છાણનો અર્થ જણાતો હોય તો. **अरण्ये भवाः = अरण्य + अकञ् – आरण्यकाः, आरण्याः गोमयाः** = અડાયા છાણા.

कुरु–युगन्धराद्वा ॥ ६–३–५३ ॥

શેષ અર્થમાં, દેશવાચક કુરૂ અને યુગન્ધર શબ્દને વિકલ્પે '**अकञ्**' પ્રત્યય લાગે છે **कुरुषु भवः = कुरु + अकञ् = कौरवकः, कौरवः** = કુરૂદેશમાં થયેલા, **यौगन्धरकः, यौगन्धरः** = યુગન્ધર દેશમાં થયેલો.

साल्वाद् गो–यवाग्वपत्तौ ॥ ६–३–५४ ॥

શેષ અર્થમાં, દેશવાચક સાલ્વ શબ્દને '**अकञ्**' પ્રત્યય લાગે છે. જો ગો, યવાગૂ અને પત્તિ–પગી ભિન્ન અર્થ જણાતો હોય તો. **साल्वेषु भवः = साल्व + अकञ् = साल्वकः गौः** = સાલ્વદેશમાં ગાય કે બળદ, **साल्वेषु भवा = साल्विका यवागूः** = સાલ્વદેશની રાબ, **साल्वकः ना** = સાલ્વદેશનો માણસ.

कच्छादेर्नृ–नृस्थे ॥ ६–३–५५ ॥

શેષ અર્થમાં, દેશવાચક કચ્છ વગેરે શબ્દને, '**अकञ्**' પ્રત્યય

લાગે છે. જે પ્રત્યયાન્ત નામ મનુષ્યને અથવા મનુષ્ય સંબંધી ક્રિયા કે વસ્તુને સૂચવતો હોય તો. **कच्छेषु भवः = कच्छ + अकञ् काच्छकः ना** = કચ્છ દેશનો માણસ. **कच्छेषु भवम् = काच्छकम् अस्य स्मितम्** = એનું હસવું કચ્છદેશના મનુષ્ય જેવું છે.

कोपान्त्याच्चाऽण् ॥ ६–३–५६ ॥

શેષ અર્થમાં, ક ઉપાન્ત્યવાળા દેશવાચક નામને, તથા કચ્છ વગેરે શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **ऋषिकेषु भवः = ऋषिक + अण् = आर्षिकः** = ઋષિદેશમાં થયેલ, **काच्छः** = કચ્છદેશમાં થયેલ, **सैन्धवः** = સિન્ધુદેશમાં થયેલ.

गर्तोत्तरपदादीयः ॥ ६–३–५७ ॥

શેષ અર્થમાં, गर्त શબ્દ છે ઉત્તરપદમાં જેને એવા દેશવાચક નામને ' **ईय** ' પ્રત્યય લાગે છે. **श्वाविद्गर्ते भवः = श्वाविद्गर्त + ईय = श्वाविद्गर्तीयः** = કુતરાને મારી નાંખનાર દેશમાં થયેલ.

कटपूर्वात् ग्रामः ॥ ६–३–५८ ॥

કટ શબ્દ છે પૂર્વમાં – આદિમાં જેને એવા નામને ' **ईय** ' પ્રત્યય લાગે છે. **कटग्रामे भवः = कटग्राम + ईय = कटग्रामीयः** = કટગ્રામમાં થયેલો.

क–खोपान्त्य–कन्था–पलद–नगर–ग्राम–ह्रदोत्तरपदाद् दोः ॥ ६–३–५९ ॥

ક અને ખ છે ઉપાન્ત્યમાં જેને એવા દુ સંજ્ઞક નામને, તથા કન્થા, પલદ, નગર, ગ્રામ અને હ્રદ શબ્દ છે ઉત્તરપદમાં જેને એવા

દુ સંજ્ઞક દેશવાચક નામને 'ઈય' પ્રત્યય લાગે છે. **आरोहणके भवः = आरोहण + ईय = आरोहणकीयः** = આરોહણક નામના સ્થાને થયેલો. **कौटशिखीयः** = કોટિશિખ નામના સ્થાને થયેલો. **दाक्षिकन्थीयः**=દાક્ષિકંથમાં થયેલો, **दाक्षिपल्लदीयः** = દાક્ષિપલ્લદમાં થયેલો, **दाक्षिनगरीयः** = દાક્ષિનગરમાં થયેલો, **माहकिग्रामीयः** = માહકિગ્રામમાં થયેલો, **दाक्षिह्रदीयः** = દાક્ષિહ્રદમાં થયેલો.

पर्वतात् ॥ ६–३–६० ॥

શેષ અર્થમાં, દેશવાચક પર્વત શબ્દને 'ઈય' પ્રત્યય લાગે છે. **पर्वते भवः = पर्वत + ईय = पर्वतीयो राजा** = પર્વતવાળા પ્રદેશનો રાજા.

अनरे वा ॥ ६–३–६१ ॥

જો મનુષ્ય અર્થ ન હોય તો, દેશવાચક પર્વત શબ્દને 'ઈય' પ્રત્યય વિકલ્પે લાગે છે. **पर्वते भवानि = पर्वत + ईय = पर्वतीयानि फलानि** = પહાડી પ્રદેશમાં થયેલા ફલો, **पक्षे–पर्वतानि.**

पर्णे–कृकणाद् भारद्वाजात् ॥ ६–३–६२ ॥

ભારદ્વાજ દેશવાચક પર્ણ અને કૃકણ નામને, શેષ અર્થમાં 'ઈય' પ્રત્યય લાગે છે. **पर्णे भवः पर्ण + ईय=पर्णीयः–भारद्वाजः** = પર્ણીય – પર્ણા પ્રદેસમાં થયેલો **कृकणीयः–भारद्वाजः** = કૃકણી પ્રદેશમાં થયેલો.

गहादिभ्यः ॥ ६–३–६३ ॥

શેષ અર્થમાં, યથાસંભવ દેશવાચક ગહ વગેરે શબ્દને 'ઈય' પ્રત્યય લાગે છે. **गहे भवः = गह + ईय = गहीयः** = ગહદેશમાં થયેલો, **अन्तस्थीयः** = છેવાડાના દેશમાં થયેલો.

पृथिवीमध्यान्मध्यमश्चास्य ॥ ६–३–६४ ॥

શેષ અર્થમાં, પૃથિવીમધ્ય શબ્દને 'ઈય' પ્રત્યય લાગે છે. અને તેના યોગે મધ્યને સ્થાને **'મધ્યમ'** આદેશ થાય છે. **पृथिवीमध्ये भवः = पृथिवीमध्य + ईय = पृथिवीमध्यमीयः** = પૃથિવીમધ્ય દેશમાં થયેલ.

निवासाच्चरणेऽण् ॥ ६–३–६५ ॥

શેષ અર્થમાં, નિવાસભૂત દેશવાચક પૃથિવીમધ્ય શબ્દને **'અણ્'** પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં મધ્ય શબ્દનો **'મધ્યમ'** આદેશ થાય છે. જો પ્રત્યયાન્ત નિવાસ કરનાર ચરણનો સૂચક હોય તો. **पृथिवीमध्ये निवासः येषां चरणनाम्=मध्य + अण्=माध्यमाः चरणाः** = પૃથિવીમધ્ય દેશમાં નિવાસ કરનારા ચરણો.

वेणुकादिभ्य ईयण् ॥ ६–३–६६ ॥

શેષ અર્થમાં, દેશવાચક વેણુ વગેરે શબ્દને 'ઇયણ્' પ્રત્યય લાગે છે. **वेणुके भवः = वेणुक + ईयण् = वैणुकीयः** = વેણુક દેશમાં થયેલ. **वैत्रकीयः** = વેત્રક દેશમાં થયેલ.

वा युष्मदस्मदोऽञीनञौ युष्मका-ऽस्माकं चास्यैकत्वे तु तवक–ममकम् ॥ ६–३–६७ ॥

શેષ અર્થમાં, યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દને **'અઞ્'** અને **'ખનઞ્'** પ્રત્યય વિકલ્પે લાગે છે. અને તેના યોગમાં યુષ્મત્ અને અસ્મત્ ને સ્થાને અનુક્રમે **'યુષ્માક'** અને **'અસ્માક'** આદેશ થાય છે, તથા એકવચનરૂપ યુષ્મત્ (तव) અને અસ્મત્ (मम) ને સ્થાને **'तवक'** અને **'ममक'** આદેશ થાય છે. **युवयोः**

युष्माकं वा इयम् = युष्मत् + अञ् + ङी=यौष्माकी = તમારા બેની તથા તમારી આ, **युवयोः युष्माकं वा अयम् = युष्मत् + ईनञ् = यौष्माकीणः** = તમારા બેનો અથવા તમારો આ, **आवयोः अस्माकं वा इयम् = आस्माकी** = અમારા બેની અથવા અમારી આ, **आवयोः अस्माकम् वा अयम् = आस्माकीनः** = અમારા બેનો અથવા અમારો આ, **तव अयम् = तव + अञ् = तावकः** = તારો, **तव + ईनञ् = तावकीनः** = તારો, **मम अयम् = मामकः** = મારો, **मम + ईनञ् = मामकीनः** = મારો. **પક્ષે – " दोरीयः [૬-૩-૬૨] "** એ સૂત્રથી **ईय** પ્રત્યય લાગતાં **युष्मदीयः, अस्मदीयः, त्वदीयः, मदीयः** એવા પ્રયોગ પણ બને છે.

द्वीपादनुसमुद्रं ण्यः ॥ ૬-૩-૬૮ ॥

શેષ અર્થમાં, સમુદ્ર પાસે દ્વીપ એવો અર્થ જણાતો હોય તો દ્વીપ શબ્દને ' ણ્ય ' પ્રત્યય લાગે છે. **द्वीपे भवः = द्वीप + ण्य = द्वैप्यः वा, तद्वासी वा**=બેટમાં થયેલો પુરૂષ અથવા બેટનો રહેવાસી.

अर्धाद् यः ॥ ૬-૩-૬૯ ॥

શેષ અર્થમાં, અર્ધ શબ્દને ' ય ' પ્રત્યય લાગે છે. **अर्धे भवः = अर्ध + य = अर्ध्यम्** = અડધામાં થયેલું.

सपूर्वादिकण् ॥ ૬-૩-૭૦ ॥

શેષ અર્થમાં, પૂર્વપદ સહિત અર્ધ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **पुष्करार्धे भवः = पुष्कर + अर्ध + इकण् = पौष्करार्धिकः** = પુષ્કરાર્ધમાં થયેલો.

दिक्पूर्वात् तौ ॥ ६–३–७१ ॥

શેષ અર્થમાં, પૂર્વપદમાં દિશાવાચક શબ્દ આવેલ હોય તો, અર્ધ શબ્દને ' य ' અને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **पूर्वार्धे भवम् = पूर्वार्ध + य=पूर्वार्ध्यम्, पूर्वार्ध + इकण् = पौर्वार्धिकम्** = પૂર્વાર્ધમાં થયેલું.

ग्राम–राष्ट्रांऽशादणिकणौ ॥ ६–३–७२ ॥

શેષ અર્થમાં, પૂર્વપદમાં દિશાવાચક શબ્દ આવ્યો હોય તેવા અર્ધ શબ્દને ' अण् ' અને ' ઇકણ ' પ્રત્યય લાગે છે. તે અર્ધ શબ્દ ગ્રામ અને રાષ્ટ્રના અંશવાચક હોય તો. **ग्रामस्य राष्ट्रस्य वा पूर्वार्धम्, तत्र भवम् = पूर्वार्ध + अण् = पौर्वार्धः, पूर्वार्ध + इकण् = पौर्वार्धिकः** = ગામ અથવા દેશના પૂર્વના અર્ધ ભાગમા થયેલો.

परा-ऽधरा-ऽधमोत्तमादेर्यः ॥ ६–३–७३ ॥

શેષ અર્થમાં પર, અધર, અધમ અને ઉત્તમ શબ્દને ' य ' પ્રત્યય લાગે છે. **परार्धे भवम् = परार्ध + य = परार्ध्यम्** = બીજા અડધા ભાગમાં થયેલું. **अधरार्ध्यम्** = બીજા અડધા ભાગમાં થયેલો, **अधमार्ध्यम** = અધમ અડધા ભાગમાં થયેલું, **उत्तमार्ध्यम्** = ઉત્તમ અડધા ભાગમાં થયેલું.

अमोऽन्ता–ऽवो–ऽधसः ॥ ६–३–७४ ॥

શેષ અર્થમાં, અન્ત, અવસ્ અને અધસ્ શબ્દને ' अम '

પ્રત્યય લાગે છે. **अन्तस्य भवम्** = अन्त + अम = **अन्तमः** = અન્તનો, **अवो भवः** = **अवमः** = નીચેનો, **अधो भवः** = **अधमः** – અધમ.

पश्चादाद्यन्ता–ऽग्रादिमः ॥ ६–३–७५ ॥


'ઇમ' પ્રત્યય લાગે છે. **पाकेन निर्वृत्तम्** = **पाक + इम = पाकिमम्** = પાકથી તૈયાર થયેલું.

याचिता–ऽपमित्यात्कण् ॥ ६–४–२२ ॥

નિપજેલું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા યાચિત અને અપમિત્ય શબ્દને 'कण्' પ્રત્યય લાગે છે. **याचितेन निर्वृत्तम्** = **याचित + कण् = याचितकम्** = માંગીને થયેલું, **अपमित्यन निर्वृत्तम्** = **आपमित्यकम** = કોઈ બદલામાં આપીને થયેલું – ભેળું.

हरत्युत्सङ्गादेः ॥ ६–४–२३ ॥

હરી જાય છે અથવા લઈ જાય છે અર્થમાં, તૃતીયાવિભક્તિવાળા ઉત્સંગ વગેરે શબ્દને 'इकण्' પ્રત્યય લાગે છે. **उत्सङ्गेन हरति = उत्सङ्ग + इकण् = औत्सङ्गिकः** = ખોળામાં બેસાડીને લઈ જનાર, **उत्तुपेन हरति = औत्तुपिकः** = ઉત્તુપવડે લઈ જનાર.

भस्त्रादेरिकट् ॥ ६–४–२४ ॥

હરી જાય છે અથવા લઈ જાય છે અર્થમાં, તૃતીયાવિભક્તિવાળા ભસ્ત્રા વગેરે શબ્દને 'इकट्' પ્રત્યય લાગે છે. **भस्त्रया हरति = भस्त्रा + इकट् = भस्त्रिकी** = મશક વડે લઈ જનારી, **भरटेन हरति = भरटिकी** = ત્રાપા જેવા સાધન વડે લઈ જનારી.

विवध–वीवधाद्वा ॥ ६–४–२५ ॥

હરી જાય છે અથવા લઈ જાય છે અર્થમાં, તૃતીયાવિભક્તિવાળા વિવધ અને વીવધ શબ્દને વિકલ્પે 'इकट्' પ્રત્યય લાગે છે. **विवधेन हरति = विवध + इकट् = विवधिकी** = માર્ગ વડે લઈ જનારી,

वीवधेन हरति = वैवधिकी = ભાર વડે લઈ જનારી, **वीवध + इकण् = वैवधिकः** = ભાર વડે લઈ જનાર.

कुटिलिकाया अण् ॥ ६–४–२६ ॥

હરી જાય છે અથવા લઈ જાય છે અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા કુટિલિકા શબ્દને '**अण्**' પ્રત્યય લાગે છે. **कुटिलिकया अङ्गारान् हरति = कुटिलिक + अण् = कौटिलिकः कर्मारादिः** = સાણસી વડે અંગારાને દૂર કરનાર લુહાર વગેરે, **कुटिलिकया हरति व्याधः = कौटिलिकः मृगः** = પોતાની વાંકી ચાલ વડે શિકારીને દૂર લઈ જનાર–હરણ, **कुटिलिकया हरति पलालम् = कौटिलिकः कर्षकः** = ખંપાળી વડે પરાળને લઈ જનાર – ખેડુત, **कुटिलिकया हरति पुष्पाणि = कौटिलिकः परिव्राजकः** = અંકુશ આકારના સાધન વડે પુષ્પને ચુંટનાર–પરિવ્રાજક, **कुटिलिकया हरति नावम् धनम् वा कौटिलिकः चौरः** = લાંબા દોરડાથી બાંધેલ અંકુશ આકારના સાધન વડે નાવને હરણ કરનાર – ચોર, અથવા લાંબા દોરડાથી બાંધેલ અંકુશ આકારના સાધન વડે ખાતર પાડનાર ચોર.

ओजस्–सहोऽम्भसो वर्तते ॥ ६–४–२७ ॥

વર્તે છે અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા ઓજસ્ સહસ્ અને અંભસ્ શબ્દને '**इकण्**' પ્રત્યય લાગે છે. **ओजसा वर्तते = ओजस् + इकण् = औजसिकः** = બળવાળો, **सहसा वर्तते = साहसिकः** = સાહસવાળો, **अम्भसा वर्तते = आम्भसिकः** = પાણીવાળો – શક્તિવાળો.

तं प्रत्यनोर्लोमेप-कूलात् ॥ ६-४-२८ ॥

વર્તે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પ્રતિ અને અનુ ઉપસર્ગ સહિત લોપ, ઈપ અને કૂલ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **प्रतिलोमं वर्तते = प्रतिलाम + इकण् = प्रातिलोमिकः** = પ્રતિકૂલ વર્તનારો-વિરોધી, **अनुलोमं वर्तते = आनुलामिकः** = અનુકૂલ વર્તનારો-સંબંધી, **प्रतीपं वर्तते = प्रातीपिकः** = વિરોધી **अन्वीपं वर्तते = आन्वीपिकः** = સંબંધી, **प्रतिकूलं वर्तते = प्रातिकूलिकः** = વિરોધી, **अनुकूलं वर्तते=आनुकूलिकः**=સંબંધી.

परेर्मुख-पार्श्वात् ॥ ६-४-२९ ॥

વર્તે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પરિ ઉપસર્ગ સહિત મુખ અને પાર્શ્વ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **परिमुखं वर्तते = परिमुख + इकण् = पारिमुखिकः** = મુખ સામે રહેનાર, **परिपार्श्वं वर्तते=पारिपार्श्विकः**=બાજુમાં બેસનાર-દાસ, નોકર.

रक्षदुञ्छतोः ॥ ६-४-३० ॥

સાચવનાર અને વીણનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા નામને 'ઈકણ્' પ્રત્યય લાગે છે. **नगरं रक्षति = नगर + इकण् = नागरिकः** = નગરને સાચવનાર, **बदराणि उञ्छति=बादरिकः** = બોરને વીણનાર.

पक्षि-मत्स्य-मृगार्थात् घ्नति ॥ ६-४-३१ ॥

હણે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પક્ષિ, મત્સ્ય અને મૃગાર્થક શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **पक्षिणं हन्ति = पक्षि + इकण् = पाक्षिकः** = પંખીને હણનાર, **मत्स्यं हन्ति =**

मात्स्यिकः = માછલા મારનાર, **मृगं हन्ति = मार्गिकः** = મૃગને હણનાર.

परिपन्थात् तिष्ठति च ॥ ६–४–३२ ॥

ઉભો રહે છે અથવા હણે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પરિપન્થ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **परिपन्थं तिष्ठति, हन्ति वा = परिपन्थ+इकण् = पारिपन्थिकः चौरः**=વિરોધથી રહેનાર અથવા વિરોધ કરનારને હણનાર, શત્રુને હણનાર.

परिपथात् ॥ ६–४–३३ ॥

ઉભો રહે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પરિપથ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **परिपथं तिष्ठति = परिपथ + इकण् = पारिपथिकः** = રસ્તો ઘેરીને અથવા છોડીને – છૂપાઈ ને ઉભો રહેનાર – બહારવટીઓ.

अवृद्धेर्गृह्णाति गार्ह्ये ॥ ६–४–३४ ॥

નિંદનીય રીતે – અન્યાયથી ગ્રહણ કરે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા વૃદ્ધિ વર્જિત શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **अन्यायपूर्वकं द्विगुणं गृह्णाति = द्विगुण + इकण् = द्वैगुणिकः** = બેમણું લેનાર–નફાખોર.

कुसीदादिकट् ॥ ६–४–३५ ॥

અન્યાયથી ગ્રહણ કરે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા કુસીદ શબ્દને ' ઇકટ્ ' પ્રત્યય લાગે છે. **अन्यायपूर्वकं कुसीदं गृह्णाति = कुसीद + इकट्=कुसीदिकी** = અન્યાયથી વ્યાજ લેનાર.

दशैकादशादिकश्च ॥ ६-४-३६ ॥

અન્યાયથી ગ્રહણ કરે છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા દશૈકાદશ શબ્દને ' ઇકઞ્ ' અને ' ઇકટ્ ' પ્રત્યય લાગે છે. **दशैकादशं गृह्णाति = दशैकादश + इक = दशैकादशिकः, दशैकादश + इकट् = दशैकादशिकी** = અન્યયથી દશ અગીયાર ટકા વ્યાજ લેનારી.

अर्थ-पद-पदोत्तर-ललाम-प्रतिकण्ठात् ॥ ६-४-३७ ॥

ગ્રહણ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અર્થ અને પદ શબ્દને, તથા પદ શબ્દ જેના અન્તે છે એવા શબ્દને, તથા ललाम અને પ્રતિકણ્ઠ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **अर्थं गृह्णाति = अर्थ + इकण् = आर्थिकः** = અર્થને ગ્રહણ કરનાર, **पदं गृह्णाति = पादिकः**=પદને ગ્રહણ કરનાર, **पूर्वपदं गृह्णाति=पौर्वपादिकः** = પૂર્વપદને ગ્રહણ કરનાર **ललामं गृह्णाति = लालामिकः** = કપાળને ગ્રહણ કરનાર – ભાગ્ય ઉપર જીવનાર, **प्रतिकण्ठं गृह्णाति = प्रातिकण्ठिकः** = કંઠને અથવા કાંઠાને ગ્રહણ કરનાર.

परदारादिभ्यो गच्छति ॥ ६-४-३८ ॥

જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પરદારા વગેરે શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે **परदारान् गच्छति = परदारा + इकण् = पारदारिकः** = બીજાની સ્ત્રીઓ તરફ જનારો – વ્યભિચારી, **गुरुदारान् गच्छति = गौरुदारिकः** = ગુરૂની સ્ત્રી તરફ જનારો – ગુરૂપત્નિભોગી.

प्रतिपथादिकश्च ॥ ६-४-३९ ॥

જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પ્રતિપથ શબ્દને 'ઇકઞ્' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **प्रतिपथिकः, प्रतिपथ + इकण्** = **प्रातिपथिकः** = રસ્તે રસ્તે જનારો.

माथोत्तरपद–पदव्याक्रन्दाद् धावति ॥ ६–४–४० ॥

દોડનારો અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા માથ શબ્દ છે અન્તે જેને એવા શબ્દોને, તથા પદવી અને આક્રન્દ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **दण्डमार्थं धावति = दण्डमाथ+इकण्=दाण्डमाथिकः** = સરલ માર્ગે દોડનાર, **पदवीं धावति = पादाविकः** = રસ્તે જનાર – વટેમાર્ગુ, **आक्रन्दं धावति = आक्रन्दिकः** = દુઃખીયારાના રડવાના સ્થાને દોડનાર.

पश्चात्यनुपदात् ॥ ६–४–४१ ॥

પાછળ દોડનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અનુપદ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **अनुपदं धावति = आनुपदिकः** = પાછળ પાછળ દોડનારો.

सुस्नातादिभ्यः पृच्छति ॥ ६–४–४२ ॥

પુછનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા સુસ્નાત વગેરે શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **सुस्नातं पृच्छति = सुस्नात + इकण्** =**सौस्नातिकः**=સારી રીતે સ્નાન કર્યું ? એમ પુછનાર. **सुखरात्रिं पृच्छति = सौखरात्रिकः** = સુખરાત પૂરી થઈ ? એમ પુછનાર.

प्रभृतादिभ्यो ब्रुवति ॥ ६–४–४३ ॥

બોલનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પ્રભૃત વગેરે શબ્દને

'ઇકણ્' પ્રત્યય લાગે છે. **प्रभूतं ब्रूते** = **प्रभूत + इकण्** = **प्राभूतिकः** = બહુ બોલનાર, **पर्याप्तं ब्रूते** = **पार्याप्तिकः** = જરૂર પૂરતું બોલનાર.

मा शब्द इत्यादिभ्यः ॥ ६–४–४४ ॥

બોલનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા મા શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **माशब्दम् इति ब्रूते, मा शब्दः क्रियताम्** = **माशब्द + इकण्** = **माशब्दिकः** = મા શબ્દને બોલનાર, અવાજ ન કરો એમ બોલનાર, **कार्यः शब्दः इति ब्रुते=कार्यशब्दिकः** = શબ્દ એ કાર્ય છે એમ કહેનાર, શબ્દનું અનિત્યપણું કહેનાર–નૈયાયિક.

शाब्दिक-दार्दरिक-लालाटिक–कौक्कुटिकम् ॥ ६–४–४५ ॥

દ્વિતીયા વિભક્તિવાળા ઇકણ્ પ્રત્યયાન્ત એવા શાબ્દિક, દાર્દરિક, લાલાટિક અને કૌક્કુટિક શબ્દો '**निपातन**' થાય છે. **शब्दं करोति** = **शाब्दिकः वैयाकरणः** = વ્યાકરણને જાણનાર, **दर्दरं करोति** = **दार्दरिकः वादित्रकृत्** = વાદ્ય-વાજું મૃદંગ વગાડનાર, **ललाटं पश्यति** = **लालाटिकः प्रमत्तः सेवाकृत्** = ભાગ્ય ઉપર જીવનાર, આળસુ સેવક, **कुक्कुटिम् पश्यति** = **कौक्कुटिकः भिक्षुः** = નીચી નજરે ચાલનાર ભિક્ષૂ

समूहार्थात् समवेते ॥ ६–४–४६ ॥

ભેગા થયેલા અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા સમૂહાર્થક શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **समूहं समवेतः** = **समूह + इकण्** = **सामूहिकः** = સમૂહ સાથે સંકળાયેલ, **समाजं समवेतः=सामाजिकः** = સમાજમાં સંકળાયેલ.

पर्षदो ण्यः ॥ ६–४–४७ ॥

સંકળાયેલ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પર્ષદ્ શબ્દને 'ણ્ય' પ્રત્યય લાગે છે. **पर्षदं समवेतः = पर्षद् + ण्य = पार्षद्यः** = સભામાં સંકળાયેલ – સભાસદ.

सेनाया वा ॥ ६–४–४८ ॥

સંકળાયેલ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા સેના શબ્દને વિકલ્પે 'ણ્ય' પ્રત્યય લાગે છે. **सेनां समवेतः = सेना + ण्य = सैन्यः, सेना + इकण् = सैनिकः** = સેના સાથે સંકળાયેલ – સૈન્ય, સૈનિક.

धर्मा–ऽधर्माच्चरति ॥ ६–४–४९ ॥

આચરણ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ધર્મ અને અધર્મ શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **धर्मं चरति = धर्म + इकण् = धार्मिकः** = ધર્મનું આચરણ કરનાર, **अधर्मं चरति = आधर्मिकः** = અધર્મનું આચરણ કરનાર.

षष्ठ्या धर्म्ये ॥ ६–४–५० ॥

ધર્મ યુક્ત અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **शुल्कशालायां धर्म्यम् = शुल्कशाला + इकण् = शौल्कशालिकम्** = શુલ્કશાલા – રાજાના કર લેવાનું સ્થાન. તેની અપેક્ષાએ ધર્મયુક્ત જકાત લેનાર.

ऋक्पराद्रेण् ॥ ६–४–५१ ॥

ધર્મયુક્ત અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા હ્રસ્વ ઋકારાન્ત નામને, તથા નર વગેરે શબ્દને ' अण् ' પ્રત્યય લાગે છે. **नुः धर्म्यम्** = **नृ + अण्** = **नारम्** = મનુષ્યનું ઉચિત આચરણ કરનાર, **नरस्य धर्म्यम्** = **नारम्** = મનુષ્યનું ઉચિત આચરણ કરનાર, **महिष्याः धर्म्यम्** = **माहिषम्** - મહિષા-પટ્ટરાણીનું ઉચિત આચરણ કરનાર.

विभाजयितृ-विशसितुर्णौ डलुक् च ॥ ६-४-५२ ॥

ધર્મ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા વિભાજયિતૃ અને વિશસિતૃ શબ્દને ' अण् ' પ્રત્યય લાગે છે, અને તેના યોગે વિભાજયિતૃ નો ણિ અને વિશસિતૃનો ઇટ્નો ' लोप ' થાય છે. **विभाजयितुः धर्म्यम्** = **विभाजयितृ + अण्** = **विभाजित् + अण्** = **वैभाजित्रम्** = વહેંચણી કરનારનું ઉચિત આચરણ, **विशसितुः धर्म्यम्** = **विशसितृ + अण्** = **विशस्तृ + अण्** = **वैशस्त्रम्** = મારનારનું ઉચિત આચરણ.

अवक्रये ॥ ६-४-५३ ॥

ભાડું અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **आपणस्य अवक्रयः** = **आपण + इकण्** = **आपणिकः** = દુકાનનું ભાડું.

तदस्य पण्यम् ॥ ६-४-५४ ॥

વેચવાનું છે અર્થમાં, વેચવા યોગ્ય પ્રથમા વિભક્તિવાળા નામને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **अपूपाः पण्यं यस्य** = **अपूप + इकण्** = **आपूपिकः** = પુડલાનો વેચનાર.

किशरादेरिकट् ॥ ६-४-५५ ॥

વેચવાનું છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા કિશર વગેરે શબ્દને '**इकट्**' પ્રત્યય લાગે છે. **किशरः पण्यं यस्य = किशर + इकट् = किशरिकी** = કેશર વેચનારી, **तगरः पण्यं यस्य = तगरिकः** = તગર - સુગંધી લાનું વેચનાર.

शलालुनो वा ॥ ६-४-५६ ॥

વેચવાનું છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શલાલુ શબ્દને વિકલ્પે '**इकट्**' પ્રત્યય લાગે છે. **शलालु पण्यं यस्य = शलालु + इकट् = शलालुकी, शलालु + इकण् = शालालुकी** = શલાલુ નામના સુગંધી દ્રવ્યને વેચનારી.

शिल्पम् ॥ ६-४-५७ ॥

તેની કુશળતા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શિલ્પવાચક નામને '**इकण्**' પ્રત્યય લાગે છે. **नृतं शिल्पं यस्य = नृत + इकण् = नार्तिकः** = નાચવાનો ધંધો કરનાર.

मड्डुक-झर्झराद्वाऽण् ॥ ६-४-५८ ॥

તેની કુશળતા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા મડ્ડુક અને ઝર્ઝર શબ્દને વિકલ્પે '**अण्**' પ્રત્યય લાગે છે. **मड्डुकं शिल्पं यस्य = मड्डुक + अण् = माड्डुकः, मड्डुक + इकण् = मौड्डुकिकः** = એક જાતના નગારાને વગાડનાર. **झर्झरं शिल्पं यस्य = झार्झरः, झार्झरिकः** = ઝાંઝ બનાવનાર.

शीलम् ॥ ६-४-५९ ॥

આનો સ્વભાવ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને 'ઇકિણ્' પ્રત્યય લાગે છે. **अपूपाः शीलं यस्य** = **अपूप + इकण्** = **आपूपिकः** = પૂડલા ખાવાના સ્વભાવવાળો.

अड्स्याच्छत्रादेरञ् ॥ ६–४–६० ॥

આનો સ્વભાવ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શ્રદ્ધા ધાતુથી બનેલ અડ્ પ્રત્યયાન્ત શબ્દને, તથા છત્ર વગેરે શબ્દને 'અઞ્' પ્રત્યય લાગે છે. **आस्था शीलं यस्य** = **आस्था + अञ्** = **आस्थः** = શ્રદ્ધા રાખવાના સ્વભાવવાળો – શ્રદ્ધાળુ, **छत्रं शीलं यस्य** = **छात्रः** = છત્ર–ઢાંકવાનું, ગુરૂના દોષને ઢાંકવાના સ્વભાવવાળો–શિષ્ય, **तपः शीलं यस्य** = **तापसः** = તપ કરવાના સ્વભાવવાળો – તાપસ.

तूष्णीकः ॥ ६–४–६१ ॥

આનો સ્વભાવ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા તૂષ્ણીમ્ શબ્દને 'ક' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં 'મ્' નો લોપ થાય છે. **तूष्णां शीलं यस्य** = **तूष्णीम् + क** = **तूष्णीकः** = મૌન રાખવાનો સ્વભાવવાળો.

प्रहरणम् ॥ ६–४–६२ ॥

એનું શસ્ત્ર અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શસ્ત્રવાચક નામને 'ઇકિણ્' પ્રત્યય લાગે છે. **असि प्रहरणं यस्य** = **असि + इकण्** = **आसिकः** = જેનું શસ્ત્ર તલવાર છે, તલવારવાળો સિપાઈ.

परश्वधाद् वाऽण् ॥ ६–४–६३ ॥

જેનું શસ્ત્ર અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શસ્ત્રવાચક પરશ્વધ

શબ્દને વિકલ્પે 'અણ્' પ્રત્યય લાગે છે. **परश्वध प्रहरणं यस्य** = **परश्वध + अण् = पारश्वधः, परश्वध + इकण् = पारश्वधिकः** = ફરસીથી લડનાર યોદ્ધો

शक्ति–यष्टेस्टीकण् ॥ ६–४–६४ ॥

જેનું શસ્ત્ર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા શસ્ત્રવાચક શક્તિ અને યષ્ટિ શબ્દને 'ટીકણ્' પ્રત્યય લાગે છે. **शक्तिः प्रहरणं यस्य = शक्ति + टीकण् = शाक्तीकी** = શક્તિ નામના અસ્ત્ર વડે લડનારી, **यष्टिः प्रहरणं यस्य = याष्टीकी** = લાઠીથી લડનારી.

वेष्ट्यादिभ्यः ॥ ६–४–६५ ॥

જેનું શસ્ત્ર અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ઇષ્ટ વગેરે શબ્દને વિકલ્પે 'ટીકણ્' પ્રત્યય લાગે છે. **इष्टिः प्रहरणं यस्य = इष्टि + टीकण् = ऐष्टीकी, इष्टि + इकण् = ऐष्टिकी** = ઇષ્ટિ નામના શસ્ત્રને વાપરનારી, **इषा प्रहरणं यस्य – ऐषीकः, ऐषिकः** = ધુંસરી વડે લડનાર.

नास्तिका-ऽऽस्तिक–दैष्टिकम् ॥ ६–४–६६ ॥

તેનું આ અર્થમાં, ઇકણ્ પ્રત્યયાન્ત એવા નાસ્તિક, આસ્તિક અને દૈષ્ટિક શબ્દ '**निपातन**' થાય છે. **नास्ति परलोकः पुण्यं पापं वा इति मतिः = नास्ति + इकण् = नास्तिकः** = પરલોક, પુણ્ય, પાપ વગેરેને નહિ માનનારો, **अस्ति परलोकः पुण्यं पापं वा इति मतिः=आस्तिकः**= પરલોક, પુણ્ય, પાપ વગેરેને માનનાર, **दिष्टं दैवं प्रमाणम् इति मतिः यस्य, दिष्टा प्रमाणमनुपालिनी मतिः यस्य वा = दैष्टिकः** = દિષ્ટ – ભાગ્યને માનનાર, દિષ્ટા – પ્રમાણને અનુસરનાર.

वृत्तोऽपपाठाऽन्नुयोगे ॥ ६–४–६७ ॥

પરીક્ષણ કરતી વખતે વર્તતો એનો અશુદ્ધ પાઠ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શબ્દને '**इकण्**' પ્રત્યય લાગે છે. **एकः अन्यः वृत्तः अपपाठः यस्य = एकान्य + इकण् = ऐकान्यिकः** = પરીક્ષણ કરતી વખતે જણાયું કે જે બોલે છે તે એક પાઠનો બીજો પાઠ – પાઠાન્તર ખોટો પાઠ છે, અર્થાત્ મૂળપાઠ અને ખોટા પાઠને શોધવાની રીત.

बहुस्वरपूर्वादिकः ॥ ६–४–६८ ॥

પરીક્ષણમાં એનો અશુદ્ધ પાઠ અર્થમાં, બહુસ્વરવાળું પૂર્વપદ છે, જેને એવા પ્રથમા વિભક્તિવાળા નામને '**इकि**' પ્રત્યય લાગે છે. **एकादश अन्ये अपपाठाः वृत्तः यस्य = एकादशान्य + इकण् = ऐकादशान्यिकः** = પરીક્ષણ કરતી વખતે જણાયું કે જે બોલે છે, તે એક પાઠના બીજા અગીયાર પાઠો અશુદ્ધ છે.

भक्ष्यं हितमस्मै ॥ ६–४–६९ ॥

એના માટે હિતકારી અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ભક્ષ્યવાચક નામને '**इकिण्**' પ્રત્યય લાગે છે. **अपूपाः भक्ष्य हितम् अस्मै = अपूप + इकण् = आपूपिकः** = એના માટે પુડલા હિતકારી ભક્ષ્ય છે.

नियुक्तं दीयते ॥ ६–४–७० ॥

એના માટે નિરંતર દેવાનું ઠરાવેલ છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને '**इकण्**' પ્રત્યય લાગે છે. **अग्रभोजनं नियुक्तम्–निरन्तरं दीयते अस्मै = अग्रभोजन + इकण् = आग्रभोजनिकः** = જેને નિરંતર પહેલું જ ભોજન આપવાનું ઠરાવેલ છે તે, અર્થાત્ હંમેશા પહેલો જ જમનારો.

श्राणा-मांसौदनादिको वा ॥ ६-४-७१ ॥

એના માટે નિરંતર દેવાનું ઠરાવેલ છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શ્રાણા અને માંસૌદન શબ્દને વિકલ્પે 'ઇક' પ્રત્યય લાગે છે. **श्राणा नियुक्ता दीयते अस्मै = श्राणा + इक = श्राणिका, श्राणा + इकण् = श्राणिकी** = જેને નિરંતર રાબ દેવાનું ઠરાવેલ છે તે, પથ્યને ખાનારી, **मांसौदनं नियुक्तं दीयते अस्मै = मांसौदनिका, मांसौदानिकी** = જેને નિરંતર માંસ અને ચોખા દેવાનું ઠરાવેલ છે તેણી.

भक्तौदनाद्ठाऽणिकट् ॥ ६-४-७२ ॥

એના માટે નિરંતર દેવાનું ઠરાવેલ છે અર્થમાં, પ્રથમાવિભક્તિવાળા ભક્ત અને ઓદન શબ્દને, અનુક્રમે 'અણ્' અને 'ઇકટ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **भक्तं नियुक्तं दीयते अस्मै=भक्त+अण् = भाक्तः, भक्त + इकण् = भाक्तिकः** = જેને નિરંતર ભાત દેવાનું ઠરાવેલ છે તે, **ओदनं नियुक्तं दीयते अस्मै = ओदन + इकट् = ओदनिकी, ओदन + इकण् = औदनिकः** = જેને નિરંતર ચોખા દેવાનું ઠરાવેલ છે. તેણી અથવા તે.

नवयज्ञादयोऽस्मिन् वर्तन्ते ॥ ६-४-७३ ॥

એમાં થાય છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નવયજ્ઞ વગેરે શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **नवयज्ञाः अस्मिन् वर्तन्ते = नवयज्ञा+इकण् = नावयज्ञिकः** = નવા યજ્ઞો કરવાનો સમય, **पाकयज्ञाः अस्मिन् वर्तन्ते = पाकयज्ञिकः** = પાકયજ્ઞો કરવાનો સમય.

तत्र नियुक्ते ॥ ६-४-७४ ॥

તે માટે નિમાયેલ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા નામને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **शुल्कशालायां नियुक्तः = शुल्कशाला + इकण् = शौल्कशालिकः** = જકાત ખાતાને કારકુન.

अगारान्तादिकः ॥ ६–४–७५ ॥

તે માટે નિમાયેલ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા અગાર શબ્દ છે અન્તે જેને એવા શબ્દને '**ઇક**' પ્રત્યય લાગે છે. **देवागारे नियुक्तः = देवागार + इक = देवागारिकः** = દેવઘરમાં નિમાયેલ–પૂજારી.

अदेश-कालाद्ध्यायिनि ॥ ६–४–७६ ॥

ભણનાર અર્થમાં, જે દેશ – સ્થાન અને કાલ – ભણવા માટેનો સમય નિષેધ છે, એવા સપ્તમી વિભક્તિવાળા નામને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **अशुचौ अध्यायी = अशुचि + इकण् = आशुचिकः** = અપવિત્ર સ્થાનમાં ભણનારો, **सन्ध्यायाम् अध्यायी = सान्ध्यिकः** = સંધ્યા સમયે ભણનાર.

निकटादिषु वसति ॥ ६–४–७७ ॥

વસે છે અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા નિકટ વગેરે શબ્દને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **निकटेषु वसति = निकट + इकण् = नैकटिकः** = પાડોશી, **अरण्ये वसति = आरण्यिकः भिक्षुः** = જંગલમાં વસનાર–તાપસ, ભિક્ષુ, **वृक्षमूले वसति=वार्क्षमूलिकः** = ઝાડનામૂળમાં રહેનારો, ઝાડ તળે રહેનાર,

सतीर्थ्यः ॥ ६–४–७८ ॥

વસે છે અર્થમાં, સમાન તીર્થ શબ્દનો ય પ્રત્યયાન્ત એવો સતીર્થ્ય શબ્દ '**નિપાતન**' થાય છે. **समानतीर्थे वसति = समानतीर्थ + य = सतीर्थ + य = सतीर्थ्यः** = એકજ ગુરૂપાસે ભણનાર – સહાધ્યાયી.

प्रस्तार–संस्थान–तदन्त–कठिनान्तेभ्यो व्यवहरति ॥ ६–४–७९ ॥

વ્યવહાર કરે છે અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા પ્રસ્તાર અને સંસ્થાન શબ્દને, તથા પ્રસ્તાર, સંસ્થાન અને કઠિન શબ્દ છે અન્તે જેને, એવા નામને '**ઇકણ્**' પ્રત્યય લાગે છે. **प्रस्तारे व्यवहरति= प्रस्तार + इकण् = प्रास्तारिकः** = શય્યામાં વ્યવહાર કરનાર, **संस्थाने व्यवहरति = सांस्थानिकः** = સંસ્થામાં વ્યવહાર કરનાર, રહેઠાણમાં વ્યવહાર કરનાર, **कांस्यप्रस्तारे व्यवहरति = कांस्य-प्रस्तारिकः** = કાંસાના જથ્થામાં વ્યવહાર કરનાર, **गोसंस्थाने व्यव-हरति = गौसंस्थानिकः** = ગાયના રહેઠાણમાં વ્યવહાર કરનારો, **वंशकठिने व्यवहरति = वांशकठिनिकः**=વાંશની બનાવેલ વસ્તુનો વ્યવહાર કરનારો,

संङ्ख्यादेश्चाऽऽर्हदलुच् ॥ ६–४–८० ॥

આ સૂત્રથી '**खारी० [६-४-१४९]**' એ સૂત્ર સુધી જે નામને જે પ્રત્યયનું વિધાન કરેલ છે, તે નામ સમાસ વગરનું એકલું હોય, તથા આદિમાં સંખ્યાવાચક શબ્દ હોય, વળી તે બન્ને પ્રકારના નામોને કોઇ પણ પ્રત્યયનો લુક્ થયો ન હોય, તેવા નામને '**યથાવિહિત**' પ્રત્યય લાગે છે. **चन्द्रायणं चरति = चन्द्रायण + इकण्=चान्द्रायणिकः**=ચન્દ્રાયણ વ્રતને આચનાર, **द्विचन्द्रायणं चरति = द्वैचन्द्रायणिकः** = બે ચન્દ્રાયણ વ્રતને આચરનાર.

गोदानादीनां ब्रह्मचर्ये ॥ ६-४-८१ ॥

બ્રહ્મચર્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા ગોદાન વગેરે શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **गोदानस्य ब्रह्मचर्यम्**=**गोदान+इकण्** = **गौदानिकम्** = ગાયના રૂંવાટા કપાય નહિ અથવા ગાયનું દાન દેવાય નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળનાર, **आदित्यव्रतानां ब्रह्मचर्यम्** = **आदित्यव्रतिकम्** = સૂર્યાસ્ત સુધી બ્રહ્મચર્ય પાળનાર. અહિં દાન આપવું ત્યાં ७ **दां** અને કાપવું ત્યાં ११४८ **दांच्** ધાતુ લેવાના છે.

चन्द्रयणं च चरति ॥ ६-४-८२ ॥

આચરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ચન્દ્રાયણ અને ગોદાન શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **चन्द्रायणं चरति** = **चन्द्रायण** + **इकण्** = **चान्द्रायणिकः** = ચન્દ્રાયણ વ્રતને આચરનાર, **गोदानं चरति** = **गौदानिकः** = ગાયના દાનને આચરનાર.

देवव्रतादीन् दिन् ॥ ६-४-८३ ॥

આચરણ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા દેવવ્રત વગેરે શબ્દને ' ઇન્ ' પ્રત્યય લાગે છે. **देवव्रतं चरति** = **देवव्रत** + **डिन्** = **देवव्रती** = દેવવ્રતને આચરનાર, **महाव्रतं चरति** = **महाव्रती** = મહાવ્રતને આચરનાર.

डकथाष्टाचत्वारिंशतं वर्षाणाम् ॥ ६-४-८४ ॥

આચરણ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા વ્રતવિષયક વર્ષસંબંધિ અષ્ટાચત્વારિંશત્ શબ્દને ' ડક ' અને ' ઇન્ ' પ્રત્યય લાગે છે. **वर्षाणां अष्टाचत्वारिंशतम् चरति** = **अष्टाचत्वारिंशत्** + **डक** = **अष्टाचत्वारिंशकः**, **अष्टाचत्वारिंशत्** + **डिन्** = **अष्टाचत्वारिंशी** = અડતાલીશ વર્ષનું વ્રત આચરનાર.

चतुर्मास्यं तौ यलुक् च ॥ ६-४-८५ ॥

આચરણ અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા વ્રતવિષયક ચાતુર્માસ્ય શબ્દને ' ઠક ' અને ' ડિન્ ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં ય નો ' લોપ ' થાય છે. **चतुर्मास्यं चरति = चातुर्मास्य + ठक = चातुर्मासिकः = चातुर्मास्य + डिन् = चातुर्मासी** = ચારમાસનું વ્રત આચરનાર.

क्रोश-योजनपूर्वाच्छताद् योजनाच्चाऽभिगमार्हे ॥ ६-४-८६ ॥

સામે જવાને યોગ્ય અર્થમાં, ક્રોશ અને યોજન શબ્દથી પર રહેલ, પંચમી વિભક્તિવાળા શત શબ્દને, તથા એકલા યોજન શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે **क्रोशशताद् अभिगमम् अर्हति = क्रोशशत + इकण् = क्रौशशतिकः मुनिः** = સો ગાઉ સુધી સામે જવા યોગ્ય મુનિ, **योजनशताद् अभिगमम् अर्हति = यौजनशतिकः** = સો યોજન સામે જવાને યોગ્ય, **योजनाद् अभिगमम् अर्हति = यौजनिकः** = એક યોજન સામે જવા યોગ્ય.

तद् यात्येभ्यः ॥ ६-४-८७ ॥

જવું અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ક્રોશશત, યોજનશત અને યોજન શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **क्रोशशतं याति = क्रोशशत + इकण् = क्रौशशतिकः दूतः** = સો ગાઉ જનારો દૂત, **योजनशतं याति=यौजनशतिकः दूतः**=સો યોજન જનારો દૂત, **योजनं याति = यौजनिकः दूतः** = એક યોજન જનારો દૂત.

पथ इकट् ॥ ६–४–८८ ॥

જાય છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પથિન્ શબ્દને 'ઇકટ્' પ્રત્યય લાગે છે. **पन्थानं याति = पथिन् + इकट् = पथिकः** = માર્ગે જનાર – મુસાફર, **पथिकी** = માર્ગે જનારી.

नित्यं णः, पन्थश्च ॥ ६–३–८९ ॥

નિત્ય જાય છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પથિન્ શબ્દને 'ણ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં પથિન્ શબ્દનો 'पन्थ' આદેશ થાય છે. **पन्थानं नित्यं याति = पथिन् + ण = पन्थ + ण = पान्थः** = રસ્તે નિત્ય જનાર – એકલિયો, યોગી.

शङ्कूत्तर–कान्तारा–ऽज–वारि–स्थल–जङ्गलादेस्तेनाऽऽहृते च ॥ ६–४–९० ॥

તેના વડે લાવેલું તથા તેના વડે જનારો અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા પથિન્ શબ્દ છે અન્તે જેને અને શંકુ વગેરે શબ્દો છે પૂર્વમાં જેને, એવા શંકુપથ વગેરે શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **शङ्कुपथा आहृतः, याति वा = शङ्कुपथ + इकण् = शाङ्कुपथिकः** = ખીલા આકારના માર્ગથી લાવેલો, શંકુ આકારના માર્ગથી જનારો **उत्तरपथा आहृतः, याति वा = औत्तरपथिकः** = ઉત્તરપથ દ્વારા લાવેલા, ઉત્તરપથદ્વારા જનારો, **कान्तारपथा आहृतः, याति वा=कान्तारपथिकः** = જંગલના માર્ગથી લાવેલો, જંગલના માર્ગથી જનારો, **अजपथा आहृतः, याति वा = आजपथिकः** = અજપથથી લાવેલો, અજપથથી જનારો, "જે રસ્તે બકરાથી લઈ જઈ શકાય, જે રસ્તે બકરા ઉપર બેસીને જઈ શકાય,

જ્યાં બકરાંઓ જ ચાલી શકે તે – અજપથ. **वारिपथा आहृतः, याति वा = वारिपथिकः** = જળમાર્ગથી લાવેલો, જળમાર્ગથી જનારો. **स्थलपथा आहृतः, याति वा = स्थालपथिकः** = ભૂમિ માર્ગથી લાવેલો, ભૂમિ માર્ગથી જનારો, **जङ्गलपथा आहृतः, याति वा = जाङ्गलपथिकः** = જંગલના માર્ગથી લાવેલો, જંગલના માર્ગથી જનારો.

स्थलादेर्मधुक–मरिचेऽण् ॥ ६–४–९१ ॥

લાવેલી વસ્તુ મધુક અથવા મરિચ હોય તો, તૃતીયા વિભક્તિ-વાળા સ્થલપથ વગેરે શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **स्थलपथा आहृतः मधुकम्, मरिचं वा = स्थलपथ + अण् = स्थालपथः मधुकम, मरिचं वा** = ભૂમિમાર્ગથી લાવેલા જેઠીમધ અથવા મરી.

तुरायण–पारायणं यजमाना–ऽधीयाने ॥ ६–४–९२ ॥

દ્વિતીયા વિભક્તિવાળા તુરાયણ અને પારાયણ શબ્દને, અનુક્રમે યજ્ઞકરનાર અને ભણનાર અર્થમાં ' **ઇકણ્** ' પ્રત્યય લાગે છે. **तुरायणं यजते = तुरायण + इकण् = तौरायणिकः** = તુરાયણ નામનો યજ્ઞ કરનાર, **पारायणम् अधीते = पारायणिकः** = પારાયણ કરનાર, ધાતુપારાયણ વગેરે શાસ્ત્રને ભણનાર.

संशयं प्राप्ते ज्ञेये ॥ ६–४–९३ ॥

પ્રાપ્ત એવું જ્ઞેય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા સંશય શબ્દને ' **ઇકણ્** ' પ્રત્યય લાગે છે. **संशयं प्राप्तः = संशय + इकण् = सांशयिकः अर्थः** = સંશય પામેલ અર્થ, સંશયવાળો અર્થ. અહિં સંશય કરનાર પોતાને નથી સમજવાનું પણ જાણવા યોગ્ય અર્થ જ લેવાનો છે.

तस्मै योगादेः शक्ते ॥ ६-४-९४ ॥

શક્તિ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા યોગ વગેરે શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **योगाय शक्तिः = योग + इकण् = यौगिकः** = યોગ માટે સમર્થ, **सन्तापाय शक्तः = सान्तापिकः** = સંતાપને સહન કરનાર, સંતાપને ઉભો કરનાર.

योग-कर्मभ्यां योकञौ ॥ ६-४-९५ ॥

શક્તિ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા યોગ અને કર્મ શબ્દને અનુક્રમે 'य' અને 'उकञ्' પ્રત્યય લાગે છે. **योगाय शक्तः = योग + य = योग्यः** = કાર્યમાટે કુશલ, **कर्मणे शक्तम् = कर्म + उकञ् = कार्मुकम्** = કાર્ય કરવા માટે સમર્થ. **योगः - कर्मसु कुशलम्** = યોગ એટલે કાર્યની કુશળતા.

यज्ञानां दक्षिणायाम् ॥ ६-४-९६ ॥

યજ્ઞની દક્ષિણા અર્થમાં, પછી વિભક્તિવાળા યજ્ઞવાચક શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **अग्निष्टोमस्य दक्षिणा = अग्निष्टोम + इकण् = आग्निष्टोमिकी** = અગ્નિષ્ટોમ યજ્ઞની દક્ષિણા.

तेषु देयं ॥ ६-४-९७ ॥

યજ્ઞમાં દેવાતું અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા યજ્ઞવાચક નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **वाजपेये देयं भक्तम् = वाजपेय + इकण् = वाजपेयिकं भक्तम्** = વાજપેય યજ્ઞમાં દેવાતું ભોજન.

काले कार्ये च भववत् ॥ ६-४-९८ ॥

દેવાતું અને કરાતું અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા કાલવાચક નામને, ભવ અર્થમાં વિધાન કરાયેલ પ્રત્યયો લાગે છે. **યથા – वर्षासु भवम् = वर्षा + इकण् = वार्षिकम्** = વર્ષાકાળમાં થનાર, **તથા – वर्षासु देयम्, कार्यं वा = वार्षिकम्** = ચોમાસામાં દેવાતું દાન, ચોમાસામાં કરાતું વ્રતાદિ કાર્ય.

व्युष्टादिष्वण् ॥ ६–४–९९ ॥

દેવાતું અને કરાતું અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા વ્યુષ્ટ વગેરે શબ્દને '**अण्**' પ્રત્યય લાગે છે. **व्युष्टे देयम्, कार्यं वा=व्युष्ट + अण् = वैयुष्टम्** = પ્રભાતકાલમાં દેવાતું દાન, કરાતું કાર્ય **नित्यं देयम्, कार्यं वा=नैत्यम्**=હંમેશા દેવાતું અથવા કરાતું. વ્યુષ્ટ એટલે સમાન દિવસ અને રાત હોય તે.

यथाकथाचाणः ॥ ६–४–१०० ॥

દેવાતું અને કરાતું અર્થમાં, અનાદર અર્થક યથાકથાચ શબ્દને 'ણ' પ્રત્યય લાગે છે. **यथाकथाचं देयम्, कार्यं वा = यथाकथाच + ण = याथाकथाचम्** = જેમ તેમ કરીને – અનાદર પૂર્વક દેવાતું અથવા કરાતું.

तेन हस्ताद् यः ॥ ६–४–१०१ ॥

દેવાતું અથવા કરાતું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા હસ્ત શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **हस्तेन देयम्, कार्यं वा = हस्त + य = हस्त्यम्** = હાથથી દેવાતું અથવા કરાતું.

शोभमाने ॥ ६–४–१०२ ॥

શોભતું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા નામને '**ईकण्**' પ્રત્યય

લાગે છે. **कर्णवेष्टकाभ्यां शोभते = कर्णवेष्टक + इकण् = कार्णवेष्टकिकं मुखम्** = કાનના કુંડલથી શોભતું મુખ.

कर्म-वेषाद् यः ॥ ६-४-१०३ ॥

શોભતું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા કર્મ અને વેષ શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **कर्मणा शोभते = कर्मन् + य = कर्मण्यं शौर्यम्** = પ્રાવૃત્તિથી શોભતું શૌર્ય, **वेषेन शोभते = वेष्यः नटः** = વેષથી શોભતો નટ.

कालात् परिजय्य-लभ्य-कार्य-सुकरे ॥ ६-४-१०४ ॥

કાળુમાં જીર્ણ શકાય, મેળવી શકાય, કરી શકાય અને સરલતાથી કરી શકાય અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા કાલવાચક નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **मासेन परिजय्यः = मास + इकण् = मासिकः व्याधिः** = મહિનામાં કાબુમાં જીર્ણ શકાય એવો રોગ, **मासेन लभ्यः = मासिकः पटः** = મહિનામાં મેળવી શકાય એવો પટ, **मासेन कार्यम् = मासिकं चान्द्रायणम्** = મહિનામાં કરી શકાય એવું ચાન્દ્રાયણ વ્રત, **मासेन सुकरम् = मासिकः प्रासादः** = મહિનામાં સરલતાથી બની શકાય એવો મહેલ.

निर्वृत्ते ॥ ६-४-१०५ ॥

બનાવું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા કાલવાચક નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **अह्ना निर्वृत्तम् = अहन् + इकण् = आह्निकम्** = એક દિવસમાં પૂરું બનાર.

तं भावि-भूते ॥ ६-४-१०६ ॥

થનારૂં અને થયેલું અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા કાલવાચક નામને '૪કણ્' પ્રત્યય લાગે છે. **मासं भावी, भूता वा = मास + इकण् = मासिकः उत्सवः** = મહિનામાં થનારો કે થયેલો ઉત્સવ.

तस्मै भूता–ऽधीष्टे च ॥ ६–४–१०७ ॥

પગાર આપીને રોકેલો અને સત્કાર પૂર્વક નીમેલા અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા કાલવાચક શબ્દને '૪કણ્' પ્રત્યય લાગે છે. **मासाय भूतः = मास + इकण् = मासिकः कर्मकरः** = મહિના માટે પગારથી રાખેલ નોકર, **मासाय अधीष्टः = मासिकः उपाध्यायः** = મહિના માટે આદરપૂર્વક નીમેલા શિક્ષક.

षण्मासादवयसि ण्येकौ ॥ ६–४–१०८ ॥

ભાવી અને ભૂત અર્થમાં દ્વિતીયા વિભક્તિવાળા કાલવાચક ષણ્માસ શબ્દને, નિર્વૃત્ત અર્થમાં તૃતીયા વિભક્તિવાળા કાલવાચક ષણ્માસ શબ્દને, તથા ભૂત અને અધીષ્ટ અર્થમાં ચતુર્થી વિભક્તિવાળા કાલવાચક ષણ્માસ શબ્દને 'ણ્ય' અને '૪ક' પ્રત્યય લાગે છે. જો ઉમર અર્થ જણાતો ન હોય તો. **षण्मासं भावी, भूतो वा = षण्मास + ण्य=षाण्मास्यः, षण्मास+इक = षण्मासिकः** = ૬ માસ સુધી થનારો અથવા થયેલો, **षण्मासेन निर्वृत्तः = षाण्मास्यः, षाण्मासिकः**=૬ માસ વડે નિપજેલું, **षण्मासाय भूतः, अधीष्टो वा = षाण्मास्यः, षाण्मासिकः** = ૬ મહિના માટે પગારથી રાખેલ, અથવા ૬ માસ માટે આદરપૂર્વક નિમેલ.

समांया ईनः ॥ ६–४–१०९ ॥

ભાવી અને ભૂત અર્થમાં દ્વિતીયા વિભક્તિવાળા કાલવાચક સમા

શબ્દને, નિર્વૃત્ત અર્થમાં તૃતીયા વિભક્તિવાળા સમા શબ્દને, તથા ભૂત અને અધીષ્ટ અર્થમાં ચતુર્થી વિભક્તિવાળા સમા શબ્દને 'ખિન' પ્રત્યય લાગે છે **समां भावी, भूतो वा = समा + ईन = समीनः**=એક વર્ષ સુધી થનારો અથવા થયેલો, **समया निवृत्तः=समीनः**=એક વર્ષ વડે નિપજેલું, **समायै भूतः, अधीष्टो वा = समीनः** = એક વર્ષ માટે પગારથી રાખેલ, એક વર્ષ માટે આદરપૂર્વક રોકેલ.

रात्र्यहः-संवत्सराच्च द्विगोर्वा ॥ ६-४-११० ॥

રાત્રિ, અહન્, સંવત્સર અને સમા શબ્દ છે અન્તે જેને એવા દ્વિગુસમાસમાં આવેલ કાલવાચક દ્વિતીયા વિભક્તિવાળા નામને ભાવી અને ભૂત અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા તે જ નામને નિર્વૃત્ત અર્થમાં, તથા ચતુર્થી વિભક્તિવાળા તે જ નામને ભૂત અને અધીષ્ટ અર્થમાં, વિકલ્પે ' **ઈન** ' પ્રત્યય લાગે છે. **द्वे रात्री भावी, भूतो वा = द्विरात्रि + ईन = द्विरात्रीणः, द्विरात्रि + इकण्** = **द्वैरात्रिकः** = બે રાત્રિ સુધી થનારૂં કે થયેલું, **द्वाभ्यां रात्रिभ्यां निर्वृत्तः = द्विरात्रीणः द्वैरात्रिकः** = બે રાત્રિ વડે નિપજેલું, **द्वाभ्यां रात्रिभ्यां भूतः, अधीष्टो वा = द्विरात्रीणः, द्वैरात्रिकः** = બે રાત્રિ માટે પગારથી રાખેલ, બે રાત્રિ માટે આદરપૂર્વક રોકેલ. **द्वे अहनी भावी, भूतो वा = द्व्यहनीः, द्व्यह्निकः** = બે દિવસ સુધી થનારો અથવા થયેલો, **द्वाभ्यां अहोभ्यां निर्वृत्तः = द्व्यहनीः, द्व्यह्निकः**=બે રાત્રિવડે નિપજેલું, **द्वाभ्यां अहोभ्यां भूतः, अधीष्टो वा** = બે દિવસ માટે પગારથી રાખેલ, બે દિવસ માટે આદરપૂર્વક રોકેલ. **द्वे संवत्सरे भावी, भूतो वा = द्विसंवत्सरीणः, द्विसांवत्सरिकः** = બે વર્ષ સુધી થનારો અથવા થયેલો, **द्वाभ्यां संवत्सराभ्यां निर्वृत्तः = द्विसंवत्सरीणः, द्विसांवत्सरिकः** = બે વર્ષ વડે નિપજેલું, **द्वाभ्यां संवत्सराभ्यां भूतः, अधीष्टो**

वा = द्विसंवत्सरीणः, द्विसांवत्सरिकः = બે વર્ષ માટે પગારથી રાખેલ, બે વર્ષ માટે આદરપૂર્વક રોકેલ, **द्वे समे भावी, भूतो वा = द्विसमीनः, द्वैसमिकः** = બે વર્ષ સુધી થનારો અથવા થયેલો, **द्वाभ्यां समाभ्यां निर्वृत्तः = द्विसमीनः, द्वैसमिकः** = બે વર્ષ વડે નિપજેલું, **द्वाभ्यां समाभ्यां भूतः, अधीष्टो वा = द्विसमीनः, द्वैसमिकः** = બે વર્ષ માટે પગારથી રાખેલ, બે વર્ષ માટે આદર પૂર્વક રોકેલ.

वर्षादश्च वा ॥ ६–४–१११ ॥

વર્ષા શબ્દ છે અન્તે જેને એવા દ્વિગુસમાસમાં આવેલ કાલ વાચક દ્વિતીયા વિભક્તિવાળા વર્ષ શબ્દને ભાવી અને ભૂત અર્થમા, તૃતીયા વિભક્તિવાળા વર્ષ નામને નિર્વૃત્ત અર્થમાં, તથા ચતુર્થી વિભક્તિવાળા વર્ષ નામને ભૂત અને અધીષ્ટ અર્થમાં '**अ**' અને '**ईन**' પ્રત્યય વિકલ્પે લાગે છે **द्वे वर्षे भावा, भूतो वा = द्विवर्ष + अ = द्विवर्षः, द्विवर्ष + ईन = द्विवर्षीणः, द्विवर्ष + इकण् = द्विवार्षिकः** = બે વર્ષ સુધી થનારો, અથવા થયેલો, **द्वाभ्यां वर्षाभ्यां निवृत्तः=द्विवर्षः, द्विवर्षीणः, द्विवार्षिकः**=બે વર્ષ વડે નિપજેલું, **द्वाभ्यां वर्षाभ्यां भूतः, अधीष्टो वा = द्विवर्षः, द्विवर्षीणः, द्विवार्षिकः** = બે વર્ષ માટે પગારથી રાખેલ, બે વર્ષ માટે આદરપૂર્વક રોકેલ.

प्राणिनि भूते ॥ ६–४–११२ ॥

થયેલો પ્રણી અર્થમાં, જેને અન્તે કાલવાચક વર્ષ છે એવા દ્વિગુસમાસવાળા નામને '**अ**' પ્રત્યય લાગે છે **द्वे वर्षे भूतः = द्विवर्ष + अ = द्विवर्षः वत्सः** = બે વર્ષનું વાછરડું.

मासाद्वयसि यः ॥ ६–४–११३ ॥

ઉમર અર્થ જણાતી હોય તો ભૂત અર્થમાં જે નામને છેડે કાલવાચક માસ છે એવા દ્વિગુસમાસવાળા નામને ' य ' પ્રત્યય લાગે છે, **द्वौ मासौ भूतः = द्विमास + य = द्विमास्यः शिशुः** = બે માસનું બાળક.

ईनञ् च ॥ ६-४-११४ ॥

ઉમર અર્થ જણાતી હોય તો ભૂત અર્થમાં, કાલવાચક માસ શબ્દને ' ईनञ् ' અને ' य ' પ્રત્યય લાગે છે. **मासं भूतः = मास + ईनञ् = मासीनः, मास + य = मास्यः शिशुः** = એક મહિનાનું બાળક.

षण्मासाद् य-यणिकण् ॥ ६-४-११५ ॥

ઉમર અર્થ જણાતી હોય તો ભૂત અર્થમાં, કાલવાચક નામને ' य, यण् ' અને ' इकण् ' પ્રત્યય લાગે છે **षण्मासान् भूतः = षण्मास + य = षण्मास्यः, षण्मास + यण् = षाण्मास्यः, षण्मास + इकण् = षाण्मासिकः शिशुः** = ૬ મહિનાનું બાળક.

सोऽस्य ब्रह्मचर्य-तद्वतो ॥ ६-४-११६ ॥

બ્રહ્મચર્યનો તથા બ્રહ્મચારીનો સમય અર્થમાં, કાલવાચક પ્રથમા વિભક્તિવાળા નામને ' इकण् ' પ્રત્યય લાગે છે. **मासः अस्य ब्रह्मचर्यस्य = मास + इकण् = मासिकं ब्रह्मचर्यम्** = એક માસનું બ્રહ્મચર્ય, **मासः अस्य ब्रह्मचारिणः = मासिकः तद्वान्** = એક માસના બ્રહ્મચર્યવાળો.

प्रयोजनम् ॥ ६-४-११७ ॥

પ્રયોજન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા પ્રયોજનવાચક નામને

'ઇકણ્' પ્રત્યય લાગે છે. **जैनमहः प्रयोजनम् अस्य = जैनमह + इकण् = जैनमहिकः देवागमनम्** = દેવને આવવાનું પ્રયોજન જિન **મહોત્સવ** છે.

एकागाराच्चौरे ॥ ६–४–११८ ॥

પ્રયોજન અર્થમાં, જો ચોર અર્થ જણાતો હોય તો, પ્રથમા વિભક્તિવાળા એકાગાર શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **एकांगारं प्रयोजनम अस्य = एकागार + इकण् = ऐकागारिकः** = ચોર આવવાનું કારણ રહેઠાણ વિનાનું ઘર છે.

चूदादिभ्योऽण् ॥ ६–४–११९ ॥

પ્રયોજન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ચૂડા વગેરે શબ્દને 'અણ્' પ્રત્યય લાગે છે. **चूडा प्रयोजनम् अस्य = चूडा + अण् =चौडः आद्धम्** = વાળ ઉતારવાનું પ્રયોજન છે એવું શ્રાદ્ધ–ચૂડાકર્મ.

विशाखा–ऽऽषाढान्मन्थ–दण्डे ॥ ६–४–१२० ॥

પ્રયોજન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા વિશાખા અને અષાઢ શબ્દને, અનુક્રમે રવૈયો અને દંડ અર્થમાં 'અણ્' પ્રત્યય લાગે છે. **विशाखा प्रयोजनम अस्य = विशाखा + अण् = वैशाखः मन्थः=** વિશાખા વૃક્ષનું પ્રયોજન છે તે – વિશાખા વૃક્ષમાંથી બનેલ રવૈયો. **आषाढा प्रयोजनम् अस्य=आषाढः दण्डः** = ખાખરાના ઝાડમાંથી બનેલ દંડ.

उत्थापनादेरीयः ॥ ६–४–१२१ ॥

પ્રયોજન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ઉત્થાપન વગેરે શબ્દને

'ઇય' પ્રત્યય લાગે છે. **उत्थापनं प्रयोजनम् अस्य = उत्थापन +ईय=उत्थापनीयः**=ઉઠાડવાનું પ્રયોજન છે તે પ્રવૃત્તિ, **उत्स्थापनं प्रयोजनम् अस्य=उत्स्थापनीयः** = સ્થાપવાનું પ્રયોજન છે તે પ્રવૃત્તિ.

विशि–रुहि–पदि–पूरि–समापेरनात्सपूर्वपदात्
॥ ६–४–१२२ ॥

પ્રયોજન અર્થમાં, અન પ્રત્યયાન્ત એવા વિશિ, રુહિ, પદિ, પૂરિ અને સમાપ શબ્દ છે પૂર્વપદમાં જેને, એવા શબ્દને 'ઇય' પ્રત્યય લાગે છે. **गृहप्रवेशनं प्रयोजनम् अस्य = गृहप्रवेशन + ईय = गृहप्रवेशनीयम्** = એનું પ્રયોજન ગૃહપ્રવેશનું છે તે, **आरोहणं प्रयोजनम् अस्य = आरोहणीयम्** = એનું પ્રયોજન ચઢવાનું છે તે, **गोपपदनं प्रयोजनम् अस्य = गोपपदनीयम्** = એનું પ્રયોજન ગાયની ગતિ છે તે, **प्रपापूरणं प्रयोजनम् अस्य = प्रपापूरणीयम्** = એનું પ્રયોજન પરબ ભરવાનું છે તે, **अङ्गसमापनं प्रयोजनम् अस्य = अङ्गसमापनीयम** = એનું પ્રયોજન શાસ્ત્ર પૂર્ણ કરવાનું છે તે.

स्वर्ग–स्वस्तिवाचनादिभ्यो य–लूपौ ॥ ६–४–१२३ ॥

પ્રયોજન અર્થમાં, સ્વર્ગ વગેરે શબ્દને 'य' પ્રત્યય લાગે છે. તથા સ્વસ્તિવાચન વગેરે શબ્દને પ્રયોજન અર્થમાં ઇકણ્ પ્રત્યયનો 'લોપ' થાય છે. **स्वर्गः प्रयोजनम् अस्य = स्वर्ग + य = स्वर्ग्यः** = સ્વર્ગ એનું પ્રયોજન છે તે. **आयुः प्रयोजनम् अस्य = आयुष्यम्** = આયુષ્ય એનું પ્રયોજન છે તે, **स्वस्तिवाचनं प्रयोजनम् अस्य = स्वस्तिवाचन + इकण् = स्वस्तिवाचनम्** = એનું પ્રયોજન સ્વસ્તિવાચન છે તે. **शान्तिवाचनं प्रयोजनम् अस्य = शान्तिवाचनम्** = એનું પ્રયોજન શાન્તિવાચન છે.

समयात् प्राप्तः ॥ ६–४–१२४ ॥

એનો સમય આવી ગયો છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા સમય શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **समय प्राप्तः अस्य = समय + इकण् = सामायिकं कार्यम्** = એનો સમય આવી ગયો છે એવું કાર્ય.

ऋत्वादिभ्याऽण् ॥ ६–४–१२५ ॥

સમય આવી ગયો છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ઋતુ વગેરે શબ્દને ' અણ્ ' પ્રત્યય લાગે છે. **ऋतुः प्राप्तः अस्य = ऋतु + अण् = आर्तवं फलम्** = એનો ઋતુ આવી ગઈ છે એવું ફળ, **उपवस्ता प्राप्तः अस्य = औपवस्त्रम्** = પારણામાં ખાવાની ચીજ માટે ઉપવાસી આવી ગયો છે તે ચીજ.

कालाद् यः ॥ ६–४–१२६ ॥

સમય આવી ગયો છે અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા કાલ શબ્દને ' ય ' પ્રત્યય લાગે છે. **कालः प्राप्तः एषाम् = काल + य = काल्याः मेघाः** = એનો સમય આવી ગયેલ છે એવા વાદળા.

दीर्घः ॥ ६–४–१२७ ॥

ઘણો સમય થયો અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા કાલ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **दीर्घः कालः प्राप्तः अस्य = काल +इकण् + कालिकः ऋणम्**=જે કરજને ઘણો સમય થઈ ગયો છે તે.

आकालिकमिकश्चाद्यन्ते ॥ ६–४–१२८ ॥

છે એવા અર્થમાં, જેના આદિ અને અંત એક સમાન હોય એવા

અકાલ શબ્દને '૪ક' અને '૪કણ્' પ્રત્યય લાગે છે. **आकालं भवति = आकाल + इक = आकालिकः. आकाल + इकण् = आकालिकः अनध्यायः** = આગલા દિવસે જે સમયે અનધ્યાય – રજા શરૂ થઈ હોય તે જ સમયે બીજા દિવસે રજા પૂરી થાય તે. **आकालिकी, आकालिका विद्युत्** = જે સમયે વિજળી થાય તેજ સમયે વીજળી નાશ પામે તે

त्रिंशद्–विंशतेर्डकोऽसंज्ञायामार्हदर्थे ॥ ६–४–१२९ ॥

અર્હદ્ અર્થ સુધીમાં જે પ્રત્યયોનું વિધાન કરવાના છે, તે પ્રત્યયોને સ્થાને ત્રિંશત્ અને વિંશતિ શબ્દને 'ડક' પ્રત્યય લાગે છે. જો વિશેષ નામનો વિષય ન હોય તો. **त्रिंशता क्रीतम् = त्रिंशत् + डक = त्रिंशकम्** = ત્રીશ વડે ખરીદેલું, **विंशत्या क्रीतम् = विंशकम्** = વીશ વડે ખરીદેલું. **त्रिंशकः** = ત્રીશ વડે ખરીદેલો, **विंशकः** = વીશ વડે ખરીદેલો.

सङ्ख्या–डतेश्चाऽशत्–ति–ष्टेः कः ॥ ६–४–१३० ॥

અર્હદ્ અર્થ સુધી અર્થમાં, જેને અન્તે શત, તિ અને ષ્ટિ શબ્દ છે તેવા શબ્દને છોડીને, સંખ્યાવાચક નામને, ડતિ પ્રત્યયાન્ત નામને, તથા ત્રિંશત્ અને વિંશતિ શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **द्वाभ्यां क्रीतम्=द्वि + क = द्विकम्** = બે વડે ખરીદેલું, **कतिभिः क्रीतम् = कतिकम्** = કેટલા વડે ખરીદેલું, **त्रिंशता क्रीतम् = त्रिंशत्कम्** = ત્રીશ વડે ખરીદેલું, **विंशत्या क्रीतम् = विंशतिकम्**= વીશ વડે ખરીદેલું.

शतात्केवलादतस्मिन् येकौ ॥ ६–४–१३१ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, જો શતનો અર્થ શતથી ભિન્ન

હોય, તો એકસો શત શબ્દને ' य ' અને ' ઇક ' પ્રત્યય લાગે છે. **शतेन क्रीतम् = शत + इक = शतिकम्, शत + य = शत्यम्** = સો વડે ખરીદેલું કપડું વગેરે.

वाऽतोरिकः ॥ ६–४–१३२ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, અતુ પ્રત્યયાન્ત સંખ્યાવાચક નામને, વિકલ્પે ' ઇક ' પ્રત્યય લાગે છે. **यावता क्रीतम् = यावत् +इक = यावतिकम्, यावत्+क=यावत्कम्**=જેટલા વડે ખરીદેલું.

कार्षापणादिकट् प्रतिश्चास्य वा ॥ ६–४–१३३ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, કાર્ષાપણ શબ્દને ' ઇકટ્ ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં કાર્ષાપણ શબ્દને સ્થાને ' પ્રતિ ' આદેશ વિકલ્પે થાય છે. **कार्षापणेन क्रीतम् = कार्षपण + इकट् = कार्षापणिकी, कार्षापण + इकट् = प्रतिकी** = કાર્ષાપણથી ખરીદેલી પડિકી.

अर्धात् पल–कंस–कर्षात् ॥ ६–४–१३४ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, અર્ધ શબ્દથી પર રહેલ પલ, કંસ અને કર્ષ શબ્દને ' ઇકટ્ ' પ્રત્યય લાગે છે. **अर्धपलेन क्रीतम् = अर्धपल + इकट् = अर्धपलिकम्** = અર્ધપલથી ખરીદેલું. **अर्धकंसेन क्रीतम् = अर्धकंसिकम्** = અર્ધ કંસથી ખરીદેલું, **अर्धकर्षेन क्रीता = अर्धकर्षिकी** = અર્ધકર્ષથી ખરીદેલી.

कंसा–ऽर्धात् ॥ ६–४–१३५ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, કંસ અને અર્ધ શબ્દને 'ઇકટ્'

પ્રત્યય લાગે છે. **कंसन क्रीता = कंस + इकट् = कांसिकी** = કંસ નામના માપથી ખરીદેલી, **अर्धेन क्रीता = अर्धिकी** = અડધા વડે ખરીદેલી.

सहस्र-शतमानादण् ॥ ६-४-१३६ ॥

અહીંદ્ અર્થ સુધીના અર્થમાં, સહસ્ર અને શતમાન શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **सहस्रेन क्रीतः = सहस्र + अण् = साहस्रः** = એક હજારથી ખરીદેલ, **शतमानेन क्रीतः =शातमानः** = એકસોના માપથી ખરીદેલ.

शूर्पाद् वाऽञ् ॥ ६-४-१३७ ॥

અહીંદ્ અર્થ સુધીના અર્થમાં, શૂર્પ શબ્દને વિકલ્પે ' **अञ्** ' પ્રત્યય લાગે છે **शूर्पेण क्रीतम्=शूर्प + अञ् = शौर्पम्** , **शूर्प + इकण् = शौर्पिकम्** = સૂપડાના માપથી ખરીદેલું.

वसनात् ॥ ६-४-१३८ ॥

અહીંદ્ અર્થ સુધીના અર્થમાં, વસન શબ્દને ' **अञ्** ' પ્રત્યય લાગે છે. **वसनेन क्रीतम् = वसन + अञ् = वासनम्** = વસ્ત્રથી ખરીદેલું.

विंशतिकात् ॥ ६-४-१३९ ॥

અહીંદ્ અર્થ સુધીના અર્થમાં, વિંશતિક શબ્દને ' **अञ्** ' પ્રત્યય લાગે છે. **विंशतिकेन क्रीतम् = विंशतिक + अञ् = वैंशतिकम्** = વીશના માપથી ખરીદેલું.

द्विगोरीनः ॥ ६-४-१४० ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસવાળા વિંશતિક શબ્દને 'ઇન' પ્રત્યય લાગે છે. **द्वाभ्यां विंशतिकाभ्यां क्रीतम् = द्वि-विंशतिक + इन = द्विविंशतिकीनम्** = બાવીશના માપથી ખરીદેલું

अनाम्न्यद्विः प्लुप् ॥ ६–४–१४१ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસવાળા નામને લાગેલ પ્રત્યયનો લોપ્ થાય છે અને તે પ્ નિશાનવાળો સમજવો અર્થાત્ 'પ્લુપ્' થાય છે. જો કોઈનું વિશેષ નામ હોય તો લોપ થયા પછી ફરીથી લોપ ન થાય. **द्वाभ्यां कंसाभ्यां क्रीतम् = द्विकंस + अञ् = द्विकंसम्** = બે કંસના માપથી ખરીદેલું.

नवाऽणः ॥ ६–४–१४२ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસવાળા નામને લાગેલ અણ્ પ્રત્યયનો વિકલ્પે પિત્સંજ્ઞક એવો 'લોપ' થાય છે. અને એકવાર લોપ થયા બાદ ફરીથી લોપ થતો નથી. **द्वाभ्यां सहस्राभ्यां क्रीतम् = द्विसहस्र + अण् = द्विसहस्रम्, द्विसाहस्रम्** = બે હજાર વડે ખરીદેલું.

सुवर्ण–कार्षापणात् ॥ ६–४–१४३ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસવાળા સુવર્ણ અને કાર્ષાપણ શબ્દને લાગેલ પ્રત્યયનો પિત્સંજ્ઞક એવો 'લોપ' વિકલ્પે થાય છે. અને એકવાર લોપ થયા બાદ બીજીવાર લોપ થતો નથી. **द्वाभ्यां सुवर्णाभ्यां क्रीतम् = द्विसुवर्णम्, द्विसौवर्णिकम्** = બે સોનામહોરથી ખરીદેલું, **द्वाभ्यां कार्षापणाभ्यां क्रीतम् = द्वि-कार्षापणम्, द्विकार्षापणिकम्** = બે કાર્ષાપણથી ખરીદેલું

द्वि-त्रि-बहोर्निष्क-विस्तात् ॥ ६-४-१४४ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિ, ત્રિ અને બહુ શબ્દથી પર રહેલ દ્વિગુસમાસમાં નિષ્ક અને વિસ્ત શબ્દને લાગેલ પ્રત્યયનો વિકલ્પે '**लोप**' થાય છે અને લોપ થયા બાદ બીજીવાર લોપ થતો નથી. **द्वाभ्यां निष्काभ्यां क्रीतम् = द्विनिष्कम् द्विनैष्किम्** = નિષ્ક વડે ખરીદેલ, '**त्रिभिः निष्कैः क्रीतम् = त्रिनिष्कम्, त्रिनैष्किकम्** = ણ નિષ્કથી ખરીદેલું. **बहुभिः निष्कैः क्रीतम् = बहुनिष्कम्, बहुनैष्किकम्** = ઘણા નિષ્કથી ખરીદેલું. **द्वाभ्यां विस्ताभ्यां क्रीतम् = द्विविस्तम्, द्विवैस्तिकम्** = બે વિસ્તથી ખરીદેલું, **त्रिभिः विस्तैः क्रीतम् = त्रिविस्तम्, त्रिवैस्तिकम्** =બે વિસ્તથી ખરીદેલું, **बहुभिः विस्तैः क्रीतम् = बहुविस्तम्. बहुवैस्तिकम्** = ઘણા વિસ્તાથી ખરીદેલું.

शताद् यः ॥ ६-४-१४५ ॥

અહંદ્ અર્થસુધીના અર્થમાં, દ્વિગુસમાસાન્ત શાણ શબ્દને '**य**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **द्विशताभ्यां क्रीअम्=द्विशत+य= द्विशत्यम्, द्विशत + क = द्विशतिकम्** = બસો વડે ખરીદેલું

शाणात् ॥ ६-४-१४६ ॥

અહંદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસાન્ત શાણ શબ્દને વિકલ્પે '**य**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **पञ्चभिः शाणैः क्रीतम् = पञ्चशाण्यम्, पञ्चशाण + अण् = पञ्चशाणम्** = પાંચ કસોટી વડે ખરીદેલું

द्वि-त्र्यादेर्याऽण वा ॥ ६-४-१४७ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસમાં દ્વિ અને ત્રિ શબ્દ છે. આદિમાં જેને એવા શાણ શબ્દને 'ય' અને 'અણ્' પ્રત્યય વિકલ્પે લાગે છે **દ્વાભ્યાં શાણાભ્યામ્ ક્રીતમ્** = **દ્વિશાણ+ય** = **દ્વિશાણ્યમ્**, **દ્વિશાણમ્**. **દ્વિશાણ + અણ્** = **દ્વૈશાણમ્**, **દ્વિશાણમ્** = બે કસોટીથી ખરીદેલું, **ત્રિભિઃ શાણૈઃ ક્રીતમ્** = **ત્રિશાણ્યમ્**, **ત્રિશાણમ્**. **ત્રિશાણ+અણ્** = **ત્રૈશાણમ્**, **ત્રિશાણમ્** =ત્રણ કસોટીથી ખરીદેલું.

पण-पाद-माषाद् यः ॥ ६-४-१४८ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસાના પણ, પાદ અને માષ શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. **દ્વાભ્યાં પણાભ્યાં ક્રીતમ્** = **દ્વિપણ + ય** = **દ્વિપણ્યમ્** = બે પણના માપથી ખરીદેલું, **દ્વાભ્યાં પાદાભ્યાં ક્રીતમ્** = **દ્વિપાદ્યમ્** = બે પાદ-પાભાગ અર્થાત્ અડધાથી ખરીદેલું, **અધ્યર્ધાભ્યાં માષાભ્યાં ક્રીતમ્** = **અધ્યર્ધમાષ્યમ્** = દોઢ માસથી ખરીદેલું.

खारी-काकणीभ्यः कच् ॥ ६-४-१४९ ॥

અર્હદ્ અર્થ સુધીના અર્થમાં, દ્વિગુસમાસવાળા ખારી અને કાકણી શબ્દને 'કચ્' પ્રત્યય લાગે છે. **દ્વાભ્યાં ખારીભ્યાં ક્રીતમ્** = **દ્વિખારી + કચ્** = **દ્વિખારીકમ્** = બે ખારીથી ખરીદેલું, **દ્વાભ્યાં કાકણીભ્યાં ક્રીતમ્** = **દ્વિકાકણીકમ્** = બે કાકણીથી ખરીદેલું. **ખારીકમ્** = ખારીથી ખરીદેલું, **કાકણીકમ્** = કાકડીથી ખરીદેલું.

मूल्यैः क्रीते ॥ ६-४-१५० ॥

ખરીદેલું અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા મૂલ્યવાચક નામને 'યથોક્ત' પ્રત્યય લાગે છે, **પ્રસ્થેન ક્રીતમ્** = **પ્રસ્થ + ઇકણ્** =

प्रास्थिकम् = પ્રસ્થથી ખરીદેલું, **त्रिंशता क्रीतम्** = त्रिंशत् + क = **त्रिंशकम्** = ત્રીશ વડે ખરીદેલું.

तस्य वापे ॥ ६-४-१५१ ॥

વાવવા અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને 'યથોક્ત' પ્રત્યય લાગે છે. **प्रस्थस्य वापः = प्रस्थ + इकण् = प्रास्थिकम्** = પ્રસ્થના વજન જેટલા બી વાવ્યા, **खार्या वापः = खारी + क = खारीकम्** = ખારીના જેટલા વજનના બી વાવ્યા.

वात-पित्त-श्लेष्म-सन्निपातात् शमन-कोपेन ॥ ६-४-१५२ ॥

શમન અને કોપન અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા વાત, પિત્ત, શ્લેષ્મ અને સન્નિપાત શબ્દને યથોક્ત 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **वातस्य शमनम्, कोपनम् वा = वात + इकण् = वातिकम्** = વાયુ દોષનું શમન અથવા પ્રકોપ, **पित्तस्य शमनम्, कोपनम् वा = पैतिकम्** = પિત્તદોષનું શમન અથવા પ્રકોપ **श्लेष्मस्य शमनम्, कोपनम् वा = श्लैष्किम्** = કફરોગનું શમન અથવા પ્રકોપ **सन्निपातस्य शमनम् कोपनम् = सान्निपातिकम्** = સન્નિપાત રોગનું શમન અથવા પ્રકોપ.

हेतौ संयोगोत्पाते ॥ ६-४-१५३ ॥

સંયોગરૂપ અને ઉત્પાતરૂપ હેતુ હોય તો, ષષ્ઠી વિભક્તિવાળા હેતુરૂપ નામને 'યથોક્ત' પ્રત્યય લાગે છે. **शतस्य हेतुः संयोगः = शत + य = शत्यः, शत + इक = शतिकः दातृसंयोगः** = સો રૂપીયા મેળવવા માટે દાતાનો સંયોગ કારણરૂપ છે, **सामग्रहण**

स्य हेतुः उत्पातः = सोमग्रहण + इक = सोमग्रहणिकः भूमि कम्पः = ધરતીકંપનો ઉત્પાત થવામાં ચંદ્રગ્રહણ કારણરૂપ છે.

पुत्राद् येयौ ॥ ६–४–१५४ ॥

સંયોગરૂપ અને ઉત્પાતરૂપ હેતુ હોય તો, ષષ્ઠી વિભક્તિવાળા હેતુરૂપ પુત્ર શબ્દને '**य**' અને '**ईय**' પ્રત્યય લાગે છે. **पुत्रस्य हेतुः संयोगः = पुत्र + य = पुत्र्यः, पुत्र +ईय = पुत्रीयः** =સુખ મેળવવામાં પુત્રનો સંયોગ કારણરૂપ છે, **पुत्रस्य हेतुः उत्पातः = पुत्र्य, पुत्रीयः** = કલહ થવામાં પુત્રનો સંયોગ કારણરૂપ છે.

द्विस्वर–ब्रह्मवर्चसाद् योऽसङ्ख्या–परिमाणा–ऽश्वादेः ॥ ६–४–१५५ ॥

સંયોગરૂપ અને ઉત્પાતરૂપ હેતુ હોય તો, સંખ્યાવાચક શબ્દ, પરિમાણવાચક શબ્દ અને અશ્વ વગેરે શબ્દ વર્જિત, ષષ્ઠી વિભક્તિ વાળા બે સ્વરવાળા શબ્દને તથા બ્રહ્મવર્ચસ્ શબ્દને '**य**' પ્રત્યય લાગે છે. **धनस्य हेतुः संयोगः = धन + य = धन्यः** = ધનવાન વગેરે બનવા માં ધનનો સંયોગ કારણરૂપ છે, **ब्रह्मवर्चसः हतुः संयोगः = ब्रह्मवर्चस्यः** = બ્રહ્મતેજવાળા જ્ઞાનીનો સંયોગ થવામાં બ્રહ્મચર્ય કારણરૂપ છે. ભીંત તથા વસ્ત્રના માપને '**ઉન્માન**' કહેવાય, ઘી–દુધ વગેરેના માપને '**પરિમાણ**' કહેવાય, દોરડી નગેરેના લંબાઈના માપને '**પ્રમાણ**' કહેવાય.

पृथिवी–सर्वभूमेरीश–ज्ञातयोश्चाञ् ॥ ६–४–१५६ ॥

ઈશ અર્થમાં, જ્ઞાત અર્થમાં, સંયોગરૂપ અને ઉત્પાતરૂપ હેતુ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પૃથિવી અને સર્વભૂમિ શબ્દને '**અઞ**'

પ્રત્યય લાગે છે. **पृथिव्यः ईशः, ज्ञातः वा = पृथिवी + अञ्** = **पार्थिवः** = પૃથિવીનો રાજા અથવા પૃથ્વીનો જાણીતો, **पृथिव्याः हेतुः संयोगरूपः, उत्पातरूपः = पार्थिवः** = પૃથિવીના સંયોગ રૂપ અથવા ઉત્પાતરૂપ હેતુ. **सर्वभूमेः ईशः, ज्ञातः वा = सर्वभूमि +अञ् = सार्वभौमः** – સર્વભૂમિનો રાજા–ચક્રવર્તી અથવા સર્વ-ભૂમિનો જાણીતો, **सवभूमेः हेतुः संयोगरूप उत्पातरूपः = सार्वभौमः** = સર્વભૂમિના સંયોગરૂપ અથવા ઉત્પાતરૂપ હેતુ.

लोक–सर्वलोकाज्ज्ञाते ॥ ६-४-१५७ ॥

જાણીતા અર્થમાં, પહેલી વિભક્તિવાળા લોક અને સર્વલોક શબ્દને '**यथाऽऽत**' પ્રત્યય લાગે છે. **लोकस्य ज्ञातः = लोक + इकण् = लौकिकः** = લોકોને જાણીતો, **सर्वलोकस्य ज्ञातः = सार्वलोकिकः** = સર્વલોકોનો જાણીતો.

तदत्राऽस्मै वा वृद्धाय–लाभोपदा–शुल्कं देयम् ॥ ६-४-१५८ ॥

આમાં દેવા યોગ્ય સપ્તમી વિભક્તિના અર્થમાં, તથા આના માટે દેવા યોગ્ય ચતુર્થી વિભક્તિના અર્થમાં, લોકદ્વારા દેવા યોગ્ય એવા વૃદ્ધિરૂપ, આવકરૂપ, લાભરૂપ, લાંચરૂપ અને કરરૂપ પ્રથમા વિભક્તિવાળા નામને '**यथाऽऽत**' પ્રત્યય લાગે છે. **पञ्च अस्मिन् शते वृद्धः इति = पञ्च + क = पञ्चकं शतम्** = સોની રકમમાં પાંચ દેવા યોગ્ય વધ્યા, **पञ्च अस्मिन् ग्रामे आयः इति = पञ्चकः ग्रामः** = લોકો દ્વારા આ ગામમાં પાંચનો લાભ દેવા યોગ્ય થયો. **पञ्च अस्मिन् पटे लाभः इति = पञ्चकः पटः** = એક વસ્ત્ર વેચતાં ગ્રાહક દ્વારા દેવા યોગ્ય પાંચ ભલ્લા, **पञ्च अस्मिन् व्यवहारे उपदा**

लञ्जा इति = पञ्चकः व्यवहारः = ગરજૂ માણસે દેવા યોગ્ય પાંચની લાંચ આપી એવો વ્યવહાર. **पञ्च अस्मिन् शते शुल्कम् इति = पञ्चकं शतम्** = આ સોમાં પાંચનો કર લોકોએ દેવા યોગ્ય આપ્યો. આવી રીતે **शत्यम्**, અને **शतिकम्** ના ઉદાહરણો સમજવા. **पञ्च अस्मै देवदत्ताय वृद्धिः = पञ्चकम्** = દેણદારદ્વારા દેવદત્તને દેવા યોગ્ય પાંચની વૃદ્ધિ થઈ. **पञ्च अस्मै देवदत्ताय आयः = पञ्चकः** = ભાગીદાર દ્વારા દેવદત્તને દેવા યોગ્ય ભાગમાં પાંચનો લાભ મળ્યો, **पञ्च अस्मै देवदत्ताय लाभः = पञ्चकः** = ભાગીદાર દ્વારા દેવદત્તને દેવા યોગ્ય ભાગમાં પાંચનો લાભ થયો, **पञ्च अस्मै देवदत्ता उपदाय – लाञ्छा = पञ्चका** = ગરજૂ માણસ દ્વારા દેવદત્તાને પાંચ લાંચમાં મલ્યા, **पञ्च अस्मै देवदात्तय शुल्कम् = पञ्चकम्** = લોકોદ્વારા દેવદત્તને દેવા યોગ્ય પાંચ રૂપીયાનો કર વધ્યો.

पूरणा–ऽर्धादिकः ॥ ६–४–१५९ ॥

આમા દેવું એવા સપ્તમી વિભક્તિના અર્થમાં, તથા આના માટે દેવું એવા ચતુર્થી વિભક્તિના અર્થમાં, વૃદ્ધિરૂપ, આયરૂપ, લાભરૂપ, લાંચરૂપ અને કરરૂપ પ્રથમા વિભક્તિવાળા, પૂરણ પ્રત્યયાન્ત નામને અને અર્ધ શબ્દને ' ઠક ' પ્રત્યય લાગે છે. **द्वितीयः वृद्धिरूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते = द्वितीय + इक = द्वितीयिकः** = આમા અથવા આના માટે બે રૂપીયા વૃદ્ધિરૂપ છે, **द्वितीयः आयरूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते = द्वितीयिकः** = આમાં કે આના માટે બે રૂપીયા આવકરૂપ છે. **द्वितीयः लाभरूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते = द्वितीयिकः** = આમાં કે આના માટે બે રૂપીયા લાભરૂપ છે. **द्वितीयः उपदारूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते = द्वितीयिकः** = આમાં કે આના માટે બે રૂપીયા લાંચરૂપ છે. **द्वितीयः शुल्करुपः अस्मिन्**

दीयते, अस्मै वा दीयते = द्वितीयिकः = આમાં કે આના માટે બે રૂપીયા કરરૂપ છે **पञ्चम्-अर्घं वृद्धिरूपः, आयरूपः, लाभरूपः, उपदारूपः, शुल्करूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते = अर्घिकः** = આમાં કે આના માટે અર્ધો રૂપીયો વૃદ્ધિરૂપ, આવકરૂપ, લાભરૂપ, લાંચરૂપ અને કરરૂપ છે.

भागाद् येकौ ॥ ६-४-१६० ॥

આમાં દેવું એવા સપ્તમી વિભક્તિના અર્થમાં, તથા આના માટે દેવું એવા ચતુર્થી વિભક્તિના અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ભાગ શબ્દને 'य' અને 'ઇક' પ્રત્યય લાગે છે. **भागः वृद्धिरूपः, आयरूपः, लाभरूपः, उपदारूपः, शुल्करूपः अस्मिन् दीयते, अस्मै वा दीयते** = આમાં કે આના માટે અમુક ભાગ વૃદ્ધિરૂપ, આવકરૂપ, લાભરૂપ, લાંચરૂપ અને કરરૂપ છે.

तं पचति द्रोणाद् वाऽञ् ॥ ६-४-१६१ ॥

પકાવવું અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા દ્રોણ શબ્દને, વિકલ્પે **'ઞ'** પ્રત્યય લાગે છે. **द्रोणं पचति = द्रोण + अञ् = द्रौणी, द्रोण + इकण् = द्रौणिकी स्थाली** = દ્રોણ પ્રમાણ પકાવી શકાય એવી દેગડી.

सम्भवदवहरतोश्च ॥ ६-४-१६२ ॥

પકાવવું, સંભવ હોય એટલું, તથા પ્રમાણથી વધારે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા નામને **'यथोक्त'** પ્રત્યય લાગે છે. **प्रस्थं पचति, संभवति, अवहरति वा = प्रस्थ + इकण् = प्रास्थिकी गृहिणी** = પ્રસ્થના માપનું રાંધે છે, પ્રસ્થનો સંભવ હોય એટલા માપનું રાંધે છે, તથા પ્રસ્થના માપથી વધારે રાંધે છે તેવી ગૃહિણી સ્ત્રી.

पात्रा–ऽऽचिता–ऽऽढकादीनो वा ॥ ६-४-१६३ ॥

પકાવવું, સંભવ હોય એટલું, તથા પ્રમાણથી વધારે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પાત્ર, આચિત અને આઢક શબ્દને, વિકલ્પે 'ઈન' પ્રત્યય લાગે છે. **पात्रं पचति, संभवति, अवहरति वा = पात्र + ईन = पात्रीणा, पात्र + इकण् = पात्रिकी** = પાત્રના માપનું, પાત્રમાં સંભવે એટલા માપનું, અથવા પાત્રના માપથી વધારે રાંધનારી. **आचितं पचति, संभवति, अवहरति वा=आचितीना, आचितिकी** = આચિતના માપનું, લગભગ આચિત જેટલું, તથા આચિતથી વધારે રાંધનારી, **आढकं पचति, संभवति, अवहरति वा = आढकीना, आढकिकी** = આઢકના જેટલું, લગભગ આઢક જેટલું. તથા આઢકથી વધારે રાંધનારી.

द्विगोरीनेकटौ वा ॥ ६-४-१६४ ॥

પકવવું, સંભવ હોય એટલું, તથા પ્રમાણથી વધારે અર્થમાં, દ્વિગુસમાસવાળા પાત્ર, આચિત અને આઢક શબ્દ છે અન્તે જેને એવા દ્વિતીયા વિભક્તિવાળા નામને 'ઈન' અને 'ઇકટ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **द्वयोः पात्रयोः समाहारः द्विपात्रं, द्विपात्रं पचति, संभवति वा = द्विपात्र + ईन = द्विपात्रीणा, द्विपात्र + इकट् = द्विपात्रिकी, द्विपात्र + इकण् = द्विपात्री** = બે પાત્ર જેટલું, લગભગ બે પાત્ર જેટલું, તથા બે પાત્રથી વધારે રાંધનારી, **द्वयोः आचितयोः समाहारः = द्व्याचितौ, द्व्याचितौ पचति, संभवति, अवहरति वा = द्व्याचितीना द्व्याचितिकी, द्व्याचिता** = બે આચિત જેટલું, લગભગ બે આચિત જેટલું, તથા બે આચિતથી વધારે રાંધનારી, **द्वयोः आढकयोः समाहारः = द्व्याढकौ, द्व्याढकौ पचति, संभवति, अवहरति वा=द्व्याढकीना,**

द्व्याढकिकी, द्व्याढकी = બે આઢક જેટલું લગભગ બે આઢક જેટલું, તથા બે આઢકથી વધારે રાંધનારી

कुलिजाद्वा लुप् च ॥ ६-४-१६५ ॥

પકાવવું, સંભવ હોય એટલું, તથા પ્રમાણથી વધારે અર્થમાં, દ્વિગુસમાસવાળા દ્વિતીયા વિભક્તિવાળા કુલિજ શબ્દને '**ઈન**' અને '**ઈકક્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. પક્ષે ઈકણ્ પ્રત્યયનો વિકલ્પે '**લોપ**' થાય છે. **द्वे कुलिजे पचति = संभवति, अवहरति = द्विकुलिज + ईन = द्विकुलिजीना, द्विकुलिज + इकट् = द्विकुलिजिकी, द्विकुलिज + इकण् = द्विकुलिजः, द्वैकुलिजिकी** = બે કુલિજના માપથી લગભગ બે કુલિજ જેટલું, તથા બે કુલિજથી વધારે રાંધનારી ઉપરોક્ત સૂત્રમાં જણાવેલ **द्विपात्री, द्व्याचिता, द्व्याढकी** તથા **द्विकुलिजः** શબ્દમાં " **अनाम्नि०** [६-४-१४१] " એ સૂત્રથી ઈકણ્ પ્રત્યયનો લોપ થયેલ છે.

वंशादेर्भाराद्धरद्वाहदावहत्सु ॥ ६-४-१६६ ॥

હરણ કરનાર, વહન કરનાર અને ગ્રહણ કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ભાર શબ્દને '**યથોક્ત**' પ્રત્યય લાગે છે. **वंशभारं हरति, वहति, आवहति वा = वंशभार + इकण् = वांशभारिकः** = વાંશના ભારને ચોરી જનાર, ઉપાડીને ધારણ કરનાર, તથા સ્વીકારનાર, **कुटभारं हरति, वहति, आवहति वा = कौटभारिकः** = કુટભારને ચોરી જનાર, ઉપાડીને ધારણ કરનાર, તથા સ્વીકારનાર.

द्रव्य-वस्नात् केकम् ॥ ६-४-१६७ ॥

હરણ કરનાર, ધારણ કરનાર, ગ્રહણ કરનાર અર્થમાં, દ્વિતીયા

વિભક્તિવાળા દ્રવ્ય અને વસ્ત્ર શબ્દને, અનુક્રમે 'ક' અને 'ઇક' પ્રત્યય લાગે છે. **द्रव्यं हरति, वहति, आवहति वा द्रव्य + क = द्रव्यकः** = દ્રવ્યને હરણ કરનાર, ઉપાડીને ધારણ કરનાર, તથા સ્વીકારનાર, **वस्त्रं हरति, वहति, आवहति वा = वस्त्र + इक = वस्त्रिकः** = વસ્ત્રને ચોરી જનાર, ઉપાડીને ધારણ કરનાર, તથા સ્વીકારનાર.

सोऽस्य–भृति–वस्नांऽशम् ॥ ६–४–१६८ ॥

એનો પગાર, મૂલ્ય અને ભાગ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને 'યથોક્ત' પ્રત્યય લાગે છે. **पञ्च अस्य भृतिः = पञ्च+कः = पञ्चकः कर्मकृत्** = જેનો પાંચ રૂપીયા પગાર છે એવો નોકર, **पञ्च अस्य वस्नम् = पञ्चकः पटः** = જેનું મૂલ્ય પાંચ રૂપીયા છે એવો પટ. **पञ्चास्ति अंशः = पञ्चकः ग्रामः** = જેના પાંચ ભાગ છે તેવું ગામ. **सहस्रम् अस्य भृतिः, वस्नानि, अंशः = सहस्र + अण् = साहस्रः कर्मकृत्, पटः, ग्रामः वा** = જેનો હજાર રૂપીયા પગાર છે તે નોકર, જેનું મૂલ્ય હજાર રૂપીયા છે એવો પટ તથા જેના હજાર ભાગ છે તે ગામ.

सानम् ॥ ६–४–१६९ ॥

માન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા માનવાચક નામને 'યથોક્ત' પ્રત્યય લાગે છે. **द्रोणं मानम् अस्य = द्रोण + इकण् = दौणिकः राशिः**=આ ઢગલાનું માન દ્રોણ છે **खारीकं मानम् अस्य=खारिकः राशिः** = આ ઢગલાનું માન ખારી છે.

जीवितस्य सन् ॥ ६–४–१७० ॥

માન અર્થમાં, આયુષ્ય સૂચક પ્રથમા વિભક્તિવાળા નામને

'**યથોકત**' પ્રત્યય લાગે છે, **द्वे षष्टी जीवितमानम् अस्य = द्विषष्टि + इकण् = द्विषाष्टिकः ना** = એકસો વીશ વર્ષનો આયુષ્ય-વાળો માણસ.

सङ्घचायाः संघ-सूत्र-पाठे ॥ ६-४-१७१ ॥

સમૂહનું માન, ગ્રંથનું માન અને ભણવાના પાઠનું માન અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા સંખ્યાવાચક નામને '**યથોકત**' પ્રત્યય લાગે છે. **पञ्च मानम् अस्य = पञ्च + क = पञ्चकः संघः** = પાંચ પ્રાણીઓવાળો સંઘ, **अष्टौ मानम अस्य = अष्टकम् पाणिनीयं सूत्रम्** = આઠ અધ્યાયવાળો પાણિનીયનો ગ્રંથ, **अष्टौ पाठः अस्य = अष्टकः पाठः** = જેના આઠ પાઠ ભણવાના છે તે.

नाम्नि ॥ ६-४-१७२ ॥

નામના વિષયમાં, સંખ્યાવાચક નામને '**યથોકત**' પ્રત્યય લાગે છે. **पञ्च मानम् अस्य = पञ्च+क = पञ्चकाः शकुनयः** = જેઓ પાંચના સમૂહમાં રોજ સાથે રહેતા હોય એવા પંખીઓના ટોળાનું વિશેષ નામ છે.

विंशत्यादयः ॥ ६-४-१७३ ॥

સંખ્યા ના વિશેષ નામ ૨૫ વિંશતિ વગેરે શબ્દો સાધવાના છે, પરંતુ જે વ્યુત્પત્તિમાં જેનું માન એવો ભાવ સમાયેલો હોય તો. **द्वि दशतौ मानम् येषां संख्यानाम्, द्वौ दशतौ मानम् यस्य संख्यानस्य ते = द्विदशत् + शति = वि + शति = विंशतिः** = ગણવાલાયક પદાર્થનું બે દશ માન છે તે, અથવા જે સંખ્યા બે દશ વાળી છે તે - વીશ. **त्रयो दशतौ मानम् येषां संख्यानाम्, त्रयो दशतो मानं यस्य संख्यानस्य = त्रिदशत् + शत = त्रि**

+ **शत्** = **त्रिंशत्** = ગણવાલાયક પદાર્થનું ત્રણદશ માન છે તે, અથવા જે સંખ્યા ત્રણદશ માનવાળી છે તે – ત્રીશ.

त्रैंश–चात्वारिंशम् ॥ ६–४–१७४ ॥

માન અર્થમાં, પ્રથમાં વિભક્તિવાળા ત્રિંશત્ અને ચત્વારિંશત્ શબ્દને '**ડ ણ્**' પ્રત્યય લાગે છે, જો વિશેષ નામનો વિષય હોય તો **त्रिंशत् मानम् यस्य=त्रिंशत्+डण् = त्रैंश–त्रैंशानि ब्राह्मणानि** = જેનું માન ત્રીશ અધ્યાય જેટલું છે તે બ્રાહ્મણ ગ્રંથો, **चत्वारिंशत् मानम् यस्य = चात्वारिंश–चात्वारिंशाति ब्राह्मणानि** = જેનું માન ચાલીશ અધ્યાય છે એવા બ્રાહ્મણ ગ્રંથો.

पञ्चद्–दशद्वर्गे वा ॥ ६–४–१७५ ॥

વર્ગનું માન જણાવવા, પંચ અને દશ શબ્દને અત્ પ્રત્યયાન્ત એવા પંચદ્ અને દશદ્ શબ્દ વિકલ્પે '**निपातन**' થાય છે. **पञ्च मानं यस्य वर्गस्य = पञ्च + अत् = पञ्चद्, पञ्च + क = पञ्चकः वर्गः** = પાંચ પાંચનો વર્ગ. **दश मानं यस्य वर्गस्य = दशत्, दशकः** = દસ દસનો વર્ગ.

स्तामे डट् ॥ ६–४–१७६ ॥

માન અર્થનાં, સ્તોમ – વેદ વગેરે ઋચાઓના સમૂહનું માન જણાવવું હોય તો સંખ્યાવાચક શબ્દને '**ડટ્**' પ્રત્યય લાગે છે. **विंशतिः ऋचो मानम् यस्य = विंशति + डट् = विंशः स्तोमः** = વીશ ઋચાઓનો સમૂહ.

तमर्हति ॥ ६–४–१७७ ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા નામને '**યથોક્ત**'

પ્રત્યય લાગે છે. **वेषम् अर्हति = वेष + इकण् = वैषिकः** = વેષને યોગ્ય, **सहस्रम् अर्हति=सहस्र+अण् = साहस्रः** = હજારને યોગ્ય.

दण्डादेर्यः ॥ ६–४–१७८ ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા દંડ વિગેરે શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **दण्डम् अर्हति = दण्ड + य = दण्ड्यः** = દંડને યોગ્ય, **अर्धम् अर्हति = अर्ध्यम्** = અડધા ભાગને યોગ્ય.

यज्ञादियः ॥ ६–४–१७९ ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા યજ્ઞ શબ્દને 'ઇય' પ્રત્યય લાગે છે. **यज्ञम् अर्हति = यज्ञ + इय = यज्ञियः देशः** = યજ્ઞને યોગ્ય દેશ.

पात्राद् यौ ॥ ६–४–१८० ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પાત્ર શબ્દને 'य' અને 'ઇય' પ્રત્યય લાગે છે. **पात्रम् अर्हति = पात्र + य = पात्र्यः, पात्र + इय = पात्रियः** = પાત્રને યોગ્ય.

दक्षिणा–कडङ्गर–स्थालीबिलादीय–यौ ॥ ६–४–१८१ ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા દક્ષિણા, કડંગર, અને સ્થાલીબિલ શબ્દને 'ઇય' અને 'य' પ્રત્યય લાગે છે. **दक्षिणाम् अर्हति = दक्षिणा+ईय=दाक्षिणीयः, दक्षिणा + य = दक्षिण्यः गुरुः** = દક્ષિણાને યોગ્ય ગુરુ, **कडङ्गरम् अर्हति = कडङ्गरीयः, कडङ्गर्यः गौः** = ભુસાને યોગ્ય ગાય, **स्थालीबिलम् अर्हति = स्थालीबिलीयः, स्थालीबिल्यः ताण्डुलाः** = થાળીના ખાલી ભાગમાં નાંખવા યોગ્ય તાંદળા.

छेदादेर्नित्यम् ॥ ६-४-१८२ ॥

નિત્ય યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા છેદ વગેરે શબ્દને '**યથોકત**' પ્રત્યય લાગે છે. **छेदं नित्यम् अर्हति = छेद + इकण्** = **छैदिकम्** = નિત્ય છેદવા યોગ્ય, **भेदं नित्यम् अर्हति = भैदिकः** = નિત્ય ભેદવા યોગ્ય.

विरागाद्विरङ्गश्च ॥ ६-४-१८३ ॥

યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા વિરાગ શબ્દને '**યથોકત**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વિરાગ શબ્દનો '**વિરઙ્ગ**' આદેશ થાય છે. **विरागं नित्यम् अर्हति = विराग + इकण्** = **विरङ्ग + इकण्** = **वैरङ्गिकः** = વિરાગને નિત્ય યોગ્ય.

शीर्षच्छेदाद् यो वा ॥ ६-४-१८४ ॥

નિત્ય યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા શીર્ષચ્છેદ શબ્દને, વિકલ્પે '**य**' પ્રત્યય લાગે છે. **शीर्षच्छेदं नित्यम् अर्हति = शीर्षच्छेद + य = शीर्षच्छेद्यः, शीर्षच्छेद + इकण् = शैर्षच्छेदिकः चौरः** = નિત્ય મસ્તક છેદવાને યોગ્ય – ચોર.

शालीन-कौपीना-ऽऽर्त्विजीनम् ॥ ६-४-१८५ ॥

નિત્ય યોગ્ય અર્થમા, દ્વિતીયા વિભક્તવાળા ખનઞ્ પ્રત્યયાન્ત એવા શાલીન, કૌપીન અને આર્ત્વિજીન શબ્દો '**નિપાતન**' થાય છે. **शालाप्रवेशनं नित्यम् अर्हति = शाला + ईनञ्** = **शालीनः अघृष्टः** = કદાક્ષિણ્યવાળો, શરમવાળો, **कूपप्रवेशनं नित्यम् अर्हति = कूप + ईनञ् = कौपीनः पापकर्मादिः** = પાપકાર્ય વગેરે, ગુહ્ય, પુરૂષચિહ્ન અને લંગોટ, **ऋत्विजं**

तत्कर्माहति = ऋत्विज् + ईनञ् = **आर्त्विजीनः यजमानः** ऋत्विग् = યજ્ઞ કરનાર પુરોહિત અથવા ઋત્વિજનું કાર્ય કરનાર. **शालिनः** અને **कौपीनः** શબ્દો ઢ હોવાથી વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ ન કરતાં જણાવેલ પ્રમાણે અર્થ કરવો.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः षष्ठाऽध्यायस्य चतुर्थपादः ॥

षष्ठोऽध्यायः समाप्तः

[अथ सप्तमोऽध्यायः]

[प्रथमपादः]

यः ॥ ७–१–१ ॥

આ અધિકાર સૂત્ર છે. જ્યાં કોઈ પ્રત્યયનું વિધાન ન કરેલ હોય, ત્યાં "**होत्राभ्य ईयः [७–१–७६]**" એ સૂત્ર સુધી '**य**' પ્રત્યય લાગે છે એમ સમજવું.

वहति रथ-युग-प्रासङ्गात् ॥ ७–१–२ ॥

વહતિ–વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા રથ, યુગ અને પ્રાસંગ શબ્દને '**य**' પ્રત્યય લાગે છે. **द्वौ रथौ वहति = द्विरथ + य = द्विरथ्यः** = બે રથને વહન કરનાર, **युगं वहति = युग्यः** = ઘોંસરાને વહન કરનાર – બળદ વગેરે. **प्रासङ्गः = वत्स-दमन-स्कन्धं – काष्ठम् वहति = प्रासङ्गयः** = વાછડાને પલાટેવા માટે, જોડાવા માટે કાંધ ઉપર નાંખવાનું લાકડું – ઘોંસરી અથવા જોતરને વહન કરનાર.

धुरो यैयण् ॥ ७–१–३ ॥

વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ધુર શબ્દને '**ऐयण्**' અને '**य**' પ્રત્યય લાગે છે. **धुरं वहति = धुर + यण् = धौरेयः, धुर + य = धुर्यः** = ધુરા – ઘોંસરીને વહન કરનાર – બળદ વગેરે.

वामाद्यादेरीनः ॥ ७–१–४ ॥

વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા વામ વગેરે શબ્દને ' ઈન ' પ્રત્યય લાગે છે. **वामा धूः = वामधुरा–वामधुरां वहति = वामधूर् + ईन = वामधुरीणः** = ડાબી બાજુની ધુરાને વહન કરનાર. **सर्वधुरं वहति = सर्वधुरीणः** = સર્વ વાહનની ધુરાને વહન કરનાર.

अश्वैकादेः ॥ ७–१–५ ॥

વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા એકધુર શબ્દને ' અ ' અને ' ઈન ' પ્રત્યય લાગે છે. **एकधुरं वहति = एकधुर् + अ = एकधुरः, एकधुर + ईन = एकधुरीणः** = સરખી રીતે એકધુરાને વહન કરનાર.

हल–सीरादिकण् ॥ ७–१–६ ॥

વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા હલ અને સીર શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **हलं वहति = हल + इकण्= हालिकः**=હળને ખેંચનાર, **सीरं वहति=सारिकः**=હળને ખેંચનાર.

शकटादण् ॥ ७–१–७ ॥

વહન કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા શકટ શબ્દને ' અણ્ ' પ્રત્યય લાગે છે. **शकटं वहति = शकट + अण् + शाकटः** = ગાડાને વહન કરનાર – બળદ વગેરે.

विध्यत्यनन्येन ॥ ७–१–८ ॥

વિંધવા અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા નામને ' ય ' પ્રત્યય

લાગે છે. જ્યે વિંધનાર કર્તા અને કરણ બન્ને એક હોય તો. **पादौ विध्यति = पद् + य = पद्यः = शर्कराः** = કાંકરા. અહિં વિંધનાર કર્તારૂપ છે અને કાંકરાનો અણીવાળો ભાગ કરણ રૂપ પણ છે. જેથી કર્તા અને કરણમાં કશોય ભેદ નથી.

धन-गणाद् लब्धरि ॥ ७-१-९ ॥

લાભ લેનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા ધન અને ગણ શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **धनं लब्धा = धन + य = धन्यः** = ધનનો લાભ લેનાર, **गणं लब्धा = गण्यः** = ગણનો લાભ લેનાર.

णोऽन्नात् ॥ ७-१-१० ॥

મેળવનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અન્ન શબ્દને 'ણ' પ્રત્યય લાગે છે. **अन्नं लब्धा = अन्न + ण = आन्नः** = અન્નનો લાભ મેળવનાર.

हृद्य-पथ्य-तुल्य-मूल्य-वश्य-पथ्य-वयस्य-धेनुष्या-गार्हपत्य-जन्य-धर्म्यम् ॥ ७-१-११ ॥

ભિન્ન ભિન્ન અર્થવિશેષરૂપમાં, य પ્રત્યયાન્ત એવા હૃદ્ય વગેરે શબ્દો, **'निपातन'** થાય છે. **हृदयस्य प्रियम् = हृद् + य = हृद्यम् औषधम्** = હૃદયને પ્રિયકારી ઔષધ, **पदम् अस्मिन् दृश्यम् = पद्यः कर्दमः** = પગલાં પડેલાં દેખાય તેવો કાદવ, **तुल्या संमितम् = तुल्यं माण्डं सदृक्षम्** = સરખું વાસણ વગેરે, **मूल्येन अनाघ्यायम् = मूल्यम् धान्यं पटादिक्रयाहृय्यं च**=અનાજ અથવા કપડું વગેરે વેચવાના બદલામાં જે મળે તે મૂલ્ય – કિંમત, **वशं गतः = वश्यः गौः** = વશ થયેલ ગાય – બળદ, **पथः अनपेतम् = पथ्यमोदनादिः**

= આરોગ્યના માર્ગથી દૂર ન હોય તે – ભાત વગેરે પથ્ય – પરેજી, **वयसा तुल्यः = वयस्यः सखा** = ઉમરથી સરખા – મિત્ર, **धनुरेव = धेनुष्याः पीतदुग्धा गौः** = પિતાનું દેણું દૂર કરવા લેણદારને દુધ પીવા આપેલ વિશિષ્ટ ગાય, **गृहपतिना संयुक्तः = गार्हपत्यो नामाग्निः** = ગૃહપતિથી યુક્ત વિશિષ્ટ અગ્નિ, **जनीं वधूं वहन्ति = जन्याः वरवयस्याः**=વહૂને લઈ જનાર–જનૈયા, **जप्यस्य जल्पः = जन्यः** = માણસોની બોલાચાલી, **धर्म्येण प्राप्यम् = धर्म्यम् सुखम्** = ધર્માનુસારી સુખ. ઉપર જણાવેલ શબ્દો બે અર્થમાં જણાવ્યા છે, તે બે અર્થમાં વપરાય છે, બીજા અર્થમાં નહિ.

नो–विषेण तार्ये–वध्ये ॥ ७–१–१२ ॥

તૃતીયા વિભક્તિવાળા નૌ શબ્દને તરવા યોગ્ય અર્થમાં અને વિષ શબ્દને વધ કરવા યોગ્ય અર્થમાં 'य' પ્રત્યય લાગે છે. **नावा तार्या = नौ + य = नाव्या नदी** = નાવ દ્વારા તરવા યોગ્ય નદી, **विषेण वध्य गजः** = ઝેરથી મારવા લાયક હાથી.

न्यायाऽर्थादनपेते ॥ ७–१–१३ ॥

મર્યાદાયુક્ત અર્થમાં, પંચમી વિભક્તિવાળા ન્યાય શબ્દ અને અર્થ શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **न्यायाद् अनपेतम् = न्याय + य = न्याय्यम्** = ન્યાય યુક્ત – સહિત, **अर्थाद् अनपेतम् = अर्थ्यम्** = અર્થ સહિત.

मत–मदस्य करणे ॥ ७–१–१४ ॥

કરણ અર્થમાં, પંચમી વિભક્તિવાળા મત અને મદ શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **मतस्य करणम् = मत + य = मत्यम्** = બુદ્ધિ,

मदस्य करणम् = मद्यम् = મદનું સાધન – દારૂ વગેરે. કરણ અર્થમાં – સાધને અર્થમાં અથવા ક્રિયા સૂચક અર્થમાં લેવાનો છે.

तत्र साधौ ॥ ७–१–१५ ॥

પ્રવીણ – સારૂં અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા શબ્દને ' य ' પ્રત્યય લાગે છે. **सभायां साधुः = सभा + य = सभ्यः** = સભ્ય.

पथ्यतिथि–वसति–स्वपतेरेयण् ॥ ७–१–१६ ॥

પ્રવિણ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા પથ્ય, અતિથિ, વસતિ અને સ્વપતિ શબ્દને ' એયણ્ ' પ્રત્યય લાગે છે. **पथि साधुः = पथ + एयण् = पाथेयम्** = માર્ગમાં સુખકર – ભાતુ વગેરે, **अतिथौ साधुः = आतिथेयम्** = સારી મહેમાનગતિ, **वसतौ साधुः = वासतेयम्** = ઘર માટે સારૂં, **स्वपतौ साधुः = स्वापतेयम्** = સ્વપતિ – શેઠ માટે સારૂં – ધન વગેરે.

भक्ताण्णः ॥ ७–१–१७ ॥

પ્રવિણ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા ભક્ત શબ્દને ' ણ ' પ્રત્યય લાગે છે. **भक्ते साधुः = भक्त + ण = भाक्तः शालिः** = ભાત માટે શાળ સારી છે.

पर्षदो ण्य–णौ ॥ ७–१–१८ ॥

પ્રવીણ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા પર્ષદ્ શબ્દને ' ણ્ય ' અને ' ણ ' પ્રત્યય લાગે છે. **पर्षदि साधुः = पर्षद् + ण्य = पार्षद्यः, पर्षद् + ण = पार्षदः** = પરિષદમાં સારો – સભ્ય.

सर्वजनाण्येनञौ ॥ ७–१–१९ ॥

સાધુ – સારૂં અર્થમાં, સાતમી વિભક્તિવાળા સર્વજન શબ્દને ' ष्य ' અને ' ईनञ् ' પ્રત્યય લાગે છે. **सर्वजने साधुः = सर्वजन + ष्य = सार्वजन्यः, सर्वजन + ईनञ् = सार्वजनीनः** = સર્વજનમાં સારૂં.

प्रतिजनादेरीञ् ॥ ७–१–२० ॥

સારૂં અર્થમાં, સાતમી વિભક્તિવાળા પ્રતિજન વગેરે શબ્દને ' ईनञ् ' પ્રત્યય લાગે છે. **प्रतिजने साधुः = प्रतिजन + ईनञ् = प्रातिजनीनः** = પ્રત્યેક માણસમાં પ્રવિણ, પ્રતિકૂલ મનુષ્યમાં સારો, **अनुजने साधुः = आनुजनीनः** = અનુકૂલ માણસમાં પ્રવિણ.

कथादेरिकण् ॥ ७–१–२१ ॥

સારૂં અર્થમાં, સાતમી વિભક્તિતવાળા કથા વગેરે શબ્દને 'इकण्' પ્રત્યય લાગે છે. **कथायां साधुः = कथा + इकण् = काथिकः** = સારી કથા કહેનાર, **विकथायां साधुः = वैकथिकः** = વિવિધ પ્રકારની સારી કથા કહેનાર, સારી વિકથા કહેનાર. વિકથા – નિંદા, અરાબ કથા – કરનાર.

देवतान्तात् तदर्थे ॥ ७–१–२२ ॥

તેને માટે આ એવા અર્થમાં, જેને અન્તે દેવતા શબ્દ છે એવા ચતુર્થી વિભક્તિવાળા નામને ' य ' પ્રત્યય લાગે છે. **अग्नि-देवतायै इदम् = अग्निदेवता + य = अग्निदेवत्यं हविः** = અગ્નિદેવતા માટેનું આ હવિષ્.

पाद्या–ऽर्घ्ये ॥ ७–१–२३ ॥

તના માટે આ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા ય પ્રત્યયાન્ત એવા પદ્ય અને અર્ઘ્ય શબ્દ ' **નિપાતન** ' થાય છે. **પાદાય ઇદમ્ = પાદ + ય = પાદ્ય જલમ્** = પગ ધોવાનું પાણી, **અર્ઘ્યાય ઇદમ્ = અર્ઘ્ય રત્નમ્** = પૂજ્ય ભાટેનું રત્ન.

ષ્યાઽતિથેઃ ॥ ૭–૧–૨૪ ॥

તેને માટે આ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા અતિથિ શબ્દને ' ષ્ય ' પ્રત્યય લાગે છે. **અતિથેઃ ઇદમ્ = અતિથિ + ષ્ય = આતિથ્યમ્** = અતિથિ માટે આ – મહેમાનગતિ.

સદેશ્વા તદઃ ॥ ૭–૧–૨૫ ॥

આ સૂત્રથી માંડીને " **તદ્** [૭–૧–૫૦] " એ સૂત્ર સુધી જે પ્રત્યયનું વિધાન છે તે એકલા નામને તથા તે નામની પહેલા બીજો કોઈ હોય એવા નામને લાગે છે. એમ સમજવાનું છે.

હલસ્ય કર્ષે ॥ ૭–૧–૨૬ ॥

કર્ષ – ખેડવા અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને ' ય ' પ્રત્યય લાગે છે. **હલસ્ય કર્ષઃ = હલ + ય = હલ્યા** = હળ વડે ખેડેલી જમીન, **દ્વયોઃ હલયોઃ કર્ષઃ = દ્વિહલ્યા** = બે હળ વડે ખેડેલી જમીન.

સીતયા સંગતે ॥ ૭–૧–૨૭ ॥

સંગત અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા સીતા શબ્દને ' ય ' પ્રત્યય લાગે છે. **સીતયા સંગતમ્ = સીતા + ય = સીત્યમ્** = હળ વડે ખેડવા લાયક જમીન – ખેતર, **ત્રિસીતયા સંગતમ્ = ત્રિસીત્યમ્** = ત્રણ વાર હળ વડે ખેડેલું ખેતર.

ईयः ॥ ७–१–२८ ॥

આ સૂત્રથી માંડી " **तद्** [૭-૧-૫૦] " એ સૂત્ર સુધી જે અર્થોમાં પ્રત્યયોનું વિધાન કરેલ છે તે બધાય સૂત્રોમાં ' **ઈય** ' પ્રત્યય લાગે છે એમ સમજવું.

हविरन्नभेदा–ऽपूपादेर्यो वा ॥ ७–१–२९ ॥

તદ્ સૂત્ર સુધીના અર્થોમાં, ચતુર્થી વિભક્તિવાળા હવિ: અને અન્નના ભેદવાચક શબ્દોને તથા અપૂપ વગેરે શબ્દોને ' **य** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **आभिक्षायै इदम् = आभिक्ष+य=आभिक्ष्यम्**, **आभिक्ष + ईय=आभिक्षीयम्** = હવિ: માટે આ, **ओदनाय इदम् =ओदन्याः**, **ओदनीयाः तण्डुलाः** = ચોખા માટે આ, **अपूपाय इदम् = अपूप्यम्** , **अपूपीयम्** = પૂડલા માટે આ, **यवापूप्यम्**, **यवापूपीयम्** = જવના પૂડલા માટે આ.

उवर्ण–युगादेर्यः ॥ ७–१–३०॥

તદ્ સૂત્ર સુધીના અર્થોમાં, ચતુર્થી વિભક્તિવાળા ઉવર્ણાન્ત શબ્દોને તથા યુગ વગેરે શબ્દોને ' **य** ' પ્રત્યય લાગે છે **शङ्कवे इदम् = शङ्कु + य = शङ्कव्यम् दारु** = ખીલા માટે લાકડું, **युगाय इदम् = युग्यम् दारु** = ધૂંસરી માટે લાકડું, **हविषम् इदम् = हविष्यम् दारु** = હવિષ્ માટે લાકડું.

नाभेर्नभ् चोऽदेहांशात् ॥ ७–१–३१ ॥

તદ્ સૂત્ર સુધીના અર્થમાં, શરીરનો અવયવ ન હોય તેવા નાભિ શબ્દને ' **य** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં નાભિ

શબ્દનો ' **નભ્** ' આદેશ થાય છે. **નાભેઃ ઇદમ્ = નાભિ + ય = નભ્ = ય = નભ્યમ્** = ગાડાના આરાની વચ્ચેના પૈડાનો ભાગ.

ન્ ચોધમઃ ॥ ૭–૧–૩૨ ॥

તદ્ સૂત્ર સુધીના અર્થમાં, ઊધસ્ શબ્દને ' **ય** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં ઊધસ્ શબ્દના અન્તના સ્ નો ન્ આદેશ થાય છે. **ઊધસે હિતમ્ = ઊધસ્ + ય= ઊધન્ + ય = ઊધન્યમ્** = આંચળને માટે હિતકારક.

શુનો વશ્વોદૂત્ ॥ ૭–૧–૩૩ ॥

તદ્ સૂત્ર સુધીના અર્થમાં, શ્વન્ શબ્દને ' **ય** ' પ્રત્યય લાગે છે અને તેના યોગે શ્વન્ શબ્દના 'વ' નો ' **ઉ** ' અને ' **ઊ** ' આદેશ થાય છે. **શુને હિતમ્ = શ્વન્ + ય = શુન્ , શૂન્ + ય = શુન્યમ્ , શૂન્યમ્** = કુતરા માટે હિતકારક – એકાન્ત સ્થાન.

કમ્બલાન્નાઽઽ ॥ ૭–૧–૩૪ ॥

તદ્ સૂત્ર સુધીના અર્થમાં, જો વિશેષ નામનો વિષય હોય તો કમ્બલ શબ્દને ' **ય** ' પ્રત્યય લાગે છે. **કમ્બલઃ અસ્ય પરિમાણમ્= કમ્બલ + ય = કમ્બલ્યમ્ , ઊર્ણાપલશતમ્** = જે ઊનનું માપ એક કંબલ જેટલું છે તે ઊન અર્થાત્ એક કામળ માટે સો પલ ઊન. અહિં કંબલ શબ્દ વિશેષનામ સૂચક છે.

તસ્મૈ હિતમ્ ॥ ૭–૧–૩૫ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા નામને ' **યથાવિહિત** ' પ્રત્યય લાગે છે. **વત્સાય હિતઃ = વત્સ + ઈય = વત્સીયઃ** = વત્સ માટે હિતકારક, **આભિક્ષાયૈ હિતઃ = આભિક્ષા + ય = આભિક્ષ્યઃ,**

आभिक्षा + ईय = आभिक्षीयः = ક્ષવિને માટે હિતકારક, **युगाय हितः = युग्यः** = યુગને માટે હિતકારક

न राजा–आचार्य–ब्राह्मण–वृष्णः ॥ ७–१–३६ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા રાજન્, આચાર્ય, બ્રાહ્મણ અને વૃષ્ણ શબ્દને કોઈ પ્રત્યય લાગતા નથી. **राज्ञे, आचार्याय, ब्राह्मणाय, वृष्णे वा हितम् इति वाक्यमेव** = રાજા માટે, આચાર્ય માટે, બ્રાહ્મણ માટે, અથવા વૃષ્ણ માટે હિતકર આ રીતે વાક્ય જ રહે છે. **राज्ञे हितम्** = રાજા માટે હિતકર, **आचार्याय हितम्** = આચાર્યને હિતકર, **ब्राह्मणाय हितम्** = બ્રાહ્મણને હિતકર, **वृष्णे हितम्** = વૃષ્ણને હિતકર.

प्राण्यङ्ग–रथ–खल–तिल–यव–वृष–ब्रह्म–माषाद् यः ॥ ७–१–३७ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા પ્રાણીના અંગસૂચક શબ્દને તથા રથ વગેરે શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **दन्ताय हितम्** = **दन्त + य = दन्त्यम्** = દાંતને હિતકર, **रथाय हितः = रथ्या भूमिः** = રથને ચાલવા માટે હિતકર ભૂમિ, **खलाय हितम् = खल्यम्** =અગ્નિરક્ષણ–ખલ–ખોળ, અનાજનું ખળું આ બધાને હિતકર અગ્નિને સાચવવો તેનું નામ ખલ્લ, **तिलाय हितः = तिल्यः वायुः** = તલ માટે હિતકર–વાયુ, **यवाय हितः = यव्यः तुषारः** = યવના છોડ માટે હિતકર – હિમ, **वृषाय हितम् = वृष्यम् क्षीरपानम्** = પોષણ માટે અથવા રતિક્રીડા માટે હિતકર – દુગ્ધપાન – દુધને પીવાનું, અથવા વૃષ – બળદ ને માટે હિતકર ખાણ – ભુંસુ વગેરે, **ब्रह्मणे हितः = ब्रह्मण्यः = ब्रह्मण्यः देशः** = બ્રાહ્મણ માટે હિતકર દેશ, અથવા બ્રહ્મચર્ય માટે જે પ્રદેશ હિતકર હોય તે, **माषाय**

हितः = माष्यः = અડદના છોડ માટે હિતકર – વાયરો, **राजमाषाय हितः = राजमाष्यः** = રાજમાષ માટે હિતકર વાયરો, રાજમાષ = વિશેષ પ્રકારના અડદ.

अव्यजात् ष्यप् ॥ ७–१–३८ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા અવિ અને અજ શબ્દને 'ष्यप्' પ્રત્યય લાગે છે. **अविभ्यो हितम् = अवि + ष्यप् = अविष्यम् यूतिः**=બકરીઓ માટે હિતકર – જુઈ નો વેલો, **अजाभ्यो हितम् = अज्यम् युतिः** = બકરીઓ માટે હિતકર – જુઈ નો વેલો.

चरक–माणवादीनञ् ॥ ७–१–३९ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા ચરક અને માણવ શબ્દને 'ईनञ्' પ્રત્યય લાગે છે. **चरकाय हितः = चरक + ईनञ् = चारकीणः** = ચરક મતના બ્રાહ્મણો માટે હિતકર, **माणवाय हितः = माणवीनः** = માણવ – બાળક માટે હિતકર, માણવ નામના હાર માટે ઉપયોગી – મોતી વગેરે.

भोगोत्तरपदा–ऽऽत्मभ्यामीनः ॥ ७–१–४० ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા ભોગ શબ્દ છે ઉત્તરપદમાં જેને એવા શબ્દો તથા આત્મન્ શબ્દને 'ईन' પ્રત્યય લાગે છે. **मातृभोगाय हितः = मातृभोग + ईन = मातृभोगीणः** = માતૃ ભોગ માટે હિતકર, **आत्मने हितः=आत्मनीनः**=આત્મા માટે હિતકર,

पञ्च–सर्व–विश्वाज्जनात् कर्मधारये ॥ ७–१–४१ ॥

હિત અર્થમાં, કર્મધારય સમાસવાળા, ચતુર્થી વિભક્તિવાળા

પञ्चजन, सर्वजन અને विश्वजन शब्दने ' ईन ' प्रत्यय लागे छे. **पञ्चजनाय हितः = पञ्चजन+ ईन = पञ्चजनीनः** = પંચજન માટે હિતકર, **सर्वजनाय हितः = सर्वजनीनः** = સર્વજનો માટે હિતકર, **विश्वजनाय हितः = विश्वजनीनः** = વિશ્વના સર્વજનો માટે હિતકર. પંચજન – રયકાર સહિત બ્રાહ્મણ, ક્ષત્રિય – વૈશ્ય અને શુદ્ર સહિત પાંચજન = પાંચ જાતિ.

महत्-सर्वादिकण् ॥ ७–१–४२ ॥

હિત અર્થમાં, કર્મધારય સમાસવાળા ચતુર્થી વિભક્તિવાળા એવા महाजन અને सर्वजन शब्दने ' इकण् ' प्रत्यय लागे छे. **महाजनाय हितः = महाजन + इकण् = माहाजनिकः** = મહાજન માટે હિતકર, **सर्वजनान् हितः=सार्वजनिकः**=સર્વજન માટે હિતકર,

सर्वाण्णो वा ॥ ७–१–४३ ॥

હિત અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા सर्व શબ્દને વિકલ્પે 'ण्य' પ્રત્યય લાગે છે. **सर्वस्मै हितः = सर्व + ण = सार्वः, सर्व + ईय =सर्वीयः**=સર્વ ઠાઈ ને માટે હિતકર–મહાવીર પ્રભુ, બુદ્ધ વગેરે મહાપુરુષો.

परिणामिनि तदर्थे ॥ ७–१–४४ ॥

પરિણામ રૂપ હેતુ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા નામને ' **यथाविहित** ' પ્રત્યય લાગે છે. **अङ्गारेभ्य इमानि हेतुभूतानि = अङ्गार + ईय = अङ्गारीयाणि काष्ठानि** = અંગારા માટે કારણ-રૂપ લાકડાં, **शङ्कवे इमं हेतुभूतम् = शङ्कव्यं दारु** = ખીલા માટે કારણરૂપ લાકડું.

चर्मण्यञ् ॥ ७–१–४५ ॥

પરિણામરૂપ ચામડું હેતુ જણાતો હોય તેવા અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા ચર્મન્ શબ્દને ' **અઞ્** ' પ્રત્યય લાગે છે. **વધ્રાય હેતુભૂતમ્ =વધ્ર + અઞ્ = વાધ્રં ચર્મ** = વાઘરી માટેનું ચામડું.

ऋषभोपानहाञ्ञ्यः ॥ ૭–૧–૪૬ ॥

પરિણામ રૂપ હેતુ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા ઋષભ અને ઉપાનહ્ શબ્દને ' ञ्य ' પ્રત્યય લાગે છે. **ऋषभाय अयम् = ऋषभ + ञ्य = आर्षभ्यः वत्सः** = વૃષભ થવા માટે આ વાછડો, અર્થાત્ વાછડો બળદ થવાનો છે. **उपानहे अयम् = औपनह्यः मुञ्जः** = જોડા માટે મુંજ – મુંજરના બનાવેલ પગરખાં – જોડા.

छदिर्बलेरेयण् ॥ ૭–૧–૪૭ ॥

પરિણામ રૂપ હેતુ અર્થમાં, ચતુર્થી વિભક્તિવાળા છદિસ્ અને બલિ શબ્દને ' **એયણ્** ' પ્રત્યય લાગે છે. **छदिसे इदम् = छदिस् + एयण् = छादिषेय तृणम्** = કોટ ઉપરના છપ્પર માટેનું ઘાસ, **बलये इदम् = बालेयाः तण्डुलाः** = બલિ–નૈવેદ્ય માટે ચોખા.

परिखाऽस्य स्यात् ॥ ૭–૧–૪૮ ॥

પરિણામરૂપ હેતુ અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા પરિખા શબ્દને ' **એયણ્** ' પ્રત્યય લાગે છે. જે પરિણામ રૂપ હેતુ પરિખા હોય તો. **पारिखायाः इमाः = परिखा + एयण् = पारिखेय्यः इष्टकाः** = પરિખા – નગરના કિલ્લાની ફરતી ખાઇ માટે ઈંટો. **परिखायी** = એક વચન,. **पारिखेय्यः** = બહુવચન. **परिखा आसां संभवेयुः** = આમે પડેલા ઈંટના ઢગલાને જોઈ કોઈ એમ કહે કે આ ઈંટોની પરિખા – ખાઈ થવા સંભવ છે.

अत्र च ॥ ७–१–४९ ॥

પરિખા થવાનો સંભવ હોય તો, પ્રથમા વિભક્તિવાળા પરિખા શબ્દને, સપ્તમી અર્થમાં ' એયણ્ ' પ્રત્યય લાગે છે. **परिखा अस्य संभवति = परिखा + एयण् = पारिखेयी भूमिः** = આ જમીનમાં પરિખા સંભવિ શકે છે.

तद् ॥ ७–१–५० ॥

પ્રથમા વિભક્તિવાળા નામને સંભવ અર્થમાં, પરિણામરૂપ હેતુ અર્થ હોય તો સપ્તમી વિભક્તિના અર્થમાં **'यथाविहित'** પ્રત્યય લાગે છે. **आसां प्राकारं संभवति = प्राकार + ईय = प्राकारीया इष्टकाः** = આ ઈંટોમાંથી કિલ્લો થવા સંભવિત છે. **अस्य परशुः संभवति = परशु + य = परशव्यम् अयः** = આ લોઢામાંથી પરશુ થવી સંભવી શકે છે. **प्रासादाः अस्य संभवंति = प्रासाद + ईय = प्रासादीयः देशः** = આ પ્રદેશમાં મોટા મહેલો સંભવી શકે છે.

तस्याऽर्हं क्रियायां वत् ॥ ७–१–५१ ॥

ક્રિયારૂપ યોગ્ય અર્થ જણાવવા માટે, પછી વિભક્તિવાળા નામને ' वत् ' પ્રત્યય લાગે છે. **राज्ञः अर्हम् = राजन् + वत् = राजवत् वृत्तम् राज्ञः** = રાજાનું આચરણ રાજા જેવું છે.

स्यादेरिवे ॥ ७–१–५२ ॥

ક્રિયારૂપ સાદૃશ્ય અર્થને બતાવવા માટે, વિભક્તિવાળા નામને ' वत् ' પ્રત્યય લાગે છે. **अश्व इव = अश्व + वत् = अश्ववत् याति चैत्रः** = ચૈત્ર ઘોડાની જેમ જાય છે, **देवम् इव = देववत् पश्यन्ति मुनिम्** = મુનિને દેવની જેમ જુએ છે-માન આપે છે.

तत्र ॥ ७–१–५३ ॥

ક્રિયારૂપ સાદૃશ્ય અર્થને જણાવવા માટે, સપ્તમી વિભક્તિવાળા નામને ' **वत्** ' પ્રત્યય લાગે છે. **सुघ्ने इव साकेते परिखा = सुघ्नवत् साकेतं परिखा** = સુઘ્ન ગામની ફરતી ખાઈ છે તેવી સાકેતની = અયોધ્યાની ફરતી ખાઈ છે.

तस्य ॥ ७–१–५४ ॥

ષષ્ઠી વિભક્તિવાળા નામને, સાદૃશ્ય અર્થ સૂચવનાર ' **वत्** ' પ્રત્યય લાગે છે. **चैत्रस्य इव = चैत्र + वत् = चैत्रवद् मैत्रस्य भूः** = ચૈત્રની જેવી મૈત્રની જમીન છે.

भावे त्व–तल् ॥ ७–१–५५ ॥

સ્વરૂપ અર્થ સૂચવવા, ષષ્ઠી વિભક્તિવાળા નામને, ' **त्व** ' અને ' **तल्** ' પ્રત્યય લાગે છે. **गोः भावः = गो + त्व = गोत्वम्, गा + तल् = गोता** = ગાયનો ભાવ, ગાયનું સ્વરૂપ અર્થાત્ ગાયપણું, **शुक्लस्य भावः = शुक्लत्वम्, शुक्लता** = શુક્લપણું.

प्राक् त्वादगडुलादेः ॥ ७–१–५६ ॥

આ સૂત્રથી માંડી " **ब्रह्मणस्त्वः** [૭–૧–૭૭] " એ સૂત્ર સુધી ' **त्व** ' અને ' **तल्** ' પ્રત્યયનો અધિકાર સમજવાનો છે. તથા ગડુલ વગેરે શબ્દને 'त्व' અને 'तल्' પ્રત્યય લાગતાં નથી. **गडुल + ष्यण् = गाडुल्यम्** = ડુંગડાપણું, **कमण्डलु + अण् = कामण्डलवम्** = કમંડલપણું. અહિં त्व, तल् પ્રત્યયનો નિષેધ કરેલ હોવાથી ઉપરોક્ત રૂપો બને છે.

नञ्तत्पुरुषादबुधादेः ॥ ७–१–५७ ॥

અબુધ વગેરે શબ્દો વર્જિત, નગ્ તત્પુરૂષવાળા શબ્દોનો સ્વરૂપ અર્થ જણાવનાર ' त्व ' અને ' तल् ' પ્રત્યય લાગે છે. **अशुक्लस्य भावः = अशुक्ल + त्व = अशुक्लत्वम्, अशुक्ल + तल् = अशुक्लता** = અશ્વેતપણું, **अपतेः भावः = अपतित्वम् अपतिता** = અપતિપણું.

पृथ्वादेरिमन् वा ॥ ७–१–५८ ॥

પૃથુ વગેરે શબ્દોને, ભાવ સૂચક અર્થમાં, વિકલ્પે ' इमन् ' પ્રત્યય લાગે છે. **पृथोः भावः = पृथु + इमन् = प्रथिमा, पृथु + त्वम् = पृथुत्वम्, पृथु + ता = पृथुता, पृथु + अण् = पार्थिवम्** = પૃથુપણું – પહોળાઈ. **मृदु + इमन् = म्रदिमा, मृदुत्वम्, मृदुता, मार्दवम्** = કોમળતા, પ્રથિમા અને મ્રદિમા એ પ્રયોગમા " **पृथु – मृदु० [७–४–३९]** " એ સૂત્રથી પૃ અને મૃ ના ઋ ને ર્ આદેશ થયેલ છે.

वर्ण–दृढादिभ्यष्ट्यण् च वा ॥ ७–१–५९ ॥

ભાવ સૂચક અર્થમાં, વિશેષ વર્ણ વાચક શબ્દને તથા દૃઢ વગેરે શબ્દને ' ष्ट्यण् ' અને ' इमन् ' પ્રત્યય લાગે છે. **शुक्लस्य भावः = शुक्ल + ष्ट्यण् = शौक्ल्यम्, शुक्ल + इमन् = शुक्लिमा, शुक्लत्वम्, शुक्लता**=શ્વેતપણું, **शितेः भावः=शैत्यम्, शितिमा, शितत्वम्, शितता, शैतम्**=ઠંડાપણું, **दृढस्य भावः = दार्ढ्यम्, द्रढिमा, दृढत्वम्, दृढता** = દૃઢપણું, **वितेः भावः = वैमत्यम्, वितिमा, वितित्वम्, वितिता, वैमतम्** = વિમતિ – વિવિધમતિપણું અથવા વિપરિત મતિપણું.

पति–राजान्त–गुणाङ्ग–राजादिभ्यः कर्मणि च ॥ ७–१–६० ॥

ભાવ સૂચક અર્થમાં તથા કર્મ-કાર્ય સૂચક અર્થમાં, જેને છેડે પતિ તથા રાજ શબ્દ છે એવા નામને, ગુણવાચક નામને અને રાજન્ વગેરે શબ્દને 'ષ્યણ્' પ્રત્યય લાગે છે. **अधियतेः भावः कर्म वा = अधिपति + ष्यण् = आधिपत्यम्** = અધિપતિપણું, અધિપતિનું કામ. **अधिराज्ञः भावः, कर्म वा=आधिराज्यम्** અધિરાજ પણું અધિરાજનું કામ, અધિરાજ-સામ્રાજ્યવાળો રાજા. **= मूढस्य भावः, कर्म वा = मौढ्यम्**= મૂઢપણું, મૂઢનું કામ, **राज्ञः भावः, कर्म वा=राज्यम्** = રાજાપણું, રાજાનું કામ, **कवेः भावः, कर्म वा = काव्यम्** =કવિપણું, કવિનું કાર્ય-કવિતા **पक्षे– अधिपतित्वम्, अधिपतिता, अधिराजत्वम्, अधिराजता, मूढत्वम्, मूढता, राजत्वम्, राजता, कवित्वम्, कविता** = તે તે શબ્દનો અર્થ ઉપરની જેમજ સમજવો.

अर्हतस्तोन्त् च ॥ ७–१–६१ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, અર્હત્ શબ્દને 'ષ્યણ્' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અર્હત્ શબ્દના त् નો 'न्त' આદેશ થાય છે. **अर्हतः भावः, कर्म वा = अर्हत् + ष्यण् = आर्हन्त्यम्** **अर्हत्वम्**, **अर्हता** અર્હતપણું અર્હનો પ્રવૃત્તિ.

सहायाद् वा ॥ ७–१–६२ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, સહાય શબ્દને 'ટ્યણ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **सहायस्य भावः, कर्म वा सहाय + ट्यण् = साहाय्यम्, साहायकम्, सहायत्वम्, सहायता** = સહાયપણું, સહાયની પ્રવૃત્તિ.

सखि-वणिग्-दूताद्यः ॥ ७-१-६३ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં સખિ, વણિગ્ અને દૂત શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. **सख्युः भावः, कर्म वा = सखि + य = सख्यम्, सखित्वम्, सखिता, सौख्यम्** = મિત્રતા, મિત્રનું કાર્ય **= वाणिजः भावः, कर्म वा = वणिज्या, वणिक्त्वम्, वणिक्ता, वाणिज्यम्** = વાણિયાપણું, વાણિયાનું કાર્ય. **दूतस्य भावः, कर्म वा = दूत्यम्, दूतत्वम्, दूतता, दौत्यम्** = દૂતપણું, દૂતનું કાર્ય દૂત-રાજદૂત અથવા સંદેશવાહક.

स्तेनाद्यलुक् च ॥ ७-१-६४ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, સ્તેન શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં સ્તેનના ન નો 'લોપ' થાય છે. **स्तेनस्य भावः, कर्म वा = स्तेन + य = स्तेयम्, स्तेनत्वम्, स्तेनता, = स्तैन्यम्** = ચોરપણું, ચોરનું કાર્ય.

कपि-ज्ञातेरेयण् ॥ ७-१-६५ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, કપિ અને જ્ઞાતિ શબ્દને 'એયણ્' પ્રત્યય લાગે છે. **कपेः भावः, कर्म वा = कपि + एयण् = कापेयम्, कपित्वम्, कपिता** = વાંદરાપણું, વાંદરાનું કાર્ય, **ज्ञातेः भावः, कर्म वा = ज्ञातेयम्, ज्ञातित्वम्, ज्ञातिता** = જ્ઞાતિપણું, જ્ઞાતિનું

प्राणिजाति–वयोऽर्थादञ् ॥ ७–१–६६ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, પ્રાણિજાતિ અને ઉમર સૂચક શબ્દને ' अञ् ' પ્રત્યય લાગે છે. **अश्वस्य भावः, कर्म वा = अश्व + अञ् = आश्वम्, अश्वत्वम्, अश्वता** = ઘોડાપણું, ઘોડાનું કાર્ય, **कुमारस्य भावः, कर्म वा = कौमारम्, कुमारत्वम्, कुमारता** = કુમાર પણું–કુવારી અવસ્થા, કુમારનું કાર્ય.

युवादेरण् ॥ ७–१–६७ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, युवन् વગેરે શબ્દને ' अण् ' પ્રત્યય લાગે છે. **यूनः भावः, कर्म वा = युवन् + अण् = यौवनम्, युवत्वम्, युवता** = યૌવન, યુવાનનું કાર્ય, **स्थविरस्य भावः, कर्म वा = स्थाविरम्, स्थविरत्वम्, स्थविरता** = સ્થવિરપણું, સ્થવિરનું કાર્ય. સ્થવિર વર્યાવસ્થા ઠરેલ મનુષ્ય.

हायनान्तात् ॥ ७–१–६८ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, हायन શબ્દ છે અન્તે જેને એવા નામને ' अण् ' પ્રત્યય લાગે છે **द्विहायनस्य भावः, कर्म वा = द्विहायन + अण् = द्वैहायनम्, द्विहायनत्वम्, द्विहायनता** બે વર્ષ જુના પદાર્થનો ધર્મ, બે વર્ષ જુના પદાર્થનું કાર્ય.

स्वृवर्णाद् लघ्वादेः ॥ ७–१–६९ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, જેની આદિમાં લઘુ અક્ષર છે. એવા ઇકારાન્ત, ઉવર્ણાન્ત અને ઋવર્ણાન્ત નામને ' अण् ' પ્રત્યય લાગે છે. = **शुचेः भावः, कर्म वा = शुचि + अण् = शौचम्, शुचित्वम्, शुचिता** = પવિત્રપણું, પવિત્રતાનું કાર્ય, **हरीतक्या**

भावः, कर्म वा = हारीतकं चूर्णम् = હરેડનું ચૂર્ણ, **पटोः भावः, कर्म वा = पाटवम्** = પટુતા, ચતુરાઈ, ચતુરનું કાર્ય **वध्वाः भावः, कर्म वा = वाधवम्**=વહુપણું, વહુનું કાર્ય, **पितुः भावः, कर्म वा पैत्रम्** = પિતાપણું, પિતાનું કાર્ય.

पुरुष–हृदयादसमासे ॥ ७–१–७० ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, સમાસમાં ન હોય એવા પુરુષ અને હૃદય શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **पुरुषस्य भावः, कर्म वा = पुरुष + अण् = पौरुषम्, पुरुषत्वम्, पुरुषता** = પુરુષપણું, પુરુષની પ્રવૃત્તિ, **हृदयस्य भावः, कर्म वा=हार्दम्, हृदयत्वम्, हृदयता** = હૃદયપણું, હૃદયનું કાર્ય.

श्रोत्रियाद् यलुक् च ॥ ७–१–७१ ॥

ભાવ અને કર્મસૂચક અર્થમાં, શ્રોત્રિય શબ્દને 'અણ્' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં શ્રોત્રિય શબ્દના **य** નો '**लोप**' થાય છે. **श्रोत्रियस्य भावः, कर्म वा = श्रोत्रिय+ अण् = श्रौत्रम्, श्रोत्रियत्वम्, श्रोत्रियता** = શ્રોત્રિયપણું, શ્રોત્રિયનું કાર્ય. શ્રોત્રિય એટલે વૈદિક કર્મકાંડ કરનાર બ્રાહ્મણ.

योपान्त्याद् गुरुपोत्तमादसुप्रख्यादकञ् ॥ ७–१–७२ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, જે શબ્દના ઉપાન્ત્યમાં **य** હોય અને તે યની પહેલાં ગુરુ અક્ષર હોય એવા સુપ્રખ્ય શબ્દ વર્જિત ત્રણ કે તેથી વધારે અક્ષરવાળા નામને ' **अकञ्** ' પ્રત્યય લાગે છે, **रमणीयस्य भावः, कर्म वा = रमणीय + अकञ् = रामणीयकम्, रमणीयत्वम्, रमणीयता** = રમણીયપણું, રમણીય પદાર્થનું કાર્ય.

आचार्यस्य भावः, कर्म वा = आचार्यकम् = આચાર્યપણું, આચાર્યનું કાર્ય. ત્રણ અથવા તેથી વધારે અક્ષરવાળા અંતને ઉત્તરપદ કરણમાં ઉત્તમ કહેવાય છે અને તે ઉત્તમની પાસે જે હોય તે ઉપોત્તમ કહેવાય છે. તથા બે શબ્દોના ઉપોત્તમમાં ગુરુ અક્ષર આવેલો હોય તેને ગુરુપોત્તમ કહેવાય છે.

चोरादेः ॥ ७–१–७३ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં ચોર આદિ શબ્દને '**अकञ्**' પ્રત્યય લાગે છે. **चोरस्य भावः, कर्म वा = चोर + अकञ् = चौरिका, चोरत्वम्, चोरता** = ચોર પણું, ચોરનું કાર્ય, **धूर्तस्य भावः, कर्म वा = धौर्तिका धूर्तत्यम्, धूर्तता** = ધૂર્તપણું, ધૂર્તનું કાર્ય.

द्वन्द्वाल्लित् ॥ ७–१–७४ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, દ્વન્દ્વસમાસવાળા શબ્દને લિત્ એવો અકઞ્ પ્રત્યય લાગે છે, અર્થાત્ '**लकञ्**' પ્રત્યય લાગે છે. **विश्च पक्षी ना च नरः = विन्, विन्नोः भावः, कर्म वा = विन् + लकञ् = विन्नता** = પક્ષી પણું અને મનુષ્યપણું, પક્ષી અને મનુષ્યનું કાર્ય, લ અનુબંધ કરવાનું કારણ સ્ત્રીલિંગ બને છે. એ જણાવવા લિત્ જણાવેલ છે.

गोत्र–चरणात् श्लाघा–ऽत्याकार–प्राप्त्यवगमे ॥ ७–१–७५ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, ગોત્રવાચક અને ચરણવાચક નામને '**लकञ्**' પ્રત્યય લાગે છે. જો શ્લાઘા-પ્રશંસા, અત્યાકાર અન્ય

નો તિરસ્કાર, પ્રાપ્ત અને અવગમ-જાણવું અર્થ જણાતો હોય તો **गार्गस्य भावः, कर्म वा=गार्ग + ठकञ्=गार्गिका, गार्गिकया श्लाघते, अत्याकुरुते वा, गार्गिकां प्राप्तः अवगतः वा** ગાર્ગિકા વડે પ્રશંસા કરે છે, અથવા બીજાનો તિરસ્કાર કરે છે, ગાર્ગિકાને પ્રાપ્ત થયો છે અથવા ગાર્ગિકાને જાણે છે. ગાર્ગિકા–ગર્ગપણું અથવા ગર્ગનું કાર્ય **कठस्य भावः, कर्म वा = काठिकया श्लाघते अत्याकुरुते वा, काठिकां प्राप्तः, अवगतः वा =** કઠિકા વડે પ્રશંસા કરે છે અથવા અન્યનો તિરસ્કાર કરે છે, કાઠિકાને પ્રાપ્ત થયો છે અથવા કઠિકાને જાણે છે. કાઠિકા–કઠપણું અથવા કઠનું કાર્ય.

होत्राभ्यः ईयः ॥ ७–१–७६ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, હોત્રા વાચક શબ્દને 'ઈય' પ્રત્યય લાગે છે. **मैत्रावरुणस्य भावः कर्म वा = मैत्रवरुण +ईय =मैत्रावरुणीयम्, मैत्रावरुणत्वम्, मैत्रावरुणता =** મૈત્રાવરુણ નામની ઋચાનો ભાવ અથવા મૈત્રાવરુણ નામની ઋચાનું કાર્ય. મૈત્રાવરુણ વગેરે શબ્દો ઋચા વાચક છે.

ब्रह्मणस्त्वः ॥ ७–१–७७ ॥

ભાવ અને કર્મ સૂચક અર્થમાં, ઋત્વિગ્ અર્થવાળા બ્રહ્મન્ શબ્દને 'त्व' પ્રત્યય લાગે છે **ब्रह्मणः भावः, कर्मवा = ब्रह्मन् + त्व = ब्रह्मत्वम् =** બ્રહ્મપણું, બ્રહ્મનું કાર્ય.

शाकट–शाकिनौ क्षेत्रे ॥ ७–१–७८ ॥

ક્ષેત્ર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા તામને '**शाकट**' અને **शाकिन**' પ્રત્યયો લાગે છે. **इक्षोः क्षेत्रम् = इक्षु + शाकट = इक्षु·**

शाकटम् = શેરડીનું ખેતર, **शाकस्य क्षेत्रम्** = **शाक** + **शाकिन्** = **शाकशाकिनम्** = શાકનું ખેતર.

धान्येभ्य ईनञ् ॥ ७-१-७९ ॥

ક્ષેત્ર અર્થમાં, પછી વિભક્તિવાળા ધાન્યવાચક નામને 'ईनञ्' પ્રત્યય લાગે છે. **मुद्गस्य क्षेत्रम्** = **मुद्ग** + **ईनञ्** = **मौद्गीनम्** = મગનું ખેતર, **कोद्रवस्य क्षेत्रम्** = **कौद्रवीणम्** = કોદરાનું ખેતર

व्रीहि-शालेरेयण् ॥ ७-१-८० ॥

ક્ષેત્ર અર્થમાં, પછી વિભક્તિવાળા વ્રીહિ અને શાલિ શબ્દને 'ेयण्' પ્રત્યય લાગે છે **व्रीहेः क्षेत्रम्**=**व्रीहि** + **एयण्** = **व्रैहेयम्** ચોખાનું ક્ષેત્ર, **शालेः क्षेत्रम्** = **शालेयम्** = શાલિ-ચોખાનું ક્ષેત્ર.

यव-यवक-षष्टिकाद् यः ॥ ७-१-८१ ॥

ક્ષેત્ર અર્થમાં, પછી વિભક્તિવાળા યવ, યવક અને ષષ્ટિક શબ્દને 'य' પ્રત્યય લાગે છે. **यवस्य क्षेत्रम्** = **यव** + **य** = **यव्यम्** = જવનું ક્ષેત્ર, **यवकः क्षेत्रम्** = **यवक्यम्** = જવ જેવા ધાન્યનું ખેતર, **षष्टिकस्य क्षेत्रम्** = **षष्टिक्यम्** = સાઠી ચોખાનું ખેતર,

वाऽणु-माषात् ॥ ७-१-८२ ॥

ક્ષેત્ર અર્થમાં, પછી વિભક્તિવાળા અણુ અને માષ શબ્દને વિકલ્પે 'य' પ્રત્યય લાગે છે. **अणोः क्षेत्रम्** = **अणु** + **य** = **अणव्यम्**, **अणु** + **ईनञ्** = **आणवीनम्** = ઝીણા ચોખાનું ક્ષેત્ર, **माषस्य क्षेत्रम्** **माष्यम्**, **माषीणम्** = અડદનું ખેતર.

वोमा-भङ्ग-तिलात् ॥ ७-१-८३ ॥

ક્ષેત્ર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા ઉમા, ભઙ્ગા અને તિલ શબ્દને, વિકલ્પે 'य' પ્રત્યય લાગે છે. **उमायाः क्षेत्रम् = उमा + य = उम्यम्** , **उमा + इनञ् = औमीनम्** = ઉમા-અળસીનું ખેતર, **भङ्गायाः क्षेत्रम् = भङ्गयम्** , **भाङ्गीनम्** = ભાંગનું ખેતર, **तिलस्य क्षेत्रम् = तिल्यम् तैलीनम्** = તલનું ખેતર

अलाब्वाश्च कटो रजसि ॥ ७-१-८४ ॥

રજ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા અલાબૂ, ઉમા, ભઙ્ગા અને તિલ શબ્દને 'कट' પ્રત્યય લાગે છે. **अलाबूनां रजः=अलाबू + कट = अलाबूकटम्**=તુંબડાની રજ, **उमानां रजः=उमाकटम्** અળસીની રજ, **भङ्गानां रजः=भङ्गाकटम्** = ભાંગની રજ, **तिलनां रजः = तिलकटम् =** તલની રજ .

अह्ना गम्येऽश्वादीनञ् ॥ ७-१-८५ ॥

એક દિવસ જવા યોગ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા અશ્વ શબ્દને 'ईनञ्' પ્રત્યય લાગે છે. **अश्वस्य अह्नः गम्यः अश्वा= अश्व + ईनञ् =आश्विनः** अश्वा=એક દિવસમાં ઘોડાથી જવાય એવો રસ્તો.

कुलाज्जल्पे ॥ ७-१-८६ ॥

વાતચીત અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કુલ શબ્દને 'ईनञ्' પ્રત્યય લાગે છે. **कुलस्य जल्पः = कुल + ईनञ् = कौलीनः** = કુલ સંબંધી વાતચીત.

पीत्वादेः कृणः पाके ॥ ७-१-८७ ॥

પાક અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પીતુ વગેરે શબ્દોને 'कृण्'

પ્રત્યય લાગે છે. **लूनां पाकः = पीलु + कुण = पीलुकुणः** = પીલુનો પાક. **शमीनां पाकः = शमीकुणः** = શમીનો પાક.

कर्णादेर्मूले जाह ॥ ७-१-८८ ॥

મૂળ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કર્ણ વગેરે શબ્દને 'जाह' પ્રત્યય લાગે છે **कर्णस्य मूलम् = कर्ण + जाह = कर्णजाहम्** = કાનનું મૂળ, **अक्ष्णः मूलम् = अक्षिजाहम्** = આંખનું મૂળ.

पक्षात्तिः ॥ ७-१-८९ ॥

મૂળ અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પક્ષ શબ્દને 'ति' પ્રત્યય લાગે છે. **पक्षस्य मूलम् = पक्ष + ति = पक्षतिः** = પાંખનું મૂળ પક્ષતિ શબ્દ સ્ત્રીલિંગી છે.

हिमादेलुः सहे ॥ ७-१-९० ॥

સહન કરનાર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા હિમ શબ્દને 'એલુ' પ્રત્યય લાગે છે. **हिमस्य सहः वा हिमं सहमानः = हिम + एलु = हिमेलुः** = હિમને સહન કરનાર,

बल-वातादूलः ॥ ७-१-९१ ॥

સહન કરનાર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા બલ અને વાત શબ્દને 'ઊલ' પ્રત્યય લાગે છે. **बलस्य सहः, वा बलं सहमानः = बल + ऊल = बलूलः** = બળને સહન કરનાર **वातस्य सहः, वा वातं सहमानः=वातूलः** = વાયુને સહન કરનાર.

शीतोष्ण-तृप्रादालुरसहे ॥ ७-१-९२ ॥

સહન ન કરનાર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા શીત, ઉષ્ણ અને

તૃપ્ર શબ્દને **'આલુ'** પ્રત્યય લાગે છે. **शीतस्य असहः, शीतम् असहमानः वा** = **शीत + आलु** = **शीतालुः** = શરદીને સહન ન કરનાર, **उष्णस्य असहः, उष्णम् असहमानः वा** = **उष्णालुः** = તાપને સહન ન કરનાર, **तृप्रस्य असहः, तृप्रम् असहमानः वा** = **तृप्रालुः** = દુઃખને સહન ન કરનાર,

यथामुख–संमुखादीनस्तद् दृश्यतेऽस्मिन् ॥ ७–१–९३ ॥

એમાં તે દેખાય એવા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા **યથ** મુખ અને સંમુખ શબ્દને **'ઇન'** પ્રત્યય લાગે છે. **यथामुखं दृश्यते अस्मिन्** = **यथामुखम् – प्रतिबिम्बम्** = **यथामुख + ईन** = **यथामुखीनः आदर्शः** = જેવું મુખ છે તેવું દેખાય તે – દર્પણ. **समंमुखं दृश्यते अस्मिन् – संमुखम् - मुखस्य समम् अनेन वा** = **संमुख + ईन** = **संमुखीनः** = જેમાં સામું મુખ અથવા બરાબર સરખું મુખ દેખાય તે–દર્પણ.

सर्वादेः पथ्यङ्ग–कर्म–पत्र–पात्र–शरावं व्याप्नोति ॥ ७–१–९४ ॥

ફેલાઈ જાય છે એવા અર્થમાં, સર્વ શબ્દ છે આદિમાં જેને એવા દ્વિતીય વિભક્તિવાળા પથિ, અંગ, કર્મ, પગ, પાત્ર અને શરાવ શબ્દને **'ઇન'** પ્રત્યય લાગે છે. **सर्वपथं व्याप्नोति** = **सर्व-पथ + ईन** = **सर्वपथीनः रथः** = આખા રસ્તાને ઘેરી લેતો રથ. **सर्वाङ्ग व्याप्नोति** = **सर्वाङ्गीणः तापः** = સર્વ અંગમાં ફેલાઇ જતો તાપ, **सर्वकर्म व्याप्नोति** = **सर्वकर्मीणः नरः** = સર્વ કાર્યોને પહોંચી વળતો પુરૂષ, **सर्वपत्रं व्याप्नोति** = **सर्वपत्रीणः यन्ता** = સર્વ પ્રકારના પત્ર–વાહનને હાંકારી શકે તેવો સારથિ, **सर्वपात्रं**

વ્યાપ્નોતિ = સર્વપાત્રીણમ્ ભક્તમ્ = સંપૂર્ણ પાત્રમાં ફેલાયેલો ભાત, **સર્વશરાવં વ્યાપ્નોતિ = સર્વશરાવીણમ્ ઓદનમ્** = આખા શરાવ–ભિક્ષાપાત્રમાં સમાયેલો ભાત

आप्रपदम् ॥ ७–१–९५ ॥

ફેલાઈ જાય છે એવા અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા આપ્રપદ શબ્દને '**ઈન**' પ્રત્યય લાગે છે. **आप्रपदं व्याप्नोति = आप्रपद + ईन = आप्रपदीनः पटः** = ઠેઠ પુંછડી સુધી આવી જાય એવું કપડું, આપ્રપદ શબ્દ કપડા વગેરેની લંબાઈ કે પહોળાઈનો સૂચક છે.

अनुपदं बद्धा ॥ ७–१–९६ ॥

બાંધેલા અર્થમાં, દ્વિતીય વિભક્તિવાળા અનુપદ શબ્દને '**ઈન**' પ્રત્યય લાગે છે **अनुपदं बद्धा = अनुपद + ईन = अनुपदीना उपानत्** = પગની સાથે પગ જેટલો લાંબો બાંધેલો જોડો. **उप + आ + नत् = उपानत्** = પાસે=મર્યાદામાં બાંધેલો – જોડો.

अयानयं नेयं ॥ ७–१–९७ ॥

લઈ જવા યોગ્ય અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અયાનય શબ્દને '**ઈનિ**' પ્રત્યય લાગે છે. **नेयः शारः = अयानय + ईन = अयानयीनः शारः**= બાજી પર રહેલી જમણી બાજુ કે ડાબી બાજુ લઈ જવાય તે સોગઠી. **अय** = જમણી બાજુ **अनय** = ડાબી બાજુ **अयानय** = ડાબી બાજુ જમણી બાજુ **शार** સોગઠી **अय** = શુભ ભાગ્ય, **अनय** = અશુભ ભાગ્ય, શુભ ક્રિયા દ્વારા અશુભ ભાગ્ય ટળી જાય અર્થાત્ શાંતિકર્મ કરવું, તપાદિ કરવા, દાનાદિ દેવું. તથા બ્રહ્મચર્ય, સત્યાદિ સદાચારના નિયમ રાખવો. જે વ્યક્તિને શાંતિકર્મરૂપ આ નિયમો તરફ દોરી જવાનો હોય તે પણ **अयानयीनः** કહેવાય.

सर्वाऽन्नमत्ति ॥ ७-१-९८ ॥

આય છે અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા સર્વાન્ન શબ્દને 'ઇન' પ્રત્યય લાગે છે. **सर्वान्नम् अत्ति = सर्वान्न + ईन = सर्वान्नीनः भिक्षुः** = અમુક આવું અમુક ન આવું એવા નિયમ વિનાના સર્વપ્રકારના અન્ન આનાર-ભિક્ષુ.

परोवरीण-परम्परीण-पुत्रपौत्रीणम् ॥ ७-१-९९ ॥

અનુભવ અર્થમાં, ઇન પ્રત્યયાન્ત એવા પરોવરીણ વગેરે ત્રણ શબ્દો 'निपातन' થાય છે. **परांश्च अवरांश्च अनुभवति = परोवरीणः** = આગળ પાછળને અનુભવનારો, **परान् परतरांश्च अनुभवति = परम्परीणः** = પર અને પરતરને અનુભવનારો. **पुत्रान् पौत्रांश्च अनुभवति = पुत्रपौत्रीणम्** = પુત્રો અને પૌત્રોને અનુભવનારો.

यथाकामा-ऽनुकामा-ऽत्यन्तं गामिनि ॥ ७-१-१०० ॥

જનારા અર્થમાં, દ્વિતીય વિભક્તિવાળા યથાકામ, અનુકામ અને અત્યન્ત શબ્દને 'ઇન' પ્રત્યય લાગે છે. **यथाकामं गामी = यथाकाम + ईन = यथाकामीनः** = ઇચ્છા મુજબ જનારો, **अनुकामं गामी = अनुकामीनः** = ઇચ્છા મુજબ જનારો, **अत्यन्तं गामी = अत्यन्तीनः** = અત્યન્ત જનારો-ખેપીયો.

पारावारं व्यस्त-व्यत्यस्तं च ॥ ७-१-१०१ ॥

જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા પારાવાર શબ્દને, વ્યસ્ત-પાર અને અવાર જુદા જુદા શબ્દોને, તથા વ્યત્યસ્ત-પારાવારના ઉલટો અવારપાર શબ્દને 'ઇન' પ્રત્યય લાગે છે. **पारावारं गामी**

= **पारावारीणः** = સમુદ્રની સફર કરનારો, **पारं गामी = पारीणः** = સમુદ્રની પાર–સામે કાંઠે જનારો, **अवारं गामी = अवारीणः** = સમુદ્રને અવાર–તીરે જનારો, **अवारपारं गामी = अवारपारीणः** = સમુદ્રની મુસાફરી કરનારો.

अनुग्वलम् ॥ ७–१–१०२ ॥

છેવટ સુધી જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અનુગુ શબ્દને 'ઇન' પ્રત્યય લાગે છે. **गवाद् पश्चाद् अनुगु, अनुगु अलंगामी = अनुगु + ईन = अनुगवीनः गोपः** = ગાયની પાછળ છેવટ સુધી જનારો–ગોવાળીયો.

अध्वानं येनौ ॥ ७–१–१०३ ॥

છેવટ સુધી જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અધ્વન્ શબ્દને 'य' અને 'ઇન' પ્રત્યય લાગે છે. **अध्वानम अलंगामी= अध्वन्+य = अध्वन्यः, अध्वन् + ईन = अध्वनीनः** = રસ્તા ઉપર છેવટ સુધી જનારો.

अभ्यमित्रमीयश्च ॥ ७–१–१०४ ॥

છેડ સુધી જનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અભ્યમિત્ર શબ્દને 'ઇય, य' અને 'ઇન' પ્રત્યય લાગે છે. **अभ्यमित्र+ईय=अभ्यमित्रीयः, अभ्यमित्रम् अलंगामी = अभ्यमित्र + य = अभ्यमित्र्यः, अभ्यमित्र + ईन = अभ्यमित्रीणः**=શત્રુ સામે છેવટ સુધી જનારો.

समांसमीना–ऽद्यश्वीना–ऽद्यग्रातीना–ऽऽगवीन–सासपदीनम् ॥ ७–१–१०५ ॥

ઇન પ્રત્યયાન્ત એવા સમાંસમીન અધશ્વીન, અધપ્રાતીન અને આગવીન શબ્દો તથા ઈનઞ્ પ્રત્યયાન્ત સાંતપદીન શબ્દ **'ઇનપાતન'** થાય છે. **समां समां गर्भं धारयति = समांसमीना गौः** = વર્ષે વર્ષે ગર્ભ ધારણ કરનારી ગાય, **अद्य श्वो वा विजनिष्यमाणा = अद्यश्वीना गौः** = આજકાલમાં વીયાનારી ગાય, **अद्यः प्रातः भविष्यति = अद्यप्रातीनः लाभः** = આજે સવારે થનારો લાભ, **आ गो प्रतिदानं कारी.= आगवीनः कर्मकृत्** = ઉછીની લીધેલ ગાયને પાછી ન આપે ત્યાં સુધી કામ કરનાર નોકર, **सप्तभिः पदैः अवाप्यम् = साप्तपदीनं संख्यम्** = સાત પગલા સુધી સાથે ચાલીને પ્રાપ્ત થતી મૈત્રી.

अषडक्षा–ऽऽशितंग्वलङ्कर्मा–ऽलंपुरुषादीनः ॥ ७–१–१०६ ॥

અષડક્ષ, આશિતંગુ, અલંકર્મા અને અલંપુરુષ શબ્દને, સ્વાર્થના વિષયમાં **'ઈન'** પ્રત્યય લાગે છે **अविद्यमानानि षड् अक्षीणि यस्मिन् = अषडक्ष + ईन = अषडक्षीणः मन्त्रः** = જેમાં છ આંખો ભેગી ન થઈ હોયતે અર્થાત્ માત્ર બે જ માણસો જાણતા હોય તેવો મંત્ર, **अषडक्षीणः क्रीडा** = જેમાં છ આંખો ભેગી ન થતી હોય અર્થાત્ બે જ જણાની રમત. **अषडक्षीणः कन्दुकः** = ફક્ત બે જ જણા રમતા હોય તેવો દડો, **अदृश्यनि षड् अक्षीणि यस्य=अषडक्षीणः चैत्रः** = જેને છ આંખો જોવાનો પ્રસંગ ન આવેલ હોય તેવો ચૈત્ર, અર્થાત જેને પોતાના બાપને, બાપા ના બાપને અને પોતાના પુત્રને ન જોયો હોય તે ચૈત્ર **अविद्यमानानि षड् अक्षाणि यस्य = अषडक्षीणः** = જેને પાંચ ઈન્દ્રિય અને છઠું મન ન હોય તેવો પ્રાણી અર્થાત્ જે વિચાર વિનાની પ્રવૃત્તિ કરે તે, **अशिता गावः यस्मिन्** = **आशितङ्गवीनम् अरण्यम्** = જેમાં ગાયોને ખવડાવવમાં આવ્યું છે તેવું જંગલ, **अलङ्कर्मणे** = **अलङ्कर्मीणः** = કાર્ય માટે સમર્થ, **अलं**

पुरुषाय = अलंपुरुषीणः = પુરૂષ માટે સમર્થ.

अदिक्स्त्रियां वाऽज्ञः ॥ ७-१-१०७ ॥

સ્વાર્થ અર્થમાં, નારીજાતિની દિશા સૂચક ન હોય તેવો અજ્ઞ શબ્દ છે અન્તે જેને, તેવા નામને 'ईन' પ્રત્યય વિકલ્પે લાગે છે. **प्र + अञ्च् + ईन = प्राच् + ईन = प्राचीनम्** = જુનુ, **प्र + अञ्च् = प्राक्** = પહેલાનું, પુરાણું. **प्राचीना शाखा** = પહેલાની શાખા.

तस्य तुल्ये कः संज्ञा-प्रतिकृत्योः ॥ ७-१-१०८ ॥

તુલ્ય અર્થમાં, કોઈના નામનો તથા મૂર્તિરૂપ વિષય જણાતો હોય તો ષષ્ઠી વિભક્તિવાળા નામને 'क' પ્રત્યય લાગે છે. **अश्वस्य तुल्यः = अश्व + क = अश्वकः** = કોઈનું નામ, **अश्वस्य तुल्यम् = अश्वकं रूपम्** = અશ્વની પ્રતિકૃતિ - આકારવાળી મૂર્તિ.

न नृ-पूजार्थ-ध्वज-चित्रे ॥ ७-१-१०९ ॥

પુરૂષ અર્થમાં, પૂજ્ય અર્થમાં, ધ્વજ અર્થમાં અને ચિત્ર અર્થમાં સ્વાર્થનો સૂચક 'क' પ્રત્યય થતો નથી. **चञ्चा ना** = ચાલિયો પુરૂષ **अर्हन्** = પૂજ્યને યોગ્ય અરિહંતની મૂર્તિ, **ध्वजे सिंहः** = ધ્વજમાં સિંહનું નિશાન, **चित्रे भीमः** = ચિત્રમાં ભીમનું ચિત્ર અહિ સિંહ અને ભીમ જીવંત સ્વરૂપ નથી લેવાના, પરંતુ નિશાન કે ચિત્ર સ્વરૂપ લેવાના છે.

अपण्ये जीवने ॥ ७-१-११० ॥

વેચવાની ચીજવસ્તુ સિવાય જેનાથી જીવન ચાલતું હોય તેવા નામને 'क' પ્રત્યય લાગતો નથી. **शीवेन-शीवतुल्येन जीवनं यस्य - शीवः** = શીવ મૂર્તિની પૂજા વડે પૂજારીનું જીવન ચાલે છે. અહિ શીવની મૂર્તિ વેચવાની વસ્તુ નથી.

देवपथादिभ्यः ॥ ७–१–१११ ॥

તુલ્ય અર્થમાં, જે કોષ્ઠનું નામ અથવા મૂર્તિરૂપ વિષય હોયતો દેવપથ વગેરે શબ્દને '**ક**' પ્રત્યય લાગતો નથી. **दत्तपथस्य तुल्यः = देवपथः** = દેવના માર્ગ જેવો માર્ગ = દેવપથ નામ છે. **हंसपथस्य तुल्यः = हंसपथः** = હંસોના માર્ગ જેવો માર્ગ–હંસપથ નામ છે.

बस्तेरेयञ् ॥ ७–१–११२ ॥

તુલ્ય અર્થમાં, સંજ્ઞા અને પ્રતિકૃતિનો વિષય ન હોય તો પાંચમી વિભક્તિવાળા શબ્દને '**एयञ्**' પ્રત્યય લાગે છે. **बस्ति + एयञ् = बास्तेयी प्रणालिका** = બસ્તીના માપ જેટલી નળી, એનીમાની રબરની નળી.

शिलाया एयच्च ॥ ७–१–११३ ॥

તુલ્ય અર્થમાં પાંચમી વિભક્તિવાળા શિલા શબ્દને '**एयच्**' અને '**एयञ्**' પ્રત્યય લાગે છે **शिलायाः तुल्यम् = शिला + एयच् = शिलेयम्, शिला + एयञ् = शैलेयम् दधि** = પત્થર સમાન કઠણ દહીં. **शिलेयी, शैलयी, इष्टिका** = પત્થર જેવી મજબુત ઈંટ.

शाखादेर्यः ॥ ७–१–११४ ॥

તુલ્ય અર્થમાં, પાંચમી વિભક્તિવાળા શાખા વગેરે શબ્દને '**य**' પ્રત્યય લાગે છે. **शाखायाः तुल्यः = शाखा + य = शाख्यः** = વૃક્ષની શાખા–ડાળ, **मुखस्य तुल्यः = मुख्यः** = પ્રધાન–મુખ્ય.

द्रोर्मध्ये ॥ ७–१–११५ ॥

તુલ્ય એવો ભવ્ય અર્થમાં, પાંચમી વિભક્તિવાળા **દ્રુ** શબ્દને '**ય**'

પ્રત્યય લાગે છે. **द्रोः तुल्यम् = द्रु + य = द्रव्यम् अयं ना, स्वर्णादि च** = આ માણસ ભવ્ય દ્રવ્ય છે, સોનું વગેરે ભવ્ય દ્રવ્ય છે. ભવ્ય-ઉત્તમ.

कुशाग्रादीयः ॥ ७–१–११६ ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કુશાગ્ર વગેરે શબ્દને 'ઈય' પ્રત્યય લાગે છે. **कुशाग्रस्य तुल्या = कुशाग्र + ईय = कुशाग्रीया बुद्धिः** = કુશના અગ્રભાગ જેવી–તીક્ષ્ણ બુદ્ધિ,

काकतालीयादयः ॥ ७–१–११७ ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા કાકતાલીય વગેરે શબ્દો 'ઈય' પ્રત્યયાન્ત સમજવા, **काकश्च तालश्च = काकतालम्, तस्य तुल्यम् = काकतालीयम्** = ઊડતાં કાગડાનો તાડના ફળ સાથે આકસ્મિક સંયોગ થયો. અર્થાત્ કાગડાનું બેસવું અને તાડનું ફળ કોઈકના માથા ઉપર પડવું, તેના જેવું જે કાર્ય તે. **खलतिश्च बिल्वश्च = खलतिबिल्वम्, तस्य तुल्यम् = खलतिबिल्वीयम्** = ટાલિયા માણસના માથા ઉપર અકસ્માત્ બિલ્વ પડવું, તેના જેવું જ કાર્ય તે

शर्करादेरण् ॥ ७–१–११८ ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા શર્કરા વગેરે શબ્દને 'અણ્' પ્રત્યય લાગે છે. **शर्करायाः तुल्यम् = शर्करा + अण् – शार्करम् दधि** = મધુર દહીં. **कपालिकायाः तुल्यम् = कापालिकम्** = કપાલિકા ભિક્ષુના ભાજન જેવું – અખર જેવું.

अः सपत्न्याः ॥ ७–१–११९ ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા સપત્ની શબ્દને ' અ ' પ્રત્યય લાગે છે. **सपत्न्याः तुल्य=सपत्नी + अ = सपत्नः** = સપત્નીની તુલ્ય-શત્રુ.

एकशालाया इकः ॥ ७–१–१२० ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા એકશાલા શબ્દને 'ઇક' પ્રત્યય લાગે છે. **एकशालायाः तुल्यम् = एकशाला + इक = एकशालिकम्** = એક શાળામાં સાથે રહેનાર–મિત્ર.

गौण्यादेश्चैकण् ॥ ७–१–१२१ ॥

તુલ્ય અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા ગૌણી વગેરે શબ્દો તથા એકશાલ શબ્દને ' ઇકણ્ ' પ્રત્યય લાગે છે. **गौण्याः तुल्यम् = गौणी + इकण् = गौणिकम्** = ગુણિયું–અનાજ ભરવાની ગુણી, **अङ्गुल्याः तुल्यम् = आङ्गुलिकम्** = આંગૂઠી–વીંટી, **एकशालायाः तुल्यम् = ऐकशालिकम्** = એક ઘરની જેવું

कर्क–लोहितादीकण् च ॥ ७–१–१२२ ॥

તુલ્ય અર્થમાં, પષ્ઠી વિભક્તિવાળા કર્ક અને લોહિત શબ્દને ' ટીકણ્ ' અને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **कर्कस्य तुल्यः = कर्क + टीकण् = कार्कीकः, कर्क+ इकण् = कार्किकः** = સફેદ ઘોડા જેવું **लोहितस्यतुल्यः = लौहितीकः, लौहितिकः** = સફેદ છતાં લાલના સંયોગથી લાલ જેવું દેખાય તે

वेर्विस्तृते शाल–शङ्कटौ ॥ ७–१–१२३ ॥

વિસ્તૃત અર્થમાં, વિ શબ્દને **'शाल'** અને **'शङ्कट'** પ્રત્યય લાગે છે. **वि +शाल=विशालः**=વિસ્તૃત, **वि +शङ्कट=विशङ्कटः**=વિસ્તૃત.

कटः ॥ ७–१–१२४ ॥

વિસ્તૃત અર્થમાં, વિ શબ્દને 'કટ' પ્રત્યય લાગે છે. **वि + कट = विकटः** = વિસ્તારવાળું.

स–प्रोन्नेः संकीर्ण–प्रकाशा–ऽधिके–समीपे ॥ ७–१–१२५ ॥

સંકીર્ણ અર્થમાં, પ્રકાશ અર્થમાં, અધિક અર્થમાં અને સમીપ અર્થમાં અનુક્રમે સમ્, પ્ર, ઉત્ અને નિ શબ્દને 'કટ' પ્રત્યય લાગે છે. **सम्+कट=सङ्कटः** = સાંકડું, **प्र+कट = प्रकटः** = ખુલ્લું, **उत् +कट = उत्कटः** = અધિક–તીવ્ર, **नि + कट = निकटः** = નજીક.

अवात् कुटारश्चावनते ॥ ७–१–१२६ ॥

અવનત અર્થમાં, અવ શબ્દથી 'કુટાર' અને 'કટ' પ્રત્યય લાગે છે. **अव + कुटार = अवकुटारः, अव + कट = अवकटः** = અવનત–નમેલ.

नासानति–तद्वतोष्टीटे–नाट–भटम् ॥ ७–१–१२७ ॥

नासानति– નમેલું નાક, તથા **तद्वतोः** = નમેલા નાકવાળો એવા અર્થમાં, અવ શબ્દને 'ટીટ, નાટ' અને 'ભટ' પ્રત્યયો લાગે છે. **अव+टीट=अवटीटम्, अव+नाट=अवनाटम्, अव+भ्रट =अवभ्रटम्**=તિરસ્કાર જણાવવા માટે નમેલું નાકનું ટેરવું, અર્થાત્ જેને જોઇને નાકના ટેરવાને નીચું કરવામાં આવે તેવી વ્યક્તિ અથવા પ્રવૃત્તિ.

नेरिन–पिट–काश्विक्–चि–चिकश्चाऽस्य ॥ ७–१–१२८ ॥

નમેલું નાક અને નમેલા નાકવાળો અર્થમાં, નિ શબ્દને 'ઈન'

પિટ ' અને 'ક' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં નિ ને સ્થાને અનુક્રમે 'ચિક્ક, ચિ' અને 'ચિક' આદેશ થાય છે. **નિ + ઇન=ચિક્ક +ઇન=ચિકિનમ્, નિ+પિટ=ચિ+પિટ = ચિપિટમ્, નિ + ક = ચિક+ક=ચિક્કમ્ નાસાનમનં નાસાદિ ચક**=નમેલું નાક રાખું **ચિકિના, ચિપિટા, ચિક્કા**=નમેલ નાસિકા અથવા ચપટી નાસિકા, **ચિકિનઃ, ચિપિટઃ ચિક્કઃ** = નમેલ નાકવાળો, ચપટ નાકવાળો.

બિડ–બિરીસૌ નીરન્ધ્રે ચ ॥ ૭–૧–૧૨૯ ॥

નિબિડ અથવા ઘન અર્થમાં, તથા નમેલું નાક અને નમેલા નાકવાળા અર્થમાં, નિ શબ્દને '**બિડ**' અને '**બિરીસ** પ્રત્યય લાગે છે. **નિ + બિડ = નિબિડાઃ કેશાઃ**=સઘનવાળ, **નિ + બિરીસ = નિબિરીસાઃ કેશાઃ**=સઘનવાળ, **નિબિડમ્, નિબિરીસમ્ વસ્ત્રમ** = ઘટ્ટ વસ્ત્ર, **નિબિરીસમ્ નાસાનમનં નાસા ચ** = નમેલ નાક તથા નમેલ નાકવાળું.

ક્લિન્નાલ્લઃ ચક્ષુષિ ચિલ્લ–પિલ્લ–ચુલ્લ્ ચાસ્ય ॥ ૭–૧–૧૩૦ ॥

આંખના વિશેષણરૂપ વપરાતાં ક્લિન્ન શબ્દને 'લ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં ક્લિન્ન શબ્દને સ્થાને ' ચિલ્લ, પિલ્લ ' અને **ચુલ્લ્** આદેશ થાય છે **ક્લિન્ન + લ = ચિલ્લમ્, પિલ્લમ્, ચુલ્લમ્ ચક્ષુઃ**=રોગવાળી આંખ, **ચિલ્લઃ, પિલ્લઃ, ચુલ્લઃ ચક્ષુઃ** = રોગવાળી આંખવાળો, ક્લિન્ન – આંખમાંથી પાણી ઝરવું અથવા ચીપડા થવા તે આંખનો રોગ છે.

ઉપત્યકા–ઽધિત્યકે ॥ ૭–૧–૧૩૧ ॥

ઉપત્યકા અને અધિત્યક શબ્દો ' **નિપાતન** ' થાય છે. **ઉપ-**

भवा = उपत्यका गिर्यासन्नाः भू = પર્વત પાસેની જમીન–તળેટી, **अधि भवा = अधिपत्यका पर्वतोऽधिरूढो भूः** = પર્વત ઉપરની જમીન–શીખર.

अवेः संघात–विस्तारे कट–पटम् ॥ ७–१–१३२ ॥

અવ શબ્દને, સંઘાત અને વિસ્તાર અર્થમાં, અનુક્રમે 'કટ' અને 'પટ' પ્રત્યય લાગે છે. **अवीनां संघातः = अवि + कट = अविकटः संघातः** = ઘેટાંઓનું ટોળું, **अवीनां विस्तारः = अविपटः विस्तारः** = ઘેટાંઓનો વિસ્તાર.

पशुभ्यः स्थाने गोष्ठः ॥ ७–१–१३३ ॥

સ્થાન અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પશુવાચક નામને 'ગોષ્ઠ' પ્રત્યય લાગે છે. **गवां स्थानम् = गो + गोष्ठ = गोगोष्ठम्** = ગાયોનું સ્થાન–ગોશાળા, **अश्वानां स्थानम् = अश्वगोष्ठम्** = ઘોડાનું સ્થાન તબેલો.

द्वित्वे गोयुगः ॥ ७–१–१३४ ॥

દ્વિત્વ–જોડી અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા પશુવાચક નામને 'ગોયુગ' પ્રત્યય લાગે છે. **गवोः द्वित्वम् = गो + गोयुग = गोगोयुगम्** = બે ગાયો, **अश्वयोः द्वित्वम् = अश्वगोयुगम्**=બે ઘોડાઓ.

षट्त्वे षड्गवः ॥ ७–१–१३५ ॥

છની સંખ્યામાં, ષષ્ઠી વિભક્તિવાળા પશુવાચક નામને 'ષડ્' પ્રત્યય લાગે છે, **हस्तीनां षट्त्वम्=हस्ति+षड्गव=हस्तिषड्गवम्**= છ હાથીઓનું ટોળું.

तिलादिभ्यः स्नेहे तैलः ॥ ७–१–१३६

વિકાર અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા તિલ વગેરે શબ્દને 'તૈલ' પ્રત્યય લાગે છે. **तिलस्य स्नेहः = तिल + तैल = तिलतैलम्** = તલનું તેલ, **सर्षपस्य स्नेहः = सर्षप+तैलम्** = સરસવનું તેલ

तत्र घटते कर्मणष्ठः ॥ ७–१–१३७ ॥

ઘટતે અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા કર્મન્ શબ્દને 'ઠ' પ્રત્યય લાગે છે. **कर्मणि घटते = कर्म + ठ = कर्मठः** = કાર્ય કરવામાં પ્રયત્નશીલ.

तदस्य सञ्जात तारकादिभ्य इतः ॥ ७–१–१३८ ॥

તેઅેનું થયું અેવા ષષ્ઠી વિભક્ત્યર્થમાં, પ્રથમા વિભક્તિવાળા તારક વિગેરે શબ્દને 'इत' પ્રત્યય લાગે છે. **तारकाः संजाताः अस्य = तारक + इत = तारकितं नभः** = તારાઅો અેના થયા–તારાઅોવાળું આકાશ, **पुष्पाणि संजातानि अस्य = पुष्पितः तरुः** ફુલો અેના થયા–ફુલોવાળું ઝાડ.

गर्भादप्राणिनि ॥ ७–१–१३९ ॥

તે અેનું થયું અેવા ષષ્ઠી વિભક્ત્યર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ગર્ભ શબ્દને 'इत' પ્રત્યય લાગે છે. **गर्भः संजातः अस्य = गर्भ + इतः = गर्भितः व्रीहिः** = અેને ગર્ભ થયો. જેમાં ગર્ભ બંધાયેલો છે અેવા ચોખા.

प्रमाणान्मात्रट् ॥ ७–१–१४० ॥

તે અેનું અેવા ષષ્ઠી વિભક્ત્યર્થમાં, પ્રમાણ સૂચક પ્રથમા

વિભક્તિવાળા નામને ' **માત્રટ્** ' પ્રત્યય લાગે છે, **જાનુની પ્રમાણમ્ અસ્ય = જાનુ + માત્રટ્ = જાનુમાત્રં જલમ્** = ઘુંટણ સુધીનું પાણી, **તત્ પ્રમાણમ્ અસ્યા = તન્માત્રી ભૂઃ** = તેટલા પ્રમાણની જમીન.

હસ્તિ–પુરુષાદ્ ણાડણ્ ॥ ૭–૧–૧૪૧ ॥

તે એનું પ્રમાણ એવા પષ્ઠી વિભક્તિવાળા હસ્તિ અને પુરૂષ શબ્દને, વિકલ્પે ' **અણ્** ' પ્રત્યય લાગે છે. **હસ્તિપ્રમાણમ્ અસ્ય= હસ્તિન્ + અણ્ = હાસ્તિનમ્, હસ્તિમાત્રમ્, હસ્તિદઘ્નમ્ , હસ્તિદ્વયસમ્ જલમ્** = હાથીના પ્રમાણ જેટલું ઊંડુ પાણી, **પુરુષ· પ્રમાણમ્ અસ્ય = પૌરુષમ્** =. પુરૂષના પ્રમાણ જેટલું પાણી=માથોડુ પાણી.

વોર્ધ્વે દઘ્નટ્-દ્વયસમ્ ॥ ૭–૧–૧૪૨ ॥

તેઅનું ઊંડુ પ્રમાણ એવા પષ્ઠી વિભક્ત્યર્થમાં, પ્રથમા વિભક્તિ· વાળા નામને, વિકલ્પે **'દઘ્નટ્ '** અને ' **દ્વયસ** ' પ્રત્યય લાગે છે, **ઊરુઃ પ્રમાણમ્ અસ્ય = ઊરુ + દઘ્નટ્ = ઊરુદઘ્નમ્, ઊરુ + દ્વયસ = ઊરુદ્વયસમ્ , ઊરુ + માત્રટ્ = ઊરુમાત્રમ્ જલમ્**=ઢીંચણ જેટલું ઊંડું પાણી.

માનાદસંશયે લુપ્ ॥ ૭–૧–૧૪૩ ॥

જ્યે પ્રમાણનો જરા પણ સંશય ન હોય તો, સાક્ષાત્–પ્રત્યક્ષ છે એવા હાથ, વેંત વગેરે પ્રસિદ્ધ છે એવા માનવાચક શબ્દને લાગેલ માત્રટ્ વગેરે પ્રત્યયનો ' **લોપ** ' થાય છે. **હસ્તપ્રમાણમ્ અસ્ય = હસ્ત + માત્રટ્ = હસ્તઃ** = હાથ જેટલું લાંબુ, **વિતસ્તિપ્રમાણમ્ અસ્ય = વિતસ્તિઃ** = વેંત જેટલું પહોળું,

द्विगोः सशये च ॥ ७–१–१४४ ॥

જો પ્રમાણમાં સંશય હોય કે અસંશય હોય તો, માનવાચક શબ્દ છે અન્તે જેને એવા દ્વિગુસમાસવાળા શબ્દને લાગેલ માત્રટ્ વગેરે પ્રત્યયનો 'લોપ' થાય છે. **द्वितस्तिः स्यात्** =બરાબર બે વેંત જ હોય અથવા બરાબર બે વેંત હોય કે ન હોય. **द्विप्रस्थः स्यात्**=બરાબર બે પ્રસ્થ જ હોય અથવા બરાબર બે પ્રસ્થ હોય કે ન હોય.

मात्रट् ॥ ७–१–१४५ ॥

તેનું માપ એવા પછી વિભક્ત્યર્થમાં, માનવાચક પ્રથમા વિભક્તિવાળા નામને 'मात्रट्' પ્રત્યય લાગે છે. જો સંશય હોય તો. **प्रस्थः परिमाणम् अस्य=प्रस्थ+मात्रट्=प्रस्थमात्रं स्यात्** = પ્રસ્થ જેટલું કદાચ માપ હોય.

शत्–शद्–विंशतेः ॥ ७–१–१४६ ॥

તેનું માપ એવા પછી વિભક્ત્યર્થમાં, સંશય જણાતો, હોય તો, માનસૂચક નામને અન્તે शत् અને शत् શબ્દ છે અન્તે જેને એવા અને વિંશતિ શબ્દને, સંખ્યાવાચક પ્રથમા વિભક્તિવાળા નામને 'मात्रट्' પ્રત્યય લાગે છે. **दश मानं येषां स्यात् = दश + मात्रट् = दशमात्राः स्युः** = જેનું લગભગ દશનું માપ છે. **त्रिंशद् मानं येषां स्यात् = त्रिंशन्मात्राः** = જેનું લગભગ ત્રીશનું માપ છે. **विंशतिः मानं येषां स्यात् = विंशतिमात्राः = विंशतिमात्राः** = જેનું લગભગ વીશનું માપ છે.

डिन् ॥ ७–१–१४७ ॥

તેનું માપ એવું પછી વિભક્ત્યર્થમાં, જેને અન્તે માનસૂચક शत्

અને શત્ શબ્દ છે એવા અને વિંશતિ શબ્દને, સંખ્યાવાચક પ્રથમા વિભક્તિવાળા નામને ' ડિન્ ' પ્રત્યય લાગે છે. **पञ्चदश परिमाणम् अस्याः सा = पञ्चदश + डिन = पञ्चदशी अर्धमासः** = જેનું બરાબર પંદર અહોરાત્ર માન છે તે – અર્ધમાસ, **त्रिंशत् परिमाणम् अस्याः सा = त्रिंशत् + डिन = त्रिंशी मासः**=જેનું બરાબર ત્રીશ અહોરાત્ર માપ છે તે – મહિનો, **विंशतिः परिमाणम् येषाम् सा = विंशनः भवनेन्द्राः** = જેને બરાબર વીશનું માપ છે તે – ભવનપતિના ઈન્દ્રો.

इदम्-किमोऽतुरिय-कियू चास्य ॥ ७–१–१–१४८ ॥

તેનું માપ એવા પછી વિભક્ત્યર્થમાં, માપવા યોગ્ય અર્થ જણાતો હોય તો, માનસૂચક પ્રથમા વિભક્તિવાળા ઇદમ્ અને કિમ્ શબ્દને **'અતુ'** પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં ઇદમ્નો **' ઇય્ '** અને કિમ્નો ' **કિય્** ' આદેશ થાય છે. **प्रमाण – इदम् मानम अस्य = इदम् + अतु = इय् + अत् = इयत् = इयान् पटः** = આટલો લાંબો પટ – ઓછાડ, **किम् मानम् अस्य = कियत् = कियान् पटः** = કેટલો લાંબો પટ. **परिमाण – इयद् धान्यम** = આટલું ધાન્ય, **कियद् धान्यम् =** કેટલું ધાન્ય, **उन्मान – इयत् सुवर्णम्** = આટલું સોનું, **कियत् सुवर्णम्** = કેટલું સોનું, **संख्या– इयन्तो गुणिनः** = આટલા ગુણીયલ પુરૂષો, **कियन्तो गुणिनः** = કેટલા ગુણીયલ પુરૂષો.

यत्–तदेतदो डावादिः ॥ ७–१–१४९ ॥

તેનું માપ એવા ષષ્ઠીવિભક્ત્યર્થમાં, માપવા યોગ્ય અર્થ જણાતો હોય તો, પ્રથમા વિભક્તિવાળા માનસૂચક યત્, તત્ અને એતત્ શબ્દને, ડાવ્ છે આદિમાં જેને એવો અતુ અર્થાત્ ' **ડાવતુ** ' પ્રત્યય

લાગે છે. **यत् मानम् अस्य = यत + डावतु = यावत् यावान्** = જેટલો ધાન્ય ઢગલો, **तत् मानम् अस्य = तावत् = तावान्** = તેટલો ધાન્યનો ઢગલો, **एतद् मानम् अस्य = एतावत् = एतावान् धान्यराशिः** = આટલો ધાન્યનો ઢગલો.

यत्-तत्-किमः संख्याया डतिर्वा ॥ ७–१–१५० ॥

તેનું સંખ્યારૂપ માપ એવા પછી વિભક્ત્યર્થમાં, સંખ્યા યોગ્ય અર્થ જણાતો હોય તો, પ્રથમા વિભક્તિવાળા સંખ્યારૂપ માનસૂચક यत्, तत् અને किम् શબ્દને વિકલ્પે ' डति ' પ્રત્યય લાગે છે. **यद् मानम् यस्य = यद् + डति = यति, यद्+डवतु=यावान्–यावन्तः** = જેટલા, **तद् मानम् यस्य = तति, तावन्तः**=તેટલા, **किं मानम् यस्य – कति; कियन्तः** = કેટલા.

अवयवात् तयट् ७–१–१५१ ॥

તેનો અવયવ એવા પછી વિભક્ત્યર્થમાં, અવયવ અર્થ સૂચક સંખ્યાવાચક પ્રથમા વિભક્તિવાળા નામને ' **तयट्** ' પ્રત્યય લાગે છે. **पञ्च अवयवाः यस्य = पञ्च + तयट् = पञ्चतयः यमः** = જેના પાંચ અવયવ છે એવો યમ – પાંચ મહાવ્રત.

द्वि–त्रिभ्यामयट् वा ॥ ७–१–१५२ ॥

તેનો અવયવ એવા પછી વિભક્ત્યર્થમાં, સંખ્યાવાચક અવયવ સૂચક द्वि અને त्रि શબ્દને વિકલ્પે ' **अयट्** ' પ્રત્યય લાગે છે. **द्वौ अवयवौ यस्य = द्वि + अयट् = द्वयम्, द्वि + तयट् = द्वितयम्** = જેના બે અવયવ છે. **त्रयः अवयवाः यस्य = त्रयम्, त्रितयम्** = જેના ત્રણ અવયવ છે.

द्व्यादेर्गुणान्मूल्य–क्रेये मयट् ॥ ७–१–१५३ ॥

તેનું મૂલ્ય તથા ખરીદવા યોગ્ય એવા ષષ્ઠી વિભક્ત્યર્થમાં, બેગણું, ત્રણગણું એવા ગુણાંકવાચક પ્રથમા વિભક્તિવાળા દ્વિ વગેરે શબ્દને 'मयट्' પ્રત્યય લાગે છે. **यवानां द्वौ गुणौ मूल्यं यस्य उदश्वितः क्रेयस्य तत् = द्वि + मयट् = द्विमयम् उदश्वित् यवानाम्** = ખરીદવાની છાશના મૂલ્ય રૂપે છાશ કરતા બમણા જવ આપવા પડે તે છાશ. **उदश्वितो द्वौ गुणौ क्रेयौ यवानाम् ते = द्विमया यवा उदश्वितः** = છાશ ખરીદવા માટે બમણા જવ આપવા પડે તેવી છાશ, **यवानां त्रयः गुणाः मूल्यम् यस्य = त्रिमयम् उदश्वित् यवानाम्, उथश्वितः त्रयः गुणाः क्रेयो यवानाम् ताः = त्रिमयाः यवाः उदश्वितः,** = છાશ ખરીદવા ત્રણગણા જવ આપવા પડે છે.

अधिकं तत्संख्यमस्मिन् शत–सहस्रे शति–शद्–दशान्ताया डः ॥ ७–१–१५४ ॥

આટલી સંખ્યાવાળું જેમાં વધારે છે એવા સપ્તમી વિભક્ત્યર્થમાં, જેને અન્તે शति, शत् અને दश શબ્દો છે એવા સંખ્યાવાચક પ્રથમા વિભક્તિવાળા નામને સો અને હજાર એવો અર્થ હોય તો 'ડ' પ્રત્યય થાય છે. જે પ્રથમા વિભક્તિવાળું નામ સંખ્યા સૂચક હોવું જોઈએ. પરંતુ સંખ્યેય સૂચક – વિશેષણરૂપ સંખ્યા હોવું ન જોઈએ. **योजनानां विंशतिः, वा विशतिः याजनानि अधिका यस्मिन् शते सहस्रे वा इति =विंशति + ड=विंशम् योजनशतं योजन–सहस्रं वा** = વીશ યોજન જેમાં વધારે છે, એવા સો અર્થાત્ એકસોવીશ યોજન, અથવા વીશ યોજન વધારે છે જેમાં, એવા હજાર યોજન અર્થાત્ એકહજાર વીશ યોજન, **एवम् – त्रिंशम् योजन–शतं योजनसहस्रं वा** = એકસો ત્રીશ અથવા એકહજાર ત્રીશ,

एकादशम् योजनशतं योजनसहस्रं वा = એકસો અગીયાર, અથવા એકહજાર અગીયાર.

संख्यापूरणे डट् ॥ ७–१–१५५ ॥

સંખ્યાપૂરણ બીજો, ત્રીજો, ચોથો વગેરે અર્થ જણાવવો હોય તો, તે સંખ્યાવાચક નામને '**ડટ્**' પ્રત્યય લાગે છે. **एकादशानां पूरणी** = **एकादश + डट्** = **एकादश + ङी** = **एकादशी** = અગીયારમી તીથિ – એકાદશી – અગીયારશ.

विंशत्यादेर्वा तमट् ॥ ७–१–१५६ ॥

સંખ્યાપૂરણ અર્થ જણાવવો હોય તો, સંખ્યાવાચક વિંશતિ વગેરે શબ્દને '**તમટ્**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **विंशतेः पूरणः** = **विंशति + तमट्** = **विंशतितमः**, **विंशति + डट्** = **विंशः** = વીસમો, **त्रिंशतः पूरणः**=**त्रिंशत्तमः**, **त्रिंशः** = ત્રીસમો.

शतादि–मासा–ऽर्द्धमास–संवत्सरात् ॥ ७–१–१५७ ॥

સંખ્યાપૂરણ અર્થ જણાવવો હોય તો, શત વગેરે સંખ્યાવાચક શબ્દને તથા માસ, અર્ધમાસ અને સંવત્સર શબ્દને '**તમટ્**' પ્રત્યય લાગે છે. **शतस्य पूरणी** = **शत् + तमट्** = **शततम + ङी** = **शततमी** = સોમી, **शततमः** = સોમો, **सहस्रस्य पूरणी** = **सहस्रतमः** = હજારમો, **सहस्रतमी** = હજારમી, **मासस्य पूरणः** =**मासतमः दिनः**, **मासतमी रात्रिः**=મહિનાને પૂરો કરનાર દિવસ–રાત્રી – ત્રીશમો ત્રિશમી, **अर्द्धमास्य पूरणः** = **अर्द्धमासतमः दिनः** = અર્દ્ધમાસને પૂરો કરનાર દિવસ – પંદરમો, **संवत्सरस्य पूरणः** = **संवत्सरतमः दिनः** = વર્ષને પૂરો કરનાર દિવસ.

षष्ट्यादिरसंख्यादेः ॥ ७–१–१५८ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, જેની આદિમાં સંખ્યાવાચક શબ્દ નથી એવા ષષ્ટિ વગેરે શબ્દને ' तमट् ' પ્રત્યય લાગે છે. **षष्टेः पूरणः** = **षष्टि + तमट् = षष्टितमः** = સાઠમો, **सप्ततेः पूरणः = सप्ततितमः** = સીત્તેરમો.

नो मट् ॥ ७–१–१५९ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, જેની આદિમાં સંખ્યાવાચક નામ નથી એવા નકારાન્ત નામને ' मट् ' પ્રત્યય લાગે છે. **पञ्चानां संख्यानां पूरणी = पञ्च + मट् + ङी = पञ्चमी** = પાંચમ અથવા પંચમી.

पित् तिथट् बहु–गण–पूग–संघात् ॥ ७–१–१६० ॥

સંખ્યાપૂરણ અર્થમાં, બહુ, ગણ, પૂગ અને સંઘ શબ્દને પિત્સંજ્ઞક એવો ' तिथट् ' પ્રત્યય લાગે છે. **बहूनां पूरणः = बहु + तिथट् = बहुतिथः** = બહુનો પૂરક, **बहुतिथी** = બહુની પૂરક, **गणस्य पूरणः गणतिथः, गणतिथी** = ગણનો અથવા ગણની પૂરક, **पूगस्य पूरणः = पूगतिथः, पूगतिथी** = સમૂહનો અથવા સમૂહની પૂરક, **संघस्य पूरणः = संघतिथः, संघतिथी** = સંઘનો અથવા સંઘની પૂરક. " **बहु-गण०** [१–१–४०] " એ સૂત્રથી બહુ અને ગણ શબ્દ સંખ્યાવાચક જેવા થાય છે.

अतोरिथट् ॥ ७–१–१६१ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, અતુ પ્રત્યયાન્ત નામને ' ईथिट् ' પ્રત્યય લાગે છે અને તે પિત્ સંજ્ઞક થાય છે. **इयतां पूरणः = इयत + ईथट् = इयतिथः** = આટલી સંખ્યાનો પૂરક, **तावतां पूरणः =**

तावतिथः = તેટલી સંખ્યાનો પૂરક.

षट्–कति–कतिपयात् थट् ॥ ७–१–१६२ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, षट्, कति અને कतिपय શબ્દને 'थट्' પ્રત્યય લાગે છે. **षण्णां पूरणी** = **षट्** + **थट्** + **ङी** = **षष्ठी** = છની પૂરક – છઠ્ઠી – છઠ તિથી. **कतीनां पूरणः** = **कतिथः**=કેટલાનો પૂરક, **कतिपयानां पूरणः** = **कतिपयथः** = કેટલાનો પૂરક.

चतुरः ॥ ७–१–१६३ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, चतुर् શબ્દને 'थट्' પ્રત્યય લાગે છે. **चतुर्णां पूरणः पूरणी वा** = **चतुर्** + **थट्** = **चतुर्थः** = **चतुर्** + **थट्** + **ङी** = **चतुर्थी** = ચોથી, ચોથતિથી.

येयौ च छुक् च ॥ ७–१–१६४ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, चतुर् શબ્દને 'य' અને 'ईय' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં चतुर् શબ્દના र નો 'लोप' થાય છે **चतुर्णां पूरणः** = **चतुर्** + **य** = **तुर्यः**, **चतुर्** + **ईय** = **तुरीयः** = ચોથો.

द्वेस्तीयः ॥ ७–१–१६५ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, द्वि શબ્દને 'तीय' પ્રાપય લાગે છે. **द्वयोः पूरणः** = **द्वि** + **तीय** = **द्वितीयः** = બીજો.

त्रेस्तृ च ॥ ७–१–१६६ ॥

સંખ્યાપૂરણ અર્થમાં, त्रि શબ્દને 'तीय' પ્રત્યય લાગે છે.

અને તેના યોગમાં ત્રિ શબ્દને સ્થાને 'તૃ' આદેશ થાય છે, **त्रयाणां पूरणः = त्रि + तीय = तृतीयः** = ત્રીજો.

पूर्वमनेन सादेश्चेत् ॥ ७–१–१६७ ॥

એ વડે અર્થાત્ કર્તા અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળો પૂર્વ શબ્દ એકલો હોય અથવા તેની આદિમાં બીજો કોઈ શબ્દ હોય તો પૂર્વ શબ્દને 'ઇન્' પ્રત્યય લાગે છે. **पूर्वम् अनेन = पूर्व + इन् = पूर्वी** = આનાથી પૂર્વે **कृतं पूर्वम् अनेन = कृत + पूर्व + इन् = कृतपूर्वी कटः** = એને પહેલા સાદડી બનાવેલી. **पीतं पूर्वम् अनेन = पीतपूर्वी पयः** = એણે પહેલા દૂધ કે પાણી પીધેલું.

इष्टादेः ॥ ७–१–१६८ ॥

કર્તા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા ઇષ્ટ વગેરે શબ્દને 'ઇન્' પ્રત્યય લાગે છે. **इष्टम् अनेन = इष्ट + इन् = इष्टी यज्ञे** = યજ્ઞનો યજન કરનારો, **पूर्तम् अनेन= पूर्ती श्राद्धे**=શ્રાદ્ધમાં હવન કરનારો.

श्राद्धमद्यभुक्तमकेनौ ॥ ७–१–१६९ ॥

આજે ખાધું અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા શ્રાદ્ધ શબ્દને, કર્તા અર્થમાં 'ઇક' અને 'ઇન્' પ્રત્યય લાગે છે. **अद्य भुक्तम् अनेन श्राद्धम् = श्राद्ध + इक = श्राद्धिकः, श्राद्ध + इन् = श्राद्धी** = એણે શ્રાદ્ધ આજે ખાધું છે.

अनुपद्यन्वेष्टा ॥ ७–१–१७० ॥

શોધનાર અર્થમાં, ઇન્ પ્રત્યયાન્ત એવો અનુપદી શબ્દ **'निपातन'** થાય છે. **अनुपदम् अन्वेष्टा = अनुपदी गवाम्** = ગાયોને એના પગલે શોધનાર.

दाण्डाजिनिका-ऽऽयःशूलिक-पार्श्वकम् ॥ ७-१-१७१ ॥

શોધનાર અર્થમાં, ઈકણ્, અને ક પ્રત્યયાન્ત એવા દાણ્ડાજનિક વગેરે શબ્દો '**નિપાતન**' થાય છે. **दण्डाजिनेन अन्वेष्टा = दण्डाजनि + इकण् = दाण्डाजिनिकः – दाम्भिकः** = દંડ અને અજિન – વ્યાઘ્રચર્મને રાખવું એ ઋષિનો વેશ છે, પરંતુ આચરણ વગરનો ઋષિનો વેશ રાખી પૈસાને શોધે – પેદા કરે તે – દાંભિક. **अयः शूलेन अन्वेष्टा = आयःशूलिकः – तीक्ष्णोपाया-ऽर्थान्वेष्टा** = લોઢાની શૂળી પર બેસીને પૈસા શોધનાર, આકરા ઉપાય – તાગા કરીને – શરીર ઉપર ઘા કરીને પૈસા મેળવનારો. **पार्श्वेन अन्वेष्टा=पार्श्व + क=पार्श्वकम् अनृजूपायः स एव** = સરળ ઉપાયો છોડીને પોતાની પાસેના વક્ર ઉપાયો – લાંચાદિ ઉપાયો વડે ધન મેળવનાર મનુષ્ય,

क्षेत्रेऽन्यस्मिन् नाश्य इयः ॥ ७-१-१७२ ॥

નાશ્ય – નાશ કરવા યોગ્ય વ્યાધિ અર્થમાં, સપ્તમી વિભક્તિ વાળા ક્ષેત્ર શબ્દને '**ઈય**' પ્રત્યય લાગે છે. **अन्यस्मिन क्षेत्रे – शरीरे नाश्यः = क्षेत्र + इय = क्षेत्रियः व्याधिः** = અસાધ્ય રોગ. **अन्यस्मिन् क्षेत्रे–परदारेषु नाश्यः=क्षेत्रियः जारः** = જાર પુરૂષ, બીજાના ક્ષેત્રમા જાય તથા તે પણ નાશ્ય-નાશ કરવા યોગ્ય જ છે.

छन्दोऽधीते श्रोत्रश्च वा ॥ ७-१-१७३ ॥

અધ્યયન કરવું અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા છન્દસ્ શબ્દને વિકલ્પે '**ઈય**' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં છન્દસ્ શબ્દને સ્થાને શ્રોત્ર આદેશ થાય છે. **छन्दः अधीते = छन्दस्+इय=श्रोत्र+इय= श्रोत्रियः, छन्दस्+अण्=छान्दसः**=છંદનું–વેદનું અધ્યયન કરનાર.

इन्द्रियम् ॥ ७–१–१७४ ॥

ઇય પ્રત્યયાન્ત ઇન્દ્રિય શબ્દ 'निपातन' થાય છે **इन्द्रस्य लिङ्गादि = इन्द्रियम्** = ઇન્દ્ર–આત્માનું નિશાન, આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયો. **इन्द्रेण दृष्टम्, सृष्टम्, जुष्टम्, दत्तम् वा** = આત્મા વડે જોવાય તે, સર્જન કરાય તે, સેવાય તે, અથવા અપાય તે – ચક્ષુ વગેરે ઇન્દ્રિયો.

तेन वित्ते चञ्चु–चणौ ॥ ७–१–१७५ ॥

તે વડે પ્રસિદ્ધ એવા અર્થમાં આવેલ નામને 'ચઞ્ચુ' અને 'ચણ' પ્રત્યય લાગે છે. **विद्यया वित्तः = विद्या + चञ्चु = विद्याचञ्चुः** = વિદ્યા વડે પ્રસિદ્ધ; **केशेन वित्तः = केश + चण = केशचणः** = કેશ વડે = વાળની વિવિધ રચના વડે પ્રસિદ્ધ.

पूरणाद् ग्रन्थस्य ग्राहके को लुक् चास्य ॥ ७–१–१७६ ॥

ગ્રન્થના ગ્રાહક અર્થમાં, તૃતીયા વિભક્તિવાળા પૂરણ પ્રત્યયાન્ત નામને 'ક' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં પૂરણ પ્રત્યયનો 'લોપ' થાય છે. **द्वितीयरूपेण ग्रन्थस्य ग्राहकः = द्वितीय + क = द्वि + क = द्विकः शिष्यः** = બીજા રૂપે ગ્રન્થને ગ્રહણ કરનારો શિષ્ય.

ग्रहणाद् वा ॥ ७–१–१७७ ॥

જેના વડે વસ્તુનું ગ્રહણ થાય તે રૂપ વગેરેને ગ્રહણ કહેવાય, ગ્રન્થ વિષયક ગ્રહણાર્થક પૂરણ પ્રત્યયાન્ત નામને, સ્વાર્થના વિષયમાં 'ક' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં પૂરણ પ્રત્યયનો વિકલ્પે

'લોપ' થાય છે. **द्वितीयमेव – द्विकम्, द्वितीयकम् वा ग्रन्थग्रहणम् अस्य** = એનું ગ્રન્થ ગ્રહણ બીજીવારનું છે.

सस्याद् गुणात् परिजाते ॥ ७–१–१७८ ॥

ચારેબાજી સંપતિયુક્ત અર્થમાં, ગુણવાચક તૃતીયા વિભક્તિવાળા સસ્ય શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **सस्येन परिजातः = सस्य + क = सस्यकः शालिः देशः वा** = આ શાળ સર્વગુણ સંપન્ન છે. અથવા આ દેશ સસ્ય – સર્વ સંપત્તિયુક્ત છે.

धन–हिरण्ये कामे ॥ ७–१–१७९ ॥

કામના અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા ધન અને હિરણ્ય શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **धने कामः = धन + क = धनकः मैत्रस्य** = મૈત્રને ધનની કામના છે. **हिरण्ये कामः = हिरण्यकः मैत्रस्य** = મૈત્રને સુવર્ણની કામના છે.

स्वाङ्गेषु सक्ते ॥ ७–१–१८० ॥

તત્પર અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા સ્વાંગ વાચક શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **नखेषु सक्तः = नखकः** = નખમાં તત્પર અર્થાત્ નખની શોભામાં આસક્ત, **केशनख सक्तः = केशनखकः** = કેશ અને નખની શોભામાં આસક્ત, **दन्तौष्ठे सक्तः = दन्तौष्ठकः** = દાંત અને હોઠની શોભા વધારવામાં આસક્ત.

उदरे त्विकणाद्युने ॥ ७–१–१८१ ॥

આદ્યુન – વિજયની ઈચ્છા વગરનો એવો ભુખથી પીડાયેલો એવા તત્પર અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા ઉદર શબ્દને 'ઈકણ્' પ્રત્યય લાગે છે. **उदरे सक्तः – आद्युनः = उदर + इकण् = औदरिकः** = વિજયની ઈચ્છા વિનાનો એવો ભુખથી પીડીયેલો –

પેટવિષે તત્પર, અથવા પેટ ભરનારો, **उदर + क = उदरकोऽन्यः** = પેટ વિષે આસક્ત. અદ્યુન – સક્ત સિવાય બીજા અર્થમાં ઇકણ્ પ્રત્યય ન લાગે

अंशं हारिणि ॥ ७–१–१८२ ॥

હરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા અંશ શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **अंशम् हारी = अंश + क = अंशकः = दायदः**= અંશ – ભાગને લઈ જનાર – ભાગીદર.

तन्त्रादचिरोद्धृते ॥ ७–१–१८३ ॥

તુરત યન્ત્રથી ઉતરેલું અર્થમાં, પંચમી વિભક્તિવાળા તન્ત્ર શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. **तन्त्राद् अचिरोद्धृतः = तन्त्र + क = तन्त्रकः पटः** = તરત યન્ત્રથી ઉતરેલો પટ – તુરત વણાઈ ને આવેલું કપડું.

ब्राह्मणाद् नाम्नि ॥ ७–१–१८४ ॥

તુરત ઉદ્ધાર કરેલ અર્થમાં, પંચમી વિભક્તિવાળા બ્રાહ્મણ શબ્દને 'ક' પ્રત્યય લાગે છે. જો કોઈનું વિશેષ નામ હોય તો. **ब्राह्मणाद् अचिरोद्धृतः = ब्राह्मण + क = ब्राह्मणकः नाम देशः** = સદાચારવાળા બ્રાહ્મણોથી આયુધજીવી બ્રાહ્મણોને તત્કાળ જુદા કરેલ હોય તેવા દેશનું નામ.

उष्णात् ॥ ७–१–१८५ ॥

તાજું બનાવેલું અર્થમાં, પંચમી વિભક્તિવાળા ઉષ્ણ શબ્દને 'ક' પ્રત્યય લાગે છે **उष्णात् अचिरोद्धृता = उष्ण + क = उष्णिका यवागूः** = ચૂલા ઉપરથી તુર્ત જ ઉતરેલી ગરમ રાબ.

शिताच्च कारिणि ॥ ७–१–१८६ ॥

કરનાર અર્થમાં, દ્વિતીયા વિભક્તિવાળા શીત અને ઉષ્ણ શબ્દને 'क' પ્રત્યય લાગે છે. **शीतं करोति=शीत+क=शीतकः अलसः** = કામ કરવામાં ઠંડો – આળસુ. **उष्णं करोति = उष्णकः दक्षः** = કામ કરવાનો ઝડપવાળો – ચતુર.

अधेरारूढे ॥ ७–१–१८७ ॥

આરૂઢ – અધિક અર્થવાળા અધિ શબ્દને, સ્વાર્થના વિષયમાં 'क' પ્રત્યય લાગે છે. **अधि+क=अधिकः द्रोणः खार्याः** = ખારીમાં દ્રોણ વધારે છે. **अधिका खारी द्रोणेन** = ખારી ઉપર એક દ્રોણ છે અર્થાત્ એક દ્રોણ વડે ખારી અધિક છે. વર્તમાનમાં ખારી – ખાંડી, દ્રોણ – દોણું આ બંને માપવાચક શબ્દો છે.

अनोः कमितरि ॥ ७–१–१८८ ॥

જો પ્રત્યયાન્ત શબ્દ ઇચ્છુક અર્થ સૂચક હોય તો, અનુ શબ્દને સ્વાર્થમાં 'क' પ્રત્યય લાગે છે. **अनु कामयते** = अनु+क=**अनुकः** =ઇચ્છા કરનારો.

अभेरीश्च वा ॥ ७–१–१८९ ॥

ઇચ્છુક અર્થમાં, અભિ શબ્દને, સ્વાર્થમાં 'क' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અભિ શબ્દના ઇકારનો દીર્ઘ 'ई' વિકલ્પે થાય છે. **अभि कामयते = अभीकः, अभिकः** = ઇચ્છા કરનારો.

सौऽस्य मुख्यः ॥ ७–१–१९० ॥

પષ્ઠી વિભક્ત્યર્થમાં, મુખ્ય અર્થ સૂચક પ્રથમા વિભક્તિવાળા નામને, સ્વાર્થમાં 'क' પ્રત્યય લાગે છે. **देवदत्तः मुख्यः अस्य** =

देवदत्तकः संघः = જેમાં મુખ્ય નેતા દેવદત્ત છે એવો સંઘ.

शृङ्खलकः करभे ॥ ७–१–१९१ ॥

ઊંટના બચ્ચા અર્થમાં, क પ્રત્યયાન્ત એવો शृंखलक શબ્દ 'निपातन' થાય છે. **शृङ्खलम् बन्धनं अस्य = शृङ्खलकः – करभशिशुः** = ઊંટનું બચ્ચું કે જેને પગે સાંકળનું બંધન બાંધેલું છે.

उदुत्सोरुन्मनसि ॥ ७–१–१९२ ॥

ઉત્સુક અર્થમાં, उद् અને उत्सु શબ્દને 'क' પ્રત્યય લાગે છે. **उद्गतं मनः यस्य = उद् + क = उत्कः** = તત્પર, **उत्सुगतं मनः यस्य = उत्सुकः** = ઉત્સુક મનવાળો.

काल-हतु-फलाद् रोगे ॥ ७–१–१९३ ॥

રોગ અર્થક પછી વિભક્તિવાળા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા એવા કાલવાચક નામને, હેત્વર્થક નામને તથા ફળવાચક – કર્મવાચક નામને 'क' પ્રત્યય લાગે છે. **द्वितीय दिनः यस्य = द्वितीय + क = द्वितीयकः ज्वरः** = દર બીજે દિવસે આવતો તાવ, એકાન્તરિયો તાવ, **पर्वतः हतुः यस्य = पर्वतकः रोगः** = જેનું કારણ પર્વત છે. એવો રોગ – પર્વતના પાણીથી થનારો રોગ. **शीतं फलं कार्यम् यस्य = शीतकः ज्वरः** = જેનું કાર્ય ઠંડી ભરવાનું છે એવો તાવ – ટાઢિયો તાવ.

प्रायोऽन्नमस्मिन् नाम्नि ॥ ७–१–१९४ ॥

સપ્તમી વિભક્તિના અર્થમાં, જો संज्ञानો વિષય જણાતો હોય તો, ઘણા ભાગે અન્નરૂપ હોય એવા પ્રથમા વિભક્તિવાળા નામને 'क' પ્રત્યય લાગે છે. **गुडापूपाः प्रायः अन्नम् अस्याम् =**

गुडपूप + क = गुडपूपिका पौणमासी = જે પૂર્ણિમાં મોટે ભાગે ગોળના પૂડલા ખાવાના હોય તે પૂર્ણિમા – પૂનમ.

कुलमाषादण् ॥ ७–१–१९५ ॥

સપ્તમી વિભક્ત્યર્થમાં સંજ્ઞાનો વિષય હોય તો, ઘણુ ભાગે અન્નરૂપ હોય એવા પ્રથમાં વિભક્તિવાળા કુલમાષ શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **कुलमाषा प्रायः अन्नम् अस्याम्=कुलमाष +अण् = कौलमाषी पौर्णमासी** = જે પૂનમમાં પ્રાયઃ કરીને કુલમાષ – બાફેલા અડદ જેવું અન્ન ખવાતું હોય તે.

वटकादिन् ॥ ७–१–१९६ ॥

સપ્તમી વિભક્ત્યર્થમાં, પ્રાયઃ અન્નરૂપ હોય એવા પ્રથમા વિભક્તિવાળા વટક શબ્દને ' **इन्** ' પ્રત્યય લાગે છે. **वटकाः प्रायः अन्नं अस्याम् = वटक + इन् = वटकिनी पौर्णमासी** = જે પૂનમમાં પ્રાયઃ વડા ખવાય એવી પૂનમ.

साक्षाद् दृष्टा ॥ ७–१–१९७ ॥

જોનારો એવા અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા साक्षात् શબ્દને, જો કોઈનું નામ હોય તો ' **इन्** ' પ્રત્યય લાગે છે. **साक्षात् दृष्टा = साक्ष + इन् = साक्षिन्=साक्षी** = સાક્ષાત્ જોનારે, **स + अक्ष** = આંખવાળો – સાક્ષી.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
सप्तमोऽध्यायस्य प्रथमपादः ॥

[अथ द्वितीयपादः]

तदस्याऽस्मिन्निति मतुः ॥ ७–२–१ ॥

વર્તમાનકાલના વિષયમાં, **तद् अस्य** – તે એનું છે. તથા **तद अस्मिन्** – તે એમાં છે એવા પણ અને સપ્તમી વિભક્તિના અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને 'मतु' પ્રત્યય લાગે છે. **गौः अस्य अस्ति = गो + मतु = गोमन्** = જેની પાસે ગાય કે બળદ છે તે – ગોવાળ, **वृक्षः अस्मिन् अस्ति = वृक्षवान् गिरिः** = જેમાં વૃક્ષ છે એવો પર્વત. "**मोऽघर्णस्य०** [२–१–४५]" એ સૂત્રથી મતુના મ નો વ થયો છે. **इतः प्रायो भूमादौ मत्वादयः** = સૂત્રમાં ઇતિ શબ્દ જણાવેલ હોવાથી તે એનું છે અથવા તે એમા છે એવા પાંડી અને સપ્તમી વિભક્તિના એ બે અર્થ ઉપરાંત બીજા કેટલાક વિવક્ષિત અર્થમા પણ મતુ પ્રત્યય લાગે છે, તથા મતુ અર્થ વાળા પણ પ્રત્યયો લાગે છે. તે બીજા વિવક્ષિત અર્થો આ પ્રમાણે છે.

भूम – निन्दा – प्रशंसासु, नित्ययोगे अतिशायने ।
संसर्गेऽस्ति विवक्षायां, प्रायो मत्वादयो मताः ॥१॥

भूम = ઘણું, વધારે – **गो + मतु = गोमान्** = ઘણી ગાયો કે બળદો છે, એવું સૂચવે છે. **निन्दा** – નિંદા – **शंखोदक + इन् = शंखोदकी अश्वः** = શંખોદક એ ઘોડાનું અપલક્ષણ છે. શંખોદક ઘોડાની નિંદા સૂચવે છે. **प्रशंसा** – વિશેષ વખાણ – **रूप + मतु = रूपवती कन्या** = રૂપવાન કન્યા. જે કન્યાનું રૂપ વિશેષ આકર્ષક હોય તે રૂપવતી કન્યા ગણાય છે. રૂપવતી શબ્દ કન્યાની પ્રશંસા બતાવે છે. **नित्ययोग** – હંમેશા હોવાપણું – **क्षीर + इन् = क्षीरिणः वृक्षाः कण्टकिनः** = દુધવાળા રાયણ વગેરે વૃક્ષો હંમેશા કાંટાવાળા હોય છે.

દુધ તથા કાંટા કાયમની હયાતી સૂચવે છે. **अतिशायन** – સાધારણ કરતા વધારે – **बल + मतु = बलवान् मल्लः** – મલ્લ બળવાળો છે. મલ્લના વધારે બળને સૂચવે છે. **संसर्ग** – લાંબા કાળનો સંબંધ. **दण्ड + इन् = दण्डी सन्यासी** = દંડવાળો સંન્યાસી. દંડ એ સન્યાસીનુ ચિહ્ન છે. જેથી દંડ સન્યાસી સાથે સંબંધ ધરાવે છે. **अस्ति – विद्यमान – व्याघ + मतु = व्याघ्रवान् पर्वतः** = વાઘવાળો પર્વત, પર્વતમાં વાઘનું વિદ્યમાનપણુ – હયાતી જણાવે છે.

आ यात् ॥ ७–२–२ ॥

અહિંથી માંડી "**रूपात्०** [७–२–५४]" સૂત્ર સુધીમાં જે જે પ્રકૃતિને આ અને ય પ્રત્યયો કહેવાના છે તે તમામ પ્રકૃતિઓને '**तद् अस्य अस्ति**–તે એનું છે' તથા '**तद् अस्मिन् अस्ति**–તે એમાં છે' એવી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિના અર્થમાં '**मतु**' પ્રત્યય લાગે છે. **कुमारी अस्य, अस्मिन् वा अस्ति = कुमारी + मतु = कुमारीमान्** = કુમારીવાળો, **व्रीहिः अस्य अस्मिन् वा अस्ति = व्रीहि + मतु = व्रीहिमान्** = ચોખાવાળો.

नावादेरिकः ॥ ७–२–३ ॥

મત્વર્થમાં, નૌ વગેરે શબ્દને '**इक**' પ્રત્યય લાગે છે. **मत्वर्थे** એટલે તે એનું છે અને તે એમાં છે એવી ષષ્ઠી એને સપ્તમી વિભક્તિના અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને ઇક પ્રત્યય પણ લાગે છે. એમ દરેક સૂત્રમાં સમજવાનું છે. **नौः अस्य, अस्मिन् वा अस्ति=नौ+इक =नाविकः, नौमान्** = એની પાસે હોડી છે અથવા એના તાબામાં હોડી છે–નાવિક. **कुमारी अस्य, अस्मिन् वा अस्ति=कुमारिकः, कुमारीमान्** = એની પાસે કુમારી છે અથવા કુમારી એના તાબામાં છે. – કુમારી વાળો. આ રીતે દરેક ઉદાહરણોમાં એની પાસે, અને

એનામાં – તાબામાં એવો અર્થ સમજવો.

शिखादिभ्य इन् ॥-७-२-४ ॥

મત્વર્થમાં, શિખા વગેરે શબ્દોને 'ઇન્' પ્રત્યય લાગે છે. **शिखा अस्य, अस्मिन् वा अस्ति = शिखा + इन् = शिखी,** **शिखावान्** = ચોટલીવાળો. **माली, मालावान्** = માળાવાળો.

व्रीह्यादिभ्यस्तौ ॥ ७-२-५ ॥

મત્વર્થમાં, વ્રીહિ વગેરે શબ્દને 'ઇન્' અને 'ઇક' પ્રત્યય લાગે છે. **व्रीहिः अस्य, अस्मिन् वा अस्ति = व्रीहि + इन् =** **व्रीही, व्रीहि + इक = विहीकः, व्रीहि + मतु = व्रीहिमान् =** ચોખાવાળો. **माया + इन् = मायी, माया + इक = मायिक,** **मायावान्** = કપટી.

अतोऽनेकस्वरात् ॥ ७-२-६ ॥

મત્વર્થમાં, અનેક સ્વરવાળા અકારાન્ત નામને 'ઇન્' અને 'ઇક' પ્રત્યય લાગે છે. **दण्ड = इन् = दण्डी, दण्ड + इक =** **दण्डिकः, दण्ड + इन् = दण्डी, दण्ड + मतु = दण्डवान् =** દંડવાળો – સંન્યાસી, લાકડીવાળો, **छत्रिकः, छत्री, छत्रवान्** = છત્રવાળો.

अशिरसोऽशीर्षश्च ॥ ७-२-७ ॥

મત્વર્થમાં, અશિરસ્ શબ્દને 'ઇક' અને 'ઇન્' પ્રત્યય અને 'મતુ' પ્રત્યય પણ લાગે છે. અને એ પ્રત્યયો લાગતાં અશિરસ્ ના સ્થાને 'અશીર્ષ' આદેશ થાય છે. **अशिरस् +** **इक = अशीर्षिकः, अशिरस् + इन् = अशीर्षी, अशिरस् +** **मतु = अशीर्षवान्** = માથા વગરનો.

अर्थाऽर्थान्ताद् भावात् ॥ ७–२–८ ॥

मत्वर्थमां, धन अर्थ सिवायना भाववाचक – प्रयोजनवाचक अथवा उपयाचन वाचक अर्थ शब्दने तथा भाववाचक अर्थ शब्द छे अन्ते जेने एवा शब्दोने 'ઇક' अने 'ઇન્' प्रत्यय थाय लागे छे. **अर्थिकः, अर्थी**=उपयाचन करनारो–गरजवान, **प्रत्यर्थिकः, प्रत्यर्थी** = शत्रु.

व्रीह्यर्थ–तुन्दादेरिलश्च ॥ ७–२–९ ॥

मत्वर्थमां, व्रीहि अर्थवाळा शब्दो तथा तुन्द वगेरे शब्दने 'ઇલ, ઇક' अने 'ઇન્' प्रत्यय लागे छे. **शालि + इल = शालिलः, शालि + इक = शालिकः, शालि + इन् = शाली, शालि + मतु = शालिमान्** = चोखावाळो, **तुन्द+इल=तुन्दिलः, तुन्द + इक = तुन्दिकः, तुन्द + इन् = तुन्दी, तुन्द + मतु = तुन्दवान्** = ढुंदवाळो, मोटा पेटवाळो, **उदर + इल = उदरिलः, उदरिकः, उदरी, उदरवान्** = पेटवाळो.

स्वाङ्गाद् विवृद्धात् ते ॥ ७–२–१० ॥

मत्वर्थमां, वधारे मोटा स्वांगवाचक नामने 'ઇલ, ઇક' अने 'ઇન્' प्रत्यय लागे छे. **महान्तौ कर्णौ अस्य = कर्णिलः, कर्णिकः, कर्णी, कर्णवान्** = लांबा पहोळा कानवाळो.

वृन्दादारकः ॥ ७–२–११ ॥

मत्वर्थमां, वृन्द शब्दने 'आरक' प्रत्यय लागे छे. **वृन्द + आरक = वृन्दारकः, वृन्दवान्** = टोळावाळो.

शृङ्गात् ॥ ७–२–१२ ॥

મત્વર્થમાં શૃંગ શબ્દને '**आरक**' પ્રત્યય લાગે છે. **शृङ्ग** + **आरक** = **शृङ्गारकः**, **शृङ्गवान्** = શીંગડા વાળો.

फल–वर्हाच्चेनः ॥ ७–२–१३ ॥

મત્વર્થમાં ફલ, બર્હ અને શૃંગ શબ્દને '**इन्**' પ્રત્યય લાગે છે **फल** + **इन्** = **फलिनः**, **फलवान्** = ફળવાળો **बर्हिणः**, **बर्हवान्** = પીંછાવાળો – મોર, **शृङ्गिणः**, **शृङ्गवान्** = શીંગડાવાળું પશુ, શિખરવાળો પર્વત.

मलादीमसश्च ॥ ७–२–१४ ॥

મત્વર્થમાં, મલ શબ્દને '**ईमस**' અને '**इन**' પ્રત્યય લાગે છે. **मल** + **इमस** = **मलिमसः**, **मलिनः**, **मलवान्** = મેલવાળો.

मरुत्पर्वणस्तः ॥ ७–२–१५ ॥

મત્વર્થમાં, મરુત્ અને પર્વન્ શબ્દને '**त**' પ્રત્યય લાગે છે. **मरुत्** + **त** = **मरुत्तः**, **मरुत्वान्** = વાયુવાળો, દેવવાળો, **पर्वन्** + **त** = **पर्वतः**, **पर्ववान्** = પર્વ – હવાવાળો – પર્વત.

बलि–वटि–तुन्डेभः ॥ ७–२–१६ ॥

મત્વર્થમાં બલિ, વટિ અને તુણ્ડ શબ્દને '**भ**' પ્રત્યય લાગે છે. **बलि** + **भः** = **बलिभः**, **बलिवान्** = કરચલીઓ વાળો, **वटिभः**, **वटिवान्** = કરચલીઓ વાળો, **तुण्डभः**, **तुण्डवान्** = મોટી દુંટીવાળો.

ऊर्णा–ऽहं–शुभमो युस् ॥ ७–२–१७ ॥

मत्वर्थमां, ऊर्णा, अहं अने शुभम् शब्दने 'युस्' प्रत्यय लागे छे. **ऊर्णा + युः = ऊर्णायुः** = ऊनवाळो – घेटो. **अहंयुः** = अहंकारी, **शुभंयुः** = शुभवाळो. युस् मां स् होवाथी सित्संज्ञक छे.

कं–शंभ्याम् युस्ति–यस्तु–त–व–भम् ॥ ७–२–१८ ॥

मत्वर्थमां, कम् अने शम् शब्दने 'युस्, ति, यस्, तु त, व' अने 'भ' प्रत्यय लागे छे. **कम् + यु = कंयुः, कम् + ति = कंतिः, कम् + य = कंयः कम् + तु = कन्तुः, कम् + त = कन्तः, कम् + व = कंवः, कम् + भ = कम्भः** = सुखवाळो – सुखी **शंयुः, शंन्तिः, शंयः, शन्तुः, शन्तः, शंवः, शम्भः**=सुखी.

बल–वात–दन्त–ललाटादूलः ॥ ७–२–१९ ॥

मत्वर्थमां बल, वात, दन्त अने ललाट शब्दने 'ऊल' प्रत्यय लागे छे. **बल + ऊल = बलूलः, बलवान्** = बळवाळो, **वातूलः, वातवान्** = वायुवाळो – वायडो, **दन्तूलः, दन्तवान्** = बहार नीकळेला दांतवाळो, **ललाटूलः ललाटवान्**=मोटा कपाळवाळो.

प्राण्यङ्गादातो लः ॥ ७–२–२० ॥

मत्वर्थमां, प्राणिना अंगवाचक आकारान्त नामने 'ल' प्रत्यय लागे छे. **चूडा + ल = चूडालः, चूडावान्** = चोटलीवाळो.

सिध्मादि–क्षुद्रजन्तु–रुग्भ्यः ॥ ७–२–२१ ॥

मत्वर्थमां, सिध्म वगेरे शब्दोने, क्षुद्रजन्तुवाचक शब्दोने अने रोगवाचक शब्दोने 'ल' प्रत्यय लागे छे. **सिध्म + ल = सिध्मलः,**

सिध्मवान् = ચામડીના રોગવાળો. **वर्ष्मलः. वर्ष्मवान्**=વર્ષ્મવાળો, **यूकालः, यूकावान्** = જુંવાળો, **मूर्च्छालः, मूर्च्छावान्** = મૂર્છાના રોગવાળો

प्रज्ञा–पर्णोदक–फेनाल्लेलौ ॥ ७–२–२२ ॥

મત્વર્થમાં પ્રજ્ઞા, પર્ણ, ઉદક અને ફેન શબ્દને '**ल**' અને '**ईल**' પ્રત્યય લાગે છે. **प्रज्ञा + ल = प्रज्ञालः, प्रज्ञा + इल = प्रज्ञिलः, प्रज्ञा + मतु = प्रज्ञावान्** = બુદ્ધિશાલી, **पर्णलः, पर्णिलः, पर्णवान्** = પાનવાળો, **उदकलः, उदकिलः, उदकवान्** = પાણી વાળો, **फेनलः, फेनिलः, फेनवान्** = ફીણવાળો, ફેણવાળો.

काला–जटा–घाटात् क्षेपे ॥ ७–२–२३ ॥

મત્વર્થમાં કાલા, જટા અને ઘાટા શબ્દને, જો ક્ષેપ – નિંદા અર્થ જણાતો હોય તો '**ल**' અને '**ईल**' પ્રત્યય લાગે છે. **काला + ल = कालालः, काला + इल = कालिलः** = પગની નસવાળો, **जटालः, जटिलः** = જટાવાળો, **घाटालः, घाटिलः** = હડિયાવાળો.

वाच आला–ऽऽटौ ॥ ७–२–२४ ॥

મત્વર્થ, વાચ્ શબ્દને '**आल**' અને '**आट**' પ્રત્યય લાગે છે, જો નિંદા અર્થ હોય તો **वाच् + आल = वाचालः, वाच् + आट = वाचाटः** = વાચાલ.

ग्मिन् ॥ ७–२–२५ ॥

મત્વર્થમાં, વાચ્ શબ્દને '**ग्मिन्**' પ્રત્યય લાગે છે. **वाच्+ ग्मिन् = वाग्मी, वाग्वान्** = કુશળ વક્તા, વિદ્વાન્.

मध्वादिभ्यो रः ॥ ७–२–२६ ॥

મત્વર્થમાં, મધુ વગેરે શબ્દને ' ર ' પ્રત્યય લાગે છે. **मधु + र = मधुरः रसः** = મધુર રસ, **ख + र = खरः** = ખ – ગણાતું મોટું કાણું, ખવાળો – ગવેડો.

कृष्यादिभ्यो वलच् ॥ ७–२–२७ ॥

મત્વર્થમાં, કૃષી વગેરે શબ્દને ' **वलच्** ' પ્રત્યય લાગે છે. **कृषी + वलच् = कृषीवलः – कुटुम्बी** = કણબી. **आसुतीवलः – कल्यपालः – आसुतिमान्** = કલાલ – દારૂ વેચનાર.

लोम–पिच्छादेः शेलम् ॥ ७–२–२८ ॥

મત્વર્થમાં, લોમ વગેરે શબ્દને અને પિચ્છ વગેરે શબ્દને અનુક્રમે ' **श** ' અને ' **ઇલમ્** ' પ્રત્યય લાગે છે. **लोम + श = लोमशः, लोमवान्** = રૂંવાટીવાળું, **गिरिशः, गिरिमान्** = મહાદેવ **पिच्छ + इलम् = पिच्छिलः, पिच्छवान्** = પીંછાવાળું, ચીકણદાર. **उरसिलः, उरस्वान्** = છાતીવાળો.

नोऽङ्गादेः ॥ ७–२–२९ ॥

મત્વર્થમાં, અંગ વગેરે શબ્દને ' **न** ' પ્રત્યય લાગે છે. **अङ्ग + न = अङ्गन + ङीप् = अङ्गना, अङ्गवती चार्वङ्गी स्त्री** = સુંદર સ્ત્રી, **पाम + न = पामनः, पामवान्** = ખસના રોગવાળો.

शाकी–पलाली–दर्ईवा ह्रस्वश्च ॥ ७–२–३० ॥

મત્વર્થમાં શાકી, પલાલી એવા દર્દુ શબ્દને ' **न** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં અન્ત્ય સ્વરનો ' **હ્રસ્વ** ' થાય છે.

महच्छालं पलालं च शाकी + न = शाकिनः, शाकीमान् = મોટું શાક, શાકનો સમૂહ, શાકીવાળો, **पललिनः, पालालीमान्** = મોટું પરાળ, પરાળનો ભૂકો પરાળવાળો. પરાળ = કડબ. **दर्दुणः, दद्रुवान्** = ધાધરનો રોગવાળો.

विष्वचो विषुश्च ॥ ७-२-३१ ॥

મત્વર્થમાં, વિષ્વક્ શબ્દને ' **न** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં વિષ્વક્ ને સ્થાને ' **विषु** ' આદેશ થાય છે. **विष्वक्+न = विषु + न = विषुणः - रविर्वायुर्वा, विष्वग्वान्** = સૂર્ય, વાયુ.

लक्ष्म्याः अनः ॥ ७-२-३२ ॥

મત્વર્થમાં, લક્ષ્મી શબ્દને ' **अन** ' પ્રત્યય લાગે છે. **लक्ष्मी + अन = लक्ष्मणः, लक्ष्मीवान्** = લક્ષ્મી વાળો.

प्रज्ञा-श्रद्धा-ऽर्चा-वृत्तेर्णः ॥ ७-२-३३ ॥

મત્વર્થમાં પ્રજ્ઞા, શ્રદ્ધા, અર્ચા અને વૃત્તિ શબ્દને ' **ण** ' પ્રત્યય લાગે છે. **प्रज्ञा + ण = प्राज्ञः, प्रज्ञावान्** = બુદ્ધિશાળી, **श्राद्धः, श्रद्धावान्** = શ્રદ્ધાવાળો, **आर्चः, अर्चावान्** = પૂજા કરનારો, **वार्त्तः, वृत्तिमान्** = આજીવિકાવાળું, વિવરણ વાળું.

ज्योत्स्नादिभ्योऽण् ॥ ७-२-३४ ॥

મત્વર્થમાં, જ્યોત્સના વગેરે શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે છે. **ज्योत्स्ना + अण् = ज्यौत्स्नी-रात्रिः = तामिस्री** = ચાંદની.

सिकता-शर्कराट् ॥ ७-२-३५ ॥

મત્વર્થમાં, સિકતા અને શર્કરા શબ્દને ' **अण्** ' પ્રત્યય લાગે

છે. **सिकता + अण् = सैकतः, सिकतावान्** =રેતીવાળો, **शार्करः, शर्करावान्** = સાકરવાળો.

इलश्च देशे ॥ ७–२–३६ ॥

મત્વર્થમાં સિકતા, અને શર્કરા શબ્દને, દેશના વિષયમાં 'ઇલ' અને 'अण्' પ્રત્યય લાગે છે. **सिकता + इल = सिकतिलः, सियता + अण् = सैकतः, सिकतावान्** = રેતાળ પ્રદેશ - રણ **शर्करिलः, शार्करः, शर्करावान्** = કાંકરવાળો પ્રદેશ.

द्यु–द्रोर्मः ॥ ७–१–३७ ॥

મત્વર્થમાં, द्यु અને द्रु શબ્દને 'म' પ્રત્યય લાગે द्यु + म = द्युमः = દિવસવાળુ. द्रुमः = ઝાડ.

काण्डा–ऽऽण्ड–माण्डादीरः ॥ ७–२–३८ ॥

મત્વર્થમાં કાંડ, આંડ અને ભાંડ શબ્દને 'ઈર' પ્રત્યય લાગે છે. **काण्ड + इर = काण्डीरः, काण्डवान्** = તીરંદાજ, **आण्डीरः, आण्डवान्** = અંડકોશવાળો, **भाण्डीरः, भाण्डवान्** = ભાંડવાળો.

कच्छ्वा दुरः ॥ ७–२–३९ ॥

મત્વર્થમાં કચ્છૂ શબ્દને 'દુર' પ્રત્યય લાગે છે. **कच्छू + दुर = कच्छुरः, कच्छूमान्** = ખરજવાનો રોગવાળો.

दन्तादुन्नतात् ॥ ७–२–४० ॥

મત્વર્થમાં, ઊંચા દાંત અર્થવાળા दन्त શબ્દને 'दुर' પ્રત્યય લાગે છે. **दन्त + दुर = दन्तुरः** = મોટા દાંતવાળો. **दन्तवान्** = સામાન્ય દાંતવાળો.

मेधा-रथाभ्यामिरः ॥ ७-२-४१ ॥

મત્વર્થમાં, મેધ અને રથ શબ્દને '**ઇર**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **मेधा + इर = मेधिरः, मेधवान्, मेधावी = रथिरः, रथवान्, रथी** = રથવાળો.

कृपा-हृदयाभ्यालुः ॥ ७-२-४२ ॥

મત્વર્થમાં, કૃપા અને હૃદય શબ્દને વિકલ્પે '**આલુ**' પ્રત્યય લાગે છે. **कृपा + आलु = कृपालुः कृपावान् =** કૃપાળુ, **हृदयालुः, हृदयी, हृदयवान्** = હૃદયવાળો, છાતીવાળો.

केशाद् वः ॥ ७-२-४३ ॥

મત્વર્થમાં, કેશ શબ્દને '**વ**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **केश + व = केशवः, केशवान्, केशी** = કેશવાળો.

मण्यादिभ्यः ॥ ७-२-४४ ॥

મત્વર્થમાં, મણિ વગેરે શબ્દને '**વ**' પ્રત્યય લાગે છે. **मणि + व = मणिवः, मणिमान्** = મણિવાળો. **हिरण्यवः, हिरण्यवान्** = હિરણ્યવાળો.

हीनात् स्वाङ्गादः ॥ ७-२-४५ ॥

મત્વર્થમાં, હીન એવા સ્વાંગવાચક નામને '**અ**' પ્રત્યય લાગે **हीनः कर्णः यस्य अस्ति = कर्ण + अ = कर्णः =** ખંડિત કાનવાળો **कर्णवान्** = કાનવાળો

अभ्रादिभ्यः ॥ ७-२-४६ ॥

મત્વર્થમાં, અભ્ર વગેરે શબ્દને ' **અ** ' પ્રત્યય લાગે છે. **अभ्रम् नभः** = આકાશ, **अर्शस् + अ = अर्शसः मैत्रः** = હરસવાળો મૈત્ર.

अस् तपो-माया-मेधा-स्रजो विन् ॥ ७-२-४७ ॥

મત્વર્થમાં, જેને અન્તે અસ્ છે, એવા શબ્દને ' **विन्** ' પ્રત્યય લાગે છે **यशस् + विन् = यशस्वी** = યશસ્વી, **तपस्वी** = તપસ્વી **मायावी** = કપટી, **मेधावी** = બુદ્ધિવાળો, **स्रग्वी** = માળાવાળો. **पक्षे-यशस्वान्, तपस्वान्, मायावान्, मेधावीन्, स्रग्वान्,** અસ્ કહેવાથી તપસ શબ્દ આવી જતો હતો, છતાં અલગ તપસ્ બતાવવાથી " **ज्योत्स्नादिभ्यो०** [૭-૨-૩૪] " એ સૂત્રથી અણ્ થાય છે. જેથી તપસ્ શબ્દને વિન્ પ્રત્યય પણ થાય છે, એ જણાવવા તપસ શબ્દ જણાવેલ છે.

आमयाद् दीर्घश्च ॥ ७-२-४८ ॥

મત્વર્થમાં, આમય શબ્દને ' **विन्** ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં આમય શબ્દના અન્ત્ય સ્વરનો દીર્ઘ થાય છે. **आमय+विन् = आमयावी, आमयवान्** = રોગી-બીમાર.

स्वान्मिन्नीशे ॥ ७-२-४९ ॥

મત્વર્થમાં, આમય શબ્દને ઈશ-સ્વામી અર્થ જણાવતો **'मिन्'** પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં સ્વના અન્ત્ય સ્વરનો ' **दीर्घ** ' આદેશ થાય છે. **स्व + मिन् = स्वा + मिन् = स्वामी** = સ્વામી, **स्ववान् अन्यः** = સ્વામી સિવાય અન્ય અર્થ જનવાળો.

गोः ॥ ७-२-५० ॥

મત્વર્થમાં, ગો શબ્દને 'મિન્' પ્રત્યય લાગે છે. **गो + मिन् = गोमी, गोमान्** = ગાયવાળો. ગાયનો માલિક

ऊर्जो विन्–बलावश्चान्तः ॥ ७–२–५१ ॥

મત્વર્થમાં, ઊર્જ્ શબ્દને 'વિન્ અને 'વલ' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં ઊર્જ્ શબ્દના અન્તે 'અસ' આગમ થાય છે. **ऊर्ज् + विन् = ऊर्जस् + विन् = ऊर्जस्वी, ऊर्ज् + वल = ऊर्जस् + वल = ऊर्जस्वलः, ऊर्गवान्** = બળવાળો. **तमो अस्य अस्ति = तमस् + मतु = तमस्वान्** = અંધકારવાળો ભાગ.

तमिस्रा–र्णव–ज्योत्स्ना ॥ ७–२–५२ ॥

મત્વર્થમાં, ર, ન અને વ પ્રત્યયાન્ત એવા તમસ્, અર્ણસ્ અને જ્યોતિસ્ શબ્દના અનુક્રમે તમિસ્રા, અર્ણવ અને જ્યોત્સ્ના શબ્દો 'નિપાતન' થાય છે. **तमः अस्याम् अस्ति सा = तमस्र + र + डाप् = तमिस्रा–रात्रिः** = અંધારી રાત, **तमः अस्ति एषु तानि = तमिस्राणि गुहामुखानि** = ગાઢ અંધકારવાળા ગુફાના મુખો. **अर्णः अस्ति अस्मिन् सः = अर्णस् + व = अर्णवः – समुद्रः** = જેમાં પાણી ભરેલું છે તે સમુદ્ર. **ज्योतिः अस्ति अस्यां सा = ज्योतिस् + न + आ = ज्योत्स्ना**=ચાંદની.

गुणादिभ्यो यः ॥ ७–२–५३ ॥

મત્વર્થમાં, ગુણ વગેરે શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. **गुण + य = गुण्यः, गुणवान् ना** = ગુણવાન પુરૂષ, ગુણીજન. **हिम्यः, हिमवान्** = હિમવાળો પર્વત–હિમાલય.

रुपात् प्रशस्ता–ऽऽहतात् ॥ ७–२–५४ ॥

મત્વર્થમાં, પ્રશસ્ત અને ઘડેલા વિશેષણવાળા રૂપ શબ્દને 'ય' પ્રત્યય લાગે છે. **रूप + य = रूप्यः गौः** = પ્રશસ્ત રૂપવાળી ગાય કે રૂપવાળો બળદ, **रूप्यम् कार्षापणम्** = ઘડેલો રૂપાનો સિક્કો **रूपवान् अन्य** = બીજા અર્થમાં–રૂપવાળો.

पूर्णमासोऽण् ॥ ७–२–५५ ॥

મત્વર્થમાં, પૂર્ણમાસ શબ્દને 'અણ્' પ્રત્યય લાગે છે. **पूर्णमासः अस्ति अस्यां सा = पूर्णमास् + अण् = पौर्णमास + ङी = पौर्णमासी** = પુનમ. જે દિવસે માસ–ચંદ્ર પૂર્ણ દેખાય તે પૂર્ણિમા.

गोपूर्वादत इकण् ॥ ७–२–५६ ॥

મત્વર્થમાં, પૂર્વપદમાં ગો શબ્દ છે જેને એવા અકારાન્ત નામને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **गौशतम् अस्यास्ति = गौशत + इकण् = गौशतिकः** = સો ગાય કે ખળદવાળો.

निष्कादेः शत–सहस्रात् ॥ ७–२–५७ ॥

મત્વર્થમાં, નિષ્ક શબ્દ છે આદિમાં જેને એવા શત અને સહસ્ર શબ્દને 'ઇકણ્' પ્રત્યય લાગે છે. **निष्कशत + इकण् = नैष्कशतिकः** = સો સોનાની મહોરવાળો દાગીનો, **नैष्कसहस्रिकः** = હજાર સોના-મહોરવાળો દાગીનો.

एकादेः कर्मधारयात् ॥ ७–२–५८ ॥

મત્વર્થમાં, જેની આદિમાં એક વગેરે શબ્દો હોય તેવા કર્મધારય સમાસવાળા અકારાન્ત નામને 'ઇન્' પ્રત્યય લાગે છે. **एका चासौ गौश्च = एकगो + इकण् = ऐकगविकः** = એક ગાયવાળો.

सर्वादेरिन् ॥ ७-२-५९ ॥

મત્વર્થમાં, સર્વ વગેરે શબ્દ છે આદિમાં જેને એવા કર્મધારય સમાસવાળા અકારાન્ત નામને 'ઇન્' પ્રત્યય લાગે છે. **सर्वधन** + **इन्** = **सर्वधनी** = બધા ધનવાળો.

प्राणिस्थादस्वाङ्गाद् द्वन्द्व-रुग्-निन्द्यात् ॥ ७-२-६० ॥

મત્વર્થમાં, પ્રાણિનાં રહેલ સ્વાંગ વર્જિત દ્વન્દ્વ સમાસવાળા અકારાન્ત નામને, તથા રોગવાચક અને નિંદાવાચક નામને 'ઇન્' પ્રત્યય લાગે છે. **कटकश्च वलयश्च = कटकवलय + इन् = कटक वलयिनी** = કડાં અને વલય પહેરનારી, **कुष्ट + इन् = कुष्टी** = કોઢના રોગવાળો, **ककुदावर्त + इन् = ककुदावर्ती** = ખુંધવાળો.

वाता-ऽतिसार-पिशाचात् कश्चान्तः ॥ ७-२-६१ ॥

મત્વર્થમાં વાત, અતિસાર અને પિશાચ શબ્દને 'ઇન્' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં 'ક' અન્તાગમ થાય છે. **वात + इन् = वातक+इन् = वातकी** = વાયુના રોગવાળો **अतिसारकी** = અતિસારના રોગવાળો. **पिशाचिकी** = પિશાચના વળગાડવાળો.

पूरणाद् वयसि ॥ ७-२-६२ ॥

મત્વર્થમાં, પૂરણ પ્રત્યયા-ન્ત નામને જો ઉમર જણાતી હોય તો 'ઇન્' પ્રત્યય જ થાય છે. **पञ्चमम् अस्ति अस्य = पञ्चम + इन् = पञ्चमी बालः** = પાંચમા દિવસનું, માસનું કે વર્ષનું બાળક.

सुखादेः ॥ ७-२-६३ ॥

મત્વર્થમાં, સુખ શબ્દને 'ઇન્' પ્રત્યય જ થાય છે. **सुख +**

इन् = **सुखी** = સુખી, **दुःखी** = દુઃખી.

मालायाः क्षेपे ॥ ७–२–६४ ॥

નિંદા અર્થમાં, માલા શબ્દને મત્વર્થ સૂચક '**इन्**' પ્રત્યય જ લાગે છે. **माला** + **इन्** = **माली** = જાતે માળી હોવા છતાં માળીનું કામ ન આવડતું હોય તેવો માળી.

धर्म–शील–वर्णान्तात् ॥ ७–२–६५ ॥

મત્વર્થમાં, જેને અન્તે ધર્મ, શીલ અને વર્ણ શબ્દ આવતો હોય, તેવા નામને '**इन्**' પ્રત્યય લાગે છે **मुनिधर्म** + **इन्** = **मुनिधर्मा** મુનિના આચારવાળો, = **यतिशीली** = યતિના સદાચાર વાળો. **ब्राह्मणवर्णी** = બ્રાહ્મણવર્ણવાળો.

बाहूर्वादेर्बलात् ॥ ७–२–६६ ॥

મત્વર્થમાં, જેની આદિમાં બાહુ અને ઉરૂ શબ્દ છે, એવા બલ શબ્દને '**इन्**' પ્રત્યય લાગે છે **बाहुबल** + **इन्** = **बाहुबली** = બાહુ-બળવાળો, **ऊरुबली** = સાથળના બળવાળો

मन्–मा–ऽब्जादेर्नाम्नि ॥ ६–२–६७ ॥

મત્વર્થમાં, જે નામને છેડે મન્ છે તથા મ છે, એવા નામોને તથા અબ્જ વગેરે નામને, વિશેષ નામનો વિષય હોય તો '**इन्**' પ્રત્યય લાગે છે. **दामन्** + **इन्** = **दामिनी**=હારવાળી, **सोम**+**इन्** = **सोमिनी** ચંદ્રવાળી, **अब्जिनी** = કમળવાળી, **कमलिनी** = કમળવાળી.

हस्त–दन्त–कराज्जातौ ॥ ६–२–६८ ॥

મત્વર્થમાં હસ્ત, અને કર શબ્દને '**इन्**' પ્રત્યય લાગે છે.

જો પ્રત્યયાન્ત જાતિવાચક જાણવું હોય તો. **हस्ति + इन्=हस्ती** = હાથી, **दन्ती** = હાથી, **करी** = હાથી

वर्णाद् ब्रह्मचारिणि ॥ ७-२-६९ ॥

મત્વર્થમાં, જો બ્રહ્મચારી અર્થ જાણવો હોય તો વર્ણ શબ્દને 'ઇન્' પ્રત્યય લાગે છે. **वर्ण + इन् = वर्णी-ब्रह्मचारी**=બ્રહ્મચારી

पुष्करादेर्देशे ॥ ७-२-७० ॥

મત્વર્થમાં, દેશ અર્થ જાણવો હોય તો પુષ્કર શબ્દને 'ઇન્' પ્રત્યય લાગે છે, **पुष्कर + इन् + ङी = पुष्करिणी** = કમળવાળો પ્રદેશ. **पद्मिनी** = કમળવાળી તલાવડી.

सूक्त-साम्नोरीयः ॥ ७-२-७१ ॥

મત્વર્થમાં, સૂક્ત અને સામ વાચક નામને 'ઇય' પ્રત્યય લાગે છે. **अच्छा वाग् यस्य अस्ति=अच्छावाक् + ईय = अच्छावाकीयं सूक्तम्** = અચ્છાવાક નામનું સૂક્ત, **यज्ञायज्ञीयं साम** = સામવેદનું યજ્ઞ યજ્ઞીય પ્રકરણ.

लुबू वाऽध्याया-ऽनुवाके ॥ ७-२-७२ ॥

મત્વર્થમાં, અધ્યાયસૂચક અને અનુવાકસૂચક પ્રત્યયનો વિકલ્પે લોપ થાય છે. **गर्दभाण्ड शब्दः अस्मिन् अध्याये अनुवाके वा अस्ति = गर्दभाण्ड = ईय=गदभाण्डः, गदभाण्डीयः अध्यायः अनुवाकः** = ગર્દભાંડ નામનો અધ્યાય કે અનુવાક, અનુવાક-ઋગ્વેદ અને યજુર્વેદનો સમૂહ.

विमुक्तादेरण् ॥ ७-२-७३ ॥

મત્વર્થમાં, વિમુક વગેરે શબ્દને અધ્યાય અને અનુવાક અર્થમાં ' अण् ' પ્રત્યય લાગે છે. **विमुक्तं शब्दः अस्मिन् अध्याये अनुवाके वा अस्ति = वैमुक्तः** = જે અધ્યાયમાં કે અનુવાકમાં વૈમુક નામનો શબ્દ આવે છે તે વૈમુકત અધ્યાય અથવા અનુવાક, **दैवासुराः अध्यायः अनुवाकः वा** = દેવ અથવા અસુર શબ્દવાળો અધ્યાય કે અનુવાક.

घोषादेरकः ॥ ૭–૨–૭૪ ॥

મત્વર્થમાં, ઘોષત્ વગેરે શબ્દને અધ્યાય અને અનુવાક અર્થમાં ' अक ' પ્રત્યય લાગે છે. **घोषत् शब्दः अस्मिन् अध्याये अनुवाके वा = घोषत् + अक = घोषदकः** = ઘોષત્ શબ્દવાળો અધ્યાય કે અનુવાક. **गोपदकः अध्यायः अनुवाकः वा = गोपदकः अध्यायादिः** = ગોપદક શબ્દવાળા અધ્યાય કે અનુવાક.

प्रकारे जातीयर् ॥ ૭–૨–૭૫ ॥

એનો પ્રકાર એવા પછી વિભક્તિના અર્થવાળાં પ્રકાર અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા નામને ' **जातीयर्** ' પ્રત્યય લાગે છે. **पटुः प्रकारः अस्य** = કુશળ પ્રકારવાળો. સામાન્ય પ્રકાર કરતાં જેમાં બીજા પ્રકારની વિશેષતા હોય તે પ્રકાર કહેવાય છે.

कोऽणादेः ॥ ૭–૨–૭૬ ॥

એનો પ્રકાર એવા પષ્ઠીવિભક્તિના અર્થમાં, પ્રથમા વિભક્તિવાળા अणु વગેરે શબ્દને ' क ' પ્રત્યય લાગે છે. **अणु प्रकारः अस्य = अणु + क = अणुकः पटः** = પાતળા-હલકા પ્રકારનું, હલકી જાતનું વસ્ત્ર, **स्थूलकः पटः**=જાડા પ્રકારનું, જાડી જાતનું વસ્ત્ર.

जीर्ण-गोमूत्रा-ऽवदात-सुरा-यव-कृष्णाच्छाल्याच्छादन सुरा-ऽहि-व्रीहि-तिले ॥ ७-२-७७ ॥

એના પ્રકાર એવા પાંચમી વિભક્ત્યર્થમાં, પ્રથમા વિભક્તિવાળા જિર્ણ, ગોમૂત્ર, અવદાત, સુરા, યવ અને કૃષ્ણ શબ્દને અનુક્રમે શાલિ, આચ્છાદન, સુરા, અહિ, વ્રીહિ અને તિલ અર્થમાં 'क' પ્રત્યય લાગે છે. **जीर्णः प्रकारः अस्य = जीर्ण + क = जीर्णकः शालिः** = જુના-જીર્ણ પ્રકારના ચોખા. **गोमूत्रं प्रकारः अस्य = गोमूत्रकम् आच्छादनम्** = ગોમૂત્રના આકારવાળું-ગોમૂત્રના રંગ જેવું આચ્છાદન-ઢાંકવાનું સાધન. **अवदातः प्रकारः अस्य = अवदातिका सुरा**= ઉત્તમ પ્રકારનો દારૂ, **सुरा प्रकारः अस्य = सुरकः अहिः**= દારૂ જેવા રંગવાળો સર્પ, **यवः प्रकारः अस्य = यवकः व्रीहिः** = જવ જેવા ચોખા, **कृष्णः प्रकारः अस्य = कृष्णकः तिलाः** = કાળા પ્રકારના તલ.

भूतपूर्वे च्वरट् ॥ ७-२-७८ ॥

ભૂતપૂર્વ=પહેલા હતું એવા સ્વાર્થ સૂચક અર્થમાં 'च्वरट्' પ્રત્યય લાગે છે. **भूतपूर्वं आढ्या=आढ्य + च्वरट् = आढ्यचरी** = જે પહેલા શ્રીમંત હતી. અહિંથી આગળના સૂત્રોમાં કહેલ પ્રત્યયો સ્વાર્થ અર્થમાં સમજવા.

गोष्ठादीनञ् ॥ ७-२-७९ ॥

ભૂતપૂર્વ-પહેલા હતું એવા સ્વાર્થ સૂચક અર્થમાં, ગોષ્ઠ શબ્દને 'ईनञ्' પ્રત્યય લાગે છે. **भूतपूर्वः गोष्ठः = गोष्ठ + ईनञ् = गौष्ठीनः देशः** = જે પહેલા ગાયના વાડા રૂપ હતો તે દેશ,

षष्ठाया रूप्य-च्वरट् ॥ ७-२-८० ॥

પહેલા હતું એવા સ્વાર્થ સૂચક અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને ' **रूप्य** ' અને ' **चरट्** ' પ્રત્યય લાગે છે. **मैत्रस्य भूतपूर्व गौः=मैत्र + रूप्य = मैत्ररूप्यः , मैत्र + चरट् = मैत्रचर गौः** = પહેલા આ બળદ મૈત્રનો હતો.

व्याश्रये तसु ॥ ७–२–८१ ॥

જુદા જુદા પક્ષનો આશ્રય એવા અર્થમાં, ષષ્ઠી વિભક્તિવાળા નામને ' **तसु** ' પ્રત્યય લાગે છે. **अर्जुन + तसु = देवाः अर्जुनतः अभवन्** = દેવો અર્જુનના પક્ષમાં હતા, **कर्ण + तसु = रविः कर्णतः अभवन्** = સૂર્ય કર્ણના પક્ષમાં હતો.

रोगात् प्रतीकारे ॥ ७–२–८२ ॥

પ્રતીકાર અર્થમાં, પ્રષ્ઠી વિભક્તિવાળા રોગ શબ્દને ' **तसु** ' પ્રત્યય લાગે છે. **प्रवाहिकायाः = प्रवाहिक + तसु=प्रवाहिकातः, प्रबाहिकायाः कुरु** = સંગ્રહણીના રોગનો પ્રતિકાર કર.

पर्यभेः सर्वोभये ॥ ७–२–८३ ॥

ચારે બાજુ અને બન્ને બાજુ અર્થમાં, અનુક્રમે પરિ અને અભિ શબ્દને ' **तसु** ' પ્રત્યય લાગે છે. **परि + तसु = परितः** = ચારે બાજુ, **अभि + तसु = अभितः** = બન્ને બાજુ.

आद्यादिभ्यः ॥ ७–२–८४ ॥

વિભક્તિવાળા આદિ વગેરે શબ્દને ' **तसु** ' પ્રત્યય લાગે છે. **आदौ आदिर्वा = आदि + तसु = आदितः** = પહેલામાંથી અથવા પહેલેથી લઈને. **मध्ये मध्याद् वा=मध्यतः**=વચ્ચમાંથી કે વચ્ચેથી લઈને.

क्षेपा–ऽतिग्रहा–ऽव्यथेष्वकतुस्तृतीयायाः ॥ ७–२–८५ ॥

ક્ષેપ-નિંદા અતિગ્રહ-આગળજવું, અથવા વધારે સારૂ, અવ્યથા-ચલિત ન થવું, અથવા ભય કે ક્ષોભ ન થવો એવા અર્થમાં. કર્તા ભિન્ન વાચક તૃતિયા વિભક્તિવાળા નામને **'तसु'** પ્રત્યય લાગે છે **वृत्तेन क्षिप्तः = वृत्त+तसु=वृत्ततः क्षिप्तः**=આચરણ વડે નિંદત, **वृत्तेन अतिगृह्यः = वृत्ततः अतिग्राह्यः**= વધારે સારા આચારવાળો **वृत्तेन न व्यथते = वृत्ततः न व्यथते** = પોતાના કઠોર વ્રતથી ચલિત થતો નથી, ક્ષોભ કે ભય પામતો નથી.

पाप–हीयमानेन ॥ ७–२–८६ ॥

પાપ અર્થનો અથવા હીન અર્થનો સંબંધ હોય તો, કર્તાભિન્ન વાચક તૃતીયા વિભક્તિવાળા નામને **'तसु'** પ્રત્યય લાગે છે. **वृत्तेन पापः = वृत्त + तसु = वृत्ततः पापः** = આચરણથી પાપરૂપ થાય છે. **वृत्तेन हीयते = वृत्ततः हीयते** = આચરણથી હીન થતો જાય છે.

प्रतिना पञ्चम्याः ॥ ७–२–८७ ॥

પ્રતિ–પ્રતિનિધિના અર્થમાં, પ્રતિ શબ્દના યોગમાં થયેલી પંચમી વિભક્તિવાળા નામને **'तसु'** પ્રત્યય લાગે છે. **अभिमन्युः अर्जुनाद् अर्जुनतः वा प्रति** = અભિમન્યુ અર્જુન પછી આપે છે. અર્થાત્ અર્જુનને બદલે આવે છે અભિમન્યુ અર્જુનનો પ્રતિનિધિ છે.

अहीय–रुहाऽपादाने ॥ ७–२–८८ ॥

અપાદાન અર્થમાં, પંચમીવિભક્તિવાળા નામને તેજ અર્થમાં, **'तसु'** પ્રત્યય અને **'પંચમીવિભક્તિ'** ના પ્રત્યય લાગે છે. જે અપાદાન અર્થવાળા પંચમી વિભક્તિવાળા નામની સાથે હીય અને

રહ્યુંધાતુનો પ્રયોગ ન હોય તો. **ग्राम + आत् [ङसि] = ग्रामात्**
ग्राम + तसु = ग्रामतः वैति = ગામથી જાય છે.

किमद्वयादिसर्वाद्यैकुल्यबहोः पित् तस् ॥ ७–२–८९ ॥

પંચમીવિભક્તિવાળા કિમ્ શબ્દને તથા દ્વિ વગેરે શબ્દ સિવાય પંચમી વિભક્તિવાળા સર્વ વગેરે શબ્દને, તથા અવૈકુલ્યવાચક બહુ શબ્દને પિત્સંજ્ઞક ' **तस्** ' પ્રત્યય લાગે છે. **कस्मात् = किम् + तस् = कुतः** = કયાંથી **सर्वस्मात् = सर्वतः** = સર્વથી, **यस्मात् = यतः** = જ્યાંથી, **बहुभ्यः = बहुतः** = બહુથી.

इतोऽतः कुतः ॥ ७–२–९० ॥

ઇતઃ, અતઃ અને કુતઃ એ ત્રણ શબ્દો तस् પ્રત્યયાન્ત અથવા ' **निपातन** ' થાય છે. **अस्माद् = इदम् + तस् = इतः** = આ બાજુથી, **एतस्माद् = एतद् + तस् = अतः** = આથી, **कस्माद् = किम् + तस् = कुतः** = શાથી.

भवत्वायुष्मद्–दीर्घायुर्देवानांप्रियैकार्थात् ॥ ७–२–९१ ॥

ભવત્, આયુષ્મત્, દીર્ઘાયુઃ અને દેવાનાંપ્રિય એ શબ્દો જે નામને વિશેષરૂપ હોય તે નામની સાથે સંબંધ ધરાવનાર સમાન-વિભક્તિવાળા અને સર્વ વિભક્તિવાળા કિમ્ શબ્દને પિત્સંજ્ઞક **'तस्** પ્રત્યય લાગે છે, અને આગળના સર્વ ' **सः**, તે વગેરે પ્રયોગો પણ કાયમ રહે છે. **स भवान् = स भवान्, ततो भवान्, ते भवन्तः, ततो भवन्तः स आयुष्मान्, ततः आयुष्मान्, स दीर्घायुः, ततो दीर्घायुः, तद् देवानांप्रियः, ततो देवानांप्रियः** – આ બધા રૂપ પ્રયોગ છે અને તેનો અર્થ પૂજ્ય–આદર સૂચક છે. **स ततो भवान्**– આદરણીય આપ, તે આયુષ્માન આપ, તે દીર્ઘાયુઃ આપ અને તે દેવાનંપ્રિય આપ.

त्रप् च ॥ ७–२–९२ ॥

भवत्, आयुष्मत, दीर्घायुः અને देवानांप्रिय એ શબ્દો જે નામના વિશેષણરૂપ હોય તે નામની સાથે સંબંધ ધરાવનાર સમાન વિભક્તિવાળા અને सर्वविभक्तिवाळा किम् शબ્દને, द्वि વગેરે શબ્દ સિવાયના सर्व વગેરે શબ્દને અને અવૈપુલ્યવાચક બહુ શબ્દને 'त्रप्' અને પિત્સંજ્ઞક 'तस्' પ્રત્યય લાગે છે અને નામની વિભક્તિ પણ કાયમ રહે છે **समवान् – तत्रभवान्, ततो भवान्, तस्मिन् भवति – तत्रभवति, तस्मिन् भवति, ततो भवति, ते भवन्तः – तत्रभवन्तः, ततो भवन्तः, स आयुष्मान् - तत्रआयुष्मान्, ततो आयुष्मान्, स दीर्घायुः – तत्रदीर्घायुः, ततो दीर्घवयुः, तद् देवानांप्रियः-तत्रदवानांप्रियः ततो देवानांप्रियः** = તે આદરણીય આપ વિગેરે અર્થ સમજવા.

क–कुत्रा–ऽत्रेह ॥ ७–२–९३ ॥

त्रप् પ્રત્યયાન્ત એવા કવ, કુત્ર અને ઇહ શબ્દો 'निपातन' થાય છે. આ ચારે શબ્દો सर्व વિભક્તિમાં વપરાય છે. **किम् + त्रप् = क** = ક્યાં, **किम् + त्रप् = कुत्र** = ક્યાં, **एतद् + त्रप् = अत्र** = અહિં, **इदम् + त्रप् = इह** = અહિં.

सप्तम्याः ॥ ९–२–९४ ॥

સપ્તમી વિભક્તિવાળા किम् શબ્દને, द्वि વગેરે શબ્દ સિવાય सर्व વગેરે શબ્દોને અને અવૈપુલ્યવાચક બહુ શબ્દને 'त्रप्' પ્રત્યય લાગે છે. **कस्मिन्, कयोः केषु = किम् + त्रप् = कुत्र** = ક્યાં, **सर्वस्मिन्, सर्वयोः सर्वेषु = सर्व** = બધે, **तस्मिन्, तयोः, तेषु = तत्र**=ત્યાં, **बहौ, बहवोः, बहुषु = बहुत्र** =ઘણામાં.

किम्-यत्-तत्-सर्वैका-ऽन्यात कालेदा ॥ ७-२-९५ ॥

કાલ અર્થમાં, કિમ્ આદિ શબ્દોને 'દા' પ્રત્યય લાગે છે. **कस्मिन् काले, कयोः कालयोः, केषु कालेषु** = किम् + दा = कदा = કયારે, **यस्मिन् काले, ययोः कालयोः, येषु कालेषु** = यत् + दा = यदा = જ્યારે, **तस्मिन् काले, तयोः कालयोः तेषु कालेषु** = तत् + दा = तदा = ત્યારે, **सर्वस्मिन् काले, सर्वयोः कालयोः, सर्वेषु कालेषु**=सर्व+दा = सर्वदा = હંમેશા **एकस्मिन् काले, एकयोः कालयोः, एकषु कालेषु** = एक + दा = एकदा = એક વખત, **अन्यस्मिन् काले, अन्ययोः कालयोः, अन्यषु कालेषु** = अन्यत् + दा = अन्यदा = બીજી વખતે "आद्देः [२-१-४१]" એ સૂત્રથી કિ સુધીના ત્યાદિ શબ્દના અન્તનો 'અ' થયેલ છે

सदा-ऽधुनेदानी-तदानीमेतर्हि ॥ ७-२-९६ ॥

કાલ અર્થમાં દા વગેરે પ્રત્યયાન્ત એવા સદા વગેરે શબ્દો 'નિપાતન' થાય છે. **सर्वस्मिन्, सर्वयोः, सर्वेषु कालेषु**=सर्व +दा=सर्वदा+હંમેશા,=**अस्मिन्, अनयोः, एषु कालेषु**=इदम् + धुना = अधुना = હમણાં, **इदम् + दानीम्** = इदानीम् = હમણાં **तस्मिन्, तयोः, तेषु कालेषु** = तद् + दानीम् = तदानीम् = ત્યારે, **एतस्मिन्, एतयोः एषु कालेषु** = इदम् + र्हि = एतर्हि = આ કાળમાં.

सद्यो-ऽद्य-परेद्यव्यद्दि ॥ ७-२-९७ ॥

દિવસરૂપ કાલ અર્થમાં સદ્ય, અદ્ય, અને પરેદ્યવિ શબ્દ 'નિપાતન' થાય છે. **समीपे अह्नि** = समान + द्यस् = स + द्यस् = सद्यः =

સમાન દિવસ, **अस्मिन् अह्नि = इदम् + द्य = अद्यः** = આજે, **परस्मिन् अह्नि = पर + द्यवि = परेद्यवि** = બીજે દિવસે. **इदम्+द्य = अद्य** ત્યાં **इदम्** નો **अ** આદેશ થયો છે અને **परेद्यवि** ત્યાં "**लुग् स्यादे०** [૨–૧–૧૧૩]" એ સૂત્રથી અ નો લોપ થયો છે.

पूर्वा–ऽपरा–ऽधरोत्तरा–ऽन्या–ऽन्यतरेतरादद्यस्

॥ ૭–૨–૯૮ ॥

દિવસરૂપ કાળ અર્થમાં, સપ્તમી વિભક્તિવાળા પૂર્વ, અપર વગેરે શબ્દને '**એદ્યુસ્**' પ્રત્યય લાગે છે. **पूर्वस्मिन् अह्नि = पूर्व + एद्युस् = पूर्वेद्युः** = આગલા દિવસે, **अपर + एद्युस् = अपरेद्युः** = બીજા દિવસે, **अधरेद्युः** = બીજા દિવસે, **उत्तरेद्युः** = આગલા દિવસે, **अन्येद्युः** = બીજા દિવસે, **अन्यतरेद्युः** = બીજા કોઈ દિવસે, **इतरेद्युः** = બીજા કોઇ દિવસે.

उभयाद् द्युस् च ॥ ૭–૨–૯૯ ॥

દિવસે રૂપ કાળના અર્થમાં, ઉભય શબ્દને '**द्युस्** અને **एद्युस्**' પ્રત્યય લાગે છે. **उभय + द्युस् = उभयद्युः, उभय + एद्युस् = उभयेद्युः** = બંને દિવસે.

ऐषमः–परुत्–परारि वर्षे ॥ ૭–૨–૧૦૦ ॥

વર્ષરૂપ કાળ અર્થમાં ઐષમઃ, પરુત્ અને પરારિ શબ્દો '**નિપાતન**' થાય છે. **अस्मिन् संवत्सरे = ऐषमः** = આ વર્ષે, **पूर्वस्मिन् संवत्सरे = परुत्** = આગલા વર્ષે, **परस्मिन् संवत्सरे = परुत्** = બીજે વર્ષે, **पूर्वतरस्मिन्, परतरस्मिन् संवत्सरे=परारि**= બીજા કોઈ વર્ષે.

अनद्यतने र्हिः ॥ ૭–૨–૧૦૧ ॥

અનદ્યતનકાળમાં કિમ્ શબ્દને, ડિ વગેરે શબ્દને છોડીને સર્વ વગેરે શબ્દને અને અર્વપુરુષ વાચક યદ્ શબ્દને 'હિ' પ્રત્યય લાગે છે. **कस्मिन् अनद्यतने काले = किम् + हिं = कर्हि** = ક્યારે, **यस्मिन् अनद्यतने काले = यर्हि** = જ્યારે, **अमुष्मिन् अनद्यतने काले = अमुर्हि** = અમુક કાળે, **बहुषु अनद्यतनेषु कालेषु = बहुर्हि** = ઘણા કાળે.

प्रकारे थाः ॥ ७–२–१०२ ॥

પ્રકાર અર્થમાં સર્વ વિભક્તિવાળા કિમ્ શબ્દને, ડિ શબ્દ વગેરે પરિત્ત સર્વ વગેરે શબ્દને 'થા' પ્રત્યય લાગે છે **सर्वेण प्रकारेण = सर्व + था = सर्वथा** = સર્વ પ્રકારે. **अन्येन प्रकारेण = अन्यथा** = અન્ય પ્રકારે.

कथमित्थम् ॥ ७–२–१०३ ॥

પ્રકાર અર્થમાં, કથમ્ અને ઇત્થમ્ શબ્દો 'निपातन' થાય છે. **केन प्रकारेण = किम् + थम् = कथम्** = કેવી રીતે, **अनेन प्रकारेण = इदम् + थम् = इद् + थम = इत्थम्, एतेन प्रकारेण एतद् + थम् = इद् + थम् = इत्थम्** = આ રીતે.

सङ्ख्यायाः धा ॥ ७–२–१०४ ॥

પ્રકાર અર્થમાં, સંખ્યાવાચક નામને વિકલ્પે 'ધા' પ્રત્યય લાગે છે. **एकेन प्रकारेण = एक + धा = एकधा** = એક રીતે, **कतिभिः प्रकारैः = कतिधा** = કેટલા પ્રકારે, **बहुभिः प्रकारैः = बहुधा** = ઘણી રીતે.

विचाले च ॥ ७–२–१०५ ॥

વિચાલ–એકનું અનેકીકરણ અને અનેકનું એકીકરણ કરવાના અર્થમાં, સંખ્યાવાચક નામને 'धा' પ્રત્યય લાગે છે. **एकः राशिः द्वौ द्विधा वा क्रियते = द्वि + धा = द्विधा** = એક ઢગલાના બે ઢગલા કરવા, **अनेकम् एकम् क्रियते = एकधा क्रियते** = અનેકનું એક કરવું.

वैकाद् ध्यमञ् ॥ ७–२–१०६ ॥

પ્રકાર અર્થમાં અને વિચાલ અર્થમાં, સંખ્યાવાચક એક શબ્દને 'ध्यमञ्' પ્રત્યય વિકલ્પે લાગે છે. **एकेन प्रकारेण= एक + ध्यमञ् = ऐकध्यम्, एक+धा = एकधा भुंक्ते=अनेकम् एकम् करोति = ऐकध्यम्, एकधा वा करोति** = અનેકનું એક કરે છે.

द्वि–त्रेर्धमञेधौ वा ॥ ७–२–१०७ ॥

પ્રકાર અને વિચાલ અર્થમાં, દ્વિ અને ત્રિ શબ્દમે 'धमञ्' અને 'एध' પ્રત્યય વિકલ્પે લાગે છે. **द्वि + धमञ् = द्वैधम्, द्वि + एध = द्वेधा, द्वि+धा=द्विधा**=બે પ્રકારનું, **त्रैध्यम्, त्रेधा, त्रिधा** = ત્રણ પ્રકારનું, **एकराशिं द्विधा करोति =द्वैध्यम्, द्वेधा, द्विधा करोति**=એક ઢગલાના બે ઢગલા કરે છે. **एकराशिं त्रिधा करोति=त्रैध्यम्, त्रेधा, त्रिधा**=એક ઢગલાના ત્રણ ઢગલા કરે છે.

तद्वति धण् ॥ ७–२–१०८ ॥

પ્રકાર અને વિચાલ અર્થમાં, દ્વિ અને ત્રિ શબ્દને 'धण्' પ્રત્યય લાગે છે. **द्वि + धण् = द्वैधानि** = જેમના બે પ્રકાર છે એવા પદાર્થો અથવા અનેક પદાર્થોના બે પદાર્થો કરે છે. **त्रि + धण्** =

त्रैधानि = જેમના ત્રણ પ્રકાર છે એવા પદાર્થો, અથવા અનેક પદાર્થના ત્રણ પદાર્થો કરે છે.

वारे कृत्वस् ॥ ७–२–१०९ ॥

સંખ્યાવાચક નામને, વાર અર્થમાં '**कृत्वस्**' પ્રત્યય લાગે છે. **पञ्च वारान् इति=पञ्च वारान् इति = पञ्च+कृत्वस् = पञ्चकृत्वः भुङ्क्ते** = પાંચવાર ખાય છે.

द्वि–त्रि–चतुरः सुच ॥ ७–२–११० ॥

વાર અર્થમાં, સંખ્યાવાચક દ્વિ, ત્રિ, અને ચતુર્ શબ્દને '**सुच्**' પ્રત્યય લાગે છે. **द्वौ वारान् भुंक्ते = द्वि +सुच् =द्विः** = બેવાર ખાય છે. **त्रीन् वारान् भुङ्क्ते=त्रिः** = ત્રણવાર ખાય છે. **चतुरः वारान् भुङ्क्ते = चतुः** = ચારવાર ખાય છે.

एकात् सकृच्चास्य ॥ ७–२–१११ ॥

એકવાર અર્થમાં, એક શબ્દને '**सुच्**' પ્રત્યય લાગે છે. અને એકવાર અર્થ એકને બદલે '**सकृत**' શબ્દ થાય છે. **एकवारं भुङ्क्ते एक +सुच् = सकृत् भुङ्क्ते** = એકવાર ખાય છે.

बहोर्धाऽऽसन्ने ॥ ७–२–११२ ॥

નજીક નજીક–વારંવાર અર્થમાં, સંખ્યાવાચક બહુ શબ્દને '**धा**' પ્રત્યય લાગે છે. **बहून् वारान् भुङ्क्ते =बहुधा** = વારંવાર ખાય છે.

दिक्शब्दाद् दिग्–देश–कालेषु प्रथमा–पञ्चमी–सप्तम्याः ॥ ७–२–११३ ॥

દિશા અર્થમાં પ્રસિદ્ધ એવા પ્રથમા, પંચમી અને સપ્તમી

વિભક્તિવાળા શબ્દને દિશા, દેશ, અને કાલ અર્થમાં 'ધા' પ્રત્યય લાગે છે, **प्राची दिग् रम्या** = **प्राची** + **धा** = **प्राग्रम्यम्** = પૂર્વ દિશા રમ્ય છે. **प्राग् देशः कालः वा रम्यः** = **प्राग्रम्यः** = પૂર્વ તરફનો દેશ અથવા પૂર્વકાળ રમ્ય છે **प्राच्याः दिशः, देश-कालाभ्यां वा आगतः** = **प्राची**+ **धा** = **प्रागागतः**=પૂર્વદિશાથી, પૂર્વ દેશથી, અથવા પૂર્વકાલથી આવેલો, **प्राच्यां दिशि, देश-कालयोः वा वासः** = **प्राची** + **धी** = **प्राग्वासः** = પૂર્વદિશામાં, પૂર્વ દેશમાં, અથવા પૂર્વકાલમાં વાસ – વસવાટ. અહિં " **लुबञ्चः** [૭-૨-૧૨૩] " એ સૂત્રથી ધા પ્રત્યયનો લોપ થયેલ છે.

ऊर्ध्वाद् रि-रिष्टातौ उपाश्चास्य ॥ ૭-૨-૧૧૪ ॥

દિક, દેશ અને કાલ અર્થમાં, પ્રથમાં, પંચમી અને સપ્તમી વિભક્તિવાળા ઊર્ધ્વ શબ્દને **'रि'** અને **'रिष्टात्'** પ્રત્યયો લાગે છે અને તેના યોગમાં ઊર્ધ્વ ને સ્થાને **' उप '** આદેશ થાય છે. **ऊर्ध्वं रम्यम् – ऊर्ध्वा दिग् रम्यम्, ऊर्ध्वात् रम्यम्, ऊर्ध्वे रम्यम्** = **ऊर्ध्व** + **रि** = **उप** + **रि** = **उपरि रम्यम्, ऊर्ध्व** + **रिष्टात्** = **उपरिष्टात् रम्यम्, आगतः, वासो वा** = ઉપરની દિશા રમ્ય છે, ઉપરની દિશાથી રમ્ય છે, અથવા ઉપરની દિશામાં રમ્ય છે. પંચમી – ઉપરની દિશાથી, ઉપરના દેશમાંથી અથવા ઉપરના કાળમાંથી આવ્યો. સપ્તમી – ઉપરની દિશામાં, ઉપરના દેશમાં અથવા ઉપરના કાળમાં રહેઠાણ.

पूर्वा-वर-ऽधरेभ्योऽसस्तातौ पुरवधश्चैषाम् ॥ ૭-૨-૧૧૫ ॥

દિશા, દેશ અને કાલ અર્થમાં, પ્રથમા – પંચમી અને સપ્તમી વિભક્તિવાળા પૂર્વ, અવર અને અધર શબ્દને **' अस् '** અને

'**अस्तात्**' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં અનુક્રમે '**पुर्, अव्**' અને '**अध्**' આદેશ થાય છે **पूर्व + अस् = पुरः रम्यम्, आगतः, वासो वा** = આગળ રમ્ય છે, આગળ આવ્યો અથવા આગળ વાસ, **पूर्व + अस्तात् = पुरस्तात् रम्यम्, आगतः, वासो वा** = ઉપરની જેમ. **अवर + अस् = अव + अस् = अवः, रम्यम्, आगतः, वासो वा** = બીજું રમ્ય છે. બીજેથી આવ્યો અથવા બીજે વાસ, **अवर + अस्तात् = अव + अस्तात् = अवस्तात्** = ઉપરની જેમ, **अधर + अस् = अधः रम्यम्, आगतः, वासो वा** = નીચે રમ્ય છે, નીચેથી આવ્યો અથવા નીચો વાસ છે, **अधर + अस्तात् = अधस्तात् रम्यम्, आगतः, वासो वा** = ઉપરની જેમ.

परा–ऽवरात् स्तात् ॥ ७–२–११६ ॥

દિશા, દેશ અને કાલ અર્થમાં, પ્રથમા વગેરે વિભક્તિવાળા નામને, સ્વાર્થમાં '**स्तात्**' પ્રત્યય લાગે છે. **पर + स्तात् = परस्तात् रम्यम्, आगतः, वासो वा** = બીજું રમ્ય છે, પરથી આવ્યો અથવા પરમાં વાસ છે. **अवर + स्तात् = अवरस्तात् रम्यम्, आगतः वासो वा** = બીજું રમ્ય છે, બીજેથી આવ્યો અથવા બીજામાં વાસ છે.

दक्षिणोत्तराच्चाऽतस् ॥ ७–२–११७ ॥

દિશા, દેશ અને કાલ અર્થમાં, પ્રથમા વગેરે વિભક્તિવાળા દક્ષિણ, ઉત્તર, પર અને અવર શબ્દને, સ્વાર્થમાં '**अतस्**' પ્રત્યય લાગે છે. **दक्षिण + अतस् = दक्षिणतः रम्यम्, आगतः, वासो वा** = દક્ષિણ રમ્ય છે, દક્ષિણથી આવ્યો અથવા દક્ષિણમાં વાસ છે. **उत्तर + अतस् = उत्तरतः** = ઉત્તર રમ્ય છે, ઉત્તરમાંથી આવ્યો

અથવા ઉત્તરમાં વાસ છે. **एवम् - परतः, अवरतः रम्यम्, आगतः, वासो वा** = બીજું રમ્ય છે, બીજેથી આવ્યો અથવા બીજે વાસ છે.

अधरा-ऽपराच्चाऽऽत् ॥ ७-२-११८ ॥

દિશા, દેશ અને કાલ અર્થમાં, પ્રથમા વગેરે વિભક્તિવાળા અધર, અપર, દક્ષિણ અને ઉત્તર શબ્દને, સ્વાર્થમાં '**आत्**' પ્રત્યય લાગે છે. **अधर + आत् = अधरात् रम्यम्, आगतः, वासो वा** = નીચે રમ્ય છે, નીચેથી આવ્યો, અથવા નીચે વાસ છે, **अपर + आत् = अपरात् रम्यम्, आगतः, वासो वा** = પાછળ રમ્ય છે પાછળથી આવ્યો, અથવા પાછળમાં વાસ છે. **एवम् - दक्षिणतः उत्तरतः रम्यम्, आगतः वासो वा** = દક્ષિણ અથવા ઉત્તર રમ્ય છે, દક્ષિણમાંથી અથવા ઉત્તરમાંથી આવ્યો, અથવા દક્ષિણ કે ઉત્તરમાં વાસ છે.

वा दक्षिणात् प्रथमा-सप्तम्या आः ॥ ७-२-११९ ॥

દિશા અને દેશ અર્થમાં, પ્રથમા અને સપ્તમી વિભક્તિવાળા દક્ષિણ શબ્દને, વિકલ્પે '**आ**' પ્રત્યય લાગે છે, **दक्षिणं रम्यम्, दक्षिणे वासः = दक्षिण + आ = दक्षिणा** = દક્ષિણ દિશા રમ્ય છે અથવા દક્ષિણ દિશામાં વાસ છે. **पक्षे = दक्षिण + अतस् = दक्षिणतः, दक्षिण + आत् = दक्षितात् रम्यम्, वासो वा** = દક્ષિણ દિશા રમ્ય છે, દક્ષિણ દિશામાં વાસ છે.

आ-ऽऽही दूरे ॥ ७-२-१२० ॥

દુર દિશાના તથા દૂર દેશના અર્થમાં, પ્રથમા તથા સપ્તમી વિભક્તિવાળા દક્ષિણ શબ્દને '**आ**' અને '**आहि**' પ્રત્યય લાગે

લાગે છે **ग्रामात् दक्षिणा=दक्षिण+आ=दक्षिणा, दक्षिण+आहि =दक्षिणाहि=ग्रामात् दक्षिणा, दक्षिणाहि रम्यम् वासो वा=** ગામથી દૂર દક્ષિણદિશા રમ્ય છે, દૂર દક્ષિણ દેશમાં વાસ છે.

दूरोत्तरात् ॥ ७–२–१२१ ॥

દૂર દિશા અને દૂર દેશના અર્થમાં, પ્રથમા તથા સપ્તમી વિભક્તિવાળા ઉત્તર શબ્દને ' आ ' અને ' आहि ' પ્રત્યય વિકલ્પે થાય છે. **उत्तरं उत्तरे वा रम्यम् वासो वा = उत्तर+ आ, उत्तरा, उत्तर+आहि=उत्तराहि, उत्तरे+अत्तस्=उत्तरतः, उत्तर + आत् = उत्तरात्, उत्तरा, उत्तराहि, उत्तरतः, उत्तरात् रम्यम् वासो वा** = દૂર ઉત્તરદિશા રમ્ય છે, દૂર ઉત્તર દેશમાં વાસ છે.

अदूरे एनः ॥ ७–२–१२२ ॥

નજીકની દિશા અને નજીકના દેશ અર્થમાં, પ્રથમા તથા સપ્તમી વિભક્તિવાળા દિશાવાચક નામને ' **एन** ' પ્રત્યય લાગે છે. **पूर्व + एन = पूर्वेण अस्य रम्यं वसति वा** = આની નજીકની પૂર્વદિશા રમ્ય છે અથવા આના નજીકના દેશમાં વસે છે.

लुबञ्चः ॥ ७–२–१२३ ॥

દિશા, દેશ અને કાલ અર્થમાં, પ્રથમા, પંચમી અને સપ્તમી વિભક્તિવાળા અञ્ચ્ શબ્દાન્ત દિશાવાચક નામને લાગેલ धा અને એન પ્રત્યયનો ' **लोप** ' થાય છે. **प्राग् रम्यम्, प्राच्या आगतः प्राच्यां वासः वा=प्राची+धा=प्राग् रम्यम्, आगतः, वासो वा** =પૂર્વદિશા રમ્ય છે, પૂર્વ દિશામાંથી આવ્યો અથવા પૂર્વદિશામાં વાસ છે. એવી રીતે પૂર્વદેશ કે કાલ રમ્ય છે, પૂર્વદેશમાંથી કે પૂર્વકાળમાંથી આવ્યો અથવા પૂર્વદેશમાં કે પૂર્વકાળમાં વાસ છે.

पश्चोऽपरस्य दिक्पूर्वस्य चाऽऽति ।। ७-१-१२४ ।।

એકલો અપર શબ્દ અથવા અપર શબ્દની પૂર્વમાં દિશાવાચક શબ્દ હોય અને જો આત્ પ્રત્યય લાગેલ હોય તો અપરનો '**પશ્ચ**' આદેશ થાય છે. **अपर + आत् = अपरात् = पश्चात् रम्यम्, आगतः, वासो वा** = પાછળ રમ્ય છે, પાછળથી આવ્યો અથવા પાછળમાં વાસ છે. **दक्षिण + अपर+आत्=दक्षिणपश्चात् रम्यम्, आगतः वासो वा** = દક્ષિણ એવો અપર ભાગ રમ્ય છે, દક્ષિણ એવા અપર ભાગમાંથી આવ્યો, અથવા દક્ષિણ એવા અપર ભાગમાં વાસ છે.

वोत्तरपदेऽर्धे ।। ७-२-१२५ ।।

એકલો અપર શબ્દ, તથા અપર શબ્દની પછી **ઉત્તરપદરૂપ** અર્ધ શબ્દ હોય, તથા અપર શબ્દની પૂર્વમાં દિશાવાચક શબ્દ હોય. તથા અપર શબ્દ ઉત્તરપદમાં હોય તો, અપર શબ્દનો વિકલ્પે '**પશ્ચ**' આદેશ થાય છે. **अपर + अर्धम् = पश्चार्धम्, अपरार्धम्** = બીજો અર્ધ ભાગ અથવા પાછલો અર્ધ ભાગ. **दक्षिण + अपर + अर्धः = दक्षिणपश्चार्धम्, दक्षिणपरार्धम्**= દક્ષિણ દિશાનો બીજો અર્ધ ભાગ.

कृ-भ्वस्तिभ्यां कर्म-कर्तृभ्यां प्रागतत्तत्त्वे च्विः ।। ७-२-१२६ ।।

प्राग् अतत् तत्त्वे - प्राग् भूततदभाव – પહેલા જે થયેલું ન હોય અને પાછળથી થયેલું હોય એવો ભાવ જણાતે છતે, કૃ ધાતુનો કર્મવાચક નામ સાથે સંબંધ હોય તો, તથા ભૂ અને અસ્ ધાતુનો કર્તાવાચક નામ સાથે સંબંધ હોય તો, **प्रागभूततद्भाव**

અર્થ આપ્યા પદાર્થનો હોવો જોઇએ, પરંતુ પદાર્થના અંશનો નહિ. 'च्वि' પ્રત્યય લાગે છે. **कर्मवाचक – न शुक्लम् – अशुक्लं शुक्लं करोति इति = शुक्ल + च्वि + करोति = शुक्लीकरोति पटम्** = જે વસ્ત્ર શ્વેત ન હોય તેને શ્વેત કરે છે. **कर्तावाचक–अशुक्लः शुक्लो भवति इति = शुक्लीभवति पटः** = જે વસ્ત્ર શ્વેત ન હોય તે શ્વેત થાય છે. **अशुक्लः शुक्लः स्यात् = शुक्लीस्यात्** = જે વસ્ત્ર શ્વેત ન હોય તે શ્વેત થાય છે.

अरुर्मनश्चक्षुश्चेतो–रहो–रजसां लुक् स्वौ ॥ ७–२–१२७ ॥

અરુસ્, મનસ્, ચક્ષુસ્, ચેતસ્, રહસ્ અને રજસ્ શબ્દને 'च्वि' પ્રત્યય લાગે છે અને તેના યોગમાં અન્ત્ય સ્ નો 'લુક્' થાય છે. **अनरुः अरुः स्यात् = अरूस्यात्** = ઘા થયો ન હોય તે ઘા થાય. **महारूस्यात्** = મોટો ઘા ના હોય તે મોટો ઘા થાય, **मनोस्यात्** = મન ન હોય તે મન થાય, **चक्षूस्यात्** = ચક્ષુ ન હોય તે ચક્ષુ થાય, **चेतीस्यात्** = ચિત્ત ન હોય તે ચિત્ત થાય, **रहीस्यात्** = ગુપ્ત ન હોય તે ગુપ્ત થાય, **रजीस्यात्** = મેલું ન હોય તે મેલું થાય.

इसुसोर्बहुलम् ॥ ७–२–१२८ ॥

च्वि પ્રત્યય પર છતાં, નામને લાગેલ ઇસ્ અને ઉસ્ પ્રત્યયના અન્ત્ય સ્ નો બહુલ પ્રકારે 'लोप' થાય છે. **असर्पिः सर्पिः करोतीति = सर्पिष् + च्वि + करोति = सर्पीकरोति नवनीतम्** = ઘી થયુ ન હતું એવા માખણમાંથી ઘી કરે છે. **अधनुः धनुः स्याद् इति = धनूस्याद् वंशः** = વાંસ ધનુષ્ય રૂપે ન હોય તે ધનુષ્ય રૂપ થાય છે.

व्यञ्जनस्यान्तः ईः ॥ ७–२–१२९ ॥

ચ્વિ પ્રત્યય પર છતાં, વ્યંજનાન્ત નામને અંતે 'ઈ' ઉમેરાય છે. **અદ્રવદ્ દ્રવદ્ ભવતિ – દ્રવદ્ + ઈ + ભવતિ = દ્રવદીભવતિ શીલા** = જે પત્થર રૂપ નથી તે પત્થર બને છે, પાણી પ્રવાહી છે પરંતુ હિમરૂપે પત્થર જેવું થઈ જાય છે.

વ્યાપ્તૌ સ્સાત્ ॥ ૭–૨–૧૩૦ ॥

કર્મવાચક નામને કૃ ધાતુનો સંબંધ હોય અને કર્તાવાચક નામને ભૂ અને અસ્ ધાતુનો સંબંધ હોય, અને આખા પદાર્થને લગતો પહેલા થયેલું ન હોય અને પછી થયેલું હોય એવા ભાવ જણાતો હોય તો, કર્મવાચક અને કર્તાવાચક નામને '**સ્સાત્**' પ્રત્યય લાગે છે. આ સ્ નો ષ્ થતો નથી. **સર્વં કાષ્ઠં પ્રાગ્ અનગ્નિમ્ અગ્નિ કરોતિ ઇતિ = અગ્નિસાત્ કાષ્ઠં કરોતિ** = જે લાકડું પહેલા અગ્નિરૂપ ન હતું, તે બધુય લાકડું અગ્નિરૂપ કરે છે, **અગ્નિસાત્ ભવતિ**=જે બધું લાકડું પહેલા અગ્નિરૂપ નથી તે બધું લાકડું અગ્નિરૂપ થઈ જાય છે. **અગ્નિસાત્ સ્યાત્** = જે બધું લાકડું પહેલા અગ્નિરૂપ નથી તે બધુય લાકડું અગ્નિરૂપ બની જાય છે.

જાતેઃ સમ્પદા ચ ॥ ૭–૨–૧૩૧ ॥

કૃ, ભૂ, અસ્ અને સમ્ પૂર્વક પદ્ ધાતુનો યોગ હોય તો, કૃગ્ ધાતુના કર્મવાચક નામને અને ભૂ, અસ્ અને સમ્પદ્ ધાતુના કર્તાવાચક નામને, જે આખી જાતિ પહેલા ન હોય અને પછી તેવી થતી હોય એવા અર્થમાં '**સ્સાત્**' પ્રત્યય લાગે છે. **અસ્યાં સેનાયાં સર્વશસ્ત્રમ્ અગ્નિસાત્ કરોતિ દૈવમ્**=આખી શસ્ત્ર જાતિ પહેલા અગ્નિરૂપ ન હતી તે પછી અગ્નિરૂપ બની જાય છે. અર્થાત્ આ સેનામાં બધા શસ્ત્રોને દૈવ અગ્નિરૂપ કરે છે. **અગ્નિસાત્ ભવતિ, અગ્નિસાત્ સ્યાત્, અગ્નિસાત્ સમ્પદ્યતે** = આ સેનામાં બધા શસ્ત્રો જે

પહેલા અગ્નિરૂપ ન હતા તે બધા શસ્ત્રો અગ્નિરૂપ થઈ જાય છે.

तत्राऽधीने ॥ ७–२–१३२ ॥

કૃ, ભૂ, અસ્ અને સમ્પદ્ ધાતુનો સંબંધ હોય અને અધીન થવું–અધીન કરવું એવો અર્થ જણાતો હોય તો, જેને અધીન થવાનું છે કે જેને અધીન કરવાનું છે એવા સપ્તમી વિભક્તિવાળા નામને '**रसात्**' પ્રત્યય લાગે છે. **राजनि अधीनं करोति = राजसात् करोति**=રાજાને અધીન–તાબે કરે છે. **राजसात् भवति, राजसात् स्यात्, राजसात् सम्पद्यते** = રાજાને અધીન – તાબે થાય છે

देये त्रा च ॥ ७–२–१३३ ॥

કૃ, ભૂ, અસ્ અને સમ્પદ્ ધાતુનો યોગ હોય અને અધીન એવું દેય હોય તો જેને અધીન કરવાનું હોય કે જેને **અધીનરૂપ** દેય દેવાનું હોય એવા સપ્તમી વિભક્તિવાળા નામને '**त्रा**' પ્રત્યય લાગે છે. દેય–હાથ વગેરે વડે દેવા યોગ્ય પદાર્થ **देवे अधीनं देयं करोति = देव + त्रा = देवत्रा करोति द्रव्यम्** = દેવને સ્વાધીન હાથ વગેરે વડે દેવાની વસ્તુરૂપ દ્રવ્યને કરે છે – હાથ વગેરે વડે કોઈ દેવાની વસ્તુરૂપ દ્રવ્ય દેવને સ્વાધીન કરે છે. **देवत्रा भवेत्, देवत्रा स्यात्, देवत्रा सम्पद्यते** = હાથ વગેરે વડે દેવાની વસ્તુરૂપ દ્રવ્ય દેવને સ્વાધીન થાય છે.

सप्तमी–द्वितीयाद् देवादिभ्यः ॥ ७–२–१३४ ॥

સપ્તમી તથા દ્વિતીયા વિભક્તિવાળા દેવ વગેરે શબ્દને સ્વાર્થમાં '**त्र**' પ્રત્યય લાગે છે. **देवे देवं वा वसेत् = देव + त्रा = देवत्रा वसेत्** = દેવમાં કે દેવની નજીકમાં વસે છે. **देवत्रा भवेत्, देवत्रा स्यात्** = દેવમાં કે દેવની નજીક થાય છે. **देवत्रा करोति** = દેવમાં

કે દેવની નજીક કરે છે. **मनुष्यत्रा वसेत्** = મનુષ્યમાં કે મનુષ્યની નજીક વસે છે.

तीय-शम्ब-बीजात् कृगा कृषौ डाच् ॥ ७-२-१३५ ॥

કૃ ધાતુનો યોગ હોય અને ખેતી અર્થ જણાતો હોય તો, તીય પ્રત્યયાન્ત નામને તથા શમ્બ અને બીજ શબ્દને 'डाच्' પ્રત્યય લાગે છે. **क्षेत्रस्य द्वितीयां कृषिं करोति = द्वितीयाकरोति क्षेत्रम्**=ખેતરને બીજીવાર ખેડે છે. **क्षेत्रस्य शम्बं करोति=शम्बाकरोति क्षेत्रम्** = ખેતરને પ્રથમ સાંકુ ખેડીને પછી વાંકું ખેડે છે. **क्षेत्रस्य बीजं करोति क्षेत्रम् = बीजाकरोति** = ક્ષેત્રમાં બીજ વાવ્યા બાદ તેને બીજીવાર ખેડે છે.

सङ्ख्यादेर्गुणात् ॥ ७-२-१३६ ॥

કૃ ધાતુનો યોગ હોય અને ખેતી અર્થ જણાતો હોય તો, સંખ્યાવાચક નામ પછી આવેલ ગુણ શબ્દને 'डाच्' પ્રત્યય લાગે છે. **क्षेत्रस्य द्विगुणं कर्षणं करोति = द्विगुण + डाच् = द्विगुणा करोति क्षेत्रम्** = ખેતરને બમણું ખેડે છે.

समयाद् यापनायम् ॥ ७-२-१३७ ॥

કૃ ધાતુનો યોગ હોય અને યાપના – સમય વીતાવવો એવો અર્થ જણાતો હોય તો, સમય શબ્દને 'डाच्' પ્રત્યય લાગે છે. **समय + डाच् = समया करोति – कालं क्षिपति** = સમય વીતાવે છે. **समयाकरोति तन्तुवायः** = વણકર વખત વીતાવે છે– ગ્રાહકને આજકાલમાં વસ્ત્ર વણી આપીશ એમ જણાવી વખત વીતાવે છે.

सपत्र-निष्पत्रादतिव्यथने ॥ ७-२-१३८ ॥

કૃ ધાતુનો યોગ હોય અને અતિવ્યથન – ભારે પીડા અર્થ જણાતો હોય તો, સપત્ર અને નિષ્પત્ર શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **સપત્ર + ડાચ્ = સપત્રાકરોતિ મૃગમ્** = હરણના શરીરમાં બાણ પેસાડી દે છે. **નિષ્પત્રા કરોતિ મૃગમ્** = હરણના શરીરમાંથી બીજી બાજુથી બાણ કાઢી લે છે.

નિષ્કુલન્નિષ્કોષણે ॥ ૭–૨–૧૩૯ ॥

કૃ ધાતુનો યોગ હોય અને નિષ્કોષણ – બહાર કાઢી નાંખવું એવો અર્થ જણાતો હોય તો, નિષ્કુલ શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **નિષ્કુલ + ડાચ્ = નિષ્કુલાકરોતિ દાદિમમ્** = દાડમના બધા દાણા બહાર કાઢી નાંખે છે.

પ્રિય-સુખાદનુકૂલ્યે ॥ ૭–૨–૧૪૦ ॥

કૃ ધાતુનો યોગ હોય અને આત્માની અનુકૂલતા જણાતી હોય તો, પ્રિય અને સુખ શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **પ્રિય + ડાચ્ = પ્રિયાકરોતિ ગુરુમ્** = ગુરુને સુખ કરે છે. **સુખાકરોતિ ગુરુમ્** = ગુરુને સુખ કરે છે.

દુઃખાત્ પ્રાતિકૂલ્યે ॥ ૭–૨–૧૪૧ ॥

કૃ ધાતુનો યોગ હોય અને પ્રતિકૂળતા જણાતી હોય તો, દુઃખ શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે **દુઃખં કરોતિ શત્રોઃ = દુઃખ + ડાચ્ + કરોતિ = દુઃખા કરોતિ શત્રોઃ = શત્રુમ્ પ્રતિકૂલ્યં કરોતિ** = શત્રુને પ્રતિકૂળતા કરે છે.

શૂલાત્ પાકે ॥ ૭–૨–૧૪૨ ॥

કૃ ધાતુનો યોગ હોય એને રાંધવું અર્થ જણાતો હોય તો,

શૂલ શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **शूले पचति मांसम्** = **शूल + डाच् + करोति = शूलाकरोति मांसम्** = લોઢાના સળીયામાં ભરાવી માંસ પકવે છે.

सत्यादशपथे ॥ ૭–૨–૧૪૩ ॥

કૃ **ધાતુનો** યોગ હોય અને અશપથ – સોગંદ ખાવા એવો અર્થ ન જણાતો હોય તો, સત્ય શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **सत्यं करोति = सत्य + डाच् + करोति = सत्याकरोति वणिग् भाण्डम्** = વાણિયો ગ્રાહકને કહે છે કે આ માલ સારો છે, જેથી તમારે કિંમત આપીને માલ ખરીદવો જ જોઈએ, એમ કરીને ગ્રાહકના મનમાં માલની શ્રેષ્ઠતા ઠસાવે છે.

मद्र–भद्राद् वपने ॥ ૭–૨–૧૪૪ ॥

કૃ ધાતુનો યોગ હોય અને મુંડન અર્થ જણાતો હોય તો, મદ્ર અને ભદ્ર શબ્દને 'ડાચ્' પ્રત્યય લાગે છે. **मद्रं करोति = मद्र + डाच् + करोति = मद्राकरोति नापितः** = હજામ બાળકના પ્રથમ વાર જ મંગળરૂપ વાળ ઉતારે છે, **भद्राकरोति नापितः** = હજામ બાળકના પ્રથમવાર જ મંગળરૂપ વાળ ઉતારે છે.

अव्यक्ताऽनुकरणाऽनेकस्वरात् कृ–भू–अस्तिनाऽनितौ द्विश्च ॥ ૭–૨–૧૪૫ ॥

કૃ, ભૂ અને અસ્ ધાતુનો યોગ હોય તો, અવ્યક્ત અવાજનું અનુકરણ કરનાર અનેકસ્વરવાળા શબ્દોને 'ડાચ્' પ્રત્યય વિકલ્પે લાગે છે અને તેના યોગમાં 'દ્વિર્ભાવ' થાય છે. જો અનુકરણ શબ્દ સાથે ઈતિ શબ્દનો પ્રયોગ ન હોય તો. **पटत् करोति = पटपट + डाच् + करोति = पटपटा करोति** = પટપટ કરે છે.

षटपटाभवेत्, पटपटास्याद् = પટપટ થાય છે.

इतावतो लुक् ॥ ७–२–१४६ ॥

અવ્યક્ત અનુકરણવાચક એવા અનેકસ્વરવાળા અને જેને અન્તે અત્ છે એવા શબ્દ પછી ઈતિ શબ્દ આવેલ હોય તો, અત્ નો **'લોપ'** થાય છે. **पटत् इति = पट् + इति = पटिति** = પટત્ એવો અવાજ.

न द्वित्वे ॥ ७–२–१४७ ॥

અવ્યક્ત અનુકરણવાચક એવા અનેક સ્વરવાળા અને જેને અન્તે અત્ છે એવા શબ્દને દ્વિર્ભાવ થયા બાદ જો ઈતિ શબ્દ આવ્યો હોય તો, તે શબ્દના અત્ નો **'લોપ'** થતો નથી. **पटत् पटत् इति = पटत्पटदिति** = પટપટ એવો અવાજ.

तो वा ॥ ७–२–१४८ ॥

અવ્યક્ત અનુકરણવાચક અત્ છે અન્તે જેને એવા અનેકસ્વરવાળા શબ્દને **'ડાચ્'** પ્રત્યયના યોગે દ્વિર્ભાવ થયા પછી ઈતિ શબ્દ લાગેલ હોય તો, ઈતિના પૂર્વના અત્ ના ત્ નો વિકલ્પે **'લોપ'** થાય છે **पटत्+पटत्+इति=पटत्पटेति करोति, पटत्पटदिति करोति** = પટપટ એવો અવાજ કરે છે.

डाच्यादौ ॥ ७–२–१४९ ॥

અવ્યક્ત અનુકરણવાળા અને અત્ શબ્દ છે અન્તે જેને એવા શબ્દને ડાચ્ પ્રત્યયના યોગે દ્વિર્ભાવ થયા પછી પ્રથમના અનુકરણરૂપ શબ્દના આદિના ત્ નો **'લોપ'** થાય છે. **पटत् पटत् करोति पटपटाकरोति** = પટપટ અવાજ કરે છે.

बहुल्यार्थात् कारकादिष्टा–ऽनिष्टे शस् ॥ ७–२–१५० ॥

કારકવાચક બહુ અર્થક શબ્દને ઈષ્ટ અર્થવાળા શબ્દની સાથે સંબંધ જણાતો હોય, તથા અલ્પ અર્થક શબ્દને અનિષ્ટ અર્થવાળા શબ્દની સાથે સંબંધ જણાતો હોય તો '**शस्**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **इष्टम् – प्राशित्रादि** – જમનારા વગેરે ઈષ્ટ. **ग्रामे बहवः, बहुशः वा ददाति. ग्रामे भूरयः, भूरिशः वा ददाति** = જમનારાઓને ગામમાં ઘણાલોકો ભોજન દે છે. **अनिष्टम् – श्राद्धादि** – શ્રાદ્ધ વગેરે અનિષ્ટ **अल्पम्, अल्पशः वा धनं दत्ते श्राद्धे. स्तोकम्, स्तोकशः वा धनं दत्ते श्राद्धे** = શ્રાદ્ધમાં થોડું ધન દે છે.

संख्यैकार्थाद् वीप्सायां शस् ॥ ७–२–१५१ ॥

કારકવાચક એવા સંખ્યા સૂચક શબ્દોને, તથા એકાર્થક સૂચક એવા પરિમાણવાચક શબ્દને '**शस्**' પ્રત્યય લાગે છે. જો વીપ્સા અર્થ હોય તો, અર્થાત્ એકની એક ક્રિયા વારંવાર કરાતી જણાય તો. **एकैकम्, एकशः वा दत्ते** = એક પછી એકને – દરેકને આપે છે. **मापं मापम्, मापशः वा देहि** = સર્વને એક એક માપ દો.

संख्यादेः पादादिभ्यो दाने–दण्डे चाऽकल् लुक् च ॥ ७–२–१५२ ॥

સંખ્યાવાચક શબ્દથી પર પાદ વગેરે શબ્દો આવેલ હોય, તો દાન, દંડ અને વીપ્સા અર્થમાં '**अकल्**' પ્રત્યય લાગે છે. અને તેના યોગે મૂળ શબ્દના અંતનો '**लोप**' થાય છે. **द्वौ द्वौ पादौ दत्ते** = **द्वि + पाद + अकल् = द्विपदिकां दत्ते** = બબ્બે પા પા ભાગ દાન આપે છે. **द्वौ द्वौ पादौ दण्डितः = द्विपदिकां दत्ते** = માણસ બે પા ભાગમાં દંડાયેલો – માણસ બે પા ભાગ દંડમાં આપે

છે. **द्विपदिकां भुंक्ते वा** = બે ભાગ વારંવાર આય છે. **पक्षम्** – **द्वि + शत + अकल्** = **द्विशतिकां दत्ते** = બસો રૂપીયા દાનમાં આપે છે અથવા બસો રૂપીયા દંડ આપે છે, **द्विशतिकां गणयति** = બસો બસો રૂપીયા ગણ્યા કરે છે.

तीयाट्टीकण् न विद्या चेत् ॥ ७–२–१५३ ॥

તીય પ્રત્યયાન્ત નામને, જો વિદ્યાનો સંબંધ ન હોય તો સ્વાર્થમાં ' **टीकण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **द्वितीय + टीकण्** = **द्वैतीयीकम्** , **द्वितीयम्** = બીજું.

निष्फले तिलात् षिञ्–पेजौ ॥ ७–२–१५४ ॥

નિષ્ફલ તલ અર્થમાં, તિલ શબ્દને ' **षिञ्** ' અને ' **पेज** ' પ્રત્યય લાગે છે. **निष्फलः तिलः=तिलषिञ्जः**, **तिलपेजः**=નકામાં તલ.

प्रायोऽतोर्द्वयसट्–मात्रट् ॥ ७–२–१५५ ॥

મતુ પ્રત્યયાન્ત નામને, સ્વાર્થમાં પ્રાયઃ કરીને – પ્રયોગાનુસાર ' **द्वयसट्** ' અને ' **मात्रट्** ' પ્રત્યય લાગે છે. **यावत् + द्वयसट्**= **यावद्वयसम्** , **यावन्मात्रम्** = જેટલું.

वर्णा–ऽव्ययात् स्वरूपे कारः ॥ ७–२–१५६ ॥

વર્ણવાચક – અ વગેરે શબ્દને તથા અવ્યયને સ્વરૂપ અર્થમાં ' **कार** ' પ્રત્યય લાગે છે. **अ + कार** = **अकारः** = અવર્ણ, **ओम्** + **कार** = **ॐकारः** = ૐકાર.

रादेफः ॥ ७–२–१५७ ॥

વર્ણવાચક ર શબ્દને પ્રાયઃ ' **एफ** ' પ્રત્યય લાગે છે **र** + **एफ** = **रेफः**, **र** + **कार** = **रकारः** = ર વર્ણ.

नाम-रूप-भागाद् धेयः ॥ ७–२–१५८ ॥

નામ, રૂપ અને ભાગ શબ્દને, સ્વાર્થમાં 'धेय' પ્રત્યય લાગે છે. **नाम + धेय = नामधेयम्** = નામ, **रूपधेयम्** = રૂપ, **भाग-धेयम्** = ભાગ – અંશ.

मर्तादिभ्यो यः ॥ ७–२–१५९ ॥

મર્ત્ય વગેરે શબ્દને, સ્વાર્થમાં 'य' પ્રત્યય લાગે છે. **मर्त एव = मर्त + य = मर्त्यः** = મનુષ્ય, ધણીને સૂચવતો માટી કે માટીડો. **सूर एव = सूर्यः** = સૂર્ય.

नवादीन-तन-त्नं च नू चास्य ॥ ७–२–१६० ॥

નવ શબ્દને, સ્વાર્થમાં 'ईन, तन, त्न' અને 'य' પ્રત્યય વિકલ્પે લાગે છે, અને તેના યોગમાં નવ શબ્દનો नू આદેશ થાય છે. **नवम् एव = नव + ईन = नू + ईन = नव् + ईन = नवीनम्, नव + तन = नूतनम्, नव + त्न = नूत्नम्, नव + य=नव्यम्** = નવું. **પક્ષે – नवम्** = નવું.

प्रात पुराणे नश्च ॥ ७–२–१६१ ॥

પુરાણુ – જુનું અર્થવાળા प्र શબ્દને 'न, ईन, तन, અને 'त्न' પ્રત્યય લાગે છે. **प्र + न = प्रणम्, प्र + ईन = प्रीणम्, प्र + तन = प्रतनम्, प्र + त्न=प्रत्नम् = पुराणम्** = પુરાણુ–જુનું. "**अवर्ण०** [७–४–६८]" એ સૂત્રથી અ વર્ણાન્ત અને ई વર્ણાન્ત નામના અંતનો તદ્ધિત પ્રત્યય પર છતાં લોપ થાય છે. જેથી **प्रीणम्** પ્રયોગ થયો "**नाम०** [१–१–२१]" એ સૂત્રથી જો પદ સંજ્ઞા થયેલ હોય તો લોપ ન થાય.

देवात् तल् ॥ ७–२–१६२ ॥

દેવ શબ્દને, સ્વાર્થમાં ' **तल्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **देव** + **तल्** = **देवता** = દેવ કે દેવી.

होत्राया ईयः ॥ ७–२–१६३ ॥

હોત્રા શબ્દને, સ્વાર્થમાં વિકલ્પે ' **ईय** ' પ્રત્યય લાગે છે. **होत्रा एव** = **होत्रा** + **ईय** = **होत्रीयम्** . **होत्रा** = વેદની ઋચા

भेषजादिभ्यः ष्यण् ॥ ७–२–१६४ ॥

ભેષજ વગેરે શબ્દને, સ્વાર્થમાં ' **ष्यण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **भेषजम् एव** = **भेषज** + **ष्यण्** **भैषज्यम्, भेषजम्** =ઔષધ-દવા, **आनन्तम् एव** = **आनन्त्यम्** , **आनन्तम्** = અનંત.

प्रज्ञादिभ्योऽण् ॥ ७–२–१६५ ॥

પ્રજ્ઞ વગેરે શબ્દને, સ્વાર્થમાં ' **अण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **प्रज्ञ एव** = **प्रज्ञ** + **अण्** = **प्राज्ञः**, **प्रज्ञः** = વિદ્વાન્ , **वणिज एव** = **वाणिजः**, **वणिजः** = વાણિયો, વણિક

श्रोत्रौषधि–कृष्णाच्छरीर–भषज–मृगे ॥ ७–२–१६६ ॥

શ્રોત્ર, ઔષધિ અને કૃષ્ણ શબ્દને, શરીર, દવા – ઔષધ અને મૃગ – હરણ અર્થમાં ' **अण्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **श्रोत्रम् एव** = **श्रौत्रम्** – **वयुः** = શરીર, **ओषधिः एव** = **औषधम्** – **भेषजम्** = દવા, **कृष्णः एव** = **कार्ष्णः** – **मृग** = હરણ. **पक्षे** – **श्रोत्रम्**=કાન, **ओषधिः**=ડાંગર, જવ વગેરે અનાજ, **कृष्णः**=કાળું

कर्मणः सन्दिष्टो ॥ ७–२–१६७ ॥

કર્મન્ શબ્દને, સન્દિષ્ટ અર્થમાં 'અણ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **कर्म एव = कर्मन् + अण् = कार्मणम् करोति** = સંદિષ્ટ કાર્ય કરે છે. **कर्मन् = कर्म** = કર્મ, ક્રિયા, સંદિષ્ટ = કોઈ માણસ બીજા માણસ દ્વારા સામા માણસને સંદેશો મોકલાવે તે.

वाच इकण् ॥ ७–२–१६८ ॥

વાચ્ શબ્દને, સંદિષ્ટ અર્થમાં 'ઇકણ્' પ્રત્યય નિત્ય લાગે છે. **वाग् एव = वाच् + इकण् = वाचिकम् वक्ति** = સંદેશાને કહે છે.

विनयादिभ्यः ॥ ७–२–१६९ ॥

વિનય વગેરે શબ્દને, સ્વાર્થમાં 'ઇકણ્' પ્રત્યય વિકલ્પે લાગે છે. **विनयः एव = विनय + इकण् = वैनयिकम्, विनयः** = વિનય, **समयः एव = सामयिकम्, समयः** = સમય.

उपायाद् ह्रस्वश्च ॥ ७–२–१७० ॥

ઉપાય શબ્દને, સ્વાર્થમાં 'ઇકણ્' પ્રત્યય વિકલ્પે લાગે છે અને તેના યોગમાં ઉપાયના પા નો 'હ્રસ્વ' (પ) થાય છે. **उपायः एव = उपाय + इकण् = औपयिकम्, उपायः** = ઉપાય.

मृदस्तिकः ॥ ७–२–१७१ ॥

મૃદ્ શબ્દને, સ્વાર્થમાં 'તિક' પ્રત્યય વિકલ્પે લાગે છે. **मृद् एव = मृद् + तक + आ = मृत्तिका, मृत्** = માટી.

स-स्नौ प्रशस्ते ॥ ७–२–१७२ ॥

मृत् શબ્દને, પ્રશસ્ત માટી અર્થમાં 'स' અને 'स्न' પ્રત્યય વિકલ્પે લાગે છે. प्रशस्ता मृत् = मृत् + स + आ = मृत्सा. मृत् + स्ना = मृत्स्ना = સારી માટી.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
सप्तमोऽध्यायस्य द्वितीयपादः ॥

[तृतीयपादः]

प्रकृते मयट् ॥ ७–३–१ ॥

પ્રકૃત – ઘણું કરેલુ અથવા મુખ્યપણે કરેલું અર્થમાં, કોઈપણ નામને, સ્વાર્થમાં ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **प्रचूरं प्रधानं वा अन्नम् = अन्न + मयट् = अन्नमयम्** = ઘણું અન્ન, મુખ્યપણે અન્ન, **प्रचूरा प्रधाना वा पूजा = पूजामयम्** = ઘણી પૂજા, મુખ્યપણે પૂજા.

अस्मिन् ॥ ७–३–२ ॥

અસ્મિન્ અર્થમાં, પ્રકૃત અર્થક નામને ' **मयट्** ' પ્રત્યય લાગે છે. **प्रचूरा प्रधाना वा अपूपा अस्मिन् = अपूप + मयट् = अपूपमयं पर्व** = જે પર્વમાં ખુબ અથવા મુખ્યપણે પૂડલા આવતા હોય તે પર્વ.

तयोः समूहवच्च बहुषु ॥ ७–३–३ ॥

પ્રકૃત અર્થમાં તથા અસ્મિન્ અર્થમાં, બહુ સંખ્યાવાળા નામને ' **समूहनी माफक** ' પ્રત્યય અને ' **मयट्** ' પ્રત્યય પણ લાગે છે. **अपूपाः प्रकृताः = आपूपिकम्, अपूपमयम् – अपूपाः तत्पर्व वा** = ઘણા પૂડલા અથવા મુખ્ય પણે પૂડલાજ પુડલા એવું પર્વ. **अपूपाः प्रकृताः अस्मिन् = अपूप + इकण् = आपूपिकम्, अपूप + मयट् = अपूपमयम् – अपूपाः तत्पर्व वा** = ઘણા પૂડલાવાળું અથવા મુખ્યપણે પૂડલાવાળું પર્વ. **समूहवच्च** એટલે " **षष्ठ्याः समूहे** [६–२–९] " એ સત્રથી " **पुरुषात्०** [६–२–२९] " એ સૂત્ર સુધી સમૂહ અર્થવાળા પ્રત્યયો જણાવેલ છે.

निन्द्ये पाशप् ॥ ७–३–४ ॥

નિંદાના અર્થમાં, નામને સ્વાર્થમાં ' **पाशप्** ' પ્રત્યય લાગે છે. **निन्द्यः छान्दसः = छान्दस + पाशप् = छान्दसपाशः** = નિન્દ્ય વેદાભ્યાસી.

प्रकृष्टे तमप् ॥ ७–३–५ ॥

પ્રકૃષ્ટ અર્થમાં, નામને સ્વાર્થમાં ' **तमप्** ' પ્રત્યય લાગે છે. **अतिशयेन शुक्लः = शुक्ल + तमप् = शुक्लतमः** = અતિશય શ્વેત, **अतिशयेन कारकः = कारकतमः** = અતિશય કારક.

द्वयोर्विभज्ये च तरप् ॥ ७–३–६ ॥

બે પ્રકૃષ્ટમાંથી એક પ્રકૃષ્ટને જુદો તારવવાનો હોય ત્યાં અથવા એની સરખામણીમાં એકને અલગ બતાવવો હોય ત્યાં નામને '**तरप्**' પ્રત્યય લાગે છે. **प्रकृष्टे–इमे पटू, इयम् अनयोः प्रकृष्टा पटु = पटु + तरप् + आ=पटुतरा स्त्री** = એ બે સ્ત્રીઓ ચતુર છે તેમાં આ સ્ત્રી વિશેષ ચતુર છે. **विभाज्ये – सांकाश्यकेभ्यः पाटलिपुत्रकाः आढ्यतराः** = સાંકાશ્યના – શિયાલકોટના લોકોથી પાટલિપુત્રના – પટણાના લોકો વધારે સમૃદ્ધ છે.

क्वचित् स्वार्थे ॥ ७–३–७ ॥

પ્રયોગ અનુસાર સ્વાર્થમાં ' **तरप्** ' પ્રત્યય લાગે છે. **अभिन्नम् एव = अभिन्न + तरप् = अभिन्नतरकम्** = એકરૂપપણાને પામેલ– એક હૃદય. **उच्चैः एव = उच्चैस्तराम्** = વધારે ઉંચું.

किं–त्याद्येऽव्ययादसत्त्वे तयोरन्तस्था–ऽऽम् ॥ ७–३–८ ॥

અદ્રવ્યવાચક એવા કિમ્ શબ્દ, તિ, તસ્ અન્તિ વગેરે પ્રત્યયવાળા ક્રિયાપદ, એકારાન્ત નામ તથા અવ્યયને લાગેલ તરપ્ અને તમપ્ પ્રત્યયને અન્તે ' **આમ્** ' લાગે છે. **किम् +तरप्+आम्=किन्तराम** =વધારે શું ! **किम् + तमप् + आम् = किन्तमाम्** = વિશેષ વધારે શું, **प्रचलितराम्** = આ બે જણમાં તે વધારે રાંધે છે, **प्रचलितमाम्** = એ બે જણમાં તે વિશેષ વધારે રાંધે છે. **पूर्वाह्णेतराम्, पूर्वाह्णेतमाम् भुङ्क्ते** = દિવસના પૂર્વભાગમાં ખાય છે, **अतितराम्,** અતિ ઘણું, **अतितमाम्** = વિશેષ અતિઘણું.

गुणाङ्गाद् येष्ठेयसू ॥ ७–३–९ ॥

તમપ્ અને તરપ્ પ્રત્યયના વિષયમાં, ગુણવાચક નામને, અનુક્રમે ' ઇષ્ઠ ' અને ' ઇયસ્ ' પ્રત્યય વિકલ્પે લાગે છે **अयमेषामतिशयेन पटुः = पटु + इष्ठ = पटिष्ठः, पटुतमः** = બધામાં આ હોંશિયાર છે. **अयम् अनयोः प्रकृष्टः गुरुः = गुरु + ईयस् गुरुतरः** = આ બેમાં આ ગૌરવવાળો છે.

त्यादेश्च प्रशस्ते रूपप् ॥ ७–३–१० ॥

તિ, તસ્ અને અન્તિ પ્રત્યયવાળા ક્રિયાપદને તથા નામને, પ્રશસ્ત અર્થમાં ' રૂપ ' પ્રત્યય લાગે છે. **प्रशस्तं पचति = पचति + रूपम् = पचतिरूपम्** = તે સારું રાંધે છે. **प्रशस्तं पचतः = पचतोरूपम्** = તે બે સારું રાંધે છે. **प्रशस्तं पचन्ति = पचन्तिरूपम्** = તેઓ સારુ રાંધે છે. **प्रशस्तो दस्युः = दस्युरूपः** = સારો શત્રુ.

अतमबादेरीषदसमाप्ते कल्पप्-देश्यप्-दशीयर् ॥ ७–३–११ ॥

થોડું અધૂરું એવા અર્થમાં, તમપ્ અને તરપ્ પ્રત્યય વગરના ત્યાદિ ક્રિયાપદને તથા નામને ' કલ્પપ્, દેશ્યપ્ ' અને ' દેશીયર્ ' પ્રત્યય લાગે છે. **ઇષદ્ અપરિસમાપ્તમ્ પચતિ = પચતિ + કલ્પપ્ = પચતિકલ્પમ્, પચતિ + દેશ્યપ્ = પચતિદેશ્યમ્, પચતિ + દેશીયર્ = પચતિદેશીયમ્** = તે થોડું અધૂરું રાંધે છે – તે રાંધવા જેવું કરે છે. **ઇષદ્ અસમાપ્તા પટુ = પટુકલ્પા, પટુદેશ્યા, પટુદેશીયા** = થોડી અધુરી હોંશિયાર.

नाम्नः प्राग् बहुर्वा ॥ ७–३–१२ ॥

થોડું અધૂરું એવા અર્થમાં, નામની પહેલા ' બહુ ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **ઇષદ્ અસમાપ્તઃ પટુઃ = બહુ + પટુ = બહુપટુઃ, પટુકલ્પઃ** = થોડો અધુરો હોંશિયાર – હોંશિયાર જેવો.

न तमबादिः कपोऽच्छिन्नादिभ्यः ॥ ७–३–१३ ॥

છિન્ન વગેરે શબ્દ વર્જિત અન્ય શબ્દને ' કપ્ ' પ્રત્યય લાગે છે અને તેના યોગે તમપ્ અને તરપ્ પ્રત્યયો લાગતાં નથી. **અયમ્ એષામ્, અનયોઃ વા પ્રકૃષ્ટઃ પટુઃ = પટુ + કપ્ = પટુકઃ** = બધામાં કે આ બેમાં ખુબ હોંશિયાર છે.

अनत्यन्ते ॥ ७–३–१४ ॥

અત્યન્ત નહિ એવા અર્થમા, કપ્ પ્રત્યયાન્ત નામને તમપ્ અને તરપ્ પ્રત્યય લાગતાં નથી. **અનત્યન્તમ્ છિન્નમ્ = છિન્ન + કપ્ = છિન્નકમ્** = અત્યન્ત નહિ છેદાયેલ. **અનત્યન્તમ્ ભિન્નમ્ = ભિન્નકમ** = અત્યન્ત નહિ ભેદાયેલ. **પક્ષે – ઇદં એષામ્, અનયોઃ વા પ્રકૃષ્ટમ્ છિન્નમ્ ભિન્નમ્ વા = છિન્નકમ્, ભિન્નકમ્**=અત્યન્ત નહિ છેદાયેલ અથવા ભેદાયેલ અથવા અતિશય છેદાયેલ, ભેદાયેલ.

यावादिभ्यः कः ॥ ७–३–१५ ॥

યાવ વગેરે શબ્દને, સ્વાર્થમાં ' ક ' પ્રત્યય લાગે છે. **यावः एव = याव + क = यावकः** = લાખ, અળતો, કળથી, **मणिः एव = मणिकः** = મણિ, એક જાતનું વાસણ.

कुमारीक्रीडनेयसोः ॥ ७–३–१६ ॥

કુમારીના રમકડાં વાચક નામને તથા ઈયસ્ પ્રત્યયાન્ત નામને સ્વાર્થમાં ' ક ' પ્રત્યય લાગે છે. **कन्दुः एव = कन्दु + क = कन्दुकः** = કુમારીને રમવા માટે બનાવેલ વસ્ત્રનો દડો, **श्रेयान् एव = श्रेयस् + क = श्रेयस्कः** = કલ્યાણકારી.

लोहितान्मणौ ॥ ७–३–१७ ॥

મણિ અર્થમાં, લોહિત વગેરે શબ્દને, સ્વાર્થમાં ' ક ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **लोहित + क = लोहितकः मणिः, लोहितः मणिः** = લાલ રંગનો મણિ.

रक्ता–ऽनित्यवर्णयोः ॥ ७–३–१८ ॥

લાલ રંગથી રંગેલા અર્થવાળા અથવા જેનો રંગ સ્થાયી ન હોય એવા અર્થવાળા લોહિત શબ્દને ' ક ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **लोहितकः एव लोहित + कः = लोहितकः पटः** = લાખ વગેરેથી લાલ થયેલું વસ્ત્ર, **लोहितकम् अक्षिकोपेन** = ક્રોધથી લાલ થયેલી આંખ.

कालात् ॥ ७–३–१९ ॥

કાજળ વગેરેથી રંગેલા અર્થવાળા, તથા જેનો વર્ણ સ્થાયી

નથી એવા અર્થવાળા કાલ શબ્દને ' ક ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **कालः एव – काल + क = कालकः पटः** = કાળા રંગથી રંગેલું વસ્ત્ર, **कालकं मुखं शोकेन** = શોકથી કાળું થયેલું મુખ.

शीतोष्णादतौ ॥ ७–३–२० ॥

ઋતુવાચક શીત અને ઉષ્ણ શબ્દને ' ક ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **शीत + क = शीतकः ऋतुः** = શીયાળો, **उष्ण + क = उष्णकः ऋतुः** = ઉનાળો.

लून–वियतात् पशौ ॥ ७–३–२१ ॥

પશુ શબ્દ સાથે સંબંધ રહેતે છતે, લુન અને વિયત શબ્દને ' ક ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **लून एव = लून + क = लूनकः पशुः** = કપાયેલ – બાંડું કરેલ પશુ, **वियतः एव = वियतकः** = મારકણું પશુ.

स्नातात् वेदसमाप्तौ ॥ ७–३–२२ ॥

વેદની સમાપ્તિ અર્થમાં, સ્નાત શબ્દને ' ક ' પ્રત્યય લાગે છે. **वेद समाप्य स्नातः = स्नात + क = स्नातकः** = વેદાધ્યયન પછી સ્નાન કરેલ એક ગૃહસ્થ, વેદનો સ્નાતક, વેદનો પંડિત.

तनु–पुत्रा–ऽणु–बृहती–शून्यात् सूत्र–कृत्रिम–निपुणा–ऽऽच्छादन–रिक्ते ॥ ७–३–२३ ॥

તનુ, પુત્ર, અણુ, બૃહતી અને શૂન્ય શબ્દને, અનુક્રમે સૂત્ર, કૃત્રિમ, નિપુણ, આચ્છાદન અને રિક્ત અર્થમાં ' ક ' પ્રત્યય લાગે છે. **तनु सूत्रम् = तनु + क = तनुकम् – सूत्रम्** = સૂતર, કલ્પ-સૂત્ર વગેરે, **कृत्रिमः पुत्रः = पुत्रकः–कृत्रिमः** = પૂતળું, **निपुणः**

अणुः = अणुकः – निपूणः = નિપુણ, **आच्छादिका बृहती = बृहतिका – आच्छदनम्** = ઉત્તરસંગ, **रिक्तः शून्यः = शून्यकः– रिक्तः** = ખાલી, બુદ્ધિ વિનાનો.

भागेऽष्टमाद् अः ॥ ७–३–२४ ॥

સ્વાર્થમાં, ભાગ અર્થવાળા અષ્ટમ શબ્દને '**अ**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **अष्टमः एव = अष्टम + अ = आष्टमः भागः** = આઠમો ભાગ.

षष्ठात् ॥ ७–३–२५ ॥

સ્વાર્થમાં, ભાગ અર્થવાળા ષષ્ઠ શબ્દને '**अ**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **षष्ठः एव = षष्ठ + अ = षाष्ठः भागः** = છઠ્ઠો ભાગ.

माने कथ ॥ ७–३–२६ ॥

માપરૂપ ભાગ અર્થવાળા ષષ્ઠ શબ્દને '**क**' અને '**अ**' પ્રત્યય વિકલ્પે લાગે છે, **षष्ठ + क = षष्ठकः, षष्ठ + अ = षाष्ठः भागः मानं चेत्** = છઠ્ઠા ભાગનું માપ – ધાન્યનો છઠ્ઠો ભાગ.

एकादाकिन् चासहाये ॥ ७–३–२७ ॥

અસહાય અર્થવાળા, એક શબ્દને '**आकिन्**' અને '**क**' પ્રત્યય લાગે છે. **एकः एव = एक + आकिन् = एकाकी, एक + क = एककः** = કોઈના સહાય વગરનો – એકલો.

प्राग् नित्यात् कप् ॥ ७–३–२८ ॥

પ્રાગ્ નિત્ય - "**नित्यं० [७–३–५८]**:" એ સૂત્રથી પહેલાના સૂત્રોમાં જે જે અર્થો જણાવેલ છે તે તે અર્થોમાં '**कप्**' પ્રત્યય લાગે

छे. **कुत्सितः, अल्पः, अज्ञातः वा अश्वः = अश्व + कप् = अश्वकः** = निंदापात्र, नानो अथवा अज्ञाणेलो घोडो.

त्यादि–सर्वादेः स्वरेष्वन्त्यात् पूर्वोऽक् ॥ ७–३–२९ ॥

प्राग् नित्य अर्थमां, त्यादि प्रत्ययान्त क्रियापदना तथा सर्वादि शब्दना अन्त्य स्वरनी पूर्व, '**अक्**' प्रत्यय लागे छे. **कुत्सितम्, अल्पम, अज्ञातम् वा पचति=पचत्+अक्+इ= पचतकि** = ते खराब, थोडुं अथवा अज्ञाणयुं रांधे छे. **कुत्सिते, अल्पे, अज्ञाते वा सर्वे = सर्व् + अक् + ए = सर्वके** = बधा निंदनीय, बधा अल्प अथवा बधा अज्ञाणया. **कुत्सिते, अल्पे, अज्ञाते वा विश्वे = विश्व् + अक्+ए=विश्वके**=बधा निंदनीय, अल्प अथवा अज्ञाणया.

युष्मदस्मदोऽसोभादिस्यादेः ॥ ७–३–३० ॥

सकारादि, ओकारादि अने भकारादि स्यादि विभक्तिथी अन्य स्यादि विभक्तिवाळा युष्मद् अने अस्मद् शब्दना अन्त्य स्वरनी पहेला '**अक्**' प्रत्यय लागे छे. **युष्मद् + टा = त्वया = त्वय् + अक् + आ = त्वयका** = तारा वडे. **अस्मद् + टा = मया = मय् + अक् + आ = मयका** = मारा वडे.

अव्ययस्य को द् च ॥ ७–३–३१ ॥

"**नित्य० [७–३–५८]**" ए सूत्रनी पहेला जे अर्थो कहेल छे ते अर्थ जणाता होय तो अव्ययना अन्त्य स्वरनी पहेला '**अक्**' प्रत्यय थाय छे. अने अव्ययना अन्ते आगेल द नो 'द्' आदेश थाय छे **कुत्सिदि अर्थे – उच्चैस् = उच्च् + अक् + एस् = उच्चकैः** = निंदनीय ऊंचु, अल्प ऊंचु अथवा अज्ञात ऊंचु, **धिक्**

= **धि + अक् + इद् = धिकद्** = નિંદનીય, અલ્પ અથવા અજ્ઞાત વાળો ધિક્કાર.

तूष्णीकाम् ॥ ७–३–३२ ॥

પ્રાગ્ નિત્ય અર્થ જણાતે છતે, તૂષ્ણીમ્ શબ્દની પહેલા **'का'** આગમ થાય છે. **कुत्सितं – तुष्णीम् = तूष्णी + का + म् = तूष्णीकाम् आस्ते** = કુત્સિત રીતે, અલ્પ રીતે અથવા અજ્ઞાત રીતે મૌન બેસે છે.

कुत्सिता–ऽल्पा–ऽज्ञाते ॥ ७–३–३३ ॥

કુત્સિત, અલ્પ અને અજ્ઞાત એવા વિશેષણરૂપ અર્થવાળા નામને, ક્રિયાપદને તથા અવ્યયને યથાયોગ – જે રીતે જણાવેલ છે તે રીતે **'कप्'** વગેરે પ્રત્યયો લાગે છે **कुत्सितः अश्वः = अश्व + कप् = अश्वकः** = ખરાબ ઘોડો, **अल्पं पचति = पचत् + अक् + इ = पचतकि** = તે થોડું રાંધે છે, **अज्ञातम् उच्चैः = उच्चैस् = उच्च् + अक् + ऐस = उच्चकैः** = અજાણ્યું એવું ઉંચુ. આ ત્રણે દૃષ્ટાન્તમાં કુત્સિત, અલ્પ અને અજ્ઞાત અર્થ સમજવાનો છે. જેમકે નિંદનીય, નાનો અથવા અક્ષાત ઘોડો એ રીતે બધામાં સમજવું.

अनुकम्पा–तद्युक्तनीत्योः ॥ ७–३–३४ ॥

અનુકંપા જણાતી હોય તથા અનુકંપાયુક્ત નીતિ–રીત જણાતી હોય તો નામને, ક્રિયાપદને અને અવ્યયને, જે રીતે જણાવેલ છે તે રીતે **'कप्'** વગેરે પ્રત્યય લાગે છે. **अनुकम्पनीयः पुत्रः = पुत्र + कप् = पुत्रकः** = જેના ઉપર કરૂણા આવે એવો પુત્ર. **स्वप्+ सि = स्वपिषि = स्वपिष् + अक् + इ = स्वपिषकि** = તું સુવે છે. **पहि = पह् + अक् + इ = पहकि** = તું આવ. **उत्सङ्ग** =

उत्सङ्गे + अक् + प = उत्सङ्गके उपविश = ખોળામાં બેસ, **कर्दमेन – कर्दम् + अक् + पन = कर्दमकेन, असि [दिग्ध + क] दिग्धकः** = તું કાદવથી ખરડાયેલ છે. **हे पुत्रक ! स्वपिषकि, एहकि, उत्सङ्गके उपविश, कर्दमकेन असि दिग्धकः** = હે પુત્રક ! તું સુવે છે, આવ ખોળામાં બેસ, તું કાદવથી ખરડાયેલ છું. આ વાક્યો પુત્ર તરફ અનુકંપાયુક્ત રીત જણાવે છે.

अजातेर्नृनाम्नो बहुस्वरादियेकेलं वा ॥ ७–३–३५ ॥

અનુકંપા અર્થમાં, બહુસ્વરવાળા એવા જાતિભિન્ન મનુષ્યવાચક નામને 'ઇય, ઇક' અને 'ઇલ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **अनुकम्पितः देवदत्तः = देव + इय = देविय: = देव + इक = देविकः = देव + इल = देविलः** = દેવ, **देवदत्त + क = देवदत्तकः** = દેવદત્ત. લોકભાષામાં દેવકો કે દેવલો. દેવદત્તના નામનું ટુંકું રૂપ દેવ શબ્દ જણાવેલ છે.

वोषादेरडाऽकौ च ॥ ७–३–३६ ॥

અનુકમ્પા અર્થમાં, ઉપ શબ્દ પૂર્વમાં છે જેને એવા જાતિભિન્ન બહુસ્વરવાળા મનુષ્યવાચક નામને 'અડ, અક, ઇય, ઇલ, અને 'ઇક' પ્રત્યય વિકલ્પે લાગે છે. **अनुकम्पितः उपेन्द्रदत्तः = उप +अड= उपडः = उप + अक = उपकः, उप + इय = उपियः, उप + इक = उपिकः, उप + इल = उपिलः, उपडः उपकः, उपियः, उपिकः, उपिलः,** આ બધા ઉપેન્દ્રદત્ત એવા વિશેષ નામનું ટુંકું રૂપ છે. **पक्षे = उपेन्द्रदत्त + क = उपेन्द्रदत्तकः** = વિશેષ નામ.

ऋवर्णोवर्णात् स्वरादेरादेर्लुक् प्रकृत्या च ॥ ७–३–३७ ॥

ઋવર્ણાન્ત અને ઉવર્ણાન્ત નામથી પર, અનુકમ્પા અર્થમાં

વિધાન કરાયેલા સ્વરાદિ પ્રત્યયોના આદિ સ્વરનો '**લોપ**' થતાં મૂળ પ્રકૃત્તિ – મૂળ શબ્દ એમને એમ જ રહે છે. **अनुकम्पितः मातृदत्तः = मातृ + इय = मातृ + य = मातृय, मातृ + इक = मातृ + क = मातृकः, मातृ + इल = मातृ + ल = मातृलः** = માતૃદત્તનું ટુંકું રૂપ **अनुकम्पितः वायुदत्तः = वायुयः, वायुकः, वायुलः** = વાયુદત્તનું ટુંકું રૂપ "**ते लुग् वा [३-२-१०८]**" એ સૂત્રથી પૂર્વપદનો લોપ થાય છે.

लुक्युत्तरपदस्य कपून् ॥ ७-३-३८ ॥

અનુકમ્પા અર્થમાં, પુરૂષવાચક નામના ઉત્તરપદનો લોપ થયા પછી '**कपून्**' પ્રત્યય લાગે છે. **अनुकम्पितः देवदत्तः = देवी + कपून्=देविका**=દેવદત્તાનું ટુંકું રૂપ "**ते लुग् वा [३-२-१०८]**" એ સૂત્રથી દેવદત્તા શબ્દના ઉત્તરપદ દત્તાનો લોપ થતાં **देवी** થયો, પછી કપૂન્ પ્રત્યયમાં ન્ અનુબંધવાળો ક પ્રત્યય લાગે છે, જેથી "**इच्चा० [२-४-१०७]**" એ સૂત્રથી **देविका** રૂપ બને. તથા **वृत्तिका** આ રૂપમાં દેવદત્તા શબ્દનો પૂર્વપદ દેવ શબ્દનો લોપ થયો છે, પણ ઉત્તરપદનો લોપ નથી થયો, જેથી આ સૂત્ર ન લાગે.

लुक् चाऽजिनान्तात् ॥ ७-३-३९ ॥

અનુકમ્પા અર્થમાં, અજિન શબ્દ છે અન્તે જેને એવા પુરૂષ વાચક નામને '**कपून्**' પ્રત્યય લાગે છે. અને ઉત્તરપદનો '**लोप**' થાય છે. **अनुकम्पितः व्याघ्राजिनः, व्याघ्रमहाजिनः = व्याघ्र + कपून् = व्याघ्रकः** = પુરૂષનું નામ.

षड्वर्जैकस्वरपूर्वपदस्य स्वरे ॥ ७-३-४० ॥

અનુકમ્પા અર્થમાં, ષડ્ શબ્દ વર્જિત એક સ્વરવાળું પૂર્વપદ વાળા નામના ઉત્તરપદનો, સ્વરાદિ પ્રત્યય લાગતા '**लोप**' થાય છે.

अनुकम्पितः वागाशीः = वाच् + इय = वाचियः = વિશેષ નામ

द्वितीयात् स्वरादूर्ध्वम् ॥ ७–३–४१ ॥

અનુકમ્પા અર્થમાં, સ્વરાદિ પ્રત્યય પર છતાં, મૂળનામના બીજા સ્વરથી આવેલ શબ્દનો ' **लो।प** ' થાય છે. **अनुकम्पितः देवदत्तः = देव् + अदत्त + इय = देव् + इय = देविय**ः = દેવદત્તનું ટુંકું રૂપ

सन्ध्यक्षरात्तेन ॥ ७–३–४२ ॥

અનુકમ્પા અર્થમાં, સ્વરાદિ પ્રત્યયો પર છતાં, મૂળનામના બીજા સન્ધ્યક્ષર પછી આવેલ શબ્દરૂપ ભાગનો સન્ધ્યક્ષર સહિત ' **लो।प** ' થાય છે. **अनुकम्पितः कुबेरदत्तः = कुव् + एरदत्त + इय = कुव् + इय = कुबिय**ः = કુબેરદત્તનું ટુંકું રૂપ. **अनुकम्पितः कुहोद = कुह् + ओड + इय = कुहिय**ः = વિશેષ નામ. **अनुकम्पितः कपोतरोमा = कप् + इय = कपिय**ः = નામ.

शेवलाद्यादेस्तृतीयात् ॥ ७–३–४३ ॥

અનુકમ્પ અર્થમાં, સ્વરાદિ પ્રત્યય પર છતાં, શેવલ વગેરે શબ્દ છે પૂર્વપદમાં જેને, એવા મનુષ્ય વાચક નામના ત્રિજા સ્વરથી પર રહેલ અંશનો, સ્વર સહિતનો ' **लो।प** ' થાય છે. **अनुकम्पितः शेवलदत्तः =शेवल् + अदत्त + इय = शेवल् + इय = शेवलिय**ः = શેવલદત્તનું ટુંકું રૂપ, **अनुकम्पितः सुपरिदत्तः = सुपर् + इदत् + इय = सुपर् + इय = सुपरिय**ः = સુપરદત્તનું ટુંકું રૂપ.

क्वचित् तुर्यात् ॥ ७–३–४४ ॥

અનુકમ્પા અર્થમાં, સ્વાદિ પ્રત્યય પર છતાં, પ્રયોગાનુસાર ચોથા સ્વરથી પર રહેલ શબ્દરૂપ અંશનો, ચોથા સ્વર સહિત ક્વચિત્ '**लो।प**' થાય છે. **अनुकम्पितः बृहस्पतिदत्तः = बृहस्पत् + इदत्त + इय = बृहस्पतिय**ः = વિશેષ નામ.

पूर्वपदस्य वा ७–३–४५ ॥

અનુકમ્પા અર્થમાં, સ્વરાદિ પ્રત્યય પર છતાં, નામના પૂર્વપદનો વિકલ્પે '**ह्रे।प**' થાય છે. **अनुकम्पितः देवदत्तः = देवदत्त + इय = दत्त + इय = दत्तियः** = દેવદત્તનુ દુઃખ ૩૫, **देव + इय = देविय:** = દેવદત્તનું દુઃખ ૩૫.

ह्रस्वे ॥ ७–३–४६ ॥

હ્રસ્વ અર્થમાં શબ્દને, ક્રિયાપદને અને અવ્યયને જે રીતે જણાવેલ છે તે રીતે '**कप्**' વગેરે પ્રત્યયો લાગે છે. **ह्रस्वः पटः = पट + क = पटकः** = નાનું વસ્ત્ર, **ह्रस्वं पचति = पचत् + अक् + इ = पचतकि** = થોડું રાંધે છે.

कुटी–शुण्डाद् रः ॥ ७–३–४७ ॥

હ્રસ્વ અર્થમાં, કુટી અને શુણ્ડ શબ્દને '**र**' પ્રત્યય લાગે છે. **ह्रस्वा कुटी = कुटी + र = कुटीरः** = નાની કોટડી – ઝુંપડી. **ह्रस्वा शुण्डा=शुण्डारः**=નાની સૂંઢ, નાનો હાથી, થોડો દારૂ, કલાલ.

शम्या रु–रौ ॥ ७–३–४८ ॥

હ્રસ્વ અર્થમાં, શમી શબ્દને '**रु**' અને '**र**' પ્રત્યય લાગે છે. **ह्रस्वा शमी = शमी + रु = शमीरुः, शमी + र = शमीरः** = નાની ખીજડી.

कृत्वा डुपः ॥ ७–३–४९ ॥

હ્રસ્વ અર્થમાં, કૃનુ શબ્દને '**डु प**' પ્રત્યય લાગે છે. **ह्रस्वा**

कुतुः=कुतु+डप=कुतुपः=તેલની નાની કુડલી, ચામડાનો નાનો કુંપો.

कासू–गोणीभ्यां तरट् ॥ ७–३–५० ॥

હ્રસ્વ અર્થમાં, કાસૂ અને ગોણી શબ્દને '**तरट्**' પ્રત્યય લાગે છે. **ह्रस्वा कासूः = कासू + तरट् = कासूतरी** = નાની બરછી, નાનો ભાલો. **ह्रस्वा · गोणी = गोणी + तरट् = गोणीतरी** = અનાજ ભરવાની નાની ગુણી.

वत्सोक्षा–ऽश्वर्षभाद् ह्रासे पित् ॥ ७–३–५१ ॥

હ્રાસ – ક્ષીણતા અર્થમાં, વત્સ, ઉક્ષ, અશ્વ અને ઋષભ શબ્દને પિત એવો '**तरट्**' પ્રત્યય લાગે છે. **ह्रसितः वत्सः = वत्स + तरट् = वत्सतरः** = નાનું વાછરડું, **ह्रसितः उक्षः = उक्षतरः** = નાનો બળદ, **ह्रसितः अश्वः = अश्वतरः** = અશ્વર, **ह्रसितः ऋषभः = ऋषभतरः** = મંદ શક્તિવાળો બળદ.

वैकाद् द्वयोर्निर्धार्ये डतरः ॥ ७–३–५२ ॥

જાતિ, ગુણ, સંજ્ઞા, ક્રિયા અને પદાર્થના સંબંધ વગેરે દ્વારા જેમાંથી એકનું નિર્ધારણ - જુદું કરવું હોય એવા અર્થમાં, શબ્દને વિકલ્પે '**डतर**' પ્રત્યય લાગે છે **एक + डतर = एकतरः, एक + क = एककः वा भवतोः कठः, पटुः, गन्ता, चैत्रः दण्डी वा** – તમારા બેમાંથ એક જણ કઠ છે, ચતુર છે, જનારો છે, ચૈત્ર છે, અથવા દંડધારી છે. કઠ એ જાતિ વાચક છે, પટુ ગુણવાચક છે ગન્તા – ક્રિયાવાચક છે, ચૈત્ર – સંજ્ઞાવાચક છે અથવા દંડી – દંડનો સંબંધ સૂચક છે. આ રીતે જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા અને પદાર્થના સંબંધથી બેમાંથી એકને જુદો પાડે છે.

यत्–तत्–किमन्यात् ॥ ७–३–५३ ॥

જાતિ આદિ દ્વારા બે માંથી એકનું જુદા પણું જણાવવું હોય તો યત્, તત્, કિમ્ અને અન્ય શબ્દને 'ડતર' પ્રત્યય લાગે છે. **यत् + डतर = यतरः = भवतोः कठादिः तत् + डतर = ततरः आगच्छेत** = તમારા બેમાંથી જાતિથી કઠ ગુણથી ચતુર, ક્રિયાથી કરનાર, નામથી અમુક નામવાળો, તથા અમુક પદાર્થના સંબંધવાળો હોય તે આવે. **एवम्** = એજ રીતે, **कतरः, अन्यतरः** = આ શબ્દોને પણ સમજવું.

बहूनां प्रश्ने डतमश्च वा ॥ ७–३–५४ ॥

જાતિ આદિ પૂર્વે જણાવેલ ઘણા વચ્ચેથી એકને જુદું કરવું હોય અને પ્રશ્ન અર્થ જણાતો હોય યત્, તત્, કિમ્ અને અન્ય શબ્દને 'ડતમ' અને 'ડતર' પ્રત્યય લાગે છે. **यत + डतम = यतमः, यत + डतर = यतरः, तत् + डतम = ततमः, तत् + डतर = ततरः = यतमो यतरो वा भवतां कठस्ततमो ततरो वा यातु** = તમારા ઘણામાંથી જે કઠ હોય તે જાઓ. **पक्षे – यकः, यः वा, सकः, स वा कठो भवतां** = તમારાથી જે કઠ હોય તે **एवम् = कतमः, कतरः, अन्यतमः अन्यतरः** = અહિં પણ જાતિ વગેરે દ્વારા નિર્ધારણ જુદા પાડવાપણું સમજવું.

वैकात् ॥ ७–३–५५ ॥

જાતિ આદિ દ્વારા ઘણામાંથી એકને જુદા પાડવું અર્થ હોય તો, એક શબ્દને 'ડતમ' પ્રત્યય વિકલ્પે લાગે છે **एक + डतम = एकतमः, एककः वा भवतां कठः** = તમારા બધામાંથી એક કઠ. અહિં પણ જાતિ, ગુણ, ક્રિયા નામ વગેરે દ્વારા જુદા પાડવાપણું સમજવાનું છે

क्तात् तमबादेश्चानत्यन्ते ॥ ७–३–५६ ॥

क्त प्रत्ययान्त नामने, तथा तमप् वगेरे प्रत्ययान्त अेवा क्त प्रत्ययवाळा नामने अनत्यंत अर्थमां 'कप्' प्रत्यय लागे छे. क्रियाना आश्रय साथे अत्यन्तपणे संबंध न होय पण थोडो थोडो संबंध होय ते अनत्यन्त कहेवाय छे. **अनत्यन्तं भिन्नम् = भिन्न + कप् = भिन्नकम्**=थोडुं थोडुं जुदुं, **अनत्यन्तं भिन्नतमम्**=**भिन्नतम +कप्=भिन्नतमकम् = थोडुं थोडुं जुदुं अनत्यन्तं भिन्नतरम् = भिन्नतर + कप् = भिन्नतरकम्** = थोडुं थोडुं जुदुं.

न सामिवचने ॥ ७–३–५७ ॥

क्त प्रत्ययान्त नामने, तथा तमप् वगेरे प्रत्ययान्त अेवा क्त प्रत्ययवाळा नामने, अनत्यन्त अर्थमां, सामि शब्द अथवा आमि समानार्थक अर्ध वगेरे शब्द उपपदमां होय तो 'कप्' प्रत्यय लागतो नथी. **सामि अनत्यन्तं भिन्नम्** = अत्यन्त नहिं पण अडधुं भेदायेलुं – जुदुं. **अर्धमनत्यन्तं भिन्नम्** = अडधुं जुदुं. **एवम् = अर्धभिन्नतरम्, अर्धभिन्नतमम्** = अडधुं जुदुं. **सामिभिन्नतरम्, सामिभिन्नतमम्** = अडधुं जुदुं.

नित्यं ञ–ञिनोऽण् ॥ ७–३–५८ ॥

ञ प्रत्ययान्त अने ञिन् प्रत्ययान्त नामने, स्वार्थमां 'अण्' प्रत्यय लागे छे. **व्यावक्रोश + ञ=व्यावक्रोशी+अण्=व्यावक्रोशी** = परस्पर आक्रोश, **सङ्कोट + ञिन् = सङ्कोटिन् + अण् = साङ्कोटिनम्** = आरेआवाथी कुटिलता. "**व्यतिहारे०** [५–३–११६]" अे सूत्रथी ञ प्रत्यय, "**अभिव्याप्तौ०** [६–३–९९]" अे सूत्रथी ञिन् प्रत्यय थाय छे.

विसारिणी मत्स्ये ॥ ७–३–५९ ॥

મત્સ્ય અર્થવાળા विसारिन् શબ્દને ' अण् ' પ્રત્યય લાગે છે. **विसारिन् + अण् = वैसारिणः मत्स्यः** = માછલું.

पूगादमुख्यकाञ्ञ्यो द्रिः ॥ ७–३–६० ॥

પૂગ અર્થમાં સમાવેશ પામેલ અર્થવાળા નામને, સ્વાર્થમાં 'ञ्य' પ્રત્યય લાગે છે. અને તે ' **द्रिसंज्ञक** ' થાય છે જો મુખ્ય અર્થમાં થયેલ क પ્રત્યયવાળું ન હોય તો. જે સંઘો ભિન્ન ભિન્ન જાતિના છે અને જેની આજીવિકા અનિયત છે એવા અર્થ પ્રધાન અને ક્રામ પ્રધાન છે તે ' પુગ ' કહેવાય છે. **लोहध्वज एव = लोहध्वज + ञ्य = लोहध्वज्यः, लोहध्वज्यौ, लोहध्वज्याः** = એવા રૂપો સમજવા " **सोऽस्य० [७–१–१९०]** " એ સૂત્રથી થયેલ 'क' પ્રત્યયાન્ત નામ ન લેવું. द्रि સંજ્ઞા થવાથી "**बहुषु० [६–१–१२४]**" એ સૂત્રથી સ્ત્રીલિંગ સિવાયના બહુવચનમાં ञ्य પ્રત્યયનો લોપ થયો છે.

व्रातादस्त्रियाम् ॥ ७–३–६१ ॥

અનેક જાતિવાળા, અનિયત આજિવિકાવાળા, શરીરના પરિશ્રમ દ્વારા જીવનારા એવા સંઘો તે વ્રાત કહેવાય. આવા વ્રાત અર્થમાંવાળા અસ્ત્રીલિંગી નામને, સ્વાર્થમાં ' **द्रि संज्ञक** ' એવો ' ञ्य ' પ્રત્યય લાગે છે. **कापोतपाक एव = कापोतपाक + ञ्य=कापोतपाक्यः**

शस्त्रजीविसङ्घाञ्ञ्यट् वा ॥ ७–३–६२ ॥

શસ્ત્રદ્વારા જીવનારાનો સંઘ એવા અર્થવાળા નામને, સ્વાર્થમાં ' ञ्यट् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. અને તે ' **द्रि संज्ञक** ' થાય છે. **शबराः शस्त्रजीविसंघाः=शबर+ञ्यट्=शाबर्यः, शबराः**=શસ્ત્રથી

જીવનારા શબર લોઢોનો સંઘ = વિશેષ પ્રકારની મ્લેચ્છ જાતિ. **पुलिन्दाः शस्त्रजीविसंघाः = पौलिन्द्यः, पुलिन्दाः** = વિશેષ પ્રકારની મ્લેચ્છ જાતિ. **पक्षे – शबरः** = મ્લેચ્છ જાતિ, ભિલ્લ વિશેષ. **पुलिन्दः** = એક જાતનો ચાંડાલ, ભીલ. **शाबराः** અને **पुलिन्दाः** એ બહુવચનના પ્રયોગો છે.

वाहीकेष्वब्राह्मण–राजन्येभ्यः ॥ ७–३–६३ ॥

વાહીક પ્રદેશમાં રહેલ બ્રાહ્મણ અને રાજન્ય વર્જિત શસ્ત્રજીવી સંઘ અર્થવાળા નામને, સ્વાર્થમાં દ્રિ સંજ્ઞક ' ञ्यट् ' પ્રત્યય લાગે છે. **कुण्डीविशः शस्त्रजीविसंघः = कुण्डीविश + ञ्यट्=कौण्डीविश्यः, कौण्डीविश्यौ, कुण्डीविशाः** = વાહિક દેશમાં વસનારો કુંડાવિશ નામનો શસ્ત્રજીવી સંઘ.

वृकाट्टेण्यण् ॥ ७–३–६४ ॥

સ્વાર્થમાં, શસ્ત્રજીવી સંઘના અર્થવાળા વૃક શબ્દને, દ્રિ સંજ્ઞક એવો ' ट्टेण्यण् ' પ્રત્યય લાગે છે. **वृकाः शस्त्रजीविसंघः = वृक + ट्टेण्यण् = वार्केण्यः** = વાર્કેણ્ય નામનો શસ્ત્રજીવી સંઘ. **वार्केण्यः वार्केण्यौ, वृकाः** આ રીતે રૂપો સમજવા.

यौधयादेरण् ॥ ७–३–६५ ॥

સ્વાર્થમાં, શસ્ત્રજીવી સંઘ અર્થવાળા યૌધેય શબ્દને, દ્રિ સંજ્ઞક ' अञ् ' પ્રત્યય લાગે છે. **यौधेयाः शस्त्रजीविसंघः = यौधेय + अञ् = यौधेयः** = યૌધેય નામનો શસ્ત્રજીવી સંઘ. **यौधेयौ, यौधेयः धृतेयाः शस्त्रजीविसंघ = धृतेय + अञ् = धार्तेयः** = ધાર્તેય એવા રૂપો સમજવા નામનો શસ્ત્રજીવી સંઘ. **धार्तेयौ, धृतेयाः** એવા રૂપો સમજવા.

पश्वादेरण् ॥ ७–३–६६ ॥

સ્વાર્થમાં, શસ્ત્રજીવી સંઘ અર્થવાળા પશુ વગેરે નામને, દ્વિ સંજ્ઞક 'અણ્' પ્રત્યય લાગે છે. **पशवः शस्त्रजीविसंघ = पशु + अण् = पार्श्ववः** = પશુ નામનો શસ્ત્રજીવી સંઘ **पार्श्वौ, पार्श्वः** એવા ૩પો સમજવા **रक्षसः शस्त्रजीविसंघः = रक्षसः** = રાક્ષસ નામનો શસ્ત્રજીવી સંઘ. **राक्षसौ, रक्षांसि.** એવા ૩પો સમજવા

दामन्यादेरीयः ॥ ७–३–६७ ॥

સ્વાર્થમાં, શસ્ત્રજીવી સંઘ અર્થવાળા દામની વગેરે શબ્દને, દ્વિ સંજ્ઞક 'ઈય' પ્રત્યય લાગે છે. **दामनी + इय = दामनीयः** = દામનીય નામનો શસ્ત્રજીવી સંઘ.. **औलुप + इय = औलपीयः** = ઔલપીય નામનો શસ્ત્રજીવી સંઘ.

शुभच्छमीवच्छिखावच्छालावदूर्णावद्–विदभृदभिजितो गोत्रेऽणोयञ् ॥ ७–३–६८ ॥

સ્વાર્થમાં, શુભત્ વગેરે શબ્દોને ગોત્ર અર્થક અણ્ પ્રત્યય લાગ્યા પછી દ્વિ સંજ્ઞક 'યઞ્' પ્રત્યય લાગે છે. **शुभंत् + अण् = शौभत + यञ् = शौभत्यः** = શુભતનો પુત્ર, **शमीवत् + अण् = शमीवत + यञ् = शामीवत्यः** = શમીવતનો પુત્ર, **शिखावत् + अण् = शैखावत + यञ् = शैखावत्यः** = શિખાવતનો પુત્ર, **शालावत् + अण् = शालावत + यञ् = शालावत्यः** = શાલાવતનો પુત્ર, **ऊर्णावत् + अण् = और्णावत + यञ् = और्णावत्यः** = ઊર્ણાવતનો પુત્ર, **विदभृत् + अण् = वैदभृत + यञ् = वैदभृत्यः** = વિદભૃતનો પુત્ર; **अभिजित्+अण्=आभिजित+यञ्=अभिजित्यः**=અભિજિતનો પુત્ર.

समासान्तः ॥ ७–३–६९ ॥

અહિં જે કંઈ કહેવાશે તેને સમાસના એક ભાગ રૂપે સમજવાનું છે. એટલે સમાસ પામેલા શબ્દોને જે જે પ્રત્યયો લગાડવાના છે. તે તે પ્રત્યયોનું વિધાન આ પ્રકરણમાં જણાવેલ છે. અર્થાત્ અમુક સમાસવાળાને અમુક પ્રત્યય લાગે એ રીતે સમાસના નામોનું સૂચન કરીને તેને પ્રત્યયો લાગે છે. જેથી કરીને બહુવ્રીહિ સમાસાન્ત, કર્મધારય સમાસાન્ત વગેરે સમાસ અનુસાર સમાસના નામો સમજવા. જેમકે – બહુવ્રીહિ સમાસાન્ત – **सुष्ठ जम्भाः यस्याः सा=सुजम्भा, सुजम्भे, सुजम्भा, सुजम्भानौ** = અતિશય બગાસાવાળી અવ્યયીભાવ સમાસાન્ત – **धुरि इति = उपधुरम्** = ધુરાની પાસે, દ્વિગુ સમાસાન્ત – **द्वे च ते धुरौ च = द्विधुरी** = બે ધુરા, દ્વન્દ્વ સમાસાન્ત – **स्रज् चासौ त्वक् च = स्रक्त्वचिनी** = માળા અને ત્વચા.

न किमः क्षेपे ॥ ७–३–७० ॥

નિંદા અર્થવાળા એવા કિમ્ શબ્દ પછી ઋગ્ વગેરે શબ્દો આવેલ હોય તો, તેને '**समासान्त**' ન થાય. **कुत्सिता धूः अस्य = किन्धूः** = જેની ધૂરા ખરાબ છે. **कुत्सितः सखा अस्य = किंसखा** = જેનો મિત્ર ખરાબ છે. "**ऋग्० [७–३–७६]**" વગેરે સૂત્રોથી સમાસના અન્તે આવેલ ઋગ્ વગેરે શબ્દોને સમાસાન્તનું કરેલ જે વિધાન તે સમજવું.

नञ्तत्पुरुषात् ॥ ७–३–७१ ॥

નઞ્ તત્પુરુષ સમાસ પછી '**समासान्त**' ન થાય. **न ऋक् = अऋक्** = વેદની ઋચા નથી. **न राजा = अराजा** = રાજા નથી.

पूजास्वतेः प्राक्टात् ॥ ७–३–७२ ॥

ટ સમાસાન્તના વિધાન પહેલા જે જે સમાસાન્ત બતાવેલ છે, તે '**समासान्त**' જે પૂર્વવાચક સુ અને અતિ શબ્દ પછી આવેલા ક્રમ આદિ શબ્દોને લાગતાં નથી. **सुष्ठु चासौ धूश्चेति = सुधूः** = સારી એવી ધુરા. **धुरः अतिक्रान्ता अयम् = अतिधूरियम्** = ધુરાને ઓળંગનાર આ. "**बहुव्रीहेः** [७–३–१२५]" એ સૂત્રથી ટ સમાસાન્તનું વિધાન કરેલ છે તે પહેલા જે જે સમાસાન્ત જણાવેલ છે તે લેવાના છે

बहोर्डः ॥ ७–३–७३ ॥

બહુ શબ્દ છે અન્તે જેને એવા સમાસને ડ પ્રત્યય થવાનો પ્રસંગ હોય તો, ડ પ્રત્યય અને ક્ય્ પ્રત્યય ન થાય. **उपबहवः घटाः** = બહુની આસપાસ ઘડા. "**प्रमाणी०** [७–३–१२८]" એ સૂત્રની ડ પ્રત્યયની પ્રાપ્તિ હતી તે ન થયો તથા

इज् युद्धे ॥ ७–३–७४ ॥

યુદ્ધ અર્થમાં કહેલ જે સમાસ, તેને '**ઇચ્**' સમાસાન્ત થાય છે. **केशांश्च केशांश्च गृहित्वा कृतं युद्धम् = केशाकेश + इच् = केशाकेशि** = પરસ્પર એક બીજાના વાળો ખેંચીને કરેલું યુદ્ધ.

द्विदण्ड्यादिः ॥ ७–३–७५ ॥

ઇચ્ સમાસાન્ત એવા દ્વિદણ્ડિ વગેરે શબ્દો '**निपातन**' થાય છે. **द्वौ दण्डौ अस्मिन् प्रहरणे = द्विदण्ड + इ = द्विदण्डि हन्ति** = બે દંડથી મારે છે. **उभौ दन्तौ अस्मिन् प्रहरणे = उभादन्ति हन्ति** = બે દંતુશલોથી મારે છે. **उभौ हस्तौ अस्मिन्**

पाने = **उभाहस्ति पाने** = બે હાથે પાણી પીવે છે.

ऋक् पूः पथ्यषोऽत् ॥ ७-३-७६ ॥

જે સમાસના અંતે ઋક્, પૂર્, પથિ અને અપ્ શબ્દ આવેલ છે એવા સમાસને ' **अत्** ' સમાસાન્ત થાય છે. **ऋचः अर्धम्** = **अर्ध** + **ऋच्** + **अत्** = **अर्धर्चः** = ઋચાનો અર્ધ ભાગ. **तिसृणां पुरां समाहारः** = **त्रिपुर्** + **अ** = **त्रिपुरः** = ત્રણ નગરો, **जलस्य पन्थाः** = **जल** + **पथिन्** + **अ** = **जलपथः** = જલ માર્ગ, **द्विगताः आपः अस्मिन्** = **द्वि** + **अप्** + **अ** = **द्वीपम्** = જેની બન્ને બાજુ પાણી છે તે બેટ.

धुरोऽनक्षस्य ॥ ७-३-७७ ॥

ધુર્ શબ્દાન્ત સમાસને ' **अत्** ' સમાસાન્ત થાય છે. જો ધુર્ શબ્દ રથના પૈડા સાથે સંબંધ ન હોય તો. **राज्ञः धुरा** = **राजन्** + **धुर्** + **अत्** = **राजधुरा** = રાજ્યનો ભાર.

सङ्ख्या-पाण्डूदक्-कृष्णाद् भूमेः ॥ ७-३-७८ ॥

જે સમાસમાં સંખ્યાવાચક શબ્દ પછી પાંડુ, ઉદક્ અને કૃષ્ણ શબ્દ આવેલો હોય, અને તે પછી ભૂમિ શબ્દ આવેલ હોય, એવા સમાસને ' **अत्** ' સમાસાન્ત થાય છે. **द्वे भूमी यस्य** = **द्वि** + **भूमि** + **अत्** = **द्विभूमम्** = બે ભૂમિ. **पाण्डुश्चासौ भूमिश्च** = **पाण्डु-भमम्** = પાંડુ ભૂમિ, **पाण्डुः भूमिः अस्य** = **पाण्डुभूमः देशः** = ધોળી ભૂમિવાળો દેશ. **उदीची चासौ भूमिश्च** = **उदग्भूमम्** = ઉત્તરદિશાની ભૂમિ, **उदीची भूमिः अस्य** = **उदग्भूमः देशः** = ઉત્તરદિશારૂપ ભૂમિવાળો દેશ. **कृष्णा चासौ भूमिश्चः** = **कृष्ण-**

भूमम् = કાળી જમીન. **कृष्णा भूमिः अस्य = कृष्णभूमः देशः** = કાળી ભૂમિવાળો દેશ.

उपसर्गादध्वनः ॥ ७–३–७९ ॥

ધાતુ યોગ્ય પ્ર વગેરે ઉપસર્ગથી પર સમાસમાં આવેલ અધ્વન્ શબ્દને '**अत्**' સમાસાન્ત થાય છે **प्रगतः अध्वानमिति = प्र + अध्वन् + अत् = प्राध्वः रथः** = આગે ગયેલો રથ.

समवा–ऽन्धात् तमसः ॥ ७–३–८० ॥

સમ્, અવ અને અન્ધ શબ્દથી પર સમાસમાં આવેલ તમસ્ શબ્દને '**अत्**' સમાસાન્ત થાય છે. **सततं तमः = सम् + तमस् +अत्=सन्ततमसम्**=ગાઢ અંધકાર, **अवहीनं तमसः=अवतमसम्** = અંધકાર વિનાનું, **अन्धं च तत् तमश्च = अन्धतमसम्** = કશું ય ન દેખી શકાય એવો અંધકાર.

तप्ता–ऽन्ववाद् रहसः ॥ ७–३–८१ ॥

જે સમાસમાં તપ્ત, અનુ અને અવ શબ્દથી પર આવેલ રહસ્ શબ્દને '**अत्**' સમાસાન્ત થાય છે. **तप्तं च तद् रहश्च = तप्त + रहस् + अत् = तप्तरहसम्** = તપેલું એકાન્ત સ્થળ, **अनु पश्चाद् रहः = अनुरहसम्** = રહસ્યની પાછળ, **अवगतं रहः = अवरहसम्** = જાણેલું રહસ્ય.

प्रत्यन्ववात् साम–लोम्नः ॥ ७–३–८२ ॥

જે સમાસમાં પ્રતિ, અનુ અને અવ શબ્દથી પર આવેલ સામન્ અને લોમન્ શબ્દને '**अत्**' સમાસાન્ત થાય છે. **प्रतिगतं साम = प्रति + सामन् + अत् = प्रतिसामम्**=સામની સામેનું, **अनुगतं**

साम = **अनुसामम्** = સામની પાછળનું **अवगतं साम**=**अवसामम्** = જણેલું. **प्रतिगतं लोम** = **प्रति+लोमन् + अत्** = **प्रतिलोमः** = પ્રતિકૂળ. **अनुगतं लोम** = **अनुलोमः** = અનુકૂળ. **अवगतं लोम** = **अवलोमः** = વિરોધી.

ब्रह्म-हस्ति-राज-पल्याद् वर्चसः ॥ ७-३-८३ ॥

જે સમાસમાં બ્રહ્મન્, હસ્તિન્, રાજન્ અને પલ્ય શબ્દથી પર આવેલ વર્ચસ્ શબ્દને ' **अत्** ' સમાસાન્ત થાય છે **ब्रह्मणः वर्चः** = **ब्रह्मन् + वर्चस् + अत्** = **ब्रह्मवर्चसम्** = બ્રહ્મતેજ, **हस्तिनः वर्चः** = **हस्तिवर्चसम** =હાથીનું તેજ, **राज्ञः वर्चः**=**राजवर्चसम्**= રાજાનું તેજ, **पल्यस्य वर्चः**=**पल्यवर्चसम्** = પાલાનું બળ. પલ્ય - ધાન્યનુ ભોજ , પરાળની દોરીથી ગૂથેલ પાલો, **पल्यं वर्चः यस्य** = **पल्यवर्चसः** = ઉમદા તેજ પલ્ય - ઉમદા.

पतेरुरसः सप्तम्याः ॥ ७-३-८४ ॥

જે સમાસમાં પ્રતિ શબ્દથી પર આવેલ સાતમી વિભક્તિવાળા ઉરસ્ શબ્દને ' **अत्** ' સમાસાન્ત થાય છે. **उरसि वर्तते** = **प्रति + उरस् + अत्** = **प्रत्युरसम** = છાતી તરફ. **उरसि विभवत्यर्थे अव्ययी** = **प्रत्युरसः** = છતિમાં.

अक्ष्णोऽप्राण्यङ्गे ॥ ७-३-८५ ॥

જે પ્રાણી સંબંધી અંગ ન હોય તો, સમાસમાં આવેલ અક્ષિ શબ્દને ' **अत्** ' સમાસાન્ત થાય છે. **लवणस्य अक्षि** = **लवण + अक्षि + अत्** = **लवणाक्षम्** = સુંદર નેત્રઃ

सम्-कटाभ्याम् ॥ ७-३-८६ ॥

જે સમાસમાં સમ્ અને કટ શબ્દથી પર આવેલ અક્ષિ શબ્દને ' **અત્** ' સમાસાન્ત થાય છે. **અક્ષ્ણઃ સમીપમ્ = સમ્ + અક્ષિ + અત્ = સમક્ષમ્** = સામે, **કટસ્ય અક્ષિ = કટાક્ષઃ** = કટ – કપોલ કટાક્ષ – કપાળ તરફ આંખ કરવી તે.

प्रति–परो–ऽनोरव्ययीभावात् ॥ ७–३–८७ ॥

અવ્યયીભાવ સમાસવાળા એવા પ્રતિ, પરિ અને અનુ શબ્દથી પર રહેલ અક્ષિ શબ્દને ' **અત્** ' સમાસાન્ત થાય છે. **પ્રતિગતં અક્ષિ – ઇન્દ્રિયં યત્ર સઃ = પ્રતિ + અક્ષિ + અત્ = પ્રત્યક્ષમ્** = નજરોનજર જોનાર, **અક્ષ્ણોઃ પરમ્ = પરોક્ષમ્** = નજરે જોવામાં ન આવે તે – અપ્રત્યક્ષ, **અક્ષ્ણોઃ અનુ = અન્વક્ષમ્** = આંખની પાછળ.

अनः ॥ ७–३–८८ ॥

અન્ શબ્દ છે અન્તે જેને એવા અવ્યયીભાવ સમાસવાળા નામને ' **અત્** ' સમાસાન્ત થાય છે **તક્ષ્ણઃ સમીપમ્ = ઉપ + તક્ષન્ + અત્ = ઉપતક્ષમ્** = સુથારની નજીક.

नपुंसकाद् वा ॥ ७–३–८९ ॥

અન્ શબ્દ છે અન્તે જેને એવા અવ્યયીભાવ સમાસવાળા નપુંસકલિંગી નામને ' **અત્** ' સમાસાન્ત વિકલ્પે થાય છે. **ચર્મણઃ સમીપમ્ = ઉપ + ચર્મન્ + અત્ = ઉપચર્મમ્, ઉપચર્મ** = ચામડાની પાસે.

गिरि–नदी–पौर्णमास्या–ऽऽग्रहायण्यपञ्चमवर्ग्याद् वा ॥ ७–३–९० ॥

गिर, नदी, पौणुमासी अने आग्रहायणी शब्दो, तथा कवर्ग आदि वर्गनो पांचमो अक्षर सिवायनो कोई पण वर्ण अन्ते छे जेने एवा अव्ययीभावसमासवाणा नामने विकल्पे ' **अत्** ' समासान्त थाय छे. **अन्तः = अन्तर् + गिरि + अत् = अन्तर्गिरम्**, **अन्तर्गिरि** = पर्वतनी अंदर. **नद्याः समीपम् = उपनदम्**, **उपनदि** = नदीनी पासे, **पाणमास्याः समीपम् = उपपौणमासम्**, **उपपौणमासि** = पौणुमासनी नजीक, **आग्रहायण्याः समीपम् = उपाग्रहायणम्**, **उपाग्रहायणि**=मृगशर नक्षत्रनी नजीक. **वग्यवर्ण-स्रुचः समीपम् = उपस्रुचम्**, **उपस्रुक्** = એક જાતना यज्ञपात्र-सरखो नजीक.

सङ्ख्यायाः नदी–गोदावरीभ्याम् ॥ ७–३–९१ ॥

अव्ययीभाव समासवाणा संख्यावाचक नाम पछी आवेल नद्य अने गोदावरी शब्दने ' **अत्** ' समासान्त थाय छे. **पञ्च नद्यः सन्ति अत्र = पञ्च + नदी + अत् = पञ्चनदम्** = सिंधी, झेलम, चीनाब अने सतलज रूप पांचनदीना संबंध वाळो देश पंजाब. **द्वे गोदावर्यौ = द्विगोदावरम्** = बे गोदावरीओ.

शरदादेः ॥ ७–३–९२ ॥

अव्ययीभाव समासना अन्तमां आवेल शरद् वगेरे शब्दने ' **अत्** ' समासान्त थाय छे. **शरदः समीपम् = उपशरद् + अत् = उपशरदम्** = शरदऋतुनी नजीक, **त्वं प्रति = प्रति + त्यद् + अत् = प्रतित्यदम्** = तेनी पासे.

जरायाः जरस् च ॥ ७–३–९३ ॥

અવ્યયીભાવ સમાસના અન્તમાં આવેલ જરા શબ્દને 'અત્' સમાસાન્ત થાય છે અને તેના યોગે જરા શબ્દનો 'જરસ્' આદેશ થાય છે. **जरायाः समीपम् = उप + जरा + अत् = उपजरस् + अत् = उपजरसम्** = વૃદ્ધાવસ્થાની નજીક.

सरजसोपशुना–ऽनुगवम् ॥ ७–३–०४ ॥

અવ્યયીભાવસમાસવાળા અત્ સમાસાન્ત એવા સરજસ ઉપશુન અને અનુગવ શબ્દો 'निपातन' થાય છે. **रजसा सहितम् = स + रजस् + अत् = सरजसम् भुङ्क्ते** = ધુળવાંળું ખાય છે. **शुनः समीपम् = उप + शुन् + अत् = उपशुनम् आस्ते** = કૂતરી પાસે બેસે છે. **गोः पश्चात् = अनु + गो + अत् = अनुगवम्** अनः=બળદની લંબાઈ જેટલું ગાડું, બળદની પાછળ ગાડું, ગાડાનું પૈડું.

जात–महद्–वृद्धादुक्षणः कर्मधारयात् ॥ ७–३–९५ ॥

કર્મધારય સમાસવાળા એવા જાત, મહદ્ અને વૃદ્ધ શબ્દથી પર રહેલ ઉક્ષન્ શબ્દને 'अत्' સમાસાન્ત થાય છે. **जातश्चासौ उक्षा च = जात + उक्षन् + अत् = जातोक्षः** = જન્મેલો બળદ, **महांश्चासौ उक्षा च = महोक्षः** = મોટો બળદ, **वृद्धश्चासौ उक्षा च = वृद्धोक्षः** = ઘરડો બળદ

स्त्रियाः पुंसो द्वन्द्वाच्च ॥ ७–३–९६ ॥

દ્વન્દ્વસમાસવાળા તથા કર્મધારય સમાસવાળા એવી સ્ત્રી શબ્દ પછી આવેલ પુંસ્ શબ્દને 'अत्' સમાસાન્ત થાય છે. **स्त्री च पुमांश्च इति = स्त्री + पुंस् + अत् = स्त्रीपुसम्, स्त्रीपुंसौ, स्त्रीपुंसः** = સ્ત્રી અને પુરૂષ. **स्त्री चासौ पुमांश्च इति = स्त्रीपुसः शिखण्डी** = નપુંસક.

ऋक्सामर्ग्यजुष-धेन्वनडुह-वाङ्मनसा-ऽहोरात्र-रात्रिंदिव-नक्तंदिवा-ऽहर्दिवोवष्ठीव-पदष्ठीवा-ऽक्षिभ्रुव-दारगवम् ॥ ७-३-९७ ॥

દ્વન્દ્વસમાસવાળા એવા ઋક્સામ વગેરે '**અત્**' સમાસાન્તરૂપ '**નિપાતન**' થાય છે. **ऋक् च साम च = ऋक् + सामन् + अत् = ऋक्सामे** = ઋગ્વેદ અને સામવેદ, **ऋक् च यजुश्च = ऋग्यजुषम्** = ઋગ્વેદ અને યજુર્વેદ, **धेनुश्च अनड्वांश्च = धेन्वनडुहौ** = ગાય અને બળદ, **वाक् च मनश्च = वाङ्मनसे** = વાણી અને મન, **अहश्च रात्रिश्च = अहोरात्रः** = રાત અને દિવસ, **रात्रिश्च दिवा च = रात्रिंदिवम्** = રાત્રિ અને દિવસ, **नक्तं च दिवा च = नक्तंदिवम्** = રાત્રિ અને દિવસ, **अहश्च दिवा च = अहर्दिवम्** = રોજ રોજ, **ऊरू च अष्ठीवन्तौ च = ऊर्वष्ठीवम्** = બે સાથળ અને બે ઢીંચણ, **पादौ च अष्ठीवन्तौ च = पदष्ठीवम्** = બે પગ અને બે ઢીંચણ. **अक्षिणी च भ्रुवौ च = अक्षिभ्रुवम्** = આંખ અને ભ્રમર **दाराश्च गावश्च=दारगवम्**=સ્ત્રીઓ અને ગાયો.

चवर्ग-ध-ष-हः समाहारे ॥ ७-३-९८ ॥

ચવર્ગ, ઘ, ષ્ અને હ્ છે અન્તમાં જેને એવા સમાહાર દ્વન્દ્વ સમાસવાળા નામને '**અત્**' સમાસાન્ત થાય છે. **वाक् च त्वक् च = वाक् + त्वक् + अत् = वाक्त्वचम्** = વાણી અને ચામડી, **संपच्च विपच्च = सपद् + विपद् + अत् = संपद्विपदत्** = સંપત્તિ અને વિપત્તિ, **वाक् च त्विट् च = वाक् + त्विष् = वाक्त्विषम्** = વાણી અને રૂચિ, **छत्रं च उपानत् च = छत्र + उपानह् + अत् = छत्रोपानहम्** = છત્ર અને જોડા.

द्विगोरनहोऽट् ॥ ७-३-९९ ॥

અન્ અને અહન્ શબ્દ છે અન્તે જેને એવા સમાહાર દ્વિગુ સમાસવાળા નામને 'अट्' સમાસાન્ત થાય છે. **पञ्च तक्षाणः समाहृताः = पञ्च + तक्षन् + अट् = पञ्चतक्षी, पञ्चतक्षम्** = ભેગા થયેલા પાંચ સુતાર. **द्वयो अह्नोः समाहारः = द्वि + अहन् + अट् = द्व्यहः** = બે દિવસ. टકાર સ્ત્રીલિંગ કરવા માટે છે.

द्वि-त्ररायुषः ॥ ७-३-१०० ॥

સમાહાર દ્વિગુ સમાસવાળા દ્વિ અને ત્રિ શબ્દથી પર રહેલ આયુષ્ શબ્દને 'अट्' સમાસાન્ત થાય છે. **द्वयोः आयुषोः समाहारः = द्वि + आयुष् + अट् = द्व्यायुषम्** = બે ભેગા આયુષ્ય **त्रयाणाम् आयुषां समाहारः = त्र्यायुषम्** = ત્રણ ભેગા આયુષ્ય.

वाऽञ्जलेरलुक्ः ॥ ७-३-१०१ ॥

સમાહાર દ્વિગુસમાસવાળા દ્વિ અને ત્રિ શબ્દથી પર રહેલ અञ્જલિ શબ્દને 'अट्' સમાસાન્ત વિકલ્પે થાય છે જો આ સમાસ તદ્ધિત પ્રત્યયનો લોપવાળો ન હોય તો. **द्वयोः अञ्जल्योः समाहारः = द्वि + अञ्जलि + अट् = द्व्यञ्जलम्, द्व्यञ्जलि** = બે ભેગી થયેલ અંજલિ, **त्रयाणाम् अञ्जलीनां समाहारः = त्र्यञ्जलि + अट् + मयट् = त्र्यञ्जलमयम्, त्र्यञ्जलिमयम्** = ભેગી થયેલ ત્રણ અંજલિથી આવે છે.

खार्या वा ॥ ७-३-१०२ ॥

તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો, સમાહાર દ્વિગુસમાસવાળા ખારી શબ્દને વિકલ્પે 'अट्' સમાસાન્ત થાય છે **द्वयोः**

खार्योः समाहारः = द्वि + खारी + अट् = **द्विखारम्**, द्विखारि =બેગી થયેલી બે ખારી, **पञ्चानां खारीणां धनः=पञ्चखारधनः**, **पञ्चखारीधनः** = બેગી થયેલી પાંચ ખારીરૂપ ધન.

वाऽर्धाच्च ॥ ७–३–१०३ ॥

તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો, અર્ધ શબ્દથી પર રહેલ ખારી શબ્દને, વિકલ્પે '**अट्**' સમાસાન્ત થાય છે. **खार्याः अर्धम्** = **अर्ध** + **खारी** + **अट्** = **अर्धखारम्**, **अर्धखारी** = અડધી ખારી.

नावः ॥ ७–३–१०४ ॥

તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો, અર્ધ શબ્દથી પર રહેલ નૌ શબ્દને અને દ્વિગુ સમાસવાળા નૌ શબ્દને '**अट्**' વિકલ્પે સમાસાન્ત થાય છે. **नावः अर्धम्** = **अर्ध** + **नौ** + **अट्** = **अर्ध-नावम्**, **अर्धनावी** = નાવનો અડધો ભાગ, **पञ्चानाम् नावाम् समाहारः** = **पञ्चनावम्**, **पञ्चनावी** = બેગી થયેલી પાંચ નાવ.

गोस्तत्पुरुषात् ॥ ७–३–१०५ ॥

જો તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો, તત્પુરૂષસમાસવાળા શબ્દને અંતે આવેલ ગો શબ્દને '**अट्**' સમાસાન્ત થાય છે, **राज्ञः गौः** = **राजन्** + **गौ** + **अट्** + **ई(ङी)** = **राजगवी** = રાજાની ગાય.

राजन्–सखेः ॥ ७–३–१०६ ॥

તત્પુરૂષસમાસવાળા શબ્દને અન્તે આવેલ રાજન્ અને સખિ શબ્દને '**अट्**' સમાસાન્ત થાય છે. **पञ्चानां राज्ञां समाहारः** =

पञ्च + राजन् + अट् + ङी = पञ्चराजी = ભેગા થયેલા પાંચ રાજાઓ. **राज्ञः सखा = राजसखः** = રાજાનો મિત્ર.

राष्ट्राऱ्याद् ब्रह्मणः ॥ ७-३-१०७ ॥

તત્પુરૂષસમાસના અંતે આવેલ અને રાષ્ટ્રવાચક શબ્દથી પર રહેલ બ્રહ્મન્ શબ્દને '**અટ્**' સમાસાન્ત થાય છે. **सुराष्ट्रे ब्रह्मा = सुराष्ट्र + ब्रह्मन् + अट् = सुराष्ट्रब्रह्मः** = સૌરાષ્ટ્રમાં રહેતો બ્રાહ્મણ.

कु-महद्भ्यां वा ॥ ७-३-१०८ ॥

તત્પુરૂષસમાસના અંતે આવેલ, તથા કુ અને મહત્ શબ્દથી પર રહેલ, બ્રહ્મન્ શબ્દને '**અટ્**' સમાસાન્ત થાય છે. **कुत्सितः ब्रह्मा = कु + ब्रह्मन् + अट् = कुब्रह्मः** = ખરાબ બ્રાહ્મણ, **महांश्चासौ ब्रह्मा च महाब्रह्मः = महाब्रह्मा** = મોટો બ્રાહ્મણ.

ग्राम-कौटात् तक्ष्णः ॥ ७-३-१०९ ॥

તત્પુરૂષસમાસના અંતે આવેલ તથા ગ્રામ અને કોટ શબ્દથી પર રહેલ, તક્ષન્ શબ્દને '**અટ્**' સમાસાન્ત થાય છે. **ग्रामस्य तक्षा = ग्राम + तक्षन् + अट् = ग्रामतक्षः** = ગામનો સુથાર. **कौटः तक्षा = कौटतक्षः** = કોઠામાં બેસી કામ કરનાર સુથાર.

गोष्ठा-ऽतेः शुनः ॥ ७-३-११० ॥

તત્પુરૂષસમાસના અંતે આવેલ, તથા ગોષ્ઠ અને અતિ શબ્દથી પર રહેલ, શ્વાન્ શબ્દને '**અટ્**' સમાસાન્ત થાય છે. **गोष्ठस्य श्वा = गोष्ठ + श्वान् + अट् = गोष्ठश्वः** = ગાયના વાડાનો કુતરો, **श्वानम् अतिक्रान्तः वलेन = अतिश्वः वराहः**=બળની અપેક્ષાએ કુતરાથી ચઢિયાતો, અર્થાત્ વરાહ.

प्राणिन उपमानात् ॥ ७–३–१११ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ, તથા ઉપમાનસૂચક પ્રાણીવાચક નામથી પર રહેલ, श्वान् શબ્દને ' अट् ' સમાસાન્ત થાય છે. **व्याघ्र इव श्वा = व्याघ्र + श्वान् + अट् = व्याघ्रश्वः** = વાઘ જેવો કૂતરો.

अप्राणिनी ॥ ७–३–११२ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ, તથા પ્રાણી ભિન્ન અર્થને જણાવતો એવા ઉપમાનવાચક શબ્દથી પર રહેલ, श्वन् શબ્દને ' अट् ' સમાસાન્ત થાય છે. **श्वा इव श्वा, आकर्षश्चासौ श्वा च = आकर्षश्वन् + अट् = आकर्षश्वः**=સોગઠા બાજીમાં ઠોતરેલ–ચિતરેલ કૂતરો જેવો.

पूर्वोत्तर–मृगाच्च सक्थ्नः ॥ ७–३–११३ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ પૂર્વ, ઉત્તર અને મૃગ શબ્દથી પર રહેલ, તથા ઉપમાનવાચક નામથી પર રહેલ સક્થિ શબ્દને ' अट् ' સમાસાન્ત થાય છે. **सक्थ्नः पूर्वम् = पूर्व + सक्थि + अट् = पूर्वसक्थम्** = સાથળનો પૂર્વભાગ, **सक्थ्नः उत्तरम् = उत्तर-सक्थम्** = સાથળનો ઉત્તરભાગ, **मृगस्य सक्थि = मृगसक्थम्** = મૃગનો સાથળ. **फलकमिव फलकम्, फलकं च तत् सक्थि च = फलकसक्थम्** = ઢાલ અથવા પાટિયા જેવો સાથળ.

उरसाऽग्रे ॥ ७–३–११४ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ આગળનો ભાગ અર્થવાળા, તથા મુખ્ય અર્થવાળા શબ્દથી પર રહેલ, ઉરસ્ શબ્દને ' अट् ' સમાસાન્ત થાય છે. **अश्वाश्च ते उरश्च = अश्व + उरस् + अट् = अश्वोरसम् सेनायाः** = સેનામાં અશ્વો આગળના ભાગમાં હોય છે, અથવા

સેનામાં મુખ્ય સ્થાનમાં હોય છે. **अश्वानाम् उरः = अश्वोरसं कविकम्** = ઘોડાના શરીર ઉપર આગળના ભાગે, અથવા મુખ્યભાગ રૂપ ચોકકું – લગામ.

सरो–ऽनो–ऽश्मा–ऽयसो जाति–नाम्नोः

॥ ૭–૩–૧૧૫ ॥

તત્પુરૂષસમાસના અન્તે આવેલ સરસ્, અનસ્, અશ્મન્ અને અયસ્ શબ્દને '**अट्**' સમાસાન્ત થાય છે. જો તે શબ્દો જાતિ કે સંજ્ઞાને જણાવતા હોય તો. **जातः सरसा = जातसरस + अट् = जातसरसम्** = એ નામનું સરોવર, **अनसः समीपम् = उप + अनस् + अट् = उपानसम्** = બળદ જોડેલા ગાડાની નજીક, **स्थूल–श्वासो अश्मा च = स्थूलाश्मः** = પત્થરની જાતિ છે. **कालं च तदायसं च = कालायसम्** = લોખંડની જાતિ છે. ગણવેલ.

अह्नः ॥ ૭–૩–૧૧૬ ॥

તત્પુરૂષ સમાસને અંતે આવેલ અહન્ શબ્દને '**अट्**' સમાસાન્ત થાય છે. **परमम् अहः = परम + अहन् + अट् = परमाहः** = ઉત્તમ દિવસ.

सङ्ख्यातादह्नश्चवा ॥ ૭–૩–૧૧૭ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ સંખ્યાત શબ્દથી પર રહેલ અહન્ શબ્દને '**अट्**' સમાસાન્ત થાય છે અને અહન્ શબ્દનો વિકલ્પે '**अह्न**' આદેશ થાય છે. **सङ्ख्यातम् अहः = सङ्ख्यात + अहन् + अट् = सङ्ख्याताहः, सङ्ख्याताह्नः** = સંખ્યા કરેલો–ગણેલો દિવસ,

सर्वा-ऽश-सङ्ख्या-ऽव्ययात् ॥ ७-३-११८ ॥

तत्पुरुषसमासमां आवेल सर्व शब्द, अंशवाचक शब्द, संख्यावाचक शब्द अने अव्यय शब्दथी पर रहेल अहन् शब्दने 'अट्' समासान्त थाय छे. अने तेना योगे अहन् शब्दनो 'अह्न' आदेश थाय छे. **सर्वम् अहः = सर्व + अहन् + अट् = सर्वाह्नः** = आखो दिवस. **पूर्वम् अह्नः, अह्नः पूर्वम् = पूर्वाह्णः** = दिवसनो पूर्व भाग, आगलो दिवस, **द्वयोः अह्नोः भवः = द्वयह्नः पटः** = बे दिवसमां वणायेलुं कपडुं, **अहः अतिक्रान्ता = अत्यह्नी कथा** = दिवस करतां लांबी कथा.

सङ्ख्यातैक-पुण्य-वर्षा-दीर्घाच्च रात्रेरत् ॥ ७-३-११९ ॥

तत्पुरुषसमासमां आवेल संख्यात, एक, पुण्य, वर्षा, दीर्घ अने भव शब्दथी तथा अंशवाचक शब्दथी, संख्यावाचक शब्दथी अने अव्ययथी पर रहेल रात्रि शब्दने 'अत्' समासान्त थाय छे. **सङ्ख्याता रात्रिः = सङ्ख्यात+रात्रि+अत् = सङ्ख्यातरात्रः** = गणेली रात्रिओ, **एका रात्रिः = एकरात्रः** = एक रात्रि, **पुण्या रात्रिः = पुण्यरात्रः** = पवित्र रात्रि, **वर्षीयाः रात्रिः = वर्षारात्रः** = चोमासानी रात्रि, **दीर्घा रात्रिः = दीर्घरात्रः** = लांबी रात्रि, **सर्वा रात्रिः = सर्वरात्रः** = आखी रात्रि, **रात्र्याः पूर्वम्, पूर्वम् रात्रिः = पूर्वरात्रः** = रात्रिनो पूर्वभाग, आगली रात्रि, **द्वयोः रात्र्योः भवः = द्विरात्रः** = बे रात्रिमां थयेलो, **तिसृषु रात्रिषु भवः=त्रिरात्रः** = त्रण रात्रिमां थयेलो, **रात्रिम् अतिक्रान्तः = अतिरात्रः** = रात्रिने वटावी गयेली.

पुरुषायुष-द्विस्तावस्त्रिस्तावम् ॥ ७-३-१२० ॥

તત્પુરૂષ સમાસવાળા પુરૂષાયુષ, દ્વિસ્તાવ, અને ત્રિસ્તાવ શબ્દો આત્ સમાસાન્ત એવા '**નિપાતન**' થાય છે. **પુરુષસ્ય આયુઃ = પુરુષ + આયુષ્ + અત્ = પુરુષાયુષમ્** = પુરૂષનું આયુષ્ય, **દ્વિઃ તાવતી=દ્વિસ્તાવી વેદિઃ** = એક પ્રકારની વેદિકા, **ત્રિઃ તાવતી = ત્રિસ્તાવી વેદિઃ** = એક પ્રકારની વેદિકા.

શ્વસો વસીયસઃ ॥ ૭-૩-૧૨૧ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ શ્વસ્ શબ્દથી પર રહેલ, વસીયસ્ શબ્દને '**અત્**' સમાસાન્ત થાય છે. **વસુમત્ + ઇયસ્ = વસીયસ્, શોભનં વસીયસઃ = શ્વોવસીયસમ્** = ભાવિકાળનું ભંગળ, આવતી કાલનું કલ્યાણ.

નિસશ્ચ શ્રેયસઃ ॥ ૭-૩-૧૨૨ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ નિસ્ અને શ્વસ્ શબ્દથી પર રહેલ, શ્રેયસ્ શબ્દને '**અત્**' સમાસાન્ત થાય છે. **નિશ્ચિતં શ્રેયઃ = નિસ્ + શ્રેયસ્ + અત્ = નિઃશ્રયસમ્** = નિર્વાણ, નિશ્ચિત કલ્યાણ. **શોભન શ્રેયઃ = શ્વઃશ્રેયસમ્** = ભંગળ, કલ્યાણ.

નઞવ્યયાત્ સઙ્ખ્યાયાઃ ડઃ ॥ ૭-૩-૧૨૩ ॥

તત્પુરૂષસમાસમાં આવેલ નઞ્ અને અવ્યય પછી આવેલ, સંખ્યાવાચક નામને '**ડ**' પ્રત્યયાન્ત થાય છે. **ન દશ = અદશન્ + ડ = અદશાઃ** = દશ નહિ અર્થાત્ નવ વગેરે, **નિર્ગતઃ ત્રિંશતઃ અઙ્ગુલિભ્યઃ = નિસ્ત્રિંશત્ + ડ = નિસ્ત્રિંશઃ ખડ્ગઃ**=ત્રીશ આંગળથી વધારે, તલવાર.

સઙ્ખ્યા-ઽવ્યયાદઙ્ગુલેઃ ॥ ૭-૩-૧૨૪ ॥

तत्पुरुषसमासमां आवेल संख्यावाचक शब्दथी अने अव्ययथी पर रहेल, अङ्गुलि शब्दने 'ट' समासान्त थाय छे. **द्वयोः अङ्गुल्योः समाहारः** = द्वि + **अङ्गुलि** + **ट=द्वयङ्गुलम्** = बे आंगळ **अङ्गुलेः निर्गतम्** = **निरङ्गुलम्** = आंगळीथी वधारे.

बहुव्रीहेः काण्ठे टः ॥ ७-३-१२५ ॥

बहुव्रीहि समासना अन्ते आवेल, काष्ठना विशेषणरूप अङ्गुलि शब्दने 'ट' समासान्त थाय छे. **द्वे अङ्गुली यस्य तत्** = द्वि + अङ्गुलि + **ट** = **द्वयङ्गुलम् काष्ठम्** = बे आंगळनुं लाकडुं.

सक्थ्यक्ष्णः स्याङ्गे ॥ ७-३-१२६ ॥

बहुव्रीहि समासने अन्ते आवेल, स्वाङ्गवाचक सक्थि अने अक्षि शब्दने 'ट' समासान्त थाय छे. **दीर्घे सक्थि यस्याः सा** = **दीर्घ** + **सक्थि** + **ट** = **दीर्घसक्थी** = जेना साथळ लांबा छे एवी स्त्री. **शोभनं अक्षि यस्याः सा** = **सु** + **अक्षि** + **ट** = **स्वक्षी** = जेनी आंख सुंदर छे एवी स्त्री.

द्वि-त्रेर्मूर्ध्नो वा ॥ ७-३-१२७ ॥

बहुव्रीहि समासमां आवेला द्वि अने त्रि शब्दथी पर रहेल, मूर्धन् शब्दने 'ट' समासान्त थाय छे. **द्वे मूर्धी यस्य सः** = द्वि + **मूर्धन्** + **ट** = **द्विमूर्धः, द्विमूर्धा** = बे माथावाळो, बे माथावाळी, **त्रीणि मूर्धानि यस्य सः** = **त्रिमूर्धः, त्रिमुर्धा** = त्रण माथावाळो, त्रण माथावाळी.

प्रमाणी-सङ्ख्याद् दः ॥ ७-३-१२८ ॥

બહુવ્રીહિ સમાસમાં આવેલ, પ્રમાણી અને સંખ્યાવાચક શબ્દને '૬' સમાસાન્ત થાય છે. **स्त्री प्रमाणी येषां ते = स्त्री + प्रमाणी + ड = स्त्रीप्रमाणाः कुटुम्बिनः** = સ્ત્રીને પ્રમાણ માનનારા કણબીઓ, **द्वौ वा त्रयो वा = द्वित्राः** = બે અથવા ત્રણ.

सुप्रात-सुश्व-सुदिव-शारिकुक्ष-चतुरश्रौर्णापदा-ऽजपद-प्रोष्ठपद-भद्रपदम् ॥ ७-३-१२९ ॥

બહુવ્રીહિ સમાસવાળા ૪ સમાસાન્ત એવા સુપ્રાત, સુશ્વ વગેરે શબ્દો '**निपातन**' થાય છે **शोभनं कर्म प्रातः यस्य = सुप्रातः ना** = જેનું પ્રભાતનું કાર્ય સારૂ છે એવો પુરૂષ, **शोभनं कर्म श्व अस्य = सुश्वः** - જેમનું આવતી કાલનું કાર્ય સારૂં છે તે, **शोभनं कर्म दिवा अस्य** = જેનું દિવસનું કામ સારૂં છે તે, **शारिः इव कुक्षिः अस्य = शारिकुक्षः** = જેની કુક્ષિ પાસા જેવી છે તે, **चत्वारः अस्रयः अस्य = चतुरस्रः** = જેને ચાર ખુણા છે તે - ચોરસ, **एण्याः पादौ इव पादौ अस्य = एणीपदः** = જેના પગ મૃગના પગ જેવા છે તે, **अजस्य पादौ इव पादौ अस्य = अजपादः** = જેના પગ બકરાના પગ જેવા છે તે, **प्रोष्ठस्य पादौ इव पादौ अस्य = प्रोष्ठपदः** = જેના પગ બળદના પગ જેવા છે તે, **भद्रौ पादौ यस्य सः = भद्रपदः** = જેના પગ કલ્યાણકારી છે તે.

पूरणीभ्यस्तत्प्राधान्येऽप् ॥ ७-३-१३० ॥

જો પૂરણ પ્રત્યયાન્ત શબ્દની મુખ્યતા હોય તો, બહુવ્રીહિ સમાસના અન્તે આવેલ પૂરણ પ્રત્યયાન્ત નામને '**अप्**' સમાસાન્ત થાય છે. **कल्याणी पञ्चमी रात्रिः यासां ता=कल्याणीपञ्चम+अप्=कल्याणीपञ्चमाः रात्रयः**=જેમની પાંચમી રાત્રિ કલ્યાણી છે

नञ्-सु-व्युप-त्रेश्चतुरः ॥ ७-३-१३१ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ નઞ્, સુ, વિ, અપ અને ત્રિ શબ્દથી પર રહેલ, ચતુર્ શબ્દને ' **अप्** ' સમાસાન્ત થાય છે. **अविद्यमानानि चत्वारि यस्य = अचतुर् + अप् = अचतुरः** = જેને ચાર નથી એવો, **शोभनानि चत्वारि यस्य = सुचतुरः** = જેને ચાર સારા છે એવો, **विसदृशानि चत्वारि यस्य = विचतुरः** = જેને ચાર સરખા નથી એવો, **चत्वारः समीपे यस्य सः = उपचतुरः** = જેની નજીક ચાર છે એવો અર્થાત્ ત્રણ કે પાંચ, **त्रयो वा चत्वारः = त्रिचतुरः** = ત્રણ કે ચાર.

अन्तर्बहिर्भ्यां लोम्नः ॥ ७-३-१३२ ॥

બહુવ્રીહિ સમાસમાં આવેલ, અન્તર્ અને બહિર્ શબ્દથી પર રહેલ લોમન્ શબ્દને ' **अप्** ' સમાસાન્ત થાય છે **अन्तर्लोमानि यस्य सः = अन्तर् + लोमन् + अप् = अन्तर्लोमः – प्रावारः=** જેને અંદર રૂંછા છે એવો – ધાબળો, **बहिर्लोमानि यस्यः सः = बहिर्लोमः–प्रावारः=**જેને બહાર રૂંછા છે એવો–કામળો અથવા ટુવાલ.

मान्नेतुः ॥ ७-३-१३३ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ નક્ષત્રવાચક નામથી પર રહેલ, नेतृ શબ્દને ' **अप्** ' સમાસાન્ત થાય છે. **मृगो नेता यासां सा = मृग + नेतृ + अप् = मृगनेत्रा निशा** = જેનો નેતા મૃગ – મૃગશિર નક્ષત્ર છે એવી રાત્રિ.

नाभेर्नाम्नि ॥ ७-३-१३४ ॥

બહુવ્રીહિસમાસને અન્તે આવેલ, नाभि શબ્દને, સંજ્ઞાના વિષયમાં

'अप्' સમાસાન્ત થાય છે **पद्मं नाभौ यस्य सः** = **पद्म** + **नाभि** + **अप्** = **पद्मनाभः** = જેની નાભિમાં પદ્મનું ચિહ્ન છે તે – આવતી ચોવિશીના પ્રથમ તીર્થંકર, બ્રહ્મા.

नञ्–बहोर्ऋचो माणव चरणे ॥ ७–३–१३५ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, નઞ્ અને બહુ શબ્દથી પર રહેલ, ઋગ્ શબ્દને, અનુક્રમે માણવ અને ચરણ અર્થમાં 'अप्' પ્રત્યય લાગે છે. **नास्ति अभ्यस्ततया ऋक् यस्य** = **न** + **ऋक्** + **अप्** = **अनृचो माणवः** = ઋચ્ વિનાનો માણવ, **बहवः ऋचोऽध्येतव्या येन** = **बहुवृचश्चरणः** = બહુઋચા વાળો ચરણ.

नञ्–सु–दुर्भ्यः सक्ति–सक्तिथ–हलेर्वा ॥ ७–३–१३६ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ નઞ્, સુ અને દુર્ શબ્દથી પર રહેલ સક્તિ, સક્તિથ અને હલિ શબ્દને, વિકલ્પે 'अप्' સમાસાન્ત થાય છે. **न सक्तिर्यस्य सः** = **असक्ति** + **अप्** = **असक्तः**, **असक्तिः** = અસક્તિ વિનાનો, **शोभनं सक्तिर्यस्य सः** = **सुसक्तः**, **सुसक्तिः** = સારી આસક્તિવાળો, **दुष्टं सक्तिर्यस्य सः** = **दुःसक्तः**, **दुःसक्तिः** = દુષ્ટ સંગવાળો, **न सक्तिथ्यस्य सः** = **असक्तथः**, **असक्थिः** = સાથળ વિનાનો, **न हलिर्यस्य सः**=**अहलः**, **अहलिः** = હળ વિનાનો.

प्रजाया असञ् ॥ ७–३–१३७ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ નઞ્, સુ અને દુર્ શબ્દથી પર રહેલ, પ્રજા શબ્દને 'असञ्' સમાસાન્ત થાય છે. **नास्ति प्रजा यस्य सः** = **अप्रजा** + **असञ्** = **अप्रजाः** = જેને પ્રજા નથી, **शोभना प्रजा यस्य सः** = **सुप्रजाः** = જેને સારી પ્રજા છે તે, **दुष्टा प्रजा**

यस्य सः = दुष्प्रजाः = જેને દુષ્ટ પ્રજા છે તે. આ બધા પ્રયોગો પ્રથમા વિભક્તિના એકવચનના છે.

मन्दा-ऽल्पाच्च मेधायाः ॥ ७-३-१३८ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, મન્દ અને અલ્પ શબ્દથી, તથા નઞ, સુ અને દુર્ શબ્દથી પર રહેલ, મેધા શબ્દને '**अस्**' સમાસાન્ત થાય છે. **मन्दा मेधा यस्य सः = मन्द् + मेधा + अस् = मन्दमेधाः ना** = મંદબુદ્ધિવાળો પુરૂષ, **अल्पा मेधा यस्य सः = अल्पमेधाः ना** = અલ્પબુદ્ધિવાળો પુરૂષ, **नास्ति मेधाः यस्य सः = अमेधाः ना** = બુદ્ધિ વગરનો પુરૂષ, **शोभना मेधा यस्य सः = सुमेधाः ना** = સારી બુદ્ધિવાળો પુરૂષ. **दुष्टा मेधा यस्य सः = दुर्मेधा ना** = દુષ્ટ બુદ્ધિવાળો પુરૂષ.આ બધા પ્રયોગો પ્રથમાવિભક્તિના એકવચનના છે.

जातेरीयः सामान्यवति ॥ ७-३-१३९ ॥

બહુવ્રીહિસમાસની અન્તે આવેલ, જાતિ શબ્દને '**ईय**' સમાસાન્ત થાય છે. જો અન્ય પદાર્થ સામન્યધર્મના આશ્રયરૂપ જણાતો હોય તો. **ब्राह्मणः जातिरस्य सः = ब्राह्मणजाति + ईय = ब्राह्मणजातीयः** = બ્રાહ્મણ જાતિના.

भृतिप्रत्ययान्मासादिकः ॥ ७-३-१४० ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, જેને ભાડુ અથવા પગાર અર્થમાં તદ્ધિતપ્રત્યય લાગ્યો છે, એવા શબ્દથી પર રહેલ. માસ શબ્દને '**ઇક**' સમાસાન્ત થાય છે. **पञ्च भृतिः अस्य = पञ्च + क = पञ्चकः, पञ्चकः मासो अस्य = पञ्चक + मास + इक = पञ्चकमासिकः** = જેને મહિને મહિને પાંચ રૂપીયાનો પગાર છે, અથવા મહિને મહિને પાંચ રૂપીયાનું ભાડું છે, અથવા પાંચ રૂપિયાનો પગાર છે

द्विपदाद् धर्मादन् ॥ ७–३–१४१ ॥

બે પદવાળા બહુવ્રીહિસમાસના અન્તે આવેલ, **धर्म** શબ્દને **'अन्'** સમાસાન્ત થાય છે. **साधूनाम् धर्म इव यस्य सः = साधुधर्मः, साधुधर्म + अन् = साधुधर्मन् = साधुधर्मा =** સાધુઓની જેવા ધર્મવાળો.

सु–हस्ति–तृण–सोमाज्जम्भात् ॥ ७–३–१४२ ॥

બહુવ્રીહિ સમાસમાં આવેલ સુ, હસ્તિ, તૃણ અને સોમ શબ્દથી પર રહેલ, જમ્ભ શબ્દને **'अन्'** સમાસાન્ત થાય છે **शोभनः जम्भः यस्य सः = सु + जम्भ + अन् = सुजम्भा =** જેનું ખાદ્ય સારું છે, જેની દાઢ સારી છે તે – ખાનદાન, **हस्तिः जम्भ यस्य सः = हस्तिजम्भा =** જેનું ખાદ્ય હસ્તિ છે, **तृणमिव जम्भः यस्य सः = तृणजम्भा =** જેનું ખાદ્ય ઘાસ છે, જેની દાઢ ઘાસ જેવી છે તે, **सोम जम्भः यस्य सः = सोमजम्भा =** સોમલતા જેવું જેનું ખાદ્ય છે તે.

दक्षिणेर्मा व्याधयोगे ॥ ७–३–१४३ ॥

બહુવ્રીહિસમાસના અન્તે આવેલ અને વ્યાધના વિશેષણરૂપ વપરાયેલ **इर्मन्** શબ્દાન્ત એવા શબ્દને **'अन्'** સમાસાન્ત થાય છે. **दक्षिणे इर्म यस्य सः = दक्षिणेर्मन्, दक्षिणेमन् + अन् = दक्षिणेर्मा मृगः =** જેને જમણી બાજુમાં ઘા પડેલ છે એવો મૃગ.

सु–पूत्युत्–सुरभेर्गन्धादिद् गुणे ॥ ७–३–१४४ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ સુ, પૂતિ, ઉત્ અને સુરભિ શબ્દથી પર રહેલ, ગુણ અર્થક ગન્ધ શબ્દને **'इत्'** સમાસાન્ત થાય છે.

सुष्ठु गन्धः यस्य = सु + गन्ध + इत् = **सुगन्धिः द्रव्यम्** = સુગંધવાળો પદાર્થ, **पूति गन्धः यस्य सः** = **पूतिगन्धिः** = દુર્ગંધવાળું, **उत्कटः गन्धः यस्य सः** = **उद्गन्धिः** = ઉગ્રગંધવાળું, **सुरभिः गन्धः यस्य सः** = **सुरभिगन्धिः द्रव्यम्** =સુગંધવાળું દ્રવ્ય.

वाऽऽगन्तौ ॥ ७–३–१४५ ॥

બહુવ્રીહિસમાસમાં સુ, પૂતિ, ઉત્ અને સુરભિથી પર આવેલ આગન્તુક ગંધ અર્થક ગંધ શબ્દને 'ઈત્' સમાસાન્ત વિકલ્પે થાય છે. **सुष्ठु गन्धः यस्य सः** = सु + गन्ध + इत् = **सुगन्धिः**, **सुगन्धः काया** = સુગન્ધવાળું શરીર, **पूतगन्धिः, पूतगन्धः** = દુર્ગંધવાળો પદાર્થ, **उद्गन्धिः, उद्गन्धः** = ઉગ્રગંધવાળો પદાર્થ, **सुरभिगन्धः, सुरभिगन्धः** = સુંદર ગંધવાળો પદાર્થ – પવન. આગન્તુક એટલે સ્વભાવિક નહિ પણ બીજી રીતે આવેલ ગંધ.

वाऽल्पे ॥ ७–३–१४६ ॥

બહુવ્રીહિસમાસને અન્તે આવેલ, અલ્પ ગંધનો સૂચક ગંધ શબ્દને, વિકલ્પે 'ઈત્' સમાસાન્ત થાય છે. **सुपस्य गन्धः मात्रा यस्मिन् तत्** = **सूपगन्ध** + इत् = **सूपगन्धिः, सूपगन्धम् भोजनम्** = સૂપની ઓછી ગંધવાળું ભોજન.

वोपमानात् ॥ ७–३–१४७ ॥

બહુવ્રીહિસમાસમાં ઉપમાનવાચક શબ્દથી પર રહેલ, ગંધ શબ્દને, વિકલ્પે 'ઈત્' સમાસાન્ત થાય છે. **उत्पलमिव गन्धो यस्य सः** = **उत्पल + गन्ध + इत्** = **उत्पलगन्धिः, उत्पलगन्धं मुखम्** = પદ્મના મુગંધવાળું મુખ.

पात् पदस्यांऽहस्त्यादेः ॥ ७–३–१४८ ॥

બહુવ્રીહિસમાસમાં હસ્તિ શબ્દ વર્જિત અન્ય ઉપમાનવાચક શબ્દથી પર રહેલ, પાદ શબ્દનો ' पात् ' આદેશ થાય છે. **व्याघ्रस्य पादौ इव पादाः यस्य सः = व्याघ्रपात्** = જેના પગ વાઘના પગ જેવા છે તે, મુનિ વિશેષ.

कुम्मपद्यादिः ॥ ७–३–१४९ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ પાદ શબ્દનો, पत् આદેશ કરેલ છે, એવા હ્રસ્વ ઇકારાન્ત કુમ્ભપદી વગેરે શબ્દો ' निपातन ' થાય છે. **कुम्भौ इव पादौ यस्य सः = कुम्मपदी** = જેના પગ કુમ્ભ જેવા છે તે, **जाल इव पादौ यस्य सः = जालपदी** = જેના પગ જાળની જેવા છે.

सु–सङ्ख्यात् ॥ ७–३–१५० ॥

બહુવ્રીહિસમાસમાં સુ અને સંખ્યાવાચક શબ્દથી પર રહેલ, પાદનો ' पत् ' આદેશ થાય છે. **सुष्ठु पादौ यस्य सः = सुपत्** = જેના પગ સુંદર છે તે, **द्वौ पादौ यस्य सः = द्विपत्** = જેના બે પગ છે તે.

वयसि दन्तस्य दतृः ॥ ७–३–१५१ ॥

બહુવ્રીહિસમાસમાં સુ અને સંખ્યાવાચક શબ્દથી પર રહેલ, દન્ત શબ્દનો ' दतृ ' આદેશ થાય છે. જો ઉમર અર્થ જણાતો હોય તે, **सुष्ठु दन्ताः यस्य सः = सु + दत = सुदत = सुदत् = सुदन् कुमारः** = સારા દાંત વાળો કુમાર, **द्वौ दन्तौ यस्य सः = द्विदन् बालः** = બે દાંતવાળો બાલક.

स्त्रियां नाम्नि ॥ ७–३–१५२ ॥

બહુવ્રીહિસમાસમાં સ્ત્રીજાતિની સંજ્ઞા જણાતી હોય તો, દન્ત શબ્દનો '**दत्**' આદેશ થાય છે. **अय इव दन्ताः यस्याः सा = अयोदन्ता = अयोदत् = अयोदत् + ङी = अयोदती** = લોખંડ જેવા દાંતવાળી સ્ત્રી.

श्यावा–ऽरोकाद् वा ॥ ७–३–१५३ ॥

બહુવ્રીહિસમાસમાં સંજ્ઞાનો વિષય હોય તો, શ્યાવ અને અરોક શબ્દથી પર રહેલ, દન્ત શબ્દનો '**दत्**' આદેશ થાય છે. **श्यावाः दन्ताः यस्य सः = श्याव + दन्त = श्यावदन्तः = श्यावदत् = श्यावदन्, श्यावदन्तः** પીળા પડી ગયેલા દાંતવાળો, **अरोकाः दन्ताः यस्य सः = अरोकदत् = अरोकदत् = अरोकदन्, अरोकदन्तः** = છિદ્ર અથવા પ્રકાશ વગરના દાંતવાળો.

घाऽग्रान्त–शुद्ध–शुभ्र–वृष–वराहा–ऽहि–मूषिक–शिखरात् ॥ ७–३–१५४ ॥

બહુવ્રીહિસમાસમાં અગ્ર શબ્દ છે અન્તે જેને, એવા શબ્દથી તથા શુદ્ધ, શુભ્ર વગેરે શબ્દથી પર રહેલ, દન્ત શબ્દનો '**दत्**' આદેશ વિકલ્પે થાય છે. **कुड्मलाग्रदन्त=कुड्मलाग्रदन्, कुड्मलाग्र दन्तः** = કળીના અગ્રભાગ જેવા દાંતવાળો, **शुद्धदन्त = शुद्धदन्, शुद्धदन्तः** = ચોકખાદાંતવાળો, **शुभ्रदन्त = शुभ्रदन्, शुभ्रदन्तः** = સફેદ દાંતવાળો, **वृषदन्त = वृषदन्, वृषदन्तः** = બળદના દાંત જેવા દાંતવાળો, **वराहदन्त = वराहदन्, वराहदन्तः** = ભુંડના દાંતજેવા દાંતવાળો, **अहिदन्त = अहिदन्, अहिदन्तः** = સર્પના દાંત જેવા દાંતવાળો, **मूषिकदन्त = मूषिकदन्, मूषिकदन्तः** = ઉંદરના દાંત જેવા તીણા દાંતવાળો, **शिखरदन्तः = शिखरदन्, शिखरदन्तः** = શિખરના આગળના ભાગ જેવા દાંતવાળો.

सम्–प्राज्जानौ ङ्–ज्ञौ ॥ ७–३–१५५ ॥

બહુવ્રીહિસમાસમાં સમ્ અને પ્ર શબ્દથી પર રહેલ, જાનુ શબ્દનો '**ઙુ**' અને '**જ્ઞ**' આદેશ થાય છે. **संहते जानुनी यस्य सः = सङ्गुः, संज्ञः** = સાથે મળેલા – સારા ઢીંચણ–ધુંટણવાળો. **प्रगते विरले जनुनी यस्य सः = प्रङ्गुः, प्रज्ञः** = ગયેલા અથવા ઉત્તમ ઢીંચણવાળો.

वोर्ध्वात् ॥ ७–३–१५६ ॥

બહુવ્રીહિસમાસમાં ઊર્ધ્વ શબ્દથી પર રહેલ, જાનુ શબ્દનો '**ઙુ**' અને '**જ્ઞ**' આદેશ વિકલ્પે થાય છે. **ऊर्ध्वमुच्चं जानु यस्य सः = ऊर्ध्वङ्गुः, ऊर्ध्वज्ञः, ऊर्ध्वजानुः** = ઊંચા ઢીંચણવાળો.

सुहृद्–दुर्हृद् मित्रा–ऽमित्रे ॥ ७–३–१५७ ॥

બહુવ્રીહિસમાસમાં સુ અને દુ શબ્દથી પર રહેલ, હૃદય શબ્દનો અનુક્રમે મિત્ર અને અમિત્ર અર્થમાં '**હૃદ્**' શબ્દ નિપાતન થાય છે. **सुष्ठु हृदयं यस्य सः = सुहृद्** = મિત્ર, **दुष्टं हृदयं यस्य सः = दुर्हृद्** = શત્રુ.

धनुषो धन्वन् ॥ ७–३–१५८ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ધનુસ્ શબ્દનો '**धन्वन्**' આદેશ થાય છે. **शार्ङ्गं धनुः यस्य सः = शार्ङ्गधन्वन् = शार्ङ्गधन्वा** = શિંગડાના આકારના બનેલા ધનુષ્યવાળો.

वा नाम्नि ॥ ७–३–१५९ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ધનુસ્ શબ્દનો, સંજ્ઞાના વિષયમાં

વિકલ્પે '**धन्वन्**' આદેશ થાય છે. **पुष्पं धनुः अस्य सः = पुष्पधन्वा, पुष्पधनुः** = પુષ્પના બનેલા ધનુષવાળો – કામદેવ.

खर–खुरान्नासिकाया नस् ॥ ७–३–१६० ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ખર અને ખુર શબ્દથી પર રહેલ નાસિકા શબ્દનો '**नस्**' આદેશ થાય છે જો સંજ્ઞાનો વિષય હોય તો. **खरा, खर वा इव नासिका यस्य सः = खर नासिका = खर + नस् = खरणाः** = કઠણ નાસિકાવાળો અથવા ગધેડા જેવી નાસિકાવાળો–તીક્ષ્ણ નાસિકા, **खुर इव नासिका यस्य सः = खुर + नासिका = खुरणाः** = ખરી–ગાયના પગની ખરી જેવી નાસિકાવાળો–ચપટ નાસિકા.

अस्थूलाच्च नसः ॥ ७–३–१६१ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલા, સ્થૂલ શબ્દ વર્જિત્ અન્ય શબ્દથી તથા ખર અને ખુર શબ્દથી પર રહેલ નાસિકા શબ્દનો '**नस**' આદેશ થાય છે. **द्रुरिव दीर्घा नासिका यस्य सः = द्रु + नासिका = द्रु + नस = द्रुणसः** = ઝાડ જેવી નાસિકાવાળો–લાંબા નાકવાળો. **खर + नासिका = खरणसः** = તીક્ષ્ણ નાસિકાવાળો, **खुर + नासिका = खुरणसः** – ચપટા નાસિકાવાળો.

उपसर्गात् ॥ ७–३–१६२ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલા ઉપસર્ગથી પર રહેલ, નાસિકા શબ્દનો '**नस**' આદેશ થાય છે. **प्रकृष्टा नासिका यस्य तत् = प्र + नासिका = प्र + नस=प्रणसम् मुखम्**=ઉત્તમ નાસિકાવાળું મુખ.

वेः खु–खन–ग्रम् ॥ ७–३–१६३ ॥

બહુવ્રીહિસમાસના અન્તે આવેલ વિ ઉપસર્ગથી પર રહેલ, નાસિકા શબ્દનો 'ખ્યુ' 'ખ્ર' અને 'ગ્ર' આદેશ થાય છે. **विगता नासिका यस्य सः = वि + नासिका = वि + ख्यु, वि + ख्र, वि + ग्र = विख्युः, विख्रः, विग्रः** = જેનું નાક નાશ પામ્યું છે તે–નાક વગરનો.

जायायाः जानि ॥ ७–३–१६४ ॥

બહુવ્રીહિસમાસના અન્તે આવેલ જાયા શબ્દનો "**जानि**" આદેશ થાય છે. **युवतिः जायाः यस्य सः =युवति + जाया = युवजानिः** = જેની પત્નિ યુવતિ – જુવાન છે તે

व्युदः काकुदस्य लुक् ॥ ७–३–१६५ ॥

બહુવ્રીહિસમાસમાં વિ અને ઉદ્ ઉપસર્ગથી પર રહેલ, કાકુદ શબ્દના અન્તના અક્ષરનો 'લુક્' થાય છે. **विगतं काकुदं यस्य सः = वि + काकुद = विकाकुत्** = જેનું તાળવું નષ્ટ થયું છે તે, **ऊर्ध्वं गतं काकुदः यस्य सः= उद् + काकुद् = उत्काकुत्** = જેનું તાળવું ઉંચું થયું છે તે.

पूर्णाद् वा ॥ ७–३–१६६ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ,પૂર્ણ શબ્દથી પર રહેલ, કાકુદ શબ્દના અન્તના અક્ષરનો, વિકલ્પે 'લુક્' થાય છે. **पूर्णं काकुदं यस्य सः = पूर्ण + काकुद = पूर्णकाकुत्, पूर्णकाकुदः** = સાજ્ઞતાજ્ઞ તાળવાવાળો.

ककुदस्याऽवस्थायाम् ॥ ७–३–१६७ ॥

બહુવ્રીહિસમાસવાળા કકુદ શબ્દના અન્તના અક્ષરને, ઉમર

જણાતી હોય તો ' લુક્ ' થાય છે. **पूर्णं + ककुद = पूर्णककुत् युवा** = જેને પૂર્ણ ખુંધ દેખાય છે એવો યુવાન બળદ. **न विद्यते ककुदः यस्य सः = अ + ककुद = अककुत् बालः** = જેને ખાંધ દેખાતી નથી એવો બાળ બળદ–વાછરડો.

त्रिककुद् गिरौ ॥ ७–३–१६८ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ત્રિ શબ્દથી પર રહેલ, ક્રુકુદ શબ્દના અન્તના અક્ષારનો પર્વતરૂપ સંજ્ઞા અર્થમાં ' લુક્ ' થાય છે. **त्रिणि ककुदतुल्यानि शृङ्गाणि यस्य सः = त्रि. + ककुद = त्रिककुद् गिरिः** = જે ગિરિને ખાંધ જેવા ત્રણ શિખરો છે તે–ત્રિકૂટ પર્વત

स्त्रियामूधसो न् ॥ ७–३–१६९ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ઊધસ્ શબ્દના અક્ષારનો, સ્ત્રી જાતિમાં ' न् ' આદેશ થાય છે. **कुण्डो इव ऊधसो यस्याः सा = कुण्ड + उधस् = कुण्डोधन्+ङी = कुण्डोध्नी गौः** = જેના આઉ કુંડા જેવા છે તેવી ગાય

इनः कच् ॥ ७–३–१७० ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, ઈન્ પ્રત્યયાન્ત નામને, સ્ત્રી જાતિમાં **'कच्'** સમાસાન્ત થાય છે. **बहवः दण्डाः अस्ति अस्य = बहुदण्ड + इन् = बहुदण्डिन्, बहुदण्डिनः सन्ति यस्मिन् सा = बहुदण्डिन् + कच् + आ = बहुदण्डिका सेना** = જે સેનામાં ઘણા દંડધારીઓ છે, તેવી સેના.

ऋन्नित्यदितः ॥ ७–३–१७१ ॥

બહુવ્રીહિસમાસમા આવેલ, ઋકારાન્ત નામને તથા જેને નિત્ય ई અનુબંધવાળા–નિશાનવાળા પ્રત્યયો લાગે છે એવા નામને ' कच् '

સમાસાન્ત થાય છે **बहवः कर्तारः यस्मिन् सः = बहु + कर्तृ + कच् बहुकर्तृकः देशः** = જે દેશમાં ઘણા કર્તા છે, તેવો દેશ. **बहवः नद्यः यस्मिन् सः = बहुनदीकः देशः**=જે દેશમાં ઘણી નદીઓ છે, તેવો દેશ. " **स्त्रीदूतः [१-४-२९]** " એ સૂત્રથી ડે, ડસિ, ડસ્ અને ङि પ્રત્યયના સ્થાને ङ् અનુબંધવાળા અનુક્રમે દૈ, દસિ, દાસ્ અને દે પ્રત્યયો થાય છે, તે લેવાના છે.

दध्युरः–सर्पिर्मधूपानच्छाल्वेः ॥ ७–२–१७२ ॥

બહુવ્રીહિસમાસના અન્તે આવેલ દધિ, ઉરસ્ વગેરે શબ્દને '**કચ્**' સમાસાન્ત થાય છે. **प्रियदधि + कच् = प्रियदधिकः** = જેને દહીં પ્રિય છે તે, **प्रियोरस् + कच् = प्रियोरस्कः** = જેને છાતી પ્રિય છે તે, **बहुसर्पिष् + कच् = बहुसर्पिष्कः** = જેની પાસે ઘી ઘણું છે તે, **अमधु + कच् = अमधुकः** = જેની પાસે મધ નથી તે, **बहु + उपानत् + कच् = बहूपानत्कः** = જેની પાસે ઘણા જોડા છે તે, **अशालि + कच् = अशालिकः** = જેની પાસે ચોખા નથી તે.

पुमनडुन्नौ–पयो–लक्ष्म्या एकत्वे ॥ ७–३–१७३ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ એકવચનવાળા પુમ્, અનડુત્ વગેરે શબ્દને '**કચ્**' સમાસાન્ત થાય છે. **नास्ति पुमान् यस्य सः = अपुंस् + कच् = अपुंस्कः** = જેમાં એક પુરૂષ નથી તે, **प्रियानडुत् + कच् = प्रियानडुत्कः** = જેને એક બળદ પ્રિય છે તે, **अनौ + कच् = अनौकः**=જેની પાસે એકેય નાવ નથી તે, **अपयस् + कच् = अपयस्कः** = જેની પાસે દુધ કે પાણી નથી તે, **सुलक्ष्मी + कच् = सुलक्ष्मीकः** = જેની પાસે સારી લક્ષ્મી છે તે.

नञोऽर्थात् ॥ ७–३–१७४ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ, નઞ્ શબ્દથી પર રહેલ, અર્થ શબ્દને ' **કચ્** ' સમાસાન્ત થાય છે. **નાસ્તિ અર્થઃ યસ્ય સઃ** = **અન્ + અર્થ + કચ્ = અનર્થક વચઃ** = અર્થ વગરનું વચન.

શેષાદ્ વા ॥ ૭-૩-૧૭૫ ॥

બહુવ્રીહિસમાસવાળા જે શેષ શબ્દો, તેને વિકલ્પે '**કચ્**' સમાસાન્ત થાય છે. **બહવઃ ખટ્વાઃ યસ્ય સઃ=બહુ+ખટ્વા+કચ્ = બહુખટ્વકઃ**, **બહુખટ્વઃ** = જેની પાસે ઘણા ખાટલા છે તે. " **સમાસાન્તઃ** [૭-૩-૬૯] " એ સૂત્રથી માંડીને " **નઞોઽર્થાત્** [૭-૩-૧૭૪]" એ સૂત્ર સુધીમાં સૂત્રો દ્વારા બહુવ્રીહિસમાસ અંગે જે જે શબ્દને સમાસાન્તનું તથા જે જે શબ્દોને આદેશનું વિધાન કરેલ છે તે બધાય શબ્દો સિવાયના બીજા બધાય શબ્દો ' શેષ ' સમજવા.

ન નામ્નિ ॥ ૭-૩-૧૭૬ ॥

ક્રોધની સંજ્ઞાનો વિષય હોય તો, સમાસના અંતે આવેલ ક્રોધવાચક શબ્દને ' **કચ્** ' સમાસાન્ત થતો નથી, **બહવઃ દેવદત્તાઃ યસ્મિન્ સઃ = બહુદેવદત્તો નામ ગ્રામઃ** = બહુદેવદત્ત નામનું ગામ.

ઇયસોઃ ॥ ૭-૩-૧૭૭ ॥

સમાસમાં આવેલ ઇયસ્ પ્રત્યયાન્તવાળા નામને '**કચ્**' સમાસાન્ત થતો નથી. **બહુશ્રેયસી સેના** = બહુકલ્યાણરૂપ સેના.

સહાત્ તુલ્યયોગે ॥ ૭-૩-૧૭૮ ॥

બહુવ્રીહિસમાસની આદિમાં આવેલ, વિદ્યમાનતા અને સમાનતા સૂચક સહ શબ્દવાળા નામને ' **કચ્** ' સમાસાન્ત થતો નથી. **સહૈવ દશભિઃ પુત્રૈઃ ભારં વહતિ ગર્દભી** = દશ પુત્રો વિદ્યમાન હોય છતાં

ગધેડી ભારને ક્યાં કરે છે. અહિં સહ શબ્દનો અર્થ વિદ્યમાનતા છે **पुत्रेण सह पिता स्थूलः अस्ति** = પુત્રની સાથે પિતા જાય છે અહિં જેમ પિતા સ્થૂલ છે તેમ પુત્ર પણ સ્થૂલ છે એટલે પિતા–પુત્ર બંને સમાન ગુણવાળા છે. **पुत्रेण सह पिता गच्छति** = પુત્રની સાથે પિતા જાય છે. અહિં પિતા જાય છે તેન પુત્ર પણ જાય છે એટલે પિતા–પુત્ર બન્નેની સમાન ક્રિયાળા છે, જેથી આ બન્ને પ્રયોગ તુલ્ય યોગના સૂચક છે. **पुत्रेण सह वर्तमानः = सपुत्रः, सपुत्रः याति** = પુત્રની સાથો સાથ જાય છે. અર્થાત પુત્ર પણ ગતિક્રિયા કરે છે.

भ्रातुः स्तुतौ ॥ ७–३–१७९ ॥

સ્તુતિ અર્થ જણાતો હોય તો, સમાસના અન્તે આવેલ ભ્રાતૃ શબ્દને ' **कच्** ' સમાસાન્ત થતો નથી. **शोभनं भ्राता = सु + भ्राता = सुभ्राता** = સારો ભાઈ.

नाडी–तन्त्रीभ्यां स्वाङ्गे ॥ ७–३–१८० ॥

સમાસના અંતે આવેલ, સ્વાંગવાચક નાડી અને તન્ત્રી શબ્દને ' **कच्** ' સમાસાન્ત થતો નથી. **बहवः नाड्यः यस्मिन् सः = बहुनाडिः कायः** = બહુ નાડીઓવાળું શરીર, **बहवः तन्त्रयोः यस्मिन् सः = बहुतन्त्री ग्रीवा** = ઘણી તન્ત્રી–નસોવાળી ડોક.

निष्प्रवाणिः ॥ ७–३–१८१ ॥

કચ્ સમાસાન્તના અભાવ રૂપ નિષ્પ્રવાણિ શબ્દ ' **निपातन** ' થાય છે. **निर्गता प्रवाणी तन्तुवायशलाका अस्मादस्य वा = निष्प्रवाणिः पटः** = વણકરની સળીમાંથી જે વસ્ત્ર નીકળી ગયું તે

અર્થાત્ વણવાના યંત્રમાંથી વણાઈને તરતજ તૈયાર થયેલ વસ્ત્ર–કોરું નવું વસ્ત્ર.

सुभ्रूवादिभ्यः ॥ ७–३–१८२ ॥

ક્યૂના અભાવ રૂપ સુભ્રૂ વગેરે શબ્દો ' **निपातन** ' થાય છે. **सुष्ठु भ्रूः यस्याः सा सुभ्रूः** = જેના ભ્રમર સુંદર છે એવી સ્ત્રી **वरः ऊरुः यस्याः सा = वरोरूः** = જેના સાથળ સારા છે એવી સ્ત્રી.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनी शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः
सप्तमोऽध्यायस्य तृतीयपादः ॥



[अथ चतुर्थपादः]

वृद्धिः स्वरेष्वादेर्ञ्णिति तद्धिते ॥ ७-४-१ ॥

ञ्णिति-ञ् અને ણ્ અનુબંધવાળા-નિશાનવાળા તદ્ધિતપ્રત્યય પર છતાં, નામના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **दक्षस्य अपत्यम्, तद् गोत्रापत्यम् वा = दक्ष + इञ् = दाक्षिः**=દક્ષનો પુત્ર, દક્ષનો ગોત્રજ. **भृगोरपत्यम्, तद् गोत्रापत्यम् वा = भृगु + अण् = भार्गवः** = ભૃગુ ઋષિનો પુત્ર, ભૃગુ ઋષિનો વંશજ.

केकय-मित्रयु-प्रलयस्य यादेरिय् च ॥ ७-४-२ ॥

ञ्णिति તદ્ધિતપ્રત્યય પર છતાં, કેકય, મિત્રયુ અને પ્રલય શબ્દના આદિ સ્વરની વૃદ્ધિ થાય છે અને અન્તના ય અને યુ નો 'ઇય' આદેશ થાય છે. **केकयस्यापत्यम् = केकय + अण् = कैक + इय + अण् = कैकेयः** = કેકયનો પુત્ર, **मित्रयोरपत्यम् स्त्री = मित्रयु + अकञ् = मैत्र + इर्य + अकञ् + आ = मैत्रेयिका** = મિત્રયુની પુત્રી, **मैत्रेयिकया श्लाघते** = મૈત્રેયિકા-મિત્રયુની પુત્રી વડે પ્રશંસા કરે છે **प्रलीयते-क्ष्रीयते जगदस्मिन्=प्रलयायः, प्रलयाय हिमम् = प्रलय + अण् = प्राल + इय + अण् = प्रालेयम् हिमम्** = પ્રલયકારી હિમ.

देविका-शिंशपा-दीर्घसत्र-श्रेयस्तत्प्राप्तावाः ॥ ७-४-३ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય પર છતાં દેવિકા, શિંશપા, દીર્ઘસત્ર અને શ્રેયસ્ શબ્દને વૃદ્ધિનો પ્રસંગ પ્રાપ્ત થતાં તેમના આદિ સ્વરનો

'आ' થાય છે. **देविकायां भवः = देविका + अण् = दैविकं जलम्** = દેવિકા નદીનું પાણી, **शिंशपायाः भवो जातो वा = शांशपः स्तम्भः** = સીસમના લાકડાંમાંથી બનાવેલ થાંભલો, **दीर्घसत्रे भवः = दीर्घसत्र + अण् = दार्घसत्रम्** = લાંબા કાળ સુધીના યજ્ઞમાં થનાર, **श्रेयसमिव = श्रायस् + अण् = श्रायसं द्वादशाङ्गम्** = કલ્યાણકારી દ્વાદશાંગી.

वहीनरस्य एत् ॥ ७–४–४ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, वहीनर શબ્દના આદિ સ્વરને 'ए' આદેશ થાય છે. **वहीनरस्य अपत्यम् = वैहीनर + इञ् = वैहीनरिः** = વહીનરનો પુત્ર.

य्वः पदान्तात् प्रागैदौत् ॥ ७–४–५ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય પર છતાં, શબ્દના ઇવર્ણ અને ઉવર્ણની વૃદ્ધિ થતાં, એ ઇવર્ણ અને ઉવર્ણના સ્થાને થયેલ, તથા પદાન્તમાં રહેલા य् અને व् ની પહેલા અનુક્રમે 'ऐ' અને 'औ' ઉમેરાય છે. **न्यायं वेत्ति अधीते वा = न्याय + इकण् = न्य् + आय + इकण् = नैय् + आय् + इकण् = नैयायिकः** = ન્યાયને જાણનાર અથવા ભણનાર, **स्वश्वस्य अपत्यम् = स्यश्व + अण् = स्व् + अश्व + अण् = सौव् + अश्व् + अण् = सौवश्वः** = જેની પાસે સારો ઘોડો છે તે સ્વશ્વ – સ્વશ્વનો પુત્ર.

द्वारादेः ॥ ७–४–६ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય પર છતાં, द्वार વગેરે શબ્દમાં રહેલ य् અને व् ની નજીકમાં રહેલ, સ્વરની વૃદ્ધિ થતી હોય તો, य् અને व् ની પહેલા અનુક્રમે 'ऐ' અને 'औ' ઉમેરાય છે. **द्वारे नियुक्तः =**

द्वार + इकण् = दुवार + इकण् = दौवार् + इकण् = दौवारिकः = દ્વાન, **खरस्य ग्रन्थः** = स्वर + अण्=सुवर + अण्= सौवर् + अण = **सौवरः ग्रन्थः** = સ્વર સંબંધી ગ્રન્થ.

न्यग्रोधस्य केवलस्य ॥ ७–४–७ ॥

ञ्णिति પ્રત્યય પર છતાં, સમાસ વગર એકલા ન્યગ્રોધ શબ્દના य् ની નજીકના સ્વરની વૃદ્ધિ થતા य् ની પહેલા 'ऐ' ઉમેરાય છે. **न्यग्रोधस्य विकारः** = न्यग्रोध + अण् = न्य् + अग्रोध + अण् = नैय् + अगोध् + अण् = **नैयग्रोधः दण्डः** = ન્યગ્રોધ – વડના લાકડામાંથી બનાવેલો દંડ.

न्यङ्कोर्वा ॥ ७–४–८ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય પર છતાં, સમાસ વગરના એકલા न्यङ्कु શબ્દની નજીકના સ્વરની વૃદ્ધિ થતાં, य् ની પહેલા વિકલ્પે 'ऐ' ઉમેરાય છે. **न्यङ्कोर्विकारः** = न्यङ्कु + अण् = न्य् + अङ्कव् + अण्=नैय् + अङ्कव् + अण् = **नैयङ्कवम्, न्याङ्कवम्** = એક જાતના હરણનું ચામડું.

न स्वाङ्गादेः ॥ ७–४–९ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય સંબંધિ ञ् પ્રત્યયવાળા શબ્દોમાં તથા स्वाङ्ग વગેરે શબ્દમાં य् અને व् પહેલા અનુક્રમે 'ऐ' અને 'औ' ઉમેરાતો નથી. **वि + अव + क्राश् + अ + इञ् = व्यावक्रोशी** = પરસ્પર આક્રોશ કરવો – પરસ્પર ગાળો દેવી. **''व्यति-हारे० [५–३–११६]''** એ સૂત્રથી સ્ત્રીલિંગસૂચક અ પ્રત્યય થયેલ છે. **स्वाङ्गस्य अपत्यम्** = स्वाङ्ग + इञ् = स्वाङ्गिः = સ્વાંગનો પુત્ર, વિશેષ નામ. **व्यङ्गस्य अपत्यम्** = व्यङ्ग + इञ् = **व्यङ्गिः** =

વ્યંગનો પુત્ર, વિશેષ નામ. સ્વાંગ = સારા અંગવાળો, વ્યંગ = વિકલ અંગવાળો. આ બન્ને વિશેષ નામો છે.

श्वादेरिति ॥ ७–४–१० ॥

ઇકારાદિ ञ્ણિતિ તદ્ધિત પ્રત્યય પર છતાં, જે શબ્દની આદિ श्वन्રૂપ અવયવ હોય, એવા શબ્દોના વૃદ્ધિ ની પહેલા 'औ' ઉમેરાતો નથી. **श्वभस्त्रस्य अपत्यम् = श्वभस्त्र + इञ् = श्वाभस्त्रिः** = શ્વભસ્ત્રનો પુત્ર.

इञः ॥ ७–४–११ ॥

ञ્ણિતિ તદ્ધિતપ્રત્યય સંબંધિ ईञ् પ્રત્યય પર છતાં, શબ્દની આદિમાં श्वन् રૂપ અવયવ હોય, એવા શબ્દના વૃદ્ધિ ની પહેલા 'औ' ઉમેરાતો નથી. **श्वाभभस्त्रस्य अपत्यम् = श्वाभस्त्र + इञ् = श्वाभस्त्रिः तस्य इदम् = श्वभस्त्रि + अण् = श्वाभस्त्रम्** = શ્વાભસ્ત્રિનું આ કાંઈ.

पदस्याऽनिति वा ॥ ७–४–१२ ॥

ञ्णिति તદ્ધિત પ્રત્યય સંબંધિ ઇકારાદિ તદ્ધિત પ્રત્યય ન લાગ્યા હોય, અને श्वन् શબ્દની પછી પદ શબ્દ આવેલ હોય તો, શ્વ શબ્દના વૃદ્ધિ ની પહેલા 'औ' વિકલ્પે ઉમેરાય છે. **श्वापदस्य विकारः = श्वापद + अण् = श्वापदम्, पक्षे = श्व् + आपद + अण् = शौव् + आपद् + अण् = शौवापदम्** = હિંસક પશુ – વાઘનો વિકાર.

प्रोष्ठ–भद्राज्जाते ॥ ७–४–१३ ॥

મત અર્થમાં વિધાન કરાયેલ એવા ञ्णिति तद्धिति પ્રત્યય પર છતાં, પ્રોષ્ઠ અને ભદ્ર શબ્દથી પર રહેલ, પદ શબ્દના આદિ સ્વરની

'વૃદ્ધિ' થાય છે. **प्रोष्ठपदासु जातः = प्रोष्ठ + पद् + अण् = प्रौष्ठपादः बहुः** = પૂર્વાભાદ્રપદ કે ઉત્તરાભાદ્રપદમાં જન્મેલ બહુક, **भद्रपदासु जातः=भाद्रपदः बहुः**=પૂર્વાભાદ્રપદ કે ઉત્તરાભાદ્રપદમાં જન્મેલ બહુક.

अंशादतोः ॥ ७–४–१४ ॥

ञ્યિુતિ તદ્ધિતપ્રત્યય પર છતાં, અંશવાચક નામથી પર રહેલ, ઋતુવાચક ઉત્તરપદના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **पूर्ववर्षायाम् जातः = पूर्व + वर्षा + इकण् = पूर्ववार्षिकः** = વર્ષાઋતુના પૂર્વ ભાગમાં જન્મેલ.

सु–सर्वा–ऽर्द्धाद् राष्ट्रस्य ॥ ७–४–१५ ॥

ञ્યિુતિ તદ્ધિત પ્રત્યય પર છતાં સુ, સર્વ અને અર્ધથી પર આવેલ, રાષ્ટ્રવાચક ઉત્તરપદના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **सुपञ्चालेषु भवः = सु + पञ्चाल + अकञ् = सुपाञ्चालकः** = સારા પંચાલમાં થયેલો, **सर्वपञ्चालेषु भवः = सर्वपाञ्चालकः** = આખા પંચાલમાં થયેલો, **अर्धपञ्चालेषु भवः = अर्धपाञ्चालिकः** = અર્ધ પંચાલમાં થયેલો.

अमद्रस्य दिशः ॥ ७–४–१६ ॥

ञ્યિુતિ તદ્ધિતપ્રત્યય પર છતાં, દિશાવાચક નામથી પર રહેલ, મદ્ર વર્જિત રાષ્ટ્રવાચક ઉત્તરપદના સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **पूर्वपञ्चालेषु भवः = पूर्वपञ्चाल + अकञ् = पूर्वपाञ्चालकः** = પાંચાલદેશની પૂર્વ દિશામાં થયેલો.

प्राग्ग्रामाणाम् ॥ ७–४–१७ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, દિશાવાચક નામથી પર રહેલ, તથા પ્રાગ્દેશમાં રહેલ, ગ્રામ વાચક નામના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **पूर्वकृष्णमृत्तिकायां भव = पूर्वकृष्णमृत्तिका + इकण् = पूर्वकार्ष्णमृत्तिकः** = પ્રાગ્દેશમાં આવેલ પૂર્વકૃષ્ણમૃત્તિકા નામના ગામમાં થયેલ. **पूर्वकान्यकुब्जे भवः = पूर्वकन्यकुब्ज + अकञ् = पूर्वकान्यकुब्जकः** = પ્રાગ્દેશમાં આવેલ પૂર્વકન્યકુબ્જમાં થયેલો. અહિં કૃષ્ણ નું કાર્ષ્ણ અને કન્યનું કાન્ય થયું.

सङ्ख्या–ऽधिकाभ्या वर्षस्याऽभाविनि ॥ ७–४–१८ ॥

ભાવ અર્થમાં વિધાન કરાયેલ તદ્ધિતપ્રત્યયો સિવાયના ञ्णिति તદ્ધિતપ્રત્યય પર છતાં, સંખ્યાવાચક શબ્દથી પર આવેલ, વર્ષ અને અધિક શબ્દથી પર આવેલ, વર્ષ શબ્દના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **द्वाभ्यां वर्षाभ्यां निवृत्तः = द्विवर्ष+इकण्=द्विवार्षिकः** =બે વર્ષ વડે સમાપ્ત થયેલ, **अधिकेन वर्षेण निवृत्तः = अधिकवार्षिकः** = વધારે વર્ષ વડે સમાપ્ત થયેલ.

मान–संवत्सरस्याऽशाण–कुलिजस्याऽनाम्नि ॥ ७–४–१९ ॥

ञ्णिति તદ્ધિતપ્રત્યય પર છતાં, સંખ્યાવાચક શબ્દથી, તથા અધિક શબ્દથી પર રહેલ, शाण અને कुलिज શબ્દ વર્જિત માન-વાચક શબ્દના, તથા संवत्सर શબ્દના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. જો સંજ્ઞાનો વિષય ન હોય તો. **द्वौ कुडवौ प्रयोजनमस्य = द्वि + कुडव + इकण् = द्विकौडविकः** = જેનું પ્રયોજન બે કુડવ છે, **अधिकः कुडवः प्रयोजनमस्य = अधिककौडविकः** = જેનું પ્રયોજન અધિક કુડવા છે. **द्वौ संवत्सरौ भूतः भावी वा = द्विसांवत्सरिकः** = બે વર્ષ થયેલો, બે વર્ષમાં થનારો.

अर्धात् परिमाणस्याऽनतो वा त्यादेः ॥ ७–४–२० ॥

ञिणति तद्धितप्रत्यय પર છતાં અર્ધ શબ્દથી પર આવેલ પરિમાણવાચક શબ્દના અ સિવાયના આદિ સ્વરાન્ત 'વૃદ્ધિ' થાય છે તથા અર્ધ શબ્દના આદિ સ્વરની વિકલ્પે 'વૃદ્ધિ' થાય છે. **अर्धेन कुडवेन क्रीतम् = अर्ध + कुडव + इकण् = अर्धकौडविकम्, आर्धकौडविकम्** = અર્ધ કુડવથી ખરીદેલું, **अर्धेन प्रस्थेन क्रीतम् = अर्धप्रस्थिकम, आर्धप्रस्थिकम्** = અર્ધ પ્રસ્થથી ખરીદેલું.

पाद् वाहणस्यैये ॥ ७–४–२१ ॥

એય પ્રત્યય પર છતાં પ્ર શબ્દ પછી વાહણ શબ્દ હોય તો, પ્ર શબ્દના સ્વરની વિકલ્પે 'વૃદ્ધિ' થાય છે. **प्रवाहणस्य अपत्यम् = प्रवाहण+एय=प्रवाहणेयः, प्रावाहणेयः**=પ્રવહણનો સંબંધિ આ.

एयस्य ॥ ७–४–२२ ॥

ञिणति તદ્ધિતપ્રત્યય પર છતાં, ઈય પ્રત્યયાન્ત એવા પ્રવાહણેય શબ્દની આદિમાં આવેલ, પ્ર શબ્દના સ્વરની વિકલ્પે 'વૃદ્ધિ' થાય છે. **प्रवाहणेयस्य अपत्यम् = प्रवाहण + एय + इञ् = प्रवाहणेयिः, प्रावाहणेयिः** = પ્રવહણેયનો પુત્ર.

नञः क्षेत्रज्ञेश्वर–कुशल–चपल–निपुण–शुचेः ॥ ७–४–२३ ॥

ञिणति તદ્ધિતપ્રત્યય પર છતાં, નઞ્ શબ્દ પછી આવેલા, ક્ષેત્ર ઈશ્વર વગેરે શબ્દના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે, તથા નઞ્ શબ્દના સ્થાને થયેલ, **अ** કે **अन्** ના સ્વરની વિકલ્પે 'વૃદ્ધિ' થાય

છે. **अक्षेत्रज्ञस्य भावः = अक्षेत्रज्ञ + अण् = अक्षैत्रज्ञम्, आक्षैत्रज्ञम्** = અક્ષેત્રજ્ઞપણું, અનાત્મપણું, **अनीश्वरस्य भावः = अनैश्वर्यम्, आनैश्वर्यम्** = અનીશ્વરપણું, **अकुशलस्य भावः = अकौशलम्, आकौशलम्** = અકુશલપણું, **अचपलस्य भावः = अचापलम्, आचापलम्** = અચપલપણું, સ્થિરતા, **अनिपुणस्य भावः = अनैपुणम्, आनैपुणम्** = અનિપુણપણું, **अशुचेः भावः = अशौचम्, आशौचम्** = અપવિત્રપણું.

जङ्गल-धेनु-वलजस्योत्तरपदस्य तु वा ॥ ७-४-२४ ॥

ञ્ણિતિ તદ્ધિતપ્રત્યય પર છતાં, જંગલ ધેનુ અને વલજ શબ્દો સમાસના ઉત્તરપદમાં હોય તો, પૂર્વપદના આદિ સ્વરની વિકલ્પે '**વૃદ્ધિ**' થાય છે. **कुरुजङ्गलेषु भवः = कुरु + जङ्गल + अण् = कौरुजङ्गलः, कौरुजाङ्गलः** = કુરુજંગલ નામના દેશમાં થયેલો, **विश्वधेनुषु भवः = वैश्वधेनवः, वैश्वधैनवः** = વિશ્વધેનુ નામના દેશમાં થયેલો, **सुवर्णवलजेषु भवः = सौवर्णवलजः, सौवर्णवालजः** = સુવર્ણવલજ નામના નગરમાં થયેલ.

हृद्-भग-सिन्धोः ॥ ७-४-२५ ॥

ञ્ણિતિ તદ્ધિતપ્રત્યય પર છતાં હૃદ્, ભગ અને સિન્ધુ શબ્દ સમાસના ઉત્તરપદમાં આવેલ હોય તો, પૂર્વપદના અને ઉત્તરપદના આદિ સ્વરની '**વૃદ્ધિ**' થાય છે. **सहृदः भावः = सु + हृद् + अण् = सौहार्दम्** = મિત્રતા, **सुभगस्य भावः = सौभाग्यम्** = સૌભાગ્ય, **सक्तुसिन्धोः भावः सात्तुसैन्धवः** = જેમા સાથવો નામનો ખાદ્ય પદાર્થની મુખ્યતા છે એવા સક્તુસિન્ધુ દેશમાં થયેલો.

प्राचां नगरस्य ७-४-२६ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, જે સમાસમાં પ્રાગ્દેશનું નગરવાચક નામ ઉત્તરપદમાં હોય તો, સમાસના ઉત્તરપદ અને પૂર્વપદના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. **सुह्मनगरे भवः = सुह्म + नगर + अण् = सौह्मनागरः** = સુહ્મનગરમાં થયેલો.

अनुशतिकादीनाम् ॥ ७-४-२७ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, અનુશતિક વગેરે શબ્દના પૂર્વપદ અને ઉત્તરપદના આદિ સ્વરની **'વૃદ્ધિ'** થાય છે. **अनुशतिकस्य इदम् = अनु + शतिक + अण् = आनुशातिकम्** = અનુશતિકનું આ, **अनुहोडेन इदम् = आनुहौडेनम्** = અનુહોડ-હોડી વડે કરનારો હોય તે.

देवतानामात्वादौ ॥ ७-४-२८ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, જે સમાસમાં દેવતાવાચક શબ્દો આવેલા હોય, એવા સમાસમાં જ્યાં આ કરવાનો પ્રસંગ આવે ત્યાં પૂર્વપદની અને ઉત્તરપદના આદિ સ્વરની **'વૃદ્ધિ'** થાય છે. **अग्निश्च विष्णुश्च देवता अस्य = अग्नि + विष्णु + अण् = आग्निवैष्णवम् सूक्तम्** = અગ્નિ અને વિષ્ણુ જેનો દેવતા છે, એવું સૂક્ત. આ પ્રયોગમાં **" वेद० [३-२-४१] "** એ સૂત્રથી **" उपासोपसः [३-२-४६] "** સૂત્ર સુધી 'આ' નું વિધાન કરેલ છે.

आतो नेन्द्र-वरुणस्य ॥ ७-४-२९ ॥

ञ्णिति तद्धितप्रत्यय પર છતાં, આકારાન્ત પૂર્વપદથી પર રહેલ ઉત્તરપદરૂપ ઇન્દ્ર અને વરુણ શબ્દના આદિ સ્વરની **'વૃદ્ધિ'**

થતી નથી. **आग्नेश्च इन्द्रश्च=आग्नेन्द्रौ देवता अस्य = अग्नि + इन्द्र + अण् = आग्नेन्द्रं सूक्तम्** = અગ્નિ અને ઇન્દ્ર દેવતા છે જેને એવું સૂક્ત. **इन्द्रश्च वरुणश्च = इन्द्रावरुणौ देवता अस्य = ऐन्द्रावरुणम्** = ઇન્દ્ર અને વરુણ જેના દેવતા છે.

सारवैक्ष्वाक-मैत्रेय-भ्रौणहत्य-धैवत्य-हिरण्मयम्

॥ ७-४-३० ॥

સારવ વગેરે અણ્ આદિ પ્રત્યયાન્ત તથા અય્ પ્રત્યયનો લોપ વિગેરે '**निपातन**' થાય છે. **सरय्वां भवम् = सारवम् उदकम्** = સરયૂ નદીનું પાણી, **इक्ष्वाकोः अपत्यम् = ऐक्ष्वाकः** = ઇક્ષ્વાકુનો પુત્ર, **मित्रयोः अपत्यम् = मैत्रेयः** = મિત્રયુનો પુત્ર, **भ्रूणघ्नः भावः = भ्रौणहत्यम्** = ગર્ભહત્યાનો ભાવ, **धीवनोः भावः = धैवत्यम्**= કુશળતા, **हिरण्यस्य विकारः = हिरण्मयम्** = સુવર્ણમય.

बाऽन्तमा-ऽन्तितमा-ऽन्तितो-ऽन्तिया-ऽन्तिपत्

॥ ७-४-३१ ॥

તમપ્ વગેરે પ્રત્યયાન્તવાળ તથા ક વગેરેનો વિકલ્પે લોપવાળા એવા અન્તતમ, અન્તિતમ વગેરે શબ્દો '**निपातन**' થાય છે, **अयम् एषाम् अतिशयेन अन्तिकः + तमप् = अन्तमः, अन्तिकतमः** = અત્યન્ત પાસે, **अन्तितमः, अन्तिकतमः** = ઘણો નજીક, **अन्तितः, अन्तिकतः** = નજીકથી આવનાર, **अन्तियः, अन्तिक्यः** = અંતે સારૂ, **अन्तिकपद्** , **अन्तिकपद्** = પાસે બેસનારો

विन-मतोर्ष्ठेयसौ लुप् ॥ ७-४-३२ ॥

ણિ, ષ્ઠ અને ઇયસુ પ્રત્યયનો, વિન્ અને મતુ પ્રત્યય પર

છતાં ' ક્ષેપ ' થાય છે. **स्रग्विणम् आचष्टे** = **स्रग् + विन् + णि = स्रजयति** = માળાવાળાને કહે છે. **स्रग्वत् + इष्ठ = स्रजिष्ठः** = બધા માળાવાળાઓમાં ઉત્તમ, **स्रग्वत् + ईयसु = स्रजीयान्** = બે માળાવાળાઓમાં સારોમાળવાળો, **त्वग्वत् + णि = त्वचयति** = ચામડીવાળાને કહે છે. **त्वग्वत् + इष्ठ = त्वचिष्ठः** = બધા ચામડીવાળામાં સારો ચામડીવાળો, **त्वग्वत् + ईयसु = त्वचीयान्** = બે ચામડીવાળામાં સારો ચામડીવાળો.

अल्प-युवोः कन् वा ॥ ७-४-३३ ॥

ણિ, ઇષ્ઠ અને ઇયસુ પ્રત્યય પર છતાં, અલ્પ અને યુવન્ શબ્દનો ' કન્ ' આદેશ વિકલ્પે થાય છે. **अल्प – कन् + णि = कनयति, अल्पयति, अल्प – कन् + इष्ठ = कनिष्ठः, अल्पिष्ठः** = બધામાં નાનો **अल्प – कन् + ईयसु = कनीयान्, अल्पीयान्** = બે વચ્ચે નાનો, **युवन् – कन् + णि = कनीयति, यवयति** = *યુવાનને કહે છે*, ***युवन् – कन् + इष्ठ = कनिष्ठः, यविष्ठः*** = બધામાં યુવાન, **युवन् – कन् + ईयसु = कनीयान्, युवीयान्** = બે જણામાં યુવાન.

प्रशस्यस्य श्रः ॥ ७-४-३४ ॥

ણિ, ઇષ્ઠ અને ઇયસુ પ્રત્યય પર છતો, પ્રશસ્ય શબ્દનો સ્થાને ' શ્ર ' આદેશ થાય છે. **प्रशस्यं करोति = प्रशस्य + णि = श्रयति** = પ્રશંસા કરે છે, **प्रशस्य + इष्ठ = श्रेष्ठः** = ઉત્તમ, **प्रशस्य + ईयसु = श्रेयस् = श्रेयान्** = કલ્યાણ, શુભ.

वृद्धस्य च ज्यः ॥ ७-४-३५ ॥

ણિ, ઇષ્ઠ અને ઇયસુ પ્રત્યય પર છતાં, વૃદ્ધ અને પ્રશસ્ય શબ્દનો

સ્થાને ' ज्य ' આદેશ થાય છે. **वृद्धं करोति = वृद्ध + णि = ज्यय्यति** = વૃદ્ધને કહે છે. **अतिशयेन वृद्धः = वृद्ध + इष्ठ = ज्येष्ठः** = સૌમાં મોટો, **अतिशयेन वृद्धः = वृद्ध + ईयसु = ज्यायस्** = **ज्यायन्** = સૌથી મોટો, **प्रशस्यं करोति = प्रशस्य + णि = ज्यय्यति** = પ્રશંસા કરે છે. **अतिशयेन प्रशस्य = प्रशस्य + इष्ठ = ज्येष्ठः** = સર્વમાં પ્રશસ્ય, **अतिशयेन प्रशस्य = प्रशस्य + ईयसु = ज्यायान्** = સૌમા પ્રશસ્ય.

ज्यायान् ॥ ७–४–३६ ॥

પ્રશસ્ય અને વૃદ્ધ શબ્દના સ્થાને ईयसु પ્રત્યય પર છતાં જ્ય આદેશ થયો હોય ત્યારે ईयसु પ્રત્યયના દીર્ઘ ઈકારનો ' आ ' આદેશ થાય છે. **अतिशयेन वृद्धः प्रशस्यं वा = ज्य + ईयसु= ज्यायान्** = સૌમાં મોટો અથવા સૌમાં પ્રશસ્ય.

बाढा–ऽन्तिकयौ साध–नेदौ ॥ ७–४–३७ ॥

ણિ, इष्ठ અને ईयसु પ્રત્યય પર છતાં, બાઢ અને અન્તિક શબ્દને સ્થાને અનુક્રમે ' **साध** ' અને ' **नेद** ' આદેશ થાય છે. **बाढ करोति = बाढ + णि = साधयति** = ઘણું કરે છે. **बाध+ इष्ठ = साधिष्ठः** = સૌમાં વધારે, **बाढ + ईयसु = सधीयान्** = બે જણમાં વધારે, **अन्तिकं करोति = नेदयति** = નજીક કરે છે, **अन्तिक + इष्ठ = नेदिष्ठः** = સૌમા નજીક, **अन्तिक + ईयसु = नेदीयान्** = બે કરતાં વધુ નજીક.

प्रिय–स्थिर–स्फिरोरु–गुरु–बहुल–तृप्र–दीर्घ–वृद्ध–वृन्दारकस्येमनि च प्रा–स्था–स्फा–वर–गर–बंह–त्रप–द्राघ–वर्ष–वृन्दम् ॥ ७–४–३८ ॥

ઇમન્, ણિ, ઇષ્ઠ અને ઇયસુ પ્રત્યય પર છતાં, પ્રિય, સ્થિર, સ્ફિર વગેરે દશ શબ્દોને સ્થાને અનુક્રમે 'પ્રા, સ્થા, સ્ફા' વગેરે આદેશો થાય છે. **प्रियस्य भावः = प्रिय + इमन् = प्रा + इमन्** = **प्रेमा** = પ્રિયપણું, **प्रियं करोति = प्रापयति** = પ્રેમ કરે છે, **अतिशयेन प्रियः = प्रा + इष्ठ = प्रेष्ठः** = અતિશય પ્રિય, **अतिशयेन प्रियः = प्रिय + ईयसु = प्रेयान्** = સૌમાં પ્રિય. **पक्षम् – स्थिरस्य = स्था + इमन् = स्थेमा** = સ્થિરતા, **स्था + णि = स्थापयति** = સ્થિર કરે છે, **स्था + इष्ठ = स्थेष्ठः** = વધારે સ્થિર, **स्था + ईयसु = स्थेयान्** = સૌમાં વધારે સ્થિર, **स्फिरस्य = स्फा + इमन् = स्फेमा** = બહુપણું, **स्फा + णि = स्फापयति** = ઘણું કરે છે, **स्फा + इष्ठः = स्फेष्ठः** = વધારે ઘણું, **स्फा + ईयसु = स्फेयान्** = સૌમાં વધારે ઘણું, **उरोः = वर् + इमन् = वरिमा** = બહુપણું, **वर् + णि = वरयति** = ઘણું કરે છે, **वर् + इष्ठः = वरिष्ठः** = વધારે ઘણું, **वर् + ईयसु = वरीयान्** = સૌમા વધારે ઘણું, **गुरोः = गर् + इमन् = गरिमा** = ગૌરવ, **गर् + णि = गरयति** = ગૌરવ કરે છે, **गर् + इष्ठ = गरिष्ठः** = વધારે ગૌરવ, **गर् + ईयसु = गरीयान्** = સૌમાં વધારે ગૌરવ, **बहुस्य = बंह् + इमन् = बंहिमा** = બહુલપણું, **बंह् + णि = बंहयति** = બહુ કરે છે. **बंह् + इष्ठ = बंहिष्ठः** = વધારે ઘણું, **बंह् + ईयसु = बंहीयान्** = સૌમાં વધારે ઘણું, **तृप्रस्य = त्रप् + इमन् = त्रपिमा** = વરસાદ પછીની ગરમી, **त्रप् + णि = त्रपयति** = ગરમી કરે છે, **त्रप् + इष्ठः = त्रपिष्ठः** = વિશેષ ગરમી, **त्रप् + ईयसु = त्रपायान्** = સૌમાં વધારે ગરમીવાળો, **दीर्घस्य = द्राघ् + इमन् = द्राघिमा** = લાંબા-પણું, **द्राघ् + णि = द्राघयति** = લાંબુકરે છે, **द्राघ् + इष्ठ = द्राघिष्ठः** = વધારે લાંબુ, **द्राघ् + ईयसु = द्राघीयान्** = સૌમાં વધારે લાંબુ, **वृद्धस्य = वर्ष् + इमन् = वर्षिमा** = વૃદ્ધપણું, **वर्ष्**

+ णि = **वर्षयति** = વૃદ્ધ – મોટું કરે છે, **वृष** + इष्ठ = **वर्षिष्ठः** = વધારે વૃદ્ધ, **वर्ष** + ईयसु = **वर्षीयान्** = સૌમાં વધારે વૃદ્ધ, **वृन्दारकस्य** = **वृन्द्** + इमन् = **वृन्दिमा** = સુંદરતા, **वृन्द्** + णि = **वृन्दयति** = આડું કરે છે **वृन्द्** + इष्ठ = **वृन्दिष्ठः** = વધારે સુંદર, **वृन्द** + ईयसु = **वृन्दीयान्** = સૌમાં વધારે સુંદર.

पृथु, मृदु–भृश–कृश–दृढ–परिवृढस्य ऋतो रः
॥ ७–४–३९ ॥

ઇમન્ ષ્ણિ ઇષ્ઠ અને ઈયસુ પ્રત્યય પર છતાં, પૃથુ, મૃદુ, ભૃશ, કૃશ, દૃઢ અને પરિવૃઢ શબ્દના ઋકારનો ' ર ' આદેશ થાય છે. **पृथोः भावः–पृथु+इमन्=प्रथिमा**=પહોળાઈ, **पृथुं करोति=पृथु + णि = प्रथयति**= પહોળું કરે છે, **अतिशयेन पृथुः=पृथु+इष्ठ=प्रथिष्ठः**= વધારે પહોળુ, **अतिशयेन पृथुः = पृथु+ईयसु = प्रथीयान्** સૌમાં વધારે પહોળો, **पवम – मृदु + इमन् = म्रदिमा** = કોમળ મળતા, **मृदु + णि = म्रदयति** = કોમળ કરે છે, **मृदु + इष्ठ = म्रदिष्ठः** = વધારે કોમળ, **मृदु + ईयसु = म्रदीयान्** = સૌથી વધારે કોમળ, **भृश + इमन् = भ्रशिमा** = વધારેપણું, **भृश + णि = भ्रशयति** = વધારે કરે છે, **भृश + इष्ठ = भ्रशिष्ठः** = ઘણો વધારે, **भृश + ईयसु = भ्रशीयान्** = સૌમાં ઘણો વધારે, **कृश + इमन् = क्रशिमा** = પાતળાપણું, **कृश + णि = क्रशयति** = પાતળું કરે છે, **कृश + इष्ठ = क्रशिष्ठः** = વધારે પાતળુ, **कृश + ईयसु = क्रशीयान्**= સૌમા વધારે પાતળો, **दृढ + इमन् = द्रढिमा** = મજબુતપણું, **दृढ + णि = द्रढयति** = મજબુત કરે છે, **दृढ + इष्ठ = द्रढिष्ठः** = વધારે મજબુત, **दृढ + ईयसु = द्रढीयान्** = સૌમાં વધારે મજબુત, **परिवृढ + इमन्** = **परिव्रढिमा** = મોટાઈ, **परिवृढ + णि = परि-**

वर्द्धयति = મોટાઈ કરે છે, **परिवृढ + इष्ठ = परिवृढिष्ठः** = વધારે મોટાઈ, **परिवृढ + ईयसु = परिवृढीयान्** = સૌમાં વધારે મોટાઈ.

बह्वोर्णिष्ठ भूय् ॥ ७-४-४० ॥

ણિ અને ઈષ્ઠ પ્રત્યય પર છતાં, બહુ શબ્દને સ્થાને ' **ભૂય** ' આદેશ થાય છે. **बहुं करोति = भूय + णि = भूययति** = બહુ કરે છે, **अतिशयते बहुम् = भूय + इष्ठ** = વધારે.

भूर्लुक् चेवर्णस्य ॥ ७-४-४१ ॥

ઇમન્ અને ઈયસુ પ્રત્યય પર છતાં, બહુ શબ્દનો ભૂ આદેશ થાય છે. અને તેના યોગે ઇમન્ અને ઈયસુ પ્રત્યયના ઈકારનો '**લુક્**' થાય છે. **बह्वोर्भावः = बहु + इमन् = भूमा** = બહુપણું, વ્યાપકતા, **अतिशयेन बहुः = बहु + ईयसु = भूयान्** = વધારેમાં વધારે, અહિં સૂત્રમાં ભૂ નો નિર્દેશ કરેલ હોવાથી ભૂ નું રૂપાન્તર ન થાય.

स्थूल-दूर-युव-ह्रस्व-क्षिप्र-क्षुद्रस्यान्तस्थादेर्गुणश्च नामिनः ॥ ७-४-४२ ॥

ણિ, ઇમન્, ઈષ્ઠ અને ઈયસુ પ્રત્યય પર છતાં, સ્થૂલ, દૂર, યુવ, હ્રસ્વ, ક્ષિપ્ર અને ક્ષુદ્ર શબ્દના નામિ સ્વરનો ' **ગુણ** ' થાય છે, અને અન્તસ્થાની આદિના અંશનો ' **લુક્** ' થાય છે. **स्थूलं करोति = स्थूल + णि = स्थू + णि = स्थो + णि = स्थव् + णि = स्थवयति** = જાડું કરે છે **स्थूलौभावः = स्थूल + इमन् = स्थू + इमन् = स्थो + इमन् = स्थव् + इमन् = स्थविमा** = સ્થૂલપણું, **अतिशयेन स्थूलः = स्थूल + इष्ठ = स्थू + इष्ठ = स्थो + इष्ठ=स्थव् + इष्ठ = स्थविष्ठः** = અતિશય જાડો, **अतिशयेन**

स्थूलः = **स्थूल** + **ईयसु** = **स्थू** + **ईयस्** = **स्थव्** + **ईयस्** = **स्थवीयान्** = વધારેમાં વધારે જાડો. **दवम्** – **दूर** + **णि** = **दू**+**णि** = **दो** + **णि** = **दव्** + **णि** = **दवयति** = દૂર કરે છે, **दूर** + **इमन्** = **दविमा** = દૂરપણું, **दूर** + **इष्ठ** = **दविष्ठः** = વધારે દૂર, **दूर** + **ईयसु** = **दवीयान्** = વધારેમાં વધારે દૂર. **युवन्** + **णि** = **यु** + **णि** = **यौ** + **णि** = **यव्** + **णि** = **यवयति** = યુવાનને કહે છે, **युवन्** + **इमन्** = **यविमा** = યુવાનપણું, **युवन्** + **इष्ठ** = **यविष्ठः** = વધારે યુવાન, **युवन्** + **ईयसु** = **यवीयान्** = વધારેમાં વધારે યુવાન, **ह्रस्व** + **णि** = **ह्रस्** + **णि** = **ह्रसयति** = નાનું કરે છે, **ह्रस्व** + **इमन्** = **ह्रसिमा** = હ્રસ્વપણું, **ह्रस्व** + **इष्ठ** = **ह्रसिष्ठ** = વધારે નાનો, **ह्रस्व** + **ईयसु** = **ह्रसीयान्** = વધારેમાં વધારે નાનો, **क्षिप्र** + **णि** = **क्षिप** + **णि** = **क्षेप** + **णि** = **क्षेपयति** = શીઘ્ર કરે છે, **क्षिप्र** + **इमन्** = **क्षेपिमा** = શીઘ્રપણું, **क्षिप्र** + **इष्ठ** = **क्षेपिष्ठः** = વધારે શીઘ્ર, **क्षिप्र** + **ईयसु** = **क्षेपीयान्** = વધારેમાં વધારે શીઘ્ર, **क्षुद्र** + **णि** = **क्षुद** + **णि** = **क्षोद** + **णि** = **क्षोदयति** = ક્ષુદ્ર કરે છે, **क्षुद्र** + **इमन्** = **क्षोदिमा** = ક્ષુદ્રપણું, **क्षुद्र** + **इष्ठ** = **क्षोदिष्ठः** = વધારે ક્ષુદ્ર, **क्षुद्र** + **ईयसु** = **क्षोदीयान्** = વધારેમાં વધારે ક્ષુદ્ર.

त्रन्त्यस्वरादेः ॥ ७-४-४३ ॥

ણિ, ઇમન્, ઇષ્ઠ અને ઇયસુ પ્રત્યય પર છતાં, સાર્થક તૃન્ કે તૃચ્ પ્રત્યય સંબંધિ તૃ નો '**લોપ**' થાય છે. તથા શબ્દનાં અન્ત્ય સ્વરનો, તથા અન્ત્યસ્વરની આદિના અંશનો '**લોપ**' થાય છે **कर्तारम्** करोति = **कर्तृ** + **णि** = **कर्** + **णि** = **कर्यति** = કરે છે, **कर्तृ** + **इमन्** = **कर्** + **इमन्** = **करिमा** = કર્તાપણું, **कर्तृ** + **इष्ठ** = **कर्** + **इष्ठ** = **करिष्ठः** = વધારે કર્તા, **कर्तृ** + **ईयसु** = **कर्** + **ईयस्** = **करीयान्** = વધારેમાં વધારે કર્તા-કરનાર. **पटुम**

आचष्टे=पटु+णि=पटु +णि = पटयति = પટુને–ચતુરને કહે છે, **पटु + इमन् = पटिमा** = ચતુરાઈ, **पटु + इष्ठ = पाटिष्ठः** = વધારે ચતુર, **पटु + ईयसु = पटीयान्** = વધારેમાં વધારે ચતુર.

नैकस्वरस्य ॥ ७–४–४४ ॥

ણિ, ઈમન્, ઈષ્ઠ અને ઈયસુ પ્રત્યય પર છતાં, એકસ્વરવાળા શબ્દના અન્ત્યસ્વરનો તથા અન્ત્યસ્વરના આદિ અંશનો '**લોપ**' થતો નથી. **स्रग्विणं करोति = स्रग्विन् + णि = स्रज् + णि = स्रजयति** = માળાવાળાને કરે છે, **स्रग्विन् + इष्ठ = स्रजिष्ठः** = માળાવાળાઓમાં ઉત્તમ, **स्रग्विन् + ईयसु = स्रजीयान्** = માળાવાળાઓમાં વધારે ઉત્તમ.

दण्डि–हस्तिनोरायने ॥ ७–४–४५ ॥

આયન પ્રત્યય પર છતાં, દણ્ડિન્ અને હસ્તિન્ શબ્દ સંબંધિ ઇન્ અંશનો '**લોપ**' થતો નથી **दण्डिनः अपत्यम् = दण्डिन् + आयनण् = दण्डिनायनः** = દંડીનો પુત્ર, **हस्तिनः अपत्यम् = हस्तिनायनः** = હસ્તિનનો પુત્ર.

वाशिन आयनौ ॥ ७–४–४६ ॥

આયનિ પ્રત્યય પર છતાં, વાશિન્ શબ્દ સંબંધિ ઇન્ અંશનો '**લોપ**' થતો નથી. **वाशिनः अपत्यम् = वाशिन् + आयनिञ् = वाशिनायनिः** = વાશિનનો પુત્ર.

एये जिह्माशिनः ॥ ७–४–४७ ॥

એય પ્રત્યય પર છતા, જિહ્માશિન્ શબ્દ સંબંધિ ઇન્ અંશનો

'**લો.પ**' થતો નથી. **जिह्माशिनः अपत्यम्** = **जिह्माशिन्** + **ण्यण्** = **जैह्माशिनेयः** = જિહ્માશિનનો પુત્ર.

इनेऽध्वा-ऽऽत्मनोः ॥ ७-४-४८ ॥

ઇન્ પ્રત્યય પર છતાં, અધ્વન્ અને આત્મન્ શબ્દ સંબંધિ અન્ અંશનો '**લો.પ**' થતો નથી. **अध्वानं अलं गामी** = **अध्वान्** + **इन्** = **अध्वनीनः** = રસ્તા પર ચાલવાને સમર્થ-પ્રવાસી, ઘોડો, **आत्मनं हितः** - **आत्मनीनः** = આત્માને હિતરૂપ.

इकण्यथर्वणः ॥ ७-४-४९ ॥

ઇકણ્ પ્રત્યય પર છતાં, અથર્વણ્ શબ્દના અણ્ અંશનો '**લો.પ**' થતો નથી. **अथर्वाणं वेत्ति अधीते वा** = **अथर्वण्** + **अण्** = **आथर्वण्** + **इकण्** = **आथर्वणिकः** = અથર્વણ નામના વેદશાસ્ત્રને ભણવાર કે જાણનાર.

यूनोऽके ॥ ७-४-५० ॥

અક પ્રત્યય પર છતાં, યુવન્ શબ્દના અન્ નો '**લો.પ**' થતો નથી. **यूनः भावः** = **युवन्** + **अकण्** = **यौवनिका** = યુવા અવસ્થા.

अनोऽटये ये ॥ ७-४-५१ ॥

ટ્ય વર્જિત યકારાદિ પ્રત્યય પર છતાં, અન્ શબ્દાન્ત નામના અન્ અંશનો '**લો.પ**' થતો નથી. **सामनि साधुः** = **सामन्** + **ण्य** = **सामान्यः** = સામગાનમાં અથવા સામ નીતિમાં કુશળ, **वेमनि साधुः** = **वेमन्** + **ण्य** = **वैमन्य** = વેમા નામના વણવાના ઉપકરણના વપરાશમાં કુશળ, **मूर्धि भवः** = **मूर्धन्** + **य** = **मूर्धन्यः** માથામાં થયેલો કે થનારો.

अणि ॥ ७–४–५२ ॥

અણ્ પ્રત્યય પર છતાં, અન્ શબ્દાન્ત નામનો અન્ અંશનો ' લો૫ ' થતો નથી. **सुत्वनः अपत्यम् = सुत्वन् + अण् = सौतवनः** = યજ્ઞ કરનારનો પુત્ર.

संयोगादोनः ॥ ७–४–५३ ॥

અણ્ પ્રત્યય પર છતાં, સંયુક્ત અક્ષરથી પર રહેલ ઇન્ પ્રત્યયાન્ત નામના ઇન્ અંશનો ' લો૫ ' થતો નથી. **शङ्खिनः अपत्यम् = शङ्खिन + अण् = शाङ्खिनः** = શંખીનો પુત્ર.

गाथि–विदथि–केशि–पणि–गणिनः ॥ ७ ४–५४ ॥

અણ્ પ્રત્યય પર છતાં ગાથિન્, વિદથિન્, કેશિન્, પણિન્ અને ગણિન્ શબ્દના ઇન્ અંશનો ' લો૫ ' થતો નથી **गाथिनः अपत्यम् = गाथिन् + अण् = गाथिनः** = ગથિનો પુત્ર, **विदथिनः अपत्यम् = वैदथिनः** = વિદથિનો પુત્ર, **केशिनः अपत्यम् = कैशिनः** = કેશિનો પુત્ર, **पणिनः अपत्यम् = पाणिनः** = પણિનો પુત્ર, **गणिन अपत्यम् = गाणिनः** = ગણિનો પુત્ર.

अनपत्ये ॥ ७–४–५५ ॥

અપત્ય અર્થ સિવાયના અન્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગેલ હોય તો, ઇન્ પ્રત્યયાન્ત નામના ઇન્ અંશનો ' લો૫ ' થતો નથી. **संराविणः इदम् = संराविन् + अण् = सारविणम्** = અવાજ સંબંધી.

उक्षणो लुक् ॥ ७–४–५६ ॥

અપત્ય અર્થ સિવાયના અન્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગેલ હોય તો, ઉક્ષન્ શબ્દના અન્ અંશનો '**લો૫**' થાય છે. **उक्ष्णः इदम्** = **उक्षन्** + **अण्** = **औक्षम् पदम्** = બળદનું પગલું.

ब्रह्मणः ॥ ७–४–५७ ॥

અપત્ય અર્થ સિવાયના અન્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગેલ હોય તો, બ્રહ્મન્ શબ્દના અન્ અંશનો '**લો૫**' થાય છે. **ब्रह्मणः इयम्** = **ब्रह्मन्** + **अण्** = **ब्राह्मम् अस्त्रम्** = બ્રહ્માનું અસ્ત્ર, – બ્રહ્માસ્ત્ર.

जातौ ॥ ७–४–५८ ॥

અપત્ય અર્થ સિવાયના અન્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગ્યો હોય અને જાતિનું સૂચન થતું હોય તો, 'બ્રહ્મન્ શબ્દના અન્ અંશનો '**લો૫**' થાય છે. **ब्रह्मणः इयम्** = **ब्रह्मन्** + **अण्** + **ङी** = **ब्राह्मी औषधिः** = બ્રાહ્મી નામની ઔષધિ.

अचर्मणा मनोऽपत्ये ॥ ७–४–५९ ॥

અપત્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગેલ હોય તો, ચર્મન વર્જિત મન્ પ્રત્યયાન્ત નામના અન્ અંશનો '**લો૫**' થાય છે. **सुषामनः अपत्यम्** = **सुषामन्** + **अण्** = **सौषामः** = સુષામનનો પુત્ર.

हितनाम्नो वा ॥ ७–४–६० ॥

અપત્ય અર્થમાં, અણ્ પ્રત્યય લાગેલ હોય તો, હિતનામન્ શબ્દના અન્ અંશનો વિકલ્પે '**લો૫**' થાય છે: **हितनाम्नः अपत्यम्** = **हितनामन्** + **अण्** = **हैतनामः, हैतनामनः** = હિતનામનો પુત્ર.

नोऽपदस्य तद्धिते ॥ ७–४–६१ ॥

પદસંજ્ઞક વર્જિત નકારાન્ત નામનો, તદ્ધિતપ્રત્યય લાગેલ હોય તો, નામના પૂર્વભાગના આદિ સ્વર સહિતના અંતભાગનો 'લોપ' થાય છે. **मेधाविनः अपत्यम् = मेधाविन् + अण् = मेधावः** = મેધાવીનો પુત્ર. અહિં " **वृत्र्यन्तो०** [१–१–२५] " એ સૂત્રથી પદસંજ્ઞક થતો નથી.

कलापि–कुथुमि–तैतलि–जाजलि–लाङ्गलि–शिखण्डि–शिलालि–सब्रह्मचारि–पीठसर्पि–सूकरसद्म–सुपर्वणः ॥ ७–४–६२ ॥

પદસંજ્ઞક ન હોય તો, કલાપિન્, કુથુમિન્, વગેરે અગીયાર શબ્દના ઇન્ અને અન્ ભાગનો 'લોપ' થાય છે. **कलापिना प्रोक्तं वेदम् अधीयते = कलापिन् + अण् = कालापाः** = કલાપીએ કહેલા વેદને ભણે છે, **कुथुमिना प्राक्तं वेदम् अधीयते = कुथुमिन् + अण् = कौथुमाः** = કુથુમિએ કહેલા વેદને ભણે છે, **एवम् = तितलिन् + अण् = तैतलाः** = તિતલિએ કહેલ વેદને ભણે છે, **जाजलिन् + अण् = जाजलाः** = જાજલિએ કહેલા વેદને ભણે છે, **लाङ्गलिन् + अण् = लाङ्गलाः** = લાંગલિએ કહેલ વેદને ભણે છે **शिखण्डिन + अण् = शैखण्डाः** = શિખંડિએ કહેલા વેદને ભણે છે. **शिलालिन् + अण् = शैलालाः** = શિલાલિએ કહેલ વેદને ભણે છે, **सब्रह्मचारिन् + अण् = सब्रह्मचाराः** = સબ્રહ્મચારિએ કહેલ વેદને ભણે છે, **पीठसर्पिन् + अण् = पैठसर्पाः** = પીઠસર્પિએ કહેલ વેદને ભણે છે, **सुकरसद्मन् + अण् = सौकरसद्माः** = સુકરસદ્મ કહેલ વેદને ભણે છે. **सुपर्वन् + अण् = सुपर्वाः** = સુપર્વે કહેલ વેદને ભણે છે.

वाऽश्मनो विकारे ॥ ७-४-६३ ॥

વિકાર અર્થવાળો તદ્ધિતપ્રત્યય પર છતાં, અશ્મત્ શબ્દના અન્ ભાગનો, પદ સંજ્ઞા ન હોય તો વિકલ્પે '**લોપ**' થાય છે. **अश्मनः विकारः** = **अश्मन्** + **अण्** = **आश्मः, आश्मनः** = પત્થરમાંથી બનેલી વસ્તુ – સ્તંભ.

चर्म-शुनः कोश-सङ्कोचे ॥ ७-४-६४ ॥

કોશ અર્થવાળો તદ્ધિત પ્રત્યય પર છતાં, પદ સંજ્ઞા વિનાના चर्मन् શબ્દના अन् ભાગનો, તથા સંકોચ અર્થવાળા તદ્ધિતપ્રત્યય પર છતાં श्वन् શબ્દના अन् ભાગનો '**લોપ**' થાય છે. **चर्मणः विकारः** = **चर्मन्** + **अण्** = **चार्मः** = ચામડાનો કોશ - કુવામાંથી પાણી કાઢવાનો કોશ, **शुनः सङ्कोचः** = **श्वन्** + **अण्** = **शौवः** – **सङ्कोचः** = કુતરાનું સંકોચાવું.

प्रायोऽव्ययस्य ॥ ७-४-६५ ॥

તદ્ધિતપ્રત્યય પર છતાં, પદ સંજ્ઞા ન થઈ હોય તો અવ્યયના પૂર્વભાગના સ્વરસહિત અંત ભાગનો પ્રાયઃ '**લોપ**' થાય છે. **स्वर् भवः** = **स्वर्** + **अण्** = **सौवः** = સ્વર્ગમાં થયેલો. અહિં સ્વર્ શબ્દના અર્ શબ્દનો લોપ થયો છે.

अनीना-ऽदृत्यङ्कोऽतः ॥ ७-४-६६ ॥

ईन्, अत् અને अट् પ્રત્યય વર્જિત તદ્ધિત પ્રત્યય પર છતાં, अहन् શબ્દના અંતના अ અંશનો '**લોપ**' થાય છે. **अहनि निर्वृत्तम्** = **अहन्** + **अण्** = **अह्न्** + **अण्** = **आह्नम्** = એક દિવસમાં બનેલું.

विंशतेस्तेर्डिति ॥ ७–४–६७ ॥

પદ સંજ્ઞા વિનાના વિંશતિ શબ્દના તિ નો, ડિત્ – ડ્ નિશાન વાળો પ્રત્યય પર છતાં 'લો।પ' થાય છે. **विंशत्या क्रीतः = विंशति + क = विंशकः पटः** = વીશ રૂપીયા વડે ખરીદેલું વસ્ત્ર.

अवर्णेवर्णस्य ॥ ७–४–६८ ॥

તદ્ધિતપ્રત્યય પર છતાં, અવર્ણાન્ત અને ઇવર્ણાન્ત નામના અન્ત્ય સ્વરનો 'લો।પ' થાય છે. **दक्षस्य अपत्यम् = दक्ष + इञ् = दक्ष् + इञ् = दाक्षिः** =દક્ષના પુત્ર, **चुडायाः अपत्यम् = चूडा + इञ् = चूड् + इञ् = चौडिः = नाभेः अपत्यम् = नाभि + एयण् = नाभ् + एयण् = नाभेयः** = નાભિરાજાનો પુત્ર – ઋષભ દેવ, **दुल्याः अपत्यम् = दुली + एयण् = दुल् + एयण् = दौलेयः** = દુલી–સ્ત્રીનો પુત્ર-સ્ત્રીપો.

अकद्रु–पाण्डूबोरुवणस्यैये ॥ ७–४–६९ ॥

તદ્ધિતનો ઐય પ્રત્યય પર છતાં, કદ્રુ અને પાંડુ શબ્દ વર્જિત ઉકારાન્ત નામના અન્ત્ય સ્વરનો 'લો।પ' થાય છે. **जम्ब्वाः अपत्यम् = जम्बू + एयण् = जम्ब् + एयण् = जाम्बेयः** = જાંબૂનો પુત્ર.

अस्वम्भुवोऽव् ॥ ७–४–७० ॥

પદ સંજ્ઞા વિનાના તદ્ધિતપ્રત્યય લાગેલ હોય એવા સ્વમ્ભૂ શબ્દ વર્જિત ઉકારાન્ત નામના ઉવર્ણનો 'અવ્' આદેશ થાય છે. **उपगुः अपत्यम् = उपगु + अण् = उपगव् + अण् = औपगवः** = ઉપગુનો પુત્ર.

ऋवर्णोवर्ण–दोसिसुमश्चदकस्मात्त इकस्येतो लुक्

॥ ७–४–७१ ॥

ઋવર્ણાન્ત નામને, ઉવર્ણાન્ત નામને, તથા દોસ્ નામને, ઈસ્ અને ઉસ્ છે અન્તે જેને એવા નામને, તથા શશ્વત્ અને અકસ્માત્ શબ્દ વર્જિત તકારાન્ત નામને લાગેલ તદ્ધિતનો ઈક પ્રત્યયના ઈ નો '**લોપ**' થાય છે. **मातुः आगतम् = मातृ + इक = मातृ + क = मातृकम्** = માતા પાસેથી આવેલું, **निषादकर्ष्वां भवः = निषादकर्षु + इक = निषादकर्षकः** = નિષાદકર્ષમાં થયેલો, **दोर्भ्यां तरति = दोस् + इक = दौष्कः** = બન્ને હાથથી તરનારો, **सर्पिः पण्यम् अस्य = सर्पिष् + इक=सार्पिष्कः** = ઘીનો વેપાર કરનારો ઘીયો, **धनुः प्रहरणम् अस्य = धनुष् + इक = धनुष्कः** = પ્રહાર કરવામાં જેનું મુખ્ય સાધન ધનુષ્ય છે તે –ધનુર્ધારી. **उदश्विता संस्कृतः = उदश्वित् + इक = औदश्वित्कः** = છાશથી વઘારેલ કોઈ પણ ખાવાની ચીજ.

असकृत संभ्रमे ॥ ७–४–७२ ॥

સંભ્રમ – ભય, હર્ષ કે ઉન્માદ વગેરે કારણસર જે ચિત્તવૃત્તિના વિક્ષેપને લઈ બોલવામાં વિશેષ ઉતાવળ થઈ જાય છે, એવી સ્થિતિ બની જાય તે સંભ્રમ કહેવાય. આવી સંભ્રમની સ્થિતિમાં એક પદ કે એક વાક્ય '**अनेकवार**' બોલાઈ જાય તે સ્વાભાવિક છે. **भय–अहिः, अहिः, अहिः** = સાપ, સાપ, સાપ, **हस्ति आगच्छति, हस्ति आगच्छति, लघु पलायध्वम्, लघु पलायध्वम्** = હાથી આવે છે, હાથી આવે છે, જલ્દી ભાગી જાવ, જલ્દી ભાગી જાવ.

भृशा–ऽऽभीक्ष्ण्या–ऽविच्छेदे द्विः प्राक् तमबादेः

॥ ७–४–७३ ॥

भृशार्थ–મુખ્ય ક્રિયાને તેની ગૌણ ક્રિયાના દરેક ભાગ સાથે કશું બાકી રાખ્યા વગર પૂરેપૂરી ક્રિયા કરવી તે અર્થમાં, **आभीक्ष्ण्य**–વારંવાર ક્રિયા કરવી તે અર્થમાં અને **अविच्छेद**–જે ક્રિયા કરવામાં આવે તેનું વ્યવધાન વિનાનું સરખાપણું એવા અર્થમાં, તમપ્ પ્રત્યય પહેલાનું વાક્ય કે પદ '**બેવાર**' બોલાઈ જાય તે સહજ છે. **भृशार्थ – लुनीहि लुनीहि इत्येव अयम् लुनाति** = ખુબ લણ ખુબ લણ એ રીતે આ લણે છે – કાપે છે, **आभीक्ष्ण्यार्थ – भोजं भोजं याति** = ખાઈ ખાઈને જાય છે, **अविच्छेदार्थ – प्रपचति प्रपचति** = નિરંતર ખુબ ખુબ રાંધે છે.

नानाऽवधारणे ॥ ७–४–७४ ॥

ભિન્ન ભિન્ન વ્યક્તિઓના સંબંધમાં અમુક માપનો ચોક્કસ નિર્ણય જણાવવો તે **अवधारण**, એવું અવધારણ, શબ્દ વિના જે શબ્દ વપરાય તે '**બેવાર**' બોલાય છે **अस्मात् कार्षापणाद् इह भवद्भ्यां माषं माषं देहि** = એક કાર્ષાપણમાંથી એહિં આ બે જણને માત્ર એક એક માષ આપ, વધારે નહિ કે ઓછું પણ નહિ. ૮૦ કોડી જેટલું મૂલ્ય એક પણ, સોળ પણ બરાબર એક કાર્ષાપણ, પાંચ ચણોઠી બરાબર એક માષ – માસો.

आधिक्य–ऽऽनुपूर्व्ये ७–४–७५ ॥

आधिक्य–ભાવની અધિકતા જણાવવી હોય તથા **अनुपूर्वी**–પદાર્થને ક્રમથી જણાવવો હોય, એવા પ્રસંગે વપરાતો શબ્દ '**બેવાર**' બોલાય છે. **आधिक्य – नमो नमः** = નમસ્કાર એહિં બોલનાર ભાવની અધિકતા બતાવે છે અર્થાત્ ઘણો નમસ્કાર થાઓ એમ જણાવે છે, **आनुपूर्वी – मूले मूले स्थूलाः** = મૂળે મૂળે – દરેક

મૂળમાં જાડું છે. અહિં વૃક્ષમાત્ર મૂળમાં ક્રમથી જાડું હોય છે એમ જણાવે છે.

डतर-डतमौ समानां स्त्रीभावपश्ने ॥ ७-४-७६ ॥

કોઈ પણ ગુણથી સમાન એવાઓને માટે डतर અને डतम પ્રત્યયાન્ત શબ્દો ' **એવા૨** ' બોલાય છે. **उभौ इमौ आढ्यौ कतरा कतरा अनयोः आढ्यता !** = આ બન્ને ધનવાન છે, એઓનું કેટલું કેટલું ધનવાન પણું છે. **कतमा कतमा एषाम् आढ्यत्ता !** = આ બન્ને ધનવાન છે, એઓની કેટલું કેટલું વધારે ધનવાનપણું છે.

पूर्व-प्रथमावन्यतोऽतिशये ॥ ७-४-७७ ॥

અન્યની અપેક્ષાએ પોતાની બરાબરનો અતિશય જણાવવો હોય તો પૂર્વ અને પ્રથમ શબ્દ ' **એવા૨** ' બોલાય છે. **पूर्वं पूर्वं पुष्पन्ति** = બીજી લતાઓ કરતા આ લતા ઉપર વહેલા વહેલા પુષ્પો આવે છે. **प्रथमं प्रथमं पच्यते** = બીજાઓ કરતાં અમારે ત્યાં વહેલું વહેલું રંધાય છે.

प्रापोत्-सम् पादपूरणे ॥ ७-४-७८ ॥

પાદને પૂર્ણ કરવું હોય તો પ્ર, ઉપ, ઉત્ અને સમ્ ઉપસર્ગ ' **એવા૨** ' બોલી શકાય છે.

प्रप्रशान्तकषायाग्ने, – रुपोपप्लववर्जितम् ।
उदुज्ज्वलं तपो यस्य, संसंश्रयत तं जिनम् ॥१॥

જેમના કષાયો પ્રશાન્ત થયેલા છે, જેમનું તપ ઉપદ્રવથી – વિઘ્નથી રહિત અને ઉજ્વલ છે, એવા જિનેશ્વર ભગવંતનો આશ્રય કરો !

सामीप्येऽधोध्युपरि ॥ ७-४-७९ ॥

અધસ્, અધિ અને ઉપર શબ્દ ' **એવાર** ' બોલાય છે. જો સમીપપણું જણાવવું હોય તો. **अधः अधः ग्रामम्** = ગામની નીચે નીચે, **अधि अधि ग्रामम्** = ગામની ઉપર ઉપર, ગામની આગળ આગળ, **उपरि उपरि ग्रामम्** = ગામની ઉપર ઉપર, ગામની આગળ આગળ.

वीप्सायाम् ॥ ७-४-८० ॥

બોલનાર વ્યક્તિ વાક્યમાં ક્રિયાદ્વારા, ગુણદ્વારા, પદાર્થદ્વારા કે જાતિદ્વારા એક સાથે અનેક ચીજોનો સંબંધ કરવાનું ઇચ્છે તે **વીપ્સા**. એવી વીપ્સા જણાતી હોય તો શબ્દ ' **એવાર** ' બોલાય છે. **क्रिया - वृक्षं वृक्षं सिञ्चति** = માળી ઝાડે ઝાડે પાણી સીંચે છે, **गुण - ग्रमः ग्रामः रम्यः** = આ દેશના ગામે ગામે રમણીય છે, **द्रव्य=पदार्थ-गृह गृहे अश्वाः** = ઘરે ઘરે ઘોડા છે. **जाति-योद्धाः योद्धाः क्षत्रियः** = દરેક યોદ્ધાઓ દરેક ક્ષત્રિય છે.

प्लुप् चादावेकस्य स्यादेः ॥ ७-४-८१ ॥

જ્યાં એક શબ્દની વીપ્સા હોય, ત્યાં એવાર બોલાયેલ એક શબ્દના આદિ એક શબ્દને લાગેલ, સિ વગેરે વિભક્તિનો ' **લોપ** ' થાય છે અને તે લોપ ' પિત્સંજ્ઞક ' ગણાય છે. **एकस्याः एकस्याः इति = एकैकस्याः** = એકેકની - દરેકની.

द्वन्द्वं वा ॥ ७-४-८२ ॥

વીપ્સા અર્થમાં એવાર બોલાયેલ દ્વિશબ્દને લાગેલ. સિ વગેરે વિભક્તિનો પિત્સંજ્ઞક એવો ' **લોપ** ' થાય છે, વિભક્તિનો લોપ થયા બાદ દ્વિ શબ્દના ઈ નો ' **अभ्** ' આદેશ થાય છે, તથા બીજા દ્વિ શબ્દના ઈ નો ' **अ** ' આદેશ થાય છે, તથા તેને લાગેલ

વિભક્તિના પ્રત્યયને સ્થાને '**અમ્**' થાય છે. આ રીતે **દ્વન્દ્વમ્** શબ્દ '**નિપાતન**' થાય છે. **દ્વૌ દ્વૌ તિષ્ઠતઃ = દ્વૌ = દ્વિ + ઔ = દ્વ્ + ઇ = દ્વ્ અમ્ = દ્વમ્** = બીજો, **દ્વૌ = દ્વિ + ઔ = દ્વ્ + ઔ = દ્વ + અમ્ = દ્વમ્, દ્વમ્ + દ્વમ્ = દ્વન્દ્વમ્ તિષ્ઠતઃ** = બન્ને જોડી જોડીમાં ઉભા છે.

रहस्य-मर्यादोक्ति-व्युत्क्रान्ति-यज्ञपात्रप्रयोगे ॥ ७-४-८३ ॥

રહસ્ય, મર્યાદાની ઉક્તિ, વ્યુત્ક્રાન્તિ – ભેદ અને યજ્ઞપાત્રનો પ્રયોગ એવા અર્થવાળા દ્વિ શબ્દનું ઉપર જણાવેલ રીતે '**નિપાતન**' થાય છે. **રહસ્ય – દ્વન્દ્વં મન્ત્રયતે** = પરસ્પર બે બે જણ રહસ્યની મન્ત્રણા કરે છે, **મર્યાદોક્તિ – આચતુરં પશવો દ્વન્દ્વં મિથુનાયન્તે** = ચાર પેઢી સુધી પશુઓ મૈથુન કરે છે અર્થાત્ જે માદા છે તે તે પોતાના પુત્ર સાથે, પૌત્ર સાથે, પ્રપૌત્ર સાથે અને પ્રપૌત્રના પુત્ર સાથે મૈથુન કરે છે. **વ્યુત્ક્રાન્તિ – દ્વન્દ્વં વ્યુત્ક્રાન્તાઃ** = બે રાશિ વડે બધાનો ભેદ થયો અર્થાત્ સ્ત્રી અને પુરૂષ, મનુષ્ય અને પશુ એ રીતે ભેદ થયો. **યજ્ઞપાત્રપ્રયોગ–દ્વન્દ્વં યજ્ઞપાત્રાણિ પ્રયુનક્તિ** = બધાએ યજ્ઞપાત્રનો પ્રયોગ કરે છે.

लोकज्ञातेऽत्यन्तसाहचर्ये ॥ ७-४-८४ ॥

લોકપ્રસિદ્ધ અત્યન્ત સહચરપણું હોય ત્યાં ઉપર જણાવેલ રીતે દ્વિ શબ્દનું દ્વન્દ્વ '**નિપાતન**' થાય છે. **દ્વન્દ્વં રામલક્ષ્મણૌ** = રામ લક્ષ્મણનું જોડું.

आबाधे ॥ ७-४-८५ ॥

જ્યાં માનસિક પીડા હોય, ત્યાં પીડાવાચક વપરાતો શબ્દ

બેવાર બોલાય છે, અને બેવાર બોલાયેલ શબ્દના આદિ શબ્દને લાગેલ સિ વગેરે વિભક્તિનો પિત્ સંજ્ઞક એવો ' **લોપ** ' થાય છે. **ऋक् ऋक्** = ઋક્ શબ્દનું બરાબર ઉચ્ચારણ ન કરી શકવાને કારણે માનસિક પીડાને લીધે બેવાર ઋક્ ઋક્ એમ બોલે છે,

नवा गुणः सदृशे रित् ॥ ७–४–८६ ॥

જ્યારે મુખ્ય એવો ગુણના અર્થમાં કે ગુણીના અર્થમાં આવેલ ગુણવાચક શબ્દ વિકલ્પે બેવાર બોલાય છે ત્યારે બેવાર બોલાયેલ શબ્દના આદિ શબ્દને લાગેલ સિ વગેરે વિભક્તિનો પિત્ સંજ્ઞક અને રિત્ સંજ્ઞક એવો ' **લોપ** ' થાય છે, અર્થાત્ તે લોપ પિત્ અને રિત્ સંજ્ઞક કહેવાય છે. **शुक्लम् शुक्लम्** = **शुक्लशुक्ल रूपम्** = ધોળું ધોળું રૂપ, **पक्षे–शुक्लजातीयः, कालिका कालिका** = **कालिकाकालिका दुर्गा** = કાળી કાળી દુર્ગા - દુર્ગા દેવી અથવા કાળી ચકલી.

प्रिय–सुखं चाऽकृच्छ्रे ॥ ७–४–८७ ॥

અકષ્ટ અર્થને જણાવનાર પ્રિય અને સુખ શબ્દ વિકલ્પે ' **બેવાર** ' બોલાય છે અને તેના આદિ શબ્દને લાગેલ સિ વગેરે વિભક્તિનો ' **લોપ** ' થાય છે. અને તે પિત્સંજ્ઞક ગણાય છે. **प्रियप्रियेण, प्रियेण वा दत्ते** = પ્રિય પ્રિય વડે – પ્રેમપૂર્વક દે છે, પ્રિય વડે દે છે, **सुखसुखेन, सुखेन वा अधीते** = સુખે સુખે ભણે છે, સુખેથી ભણે છે.

वाक्यस्य परिव्रजने ॥ ७–४–८८ ॥

વાક્યના ભાગરૂપ (પદના નહિ) છોડીને એવા અર્થવાળા પરિ શબ્દ ' **બેવાર** ' વિકલ્પે બોલાય છે. **परि परि, परि वा**

त्रिगर्तेभ्यः वृष्टो मेघः = ત્રિગર્ત નામના પ્રદેશને છોડીને ચારે બાજુ ચારે બાજુ વર્ષા વરસ્યો, ત્રિગર્તને છોડીને ચારે બાજુ વર્ષાદ વરસ્યો.

सम्मत्यसूया-कोप-कुत्सनेष्वाद्यामन्त्र्यमादौ स्वरेष्वन्त्यश्च प्लुतः ॥ ७-४-८९ ॥

સમ્મતિ – ક્રિયાને આદર, અસૂયા – બીજાના ગુણને સહન ન કરવા તે, કોપ – ક્રોધ, કુત્સન – નિંદા, એ અર્થમાં વાક્યનું આમન્ત્રરૂપ આદિ પદ ' બેવાર ' બોલાય છે, અને બેવાર બોલાયા પછી પદના સ્વરના અન્ત્ય સ્વરનું ' પ્લુત ' ઉચ્ચાર વિકલ્પે થાય છે. **माणवक ३ माणवक !, माणवक माणवक ! आर्यः खलु असि** = હે માણવક ! તું ખરેખર પૂજ્ય છે, **माणवक ३ माणवक !, माणवक माणवक ! रिक्तं ते आभिरूप्यम्** = હે માણવક ! તારું સૌન્દર્ય ખાલી છે, **माणवक ३ माणवक !, माणवक माणवक ! इदानीं ज्ञाप्यसि जाल्म** ! હે માણવક ! હે લુચ્ચા હવે તું જાણીશ ! **माणवक ३ माणवक !, माणवक माणवक ! रिक्ता ते शक्तिरिस्त वा** = હે માણવક ! તારી શક્તિ ખાલી છે.

भर्त्सने पर्यायेण ॥ ७-४-९० ॥

ભર્ત્સન – ક્રોધ વડે દંડ કરવો એવા અર્થમાં વાક્યનું આમન્ત્ર્ય પદ ' બેવાર ' બોલાય છે અને બેવાર બોલાયેલ પદમાંથી આગલા પદનો કે પાછલા પદના અન્ત્ય સ્વરનો ' પ્લુત ' ઉચ્ચારણ વિકલ્પે થાય છે. **चौर ३ चौर, चौर चौर ३, चौर चौर !** घातिष्यामि त्वाम् = હે ચોર ! હે ચોર ! તને હણવી નાખીશ.

त्यादेः साकाङ्क्षस्याङ्क्षेन ॥ ७-४-९१ ॥

અંગ શબ્દ સહિત એવા, તથા અન્ય વાક્ય સાથે આકાંક્ષા રાખતા ક્રિયાપદરૂપ પદવાળા નિંદા અર્થના વાક્યના અંશરૂપ પદના અન્ત્યસ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **अङ्ग ! कूज ३, अङ्ग ! कूज, इदानीं ज्ञास्यसि जाल्म !** અંગ તું બોલ... ! અંગ તું બોલ, હે લુચ્ચા હવે તું જાણીશ.

क्षिया-ऽऽशीः-प्रेषे ॥ ७-४-९२ ॥

ક્ષિયા – આચારથી ચલિત થવું, આશીર્ – પ્રાર્થના વિશેષ, પ્રેષ - સત્કાર વિના મોકલવું એવા અર્થ જણાતો હોય ત્યારે બીજા વાક્ય સાથે અપેક્ષા રાખનાર ક્રિયાપદરૂપ પદવાળા વાક્યના અંશરૂપ પદના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **स्वयं ह रथेन याति ३, याति वा उपाध्याय पदार्तिं गमयति** = સ્વયં રથ વડે જાય છે, જાય છે, ઉપાધ્યાયને ચાલીને જવાની પ્રેરણા કરે છે, **सिद्धान्तम् अध्येषीष्ठाः ३ अध्येषीष्ठाः वा, तर्कं च तात** ! હે તાત ! સિદ્ધાંતનું અધ્યયન કરો ! અથવા તર્કનું અધ્યયન કરો **कटं च कुरु ३ ! कुरु वा, ग्रामं च गच्छ !** સાદડી કર અથવા કર, અને ગામ જા !

चितीवार्थे ॥ ४-७-९३ ॥

ઇતિને સ્થાને વાક્યમાં ચિત્ શબ્દનો પ્રયોગ થયો હોય તો, વાક્યના અંશરૂપ પદના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **अग्निश्चिद् भाया ३ त् भायाद् वा**=અગ્નિની જેમ ચમકે છે.

प्रतिश्रवण-निगृह्याऽनुयोगे ॥ ७-४-९४ ॥

પ્રતિશ્રવણ – બીજાની વાતનો સ્વીકાર, નિગૃહ્યાનુયોગ – કોઈ વાદી સાથે ચર્ચા કરતાં ચર્ચામાં વાદીને તેના વિચારથી ચ્યુત કરીને

પ્રતિજ્ઞાની હાનીને પ્રગટ કરવું એવા અર્થમાં ક્રિયાપદરૂપ વાક્યના અંશરૂપ પદના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **गां मे देहि भोः ! हन्त ते ददामि ३, ददामि वा** = આ ગાય મને દે !, ખરેખર હું તને દઉં છું, દઉં છું, **अथ श्राद्धम् इत्यात्थ ३ आत्थ वा**=આજે શ્રાદ્ધ છે એમ કહો, અથવા કહો ! કોઈ વાદી વાદ કરવા તૈયાર થાય છે, ત્યારે તેને તેના વિચારથી ચ્યૂત કરી પ્રતિજ્ઞાની હાનિ કરવા પ્રતિવાદી કહે છે કે આજે તો શ્રાદ્ધ છે એમ કહો વાદ ના કરો.

विचारे पूर्वस्य ॥ ७-४-९५ ॥

વિચાર – આ છે કે આ છે એવો વિચાર તે સંશય, જે વિષયનો સંશય હોય તે સંબંધી વાક્યમાં જે આગળનો શબ્દ છે, તેના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **अहिर्नु ३ अहिर्नु वा रज्जुर्नु** = આ શું ખરેખર સાપ, અથવા સાપ હોય કે દોરડું

ओमः प्रारम्भे ॥ ७-४-९६ ॥

પ્રણામ સૂચક પ્રારંભ અર્થવાળા ઓમ્ શબ્દના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **ओ३म्, ओम् वा ऋषभम् ऋषभगामिन प्रणमत** = ઓમ્, ઓમ્ ઋષભની જેમ જનારા ઋષભદેવને પ્રણામ કરો !

हेः प्रश्नाख्याने ॥ ७-४-९७ ॥

પ્રશ્નના જવાબ રૂપે બોલાયેલ વાક્યમાં વપરાયેલ હિ શબ્દના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **अकार्षीः कटं मैत्र ?** હે મિત્ર તેં સાદડી બનાવી ! **अकार्ष हि ३, अकार्षं हि वा** = ખરેખર બનાવી, બનાવી.

प्रश्ने च प्रतिपदम् ॥ ७-४-९८ ॥

જે વાક્યમાં પ્રશ્ન પુછાયેલ અને તેનો જવાબ અપાયેલ હોય એવા વાક્યના દરેક પદના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **अगमः ३ पूर्वा ३ न् ग्रामा ३ न् मैत्र ३ !, अगमः पूर्वान् ग्रामान् मैत्र !** = હે મૈત્ર ! તું પૂર્વના ગામોમાં ગયો ? **अगम ३ म् पूर्वा ३ न् ग्रामा ३ न् मैत्र ३ ! अगमं पूर्वान् ग्रामान् मैत्र !** = હે મૈત્ર ? હું પૂર્વના ગામોમાં ગયો હતો !

दूरादामन्त्र्यस्य गुरुर्वैकोऽनन्त्याऽपि लघूत्
॥ ७-४-९९ ॥

વાક્યમાં વપરાયેલ દૂરથી આમન્ત્ર્ય અર્થના પદના અન્ત્ય સ્વરનો તથા ગુરુ અન્ત્ય સ્વરનો પણ, તથા ઋવર્જિત એકલો લૃ હોય તો પણ વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **आगच्छ भो देवदत्त ३ !, देवदत्त ! वा** = હે દેવદત્ત આવ !, દેવદત્ત આવ ! **सक्तून् पिब देव३दत्त, देवद३त्त, देवदत्त वा** = હે દેવદત્ત ! સાથવો પી!, હે દેવદત્ત, **आगच्छ भो कॢ३प्तशिख ! कॢप्तशिख वा** = હે બાંધેલી શિખાવાળા આવ !, બાંધેલીશિખાવાળા.

हे-हैव्वेषामेव ॥ ७-४-१०० ॥

વાક્યમાં વપરાયેલ અને દૂરથી આમન્ત્રપદ સંબંધી એવા હે અને હૈ શબ્દના જ અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે. **हे ३ मैत्र आगच्छ, आगच्छ हे ३ मैत्र ?, आगच्छ मैत्र हे ३ !** = હે મૈત્ર આવ, આવ હે મૈત્ર, આવ મૈત્ર હે ! **है ३ मैत्र आगच्छ ?, आगच्छ है मैत्र ! आगच्छ मैत्र है !** = હે મૈત્ર આવ !, આવ હૈ મૈત્ર !, આવ મૈત્ર હૈ !

अस्त्रो-शूद्रे प्रत्यभिवादे भो-गोत्र-नाम्नो वा
॥ ७-४-१०१ ॥

પ્રત્યભિવાદન - પ્રણામ કરનારને ગુરૂ કે વડિલ આશીર્વચન પુછે અથવા કુશળાદિ પુછે તે. સ્ત્રી અને શૂદ્ર સિવાયના પ્રત્યભિવાદના વિષયમાં વપરાયેલ ભોસ્ શબ્દના, ગોત્રવાચક શબ્દનો, તથા નામના અન્ત્ય સ્વરનો વિકલ્પે ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે, **अभिवादये मैत्रोऽहं भोः ! आयुष्मातेधि भोः ३, भो ? वा** = હે મૈત્ર ! હું તને અભિવાદન કરૂં છું, હે તું આયુષ્માન થા !, **हे अभिवादये गार्ग्योऽहं भोः, कुशल्यसि गार्ग्य ३ ? गार्ग्य वा;** = હે ગાર્ગ્ય ! હું તને અભિવાદન કરૂં છું, હે ગાર્ગ્ય ! તું કુશલ છે !, ગાર્ગ્ય હે; **अभिवादये मैत्रोऽहं भोः, आयुष्मानेधि मैत्र ३, मैत्र ! वा** = હે મૈત્ર ! હું તને અભિવાદન કરૂં છું, હે મૈત્ર ? હે તું આયુષ્માન થા !, હે મૈત્ર.

प्रश्ना-ऽर्चा विचारे च सन्धेयसन्ध्यक्षरस्यादिदुत्परे
॥ ७-४-१०२ ॥

પ્રશ્ન, અર્ચા, વિચાર અને પ્રત્યભિવાદનનો વિષય જણાતો હોય તો, જેની સંધિ થઈ શકતી હોય એવા સન્ધ્યક્ષર (એ, ઐ, ઓ અને ઔ) જે વાક્યને અન્તે આવેલ હોય એવા સન્ધ્યક્ષરનો ' પ્લુત ' ઉચ્ચારણ થાય છે અને અન્ત્ય સન્ધ્યક્ષરના એ અને ઐ ના સ્થાને ' અાઈ ' તથા ઓ અને ઔ ના સ્થાને ' અાઉ ' આદેશ થાય છે. **प्रश्न - अगमः ३ पूर्वान्३न् ग्रामान्३न् अग्निभूता३इ ! पटा३उ !**; હે અગ્નિભૂતે પૂર્વના ગામમાં તું ગયો ! હે ચતુર ! **अर्चा - शोभनः खल्वसि अग्निभूता ३ इ ? पटा३उ ?** = હે અગ્નિભૂતે ! તું ખરેખર સુંદર છે, હે ચતુર !; **विचार - वस्तव्यं**

किं निर्ग्रन्थस्य सागरिका ३ इ, उताऽनागारिके = નિર્ગ્રન્થે શું સાગારિક – દોષવાળા સ્થાનમાં રહેવું કે અનાગારિક – દોષ વિનાના સ્થાનમાં રહેવું એવો વિચાર કરવાનો છે. **प्रत्यभिवादन – आयुष्मा नेधि अग्निभूता३इ** = હે અગ્નિભૂતે ! દીર્ઘાયુષી થા !

तयोर्य्वौ स्वरे संहितायाम् ॥ ७–४–१०३ ॥

પ્લુત આકાર પછી તરત ઇકાર અને ઉકાર આવેલ હોય અને પછી સન્ધિ થવાને યોગ્ય સ્વર આવેલ હોય તો ઇકારનો ' **यु** ' અને ઉકારનો ' **व्** ' આદેશ થાય છે. **अगमः ३ अग्निभूता ३ यत्रागच्छ** = હે ! અગ્નિભૂતે ! તું ગયો, અહિં આવ ! **अगमः पटा३यत्रागच्छ !** = હે ચતુર ! તું ગયો અહિં આવ !

पञ्चम्या निर्दिष्टे परस्य ॥ ७–४–१०४ ॥

જે કાર્ય પંચમીવિભક્તિ દ્વારા નિર્દિષ્ટ કરેલ હોય તે કાર્ય, વચ્ચે કશુંય ન હોય, એવા નિકટપણાવાળા અંશની પછી જ થાય " **अतो भिस ऐस्** [१–४–२] " આ સૂત્રમાં પંચમીવિભક્તિ દ્વારા નિર્દિષ્ટ – વિધાન કરેલ ભિસ્ પ્રત્યયનો અકાર પછી તરત જ આવેલ ભિસ્ પ્રત્યયનો ' **ऐस्** ' આદેશ થાય છે એમ સમજવું. **वृक्ष + भिस् = वृक्ष + ऐस् = वृक्षैः** = વૃક્ષ વડે.

सप्तम्या पूर्वस्य ॥ ७–४–१०५ ॥

જે કાર્ય સપ્તમીવિભક્તિ દ્વારા નિર્દેશ કરેલ હોઈ તે કાર્ય, અવ્યવહિતપણે રહેલ પૂર્વના અક્ષરને જ થાય. **इवर्णादेरस्वे स्वरे यरलवम् [१–२–२१]** " આ સૂત્રમાં **अस्वे स्वरे** ત્યાં સપ્તમી નો નિર્દેશ કરેલ હોવાથી સ્વરની પૂર્વના એટલે તદ્દન અવ્યવહિત

પૂર્વના એવા ઇ, ઉ, ઋ અને ઌ ના સ્થાને '**य्, र्, ल्**' અને '**व्**' વ્યંજન થાય. **दधि+अत्र=दध्य्+अत्र=दध्यत्र** = અહિં દહીં.

षष्ठ्याऽन्त्यस्य ॥ ७–४–१०६ ॥

ષષ્ઠીવિભક્તિદ્વારા જે કાર્યનું વિધાન કરેલ હોય તે કાર્ય, શબ્દને અન્તે જ થાય. "**वाऽष्टनः आः स्यादौ** [१–४–५२]" આ સૂત્રમાં **अष्टनः** એવો ષષ્ઠીવિભક્તિદ્વારા નિર્દેશ કરેલ હોવાથી અષ્ટન્ શબ્દના અન્તના ન્ નો '**आ**' થાય. **अष्टन्** + **भिस्** = **अष्टा** + **भिस्** = **अष्टाभिः** = આઠ વડે.

अनेकवर्णः सर्वस्य ॥ ७–४–१०७ ॥

જે કાર્ય ષષ્ઠીવિભક્તિદ્વારા નિર્દેશ કરેલ હોય, પરંતુ જણાવેલ કાર્ય જો અનેક વર્ણવાળું હોય તો, તે કાર્ય આખા શબ્દને થાય છે. "**त्रि - चतुरः तिस् - चतस् स्यादौ** [२–१–१]" આ સૂત્રમાં **त्रि-चतुरः** એવું ષષ્ઠીવિભક્તિદ્વારા વિધાન કરેલ હોવાથી ત્રિ અને ચતુર્ આખા શબ્દને સ્થાને તિસ્ અને ચતસ્ રૂપ કાર્ય થાય. **त्रि** + **भिस्** = **तिसृभिः** = ત્રણ વડે, **चतुर्** + **भिस्** = **चतसृभिः** = ચાર વડે.

प्रत्ययस्य ॥ ७–४–१०८ ॥

પ્રત્યયને ઉદ્દેશીને આદેશનું જે વિધાન કરેલ હોય તે, એકવર્ણનો હોય કે અનેકવર્ણનો હોય તો, તે આદેશ આખા પ્રત્યયનાં સ્થાને થાય. "**जस इः** [१–४–९]" આ સૂત્રમાં જસ્ પ્રત્યયને સ્થાને ઇ નું વિધાન કરેલ છે. જેથી ઇ એકવર્ણરૂપ હોવા છતાં જસ્ પ્રત્યયના આખાના સ્થાને ઇ થાય છે. **सर्व** + **जस्** = **सर्व** + **इ** = **सर्वे** = બધા – સર્વ.

स्थानीवाऽवर्णविधौ ॥ ७-४-१०९ ॥

જો એકવર્ણને આશ્રીને કાર્ય કરવાનું ન હોય તો, સૂત્રોમાં જે આદેશોનું વિધાન કરેલ છે, તે આદેશો જેના સ્થાનમાં વિધાન કરાયેલ હોય, તે આદેશો મૂળ સ્થાન જેવા જ સમજવા. અર્થાત્ મૂળ સ્થાનનો આદેશ મૂળસ્થાન જેવો, ધાતુનો આદેશ ધાતુના જેવો, વિભક્તિનો આદેશ વિભક્તિ જેવો, કૃદન્તનો આદેશ કૃદન્ત જેવો, અવ્યયનો આદેશ અવ્યય જેવો, અને પદનો આદેશ પદ જેવો સમજવો.

धातु – भव्यम् – ११०२ असक् – એ ધાતુને **अस्तिब्रुवोः०** [૪-૪-૧] " એ સૂત્રથી **अस्** ધાતુનો **भू** આદેશ થયો **अस्** ધાતુ હોવાથી આદેશરૂપ **भू** ને પણ ધાતુ જ સમજવો જેથી આદેશરૂપ **भू** ધાતુને જેમ કૃદન્તનો **य** પ્રત્યય લાગ્યો છે, તેવી જ રીતે **भू** ના ऊ નો ગુણ વગેરે થઈ **भव्यम्** રૂપ થયું.

मूलनाम – कस्मै – અહિં " **किमः०** [૨-૧-૪૦] " એ સૂત્રથી સર્વાદિ સંજ્ઞા થી **किम्** શબ્દનો **क** આદેશ થયો છે, તે પણ સર્વાદિ સમજવો. જેથી કરીને " **सर्वादेः०** [૧-૪-૭] " એ સૂત્રથી ङि પ્રત્યયનો **स्मै** આદેશ થઈ **कस्मै** રૂપ બન્યું.

विभक्ति – राजा – અહિં મૂલશબ્દ **राजन्** છે. " **दीर्घ०** [૧-૪-૪૫] " એ સૂત્રથી **राजन्** શબ્દને લાગેલ **सि** પ્રત્યયનો લોપ થાય છે. પરંતુ **राजन्** શબ્દના અકારનો " **नि दीर्घः** [૧-૪-૮૫] " એ સૂત્રથી દીર્ઘ કરતાં **सि** પ્રત્યયની વિદ્યમાનતા માનવાથી **राजन्** શબ્દનું **राजा** રૂપ સિદ્ધ થયું છે જેમકે-**राजन्** + **सि** ત્યાં " **दीर्घ०** [૧-૪-૪૫] " એ સૂત્રથી **सि** નો લોપ થયો છતાં " **नामसिद्ध०** [૧-૧-૨૧] " એ સૂત્રથી **राजन्** પદ સંજ્ઞક થવાથી " **नाना०** [૨-૧-૯૧] " એ સૂત્રથી **राजन्**

ના ન્ નો લોપ થયો, તથા "**नि दीर्घः** [૧-૪-૮૫]" એ સૂત્રથી **राज नुं राजा** રૂપ થયું.

कृदन्त-૮૮૮. डुकृग्-प्र + कृ + क्त्वा = प्रकृत्य, – અહિં "**क्त्वा०** [૫-૧-૧૩]" એ સૂત્રથી કૃદન્ત સંબંધી **क्त्वा** પ્રત્યય થયો, પછી "**अनञः०** [૩-૨-૧૫૪]" એ સૂત્રથી **क्त्वा** પ્રત્યયનો **यप्** આદેશ થયેલ છે. કારણ **क्त्वा** પ્રત્યય કૃદન્ત સંબંધી હોવાથી **यप्** આદેશને પણ કૃદન્તનો માનવો, જેથી "**ह्रस्वस्य** [૪-૪-૧૧૩]" એ સૂત્રથી **यप्** આદેશની પહેલા **त्** આગમ થવાથી **प्र+कृ+त्+क्त्वा(यप्)=प्रकृत्य** રૂપ સિદ્ધ થયું.

अव्यय-૧૧૨૪. ष्टुग्क्-प्र + स्तु + क्त्वा = प्रस्तुत्य આ પ્રયોગમાં **क्त्वा** અવ્યય રૂપ છે, જેથી **क्त्वा** ને સ્થાને થયેલ **यप्** ને પણ "**क्त्वा०** [૧-૧-૩૫]" એ સૂત્રથી અવ્યય માનવો, જેથી અવ્યયને લાગેલી વિભક્તિ "**अव्ययस्य** [૩-૨-૭]" એ સૂત્રથી લોપ થઈ, "**ह्रस्वस्य०** [૪-૪-૧૧૩]" એ સૂત્રથી **त्** આગમ થઈ, **प्र+स्तु+त्+यप् = प्रस्तुत्य** પ્રયોગ બરાબર થયો છે.

પદ – धर्मो वो रक्षतु આ વાક્યમાં **युष्मान्** શબ્દને સ્થાને "**पदाद्युग्०** [૨-૧-૨૧]" એ સૂત્રથી જે **वस्** આદેશ થયો છે તેને પણ "**तदन्तं पदम्** [૧-૧ ૨૦]" એ સૂત્રથી **युष्मान्** રૂપ પદ હોવાથી તેને સ્થાને થયેલ **वस्** પણ પદ મનાય છે, જેથી **वस्** પદના અન્ત્ય **स्** નો "**सौ रूः** [૨-૧-૭૨]" એ સૂત્રથી **र्** આદેશ થઈ "**रः पदान्ते** [૧-૩-૫૩]" એ સૂત્રથી **र्** નો **વિસર્ગ** થઈ **धर्मो वो रक्षतु** એવું રૂપ બરાબર સિદ્ધ થયું.

स्वरस्य परे प्राग्विधौ ॥ ૭-૪-૧૧૦ ॥

પરનિમિત્તને લઈને થયેલા આદેશથી પૂર્વમાં વ્યવહિતપણે કે અવ્યવહિતપણે કોઈ વિધાન કરવાનું હોય તો, પરનિમિત્તને આશ્રીને

સ્વરનો કોઈ પણ આદેશ સ્થાનીવ – મૂળરૂપે સમજવો. **कथयति** – ૧૮૮૦ **कथण्** ધાતુને " **चुरादि०** [૩-૪-૧૭] " એ સૂત્રથી **णिच्** પ્રત્યય થઈ " **कर्तर्य०** [૩-૪-૭૧] " એ સૂત્રથી **शव्** વિકરણ પ્રત્યય થઈ વર્તમાના વિભક્તિનો **तिव्** પ્રત્યય લાગી. **कथयति** પ્રયોગ બનેલ છે

कथ + णिच् + शव् + तिव् = कथ + इ + अ + ति આ સ્થિતિ માં " **अतः** [૪-૩-૮૨] " એ સૂત્રથી **कथ** ધાતુના **अन्त्य** સ્વરના **अकार** નો લોપ થતાં, **कथ् + इ + अ + ति** એમ થતાં, " **ञ्णिति** [૪-૩-૫૦] " એ સૂત્રથી **इ** ની પૂર્વ **कथ्** ના ઉપાન્ત્ય અની વૃદ્ધિ થઈ **आ** થવાનો પ્રસંગ આવે છે, પરંતુ **अ** ના લોપરૂપ આદેશથી પૂર્વમાં વૃદ્ધિ થતી હોવાથી, આ સૂત્ર દ્વારા સ્વરના **अ** ના લોપ રૂપ આદેશને લોપ ન માનતા, **अ** ની વિદ્યમાનતા સમજવી. જેથી **कथ + इ** થતાં ઉપાન્ત્યમાં **अ** ન હોવાથી **अ** ની વૃદ્ધિ **आ** ન થતાં **कथयति** રૂપ સિદ્ધ થયું.

पादाभ्यां हरति = पाद + इकण् = पादिकः – અહિં **इकण्** પ્રત્યયરૂપ પરનિમિત્તને લઈને "**अवर्णे०** [૭-૪-૬૮]" એ સૂત્રથી **पाद** ના અન્ત્ય સ્વર **अ** નો લોપ થતાં **पाद्** થયેલ છે, તથા અન્ત્યસ્વર **अ** નો લોપરૂપ આદેશ થવાથી **पाद् + इकण्** માં " **य – स्वरे०** [૨-૧-૧૦૨] " એ સૂત્રથી સ્વરાદિ પ્રત્યયની પૂર્વમાં **पाद्** શબ્દનો **पद्** થવાનો પ્રસંગ ઊભો થતાં, આ સૂત્રદ્વારા **अ** ના લોપરૂપ આદેશથી પૂર્વમાં **पाद्** નો **पद्** આદેશ થતો હોવાથી **पाद्** ને **पाद** રૂપ માનવો. અને આમ થતાં " **य – स्वरे०** [૨-૧-૧૦૨] " એ સૂત્ર અક્ષરાન્ત **पाद** શબ્દને લાગતું ન હોવાથી **पाद् + इकण् = पादिकः** પ્રયોગ સિદ્ધ થયો.

स्रंस् + णि + कय + ते = स्रंसयते – અહિં " **णेरनिटि** [૪-૩-૮૩] " એ સૂત્રથી **कय** રૂપ પરનિમિત્તને લઈને સ્વરરૂપ

इ નો લોપ થાય છે. એથી **स्रंस् + य + ते** એમ થતાં "**नो व्यञ्जनस्य०** [૪-૨-૪૫]" એ સૂત્રથી **क्** અનુબંધ વાળો **य** પ્રત્યય ધાતુથી પર છતાં **स्रंस्**ના **न्** નો લોપ થઈ **स्रस्** થવાનો પ્રસંગ ઉભો થયો, એથી આ **न्** નો લોપરૂપ આદેશ **इ** ના લોપ રૂપ આદેશ પૂર્વમાં થવાનો હોવાથી, **इ** ના લોપરૂપ આદેશને લોપરૂપ ન માનતા **इ** ને મૂળ રૂપે માનવાથી **स्रंस् + इ+य + ते** આમ થવાથી **न्** ઉપાન્ત્યમાં ન રહેતાં **न्** નો લોપ ન થયો, આથી **स्रंस्यते** રૂપ સિદ્ધ થયું

न सन्धि-ङी-य-क्वि-द्वि-दीर्घा-ऽसद्विधावस्कलुकि

॥ ૭-૪-૧૧૧ ॥

સન્ધિના, સ્ત્રીલિંગસૂચક ङी પ્રત્યયના, य પ્રત્યયના, क्विप् પ્રત્યય ના, દ્વિત્વના અને દીર્ઘના વિધાનમાં-વિષયમાં, તથા અસદ્વિધિના પ્રકરણમાં જણાવેલ **स्** અને **क्** ના લોપનો પ્રસંગ ન હોય તો અસદ્વિધિમાં સ્વરના આદેશો સ્થાનીવદ્ભાવ ન થાય, અર્થાત્ સ્વરનો આદેશ મૂળરૂપ જેવો હતો તેવો ન મનાય.

सन्धिविधि - **वि + इ + अन्ति = वियन्ति** - આ પ્રયોગ માં "**योऽनेक** [૨-૧-૫૬]" એ સૂત્રથી **इ** નો **य्** આદેશ થયો છે. જેથી **वि + य् + अन्ति** થયું. આમાં **इ** નો **य्** આદેશ છે, તે સ્વરનો આદેશ છે. આદેશની પૂર્વમાં કાર્ય કરવાનું હોવાથી તેનો સ્થાનીવદ્ભાવ માનીયે તો **वि + इ** એમ માનવું પડે, અને આમ માનવાથી "**समानानाम्०** [૧-૨-૧]" એ સૂત્રથી દીર્ઘ **ई** થઈ **वी** એવું રૂપ બનશે, પણ **वियन्ति** રૂપ નહિ બને, માટે આ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે સન્ધિના વિષયમાં આદેશના પૂર્વનું કાર્ય કરવાનું હોય તો, સ્થાનીવદ્ભાવ ન માનવો. જેથી કરીને **वि + य्+**

अन्ति આ સ્થિતિમાં इ ના સ્થાને થયેલ **य्** નો इ ન માનવો. જેથી કરી **वि + इ** એમ ન માનવાથી દીર્ઘ ई ન થવાથી **वियन्ति** રૂપ સાધ્ય થયું.

ङीविधि – बिम्ब्या फलम् = बिम्बी + अण् = बिम्बम् – આ પ્રયોગમાં **बिम्बी** શબ્દને તદ્ધિત સંબંધી **अण्** પ્રત્યય લાગતાં **बिम्बी + अण्** થયું, પછી " **फले** [૬–૨–૫૮] " એ સૂત્રથી **अण्** પ્રત્યયનો લોપ થયો. પછી " **ङ्याद्देः०** [૨–૪–૯૫] " એ સૂત્રથી સ્ત્રીલિંગ સૂચક **ङी** પ્રત્યયનો લોપ થતાં **बिम्ब** શબ્દ બને છે. હવે પ્રથમા વિભક્તિના એકવચનનો **सि** પ્રત્યય લગાડતાં પહેલા સ્વરના આદેશરૂપ **ङी** પ્રત્યયના લોપનો સ્થાનીવદ્ભાવ માનીયે તો, **बिम्ब + ङी + सि** એમ માનવું પડે અને એમ માનવાથી " **अस्य०** [૨–૪–૮૬] " એ સૂત્રથી **बिम्ब** શબ્દના **अकार** નો લોપ થતાં **बिम्ब् + ङी + सि** એમ થતાં **बिम्बम्** રૂપ નહિ બનતાં, પ્રથમાં વિભક્તિના એકવચનનું **बिम्ब्** એવું અશુદ્ધરૂપ બનત, એટલે આ સૂત્રદ્વારા સ્થાનીવદ્ભાવ ન માનતાં, **बिम्ब + सि** એમ થતાં **बिम्बम्** એવું શુદ્ધરૂપ બનશે.

यविधि – कण्डूतिः – આ પ્રયોગમાં ઉણાદિગણના **कण्डू** ધાતુને, " **स्त्रियां क्तिः** [૫–૩–૯૧] " એ સૂત્રથી **क्ति** પ્રત્યય લાગતાં પહેલા " **धातोः०** [૩–૪–૮] " એ સૂત્રથી **यक्** પ્રત્યય લાગે છે. તેથી **कण्डू + य + क्ति** એમ થતાં " **अतः** [૪–૩–૮૨] " એ સૂત્રથી **य** ના **अ** નો લોપ થતાં " **य्वोः०** [૪–૪–૧૨૧] " એ સૂત્રથી વ્યંજનાન્ત **य्** નો લોપ થતાં **कण्डूतिः** રૂપ સિદ્ધ થયું. હવે અહિં **य** ના **अ** નો થયેલ લોપ સ્વરાદેશરૂપ હોવાથી, તે **य** ના લોપરૂપ વિધિમાં સ્થાનીવદ્ભાવ માનીયે તો **य्** નો લોપ ન થતાં **य्** નો **य** માનવો પડશે, અને " **य्वोः०**

[૪-૪-૧૨૧] " આ સૂત્રદ્વારા વ્યંજનાન્ત **य्** નો લોપ થાય છે, પણ **स्वरान्त य** નો લોપ થતો નથી, જેથી **कण्डूतिः** રૂપ નહિ બનતાં **कण्डूयति** એવું અશુદ્ધરૂપ બનશે, જેથી આ સૂત્ર સ્થાનીવદ્ભાવ કરવાનો નિષેધ કરતો હોવાથી **यू** ને આશ્રિ **य** માની ન લેતાં વ્યંજનાન્ત **य्** માનતાં તેનો લોપ થશે, અને શુદ્ધ એવું **कण्डूतिः** રૂપ બનશે.

क्विप्विधि – देवयति इति = दिव् + णिच् + क्विप् + सि = द्युः. આ પ્રયોગમાં **देवयति** ને **क्विप्** પ્રત્યય લાગતા **देव्** એવું **क्विप्** પ્રત્યયાન્ત રૂપ બને છે. પછી, " **अनुनासिके०** [૪-૧-૧૦૮] " એ સૂત્રથી **व्** નો **शूट्** થતો **दे + ऊ = दयू** થાય અને પ્રથમાવિભક્તિના એકવચનનો **सि** પ્રત્યય લાગતાં **द्युः** રૂપ થયું. **देवयति** આ પ્રયોગમાં " **जेदनिटि** [૪-૩-૮૩] " એ સૂત્રથી **णि** નો લોપ થઈ **देवयनुं देव्** રૂપ થયું એમાં **णि** નો લોપ થતાં, જે **व्** શેષ રહે છે, તેને **क्विप्** પ્રત્યયને માનીને **शूट्** વિધિમાં સ્થાનીવદ્ભાવ માનીયે તો. **देवि + क्विप्** એ રીતે થતાં **व्** પછી તરત જ **क्विप्** પ્રત્યય ન આવતાં, **व्** નો **ऊ** જ થશે નહિ, અને **देवनुं द्युयु** એવું રૂપ બનશે નહિ. એટલે આ સૂત્રદ્વારા **क्विप्** વિધિમાં સ્થાનીવદ્ભાવનો નિષેધ હોવાથી **णि** નો સ્થાનીવદ્ભાવ ન થયો અને **देव् + क्विप्** એમ થતાં **देव्** ના **व्** નો **ऊ** થવાથી **देयुः** એવું શુદ્ધ રૂપ બન્યું.

द्विर्भावविधि – दधि + अत्र = दध्यत्र. આ પ્રયોગમાં **"अदीर्घाद्० [१-३-३२]"** એ સૂત્રથી **ध्** નો દ્વિર્ભાવ થવાથી **दध्ध् + य् + अत्र** એવું રૂપ બને છે આ દ્વિર્ભાવના પ્રસંગમાં **दध्य्** નું **दधि** માનીએ તો, અર્થાત્ **य्** થયેલ **इ** નો સ્થાનીવદ્ભાવ માનીએ તો " **अदीर्घाद्०** [૧-૩-૩૨] " એ સૂત્રથી દ્વિર્ભાવ થશે નહિ, એટલે સંધિવિધિમાં સ્વરના આદેશરૂપ સ્થાનીવદ્ભાવ ન માનતાં **ध्** નો દ્વિર્ભાવ થઈ જતાં **दद्धयत्र** રૂપ સિદ્ધ થશે.

દીર્ઘવિધિ – **भृशं पुनः पुनर्वा शमयति = शम् + णि + ण्णम् = शामंशामम्** – આ પ્રયોગમાં **शम्** ધાતુને "**चुरादि० [३-४-१७]**" એ સૂત્રથી **णि** થઈ, "**ण्णम्० [५-४-४८]**" એ સૂત્રથી **ण्णम्** પ્રત્યય થઈ. "**णेरनिटि [४-३-८३]**" એ સૂત્રથી **णि** નો લોપ થઈ "**ञि० [४-४-१०६]**" એ સૂત્રથી **न्** અન્તાગમ થઈ, "**शमो० [४-२-२८]**" એ સૂત્રથી દીર્ઘ થઈ **शामशामम्** રૂપ થયું છે આ પ્રયોગમાં **शम्** તું **शाम्** એમ દીર્ઘવિધિ કરવા જતાં, સ્વરના આદેશરૂપ **णि** નો લોપનો સ્થાનીવદ્ભાવ માનવાનો નથી જો સ્થાનીવદ્ભાવ માનીએ તો **शम्** પછી **णि** અને **ण्णम्** હશે તો સ્વર પછી તરત જ **ण्णम्** પ્રત્યય ન હોવાથી "**शमो० [४-२-२८]**" એ સૂત્રથી દીર્ઘ ન થતાં **शामंशामम्** રૂપ બનશે નહિ, પરંતુ આ સૂત્ર સ્થાનીવદ્ભાવનો નિષેધ કરતું હોવાથી વચ્ચે **णि** ન માનવાથી **शामंशामम्** રૂપ સિદ્ધ થયું.

असट्टिधि – આ પ્રયોગમાં **यायज्** પછી આવેલ "**बहुलं० [३-४-१४]**" એ સૂત્રથી **यङ्** નો લોપ થતાં **य** માં રહેલ **अ** નો પણ લોપ થઈ જાય છે. આ **अ** નો લોપ તે સ્વરાદિ લોપ હોવાથી સ્થાનીવદ્ભાવ ન થાય. જો સ્થાનીવદ્ભાવ માનીએ તો "**संयोगस्या० [२-१-८८]**" એ સૂત્રથી **ज्** નો **ष्** ન થાત. **ष्** કરનાર સૂ૦ **ज्** પછી વસ્ત જ **अ** આવત અને પછી આદિમાં ધુટ્ અક્ષરવાળો પ્રત્યય આવે તો **ष्** થાત, પરંતુ **अ** નો સ્થાનીવદ્ભાવ ન થવાથી **ज्** પછી તરત જ ધુટ્ અક્ષરવાળો પ્રત્યય હોવાથી **ज्** નો **ष्** થઈ **यायष्टि** રૂપ સિદ્ધ થયું.

लुप्यय्वृल्लेनत् ॥ ७-४-११२ ॥

પ્રત્યયનો લોપ થતાં અર્થાત્ લુપ્, લુક્ કે ખ્લુપ્ થતાં લોપ થયેલા પ્રત્યયને, લોપરૂપ જ મનાય, પણ સ્થાનીવદ્ભાવ – વિદ્યમાન

પ્રત્યય રૂપ ન બનાવ. જો **ऋवृत्** - **ऋ** નો **इ**, **व** નો **उ** કે **अ** નો **र** કરવાનો હોય, તથા **ल्** કાર્ય એટલે "**ओ यङि [२-३-१०१]**" એ સૂત્રથી **र** નો **ल्** કરવાનું કાર્ય હોય તથા **पनत्** નું કાર્ય એટલે "**अनतो लुप् [१-४-५९]**" એ સૂત્રથી લોપ માનીને "**त्यदामेनदेतदो० [२-१-३३]**" એ સૂત્રથી **पतद्** નું **पनद्** કરવાનું ન હોય તો **तद् + सि = तद्** - આ પ્રયોગમાં "**दीर्घ० [१-४-४५]**" એ સૂત્રથી **सि** નો લોપ થયેલ છે. તેથી લોપની પૂર્વમાં **तद्** ના **द्** નો "**आ द्वेरः [२-१-४१]**" એ સૂત્રથી **अ** ન થયો, તથા "**तः सौ सः [२-१-४२]**" એ સૂત્રથી **त** નો **स** પણ ન થયો. જો સ્થાનીવદ્ભાવ માનીયે તો, અર્થાત્ **सि** પ્રત્યયનું વિદ્યમાનપણું માનીયે તો **न्** નો **अ** અને **त** નો **स** થઈ જતાં નપુ.સકલિંગના પ્રથમા વિભક્તિના એકવચનનું **तद्** કે **तत्** રૂપ ન બનત. **गर्गस्य अपत्यानि = गर्ग + यञ् + जस् = गर्गाः** - આ પ્રયોગમાં "**गर्गादे० [६-१-४२]**" એ સૂત્રથી **यञ्** પ્રત્યય લાગતાં **गार्ग्य** રૂપ થયું, તથા પ્રથમા વિભક્તિના બહુવચનનો **जस्** પ્રત્યય લાગતાં **गार्ग्य + जस्** એમ થતાં "**यञञ०** [६-१-१२६]" એ સૂત્રથી **यञ्** પ્રત્યયનો લોપ થઈ **गर्गा** રૂપ બનેલ છે. હવે જો **यञ्** પ્રત્યયનો સ્થાનીવદ્ભાવ માનીએ તો, બહુવચનમાં "**ञ्णिति [४-३-१०]**" એ સૂત્રથી **गर्ग**ની વૃદ્ધિ થતાં **गार्ग्याः** એવું અશુદ્ધ રૂપ બનત, માટે પ્રત્યયનો લોપ થતાં આ આ સૂત્ર સ્થાનીવદ્ભાવનો નિષેધ કરતો હોવાથી, **यञ्** પ્રત્યયનો લોપ થયા પછી વિદ્યમાનતા જ નથી, એમ માનવાથી **यञ्** પ્રત્યય નિમિત્તે થનારું કાર્ય નહિ થતાં **गर्गाः** એવું શુદ્ધરૂપ સિદ્ધ થયું.

विशेषणमन्तः ॥ ६-४-११३ ॥

નામથી અને ધાતુથી જે અભિન્ન અવયવ હોય તેનું નામ

પ્રસ્તુતમાં વિશેષણ સમજવું, એ વિશેષણ નિયમિત માનીને જે કાર્યનું વિધાન કરેલ હોય તે, નામના કે ધાતુના અન્તે થાય. એવો આ સૂત્રનો આશય સમજવો.

નામનું વિશેષણ—**कुण्डम्** આ પ્રયોગમાં "**अतः० [१-४-५७]**" એ સૂત્રમથી **अ** પછી તરત જ આવેલ **सि** અને **अम्** પ્રત્યયનો **अम्** આદેશ થાય છે, આટલો જ અર્થ ન કરતાં, આ સૂત્રમાં **अतः** એ પદ નામનું વિશેષણરૂપ પદ છે, જેથી કરીને અકારાન્ત નામનો અન્ત્ય **अ**, તે નામનો અભિન્ન અવયવ હોવાથી નામનું વિશેષણ છે. એટલે "**अतः० [१-४-५७]**" એ સૂત્રમાં જણાવેલ કાર્ય અકારાન્ત નામના અન્તના **अ** પછી જ થાય, માત્ર **अ** પછી ન થાય. એવો અર્થ કરવાથી **कुण्ड + सि = कुण्डम्**, **वन + अम् = वनम्** વગેરે પ્રયોગો સિદ્ધ થશે. ઉપરોક્ત સૂત્રનો ઉપરોક્ત **अर्थ** કરવાથી, **तद्** શબ્દ **अ** વાળો હોવા છતાં, **तद्** શબ્દ મૂળ અકારાન્ત નથી. તેથી તેને લાગેલ **सि** અને **अम्** પ્રત્યયોનો **अम्** આદેશ ન થતાં, નપુંસકલિંગમાં **तद्** શબ્દનું **तद्** કે **तत्** રૂપ જ થાય. પરંતુ "**अतः० [१-४-५७]**" એ સૂત્રથી **सि** અને **अम्** પ્રત્યયનો **अम्** આદેશ ન થાય.

ધાતુનું વિશેષણ – **सेकः, योगः** – આ પ્રયોગમાં "**नामिनो गुणो० [४-३-१]**" આસૂત્રમાં **नामिनः** પદનું વિશેષણ છે. એટલે **नामिनः धातोः** = નામવાળો ધાતુ, એટલો જ અર્થ ન કરતાં "જેને અન્તે નામી સંજ્ઞક સ્વર છે એવો ધાતુ" એવો અર્થ કરવો. નામી સ્વર ધાતુનો અભિન્ન અવયવ છે, તેથી ધાતુનું વિશેષણ થયેલ છે. એટલે 'જે ધાતુને અંતે નામી સંજ્ઞક સ્વર આવેલ હોય, એવા ધાતુનો ગુણ થાય' એવો "**नामिनो गुणो० [४-३-१]**" એ સૂત્રનો અર્થ કરવો. એવો અર્થ કરવાથી "**युवर्ण० [५-३-२८]**" આ સૂત્રનો અર્થ પણ જુદો સમજવાનો છે. આ સૂત્રમાં ઇ વર્ણ

અને **उ** વર્ણને **अल्** પ્રત્યય થાય છે. એવો નિર્દેશ કરે છે. આ પ્રયોગમાં **इ** વર્ણ અને **उ** વર્ણ ધાતુના વિશેષણરૂપ અભિન્ન અવયવ છે. તેથી **इ** વર્ણ અને **उ** વર્ણ એટલે, જેને અન્તે **इ** વર્ણવાળા અને **उ** વર્ણવાળા એવો અર્થ કરવો, જેથી કરીને જેને અન્તે **इ** વર્ણ કે **उ** વર્ણ નથી એવા ધાતુને " **युवर्ण०** [૫-૩-૨૮] " એ સૂત્રનું વિધાન લાગુ ન પડે. એવું સૂચન **विशेषणमन्त** એ સૂત્ર કરે છે. જો **विशेषणमन्तः** એ સૂત્રના વિધાન પ્રમાણે અર્થ ન માનીએ તો, **इ** વર્ણવાળા અને **उ** વર્ણવાળા ધાતુને " **युवर्ण०** [૫-૩-૨૮] " એ સૂત્ર લાગવાનું, અને એમ થવાથી **सिच्** ધાતુને અને **युज्** ધાતુને પણ **अल्** પ્રત્યય લાગવાનો જેથી કરીને **सिच्** ધાતુનું **सेकः** અને **युज्** ધાતુનું **योगः** એવું શુદ્ધરૂપ ન બનતાં, **सेचः** અને **योजः** એવું અશુદ્ધ રૂપ બની જશે. **सिच्** ધાતુ **इ** વર્ણવાળો અને **युज्** ધાતુ **उ** વર્ણવાળો તો છે જ પરંતુ **विशेषणमन्तः** સૂત્રનું વિધાન માનવાથી **इ** વર્ણાન્ત કે **उ** વર્ણાન્ત એવો અર્થ માનવાથી **सिच्** ધાતુને અને **युज्** ધાતુને " **युवर्ण०** [૫-૩-૨૮] " આ સૂત્ર નહિ લાગે, અને એમ થવાથી **सेकः** અને **योगः** શુદ્ધરૂપ સિદ્ધ થશે.

सप्तम्या आदिः ॥ ७-४-११४ ॥

स्वरे परे વગેરે સપ્તમીવિભક્તિદ્વારા વિધાન કરાયેલ હોય ત્યાં સપ્તમ્યન્તરૂપ વિશેષ્યનું આદિરૂપ વિશેષ સમજવું, એટલે **स्वरे** ત્યાં આદિમાં સ્વરવાળા, **व्यञ्जनेऽ** ત્યાં આદિમાં વ્યંજનવાળા, તથા **धुटि** ત્યાં આદિમાં ધુટવાળા એવો અર્થ કરવો.

पथिन् + अस् [शस्] = पथः – આ પ્રયોગમાં " **इन् ङी०** [૧-૪-૭૯] " આ સૂત્રમાં **स्वरे** એટલે આદિમાં સ્વરવાળા પ્રત્યય હોય તો, **इन्** પ્રત્યયનો લોપ થાય છે. તેથી **पथिन् + अस्**

= **पथ्** + **अस्** = **पथः** રૂપ સિદ્ધ થયું. પરંતુ **पथिन्** + **सु** = **पथिषु** આ પ્રયોગમાં **सु** પ્રત્યયમાં સ્વર તો છે, પરંતુ તે સ્વર આદિમાં નથી. તેથી **इन्** પ્રત્યયનો લોપ ન થયો.

प्रत्ययः प्रकृत्यादेः ॥ ७-४-११५ ॥

નામથી કે ધાતુથી જે પ્રત્યયનું વિધાન કરેલ હોય, તે પ્રત્યય માટે તે નામને કે ધાતુને સંપૂર્ણપણે પ્રકૃતિરૂપ માનવા. જો નામ કે ધાતુ લાંબા હોય કે ટુંકા જેવા હોય તેવા તે નામ કે ધાતુ પ્રત્યય માટે સંપૂર્ણપણે પ્રકૃતિરૂપ જાણવા.

मातुः भोगः = मातृभोगः तस्मै हितम् = मातृभाग + ईन + मातृभोगीणः – આ પ્રયોગમાં **मातृ** અને **भोग** એમ બે શબ્દો છે. તેનો સમાસ થવાથી **मातृभोग** એક શબ્દ બન્યો છે. **मातृभोग** એવા એક આખા શબ્દને "**भोगोत्तर०** [૭-૧-૪૦]" એ સૂત્રથી **ईन** પ્રત્યય લાગતાં **मातृभोगीणः** રૂપ થયું. તે આખા નામને પ્રથમા વિભક્તિના એકવચનનો **सि** પ્રત્યય લાગતાં "**तदन्तं पदम्** [૧-૧-૨૦]" એ સૂત્રથી **मातृभोगीन** એ આખા નામરૂપ પ્રકૃતિને પદ સંજ્ઞા થઈ એટલે "**र – वृवर्णान्नो०** [૨-૩-૬૩]" એ સૂત્રથી **मातृभोगीन** રૂપ આખા પદમાં રહેલ **मातृ** શબ્દમાં રહેલ **ऋ** પછી આવેલ **न** નો **ण** થઈ **मातृभागीणः** રૂપ સિદ્ધ થયું. પરંતુ કેવલ **भोगीन** શબ્દને પદસંજ્ઞા માનવામાં આવી હોત, તો **सि** પ્રત્યય લાગતાં **मातृ** શબ્દને અલગ પાડવામાં આવ્યો હોત તો, **मातृभागीन** શબ્દના **न** નો **ण** ન થાત **सि** પ્રત્યય કેવલ **भोगीन** શબ્દનો સંબંધી નથી, પરંતુ સંપૂર્ણ **मातृभोगीन** શબ્દનો સંબંધી છે. સારાંશ એ થયો કે જ્યાં પ્રત્યયનું વિધાન કરેલ છે, ત્યાં તે પ્રત્યય આખી પ્રકૃતિને જ લાગે છે.

गौणो ङ्यादिः ॥ ७–४–११६ ॥

જે જે નામોને ङी પ્રત્યયથી આરંભીને ष्य પ્રત્યય સુધીના સ્ત્રીલિંગ સૂચક પ્રત્યયો લાગે છે. તે નામો જ્યારે સમાસમાં આવે છે, ત્યારે તે નામોને લાગેલ પ્રત્યયો નામના વિશેષણરૂપ બને છે. પછી ભલે એ નામ વિશેષ લાંબુ બનેલ હોય. સમાસમાં – તત્પુરૂષ કે કર્મધારય સમાસમાં મૂળનામ કે લાંબું બનેલ નામ પોતાના મૂળ અર્થને સાચવી રાખે છે. એટલે તત્પુરૂષ કે કર્મધારય સમાસમાં એ લાંબા નામોનો અર્થ ष्य પ્રત્યયવાળા નામના ગૌણ અર્થને ઉલ્લંઘતમાં મૂકતો નથી, પરંતુ એનો અર્થ બરાબર સચવાય છે. અર્થાત્ આ સૂત્રનો અર્થ એ થયો કે એવા લાંબા નામોને લાગેલ **ष्य** પ્રત્યય મૂળ ગૌણનામનું વિશેષણ બને છે. **करीषस्येव गन्धो अस्य = करीषगन्धिः, तस्यापत्यं पौत्रादि स्त्री = कारीषगन्धि + अण् = करीषगन्ध्या + ष्या + आप् = कारिषगन्ध्या** – આ પદમાં કરીષગન્ધિ શબ્દને " **अनार्षे०** [૨–૪–૭૮] " એ સૂત્રથી લાગેલ **ष्य** પ્રત્યય કરીષગન્ધિનું વિશેષણ બને એ તો સ્પષ્ટ છે. પરંતુ. **कारीषगन्ध्याः बन्धुः = कारीषगन्ध्या + बन्धु** આવા પછી તત્પુરૂષસમાસવાળા લાંબા નામોમાં પણ **ष्य** પ્રત્યય **कारीषगन्ध्याः** નું વિશેષણ માનવાનું છે. તથા **परमश्चासौ कारीषगन्ध्याः बन्धुः = परमकारीषगन्ध्या + बन्धु** આવા તત્પુરૂષ – કર્મધારય સમાસવાળા વિશેષ લાંબા નામોમાં પણ **ष्य** પ્રત્યયને **परमकारीषगन्धि** શબ્દનું વિશેષણ માનવાનું છે. આ બન્ને પ્રયોગમાં **कारीषगन्ध्या** પદ પોતાનો ગૌણ અર્થ બરાબર સાચવી રાખે છે. એથી આવા નામોમાં " **ष्या पुत्र०** [૨–૪–૮૨] " એ સૂત્રથી **ष्य** પ્રત્યયનો **ईच्** આદેશ થઈ **कारीषगन्धीबन्धुः, परमकारीषगन्धीबन्धुः** એવા રૂપો બની શકેલ છે.

બહુવ્રીહિ સમાસમાં **कारीषगन्ध्या** પદ પોતાનો ગૌણ અર્થ

સાચવી શકતો નથી. જેમકે – **कारीषगन्ध्यामतिक्रान्तः = अति कारीषगन्ध्याबन्धुः** આ સ્થાનમાં લાગેલ **ष्य** પ્રત્યય **अतिकारीष गन्ध्या**નું વિશેષણ બનતું નથી, તથા **कारीषगन्ध्यामतिक्रान्तः बन्धुः अस्य सः = अतिकारीष – गन्ध्यबन्धुः** આ પદમાં પણ લાગેલ ષ્ય પ્રત્યય **अतिकारीषगन्ध्या**નું વિશેષણ બનતું નથી. જેમ **कारीषगन्ध्या ष्य** પ્રત્યયવાળું છે, તેમ **अतिकारीषगन्ध्या** પદ **ष्य** પ્રત્યયવાળું નથી. કારણ કે એ પદમાં **अतिकारीषगन्ध्या** નું વિશેષણ બનેલ **नथी**, કારણ **कारीषगन्ध्या** પદનો જે અર્થ છે તે સાચવાયો નથી, કારીષગન્ધ્યાને ઓળંગી ગયેલ ભાઈ છે જેનો એવો ઠેઠ, એવો અર્થ હોવાથી કારીષગન્ધ્યાનો અર્થ ન સચવાતા ગૌણ થયેલ છે, જેથી **ष्या** પ્રત્યય પણ ગૌણ અર્થના સૂચક પદ **कारीषगन्ध्या**નું જ વિશેષણ થાય છે. તેથી **अतिकारीषगन्ध्यबन्धुः** આ પદમાં **" ष्या पुत्र० [२-४-८३]"** એ સૂત્રથી **ष्य** પ્રત્યયનો **ईच्** આદેશ થઈ શકતો નથી. જેથી **अतिकारीषगन्धीबन्धुः** એવો પ્રયોગ બનતો નથી,

परमकारीषगन्धीबन्धुः આ પ્રયોગમાં કર્મધારય સમાસ હોવાથી **परमकारीषगन्ध्य** એવા આખા જ પદને લાગેલ **ष्य** પ્રત્યય મુખ્ય છે. તથી બહુવ્રીહિસમાસમાં પણ **" ष्या पुत्र० [२-४-८३]"** એ સૂત્રદ્વારા **ष्य** પ્રત્યયનો **ईच्** આદેશ થઈ **परमकारीषगन्ध्यबन्धुनું परमकारीषगन्धीबन्धुः** રૂપ થઈ શકે છે.

कृत्सगति-कारकस्याऽपि ॥ ७-४-११७ ॥

કૃદન્ત પ્રકરણમાં કેવલ ધાતુને કૃત્ પ્રત્યય લાગે એવું વિધાન કરેલ છે. પરંતુ જે ધાતુની પહેલા ગતિસંજ્ઞક કે કારકસંજ્ઞક શબ્દો હોય તો, ગતિસંજ્ઞક કે કારકસંજ્ઞક સહિત શબ્દોને કૃત્ પ્રત્યય લાગે છે. એવું વિધાન સમજવું. **भस्मनि हुतम् = भस्मनहुतम्** – આ

પ્રયોગમાં **क्त** પ્રત્યયાન્ત **हुत** શબ્દ સાથે "**क्तेन [३-१-९२]**" એ સૂત્રથી સમાસ થયો છે. તેથી રીતે–

૧૫૩૧ **शृश्–वि + शृ + क्त = विशीर्ण, उदके+विशीर्णम् = उदकेविशीर्णम्** – આ પ્રયોગમાં આજ નિયમથી **वि + शृ** એવા પધારે ભાગવાળા ધાતુને **क्त** પ્રત્યય લાગેલો સમજવો. જેમ **शीर्ण क्त** પ્રત્યયાન્ત પદ છે, તેમ **विशीर्ण** પણ **क्त** પ્રત્યયાન્ત પદ છે, તેથી **उदके** પદનો **क्त** પ્રત્યયાન્ત **विशीर्ण** પદ સાથે સમાસ થઈ શકે છે.

એવી જ રીતે **अवतप्तेनकुलस्थितम्** – આ પ્રયોગમાં પણ જેમ **वि+शीर्ण** શબ્દમાં **वि** શબ્દ ગતિસંજ્ઞક છે, તેમ **स्था** ધાતુને **क्त** પ્રત્યય લાગવાથી **स्थितम्** રૂપ બનેલ છે. **स्थितम्** પદની પહેલા **नकुल** શબ્દ કારક સંજ્ઞક છે. એટલે જેમ **स्था** ધાતુને **क्त** પ્રત્યય લાગેલ છે, તેમ જ **नकुलस्था** ને પણ **क्त** પ્રત્યય લાગેલ સમજવો. જેથી **स्थित** એ શબ્દ જેમ **क्त** પ્રત્યયાન્ત છે, તેમ **नकुलस्थित** એ પણ આખો શબ્દ **क्त** પ્રત્યયાન્ત સમજવો, એમ સમજવાથી **अवतप्ते** પદની સાથે **क्त** પ્રત્યયાન્ત એવો **नकुलस्थित** પદનો સમાસ થઈ શકે છે જો આ સૂત્ર ન કર્યું હોત તો, આ સમાસ ન થાત.

परः ॥ ७–४–११८ ॥

સૂત્રમાં કરેલ પ્રત્યયનું વિધાન તે પ્રકૃતિ–મૂળ શબ્દથી પર–પછી લાગે છે. એમ સમજવું. **अज + भाप् + सि = अजा** = બકરી, **वृक्ष + सि = वृक्षः** = ઝાડ, **जुगुप् + सते = जुगुप्सते**=ધૃણા કરે છે.

અહિં **अज, वृक्ष** અને **जुगुप्** એ પ્રકૃતિ – મૂળ શબ્દ છે. **भाप्, सि,** અને **सते** પ્રત્યયો છે.

स्पर्द्धे ॥ ७–४–११९ ॥

જે પ્રયોગમાં કે પ્રયોગોમાં એકી સાથે બે વિધાનની પ્રાપ્તિ હોય, ત્યાં સૂત્રની સંખ્યાના ક્રમની દૃષ્ટિએ જે વિધાન પર – પાછળ હોય તે વિધાન લાગે. જો પરસ્પર સ્પર્ધા કરતા વિધાનો બીજા પ્રયોગમાં સાવકાશ–ચરિતાર્થ = સફળ હોય તો. જેમકે – **वनानि**-આ પ્રયોગમાં " **शसोऽतो [१-४-४९]** " અને " **नपुंशकस्य शिः [१-४-५५]** " આ બન્ને સૂત્રો **शस्** પ્રત્યયનું વિધાન બતાવે છે. **वन + शस्** આ સ્થિતિમાં " **शसो० [१-४ ४९]** " આ સૂત્ર **शस्** પ્રત્યયનો **आ** થવાનું વિધાન કરે છે, અને " **नपुंशक० [१-४-५५]** " આ સૂત્ર **शस्** પ્રત્યયનું **शि** થવાનું વિધાન કરે છે. આ રીતે એક જ પ્રયોગમાં બે વિધાનોનો પ્રસંગ ઉભો થયો. એક **आ** થવાનું વિધાનસૂત્ર અને બીજું **शि** થવાનું વિધાનસૂત્ર. આ બે સૂત્રોમાં **आ** થનારા સૂત્રથી **शि** થનારું સૂત્ર પર – પાછળ છે. જેથી **वन + शस्** એ પ્રયોગમાં **शि** વિધાનવાળું સૂત્ર પહેલું જ લાગે, પણ **आ** વિધાનનું સૂત્ર ન લાગે. એટલે **वन + शि** એમ થયું. " **स्वराऽल्लौ [१-४-६५]** " એ સૂત્રથી **न्** આગમ થઈ. **वन + न् + इ** આમ થતાં " **नि दीर्घः [१-४-८५]** " એ સૂત્રથી **वन** શબ્દના **न** ના **अ** નો દીર્ઘ થઈ **वनानि** રૂપ સિદ્ધ થયું.

आसन्नः ॥ ७-४-१२० ॥

આસન્ન – નજીકનું અથવા પાસેનું સ્થાન ધરાવતું હોય, ત્યાં તે સ્વર કે વ્યંજન કરવો. નજીકનો સંબંધ ઉચ્ચારણ સ્થાનવડે, અર્થવડે અથવા હ્રસ્વ કે દીર્ઘ એ જાતના પ્રમાણવડે જાણવો.

उच्चारणवडे – दण्ड + अग्रम् – આ પ્રયોગમાં " **समानानां १-२-१]** " આ સૂત્રમાં સમાનસંજ્ઞક સ્વર પછી તે જ જાતનો સમાનસંજ્ઞક આવે તો બન્ને સમાન સ્વરનો દીર્ઘ થાય એવું વિધાન કરે છે. તો દીર્ઘ સ્વરો **आ, ई, ऊ, ॠ** અને **ॡ** અનેક છે તો

કયો દીર્ઘ કરવો, તો અનેક દીર્ઘ સ્વરોમાં અ સ્વરની સાથે નજીકનો સંબંધ ધરાવતો કયો દીર્ઘ સ્વર છે. તો જવાબમાં અ નું ઉચ્ચારણ સ્થાન **કંઠ્ય** છે અને **आ** નું ઉચ્ચારણ સ્થાન પણ **કંઠ્ય** છે. એટલે **અ** ની નજીકનો સ્વર **आ** છે. એટલે **અ + અ** ની સાથે **आ** થઈ **दण्डाग्रम्** રૂપ થયું. **वाग् + हरिः** – આ પ્રયોગમાં "**ततो हश्चतुर्थः [१-३-३]**" એ સૂત્રથી પદાન્તમાં રહેલ વર્ગના ત્રીજા વ્યંજનથી પર રહેલ **ह** નો ચોથો વ્યંજન કરવો. તો **घ, झ, ढ, ध** અને **भ** એવા ચોથા વ્યંજન છે, તો કયો ચોથો વ્યંજન કરવો. તો **ह** નું ઉચ્ચારણ સ્થાન **કંઠ્ય** છે અને **घ** નું પણ ઉચ્ચારણ સ્થાન **કંઠ્ય** છે. તો ઉચ્ચારણ સ્થાનની અપેક્ષા એ **घ** જ **ह** ની સાથે નજીકનો સંબંધ ધરાવતો હોવાથી **वाग्घरिः** પ્રયોગ થાય.

અર્થવડે – वतण्डीयुवतिः – આ પ્રયોગમાં **वतण्डी** શબ્દનો **પુંવદ્ભાવ** - નરજાતિનો શબ્દ મૂકવાનો છે. તો નરજાતિના **अश्व, हस्ति, मनुष्य, वातण्डय** વગેરે અનેક નરજાતિમાંથી કયો નરજાતિનો શબ્દ લેવો. તો અર્થની દૃષ્ટિએ **वतण्डी** શબ્દને બદલે **वातण्डय** શબ્દ યોગ્ય છે, એટલે **वतण्डीयुवतिः**નો પુંવદ્ભાવ **वातण्डयः-वातण्डययुवतिः** પ્રયોગ થાય.

